નંબર કેઅેચ/એસએચએમસી/વ/એજે/૩૭૦.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર આચાર્યશ્રી, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, તરસાલી, વડોદરા અને તેના શ્રમયોગી શ્રીમતી કુસુમબેન પાતળસિંહ રાઠવા વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ ''સી'' વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ, મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા, આથી, શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી કુસુમબેન પાતળસિંહ રાઠવાને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૭મી જાન્યુઆરી, ૨૦૦૫.

એમ. એચ. મંદાની,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૩૦૪.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર પેપર એન્ડ એલાઇડ પ્રોડક્ટ્સ, વડોદરા અને તેના શ્રમયોગીશ્રી અશોકભાઈ બાબુરાવ થોરાટ વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ "સી" વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)નાં પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ, મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા, આથી, શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લેખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી અશોકભાઈ બાબુરાવ થોરાટને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૨મી જાન્યુઆરી, ૨૦૦૫.

એમ. એચ. મંદાની,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૨૯૯.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર તુલસી સાઇઝીંગ, વડોદરા અને તેના શ્રમયોગીશ્રી જયેશભાઇ અંબાલાલ પરમાર વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ ''સી'' વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ, મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા, આથી, શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી જયેશભાઇ અંબાલાલ પરમારને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૨મી જાન્યુઆરી, ૨૦૦૫.

એમ. એચ. મંદાની,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

I-L–124 સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] THURSDAY, MARCH 10, 2005 / PHALGUNA 19, 1926 [No.10

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સબંધક અધિનિયમ અન્વયેના.

ક્રમાંક ખ-શમક-૩૪૩૪૫/આર.યુ.—સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૫૮ (૧) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, આશીમા સ્પીનફેબ અમદાવાદ અને ટેક્ષટાઇલ લેબર એસોસીએશન, અમદાવાદ સમાધાનીં અધિકારીશ્રી ડી. એમ. ડામોર, મદદનીશ શ્રમ આયુક્તશ્રીની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને ૨૦૦૫ના જાન્યુઆરી માસ.ના ૧૯ દિને આથી નોંધ કરું છું.

INDEX

સમાધાનકાર શ્રી ડી. એમ. ડામોર સમક્ષ

મુંબઇ ઔદ્યોગીક સંબંધક અધિનિયમ, હેઠળ સમાધાનનું ખતપત્રક

બી.આર.સી. કેસ નં. ૭૭ સને ૨૦૦૪.

શ્રી પી. જે. જરાણી, માલિકના પ્રતિનિધી ;
જનરલ મેનેજર (આઇ. આર.),
આશીમા સ્પીન ફોલ
(એ ડીવીઝન ઓફ આશીમા લીમીટેડ) અમદાવાદ.

શ્રી બાબુભાઇ અમીપુરા, કામદારોના પ્રતિનિધી ;
મંત્રી વતી,
ધી ટેક્ષટાઇલ લેબર એસોસીએશન, અમદાવાદ.

કેસની ટુંકી વિગતો

મીલ્સ કંપનીએ અમદાવાદ શહેરમાં કાપડ સુતર ઉદ્યોગમાં પ્રતિનિધીત્વ ધરાવતા યુનિયન ધી ટેક્ષટાઇલ લેબર એસોસીએશનને ફોર્મ 'કે' માં તા. ૧૬-૧૦-૨૦૦૪ના રોજ મુંબઈ ઔદ્યોગિક સબંધક ધારાની જોગવાઇઓ મુજબ નોટીસ ઓફ ચેઇન્જ આપી માંગણી મુકેલ કે મીલ્સ કંપની તેના વીવીંગ- (I) વાઇન્ડીંગ ખાતામાંથી એક ઓટો કોર્નર મશીન કાઢી નાખી તેની જગ્યાએ નવું આર. જે. કે. રીવાઇન્ડીંગ ઇન્સ્ટોલ કરવા માંગે છે. તેમજ આઈ.જે.કે. મશીન નં. ૧ ઉપર કામગીરી ફેરફાર થવાને કારણે આ મશીન ઉપર ૧-૧-૧ એમ કુલ ત્રણ જગ્યાઓ ઓછી કરી તેઓનો સમાવેશ નવા આર. જે. કે. મશીન નં. ૪ ઉપર કરવા તેમજ તે અંગેના આનુષંગિક ફેરફારો કરવા. તેના અનુસંધાને મીલ્સ કંપનીએ પ્રતિનિધિત્વ ધરાવતા યુનિયને ફોર્મ 'એન'માં તા. ૨૫-૧૦-૨૦૦૪ના રોજ અહેવાલ મોકલી આપે. જે તારીખ ૧૧-૧૧-૨૦૦૪ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવેલ. સદરહુ બાબતે સમાધાનની કાર્યવાહી તા. ૯-૧૨-૨૦૦૪ના રોજ શરૂ કરવામાં આવેલ. દરમ્યાન પક્ષકારો વચ્ચે ઉપરોકત વિવાદ અંગે વખતોવખત ચર્ચાવિચારણા થયા બાદ સુખદ સમાધાન થયેલ છે જેની શરતો નીચે મુજબ છે.

પરિશિષ્ટ 'અ'

-સમાધાનની શરતો

મીલ્સ કંપનીના વીવીંગ ફેઝ-૧ વાઇન્ડીંગ ખાતામાં બી.આર.સી. કેસ નં.-૩૩ સને ૧૯૯૯માં તારીખ ૧૧મી ડીસેમ્બર, ૨૦૦૦ના રોજ થયેલ સમાધાન મુજબ નીચે મુજબના મશીનો ચલાવવામાં આવે છે.

INDEX

(૧)	આર. જે. કે. વાઈન્ડીંગ	૩	મશીન
(૨)	એસ. એસ. એમ. વાઈન્ડીંગ	૩	મશીન
(૩)	ઓટો કોર્નર વાઈન્ડીંગ મશીન (ફક્ત પહેલી પાળી)	૧	મશીન

ઉપરોક્ત મશીનો ઉપર પાળી દીઠ અને હોદ્દાવાર નીચે મુજબના કામદારો રાખવામાં આવે છે.

હોદ્દો	પહેલીપાળી	બીજી પાળી	ત્રીજીપાળી	કુલ
રીવાઈન્ડર	૧૩	૧૨	૧૨	૩૭
યુટીલીટી બોય	૦૩	૦૨	૦૨	૦૭
ફીટર	૦૧	૦૧	૦૦	૦૨
કુલ ...	૧૭	૧૫	૧૪	૪૬

મીલ્સ કંપની અને ધી ટેક્ષટાઇલ લેબર એસોસીયેશન એ બાબત સંમત થાય છે. કે આ સમાધાનથી એક ઓટો કોર્નર મશીન કાઢી નાખેલ છે. એક નવું આર. જે. કે. રીવાઈન્ડીંગ મશીન ૧૪૦ સ્પીન્ડલનું ઇન્સટોલ કરેલ છે. જ્યારે આર. જે. કે. મશીન નં. ૧ ઉપર હાલ દરેક પાળીમાં ત્રણ ત્રણ ત્રણ એમ કુલ નવ રીવાઈન્ડરો ફરજ બજાવે છે આ દરેક ૧૨૦ સ્પીન્ડલના મશીનમાં બે રીવાઈન્ડરો ૪૫-૪૫ સ્પીન્ડલો સંભાળે છે. જ્યારે એક રીવાઈન્ડર મશીનની આગળ તેમજ પાછળની ૧૫-૧૫ એમ કુલ ૩૦ સ્પીન્ડલો સંભાળે છે તેને બદલે આર. જે. કે. મશીન નં. ૧ ઉપર ત્રણને બદલે બે રીવાઈન્ડરો દરેક પાળીમાં ફરજ બજાવશે અને દરેક રીવાઈન્ડર ૬૦-૬૦ સ્પીન્ડલો ઉપર તેમની ફરજો બજાવશે.

આમ ઉપરોક્ત કલમ નં.-૨ માં જણાવ્યા મુજબ ઓટો કોર્નર મશીન કાઢી નાખવામાં આવેલ તેની ઉપર ફરજ બજાવતા ભારતી અંબાને આર. જે. કે. મશીન નં.-૨ ઉપર શ્રી દશરથ છોટાલાલની જગ્યાએ ગોઠવવામાં આવેલ જ્યારે એસ.એસ.એમ. વાઈન્ડીંગ મશીન નં.-૩ ઉપર ફરજ બજાવતા શ્રી આનંદ જગદીશચંદ્ર કે. જેઓએ ધી ટેક્ષટાઇલ લેબર એસોસીએશન મારફતે તેઓનું રાજીનામું આપેલ તે મીલ્સ કંપનીએ તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૨ના રોજ સ્વીકારી તેઓને વળતર આપી છુટા કરવામાં આવ્યા છે. ધી ટેક્ષટાઇલ લેબર એસોસીએશનની સંમતિથી શ્રી આનંદ જગદીશચંદ્રને છુટા કરી તેમની જગ્યાએ શ્રી દશરથ છોટાલાલને ગોઠવવામાં આવેલ છે.

ઉપરોક્ત કલમ નં. ૨ માં જણાવ્યા મુજબ આર. જે. કે મશીન નં. ૧ ઉપર હાલ જે ત્રણ ત્રણ ત્રણ એમ કુલ નવ રીવાઈન્ડરો ફરજ બજાવે છે. તેને બદલે હવેથી આ મશીન ઉપર બે બે બે એમ કુલ છ રીવાઈન્ડરો ફરજ બજાવશે આમ દરેક પાળીમાંથી એક એક એક એમ કુલ ત્રણ જગ્યાઓ ઓછી થાય છે. પરતું નવું આર. જે. કે. મશીન નં. ૪ આવતા તેની ઉપર દરેક પાળીમાં ત્રણ ત્રણ

INDEX

ત્રણ એમ કુલ નવ જગ્યાઓ નવી ઉભી થાય છે. આ નવા આર. જે. કે. મશીન નં. ૪ ઉપર આર. જે. કે. મશીન નં. ૧ ના ફાજલ એક એક એક એમ કુલ ત્રણ જુનિયર મોસ્ટ રીવાઈન્ડરોને કાયમી જગ્યા ઉપર ગોઠવવામાં આવશે.

આ સમાધાન અનુસાર આર. જે. કે. મશીન નં. ૧ ઉપર ફરજ બજાવતા નવ રીવાઈન્ડરોમાંથી ત્રણ રીવાઈન્ડરોને આર. જે. કે. મશીન નં. ૪ ઉપર ગોઠવવામાં આવતા દરેક રીવાઈન્ડરને ૧૫ સ્પીન્ડલનો બોજો વધે છે આ શ્રમબોજમાં વધારો તેમજ કામગીરીમાં ફેરફારને અનુલક્ષી હાલ કામ કરતા છ રીવાઈન્ડરો તથા આર. જે. કે. મશીન નં. ૪ ઉપર તબદીલ થનારા ત્રણ રીવાઈન્ડરોને શ્રમબોજના વધારા પેટે રૂા. ૨૦-૦૦ રોજના તેઓ ફરજ બજાવે તે દિવસોના એડહોક પગાર વધારો આપવામાં આવશે આ એડહોક પગાર વધારા ઉપર પ્રો. ફંડ, ઈ.એસ.આઈ. વિગેરે લાભો આપવામાં આવશે પરંતુ મોંઘવારી ભથ્થુ આપવામાં આવશે નહિ. આ એડહોક પગાર આર. જે. કે. મશીન નં. ૧ ઉપર કામ કરતા રીવાઈન્ડરોનો અંગત પગાર (પર્સનલ પે) વધારો ગણાશે અને બદલી કામદારોને આ પગાર વધારાનો લાભ મળશે નહિ.

આ સમાધાન હેઠળ આર. જે. કે. મશીન નં. ૧ માં પહેલી પાળીમાં ઈન્દીરા શાન્તીલાલ. બીજી પાળીમાં શ્રી રમેશ શીવાભાઈ અને ત્રીજી પાળીમાં સુભાષ તુકારામ જુનીયર કામદારો ફાજલ પડે છે તેઓને આર. જે. કે. મશીન નં. ૪ ઉપર કાયમી જગ્યાએ ગોઠવવામાં આવશે. અને તેઓને કલમ નં. ૫ માં જણાવ્યા મુજબ રૂા. ૨૦-૦૦ રોજનો એડહોક પગાર વધારો આપવામાં આવશે અને ભવિષ્યમાં આર. જે. કે. મશીન નં. ૧ ઉપર જગ્યા ખાલી પડે ત્યારે તેઓને જે તે પાળીમાં આવી ખાલી પડેલ જગ્યા ઉપર ગોઠવવામાં આવશે અને ત્યારે તેઓને કોઇ પગાર વધારો આપવામાં આવશે નહિ તેમ પક્ષકારો સ્વીકારે છે.

આ સમાધાન હેઠળ આર. જે. કે. મશીન નં. ૧ની ત્રણ જગ્યાઓ આર. જે. કે. મશીન નં. ૪ ઉપર તબદીલ થાય છે જ્યારે ઓટો કોર્નર મશીન જે ફક્ત પહેલી પાળીમાં ચાલુ હતુ તેને કાઢી નાખવાથી એક જગ્યા ધી ટેક્ષટાઇલ લેબર એસોસીએશનની સંમતિથી વળતર આપી ઓછી કરવામાં આવેલ છે. આથી આ સમાધાન હેઠળ વાઇન્ડીંગ ખાતામાં નીચે મુજબના મશીનો ત્રણેય પાળી ચલાવવામાં આવશે.

(૧)	આર. જે. કે. વાઇન્ડીંગ	૪	મશીન
(૨)	એસ. એસ. એમ. વાઇન્ડીંગ	૩	મશીન

વાઇન્ડીંગ ખાતાના બી.આર.સી. કેસ નં. ૩૩ સને ૧૯૯૯ માં તા. ૧૧-૧૨-૨૦૦૦ ના રોજ થયેલ સમાધાનમાં નક્કી થયેલ સ્ટેન્થમાંથી બે ફીટરની જગ્યાઓ બી.આર.સી. કેસ નં. ૨૩ સને ૨૦૦૨ના ફીટર સ્ટાફના સમાધાનમાં તબદીલ કરવામાં આવેલ છે. આથી ઉપરોક્ત કલમ નં. ૭ જણાવ્યા મુજબ સાત મશીનો ઉપર આ સમાધાન બાદ વાઇન્ડીંગ ખાતામાં કાયમી કામદારોની સ્ટેન્થ નીચે મુજબ રહેશે.

INDEX

હોદ્દો	પહેલીપાળી	બીજી પાળી	ત્રીજીપાળી	કુલ
રીવાઈન્ડર	૧૪	૧૪	૧૪	૪૨
યુટીલીટી બોય	૦૩	૦૨	૦૨	૦૭
કુલ	૧૭	૧૬	૧૬	૪૯

આર. જે. કે. મશીન નં. ૧ ઉપર આ સમાધાનથી બાકી રહેતા છ રીવાઈન્ડરોએ બી.આર.સી. કેસ નં. ૩૩ સને ૨૦૦૦ માં જણાવેલ તેમના હોદ્દાની કામગીરી ઉપરાંત નીચેની વધારાની કામગીરી ખંતપુર્વક બજાવવાની રહેશે.

સેમ્પલ મેથીસ ડાઈંગ મશીન માટેની સ્ટીલ પરફોરેટેડ ટ્યુબનું વાઈન્ડીંગ કરવું તેમજ આ ટ્યુબ ડાઈંગથયા બાદ રીવાઈન્ડ કરી ખાલી કરવી. આ કામ ત્રણેય પાળીના રીવાઈન્ડરોએ કરવાનું રહેશે.

પક્ષકારો એ બાબતે સંમત થાય છે કે જે યુટીલીટી બોય રીવાઈન્ડરની જગ્યાએ કામ કરવા સક્ષમ હોય અને રસ ધરાવતા હોય તો તેઓને રીવાઈન્ડરોની જગ્યા જો ખાલી હોય તો બદલી કામ આપવામાં આવશે. ત્યારબાદ જ જેતે પાળીના બદલી કામદારને ખાલી પડેલી જગ્યાએ બદલી કામ આપવામાં આવશે.

આ સિવાય બી.આર.સી. કેસ નં. ૩૩ સને ૧૯૯૯ માં મીલ્સ કંપની અને ટેક્ષટાઈલ લેબર એસોસીએશન વચ્ચે થયેલ સમાધાનની બધી જ કલમોનો અમલ યથાવત રહેશે.

આ સાથે પરિશિષ્ટ '૧' થી વાઈન્ડીંગ ખાતાના કાયમી કામદારોની યાદી તેમજ પરિશિષ્ટ '૨' થી બદલી કામદારોની યાદી સામેલ છે. પરિશિષ્ટ '૧' મુજબ કાયમી પાસ સમાધાન થયે પંદર દિવસમાં આપી દેવામાં આવશે. જ્યારે પરિશિષ્ટ '૨' માં જણાવ્યા મુજબ સીનીયોરીટી મુજબ બદલી કામદારોને બદલી કામ આપશે. તેમ પક્ષકારો સ્વીકારે છે.

આ સમાધાન અમલ કે અર્થઘટનમાં જો કોઈ મતભેદ પડશે તો તેનો નિકાલ મીલ્સ કંપનીના જનરલ મેનેજર (આઈ.આર.) તેમજ મંત્રીશ્રી ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન ભેગા મળીને કરશે અને તે પક્ષકારોને બંધન કર્તા રહેશે તેમ પક્ષકારો કબુલ રાખે છે.

નોટીસ ઓફ ચેઈન્જની મુદત પક્ષકારોની સંમતિથી વધારવામાં આવી છે.

આ સમાધાનનો અમલ તારીખ ૧૪મી ઓક્ટોબર, ૨૦૦૪થી કરવામાં આવશે.

INDEX

INDEX

પરિશિષ્ટ-૧

ચૂંટણી પ્રચારના ખર્ચના હિસાબો રજૂ કરવા અંગે

ખર્ચ નિરીક્ષકશ્રીઓની યાદી

ક્રમ	જિલ્લો	ચૂંટણી વિભાગ	ખર્ચ નિરીક્ષકશ્રીનું નામ	હોદ્દો	સરનામું
૧	રાજકોટ-૧૮	૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨ ૨૩ ૨૪	શ્રી જી.જી.રાઠોડ	આઈ.એ.એસ.	કલેક્ટરશ્રીની કચેરી, રાજકોટ
૨	મોરબી-૧૯	૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨ ૨૩ ૨૪	શ્રી જી.જી.રાઠોડ	આઈ.એ.એસ.	કલેક્ટરશ્રીની કચેરી, રાજકોટ

પરિશિષ્ટ-૨

આશીમા સ્પીનફેબ

વાઈન્ડીંગ ખાતાના બદલી કામદોરોની યાદી

	પહેલી પાળી	દાખલ તારીખ
૧	શૈલેષ માણેકલાલ	૧૧-૦૧-૯૮
૨	જીતેન્દ્ર ખુશાલ	૦૧-૦૫-૮૫
૩	ચંદુ લક્ષ્મણ	૦૧-૦૫-૮૫
	બીજી પાળી	
૧	પ્રમોદ લીલાધર	૨૪-૦૧-૯૮
૨	રતિલાલ બાલુ	૦૩-૦૫-૮૫
૩	રમેશ જેઠા	૦૫-૦૮-૮૫
૪	રાજેન્દ્ર મોહન	૧૨-૦૮-૮૫
	ત્રીજી પાળી	
૧	જીગ્નેશ પ્રતાપસિંહ	૧૨-૦૫-૯૯
૨	રમેશ ખુશાલ	૦૧-૦૯-૮૫
૩	નટવર કાનજી	૨૧-૧૦-૮૫
૪	દિનેશ બંસીલાલ	૨૨-૧૦-૮૫

બાબુભાઈ અમીપુરા,
મંત્રી વતી
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,
અમદાવાદ.

અમદાવાદ, તારીખ ૯મી ડિસેમ્બર, ૨૦૦૫.

પી. જે. જસાણી,
જનરલ મેનેજર, (આઈ.આર.)
આશીમા સ્પીનફેબ
(એ ડીવીઝન ઓફ આશીમા લીમીટેડ)

ડી. એમ. ડામોર,
સમાધાનકાર,
મુંબઈ ઔદ્યોગિક સબંધક અધિનિયમ-૧૯૪૬,
અમદાવાદ.

અમદાવાદ, તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૫.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સબંધક અધિનિયમ-૧૯૪૬,
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૪૩૫૮/આર.યુ.-સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, ગુજરાત બેંક વર્કર્સ યુનિયન, C/o. જુનાગઢ ડિસ્ટ્રીકટ સે.કો.ઓપ. બેંક લી., બસ સ્ટેન્ડ સામે, જુનાગઢ અને વેરાવળ મર્કન્ટાઇલ કો. ઓપ.બેંક લી., વેરાવળ, સુવાસ, પહેલો માળ, જુનાગઢ રોડ, વેરાવળ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૫ના ફેબ્રુઆરી માસના ૧૦માં દિને આથી નોંધ કરૂ છું.

આંક-૧૨

શ્રી એન. કે. જિયાણી, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત નં. ૧, (ગુજરાત), રાજકોટ સમક્ષ
રિવીઝન અપીલ આઈ. સી. નં. ૨/૨૦૦૪.

ગુજરાત બેંક વર્કર્સ યુનિયન, અરજદાર;
C/o. જુનાગઢ ડિસ્ટ્રીકટ સે.કો.ઓપ. બેંક લી.,
બસ સ્ટેન્ડ સામે, જુનાગઢ.

વિરૂદ્ધ

(૧) વેરાવળ મર્કન્ટાઇલ કો. ઓપ.બેંક લી., વેરાવળ, સામાવાળા.
'સુવાસ', પહેલો માળ, જુનાગઢ રોડ, વેરાવળ.
(૨) વેરાવળ મર્કન્ટાઇલ કો. ઓપ. બેંક લી., રાજકોટ,
યુનિવર્સિટી રોડ, રાજકોટ.

અરજદાર તરફે વકીલ શ્રી પી. એસ. વસાવડા.

સામાવાળા નં. ૧ અને ૨ તરફે વકીલ શ્રી જી. આર. ઠાકર.

ચુકાદો

આ અરજી અરજદાર ગુજરાત બેંક વર્કર્સ યુનિયન, જુનાગઢે સામાવાળા (૧) વેરાવળ મર્કન્ટાઇલ કો. ઓપ. બેંક લિ., વેરાવળ અને (૨) વેરાવળ મર્કન્ટાઇલ કો.ઓપ. બેંક લી., રાજકોટ

INDEX

સામે બી. આઈ. આર. એકટની કલમ-૮૫ મુજબ બી. આઈ. આર. અરજી નં. ૪/૨૦૦૪માં જુનાગઢની મજુર અદાલતના તારીખ ૨૦મી ઓકટોબર, ૧૯૮૪ના હુકમ સામે આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

(૨) આ અરજીની ટૂંકમાં હકીકતો એવી છે કે, બંને પક્ષકારો વચ્ચે તારીખ ૨૫મી જુન, ૧૯૯૬ના રોજ સમાધાન થયેલ છે., જે હાલમાં અમલમાં છે, તે સમાધાનમાં એક એવી શરત છે કે, બેંકે યુનિયનના પ્રતિનિધિની સંમતિ વિના બદલી કરવી નહી અને અન્યની બદલી કરતી વખતે બદલી પામનાર કર્મચારીની હાડમારીનો પ્રશ્ન વિચારવો જોઈએ. આમ હોવા છતાં હાલના સામાવાળા બેંકે યુનિયનના પ્રતિનિધિ શ્રી મહેતાની બદલી યુનિયનની સંમતિ વિના રાજકોટ થી વેરાવળ કરતાં અને શેઠ અને અન્ય કર્મચારીની બદલી તેમની હાડમારીનો પ્રશ્ન લક્ષમાં લીધા વિના કરતાં અરજદાર યુનિયને બેંકના આ હુકમને ગેરકાયદેસર ફેરફાર ગણાવી તેનાં અમલ સામે મનાઇ હુકમ માગ્યો હતો. સામાવાળા બેંકનો બચાવ એવો હતો કે, વહીવટી કારણોસર કર્મચારીની બદલી થઇ શકે. અરજદાર જણાવે છે કે, બેંકે આ કર્મચારીઓને બદલીના હુકમની સાથે જ છુટા કરી દીધાં હતા. આ ત્રણ પૈકી એક તો વેરાવળ હાજર થઇ ગયા હતા. પરંતુ મહેતા અને શેઠ બંને કર્મચારીઓ ખરેખર માંદા હોવાથી તેમને રજા ઉપર રહેવું જરૂરી હતું અને તેમને બેંકે રીલીવ કરી દીધા હતા તેમણે રજા રીપોર્ટ વેરાવળ શાખાને મોકલી દીધાં હતા. અને સાથોસાથ બેંકના ઉપરોકત પગલાને ગેરકાયદેસર ફેરફાર ગણાવી તેનાં અમલ સામે યુનિયન મારફત મનાઇહુકમ માગ્યો હતો કારણ કે, બંને કર્મચારીઓ ખરેખર વેરાવળ ખાતે હાજર થયા ન હતાં પરંતુ જુનાગઢની મજુર અદાલતે રીપોર્ટ આપવાનાં કૃત્યને તેનો અમલ થઇ ગયાનું જણાવી તેમની બદલી સામે આપેલો મનાઇ હુકમ રદ કર્યો છે. આ રીતે જુનાગઢની મજુર અદાલતે અરજદારની ઉપરોકત બે કર્મચારીઓની બદલી સામે મનાઇ હુકમ આપવાની યુનિયનની માગણી નામંજુર કરતાં તે હુકમથી નારાજ થઇ અરજદારે આ રીવીઝન અરજી દાખલ કરેલ છે. વધુમાં જણાવે છે કે, મજુર અદાલતે પક્ષકારો વચ્ચેનું સમાધાન શું છે ? તેનો અર્થ શું છે ? તે કેટલું ગંભીર છે ? તેનો ભંગ શું છે ? વગેરે પ્રશ્નો વિચાર્યા વિના વહીવટી સગવડતાનું માલિક તરફથી હરહંમેશ અપાતું રાબેતા મુજબનું કારણ સ્વીકારીને અરજદારની અરજી રદ કરતાં કર્મચારીઓને ભારોભાર અન્યાય અને યુનિયનના અધિકાર ઉપર તરાપ મારી છે. અરજદાર તરફે બેંક સામેનાં કેસમાં નામદાર ઔદ્યોગિક અદાલતે અને નામદાર ગુજરાત હાઇકોર્ટે જે ચુકાદાઓ આપ્યા હતા તે ટાંક્યા હતાં પરંતુ તેને લક્ષમાં લીધેલ નથી અને તે ચુકાદાઓનો ઉલ્લેખ પણ ચુકાદામાં કરેલ નથી અને તે રીતે અરજદારને અન્યાય કરેલ છે. નીચલી અદાલતે હાડમારીની જોગવાઇઓને ખ્યાલ રાખેલ નથી. અરજદારો વેરાવળ ખાતે હાજર થઇ ગયા હોવાનું જણાવી અરજદારની બદલીના વિવાદની ગંભીરતાપૂર્વક વિચારણા કરી નથી. સબબ મજુર અદાલતનો બી.આઈ.આર. અરજી નં. ૪/૦૪નો તા. ૨૦મી નવેમ્બર, ૨૦૦૪નો હુકમ રદ કરી આ કામના સામાવાળા બેંક પોતાના બંને કર્મચારીઓની બદલી કરતા તા. ૧૩મી ઓકટોબર, ૨૦૦૪ના હુકમનો અમલ કરે નહીં અથવા તે હુકમનો અમલ સ્થગિત રાખી તેમને રાજકોટ ખાતેની જગ્યાએ કામ કરવા દે તેવો હુકમ કરવા વિનંતી કરેલ છે. અરજીની

INDEX

સાથે નીચલી મજુર અદાલત, જુનાગઢે બી.આઈ.આર. અરજી નં. ૪/૦૪ માં તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૪ના રોજ આપેલ ચુકાદાની નકલ રજુ કરેલ છે.

અરજદારે અરજીની સાથે જ આંક-૩ની એક વચગાળાનો મનાઈહુકમ આપવા માટે દાદ માંગતી અરજી કરેલ જે નીચે આ અદાલતે શોકોઝ નોટીસ કાઢવાનો હુકમ કરેલ હતો.

આ અરજીની સામે સામાવાળાએ આંક-૫ થી પોતાનો જવાબ રજૂ કરેલ છે. અને જણાવેલ છે કે, અરજીમાં રાજકોટ ખાતેનાં બે કર્મચારીઓની બદલી બાબતે જણાવેલ છે ક્યા બે કર્મચારીઓ તેમનાં નામો દર્શાવેલ નથી અને આ રીતે અરજીમાં મોઘમ રજૂઆત કરેલ છે, કારણ કે, જૂનાગઢની મજૂર અદાલત તરફથી ફક્ત કર્મચારી શ્રી વિરાજ એસ. મહેતા બાબતે તેમનો ચુકાદો આપેલ છે કારણ કે અરજદાર મૂળ અરજી દાખલ કરી તે વિરાજ એસ. મહેતા, બિમલ કે. શાહ અને અમિતકુમાર આર. વોરાની રાજકોટથી વેરાવળ બદલી બાબતે અરજી કરેલ છે જેમાંથી બિમલ કે. શાહ નામના કર્મચારી કોઈ નથી જેથી તેની બદલી કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જયારે અન્ય કર્મચારી અમિત આર. વોરા તેમની બદલીવાળી જગ્યાએ હાજર થઈ ગયેલ છે અને વિરાજ મહેતા પણ તેમની બદલીવાળી જગ્યાએ હાજર થઈ ગયેલ છે અને ત્યાં રજા રીપોર્ટ પણ આપેલ છે અને ફક્ત તેઓ એક જ કર્મચારીએ રીપોર્ટ મોકલાવેલ હોવા છતાં અને ત્યાર બાદ તેમની જગ્યાએ ગેરકાયદેસર રીતે ગેરહાજર રહી સામાવાળા બેંકની કામગીરીમાં નુકસાન કરી રહ્યાં છે, અને સામાવાળાએ અરજીમાં જણાવેલ તમામ હકીકતોને નકારેલ છે. ખરી હકીકતે કાયદાની સાચી પરિસ્થિતી મુજબ યુનીયને કર્મચારીને તેમની બદલીવાળી જગ્યાએ ફરજ બજાવવાની સાચી સલાહ આપવી જોઈએ અને ત્યારબાદ સમાધાન અને ચુકાદાઓનો પ્રશ્ન ઉપસ્થિત કરવો જોઈએ પરંતુ બદલી એ નોકરીનો એક ભાગ હોવા છતાં કર્મચારીને યોગ્ય સલાહ આપવાને બદલે વહીવટી બાબતમાં દખલ કરી યુનીયને સામાવાળાનાં વહીવટી અધિકારો ઉપર સીધી તરાપ મારવાનો પ્રયાસ કરેલ છે જેથી યુનીયનની આ રિવીઝન અરજી રદ કરવા અરજ કરેલ છે. આંક-૬ થી વચગાળાની મનાઈહુકમની અરજી સામે સામાવાળાએ વાંધાઓ લેખિતમાં રજૂ કરેલ છે.

ત્યાર બાદ આંક-૧૦નાં લીસ્ટથી અરજદાર તરફે જુદા જુદા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ છે જેમાં પક્ષકારો વચ્ચે થયેલ તારીખ ૨૫મી જૂન, ૧૯૯૬નું સમાધાન, અરજદાર યુનીયનનો તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૨નો સામાવાળા ઉપર લખાયેલ પત્ર મળી ગયેલ છે અને તેમાં વિરાજ મહેતાને યુનીયનના પ્રતિનિધિ તરીકે બતાવવામાં આવેલ છે, અરજદાર ૩ કર્મચારીઓની રાજકોટથી વેરાવળ બદલી કરતો બેંકનો તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૦૪નો હુકમ, અરજદાર યુનીયનની તારીખ ૧૪મી ઓક્ટોબર, ૨૦૦૪ની મૂળ અરજી, અરજદાર યુનીયનની તારીખ ૧૪મી ઓક્ટોબર, ૨૦૦૪ની મનાઈ હુકમની અરજી, સામાવાળાનો તારીખ ૩જી નવેમ્બર, ૨૦૦૪નો મૂળ અરજીનો જવાબ અને સામાવાળાનાં મનાઈ હુકમની અરજી સામેનાં સામાવાળાનાં તારીખ ૩જી નેવમ્બર, ૨૦૦૪નાં વાંધાઓ રજૂ કરેલ છે.

INDEX

ત્યારબાદ આ કામમાં બંને પક્ષકારોનાં વિદ્વાન વકીલશ્રીઓએ મૌખિક દલીલો કરેલ છે તે સાંભળી. તેઓએ રજુ કરેલા દસ્તાવેજ પુરાવાઓ, રેકર્ડ, મજુર અદાલત, જુનાગઢથી મંગાવેયેલ રેકર્ડ, વિવાદી ચુકાદો, તથા અરજદાર તરફે રજુ થયેલ જુદી જુદી વડી દાલતોનાં ચુકાદાઓ લક્ષમાં લીધાં.

પક્ષકારોએ રજૂ કરેલ રેકર્ડનાં આધારે હવે આ કામમાં નીચે મુજબનાં મુદાઓ મારા ન્યાય નિર્ણય કરવા માટે ઉપસ્થિત થાય છે :-

(૧) શું મજૂર અદાલત, જૂનાગઢે તેમની સમક્ષની બી. આઈ. આર. અરજી નં. ૪/૦૪નાં કામમાં અરજદાર યુનીયનની આંક-૨ની મનાઈહુકમની અરજી રદ કરતો જે હુકમ કરેલ છે તેમાં કોઈ કાનૂની ક્ષતિ, ભૂલ હોવાનું પુરવાર કરવામાં અરજદાર સફળ થાય છે કે કેમ ?

(૨) છેવટનો હુકમ શું કરવો જોઈએ ?

ઉપરના મુદાઓનો મારો જવાબ નીચેનાં કારણોસર નીચે મુજબ છે :-

(૧) નકારમાં,

(૨) છેવટનાં હુકમ મુજબ.

કારણો :-

હાલનાં કામમાં સૌ પ્રથમ એ જોવું જરૂરી છે કે, બંને પક્ષકારો વચ્ચે તારીખ ૨૫મી જૂન, ૧૯૯૬નાં રોજ જે સમાધાન થયેલ હતું તે કઈ બાબત અંગે હતું અને તેમાં શું જોગવાઈઓ કરવામાં આવેલ છે ? આ અંગે જોઈએ તો આ કામમાં અરજદાર તરફે આંક-૧૦ નાં લીસ્ટથી સમાધાન રજૂ કરવામાં આવેલ છે તેની કલમ-૧૯ નીચે મુજબ છે:-

"19 : TRANSFER POLICY :

Following will be the transfer policy for the opening of New Branches :-

(I) The Bank taking note of the hardship that have to be experienced by the employee on transfer, agrees to avoid transfer as far as possible.

(II) The Bank reserves its right to transfer an employee in case of permanent necessity.

INDEX

(III) If the exigency is of temporary nature arising out of temporary or casual increase of work and / or for training, the transfer affected in such exigency shall be treated as temporary transfers and these employees who have been so temporarily transferred shall be re-transferred to their original post and place just prior to the transfers.

(IV) However, in case the employee concerned is a representative of the Union, the Bank shall intimate the causes requiring such transfer in writing to the employee concerned before seven (7) days of the proposed transfers, if such transfer is for more than a week. The Union or employee concerned shall communicate to the Bank their objection or agreement within three days of receiving such intimation.

(V) The Bank shall not transfer any representative of the Union on permanent basis unless so agreed specifically by the Union.

(VI) The Union shall communicate the names of its representatives to the Bank in writing .

(VII) It shall be open to the Bank to transfer employees in the following cases :–

(a) Employees of two different centres mutually agreed for such tranfer.

(b) Employees applied for transfer and the Bank can agree to the same.

(VIII) Joining Leave and Transfer Expenses :- Employees transferred shall be given 7 days leave as Residence Shifting Leave, where the transfer place is away more than 50 Kms. Such leave should be used within 6 months from the date of transfer.

Transportation charges at Rs. 7/- per Km. will be paid to such employees."

હવે આપણે ઉપર જોયું તે મુજબ ઉપરની જે નીતિ નક્કી કરવામાં આવેલ છે તે બંને પક્ષકારો વચ્ચે સંમતિથી કરવામાં આવેલ છે અને નીતિ બદલી અંગેની છે, પરંતુ બદલી અંગેની નીતિ, ઉપર જણાવ્યા મુજબ સ્પષ્ટ રીતે નવી ખોલવામાં આવતી બેંકની બ્રાંચ અંગેની નીતિ છે.

INDEX

એટલે કે, સામાન્ય રીતે જ્યારે બેંક તરફથી કોઈ નવી શાખા ખોલવામાં આવે અને તે શાખામાં એક શાખામાંથી બીજી શાખામાં અન્ય કર્મચારીઓની બદલી કરવા અંગેનાં ધોરણો અને નીતિ આ સમાધાનપત્રમાં નિશ્ચિત કરવામાં આવેલ છે. જ્યારે હાલનો જે કેસ છે તેમાં હાલનાં અરજદાર તરફે એવી કોઈ રજૂઆત કરવામાં આવેલ નથી કે, જે કર્મચારીઓની બદલી કરવામાં આવેલ છે તે કર્મચારીઓને નવી ખોલવામાં આવેલ શાખામાં બદલી કરવામાં આવેલ છે કે નવી શાખા ખોલવામાં આવેલ હોય અને ત્યાં તેઓની આવી બદલી કરવામાં આવેલ હોય તે અંગે કોઈ જ રેકર્ડ અરજદાર તરફે નીચેની મજૂર અદાલત સમક્ષ કે આ અદાલત સમક્ષ રજૂ કરેલ નથી. તેથી ઉપર મુજબ જ બંને પક્ષકારો વચ્ચે તારીખ ૨૫મી જૂન, ૧૯૯૬નાં રોજ સમાધાન થયેલ હતું અને તેમાં નવી ખોલવામાં આવતી શાખામાં બદલી કરવામાં આવે તો કઈ નીતિ અપનાવવામાં આવશે તે અંગે બંને પક્ષકારો વચ્ચે સહમતિ થયેલ છે અને તે અંગે ઉપર મુજબ નીતિ ઘડવામાં આવેલ છે. આમ અરજદાર તરફે આંક-૧૦નાં લીસ્ટથી જે સમાધાન રજૂ કરવામાં આવેલ છે તેની કલમ-૧૯ હાલનાં અરજદારને કોઈપણ રીતે મદદરૂપ થઈ શકે તેમ નથી.

અરજદાર તરફે તેમના વિદ્વાન વકીલ શ્રી પી. એસ. વસાવડાએ આ કામમાં મૌખિક દલીલો કરતાં જણાવેલ છે કે, સામાવાળા બેંકે સંબંધિત શ્રમયોગીઓની જે બદલી કરેલ છે તેમાં બેંક તથા યુનીયન વચ્ચે થયેલ સમાધાનનો ભંગ કરેલ છે તે હકીકત ઉપરની આંક-૧૦નાં સમાધાનની કલમ-૧૯ જોતાં કોઈ પણ રીતે માનવાને પાત્ર ઠરતી નથી કારણ કે, તે નીતિમાં બેંકની નવી શાખામાં બદલી કરવા અંગેની જોગવાઈઓ અને નીતિ જણાવેલ છે. વધુમાં આ સમાધાનમાં જણાવેલ છે કે, કર્મચારીઓની બદલી કરતાં પહેલાં તેઓને પડતી હાડમારીઓનો ખ્યાલ રાખવાનો છે તેમજ યુનીયનનાં હોદેદારોની બદલી યુનીયનની સંમતિ વગર કરવાની નથી. બી. આઈ. આર. એક્ટની કલમ-૧૧૯ (ડી) હેઠળ મજૂર અદાલતને વચગાળાનાં હુકમો કરવાની સત્તા છે, પરંતુ નીચલી મજૂર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ મૂળ અરજીની હકીકતો તથા કાયદાનું યોગ્ય અર્થઘટન કરેલ નથી અને પક્ષકારો વચ્ચે થયેલ સમાધાનની જોગવાઈઓ ધ્યાનમાં લીધેલ નથી. બેંકે કર્મચારીઓની કોઈ હાર્ડશીપ ધ્યાનમાં લીધેલ નથી. લેખિત જવાબમાં પણ હાર્ડશીપ કન્સીડર કરેલ છે તેવો કોઈ રસ નથી. સંબંધિત શ્રમયોગીઓએ હાર્ડશીપ અંગેનાં કારણોને ધ્યાનમાં લીધેલ નથી અને તે રીતે સમાધાનનો છડેચોક ભંગ કરીને આવા કર્મચારીઓની બદલી કરીને ગેરકાયદેસર ફેરફાર કરેલ છે જેથી તે અટકાવવો જોઈએ અને બદલીનાં હુકમો રદ કરવા જોઈએ તેવી રજૂઆત કરેલ છે. આ કામમાં રજૂ થયેલ હકીકતો તથા આ કામમાં રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ, પક્ષકારોનાં વિદ્વાન વકીલશ્રીઓની દલીલો તેમજ બંને પક્ષકારો તરફથી રજૂ થયેલ નામદાર એપેક્ષ અદાલતોનાં ચુકાદાઓનાં આધારે આ રિવીઝન અરજીમાં માગ્યા મુજબની દાદ મેળવવા અરજદાર હક્કદાર થાય છે કે કેમ ? તે અંગેનો નિર્ણય કરવાનો રહે છે. આ અંગે નીચલી મજૂર અદાલતનાં વિદ્વાન ન્યાયાધીશશ્રીએ મૂળ અરજીમાં કરેલ હુકમ જોતાં તેઓએ ચુકાદામાં સ્પષ્ટ રીતે જણાવેલ છે કે, "બેલેન્સ, ઓફ કન્વીનીયન્સ, નાણાંમાં ન પૂરી શકાય તેવું નુકસાન અને પ્રથમ દર્શનીય કેસ નથી અને તેથી અરજદાર તેમની અરજીમાં માગ્યા મુજબનો મનાઈહુકમ મેળવવા કાયદેસર રીતે હક્કદાર

INDEX

થઈ શકતા નથી અને તે અંગેનાં કારણો પણ મજૂર અદાલતનાં વિદ્વાન ન્યાયાધીશશ્રીએ તેમનાં ચુકાદામાં સ્પષ્ટ અને વ્યવસ્થિત રીતે તેમજ કાયદાકીય જોગવાઈઓને આધિન રહીને આપેલ છે. આ અદાલતનું પણ એવું માનવું છે કે, બદલી અંગેની સમાધાનની જોગવાઈઓ જોતાં સમાધાનમાં સ્પષ્ટ રીતે આવી બદલી ફકત નવી શાખાઓ ખોલવાની હોય ત્યારે જ ઉપર જણાવેલ નિયમો લાગુ પડશે તેવું ઠરાવવામાં આવેલ છે તેથી હાલનાં કેસને કોઈપણ રીતે ઉપરોક્ત નિયમો લાગુ પડી શકે તેમ નથી. આ કામમાં સંબંધિત શ્રમયોગીઓની હાર્ડશીપ અંગે જે મુદ્દો ઉપસ્થિત કરવામાં આવેલ છે તે અંગે અરજદાર તરફે તેઓને કોઈ ગંભીર બિમારી હોય તો તે અંગેનું કોઈ ડોકટરી પ્રમાણપત્ર સક્ષમ ડોકટરનું પણ રજૂ કરેલ નથી. આમ બીજી રીતે જોઈએ તો તો બદલીની નીતિ જોતાં કર્મચારીઓની હાર્ડશીપ ધ્યાનમાં લેવી જોઈએ, પરંતુ શકય હોય ત્યાં સુધી બદલી કરવી જોઈએ નહીં. અને જયાં અનિવાર્ય સંજોગો હોય ત્યાં બેંકને બદલી કરવાનો અબાધિત અધિકાર છે. હાલનાં કામમાં જે કર્મચારીઓની બદલી કરવા અંગેની બાબત સંકળાયેલ છે તે કર્મચારીઓ કોમ્પ્યુટર ઓપરેટર કક્ષાનાં છે, અને એ શકય છે કે, જયાં તેઓની બદલી કરવામાં આવી હોય ત્યાં કોમ્પ્યુટર જાણકાર વ્યક્તિ અન્ય કોઈ ન હોય અને તેવા સંજોગોમાં ત્યાં કોમ્પ્યુટર જાણકાર વ્યક્તિઓની જરૂરિયાત હોય અને તેવા કારણોસર તેઓની બદલી કરવામાં આવેલ હોય. આથી અરજદાર તરફે હાર્ડશીપનો જે મુદ્દો રજૂ કરવામાં આવેલ છે તે આ કામમાં ટકી શકે તેમ નથી. વળી, જો તમામ કર્મચારીઓની સંમતિ મેળવીને બદલી કરવાની થતી હોય તો કોઈ પણ કર્મચારી બદલી કરવા માટે સંમતિ આપે જ નહિ તે પણ સ્વાભાવિક છે, અને તેથી કોઈપણ સંસ્થાનો વહીવટ સંસ્થા જે રીતે કરવા ધારે તે રીતે થઈ શકે નહીં. વળી, હાલનાં સંબંધિત શ્રમયોગીઓની બદલી કરવાનાં કારણે તેમનાં પગારમાં નાણાંકીય રીતે તેઓને કોઈ નુકસાન થતું નથી. વળી, આ કામમાં સામાવાળાની એક રજૂઆત એવી પણ છે કે, આ અરજી કરતાં પહેલાં કલમ-૪૨ (૪) મુજબનો એપ્રોચ લેટર આપેલ નથી, પરંતુ અરજદારની રજૂઆત મુજબ મનાઈહુકમ મેળવવાની બાબતમાં તથા ગેરકાયદેસર ફેરફારને લગતી બાબતમાં આવા વિનંતી પત્રની જરૂરીયાત નહિ હોવાનું માની લેવામાં આવે તો પણ વહીવટી કારણોસર કોઈપણ જાતનાં બદઈરાદા વગર કર્મચારીઓની જે બદલી કરવામાં આવેલ છે તે અટકાવવા માટે અથવા તો તે રદ્દ કરવા માટે અરજદારે જે દાદ માંગેલ છે તે પ્રથમ દર્શનીય રીતે બેલેન્સ ઓફ કન્વીનીયન્સની દ્રષ્ટિએ સદર દાદ મેળવવા અરજદારો હક્કદાર થઈ શકતાં નથી. નીચલી મજૂર અદાલતનાં વિદ્વાન ન્યાયાધીશશ્રીએ હાર્ડશીપ અંગેની ચર્ચા તથા છણાવટ પણ તેમનાં ચુકાદામાં વ્યવસ્થિત રીતે કરેલ છે અને બેંકે હાર્ડશીપનો મુદ્દો અચુક ધ્યાનમાં લઈને કોઈપણ હાર્ડશીપનાં કારણે બદલી કરવી જ ન જોઈએ તેવી સ્પષ્ટ જોગવાઈ સમાધાનમાં કરેલ નથી. ઉલટાનું સમાધાનમાં બદલીનો અધિકાર બેંકે અબાધિત રાખેલ છે તથા બદલી એ શિક્ષા નથી તે સંજોગોમાં અરજદારનાં વિદ્વાન વકીલશ્રીએ આગળ જણાવ્યા મુજબનાં જે ચુકાદાઓની રજૂઆત કરેલ છે તે નામદાર એપેક્ષ અદાલતોનાં ચુકાદાઓ, સંબંધિત કર્મચારીઓની બદલીની બાબતમાં અરજદારને મદદકર્તા થઈ શકે તેમ નહિ હોવાનું માનવામાં આવે છે.

INDEX

આ કામમાં સામાવાળા સંસ્થાનાં વિદ્વાન વકીલશ્રીએ તેઓની દલીલોનાં સમર્થનમાં નીચે મુજબનાં ચુકાદાઓ રજૂ કરેલ છે -

(૧) ૧૯૯૭ (૧) જી. એલ. આર. પાન - ૧૧૭ નામદાર ગુજરાત હાઈકોર્ટ,

(૨) ૧૯૮૮ (૧) જી. એલ. એચ. પાન - ૫૧૯ નામદાર ગુજરાત હાઈકોર્ટ,

(૩) ૧૯૯૬, એલ. આઈ. સી. પાન - ૧૨૪૨ નામદાર કલકત્તા હાઈકોર્ટ,

(૪) ૨૦૦૧, (૮૯) એફ. એલ. આર. પાન - ૪૪ નામદાર દિલ્હી હાઈકોર્ટ,

(૫) ૧૯૯૬, (૨) જી. એલ. એચ. પાન - ૮૯૨, નામદાર ગુજરાત હાઈકોર્ટ,

(૬) ૧૯૯૭, એલ. આઈ. સી. પાન - ૧૯૮૨ નામદાર ગુજરાત હાઈકોર્ટ,

(૭) ૧૯૯૫ (૧) જી. એલ. આર. પાન - ૩૪૫ નામદાર સુપ્રિમ કોર્ટ,

(૮) ૧૯૯૯ (૮૨) એફ. એલ. આર. પાન - ૮૦૩, નામદાર આંધ્રપ્રદેશ હાઈકોર્ટ,

(૯) ૧૯૯૧ (૬૨) એફ. એલ. આર. પાન - ૪૯૨ નામદાર દિલ્હી હાઈકોર્ટ,

(૧૦) ૧૯૯૮ (૮૦) એફ. એલ. આર. પાન - ૫૩૫, નામદાર કેરાલા હાઈકોર્ટ,

(૧૧) ૧૯૯૬, એફ. એલ. આર. પાન - ૨૬, નામદાર આંધ્રપ્રદેશ હાઈકોર્ટ,

(૧૨) ૨૦૦૧, (૯૧), એફ. એલ. આર. પાન-૨૫૯ નામદાર સર્વોચ્ચ અદાલત

(૧૩) ૨૦૦૨, (૯૨) એફ. એલ. આર. પાન - ૫૯૧ નામદાર દિલ્હી હાઈકોર્ટ,

(૧૪) ૨૦૦૩ (૯૭) એફ. એલ. આર. પાન - ૬૬૬ નામદાર કેરાલા હાઈકોર્ટ,

(૧૫) ૧૯૯૯, (૨) જી. સી. ડી. પાન - ૧૨૧૬ નામદાર ગુજરાત હાઈકોર્ટ,

(૧૬) ૧૯૯૯, (૧) જી. એલ. એચ. પાન - ૨૪, નામદાર ગુજરાત હાઈકોર્ટ,

(૧૭) નામદાર ઔદ્યોગિક અદાલત, રાજકોટ તરફથી રિવીઝન અરજી નં. ૯/૦૩નાં કામમાં આપવામાં આવેલ ચુકાદો,

(૧૮) ૧૯૯૬, (૨) એફ. એલ. આર. પાન - ૩૨૬ નામદાર મદ્રાસ હાઈકોર્ટ

INDEX

ઉપરોક્ત ચુકાદાઓ પૈકી નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી આપવામાં આવેલ સને ૧૯૯૭, લેબ આઈ. સી. પાન - ૧૯૮૨ માં પ્રસિદ્ધ થયેલ જેન્તીલાલ પરશોત્તમભાઈ પંચાલ વિ. મોટર ટ્રાન્સપોર્ટ ગુજરાત રાજ્યનાં કેસનાં ચુકાદામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, કોઈપણ બદલીની નીતિ લીગલી એન્ફોર્સેબલ બદલીનાં અધિકાર ઉપર થઈ શકે નહીં અને બદલીની બાબતમાં બંધારણનાં અનું. ૨૬૬ મુજબ હાર્ટની અથવા ફેમિલી મેમ્બર્સની બિમારીનાં મુદ્દાનાં આધારે હસ્તક્ષેપ કરવો જોઈએ નહીં. તદઉપરાંત સને ૧૯૯૬, ૨, જી. એલ. એચ. ૮૯૨માં પ્રસિદ્ધ થયેલ કે. જી. મકવાણા વિ. ગુજરાત રાજયનાં કેસનાં ચુકાદામાં પણ નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી ઠરાવવામાં આવેલ છે કે, બદઈરાદાથી બદલી કરેલ હોવાનો આક્ષેપ હોય, પરંતુ તે પુરવાર થયેલ ન હોય તો તેવા બદલીનાં કેસમાં જ્યુડીશીયલ રીવ્યુનો કોઈ સ્કોપ નથી અને અદાલતોએ બદલીનાં કેસમાં હસ્તક્ષેપ કરવો જોઈએ નહીં. નામદાર સર્વોચ્ચ અદાલત તરફથી આપવામાં આવેલ સને ૧૯૯૫, વોલ્યુમ-૭૦, એફ. એલ. આર. ૧૦૬૦, સુ. કો. માં પ્રસિદ્ધ થયેલ મધ્યપ્રદેશ રાજ્ય વિ. એસ. એસ. કૌરવનાં કેસનાં ચુકાદામાં પણ નામદાર સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ ઠરાવેલ છે કે, અદાલત અથવા ન્યાયપંચો બદલીની બાબત નક્કી કરવા માટેનું એપેલેટ ફોરમ નથી. કોઈપણ સંસ્થાનો વહીવટ સરળ રીતે ચાલે તે માટે સંસ્થાએ કરેલ બદલીની બાબતમાં અદાલતોએ હસ્તક્ષેપ કરવો જોઈએ નહીં તેમજ કર્મચારી અથવા તેનાં સંબંધીની હાર્ડશીપનાં પ્રશ્નમાં અદાલત ઉંડી ઉતરી શકે નહીં અને તેવી કોઈ હાર્ડશીપ હોય તો સંબંધિત કર્મચારી તે પ્રતિનિધિત્વ કરવાનો તેને અધિકાર હોય છે અને તે મુજબ પ્રતિનિધિત્વ કરવું જોઈએ અને સંસ્થાએ તેનો યોગ્ય નિર્ણય કરવો જોઈએ. નામદાર સર્વોચ્ચ અદાલતે સને ૧૯૯૫, (૧) જી. એલ. એચ. ૩૪૫ માં પ્રસિદ્ધ થયેલ મે. અનુપ એન્જીનીયરીંગ લિ.ના કેસના ચુકાદામાં પણ મુખ્ય દાદ તરીકે કોઈ વચગાળાની દાદ આપી શકાય નહીં. વળી, એ. આઈ. આર.૧૯૭૦, સુ. કો. ૨૧૪માં પ્રસિદ્ધ થયેલ પંજાબ રાજ્ય વિ. ખેમીરામનાં કેસનાં ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, કોઈપણ હુકમની બજવણી સંબંધકર્તાને તે અંગેની માહિતી મળે ત્યારથી ગણવાની હોય છે. તેને લેખિતમાં જાણ થાય ત્યારે જ તેની બજવણી થઈ છે તેવું કહી શકાય નહીં પણ જ્યારે તેનાં ધ્યાનમાં આવે ત્યારથી જ તેની બજવણી થયેલ હોવાનું ગણાય. આમ નામદાર એપેક્ષ અદાલતોનાં ચુકાદાઓને અનુસરતાં આ કામમાં માત્ર જે હાર્ડશીપનો મુદ્દો ઉપસ્થિત કરીને સંબંધિત કર્મચારીઓની બદલી રદ કરાવવા દાદ માંગેલ છે તે દાદ અરજદારો મેળવવા હક્કદાર થઈ શકતા નથી, કારણ કે, બદલી કરવી એ મેનેજમેન્ટનો અધિકાર છે, હાર્ડશીપનો મુદ્દો સંપૂર્ણપણે લક્ષમાં લઈને બદલી કરવી જ ન જોઈએ તેવી કોઈ સમાધાનમાં સ્પષ્ટ અને આદેશાત્મક જોગવાઈ નથી. સંબંધિત શ્રમયોગીઓનાં નિમણૂંકપત્રોમાં પણ બદલીની શરત જણાવેલ છે અને સમાધાનમાં પણ બદલી એ બેંકનો અનામત અધિકાર હોવાનું જણાવેલ છે તે સંજોગોમાં તથા નામદાર એપેક્ષ અદાલતોનાં ચુકાદાઓ મુજબ સંબંધિત શ્રમયોગીઓની બદલી રદ કરવાપાત્ર હોવાનું સાબિત થતું નથી અને સંસ્થાનાં વહીવટમાં બદલીની બાબતમાં કોઈપણ વાજબી કારણ વગર બદઈરાદાનો મુદ્દો ન હોય તો તેવા કેસમાં અદાલતોએ કોઈ હસ્તક્ષેપ કરવો જોઈએ નહીં તે ધ્યાનમાં લેતાં પણ અરજદાર માગ્યા મુજબની દાદ મેળવવા

INDEX

હક્કદાર થતા નથી અને તેથી અરજદારની મુખ્ય રિવીઝન અરજી તથા મનાઈ હુકમ મેળવવાની અરજી રદ થવાને પાત્ર ઠરે છે.

આગળ ચર્ચા કર્યા મુજબ નીચલી અદાલત મજૂર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ આપેલ ચુકાદામાં પણ કોઈ કાયદાકીય ક્ષતિ હોવાનું કે કોઈ ભૂલ રહેલ હોવાનું જણાતું નથી. આ સંજોગોમાં આ રિવીઝન અરજીનાં કામમાં જે ઔદ્યોગિક વિવાદ, સમસ્યા પક્ષકારો વચ્ચે ઉપસ્થિત થયેલ છે તે બાબત મજૂર અદાલત, જૂનાગઢને બંને પક્ષકારોને સાંભળીને ગુણદોષ ઉપર ત્વરિત નિર્ણય આપવાની સૂચના આપવી તે ઔદ્યોગિક શાંતિનાં હિતમાં જણાય છે. આ સંજોગોમાં આ કામમાં ઉપર મુજબ ઠરાવી નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે

હુકમ

આથી આ રિવીઝન અરજી રદ કરવામાં આવે છે.

વધુમાં મજૂર અદાલત, જૂનાગઢને એવી સૂચના આપવામાં આવે છે કે, મૂળ બી. આઈ. અરજીનાં કામમાં વિસ્તૃત પુરાવો લઈ અને બંને પક્ષકારોને સાંભળીને ગુણદોષ ઉપર ત્વરિત નિર્ણય કરવો અને મૂળ અરજી બને તેટલી ઝડપથી ચલાવી યોગ્ય ન્યાયનિર્ણય કરવો.

મૂળ બી.આઈ.આર. અરજી નં. ૪/૦૪નું અસલ રેકર્ડ મજૂર અદાલત, જૂનાગઢને પરત કરવું.

ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ, તારીખ ૧૧મી જાન્યુઆરી, ૨૦૦૫.

એન. કે. જીયાણી,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત નં. (૧) ગુજરાત,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૦૫.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬,
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૪૩૫૯/આર.યુ.-સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨.) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, અશોકભાઈ જેઠાલાલ મકવાણા, નદી કાઠે, નાનો વણકરવાસ, લીંબડી અને (૧) પીપલ્સ કો. ઓપ. બેંક લી., સુરેન્દ્રનગર (૨) પીપલ્સ કો. ઓપ. બેંક લી., લીંબડી વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૫ના ફેબ્રુઆરી માસના ૧૦મા દિને આથી નોંધ કરૂ છું.

આંક-૬

શ્રી એન. કે. જિયાણી, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત નં. ૧, (ગુજરાત), રાજકોટ સમક્ષ

અપીલ આઈ. સી. નં. ૮/૨૦૦૨.

અશોકભાઈ જેઠાલાલ મકવાણા, — અરજદાર;
નદી કાંઠે, નાનો વણકરવાસ,
લીંબડી.

વિરૂદ્ધ

(૧) મેનેજરશ્રી, પીપલ્સ કો. ઓપ. બેંક લી., સુરેન્દ્રનગર — સામાવાળા.

(૨) મેનેજરશ્રી, પીપલ્સ કો. ઓપ. બેંક લી., લીંબડી

અરજદાર તરફે યુનીયન પ્રતિનિધિ શ્રી એમ. સી. પંડ્યા,

સામાવાળા તરફે વકીલ શ્રી અભયભાઈ શાહ.

ચુકાદો

આ અપીલ અરજદાર શ્રી અશોકભાઈ જેઠાલાલ મકવાણાએ સામાવાળા (૧) મેનેજરશ્રી, પીપલ્સ કો. ઓપ. બેંક લી., સુરેન્દ્રનગર અને (૨) મેનેજરશ્રી, પીપલ્સ કો. ઓપ. બેંક લી., લીંબડી સામે આ અદાલત સમક્ષ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૮૪ અને ૮૫ હેઠળ મૂળ બી. આઈ. આર. કેસ નં. ૨૨/૧૯૯૯ના કામમાં આંક-૨ની અરજી નીચે મજુર અદાલત, સુરેન્દ્રનગરે કરેલ હુકમ સામે આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

INDEX

આ અપીલની ટૂંકમાં વિગતો એવી છે કે, હાલનાં અરજદાર સામાવાળા બેંકમાં કાયમી ખાલી પડેલ જગ્યા ઉપર બદલી ભરતા હતાં, અને તેઓને નોકરીમાંથી છૂટા કરતાં તેઓએ સ્વતંત્ર અને બી.આઇ.આર.કેસ નં. ૨૨/૧૯૯૯થી મજૂર અદાલત, સુરેન્દ્રનગર સમક્ષ દાદ માંગેલ હતી. સદરહુ અરજીની સુનાવણી દરમિયાન સામાવાળા દ્વારા અમદાવાદ ખાતે નવી શાખા ખૂલવાની છે અને તેમાં જવા ઇચ્છતા કર્મચારીને એક સરક્યુલર કરી નવી જગ્યાઓ ઉભી કરી તેમા હાલની શાખામાંથી તેમજ અન્ય શાખાઓમાંથી કર્મચારીઓને નવી ખુલેલી અમદાવાદની શાખામાં લઇ ગયેલ હતાં. આથી લીંબડી કે અન્ય શાખામાં આવી ખાલી પડેલ જગ્યા ઉપર નવા કર્મચારીની ભરતી કરે નહીં કે કરાવે નહીં તે અંગે તેઓએ બી.આઇ.આર. કેસ નં.૨૨/૧૯૯૯માં આંક-૨ થી બી.આઇ.આર. એક્ટની કલમ-૧૯૯-ડી થી વચગાળાનાં મનાઈહુકમની માંગણી કરી હતી. જે અરજી નીચે બંને પક્ષકારોને સાંભળી મજૂર અદાલત, સુરેન્દ્રનગરે તેઓની અરજી રદ્દ કરેલ હતી. જે અરજી રદ્દ કરવાનાં કારણે નારાજ થઇ હાલની આ અપીલ આ અદાલત સમક્ષ તેઓને દાખલ કરેલ છે. સામાવાળા દ્વારા હાલનાં અરજદારની નોકરી છીનવી લઇ અન્યાય કરેલ છે તેમજ ખાલી પડેલ જગ્યા ઉપર પણ તેઓની સિવાયનાં અન્ય કર્મચારીની પાછલા બારણે કોઇપણ જાતની જાહેરાત આપ્યા વગર અરજીઓ મંગાવ્યા વગર ફક્ત મનસ્વી રીતે નવા કર્મચારીઓની નિમણૂંક આપવાનું કામ ચાલુ છે. આ સંસ્થા જાહેર જનતાની સંસ્થા છે, તેમા કર્મચારીઓને આવી રીતે નિમણૂંક આપવામાં આવે તે વાજબી નથી. આથી પણ તેઓને આમ કરતાં રોકવા જરૂરી છે અને તેમ છતાં જો રોકવામાં ન આવે તો નવા કર્મચારી તેઓનાં કરતાં જુનીયર હોવા છતાં તેઓનાં કેસનો નિકાલ વર્ષો પછી આવે ત્યારે તેઓની હાજરીનાં દિવસો કામ કર્યાનાં દિવસો ગણતરીમાં લેતાં ખાલી પડેલ જગ્યા ઉપર કાયમી થવાનો લાભ તેઓને ગુમાવવો પડે જ્યારે નવા નિમણૂંક કરાયેલ કર્મચારીઓ આવો લાભ તેમની હાજરીનાં દિવસો પ્રમાણે લઇ જાય અને તેઓનાં કેસમાં મેરીટ ઉપર ગુણદોષ ઉપર નોકરીમાં પુનઃસ્થાપિત થાય તો પણ કાયમી થવાનાં લાભથી વંચિત રહેવું પડે, જે ઘણું જ મોટું નુકસાન તેઓને થાય તેમ છે અને આ નુકસાન નાણાંમાં ભરપાઇ ન થઇ શકે તેવું છે. આથી બેલેન્સ ઓફ કન્વીનીઅન્સ તેઓની તરફેણમાં છે. હાર્ડશીપ ભોગવવી પડે તેમ છે જ્યારે મેનેજમેન્ટને આમ કરતાં રોકવાથી કોઇ નુકસાન થાય તેમ નથી. આ સંજોગોમાં સુરેન્દ્રનગરની મજૂર અદાલતે તેમની અરજીમાં પૂરતું ધ્યાન આપેલ નથી અને ગુણદોષનો વિચાર કરેલ નથી અને સામાવાળાની રજુઆત હતી કે અરજીમાં માગેલ દાદ મૂળ અરજી સાથે સુસંગત નથી. આ સંજોગોમાં સુરેન્દ્રનગરની મજૂર અદાલતે તેમની સમક્ષની બી. આઇ. આર. અરજી નં. ૨૨/૧૯૯૯માં આંક-૨ નીચે કરેલ હુકમ સેટ-એ-સાઇડ કરી રદ્દ કરવા અને મૂળ બી.આઇ.આર. અરજી નં. ૨૨/૧૯૯૯નો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી સામાવાળા કોઇ નવા કર્મચારીને નિમણૂંક આપે નહિ કે અપાવે નહિ અને યથાવત પરિસ્થિતિ જાળવી રાખે તેવો હુકમ ફરમાવવા દાદ માગેલ છે.

અપીલની સાથે અરજદારે આંક-૨ થી પોતાનું સોગંદનામું રજૂ કરેલ છે. તેમજ મૂળ બી.આઇ.આર. અરજી નં. ૨૨/૧૯૯૯ની નકલ, ઓફિસ પરિપત્ર, સંદેશ પેપરની જાહેરાત,

INDEX

વચગાળાના મનાઈહુકમની અરજી, બી.આઈ.આર. અરજી નં. ૨૨/૧૯૯૯માં આંક-૪ હેઠળ મજૂર અદાલત, સુરેન્દ્રનગરે કરેલ હુકમની નકલ તથા બી.આઈ.આર. કેસ નં. ૩/૨૦૦૦માં આંક-૨ નીચે કરેલ હુકમની નકલો રજૂ કરેલ છે.

આ કામમાં સામાવાળા બેંક તરફે કોઇ લેખિત જવાબ રજૂ કરવામાં આવેલ નથી પરંતુ મૌખિક દલીલો કરવામાં આવેલ છે. તેમજ અરજદાર તરફે પણ મૌખિક રજૂઆતો સાંભળવામાં આવેલ છે.

હવે આ કામમાં રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ, રેકર્ડ અને દલીલો લક્ષમાં લેતાં નીચે મુજબનાં મુદાઓ મારા ન્યાયનિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

(૧) શું હાલનાં અરજદાર એ હકીકત પુરવાર કરે છે કે, તેઓની અપીલ બી.આઈ.આર. એક્ટની કલમ-૮૪ અને ૮૫ નીચે આ અદાલત સમક્ષ ચલાવવાને હક્કદાર છે ?

(૨) શું હાલનાં અરજદાર એ હકીકત પુરવાર કરે છે કે, તેઓની મૂળ અરજી નં. ૨૨/૧૯૯૯ના કામમાં આંક-૨ નીચે આપવામાં આવેલ હુકમમાં મજૂર અદાલત, સુરેન્દ્રનગરે કોઇ કાયદાની કે હકીકતની ભૂલ કરેલ છે કે કેમ ?

(૩) છેવટનો શું હુકમ કરવો જોઇએ ?

ઉપરનાં મુદાઓનો મારો જવાબ નીચેનાં કારણોસર નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આ કામમાં તે અંગે કોઇ નિર્ણય લઇ શકાય તેમ નથી.

(૩) છેવટનાં હુકમ મુજબ.

કારણો :-

આ કામમાં આપણે સૌ પ્રથમ એ નક્કી કરવું જરૂરી છે કે, હાલની આ અપીલ કયા કાયદા નીચે કરવામાં આવેલ છે અને તે આ અદાલત સમક્ષ ચાલવાને પાત્ર છે કે કેમ ? આ અંગે જોઇએ તો હાલનાં અરજદારે તેમણે મજૂર અદાલત, સુરેન્દ્રનગર સમક્ષ મૂળ બી. આઈ. આર. અરજી નં. ૨૨/૧૯૯૯ દાખલ કરેલ હતી અને તેમાં આંક-૨ નીચે વચગાળાનજી અરજી ઉપર મજૂર અદાલતે હુકમ કરેલ છે અને તે હુકમથી નારાજ થઇ આ અદાલત સમક્ષ અરજદારે હાલની આ

INDEX

અપીલ દાખલ કરેલ છે. અરજદારે તેમની અપીલમાં જણાવ્યા મુજબ તેઓએ બી.આઈ.આર. એક્ટની કલમ-૮૪ અને ૮૫ નીચે આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે. આ અંગે કાયદાની પરિસ્થિતિ જોઈએ તો, અપીલ સામાન્યતઃ ત્યારે જ માત્ર થઈ શકે કે જ્યારે નીચલી મજૂર અદાલત દ્વારા કોઈ અરજીમાં અંતિમ હુકમ કરવામાં આવેલ હોય અને તે અંતિમ હુકમથી નારાજ થઈને જ આ અદાલત સમક્ષ અપીલ થઈ શકે, જ્યારે હાલનાં કામમાં સંબંધિત અરજદારે જે અપીલ દાખલ કરેલ છે તે વચગાળાનાં મનાઈ હુકમની અરજી ઉપર એટલે કે, મૂળ બી. આઈ. આર. અરજી નં. ૨૨/૧૯૯૯માં સુરેન્દ્રનગરની મજૂર અદાલતને આંક-૨ નીચે કરેલ હુકમથી નારાજ થઈને આ અપીલ આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે. ખરી હકીકત વચગાળાનાં કોઈપણ હુકમથી નારાજ થઈને આ અદાલત સમક્ષ અરજદાર અપીલ દાખલ કરી શકે નહી. જ્યારે ખરી હકીકત એ છે કે, જ્યારે વચગાળાનો કોઈ હુકમ નીચેલી અદાલતે કરેલ હોય તો તેની સામે આ અદાલત સમક્ષ તે વચગાળાનાં કોઈ હુકમની સામે ફક્ત રિવીઝન અરજી જ થઈ શકે. જ્યારે હાલનાં અરજદારે આ અદાલત સમક્ષ રિવીઝન અરજી દાખલ કરવાનાં બદલે અપીલ દાખલ કરેલ છે જે કાયદા મુજબ આ અદાલત સમક્ષ ચાલવાને પાત્ર નથી. આથી હાલની આ અપીલ આ ટેકનીકલ મુદા ઉપર જ રદ્ થવાને પાત્ર ઠરે છે અને તેથી અરજદારે જે અપીલ કરેલ છે તે નીચલી અદાલતનાં વચગાળાનાં હુકમથી નારાજ થઈને આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે તે કોઈપણ સંજોગો કાયદા મુજબ ટકી શકે તેમ નથી અને તેથી આ એક માત્ર કારણસર આ અપીલ રદ થવાને પાત્ર ઠરે છે.

વળી, ઉપર આપણે ઠરાવ્યા મુજબ જ્યારે આ અપીલ જ કાયદા મુજબ આ અદાલત સમક્ષ ટકવાપાત્ર ઠરતી નહિ હોવાથી નીચલી મજૂર અદાલત, સુરેન્દ્રનગરે તેમની સમક્ષની મૂળ બી.આઈ.આર. અરજી નં. ૨૨/૧૯૯૯નાં કામમાં આંક-૨ નીચે હુકમ કરેલ છે તેનાં ગુણદોષમાં આ અદાલત ઉતરી શકે નહીં કારણ કે આ અદાલત નીચલી અદાલતનાં હુકમનાં ગુણદોષ અંગે ત્યારે જ ફક્ત નિર્ણય લઈ શકે કે જ્યારે આ અદાલત સમક્ષ રિવીઝન અરજી દાખલ કરવામાં આવેલ હોય, પરંતુ હાલનાં અરજદારે આ અદાલત સમક્ષ અપીલ દાખલ કરેલ છે અને તેથી હાલની અપીલ અંગે આ અદાલત કોઈ નિર્ણય લઈ શકે નહિ અને તેથી આ અદાલત નીચલી મજૂર અદાલતે તેમની સમક્ષની મૂળ બી.આઈ.આર. અરજી નં. ૨૨/૧૯૯૯નાં કામમાં આંક-૨ નીચે જે હુકમ કરેલ છે તે યોગ્ય છે કે નહિ તેમજ તેમાં કોઈ કાયદાની કે હકીકતની ભૂલ રહી જવા પામેલ છે કે કેમ ? તે અંગે ગુણદોષમાં આ અદાલત ઉતરી શકે નહી અને તેથી હાલની આ અપીલ રદ થવાને પાત્ર ઠરે છે.

વળી, બીજો એક મુદો પણ અત્રે નોંધવો જરૂરી છે અને તે એ છે કે, મૂળ બી.આઈ.આર. અરજી નં. ૨૨/૧૯૯૯ નો હજુ અંતિમ નિકાલ આવેલ નથી અને તે મજૂર અદાલત, સુરેન્દ્રનગર સમક્ષ પડતર છે અને તેમાં જો સંબંધિત હાલનાં અરજદાર કોઈ દાદ કે હક્કો મેળવવાને હક્કદાર ઠરતાં હશે તો તે તેઓ મેળવી શકે તેમ છે, એટલે કે, જો હાલનાં અરજદાર તેમનો કેસ મૂળ બી.આઈ.આર. અરજીમાં જરૂરી પુરાવાઓનાં આધારે પુરવાર કરે તો તેઓ માગ્યા મુજબની દાદ

INDEX

મેળવવાને હક્કદાર ઠરી શકે છે અને તેઓને માગ્યા મુજબનું વળતર પણ મળી શકે છે. આમ આ અપીલ રદ કરવાનાં કારણે હાલનાં અરજદારને કોઈ આર્થિક નુકસાન થાય તેમ હોવાનું આ અદાલત માની શકતી નથી. આમ હાલની આ અપીલ રદ ઠરવાને પાત્ર હોઈ તે મુજબ ઠરાવી નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી આ અપીલ રદ કરવામાં આવે છે.

ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ, તારીખ.૧૨મી જાન્યુઆરી, ૨૦૦૫.

એન. કે. જીયાણી,
સત્ય,
ઔદ્યોગિક અદાલત નં. ૧, (ગુજરાત),
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૦૫.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette*, Part I—L should be *read* to have been published in Issue No. 10, *Gujarat Government Gazette*, Part I—L, dated 10th March, 2005 and for pages VAD-959 to VAD-1124 (in 1 set) *read* page Nos. 1021 to 1186.

વિજ્ઞપ્તિ

ક.મ આયુક્ત, નાયબ શ્રમ આયુક્ત, મદદનીશ શ્રમ આયુક્ત, અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧—એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૧૦મી માર્ચ, ૨૦૦૫ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧—એલના અંક ૧૦માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૯૫૯ થી વીએડી-૧૧૨૪(૧ બંચમાં) ને પાન નંબર ૧૦૨૧ થી ૧૧૮૬ વાંચવા.

Vadodara, 10th March, 2005.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૨૯૪/૨૦૦૪.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ટ્રાન્સપેક સિલોક્ષ (Silox) ઈન્ડસ્ટ્રીઝ લી., અટલાદરા, વડોદરા અને તેના શ્રમયોગી શ્રી રમણભાઈ બી. કોળી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ "સી" વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાથી રચાયેલ લેબર કોર્ટ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

રમણભાઈ બી. કોળીને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૨મી જાન્યુઆરી, ૨૦૦૫.

એમ. એચ. મંદાની,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

(મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૨૮૯/૨૦૦૪.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર બ્રાઈટ ઈન્ડસ્ટ્રીઝ, વાઘોડીયા, જી. વડોદરા અને તેના શ્રમયોગી શ્રી હસમુખભાઈ ગોપાલભાઈ પટેલ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઈડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ "સી" વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાથી રચાયેલ લેબર કોર્ટ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

હસમુખભાઈ ગોપાલભાઈ પટેલને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૨મી જાન્યુઆરી, ૨૦૦૫.

એમ. એચ. મંદાની,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૨૮૪/૨૦૦૪.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મન્સુસીતા લખનપાલ બેટરી ઈંડીયા લી., (લખનપાલ નેશનલ લી.), વડોદરા અને તેના શ્રમયોગી શ્રી નારણભાઈ કે. હરિજન વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઈડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ ''સી'' વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાથી રચાયેલ લેબર કોર્ટ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

નારણભાઈ કે. હરિજનને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૨મી જાન્યુઆરી, ૨૦૦૫.

એમ. એચ. મંદાની,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૪૧૭/૨૦૦૪.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા અને તેના શ્રમયોગી શ્રીમતી મધુબેન શામળભાઈ સોલંકી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઈડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ "સી" વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાથી રચાયેલ લેબર કોર્ટ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી મધુબેન શામળભાઈ સોલંકીને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૭મી જાન્યુઆરી, ૨૦૦૫.

એમ. એચ. મંદાની,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૪૧૨/૨૦૦૪.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર પ્રમુખ સ્વામી હોસ્પિટલ, Po. ડભોઈ, જી. વડોદરા અને તેના શ્રમયોગી શ્રી પ્રિયવદન કાંતીલાલ ત્રિવેદી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઈડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ "સી" વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાથી રચાયેલ લેબર કોર્ટ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

પ્રિયવદન કાંતીલાલ ત્રિવેદીને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૭મી જાન્યુઆરી, ૨૦૦૫.

એમ. એચ. મંદાની,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૪૦૭/૨૦૦૪.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સનવીજ ડ્રગ્સ ફાર્મા લી. Po. વાઘોડીયા, જી. વડોદરા અને તેના શ્રમયોગી શ્રીમતી વસંતીબેન રાઠોડ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) ની સાથે પેટા વિભાગ-૧૦ની કલમ "સી" વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાથી રચાયેલ લેબર કોર્ટ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

વસંતીબેન મહેન્દ્રસિંહ રાઠોડને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૭મી જાન્યુઆરી, ૨૦૦૫.

એમ. એચ. મંદાની,
મદદનીશ શ્રમ આયુકત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૪૦૨/૨૦૦૪.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી છી. કે. ભક્ત પાટીદાર છાત્રાલય, સિધ્ધનાથ રોડ, વડોદરા અને તેના શ્રમયોગી શ્રી મનહરભાઈ બી. સોલંકી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૮ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) ની સાથે પેટા વિભાગ-૧૦ની કલમ "સી" વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાથી રચાયેલ લેબર કોર્ટ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

મનહરભાઈ બી. સોલંકીને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૭મી જાન્યુઆરી, ૨૦૦૫.

એમ. એચ. મંદાની,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૩૯૭/૨૦૦૪.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર દીપ ઈન્ટેન્સીવ એન્ડ ક્રીટીકલ સેંટર, વડોદરા અને તેના શ્રમયોગી શ્રીમતી સ્મીતાબેન અરવિંદભાઈ પરમાર વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ "સી" વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ (૧૦)ની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ, મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા, આથી, શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) શ્રી જોરબહાદુર નેપાળી, (૨) શ્રી ખડકસિંગ ગગનસિંગ બીકોને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

વડોદરા, તારીખ ૨૮મી જાન્યુઆરી, ૨૦૦૫.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૧૬૧.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ઠ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સારાભાઇ કેમીકલ્સ (અંબાલાલ સારાભાઇ એન્ટરપ્રાઇઝીસ લી.), વડીવાડી, વડોદરા અને તેના શ્રમયોગીશ્રી કિરણકુમાર જયંતિલાલ ઉપાધ્યાય વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭૩/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ "સી" વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ (૧૦)ની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ, મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા, આથી, શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી કિરણકુમાર જયંતિલાલ ઉપાધ્યાયને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

વડોદરા, તારીખ ૨૮મી જાન્યુઆરી, ૨૦૦૫.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૧૬૬.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ઠ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર જેસીટી ઈલેક્ટ્રોનીકસ લી., કંડારી, તા. કરજણ, જિ. વડોદરા અને તેના શ્રમયોગીશ્રી રવિન્દ્ર અમૃતરાવ ભામરે વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭૩/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ "સી" વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ (૧૦)ની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ, મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા, આથી, શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રવિન્દ્ર અમૃતરાવ ભામરેને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

વડોદરા, તારીખ ૨૮મી જાન્યુઆરી, ૨૦૦૫.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૧૫૬.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ઠ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એ.એસ.પી. કેમીકલ્સ, નંદેસરી, જિ. વડોદરા અને તેના શ્રમયોગીશ્રી અરવિંદભાઈ મંગળભાઈ પઢીયાર તથા અન્ય-૩ વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ "સી" વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ (૧૦)ની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ, મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા, આથી, શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) શ્રી અરવિંદભાઈ મંગળભાઈ પઢીયાર, (૨) શ્રી એ. એસ. પઢીયાર, (૩) શ્રી ભાઈલાલ ચીમનભાઈ પઢીયાર, (૪) રઈજીભાઈ ભગવાનભાઈ પઢીયાર.ઉપરોક્ત શ્રમયોગીઓને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

વડોદરા, તારીખ ૨૮મી જાન્યુઆરી, ૨૦૦૫.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૨૫૮.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ઠ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર કોન્સોલીટેડેટ ફૂટવેર્સ લી., (લોટો), પો. વાઘોડીયા, જિ. વડોદરા અને તેના શ્રમયોગીશ્રી ઠાકોરભાઇ એ. મોચી તથા અન્ય-૬૦ વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ "સી" વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ (૧૦)ની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ, મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા, આથી, શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

પરિશિષ્ટ

આઇ.ડી. ૧૦(૧) રેફ. કેસ નં. ૯૭૫ થી ૧૦૩૫/૦૪.
કોન્સોલીટેડેટ ફૂટવેર્સ લી., (લોટો), પો. વાઘોડીયા, જિ. વડોદરા.

(૧) શ્રી ઠાકોરભાઇ એ. મોચી, (૨) શ્રી સુરેશ કે. રાવમ,
(૩) પ્રભાત ખોડાભાઇ પરમાર (૪) શ્રી શાહીદ આર. મન્સુરી,
(૫) શ્રી અરવિંદ ઓ. પાટણવાડિયા, (૬) શ્રી રઝાક એફ. મન્સુરી,
(૭) શ્રી કનુભાઇ એન. પરમાર, (૮) શ્રી જગદીશ ઝેડ. વણકર,
(૯) શ્રી રણછોડ શનાભાઇ પાટણવાડિયા, (૧૦) શ્રી રમણભાઇ જી. વસાવા
(૧૧) શ્રી પ્રવિણભાઇ જી. રોહિત, (૧૨) શ્રી રજનીકાંત અંબાલાલ પ્રજાપતિ

INDEX

(૧૩) શ્રીમતિ પુષ્પાબેન એલ. પરમાર,
(૧૪) શ્રી સુરેન્દ્રભાઈ મુ. પરમાર,
(૧૫) શ્રી કનુભાઈ કે. શ્રીમાળી,
(૧૬) શ્રી કિરીટ આર. પટેલ,
(૧૭) શ્રી વસંત સી. પટેલ,
(૧૮) શ્રી મહેબુબ ડી. મન્સુરી,
(૧૯) શ્રી ડાહ્યાભાઈ મુળજીભાઈ રોહિત,
(૨૦) શ્રી ઉદેસિંહ એમ. સોલંકી,
(૨૧) શ્રી ગણપતભાઈ મંગળભાઈ પરમાર,
(૨૨) શ્રીમતિ નીરૂબેન એમ. ટેલર,
(૨૩) શ્રી મણીભાઈ સોમાભાઈ પરમાર,
(૨૪) શ્રી રસુલ પી. મન્સુરી,
(૨૫) શ્રી નરેન્દ્ર છગનભાઈ પટેલ
(૨૬) શ્રી પ્રવિણભાઈ શનાભાઈ બારીયા,
(૨૭) શ્રી કમલેશ બી. કદમ,
(૨૮) શ્રી વિજય શાંતિલાલ પટેલ,
(૨૯) શ્રી પ્રવિણ ડી. સોલંકી,
(૩૦) શ્રી ભાસ્કર સુર્યકાંત ભટ્ટ,
(૩૧) શ્રી દિપક સુરેશભાઈ મિસ્ત્રી,
(૩૨) શ્રી કાસમ રસુલભાઈ મન્સુરી,
(૩૩) શ્રી અજય જે. પટેલ,
(૩૪) શ્રી કનક આર. રાજપુત,
(૩૫) શ્રી નિલેશ મગનભાઈ પટેલ,
(૩૬) શ્રી ફતેસિંહ પી. ભાલીયા,
(૩૭) શ્રી રાજેન્દ્ર ચંદ્રસિંહ પરમાર,
(૩૮) શ્રી શરણભાઈ એમ. તડવી,
(૩૯) શ્રી એહમદ ડી. મન્સુરી,
(૪૦) શ્રી કનુભાઈ મણીલાલ પરમાર,
(૪૧) શ્રી કાંતીભાઈ મગનભાઈ પરમાર,
(૪૨) શ્રી રમેશ આર. પરમાર,
(૪૩) શ્રી હસમુખ એસ. ભોઈ,
(૪૪) શ્રી અર્જુનભાઈ મેલાભાઈ પરમાર,
(૪૫) શ્રી છત્રસિંહ એમ. વસાવા,
(૪૬) શ્રી મનહર કે. મકવાણા,
(૪૭) શ્રી મોહંમદ ઈસ્માઈલ મન્સુરી,
(૪૮) શ્રી સંજય આર. ડોડીયા,
(૪૯) શ્રી ચંદ્રસિંહ વેરા મકવાણા,
(૫૦) શ્રી મહેશ છીતાભાઈ પ્રજાપતિ,
(૫૧) શ્રી અરવિંદ રામાભાઈ સોલંકી,
(૫૨) શ્રી અજીત ભાઈલાલ પરમાર,
(૫૩) શ્રી જગદિશ એમ. પટેલ,
(૫૪) શ્રીમતી નજમુન્સી આર. દિવાન,
(૫૫) શ્રી હરીવદન આર. દિવાન,
(૫૬) શ્રી ઠાકોરભાઈ વી. ભટ્ટ,
(૫૭) શ્રી રતીલાલ જી. રોહિત,
(૫૮) શ્રી જયંતિભાઈ ધનુભાઈ પરમાર,
(૫૯) શ્રી ઠાકોરભાઈ જી. પરમાર,
(૬૦) શ્રી કનુભાઈ પી. પરમાર,
(૬૧) શ્રી સાબીરભાઈ મોહંમદભાઈ મન્સુરી

ઉપરોક્ત શ્રમયોગીઓને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૨મી જાન્યુઆરી, ૨૦૦૫.

એમ. એચ. મંદાણી,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૯૭૯.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ઠ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ યોજના, વિભાગ નં. ૬, વડોદરા, (૨) નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ યોજના, પેટા વિભાગ નં. ૨૩, વાઘોડીયા, જિ. વડોદરા અને તેના શ્રમયોગીશ્રી અલીમહંમદ મુરાદમહંમદ મકરાણી વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ ''સી'' વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ (૧૦)ની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ, મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા, આથી, શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી અલીમહંમદ મુરાદમહંમદ મકરાણીને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

વડોદરા, તારીખ ૨૮મી જાન્યુઆરી, ૨૦૦૫.

એમ. એચ. મંદાણી,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નં. કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૨૬૭/૬૯૨/૨૦૦૪.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો

INDEX

સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર અને તેના શ્રમયોગીશ્રી અશોકભાઇ બુધાભાઇ વેગડ વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ, હું, વિ. વિ. મહેતા, મદદનીશ શ્રમ આયુક્ત, ભાવનગર, શ્રમ અદાલત, ભાવનગરને સદરહુ તકરાર ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી અશોકભાઇ બુધાભાઇ વેગડને તેમના પડેલા દિવસોના પુરા પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભાવનગર, તારીખ ૨૫મી જાન્યુઆરી, ૨૦૦૫.

વિ. વિ. મહેતા,
મદદનીશ શ્રમ આયુક્ત,
ભાવનગર.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નં. કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૨૨૬/૬૯૭/૨૦૦૪.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર અને તેના શ્રમયોગીશ્રી અરવિંદ ચંદુભાઇ વેગડ વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

INDEX

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ, હું, વિ. વિ. મહેતા, મદદનીશ શ્રમ આયુક્ત, ભાવનગર, શ્રમ અદાલત, ભાવનગરને સદરહુ તકરાર ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી અરવિંદ ચંદુભાઇ વેગડને તેમના પડેલા દિવસોના પુરા પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભાવનગર, તારીખ ૨૫મી જાન્યુઆરી, ૨૦૦૫.

વિ. વિ. મહેતા,
મદદનીશ શ્રમ આયુક્ત,
ભાવનગર.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નં. કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૨૮૪/૬૮૭/૨૦૦૪.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, તળેટી રોડ, પાલીતાણા અને તેના શ્રમયોગીશ્રી કીશોરભાઇ જીવણભાઇ વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ન. (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ, હું, વિ. વિ. મહેતા, મદદનીશ શ્રમ આયુક્ત, ભાવનગર, શ્રમ અદાલત, ભાવનગરને સદરહુ તકરાર ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

INDEX

અનુસૂચિ

શ્રી કીશોરભાઇ જીવણભાઇને તેમના પડેલા દિવસોના પુરા પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભાવનગર, તારીખ ૨૫મી જાન્યુઆરી, ૨૦૦૫.

વિ. વિ. મહેતા,
મદદનીશ શ્રમ આયુક્ત,
ભાવનગર.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા
હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નં. કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૨૮૩/૬૮૨/૨૦૦૪.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, તળેટી રોડ, પાલીતાણા અને તેના શ્રમયોગીશ્રી અશ્વીનભાઇ ગોરધનભાઇ વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ, હું, વિ. વિ. મહેતા, મદદનીશ શ્રમ આયુક્ત, ભાવનગર, શ્રમ અદાલત, ભાવનગરને સદરહુ તકરાર ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી અશ્વીનભાઇ ગોરધનભાઇને તેમના પડેલા દિવસોના પુરા પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભાવનગર, તારીખ ૨૫મી જાન્યુઆરી, ૨૦૦૫.

વિ. વિ. મહેતા,
મદદનીશ શ્રમ આયુક્ત,
ભાવનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] THURSDAY, MARCH 17, 2005 / PHALGUNA 26, 1926 [No.11

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૮૩૬૬૫/આર.યુ.-સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, વિજય કોમર્શિયલ કો.ઓપ. બેંક લી., કનક રોડ, રોજકોટ અને શ્રી જયંતકુમાર આર. ચંદારાણા, લક્ષ્મીવાડી મેઈન રોડ, મુરલીધર, રાજકોટ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૫ ફેબ્રુઆરી માસના ૧૯માં દિને આથી નોંધ કરૂ છું.

INDEX

આંક-૧૫

શ્રી એ. જે. રાચ્છ, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત નં. ૨, ગુજરાત, રાજકોટ સમક્ષ
અપીલ આઈ. સી. નં. ૧૧/૨૦૦૪.

વિજય કોમર્શિયલ કો. ઓપ. બેંક લી., અરજદાર;
કનક રોડ, રાજકોટ.

વિરૂદ્ધ

શ્રી જયંતકુમાર આર. ચંદારાણા, સામાવાળા.
લક્ષ્મીવાડી મેઈન રોડ, 'મુરલીધર',
રાજકોટ.

અરજદાર તરફે વકીલ શ્રી એસ. બી. ગોગીયા,

સામાવાળા તરફે વકીલ શ્રી જી. આર. ઠાકર.

ચુકાદો

આ અપીલ અરજદાર વિજય કોમર્શિલ કો.ઓપ. બેંક લી., રાજકોટે સામાવાળા જયંતકુમાર આર. ચંદારાણા સામે બી. આઈ. આર. અધિનિયમ, ૧૯૪૬ની કલમ-૮૪ હેઠળ આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

૨ આ અપીલની ટૂંકમાં વિગતો એવી છે કે, રાજકોટ ખાતેની નીચલી મજુર અદાલત દ્વારા બી.આઈ.આર. અરજી નં. ૩૬/૮૭માં ચુકાદો આપી અરજી મંજુર રાખેલ છે અને ૩૦ ટકા પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરેલ છે તે હુકમથી નારાજ થઈ આ અપીલ આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે. મૂળ બી.આઈ.આર. અરજી નં. ૩૬/૮૭નો ચુકાદો તા. ૩૧મી જુલાઈ, ૨૦૦૪ના રોજ આપવામાં આવેલ અને તે ચુકાદો એપેલન્ટને તા. ૧૧મી ઓગસ્ટ, ૨૦૦૪ના રોજ મળેલ તેથી આ અપીલ મુદતની અંદર છે. અપીલનાં કારણોમાં એપેલન્ટ જણાવે છે કે, મજૂર અદાલત, રાજકોટનાં ન્યાયાધીશે જે અનુમાનો દોરેલ છે તે અનુમાનો તેમણે દોરવા ન જોઈએ અને ચુકાદો ભૂલ ભરેલ તેમજ ગેરકાયદેસરનો હોવાથી તે રદ થવાને પાત્ર છે. હાલનાં રીસ્પોન્ડન્ટે ખાતકીય તપાસની કાયદેસરતા પડકારેલ નહતી જે કારણે ખાતાકીય તપાસ અંગે કોઈ નિર્ણય આપવાની જરૂર ન હતી તેમ છતાં મજુર અદાલત, રાજકોટના ન્યાયાધીશશ્રીએ આપેલ ચુકાદો રદ થવાને પાત્ર છે. મજૂર અદાલત, રાજકોટે હાલના એપેલન્ટની એ દલીલ ધ્યાનમાં લીધેલ નથી કે, હાલના રીસ્પોન્ડન્ટે તેમની સામે કરવામા આવેલ ખાતાકીય તપાસ દરમિયાન તેના સ્ટેટમેન્ટ

INDEX

ઉપર ઉલટ તપાસ કરવા દીધેલ ન હતી અને એપેલન્ટની આ રજૂઆતો કાઢી નાંખેલ તેમજ ખાતાકીય તપાસ અધિકારી દ્વારા પણ ખાતાકીય તપાસનાં રીપોર્ટમાં આ અંગે સ્પષ્ટ જણાવવામાં આવેલ હતું કે, 'અરજદારે પોતાની ઉલટ તપાસ નથી કરવા દીધી' જેથી પણ ન્યાયાધીશશ્રીએ આવી હકીકતોને ગણકારેલ નથી કે તે અંગે કોઈ તક પણ આપવામાં આવેલ નથી જેથી ચુકાદો ભૂલભરેલો અને ગેરકાયદેસરનો છે. ખાતાકીય તપાસ અંગે ખોટી રીતે મજૂર અદાલતના ન્યાયાધીશશ્રીએ ફાઈન્ડીંગ્સ આપેલ છે જેથી ચુકાદો રદ્દ થવાને પાત્ર છે. હાલનાં રીસ્પોન્ડન્ટે નોકરીમાં રહેવા માટે ખોટું સર્ટિ. રજુ કરેલ અને અરજદારે જે નોકરીએ રહેવા અરજી કરેલ હતી તેમાં તેઓ એસ.એસ.સી. પાસ છે તેવું જણાવેલ, ખરેખર અરજદાર એસ.એસ.સી. નાપાસ છે તેવું ખાતાકીય તપાસ અધિકારીએ સાબિત માનેલ. તેમજ હાલનાં રીસ્પોન્ડન્ટનાં પિતા મેનેજીંગ ડીરેકટર હોવાથી આ સમગ્ર બાબત ઉપર પડદો પાડી દીધેલ જેથી અરજદારે નોકરી મેળવવા માટે છેતરપિંડી કરેલ છે તેવું ખાતાકીય તપાસ દરમિયાન પુરવાર થાય છે તેમ છતાં મજુર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ તેઓનાં આવા વિધાનો માન્ય રાખેલ નહી અને ચુકાદાનાં પારા-૧૭માં ભૂલ ભરેલા તારણો આપેલ છે. ખરી હકીકતે મૌખિક પુરાવાઓ પણ ધ્યાનમાં લીધેલ ન હોય તેવું આ ચુકાદાઓ ઉપરથી ફલિત થાય છે. મજુર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ પોતાના ચુકાદામાં જે તારણો આપેલ છે તે કેસમાં પડેલ પુરાવાનાં આધારે આપેલ નથી તેવું સ્પષ્ટ રીતે ફલિત થાય છે.

૩. એપેલન્ટે અપીલ મેમોમાં વધુમાં જણાવેલ છે કે, હાલનાં રીસ્પોન્ડન્ટ સંસ્થામાં ચોખ્ખા હાથે રહેલ ન હતા તેમજ કોર્ટમાં પણ ક્યારેય તેઓએ સત્ય જણાવેલ ન હતું તેમ છતાં મજુર અદાલતે પોતાના ચુકાદામાં હાલનાં રીસ્પોન્ડન્ટના જુઠાણા ઉપર પડદો પાડેલ હોય તેવું સ્પષ્ટ ફલિત થાય છે. જેથી આક્ષેપ પણ રીસ્પોન્ડન્ટ સામે સાબિત થાય છે તેમ છતાં આ આક્ષેપ સાબિત ન માનીને ભૂલભરેલો ચુકાદો આપેલા છે. તેમજ રીસ્પોન્ડન્ટ સામે લોન ઓફિસર તરીકે અક્ષમ્ય બેદરકારીનો આક્ષેપ છે તે આરોપ ખાતાકીય તપાસ અધિકારીએ પુરાવાનું મુલ્યાંકન કરીને સાબિત માનેલ છે તેવા સમયે ખાતાકીય તપાસ અધિકારીએ તારણોને નહિ માનીને મજુર અદાલતે ગંભીર ભૂલ કરેલ છે જેથી ચુકાદો રદ થવાને પાત્ર છે. ખાતાકીય તપાસ દરમિયાન તેમજ કેસમાં પડેલા મૌખિક અને લેખિત પુરાવાઓ ઉપરથી હાલનાં રીસ્પોન્ડન્ટ સામે જે આક્ષેપ મૂકેલા તે સાબિત થયેલ તેથી પણ વિશેષ જ્યારે હાલના રીસ્પોન્ડન્ટે જ્યારે ખાતાકીય તપાસને જ પડકારે ન હોય તેવ સમયે આ બધાં આક્ષેપો અંગે મજૂર અદાલતે પોતાના ચુકાદામાં જે ચર્ચા કરેલ છે તે ભૂલભરેલ અને ગેરવ્યાજબી છે અને મજૂર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ પોતાના ચુકાદામાં એવા તારણ આપેલ છે કે, અરજદાર સામે મૂકવામાં આવેલ તમામ આક્ષેપો ખોટા છે. પરંતુ તમામ આક્ષેપ ખાતાકીય તપાસ દરમિયાન સાબિત થયેલ હતાં જેથી આ ચુકાદો ભૂલભરેલો છે અને મજૂ અદાલતે પુરાવાનું પૂરેપૂરૂં અવલોકન કરેલ નથી, ઉતાવળે ચુકાદો લખાવેલ હોય, તેવું સ્પષ્ટ રીત સાબિત થાય છે જેથી હાલનો ચુકાદો રદ થવાને પાત્ર ઠરે છે. મજૂર અદાલતે આક્ષેપ નં. ૪, ૫ અને ૭ સાબિત માનેલ છે અને તે અંગે પારા-૨૬ ઉપર પાના-૧૪માં એવું ઠરાવેલ છે કે, આ આક્ષેપ નં. ૪ પણ સાબિત થતો નથી અને આક્ષેપ નં. ૫ અંગે મજુર અદાલતે પારા-૧૭નો છેલ્લા પારા

INDEX

એવું લખેલ છે કે, " ત્યારે આ ફાઇલો અરજદારની બેદરકારીનાં કારણે તેના ટેબલ પરથી મળી આવેલ તેવું તારણ થાય છે" તેમ ઠરાવેલ છે તેમજ આક્ષેપ નં. ૭ અંગે પણ મજુર અદાલતે ઠરાવેલ છે કે, " જો ખરેખર અરજદારને ઓચિંતા રજા ઉપર જવું પડેલ હોત તો પણ તેવું બેંકને વાજબી સમયમાં તેની જાણ કરી શકયા હોત જેથી બેંક અરજદારની ગેરહાજરીમાં વૈકલ્પિક વ્યવસ્થા સમયસર કરી શકે કે જેથી બેંક ગ્રાહકોને મુશ્કેલી ન પડે કે ફરિયાદો ન આવે જેથી અરજદારે ફરજમાં બેકાળજી સેવેલાનું કારણ થાય છે." જયારે ઉપરનાં ત્રણ આક્ષેપો મજુર અદાલતે સાબિત માનેલ છે ત્યારે રીસ્પોન્ડન્ટને આ ત્રણ આક્ષેપ સબબ પુનઃસ્થાપિત આપવાની જરૂર ન હતી તે છતાં પુનઃસ્થાપિત કરવાની ગંભીર ભૂલ કરેલ છે જેથી આ ચુકાદો રદ થવાને પાત્ર છે. મજુર અદાલતે ઠરાવેલ છે કે આક્ષેપ નં. ૪ અંશતઃ તથા આક્ષેપ નં. ૫ અને ૭ સંપૂર્ણ સાબિત થતાં હોય તે આક્ષેપોની ગંભીરતા એ અરજદારની નોકરીનો સમયગાળો કે તેનો ભૂતકાળ વગેરે ધ્યાનમાં લઇ સંસ્થાનો હુકમ બરતરફ કરવા અંગે ખૂબ જ જુલ્મી અને કુદરતી ન્યાયનાં સિદ્ધાંતો વિરૂદ્ધ તેમણે ઠરાવેલ છે તે ગેરકાયદેસરનો અને ભૂલભરેલો છે તેથી રદ થવાને પાત્ર છે. મજૂર અદાલતે એવું વિચારેલ નથી કે, આ બેંકનો કેસ છે તેમાં બેંકના ગ્રાહકો બેંકની કાર્યદક્ષતા અને તેના કર્મચારીઓની ફરજો પ્રત્યેની નિષ્ઠા પર ચાલતા હોય અને જો કર્મચારીઓ તેની પ્રત્યે નિષ્ઠા ન ધરાવતા હોય તો આ રીતે ઘણી ગંભીર ભૂલો કરતાં હોય તો તેની અસર બેંકના કામકાજ ઉપર પડતી હોય છે જેથી આવી રીતે કર્મચારીને પુનઃસ્થાપિત કરીને જે ગંભીર ભૂલ મજુર અદાલતે કરેલ છે તે રદ થવાને પાત્ર છે. મજુર અદાલતે બેંકીંગ ઉદ્યોગને લાગુ પડતા સ્ટેન્ડીંગ ઓર્ડર્સને ધ્યાનમાં લીધાં નથી. બેંકે સ્ટેન્ડીંગ ઓર્ડર્સ રજુ કરેલ અને એવી રજૂઆત કરેલ કે, સ્ટેન્ડીંગ ઓર્ડર્સ પ્રમાણે સેકન્ડ શોકોઝ નોટીસ આપવાની કે ફાઈન્ડીંગ આપવાની કોઇ જરૂર રહેતી ન હતી તેમ છતાં હાલનાં રીસ્પોન્ડન્ટને એટલે કે મૂળ અરજદારને ફાઇન્ડીંગ્સ આપેલ છે જે કેસમાં પડેલા પુરાવા ઉપરથી સાબિત થાય છે પરંતુ ખરેખર, તો હાલનાં રીસ્પોન્ડન્ટે ઇન્કવાયરી કે ઇન્કવાયરીના પ્રોસીડીંગ્સને ચેલેન્જ કરેલ નથી અને ફકત તેને થયેલ સજામાં ઘટાડો કરવાની અરજી કરેલ છે તેવા સમયે આ બધાં પ્રશ્નો જોવાના રહેતાં નથી તેમ છતાં મજુર અદાલતે કેસની બહાર જઇ આવા તારણો આપેલ છે તેથી પણ વિશેષ ફકત સેકન્ડ શોકોઝ નોટીસ ન આપવાથી ઇન્કવાયરી તે કારણે વીસીએટ થાય નહીં અને તેમાં પણ જ્યારે સ્ટેન્ડીંગ ઓર્ડર્સમાં આવીકોઇ જોગવાઈ ન હોય તેવા સમયે કોઇ પણ સંજોગોમાં ઇન્કવાયરી વીસીએટ ગણી શકાય નહીં જે અંગે તેઓએ તેમની દલીલનાં સમર્થનમાં ૧૯૭૯, ઓલ ઇન્ડીયા સર્વિસ લો જર્નલ, પાન નં. ૫ નો ચુકાદો રજૂ કરેલ તેમજ ૨૦૦૩, (૧) જી.એલ.એચ., પાના-૨૨ તથા ૨૦૦૩-(૧) એલએલએન. પાન-૫૫૬, તેમજ ૨૦૦૩ (૧) એફ.જે. આર. પાન-૧ માં એવું ઠરાવેલ છે કે સેકન્ડ શોકોઝ નોટીસ આપવાની કોઇ જરૂર નથી. તેમજ સ્ટેન્ડીંગ ઓર્ડર્સમાં જયારે સેકન્ડ શોકોઝ નોટીસ આપવાની કોઇ જરૂર ન હતી ત્યારે જે મજુર અદાલતે સેકન્ડ શોકોઝ નોટીસ આપી તે સામે ઇન્કવાયરી રદ થવાને પાત્ર છે તેવું ઠરાવેલ છે તે બિલકુલ વાજબી અને પૂરેપૂરું જણાતું નથી અને તે કારણે જે પુનઃસ્થાપિત કરેલ છે તે ભૂલભરેલ અને ગેયકાયદેસરનું છે જેથી રદ થવાને પાત્ર છે. મજૂર અદાલતે સંબંધિત રીસ્પોન્ડન્ટને ૩૦ ટકા પગાર સાથે પુનઃસ્થાપિત કરવા હુકમ કરેલ છે અને મુદ્દા નં. ૩ માં રીસ્પોન્ડન્ટ બેકાર છે તેવું

INDEX

સાબિત માનેલ છે તે પણ ભૂલ ભરેલ છે અને ગેરકાયદેસરનું છે કારણ કે, તેઓએ તેમની દલીલનાં સમર્થનમાં રૂપાલી રેડીયો એન્ડ ઈલેકટ્રીકલ સેન્ટર અંગેના બેંકના જે દસ્તાવેજો રજૂ કરેલ છે તે જોતાં સ્પષ્ઠ થાય છે કે, હાલનાં રીસ્પોન્ડન્ટ રુપાલી રેડીયોના પાર્ટનર હતાં અને પાર્ટનરનાં દરજ્જે તેમાં સહીઓ પણ કરેલ છે જેથી રીસ્પોન્ડન્ટ સારી આવક ધરાવતા હતા તે રજૂ કરેલ દસ્તાવેજો ઉપરથી સ્પષ્ટ સાબિત થાય છે. પરંતુ સમગ્ર દસ્તાવેજો અંગે મજૂર અદાલતે પોતાના ચુકાદામાં ઉલ્લેખ કરેલ નથી જેથી રીસ્પોન્ડન્ટને જે ૩૦ ટકા બેકવેઈજીસ આપવામાં આવેલ છે તે ભૂલ ભરેલ છે અને ગેરકાયદેસર છે. મજુર અદાલતના ન્યાયાધીશશ્રીએ કર્મચારીને બે ઈજાફા કાયમી અસરથી અટકાવવા તેવો હુકમ કરેલ છે તે પણ અરજદાર જ્યાં ફરી નોકરીમાં રહવા માટે હક્કદાર જ નથી ત્યાં ફકત બે ઈજાફા કાયમી અસરથી અટકાવવાનો ચુકાદો પુનઃસ્થાપન આપે છે અને બીજી બાજુ બે ઈજાફા કાયમી અસરથી અટકાવવા તેવો હુકમ કરવામાં આવે તે ચાલી શકે નહીં. આમ આ કામમાં પુનઃસ્થાપનનો જે હુકમ કરેલ છે તે ઘણો ભૂલ ભરેલો છે અને તે રદ થવાને પાત્ર છે. એપેલન્ટે તેમની દલીલનાં સમર્થનમાં આશરે ૩૪ ચુકાદાઓ રજુ રાખેલા હતાં તે મજુર અદાલતનાં ન્યાયાધિશશ્રીએ ધ્યાનમાં લીધેલ નથી અને તે જોયેલ નથી અને તે ચુકાદાઓનું અર્થઘટન બરાબર રીતે કરેલ નથી તેથી પણ હાલનો ચુકાદો ભૂલભરેલો અને ગેરકાયદેસરનો છે અને ગેરવાજબી છે જેથી તે રદ થવાને પાત્ર છે. આમ એપેલન્ટની આ અરજી મંજૂર કરવા તેમજ બી.આઈ.આર અરજી નં. ૩૬/૮૭ના કામમાં રાજકોટની મજૂર અદાલતના ન્યાયાધીશશ્રીએ તા. ૩૧મી જુલાઇ, ૨૦૦૪ના રોજ જે ચુકાદો આપેલ છે તે હુકમ રદ કરવા વિનંતી કરેલ છે. આ અપીલની સાથે હાલનાં એપેલન્ટે મજુર અદાલત, રાજકોટે ઉપરોકત જણાવેલ અરજીમાં આપેલ ચુકાદાની ખરી નકલ સામેલ રાખેલ છે.

૪. આ આપીલની સાથે હાલનાં એપેલન્ટે રાજકોટની મજુર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ બી.આઈ.આર અરજી નં. ૩૬/૮૭ના કામમાં તા. ૩૧મી જુલાઇ, ૨૦૦૪ના રોજ કરેલ હુકમની સામે મનાઇ હુકમ આપવા માટે અરજી કરેલ હતી.

૫. રીસ્પોન્ડન્ટે આંક-૫થી મનાઇ હુકમની અરજી સામેનાં વાંધાઓ રજુ કરેલ છે.

૬. આ અપીલ સામે હાલનાં રીસ્પોન્ડન્ટે આંક-૬થી પોતાનો જવાબ રજુ કરેલ છે જેની ટુંકમાં હકીકતો એવી છે કે, અપીલ મેમોમાં જે કારણો દર્શાવેલ છે તે કારણો જોઇએ તો કોઇ કાનૂની મુદ્દાઓનો સમાવેશ થતો નથી પરંતુ નીચેની અદાલત દ્વારા નીચેની કોર્ટમાં લેવામાં આવેલ પુરાવાઓને પુનઃરજૂ કરેલ છે જેથી કાયદાની જોગવાઇ મુજબ એપેલન્ટ અદાલત દ્વારા નીચેની કોર્ટમાં લેવામાં આવેલ પુરાવાઓનું મૂલ્યાંકન થઇ શકે નહીં કે તે એપેલેન્ટ અદાલત દ્વારા તે અંગે હસ્તક્ષેપ થઇ શકે નહી. આ એક જ કારણસર એપેલન્ટની આ અપીલ રદ થવાને પાત્ર છે. રીસ્પોન્ડન્ટે અપીલનાં પારા-૩ (એ) થી ૩(એસ) સુધીની હકીકતોનો ઈન્કાર કરેલ છે. મજૂર અદાલતે કેસની બહાર જઈને કોઇ તારણો આપેલ નથી. સેકન્ડ શોકોઝ નોટીસ ન આપવાથી

INDEX

ઈન્ક્વાયરી વીસીએટ ન થાય તેવું એપેલન્ટનું કહેવું ખરું નથી. સ્ટેન્ડીંગ ઓર્ડર્સમાં ઘડીભર માની લેવામાં આવે કોઇ જોગવાઇ નથી તો પણ સ્ટેન્ડીંગ ઓર્ડર્સ Cannot prevail over the Industrial Dispute Act and B.I.R. Act. તેમજ એપેલન્ટ દ્વારા જે ચુકાદાઓ લખેલ છે તે ચુકાદાઓને મજુર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ ધ્યાનમાં લઈને જ ચુકાદો આપેલ છે તેટલું જ નહિ પરંતુ રીસ્પોન્ડન્ટ દ્વારા જે કાયદાની જોગવાઇઓની સાતે ચુકાદા રજુ કરેલ છે તે મુજબ એપેલન્ટની ફકજ બનતી હતી છતાં અદાલતને ગેરમાર્ગે દોરવા આવી ચુકાદાની વિરૂદ્ધની બાબત જણાવેલ છે. મજુર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ હાલનાં રીસ્પોન્ડન્ટને ૩૦% પગાર સાથે પુનઃસ્થાપિત કરવા હુકમ કરેલ છે અને મુદ્દા નં. ૩માં અરજદાર બેકાર છે તેવું સાબિત માનેલ છે તે યોગ્ય, વાજબી અને કાયદેસર છે કારણ કે, અરજદાર રૂપાલી રેડીઓ એન્ડ ઈલેકટ્રીક સેન્ટર અંગેના બેંકના જે દસ્તાવેજ રજૂ કરેલ છે તેમાં ભાગીદાર હતા આ અંગેનુ અદાલતનું ધ્યાન દોરે છે કે, હાલનાં એપેલન્ટે ફરીને અદાલતને ગેરમાર્ગે દોરવા આવી બાબત દર્શાવેલ છે. કારણ કે, એપેલન્ટ દ્વારા જે દસ્તાવેજ રજૂ કરવામાં આવેલ તે ફક્ત અરજદારનું ભૂતકાળમાં બેંકમાં ખાતું હતું તે અંગેના દસ્તાવેજ અને આ દસ્તાવેજ ભૂતકાળનાં હોવાથી એ સાબિત થતું નથી કે, અરજદાર સારી એવો આવક ધરાવતાં હતા તેમ છતાં અદાલતને ગેરમાર્ગે દોરવા સત્ય હકીકતથી વિરૂદ્ધની બાબત જણાવેલ છે તે ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને અયોગ્ય છે. અપીલ મેમોનાં પારા-૭,૮, અને ૯ને નકારેલ છે અને કબૂલ કરવામાં આવતા નથી તેમ જણાવે છે. આમ મુજર અદાલત રાજકોટે સાચો, વાજબી અને યોગ્ય ન્યાય અપાવેલ છે કારણ કે, રીસ્પોન્ડન્ટને આ કામનાં એપલન્ટે ૧૯૮૭ની સાલમાં કોઈપણ જાતનાં વાંક, ગુન્હા કે કસૂર વગર ખોટા અને ઉપજાવી કાઢેલ, મભમ, વેગ આક્ષેપો કરી બરતરફ કરેલ અને રીસ્પોન્ડન્ટને પ્રયત્નો કરવા છતાં કોઈપણ જગ્યાએ નોકરી મળેલ નહીં અને મોંઘવારીના યુગમાં રીસ્પોન્ડન્ટ ગેઈનફુલ એમ્પ્લોઈમેન્ટ ધરાવે છે તે સાબિત કરી શક્ય. નથી અને હકીકતમાં પણ રીસ્પોન્ડન્ટ બેકાર છે જેથી રીસ્પોન્ડન્ટને એપેલન્ટ તેઓની જીંદગીનાં અમૂલ્ય વર્ષો બેકારીનાં ખપ્પરમાં હોમી દીધેલ છતાં મજૂર અદાલત તરફથી ફક્ત ૩૦ ટકા પડેલ રોજનો પગાર ચૂકવેલ છે જેથી મજૂર અદાલત તરફથી ફક્ત ૩૦% પડેલા રોજનો પગાર ચૂકતવા હુકમ કરેલ છે જે ખરેખર અયોગ્ય છે કારણ કે, ખરી હકીકતે તેઓ ૧૦૦ ટકા પગાર મેળવવા હકદાર થાય છે. છતાં પણ રીસ્પોન્ડન્ટ આટલા લાંબા ગાળાની લડત આપીને માનસિક, શારીરિક અને આર્થિક રીતે પાયમાલ થઈ ગયેલ છે. જેથી મજૂર અદાલત રાજકોટનાં હુકમને શિરોમાન્ય માનીને તેઓએ કોઈ અપીલ કરેલ નથી. પરંતુ આ કામનાં એપેલન્ટ દ્વારા મજૂર અદાલત, રાજકોટનો હુકમ યોગ્ય, વ્યાજબી અને ન્યાયી હોવા છતાં રીસ્પોન્ડન્ટને મળેલ ન્યાયમાં વિલંબ કરવા તથા અદાલતની પ્રોસેસનો દુરુપયોગ કરવાનાં એક માત્ર બદઈરાદાથી આ અપીલ દાખલ કરેલ છે જેથી એપેલન્ટની આ અપીલ ખર્ચ સહિત રદ કરી મજૂર અદાલત, રાજકોટ તરફથી જે ૩૦ ટકા પગાર ચૂકવવાનો હુકમ કરેલ છે તેમાં વધારો કરી ૧૦૦ ટકા પગાર ચૂકવવા હુકમ કરવા તથા બે ઈજાફા કાયમી અસરથી બંધ કરવાનો જે હુકમ કરેલ છે તેમાં પણ રાહત કરી આપવા અરજ કરેલ છે.

INDEX

૭. હાલનાં એપલેન્ટે આંક-૯ થી મનાઈહુકમની અરજીનાં સમર્થનમાં પોતાના ચૂકાદાઓ રજૂ કરેલ છે. એપેલન્ટની આંક-૩ની મનાઈહુકમની અરજી નીચે આ અદાલતે તા. ૮મી ડીસેમ્બર, ૨૦૦૪ના રોજ એક હુકમ કરી આંક-૩ની મનાઈહુકમની અરજી દિવસ-૩૦ પૂરતી મંજૂર કરેલ અને બેંકને રૂા. ૧,૦૦,૦૦૦ ની બેંક ગેરંટી રજૂ કરવા અને અપીલની દલીલો દિવસ-૩૦માં પૂર્ણ કરવા અંગેનો હુકમ કરેલ હતો. ત્યારબાદ આંક-૧૩ની પુરશીસ આપી હાલનાં એપેલન્ટે આપવામાં આવેલ કામચલાઉ મનાઈહુકમ લંબાવી આપવા માટે વિનંતી કરેલ હતી જેને આ અદાલતે ગ્રાહ્ય રાખી તા. ૨૯મી જાન્યુઆરી, ૨૦૦૫ સુધી આપવામાં આવેલ કામચાલાઉ મનાઈહુકમ લંબાવી આપવાનો હુકમ કરેલ હતો.

૮. ત્યારબાદ આ કામમાં બંને પક્ષકારોનાં વિદ્વાન વકીલશ્રીઓએ લેખિત દલીલો રજૂ કરેલ છે તે લક્ષમાં લીધી.એપેલન્ટ તરફે તેમની લેખિત દલીલમાં જણાવેલ છે કે; મજૂર અદાલતે જે ચુકાદો આપેલ છે તે સમગ્ર ઈન્કવાયરી વીસીએટ કરતો ચુકાદો છે. ખરી હકીકતે અદાલતે ફક્ત સજા વધારે પડતી છે કે કેમ ? તેટલા પૂરતું જ જોવાનું રહેતું હતું, પરંતુ મજૂર અદાલતે તેવું ન કરી કાયદાની ગંભીર ભૂલ કરેલ છે. મજૂર અદાલતે એપેલન્ટે રજૂ કરેલ વડી અદાલતોના ચુકાદાઓને ધ્યાનમાં લીધેલ નથી. મજૂર અદાલતે તેમનાં ચુકાદામાં છેલ્લી બે લાઈનમાં એવું જણાવેલ છે કે, સામાવાળા તરફથી અરજદારને ખાતાકીય તપાસનાં રીપોર્ટનાં આધારે પગલાં લેતાં પહેલાં રજૂઆતની તક આપેલ ન હોવાનું તારણ થાય છે તેમજ પારા-૨૯માં તો મજૂર અદાલતે એટલે સુધી તારણ આપેલ છે કે, ''..... અરજદાર તરફે એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે, અરજદારને ચાર્જસીટ કમ શોકોઝ નોટીસ આપ્યા બાદ વાજબી કારણ વગર કેઝયુઅલ મેન્નરમાં કિન્નાખોરીથી સસ્પેન્ડ કરવામાં આવેલ જે ગેરકાયદેસર છે તથા સંસ્થા પ્રથમથી જ અરજદાર સાથે કિન્નાખોરીથી વર્ત્યાનું તારણ થાય છે. '' ખરેખર મજૂર અદાલતે આવી કોઈ બાબત તપાસવાની રહેતી ન હતી કારણ કે રીસ્પોન્ડન્ટે બી. આઈ. આર અરજીમાં ખાતાકીય તપાસ કબુલ મંજૂર છે તેવી સ્પષ્ટ પુરશીસ આપેલ હતી અને ફક્ત સજા વધારે પડતી છે તેટલા પૂરતો કેસમાં નિર્ણય કરવાનો રહેતો હતો તેમ છતાં મજૂર અદાલતે ખાતાકીય તપાસની કાયદેસરતા તેમજ પ્રોસીજર અંગે જે તારણો આપેલ છે તે ગેરકાયદેસર અને ગેરવાજબી છે. આમ જો તેઓએ કરેલ ખાતાકીય તપાસ ગેરકાયદેસર અને ગેરવાજબી હોય તો તેવા સમયે તેઓને અરજદારની ગેરવર્તણૂંક સાબિત કરવાની તક આપવી જોઈતી હતી તેમ ન કરી અદાલતે એપેલન્ટ સાથે ઘોર અન્યાય કરેલ છે તેમજ તેઓએ તેમની લેખિત દલીલમાં પણ એવા સ્પષ્ટ ચુકાદાઓ આપેલ છે કે, સેકન્ડ શોકોઝ નોટીસ કે તપાસ રીપોર્ટનાં પગલાં લેતાં પહેલાં જો અરજદારને રજૂઆતની તક આપવામાં ન આવે તો તેનાથી ઈન્કવાયરી વીસીએટ થતી નથી જે અંગે તેઓએ બી.આઈ.આર. એક્ટ હેઠળનાં સ્થાયી હુકમો રજૂ કરેલ તેમજ સેકન્ડ શોકોઝ નોટીસની જરૂર નથી તેવા પણ ચુકાદાઓ રજૂ કરેલ તેમજ સ્ટેન્ડીંગ ઓર્ડરમાં તેની કોઈ જરૂર નથી તેમ છતાં તેઓના આવા ચુકાદાઓ અને કાયદાકીય પ્રક્રિયા મજૂર અદાલતે ધ્યાનમાં લીધેલ ન હતી અને તેથી પણ વિશેષ જ્યારે રીસ્પોન્ડન્ટ દ્વારા ઈન્કવાયરી કબૂલ મંજૂર કરવામાં આવેલ હતી તેવા સમયે મજૂર અદાલતે આવા તારણ આપી

INDEX

કાયદાની ગંભીર ભૂલ કરેલ છે જેથી જ મજૂર અદાલત દ્વારા આપવામાં આવેલ ચુકાદો રદ થવાને પાત્ર છે. મજૂર અદાલતે આક્ષેપ નંબર ૪ અંશતઃ તથા આક્ષેપ નંબર ૫,૭ સંપૂર્ણ સાબિત માનેલ છે તેમ છતાં પારા-૧૬માં છેલ્લેથી ત્રીજી લાઈનમાં એવું જણાવેલ છે કે, ".....આમ અરજદાર આક્ષેપવાળું કામ બજાવતાં તેવું તારણ થાય છે. આ આક્ષેપ અંગે પણ અરજદારને ક્યારેય નોટીસ પણ આપેલ નથી. આમ આ આક્ષેપ પણ સાબિત થતો નથી....." જો મજૂર અદાલતે એવું જણાવેલ છે કે, આક્ષેપ સાબિત થતો નથી તો પારા-૨૭માં આક્ષેપ નંબર ૪ને અંશતઃ માનેલ છે. આ ઉપરથી ફલિત થાય છે કે, મજૂર અદાલતે આ કામમાં પોતાનું માઈન્ડ એપ્લાય કરેલ નથી ફક્ત અરજદાર પ્રત્યે તેમની ગેરકાયદેસર સહાનુભૂતિ દર્શાવેલ છે આ ઉપરથી અદાલતનો ચુકાદો ગેરકાયદેસર અને ગેરવાજબી છે તેથી ચુકાદો રદ થવાને પાત્ર ઠરે છે. તેમજ હાલનાં એપેલન્ટે મજૂર અદાલત સમક્ષ જે લોસ ઓફ કોન્ફીડન્સની જે રજૂઆત કરેલ છે તે પણ ધ્યાનમાં લીધેલ નથી. આટલા બધાં ગંભીર પ્રકારનાં આક્ષેપો જો કોઈ સામે પુરવાર થાય તો તેવાં કર્મચારીમાં કોઈપણ માલિક વિશ્વાસ મૂકી શકે નહીં અને ફક્ત લોસ ઓફ કોન્ફીડન્સનાં કારણે હાલનો કેસ રદ થવાને પાત્ર હતો જે અંગે તેઓએ દલીલોમાં અસંખ્ય ચુકાદાઓ રજૂ કરેલ છે જે ધ્યાનમાં લીધેલ નથી જે ભુલભરેલ છે અને ગેરકાયદેસર છે. નામદાર સર્વોચ્ચ અદાલતે તેમનાં ૨૦૦૧, એલ. એલ. આર. પાન-૧૧૫૪, સુ. કો. ઉત્તર પ્રદેશ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન વિ. મોહનલાલ ગુપ્તા અને બીજાઓના કેસમાં એવું સ્પષ્ટ ઠરાવેલ છે કે જ્યારે મજૂર અદાલત દ્વારા કોઈ આક્ષેપ પુરવાર માનવામાં આવેલ હોય તેવા સમયે મજૂર અદાલતે ગ્રેવીટી ઓફેન્સનાં કારણે મજૂર અદાલત પોતાની વિવેકબુદ્ધિ વાપરી શકતી નથી અને સજામાં પણ કોઈ ફેરફાર કરી શકતી નથી જ્યારે ગેરવર્તણૂંક અદાલત દ્વારા જ માનવામાં આવેલ છે તેવા સમયે આવી વ્યક્તિને પુનઃસ્થાપિત કરવા જોઈએ નહીં. વળી, હાલનાં રીસ્પોન્ડન્ટે પોતાની લઘુત્તમ લાયકાત એસ. એસ. સી. પાસ હોવાની ખોટી રજૂઆત કરેલ અને નોકરી મેળવેલ. તેઓની અરજીમાં તેઓએ માર્ચ-૧૯૭૯માં એસ. એસ. સી. કરેલ છે તેવું જણાવેલ છે જેથી ખોટી લાયકાત બતાવી બેંક સાથે છેતરપિંડી કરેલ છે તેવા મતલબનો ગંભીર પ્રકારનો આક્ષેપ, રીસ્પોન્ડન્ટ ઉપર કરવામાં આવેલ હતો. પરંતુ મજૂર અદાલતે તે આક્ષેપને માનેલ નથી અને નોંધેલ છે કે, અરજદારને નોકરીમાં રહ્યા બાદ બઢતી આપેલ કે, અરજદાર જ્યારે નોકરીમાં રહ્યા ત્યારે શૈક્ષણિક લાયકાતની કોઈ જરૂર રહેતી ન હતી કે, અરજદાર જ્યારે કામે રહ્યા ત્યારે કોઈ નિયમો હતાં નહીં કે સ્ટાફ રૂલ્સ પણ પાછળથી મંજૂર થયેલ છે એટલે કે અરજદારની ભરતી સમયે કલાર્કની લઘુત્તમ શૈક્ષણિક લાયકાતનો કોઈ નિયમ ન હતો તેમજ સંસ્થા દ્વારા એક વખત લાયકાત સ્વીકાર્યા બાદ લાંબા સમય બાદ એમ ન કહી શકાય કે લાયકાત અપૂરતી છે તેવી જ રીતે મજૂર અદાલતે એવું પણ તારણ આપેલ છે કે, અન્ય વ્યક્તિઓને મેનેજમેન્ટે જેઓ નોનમેટ્રિક હતાં તેઓને કન્ફર્મેશન માટે એસ. એસ. સી. પાસ કરવાનું કહેલ, તેમજ સંસ્થામાં કલાર્ક માટે લઘુત્તમ લાયકાત એસ. એસ. સી. નક્કી થયા બાદ પણ સંસ્થા દ્વારા નોન મેટ્રિકને એસ. એસ. સી. પાસ કરવાની શરતે બઢતી આપેલ છે વગેરે જણાવી તેઓનો હાલનો આક્ષેપ રદ કરેલ છે. પરંતુ મજૂર અદાલતે આ આક્ષેપ પુરવાર ન માનીને કાયદાની ગંભીર ભુલ કરેલ છે તેમજ કેસમાં પડેલ સમગ્ર રેકર્ડ ધ્યાનમાં લીધેલ નથી. મજૂર અદાલતે આક્ષેપની ચર્ચા

INDEX

પાન-૧૬ પારા-૧૮માં એવી રીતે કરેલ છે કે, "...લવાદની જે કામગીરી ઉપર સુપરવીઝન એમ. ડી. પોતે કરતાં તેમજ લવાદી કેસમાં અદાલતમાં પણ એમ. ડી. પોતે જયંતભાઈ સ.થે ઘણી વખત જતાં જેથી આક્ષેપ ખાતાકીય તપાસ અધિકારી દ્વારા સાબિત માનવામાં આવેલ છે, પરંતુ આ આક્ષેપ અંગે મજૂર અદાલતે ચૂપકીદી સેવેલ છે તેમજ આક્ષેપ સાબિત થાય છે કે નહિ તે અંગે કોઈ તારણ મજૂર અદાલતે આપેલ નથી. મજૂર અદાલતે બેકવેઈજીસ અંગે પણ જે તારણો આપેલ છે તે પુરાવો ધ્યાનમાં લીધાં વગર આપેલ છે આ અંગે મજૂર અદાલતે ચુકાદાનાં પારા-૩૨ ઉપર બેકવેઈજીસ અંગે ચર્ચા કરેલ છે, પ્રથમ તો જ્યારે મજૂર અદાલતે ચાર્જશીટમાં ત્રણ આક્ષેપો પુરવાર માનેલ હોય તેવા સમયે શ્રમયોગી બેકવેઈજીસ મેળવવા હક્કદાર થતાં નથી તેમ છતાં અદાલતે હાલનાં અરજદારને ૩૦ ટકા બેકવેઈજીસ ચૂકવવાનો હુકમ કરેલ છે તેમજ હાલનાં એપેલન્ટની દલીલો લક્ષમાં લીધેલ નથી. એપેલન્ટની દલીલ પારા-૧૧ ઉપર બી. આઈ. આર. અરજી નં. ૧૪/૮૬ તથા ૧૧૫/૮૦માં અરજદારનાં પિતાશ્રીની જુબાની અંગે ઉલ્લેખ કરેલ છે. તેમાં તેમનાં પિતાશ્રીએ સ્પષ્ટ જુબાનીમાં કબૂલ કરેલ છે કે, "...જયંતકુમાર મારો પુત્ર હરી ટ્રેડીંગ કું. ચલાવે છે અને ૧૦ વર્ષથી આ દુકાન ચલાવે છે, અને ઈલેકટ્રીકની દુકાન છે..." આ અંગે મજૂર અદાલતમાં દલીલ કરતી વખતે અરજદારનાં પ્રતિનિધિએ એવી રજૂઆત કરેલ કે, આ હકીકતો રેકર્ડમાં નથી પરંતુ અદાલત તેઓનાં આવા કન્ટેન્શન અંગે બંને કેસોનાં રેકર્ડ મંગાવી તપાસી શક્યા હોત અને જો તેમ થયું હોત તો અરજદાર સ્પષ્ટપણે બેકવેઈજીસ મેળવવા હક્કદાર થતાં ન હતાં તેવી જ રીતે વિશેષમાં તેઓએ બેકવેઈજીસ અંગે તેઓની દલીલ સાથે અરજદાર જે રૂપાલી રેડીઓમાં ભાગીદાર હતાં તે અંગે લોન ખાતા તેમજ સભાસદ અરજીઓ રજૂ રાખેલ છે તેમાં બે નંબરનું ડોક્યુમેન્ટ જોઈએ તો તેમાં અરજદાર જયંતકુમાર આર. ચંદારાણા રૂપાલી રેડીઓનાં ભાગીદાર તરીકે બતાવવામાં આવેલ છે. આ ઉપરથી સાબિત થાય છે કે, અરજદાર પ્રથમથી જ પોતાનો સ્વતંત્ર ધંધો ચલાવતાં હતાં તેમ છતાં મજૂર અદાલતે હાલનાં અરજદારને ખોટી સહાનુભૂતિ દર્શાવી અને ૩૦ ટકા જેટલું બેકવેઈજીસ અપાવી કાયદાની ગંભીર ભૂલ કરેલ છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, મજૂર અદાલતે પુરાવાનું સંપૂર્ણપણે અવલોકન કરેલ નથી જો એવું થયું હોત તો અરજદારને બેકવેઈજીસ મળવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો ન હતો. મજૂર અદાલતે ચુકાદાનાં પારા-૯માં મુદ્દા નં. ૧માં એવું જણાવેલ છે કે, આક્ષેપો સાબિત કરવાની જવાબદારી સંસ્થાની છે. આમ તારણો આપી મજૂર અદાલતે કાયદાની ગંભીર ભૂલ કરેલ છે. ખરી હકીકતે ડોમેસ્ટીક ઈન્કવાયરીમાં જે વ્યક્તિ ઉપર ચાર્જ કરવામાં આવેલ હોય તે વ્યક્તિએ પોતે નિર્દોષ છે કે કેમ ? તે સાબિત કરવાનું રહે છે તેમ પુરાવાનો ભાર જે વ્યક્તિ ઉપર આક્ષેપ મૂકવામાં આવેલ છે તેની ઉપર રહે છે. વળી, ચુકાદામાં આગળ ચાલતાં મજૂર અદાલતે તેઓનો જે મુખ્ય આક્ષેપ છે કે, અરજદારે ખોટી લાયકાતનાં આધારે છેતરપિંડી કરી સંસ્થામાં નોકરી મેળવી છે તે અંગે પારા-૧૦માં મજૂર અદાલતે એવું જણાવેલ છે કે, "...હાલનાં અરજદારને પ્રમોશન આપેલ છે જેથી તેનો અર્થ એવો ઘટાવી શકાય કે, સંસ્થા દ્વારા અગાઉની ક્ષતિઓ માફ કરી દીધેલ છે આમ છતાં ઘણા લાંબા સમય કરવામાં આવેલ આ આક્ષેપો ખાતાકીય તપાસ અધિકારી દ્વારા સાબિત માનવામાં આવેલ છે..." આમ મજૂર અદાલત દ્વારા જે આવા તારણો આપવામાં આવેલ છે તે ખરેખર, આશ્ચર્યજનક અને

INDEX

કાયદાની ગંભીર ભુલ સમાન છે જો કોઈ વ્યક્તિને બઢતી આપવામાં આવે અને ત્યારે ખબર નો'તી તો તેનાથી તેની ગેરવર્તણૂંક ઘટી જતી નથી કે, તેની સામે મૂકવામાં આવેલ આક્ષેપો વેગ થઈ જતાં નથી. મજૂર અદાલત દ્વારા પારા-૨૭નાં મુદ્દા નં. ૨માં અરજદારની જે નોકરીનો ભુતકાળ વગેરે ધ્યાનમાં લીધેલ છે તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે, મજૂર અદાલતે રીસ્પોન્ડન્ટ માટે ખોટી સહાનુભૂતિ દર્શાવેલ છે તેમજ મજૂર અદાલતે પોતે જ આપેલ ચુકાદાથી ડીફર થાય છે તેવું સ્પષ્ટપણે સાબિત થાય છે, કારણ કે, મજૂર અદાલત, રાજકોટ દ્વારા પાન-૬ ઉપર પારા-૯માં છેલ્લે એમ સ્પષ્ટ જણાવેલ છે કે, "...આંક-૨૭થી રજૂ થયેલ ચાર્જશીટ કમ શોકોઝ નોટીસ વંચાણે લેતાં તે તા. ૨૧-૪-૮૬ના રોજ અપાયેલ છે જેમાં અરજદાર નોકરીમાં દાખલ થયાં ત્યારથી એટલે કે, ૧૯૭૫, ૧૯૮૦, ૧૯૮૪, ૧૯૮૫, ૧૯૮૬ એમ અલગ અલગ જુદા જુદા વર્ષોનાં તથા ૧૦ વર્ષ ઉપરાંતનાં જ જૂનાં આક્ષેપો બતાવવામાં આવેલ છે..." આમ મજૂર અદાલતે એ હકીકતો માનેલ છે કે, અરજદાર નોકરીમાં રહ્યા ત્યારથી દશ વર્ષ ઉપરાંતની સર્વિસ દરમિયાન દરેક વર્ષમાં કંઈકને કંઈક ગેરવર્તણૂંક કરેલ છે જે ઉપરથી અરજદારનું ભુતકાળનું રેકર્ડ કેટલું ખરાબ છે તે સાબિત થાય છે જેથી જ તેઓને અરજદારનાં ભૂતકાળનાં રેકર્ડ અંગે દલીલ કરવાની રહેતી નથી તેમજ ભૂતકાળનાં રેકર્ડ અંગે મજૂર અદાલતે પોતે જ તારણો આપી દીધેલ છે. પોતાની દલીલોનાં સમર્થનમાં તેઓએ મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ-૧૯૪૬ હેઠળ ઘડેલા નમૂનારુપ સ્થાયી હુકમ, ૨૦૦૧, એલ.એલ.આર. પાન-૧૧૫૪, ૧૯૯૮, એલ.એલ.આર. પાન-૯૬૬, ૧૯૯૯, એલ.એલ.આર. પાન-૧૦૮૯, નામદાર કર્ણાટક હાઇકોર્ટ, ૨૦૦૪, (૧૦૧) એફ.એલ.આર. પાન-૫૦૯, નામદાર કલકત્તા હાઇકોર્ટ, ૨૦૦૪ (૩) સી.એલ.આર. પાન-૨૪૦ નામદાર ગુજ. હાઇકોર્ટ, ૨૦૦૪, (૧૦૦) એફ.એલ.આર. પાન-૫૫૯, નામદાર અલ્હાબાદ હાઇકોર્ટ, ૨૦૦૪ (૩), એલ.એલ.જે. પાન-૧૦૪૮ નામદાર ઝારખંડ હાઇકોર્ટ, ૨૦૦૪ (૩) એલ.એલ.જે. પાન-૧૦૬૨ નામદાર આંધ્રપ્રદેશ હાઇકોર્ટનાં ચુકાદાઓ રજૂ કરેલ છે.

૯. ત્યારબાદ રીસ્પોન્ડન્ટ તરફે લેખિત દલીલો રજૂ કરવામાં આવેલ છે જેની ટૂંકમાં હકીકતો એવી છે કે, હાલનાં કામમાં એપેલન્ટ તરફથી રજૂ થયેલ આંક-૧૩ નાં લીસ્ટથી આંક-૨૭ થી રીસ્પોન્ડન્ટને આપવામાં આવેલ ચાર્જશીટ કમ શોકોઝ નોટીસ રજૂ થયેલ છે જે ચાર્જશીટ કમ શોકોઝ નોટીસ જોવામાં આવે તો સદંતર રીતે અસ્પષ્ટ અને વેગ, મભમ અને ઉપજાવેલાં આક્ષેપો કરી કોઇપણ જાતનાં આધાર પુરાવા વિના રજૂ થયેલ છે. કોઈ પણ કર્મચારીને જે ચાર્જશીટ આપવામાં આવે તે ચાર્જશીટ સ્પષ્ટ અને સમજી શકાય તેવી ભાષામાં આપવું જોઇએ. વળી, આપેક્ષો અંગે રીસ્પોન્ડન્ટે તા. ૨૪-૪-૮૬ના રોજ જવાબ આપેલ છે અને જવાબમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે તમારા તરફથી ચોક્કસ વિગતો ઉપરથી ચોક્કસ કઈ ગેર વર્તણૂંક આરોપ મૂકવામાં આવેલ છે તે સમજી શકાતું નથી વળી, સસ્પેન્શનનાં હુકમમાં રીસ્પોન્ડન્ટે ક્યા સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઇઓનો ભંગ કરેલ છે, અને કઈ જોગવાઇ નીચે તેઓને સસ્પેન્ડ કરેલ છે તે જણાવેલ નથી. વળી, રીસ્પોન્ડન્ટે ખાતાકીય તપાસણી અધિકારી સમક્ષ તા. ૬-૬-૮૬ નાં પત્રથી વિનંતી કરી મેનેજમેન્ટ જે જે દસ્તાવેજો અને સાક્ષીઓ રજૂ કરવાનાં હોય તેવા દસ્તાવેજોની નકલ તથા

INDEX

સાક્ષીઓનાં નામ આપવા અરજી કરેલ જેનાં અનુસંધાને મેનેજમેન્ટ તરફથી તા. ૧૪-૬-૮૬ ના રોજ જે દસ્તાવેજોની નકલો આપેલ અને સાક્ષીઓનાં નામ આપેલ તેનાં બદલે તપાસમાં નવા જ દસ્તાવેજો રજૂ કરી તેનાં ઉપર ભાર મૂકવામાં આવેલ અને સાક્ષીઓનું જે લીસ્ટ આપવામાં આવેલ તે લીસ્ટમાંથી પાંચ વ્યક્તિઓ પૈકી ત્રણ સાક્ષીઓને પડતા મૂકી બે નવા સાક્ષી ઉભાં કરી તેમનાં નિવેદન નોંધવામાં આવેલ છે. વળી, રીસ્પોન્ડન્ટે પોતે એક પત્ર લખી દરેક આક્ષેપો અંગેની તારીખ અને સમય સહિતની બનાવ અંગેની સ્પષ્ટ વિગત તથા તેનાં ઉપરથી જે ગેરવર્તણૂંકનો આરોપ મૂકવામાં આવતો હોય તે સ્પષ્ટ ભાષામાં અલગ અલગ કરી જણાવવા વિનંતી કરી હતી, તે પ્રમાણે કરવાનું મેનેજમેન્ટે પસંદ કરેલ નથી.

૧૦. દલીલોમાં વધુમાં એમ પણ જણાવેલ છે કે, આક્ષેપમાં એક ખોટી લાયકાત બતાવી બેંકને ગેર રસ્તે દોરી નોકરી મેળવેલ તે રીતે બેંકની સાથે છેતરપિંડી કરેલાનું જણાવેલ છે તે અંગે બેંકનો મુખ્ય આધાર તા. ૧૪-૮-૭૫ ના રોજ કરેલી નોકરી મેળવવા માટેની અરજી જણાય છે. પુરાવામાં તે અરજીની ઝેરોક્ષ નકલ એમ/૬ થી મૂકવામાં આવેલ છે. શ્રી ભીંડોરાનાં નિવેદનમાં એવું વધારામાં જણાવેલ છે કે, બેંકનાં સર્વિસ રુલ્સ-(એમ-૫) મુજબ બેંકમાં કલાર્કની ભરતી માટેની શૈક્ષણિક લાયકાત એસ. એસ. સી. પાસ છે તેમનાં નિવેદન પ્રમાણે રીસ્પોન્ડન્ટ કર્મચારીએ અરજીમાં એસ.એસ.સી. પાસની લાયકાત દર્શાવેલ તેથી બેંકે પ્રોબેશનર કલાર્ક તરીકેની નિમણુંક આપેલ. તે વખતે સીલેકશન તે વખતનાં મેનેજીંગ ડીરેકટર શ્રી આર. એલ. ચંદારાણા કે જેઓ રીસ્પોન્ડન્ટનાં પિતાશ્રી થાય છે તેમને કરેલ આ આરોપ અને વિગતો સાબિત થતાં નથી કારણ કે, અરજદારનાં હસ્તાક્ષરવાળા અન્ય લખાણો સાથે મેળવતાં સરળતાથી તે જોઈ શકાય છે. રીસ્પોન્ડન્ટ કર્મચારીએ તે લખેલ નથી તેમાં રીસ્પોન્ડન્ટનાં હસ્તાક્ષરથી વિગતો લખાયેલ છે તેવો કોઇ પુરાવો નથી. અરજી અને સહીનાં હસ્તાક્ષર જુદા છે તે પણ સમજી કે સમજાવી શકાયેલ નથી. તદ્ઉપરાંત શ્રી ભીંડોરાની બેંકમાં નિમણૂંકના આઠ વર્ષ પહેલાંની તારીખવાળી અરજી કોણે, કોને, ક્યારે આપેલ છે ? અને બેંકનાં રેકર્ડ ઉપર કેવી રીતે આવેલ છે ? તેનો કોઇ સીધો પુરાવો નથી. રીસ્પોન્ડન્ટે આવી અરજી બેંકમાં આપેલ નથી અને રીસ્પોન્ડન્ટે કરેલ હોવાનું શ્રી ભીંડોરા કહેતાં હોય તો તે તેમનું અંગત જ્ઞાન નથી અન હોઇ શકે નહી કારણ કે, તેઓ નોકરીમાં નહતાં. વળી, રીસ્પોન્ડન્ટ કર્મચારીની નિમણૂંક સંસ્થાનાં સર્વિસ રુલ્સ વિરુધ્ધ છે તેવો કોઇ આરોપ આરોપનામામાં નથી. બેંકનાં સર્વિસ રુલ્સ અમલમાં આવ્યા પછી પણ નોન મેટ્રીક પટાવાળાઓને કલાર્કની બઢતી આપેલ હોવાનું તેઓ કબૂલે છે જ્યારે રીસ્પોન્ડન્ટ કર્મચારીની નિમણૂંક વખતે તો બેંકનાં સર્વિસ રુલ્સ ન હતાં. ત્યાર બાદ લંબાણપૂર્વકની લેખિત દલીલોમાં રીસ્પોન્ડન્ટ તરફે તેમનાં વિરુધ્ધ કરવામાં આવેલ ખાતાકીય તપાસ અંગેની રજૂઆતો કરવામાં આવેલ છે જેની ચર્ચા કરવી અત્રે જરુરી જણાતી નથી કારણ કે, આ અદાલતે તો ફક્ત નીચલી અદાલતે જે નિર્ણય આપેલ છે તે ભૂલભરેલો, અયોગ્ય અને ગેરકાયદેસર છે કે કેમ ? તે જ ચકાસવાનું છે. વધુમાં લેખિત દલીલોમાં જણાવેલ છે કે, કુદરતી ન્યાયનાં સિધ્ધાંત અનુસાર જે કર્મચારી સામે ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવેલ

INDEX

હોય તે ખાતાકીય તપાસણી અધિકારી તરફથી જે તારણ આપવામાં આવેલ હોય તે તારણ આપવુ જરુરી છે. જે અંગે નામદાર સર્વોચ્ચ અદાલતે તથા અન્ય વડી અદાલતો તરફથી નક્કી કરેલ બાબત છે તેમ છતાં સંસ્થા તરફથી રીસ્પોન્ડન્ટને બરતરફીનો હુકમ કરતાં પહેલાં આવું કોઇ તારણ આપેલ નથી જે સામાવાળા સંસ્થાનું પગલું ગેરકાયદેસરનું કૃત્ય છે. પરતું રીસ્પોન્ડન્ટને તા. ૪-૩-૮૭ નાં બરતરફીનાં હુકમ સાથે સામાવાળા સંસ્થાઓ ખાતાકીય તપાસણી અધિકારીનું તારણ બરતરફીનાં હુકમ સાથે મોકલેલ છે જે ગેરકાયદેસર, ગેરબંધારણીય, બિનઅમલી તથા કુદરતી ન્યાયનાં સિધ્ધાંતોની વિરુધ્ધ છે જેથી સંસ્થાનો હુકમ ગેરકાયદેસર ઠરે છે. વળી, સંબંધિત હાલનાં રીસ્પોન્ડન્ટને હાલનાં એપેલન્ટે સેકન્ડ શોકોઝ નોટીસ પણ શિક્ષા કરતાં પહેલાં આપેલ ન હતી. આ અંગે પણ ના. સર્વોચ્ચ અદાલતનાં તથા ના. વડી અદાલતોનાં ચુકાદાઓ મુજબ સેકન્ડ શોકોઝ નોટીસ આપી બચાવની તક આપવી જોઇએ તેવું ઠરાવેલ છે. જ્યારે હાલનાં કામમાં રીસ્પોન્ડન્ટને સેકન્ડ શોકોઝ નોટીસ આપવામાં આવેલ નથી જે સાબિત થયેલ હકીકત છે. વળી, હાલનાં રીસ્પોન્ડન્ટે આંક-૩૧ થી જે લેખિત નિવેદન કમ દલીલ રજૂ કરેલ તે તેમનાં તારણો વખતે ધ્યાનમાં ન લેવાની ગંભીર ભૂલ સંસ્થાએ કરેલ છે. આમ એપેલન્ટ સંસ્થા તરફથી રીસ્પોન્ડન્ટને જે રીતે બરતરફ કરવાની શિક્ષા કરવામાં આવેલ છે તે સદંતર ગેરકાયદેસર, ગેરબંધારણીય અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંતોની વિરુધ્ધ છે તે સ્પષ્ટ સાબિત થાય છે. આથી રીસ્પોન્ડન્ટ તેમની મૂળ જગ્યાએ પડેલા પૂરેપૂરા પગાર સાથે સળંગ નોકરીમાં પુનઃ સ્થાપિત થવા હક્કદાર થાય છે એટલું જ નહિ પરંતુ આ કામમાં રીસ્પોન્ડન્ટે તેમની સોગંદ ઉપર જુબાની આપતાં જણાવેલ છે કે, તેઓને પ્રયત્ન કરવા છતાં ક્યાંક નોકરી મળેલ નથી અને તેની વિરૂદ્ધમાં સંસ્થા અદાલત સમક્ષ રીસ્પોન્ડન્ટે ગેઈનફુલ એમ્પ્લોયમેન્ટ મેળવેલ છે તેવું કોઈપણ જગ્યાએ સાબિત કરી શકેલ નથી કે તેવો કોઈ પુરાવો લાવી શકેલ નથી. કાયદાનાં સિદ્ધાંતો મુજબ રીસ્પોન્ડન્ટે ગેઈનફુલ એમ્પ્લોયમેન્ટ ધરાવે છે તે સાબિત કરવાની જવાબદારી માલિકની છે અને તે એપેલન્ટ સંસ્થા સાબિત કરી શકેલ નથી. ચાર્જશીટનાં આક્ષેપો જોવામાં આવે તો તે આક્ષેપો સામાન્ય પ્રકારનાં છે એટલે કે, વહીવટી બાબતમાં નિષ્કાળજી અંગેનાં છે જે ચાર્જ સાબિત થતાં નથી. છતાં પણ જો અદાલત એવા તારણ ઉપર આવે તો ફક્ત આવી વહીવટી બાબતમાં નિષ્કાળજી સબબ કોઈપણ કર્મચારીને બરતરફી જેવી ડેથ પનીશમેન્ટ આપી શકાય નહિં. રીસ્પોન્ડન્ટનાં લોસ ઓફ કોન્ફીડન્સ અંગે રીસ્પોન્ડન્ટ જણાવે છે કે, તારીખ ૪થી માર્ચ, ૧૯૮૭નાં બરતરફીનાં હુકમમાં લોસ ઓફ કોન્ફીડન્સનાં કારણોસર રીસ્પોન્ડન્ટને બરતરફ કરવામાં આવેલ નથી જેથી એપેલન્ટ સંસ્થાનો આ બચાવ તેમને મદદરૂપ થતો નથી. વળી, આંક-૨૭, તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૬નું ચાર્જશીટ આવેલ તે ચાર્જશીટમાં રીસ્પોન્ડન્ટની ઈન્ટેગ્રીટી અને પ્રમાણિકતા અંગે કોઈ ચાર્જ નથી અને લોસ ઓફ કોન્ફીડન્સનો કોઈ ચાર્જ નથી છતાં એપેલન્ટે અદાલતને ગેરમાર્ગે દોરવા આવો બચાવ ફક્ત બચાવનામામાં ઉભો કરેલ છે તેમ છતાં રીસ્પોન્ડન્ટની આંક-૪૯ ની જુબાની જોતાં તેમજ એપેલન્ટે કરેલ ઉલટ તપાસ જોતાં કોઈ પણ જગ્યાએ રીસ્પોન્ડન્ટે વિશ્વાસ ગુમાવેલ છે તે અંગેનો એકપણ પ્રશ્ન પૂછવામાં આવેલ નથી.વળી, લોસ ઓફ કોન્ફીડન્સનો આરોપ ત્યારે જ મૂકી શકાય કે જ્યારે ઈન્ટેગ્રીટી અને અપ્રમાણિકતાનો ચાર્જ હોય અને તે પુરવાર કરવો જોઈએ જ્યારે હાલનાં કામમાં રીસ્પોન્ડન્ટ સામે આવો કોઈ ચાર્જ નથી અને તે કારણે તેમને બરતરફ કરેલ નથી જેથી એપેલન્ટને તેમનો

INDEX

આ બચાવ મદદરૂપ થતો નથી એટલું જ નહિ પરંતુ સાક્ષીની રીસ્પોન્ડન્ટ તરફે ઉલટ કરવામાં આવેલ છે તેમાં એપેલન્ટનાં સાક્ષીએ સ્પષ્ટ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, રીસ્પોન્ડન્ટને સીનીયર ઓફિસર તરીકે બરતરફ કરતી વખતે તેની કામગીરી નાણાંકીય વહીવટ બાબતની ન હતી આમ જ્યાં રીસ્પોન્ડન્ટ કોઈ નાણાંકીય લેવડદેવડ અંગેની કામગીરી કરતાં ન હોય ત્યાં તેમની સામે લોસ ઓફ કોન્ફીડન્સનો મોટો ચાર્જ જવાબમાં દર્શાવી અદાલતને રીસ્પોન્ડન્ટ માટે પ્રીજ્યુડાઈસ કરવાનો એપેલન્ટે પ્રયાસ કરેલ છે. આમ બધાં સંજોગો જોતાં આ અપીલ રદ થવાને પાત્ર છે તેથી આ અપીલ રદ કરવા વિનંતી કરેલ છે. તેમણે તેમની દલીલોનાં સમર્થનમાં નીચે મુજબનાં વડી અદાલતોનાં ચુકાદાઓ રજૂ કરેલ છે :–

(૧) ૧૯૯૩, એફ.એલ.આર. ૬૬, પાન–૧૧૦૧,

(૨) ૧૯૯૦, એફ.એલ.આર. ૬૦, પાન–૮૨૪,

(૩) ૧૯૯૯, એલ.આઈ.સી. ૩, પાન–૨૫૨૫,

(૪) ૧૯૯૫, એસ.સી.સી. ૧, પાન–૩૩૨,

(૫) ૧૯૮૩, જી.એલ.એચ. ૩, પાન–૨૨૮,

(૬) ૧૯૯૯, એલ.આઈ.સી. ૩, પાન–૨૩૩૧,

(૭) ૧૯૯૨, જી.એલ.એચ. ૨, પાન–૬૭૧,

(૮) ૧૯૯૫, એફ.એલ.આર. ૭૧, પાન–૩૫૦,

(૯) ૧૯૯૯, એલ.આઈ.સી. ૪, પાન–૨૯૪૯,

(૧૦) ૧૯૯૯, એલ.આઈ.સી. ૪, પાન–૩૦૪૦,

(૧૧) ૧૯૯૯, એફ.એલ.આર. ૮૩, પાન–૭૬૨,

(૧૨) ૨૦૦૨, એફ.એલ.આર. ૯૪, પાન–૧૦૭૬,

(૧૩) ૨૦૦૧, એફ.એલ.આર. ૮૯, પાન–૭૪૬,

(૧૪) ૧૯૯૭, એફ.એલ.આર. ૭૭, પાન–૨૨૧,

(૧૫) ૨૦૦૨, જી.એલ.એચ. ૨, પાન–૨૬૨,

(૧૬) ૨૦૦૦, એલઆઈ.સી. ૩, પાન–૨૩૯૬,

(૧૭) ૧૯૮૮, જી.એલ.એચ. ૨, પાન–૪૯૮,

(૧૮) ૧૯૯૪, જી.સી.ડી., ૧, પાન–૩૭૮,

(૧૯) ૧૯૯૯, એફ.એલ.આર. ૮૩, પાન–૬૧,

(૨૦) ૧૯૯૬, એફ.એલ.આર. ૭૨, પાન–૫૨૬,

INDEX

(૨૯) ૧૯૮૫, જી.એલ.એચ. યુ.જે. પાન–૮,

(૩૦) ૧૯૯૮, જી.સી.ડી., ૩, પાન–૨૨૯૨,

(૩૧) ૨૦૦૦ (૪) જી.એલ.આર. પાન–૩૩૨૫,

(૩૨) ૨૦૦૦, જી.એલ.એચ. ૨, પાન–૨૫૮,

(૩૩) ૧૯૮૪, સુ.કો.કેસીસ, ૪, પાન–૬૩૫,

(૩૪) ૨૦૦૦ એ.આઈ.આર. પાન–૧૧૫૧,

(૩૫) ૧૯૯૯, એલ.આઈ.સી. પાન–૪૩૭,

૧૧. આ કામમાં રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ, બંને પક્ષકારોની લેખિત દલીલો મટીરીયલ્સ ઓન રેકર્ડ તેમજ નીચેની મજૂર અદાલતનું રેકર્ડ જોતાં નીચેનાં મુદ્દાઓ મારા ન્યાયનિર્ણય માટે ઉપસ્થિત થાય છે :–

(૧) શું હાલનાં એપેલન્ટ એ હકીકત પુરવાર કરે છે કે, નીચલી મજૂર અદાલત, રાજકોટે હાલનાં રીસ્પોન્ડન્ટને આપેલ બરતરફીનો હુકમ રદ કરવામાં કોઈ કાયદાની કે હકીકતની ભૂલ કરેલ છે કે કેમ ?

(૨) શું હાલનાં એપેલન્ટ એ હકીકત પુરવાર કરે છે કે, નીચલી મજૂર અદાલત, રાજકોટે હાલનાં રીસ્પોન્ડન્ટને નોકરીની સળંગતા સાથે પુનઃસ્થાપિત કરવાનો જે હુકમ કરેલ છે તેમાં કોઈ કાયદાની કે હકીકતની ભૂલ કરેલ છે કે કેમ ?

(૩) શું હાલનાં એપેલન્ટ એ હકીકત પુરવાર કરે છે કે, નીચલી મજૂર અદાલત, રાજકોટે હાલનાં રીસ્પોન્ડન્ટને પડેલા દિવસોનાં ૩૦ ટકા પગાર ચૂકવી આપવાનો જે હુકમ કરેલ છે તેમાં કોઈ કાયદાની કે હકીકતની ભૂલ કરેલ છે કે કેમ ?

(૪) છેવટનો હુકમ શું કરવો જોઈએ ?

૧૨. ઉપરનાં મુદ્દાઓનો મારો જવાબ નીચેનાં કારણોસર નીચે મુજબ છે :

(૧) હકારમાં,

(૨) હકારમાં,

(૩) અંશતઃ નકારમાં,

(૪) છેવટનાં હુકમ મુજબ,

INDEX

૧૩. કારણો :–

આ અંગે પ્રથમ જોઈએ તો, મૂળ બી.આઈ.આર. અરજી નં. ૩૬/૮૭ નાં કામમાં હાલનાં રીસ્પોન્ડન્ટે તેઓને ઈન્કવાયરી પ્રોસીડીંગ્ઝ કબૂલ મંજૂર છે તેવા મતલબની પુરશીશ આપેલ હતી આમ છતાં નીચલી મજૂર અદાલત, રાજકોટ ખાતાકીય તપાસની કાર્યવાહી તપાસી છે અને પોતાનું મંતવ્ય વ્યકત કરેલ છે અને તેનાં આધારે પોતાનો ચુકાદો આપેલ છે. ખરી હકીકતે મજૂર અદાલત, રાજકોટે તેમની સમક્ષની જે ખાતાકીય તપાસ રજૂ થયેલ હતી તેમાં કાંઈ જોવાનું ન હતું પરંતુ ફકત એટલો જ નિર્ણય લેવાનો હતો કે, સંબંધિત રીસ્પોન્ડન્ટને જે શિક્ષા કરવામાં આવેલ છે તે વધારે પડતી, અન્યાયી અને જુલ્મી છે કે કેમ ? તેટલો જ નિર્ણય કરવાનો હતો. આમ છતાં મજૂર અદાલતે આવું ન કરી કાયદાની ભૂલ કરેલ છે તે સ્પષ્ટ જણાઈ આવે છે, કારણ કે, મજૂર અદાલતો તેમની સમક્ષની બી.આઈ.આર. અરજી નં. ૩૬/૮૭ નાં કામનાં તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૦૪નાં ચુકાદામાં ખાતાકીય તપાસની કાર્યવાહી અંગે ચર્ચા વ્યકત કરીને પોતાનો ચુકાદો આપેલ છે. આ અંગે જોઈએ તો મજૂર અદાલત, રાજકોટે તેમનાં ચુકાદાનાં પારા-૨૮ માં જણાવેલ છે કે, ''..... સામાવાળા તરફથી અરજદારને ખાતાકીય તપાસના રીપોર્ટનાં આધારે પગલાં લેતાં પહેલાં રજૂઆતની તક આપેલ ન હોવાનું તારણ થાય છે .....'' તેમજ પારા-૨૯માં નીચલી મજૂર અદાલતે એવું પણ તારણ આપેલ છે કે, ''..... અરજદાર તરફે એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે, અરજદારને ચાર્જશીટ કમ શોકોઝ નોટીસ આપ્યા બાદ, વાજબી કારણ વગર કેઝયુઅલ મેનરમાં કિન્નાખોરીથી સસ્પેન્ડ કરવામાં આવેલ જે ગેરકાયદેસર છે તથા સંસ્થા પ્રથમથી જ અરજદાર સાથે કિન્નાખોરીથી વર્ત્યાનું તારણ થાય છે.....'' આ હકીકતો જોતાં સ્પષ્ટ જણાય છે કે, મજૂર અદાલતે આવી કોઈ બાબત તપાસવાની રહેતી ન હતી કારણ કે, રીસ્પોન્ડન્ટે તેઓને ખાતકીય તપાસની કાર્યવાહી કબૂલ છે તેવું સ્પષ્ટ લેખિતમાં આપેલ હતું. આમ મજૂર અદાલતે ફકત સજા વધારે પડતી છે તેટલા પૂરતો જ કેસમાં નિર્ણય કરવાનો રહેતો હતો તેમ છતાં મજૂર અદાલતે ખાતાકીય તપાસની કાયદેસરતા તેમજ પ્રકિયા અંગે જે તારણો આપેલ છે તે ગેરકાયદેસર અને ગેરવાજબી જણાય છે.

૧૪. વળી, મજૂર અદાલત, રાજકોટે પોતાના ઉકત ચુકાદામાં જે બીજી ભૂલ કરેલ છે તે એ છે કે, બી.આઈ.આર. એકટનાં સ્થાયી હુકમો હાલનાં એપેલન્ટે રજૂ કરેલ તેમજ સેકન્ડ શોકોઝ નોટીસની જરૂર નથી તેવા ચુકાદાઓ નામદાર ગુજરાત હાઈકોર્ટનાં નીચેની મજૂર અદાલત સમક્ષ રજૂ રાખેલ તેમજ સ્ટેન્ડીંગ ઓર્ડરમાં તેની કોઈ જરૂર નથી તેમ છતાં આવા ચુકાદાઓ અને કાયદાકીય જોગવાઈઓને મજૂર અદાલતે ધ્યાનમાં લીધેલ જણાતાં નથી. વળી, મજૂર અદાલતે આક્ષેપ નં. ૪, ૫ અને ૭ સાબિત માનેલ છે અને તે અંગેની ચર્ચા મજૂર અદાલતે તેમનાં ચુકાદાનાં પારા-૧૬, ૧૯ અને ૧૯ માં કરેલ છે. પરંતુ શિક્ષા વખતે હાલનાં રીસ્પોન્ડન્ટ તરફે જે સહાનુભૂતિ દર્શાવેલ છે તે થોડીક વધારે પડતી જણાય છે. કારણ કે, હાલનાં રીસ્પોન્ડન્ટ સામે હાલનાં એપેલન્ટે જે આક્ષેપો મૂકેલ છે તે અત્રે જોવા જરૂરી છે તે નીચે મુજબ છે :-

INDEX

"આક્ષેપ–૪ :-

સીનીયર ઓફિસર તરીકે તમારે ઉપર જણાવ્યા પ્રમાણેની કામગીરી કરવાની હોય છે, પરંતુ તમોએ તે કામગીરી ઇરાદાપૂર્વક બરાબર કરતાં નથી જે અંગેની વિગતો નીચે મુજબ છે :-

(એ) લોન ઓફિસર તરીકે તમોએ એકપણ ફાઇલમાં તપાસણી રીપોર્ટ કે સ્ટોક અંગેનાં રીપોર્ટસ મૂક્યા નથી કે ચકાસણી કરી નથી.

(બી) લોન ડોક્યુમેન્ટમાં હેડ ઓફ બ્રાંચ તરીકે સહીઓ કરેલ નથી.

(સી) રીકવરી અંગેની કંઈપણ કામગીરીની ફરજ બજાવેલ નથી.

(ડી) કોર્ટની કામગીરી અંગે ફક્ત હાજરી આપ્યા સિવાય કંઈપણ કામગીરી કરેલ નહિ અને પ્રોગ્રેસ અર્થે બોર્ડને વિગતોથી વાકેફ કર્યા નથી.

આ અંગે તા.૧૦-૧૨-૮૪ ના રોજ તમોને કોર્ટની કામગીરી અંગે લેખિત પૂછતાં તમોએ લેખિત જવાબમાં જણાવેલ કે, કાર્યવાહી હાલમાં ચાલુ છે, પરંતુ કામગીરી અંગે કોઇ પણ માહિતી આપેલ નથી.

"આક્ષેપ–૫ :-

તમારી વખતથી તથા તે અગાઉનાં કેસો કે જેમનાં હસ્તક હતા તેવા લવાદી કોર્ટનાં હુકમનામા તથા રીકવરી માટેનાં સહકારી કાયદાની કલમ-૧૦૩ નાં પ્રમાણપત્રો ઘણાં કેસોમાં તમારા હસ્તક છૂપાવી રાખેલ, તે કારણે બેંકની જૂની મુદ્દતો વીતેલ લ્હેણીની વસૂલાતની કામગીરીને માઠી અસર પહોંચે આ ઉપરાંત રીટ્રેન્ચ કરેલા કર્મચારીઓની બેંકની ફાઇલો, પત્ર પોતાની પાસે છૂપાવી રાખેલ હતી, આ ઉપરાંત સહકારી ખાતાનાં અગત્યનાં કાગળની ફાઇલો છૂપાવી રાખેલ હતી. આ અંગે બોર્ડે તપાસ કરતાં તથા બેંકે રૂબરૂ બોલાવી ખુલાસો મેળવતાં તમારો આ અંગે ખુલાસો સંતોષકારક ન હોવાથી અને બદઇરાદો હોવાનું બોર્ડને જણાવેલ અને બોર્ડે તા. ૨૯-૭-૮૫ ની મીટીંગમાં ઠરાવ કરેલ છે.

"આક્ષેપ–૭ :-

ત્યાર બાદ તા. ૧૪મી એપ્રિલ, ૧૯૮૫નાં રોજ માંદગી સબબ રજા ઉપર ગયા પરંતુ તેઓની ચાર્જ કે કામગીરી અંગે કોઇને કામગીરી સોંપ્યા વગર ચાલ્યા ગયા, તેઓ લેખિત તથા મૌખિક ખુલાસો જુદી જુદી રીતે કરતાં હતાં."

INDEX

૧૫. વળી, નીચલી મજૂર અદાલતે તેમનાં ચુકાદામાં રીસ્પોન્ડન્ટ સામે નીચે મુજબની ગેરવર્તણૂક સાબિત માનેલ છે.

"(૧) ફરજની બેકાળજી,

(૨) કામગીરી સમયસર બજાવેલ ન હોવાનું,

(૩) ફાઈલો અરજદારની બેદરકારીનાં કારણે તેનાં ટેબલમાંથી મળી આવી,

(૪) મુનસફી મુજબ વર્તવું,

(૫) ફાઈલો ગૂમ કરવી,

(૬) જાણ કર્યા વગર રજા ઉપર જતું રહેવું,

(૭) પોતાની પાસે રહેલ કામની સોંપણી અન્ય વ્યક્તિને ન કરવી."

૧૬. આમ, ઉપરોક્ત મુજબનાં આક્ષેપો નીચલી મજૂર અદાલત, રાજકોટે સાબિત માનેલ છે અને આમ છતાં સંબંધિત શ્રમયોગીને નોકરીમાં પુનઃ સ્થાપિત કરવાનો મજૂર અદાલત, રાજકોટે જે હુકમ કરેલ છે તે ઘણી જ ગંભીર ભૂલ જણાય છે, કારણ કે, ઉપરોક્ત આક્ષેપો અને ગેરવર્તણૂકો જોતાં તે ઘણી જ ગંભીર જણાય છે અને આવી ગંભીર ગેરવર્તણૂક જ્યારે પુરવાર થતી હોય ત્યારે રીસ્પોન્ડન્ટ તરફે મજૂર અદાલતે જે સહાનભુતિ દર્શાવેલ છે તે ઘણી જ વધારે પડતી, ગેરકાયદેસર અને કાયદાની ભૂલ સમાન જણાય છે. કારણ કે, હાલની એપેલન્ટ બેંકને મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ હેઠળ ઘડેલા નમૂનારૂપ સ્ટેન્ડીંગ ઓર્ડર્સ લાગુ પડે છે જેમાં ક્લમ-૨૧ ગેરવર્તણૂક અંગે છે જેની ચર્ચા કરવી અત્રે જરૂરી જણાય છે જે નીચે મુજબ છે :-

"૨૧ : ગેરવર્તણૂક :

કોઈ કર્મચારીનાં પક્ષે નીચેનાં કૃત્યો અને વર્જન ગેરવર્તણૂક ગણાશે :

(૧૩) બેંકની હિતની વિરૂધ્ધ કોઈ કૃત્ય કરવું અથવા કોઈ ધંધામાં રોકાવું;

(૧૪) ખંડ, (૫), (૬) (૧૧),(૧૨) અથવા (૧૩) માં નિર્દિષ્ટ કરેલ ગેરવર્તણૂકનાં કોઈ કૃત્ય કરવામાં સહાય કરવી અથવા મદદગારી કરવી અથવા આંખ આડા કાન કરવાં;

(૧૭) કામમાં વારંવાર બેદરકાર રહેવું અથવા વારંવાર અથવા ગંભીર કે વારંવાર ગફલત કરવી અથવા બેંકને ગંભીર નુકસાનમાં સંડોવવા અથવા સંડોવવાનો સંભવ હોય તે રીતે બેદરકાર રહેવું;

INDEX

(૧૮) બેંકનાં અથવા તેનાં ગ્રાહકનાં અથવા બેંકનાં કામકાજ સાથે સંકળાયેલી કોઈપણ વ્યક્તિનાં કામકાજ સંબંધી તેની નોકરી દરમિયાન પોતાના કબજામાં આવે તેવી માહિતી અનધિકૃત વ્યકિત સમક્ષ પ્રગટ કરવી અથવા જાહેર કરવી અથવા તેમ કરવા પ્રયત્ન કરવો.

(૨૩) બેંકનાં અધિકારીઓ, કર્મચારીઓ અને ગ્રાહકો પ્રત્યે સદ્‌ભાવના અથવા ધ્યાન ન આપવું.''

૧૭. ઉપરોક્ત ગેરવર્તણૂંક માટે કોઈપણ કર્મચારીને બરતરફ કરવા સુધીની સજા થઈ શકે તેવી સ્ટેન્ડીંગ ઓર્ડર્સમાં જોગવાઈઓ કરવામાં આવી છે. આ અંગે નીચલી મજૂર અદાલત, રાજકોટે આવી ગેરવર્તણૂંકો સાબિત માનેલ છે જેને ગંભીર ગણીને સંબંધિત હાલનાં રીસ્પોન્ડન્ટને નોકરીમાંથી બરતરફ કરવાનો એપેલન્ટનો નિર્ણય યોગ્ય, વાજબી અને કાયદેસરનો હોવા છતાં મજૂર અદાલત, રાજકોટે રહેમ અને સહાનુભૂતિ દર્શાવી રીસ્પોન્ડન્ટે નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો જે હુકમ કરેલ છે તે કાયદાની ભૂલ ગણાય તેવું આ અદાલતનું માનવું છે, કારણ કે, આ અંગે ભારતની નામદાર સર્વોચ્ચ અદાલતે તેમની સમક્ષનાં ૨૦૦૧, એલ.એલ.આર. ૧૧૫૪, ઉત્તર પ્રદેશ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન વિ. મોહનલાલ ગુપ્તા અને બીજાઓનાં કેસમાં નીચે મુજબ ઠરાવેલ છે તેને મજૂર અદાલત, રાજકોટ દ્વારા ધ્યાનમાં લેવામાં આવેલ નથી :-

"Industrial Disputes Act-1947-Section 11A-Powers of Labour Courts, Tribunals to give appropriate relief in case of dismissal or discharge of workmen-Scope of-Employee on enquiry being found guilty of misappropriation of property of employer was dismissed from service-Challenged his termination by raising a dispute which was referred for adjudication-Labour Court though held that the charges fully proved but awarded reinstatement without back wages since recovery of the cost of articles misappropriated has been made-High Court in writ petition summarily rejected the petition-Appeal to Supreme Court by the Corporation-Appeal allowed-The employee has been found to be guilty of misappropriation and in such an event if the appellant-Coproration loses its confidence *vis-a-vis* in the employee it will be neither proper nor fair on the part of the court to substiture the finding and confidence of employee with that of its own by allowing reinstatement- The misconductstands proved and in such a situation by reason of the gravity

INDEX

of the offence By the Labour Court cannot exercise its discretion and alter the punishment- Also High Court was in error in dismissing the write summarily- The termination order as passed by the Appellant Corporation is restored."

૧૮. આમ ઉપરોક્ત ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ મંતવ્ય વ્યક્ત કરેલ છે કે, જ્યારે મજૂર અદાલત દ્વારા કોઇ આક્ષેપો સાબિત માનવામાં આવેલ હોય તેવા સમયે મજૂર અદાલત ગંભીર ગુન્હા સબબ પોતાની વિવેકબુધ્ધિ વાપરી શકતી નથી અને સજામાં પણ કોઇ જ ફેરફાર કરી શકતી નથી અને જ્યારે ગેરવર્તણૂંક અદાલત દ્વારા જ સાબિત અને પુરવાર માનવામાં આવેલ હોય તેવા સમયે આવી વ્યકિતને પુનઃસ્થાપિત કરવી જોઇએ નહીં. વળી, બીજી એક અન્ય હકીકતની અત્રે નોંધ લેવી જરૂરી જણાય છે અને તે એ છે કે, હાલનાં રીસ્પોન્ડન્ટે એપેલન્ટ બેંકનો વિશ્વાસ ગુમાવેલ છે. કારણ કે, બેંક એક એવી સંસ્થા છે કે જેમાં નાણાંકીય લેવડ-દેવડ થતી હોય છે અને બેંક તેનાં ગ્રાહકો સાથે વિનય-વિવેકથી વર્તતી હોય છે અને તેવા સંજોગોમાં જ્યારે બેંકનાં જ કોઇ કર્મચારી દ્વારા ગેરવર્તણૂંક કરવામાં આવે અને આવી ગેરવર્તણૂંક જ્યારે પુરવાર થતી હોય ત્યારે તેવા કર્મચારી પ્રત્યે વધારે પડતી સહાનુભૂતિ દર્શાવી શકાય નહીં. કારણ કે, આ અંગે ૨૦૦૧, એલ.એલ.આર. પાન-૧૦૭૩, નામદાર સર્વોચ્ચ અદાલતનાં કનૈયાલાલ અગ્રવાલ વિ. ફેકટરી મેનેજર ગ્વાલીયર સુગર કું.નાં ચુકાદામાં તેમજ નામદાર કર્ણાટક હાઇકોર્ટનાં ૨૦૦૩, ૧૦૨, એફ.જે.આર. પાન-૨૨૦ નાં ચુકાદાઓમાં પણ સ્પષ્ટ રીતે ઠરાવેલ છે કે, જ્યારે કોઇ માલિક દ્વારા તેનાં શ્રમયોગી ઉપરથી વિશ્વાસ ઉઠી ગયાનું પુરવાર થતું હોય ત્યારે તેવા સંજોગોમાં તેવા શ્રમયોગીને નોકરીમાં પુનઃસ્થાપિત કરવા યોગ્ય, વાજબી અને ન્યાયી તેમજ ઉચિત નથી. આમ હાલનાં કામમાં પણ હાલનાં રીસ્પોન્ડન્ટ ઉપરથી હાલનાં એપેલન્ટ બેંકે વિશ્વાસ ગુમાવેલ છે તે હકીકત નીચેલી મજૂર અદાલત સમક્ષ પુરવાર થયેલ છે. આ બાબત અંગે હાલનાં રીસ્પોન્ડન્ટ તરફે જુદી જુદી વડી અદાલતોનાં જે ચુકાદાઓ રજૂ કરેલ છે તે હાલનાં તેઓનાં કેસને મદદરૂપ થઇ શકતાં નથી કારણ કે તે કેસોમાં જણાવેલ હકીકતો અને આ કેસની હકીકતો જુદી છે અને હાલનાં કેસની સાથે સુસંગત નથી તેથી તે ચુકાદાઓને આદરસહ અત્રે માનવામાં આવતાં નથી.

૧૯. વળી, મજૂર અદાલત, રાજકોટે તેમનાં ચુકાદાનાં પારા-૯ માં મુદ્દા નં. ૧ માં એવું જણાવેલ છે કે, આક્ષેપો સાબિત કરવાની જવાબદારી સંસ્થાની છે. આ તારણ આપવામાં મજૂર અદાલતની ભૂલ જણાય છે કારણ કે ડોમેસ્ટીક ઇન્કવાયરીમાં જે વ્યકિત ઉપર ચાર્જ કરવામાં આવેલ હોય તે વ્યકિતએ પોતે નિર્દોષ છે કે કેમ ? તે સાબિત કરવાનું રહે છે તેમજ પુરાવાનો ભાર જે વ્યકિત ઉપર આક્ષેપ મૂકવામાં આવેલ હોય તેનાં ઉપર રહે છે. તે અંગે નામદાર અલ્હાબાદ હાઇકોર્ટનાં ૧૯૯૮, એલ.એલ.આર. પાન-૯૬૬ ઉપરનાં કેનેરા બેંક વિ. યુનીયન ઓફ ઇન્ડીયા (મીનીસ્ટ્રી ઓફ લેબર્સ) અને બીજાઓનાં કેસમાં સ્પષ્ટ ઠરાવવામાં આવેલ છે કે :-

INDEX

"Departmental enquiry-vis-a vis criminal trial - standard of proof in criminal trial and departmental enquiry is different-technical rules of evidence and proof beyond, reasonable doubt not applicable in departmental enquiry in departmental enquiry preponderance of probabilities sufficient-burden of proof lies on delinquent to prove that he has not committed the misconduct."

૨૦. વળી, આ કામમાં મજૂર અદાલત, રાજકોટે તેમની સમક્ષની અરજીનાં ચુકાદામાં હાલનાં રીસ્પોન્ડન્ટની શૈક્ષણિક લાયકાત અંગે જે એમ ઠરાવેલ છે કે, "...અરજદારને નોકરીમાં રહ્યા બાદ પ્રમોશન આપેલ કે, અરજદાર જ્યારે નોકરીમાં રહ્યા ત્યારે શૈક્ષણિક લાયકાતની કોઈ જરૂર ન હતી કે અરજદાર જ્યારે કામે રહ્યા ત્યારે કોઈ નિયમો ન હતાં કે સ્ટાફ રૂલ્સ પણ પાછળથી મંજૂર થયેલ છે એટલે કે, અરજદારની ભરતી સમયે કલાર્કની લઘુત્તમ શૈક્ષણિક લાયકાતનો કોઈ નિયમ ન હતો તેમજ સંસ્થા દ્વારા એક વખત લાયકાત સ્વીકાર્યા બાદ લાંબા સમય બાદ એમ ન કહી શકાય કે, લાયકાત અપૂરતી છે..." તેવી જ રીતે મજૂર અદાલતે એવું પણ તારણ આપેલ છે કે, અન્ય વ્યક્તિઓને મેનેજમેન્ટે જેઓ નોનમેટ્રીક હતા તેઓને કન્ફર્મેશન માટે એસ.એસ.સી. પાસ કરવાનું કહેલ તેમજ સંસ્થામાં કલાર્ક માટે લઘુત્તમ લાયકાત એસ.એસ.સી નક્કી થયા બાદ પણ સંસ્થા દ્વારા નોન મેટ્રીકોને એસ.એસ.સી. પાસ કરવાની શરતે પ્રમોશન આપેલ છે વગેરે જણાવી હાલનાં એપેલન્ટનો આક્ષેપ રદ કરેલ છે. આ અંગે નીચલી મજૂર અદાલતે કાયદાની ગંભીર ભૂલ કરેલ જણાય છે કારણ કે, નીચલી મજૂર અદાલત, રાજકોટ સમક્ષ ચાલેલી મૂળ અરજીનું રેકર્ડ જોતાં તેમાં આંક-૪૯માં જુબાનીમાં સંબંધિત શ્રમયોગીએ સ્પષ્ટ જણાવેલ છે કે, "....એ વાત ખરી છે કે હું ધોરણ-૧૦ ફેઈલ છું...." આમ જ્યારે અરજદાર પોતે જ સ્વીકારતા હોય કે તેઓ એસ.એસ.સી નાપાસ છે તે સમયે એપેલન્ટે મૂકેલ આક્ષેપ પુરવાર થયેલ જણાય છે જેને નીચલી મજૂર અદાલતે માનેલ નથી. આમ ઉપરોકત હકીકતો અને રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ જોતાં આ કામમાં હાલનાં એપેલન્ટ એ હકીકત પુરવાર કરે છે કે, નીચલી મજૂર અદાલત, રાજકોટે હાલનાં રીસ્પોન્ડન્ટને આપેલ બરતરફીનો હુકમ રદ કરવામાં કાયદાની અને હકીકતની ભૂલ કરેલ છે તેમજ નીચલી મજૂર અદાલત, રાજકોટે હાલનાં રીસ્પોન્ડન્ટને નોકરીની સળંગતા સાથે પુનઃ સ્થાપિત કરવાનો જે હુકમ કરેલ છે તેમાં પણ કાયદાની અને હકીકતની ભૂલ કરેલ છે. આમ ઉપરોકત હકીકતે હાલનાં રીસ્પોન્ડન્ટે એપેલન્ટે બરતરફ કરવાનો જે નિર્ણય કરેલ છે તે કાનૂની જોગવાઈઓ અને વડી અદાલતો દ્વારા તેમનાં ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંતો અને નિયમોનાં આધારે યોગ્ય, વાજબી અને ન્યાયી જણાય છે અને તેથી હાલનાં રીસ્પોન્ડન્ટને બરતરફ કરવાનો રદ કરતો જે નિર્ણય નીચલી મજૂર અદાલત, રાજકોટે આપેલ છે તે રદ થવાને પાત્ર જણાય છે અને તેથી તે રદ કરવાનું ઠરાવવામાં આવે છે તેમજ નીચલી મજૂર અદાલતે તેનાં આધારે હાલનાં રીસ્પોન્ડન્ટને નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો જે હુકમ કરેલ છે તે રદ થવાને પાત્ર હોઈ રદ કરવાનું ઠરાવવામાં આવે છે.

INDEX

૨૧. હવે આ કામમાં છેલ્લો મુદ્દો એ નક્કી કરવાનો રહે છે કે, નીચલી મજૂર અદાલત, રાજકોટે હાલનાં રીસ્પોન્ડન્ટને પડેલા દિવસોનાં ૩૦ટકા પગાર ચૂકવી આપવાનો જે હુકમ કરેલ છે તેમાં કોઈ કાયદાની કે હકીકતની ભૂલ કરેલ છે કે કેમ ? આ અંગે જોઈએ તો આ અદાલતે ઉપર મુજબ એવો નિર્ણય લીધેલ છે કે, હાલનાં રીસ્પોન્ડન્ટને બરતરફ કરવા અંગેનો જે નિર્ણય એપેલન્ટે લીધેલ છે તે યોગ્ય, વ્યાજબી એને ન્યાયી છે તેમજ કાયદેસરનો છે ત્યારે નીચલી મજૂર અદાલતે જે રીસ્પોન્ડન્ટને પડેલા દિવસોનાં ૩૦ ટકા પગાર ચૂકવી આપવાનો નિર્ણય કરેલ છે તેનાં બદલે આ અદાલત એવું ઠરાવે છે કે, રીસ્પોન્ડન્ટને પડેલા દિવસોનાં ૫૦ ટકા પગાર ચૂકવી આપવો ન્યાયી, વ્યાજબી અને યોગ્ય છે કારણકે, નીચલી મજૂર અદાલત સમક્ષ ચાલેલી અરજીનાં ચુકાદામાં મજૂર અદાલતે તેનાં ચુકાદાનાં પારા-૩૩ માં જણાવેલ છે કે, "...અરજદારે સંસ્થા દ્વારા તેમને બરતરફ કર્યા બાદ નોકરી મેળવવા પ્રયત્ન કરવા છતાં બીજે નોકરી ન મળ્યાનું જાહેર કરેલ છે જ્યારે સામાવાળાનાં બચાવ મુજબ અરજદાર રૂપાલી રેડીઓમાં ફરજ બજાવતા હોવાનું સાબિત થયેલ નથી. ઉલટાનું ખુદ સામાવાળાનાં સાહેદની જુબાનીથી અરજદારને છુટા કર્યા ત્યારથી રૂપાલી રેડીઓ સર્વિસ જ બંધ થઈ ગયાનું તારણ થતું હોઈ, અરજદાર રૂપાલી રેડીયો સર્વિસમાં નોકરી કરતાં તેવો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અરજદારે તેમનો માસિક ઘર ખર્ચ રૂા. ૨૦૦૭/- હોવાનું તથા તેમનાં પત્ની મેસ ચલાવતા હોવાનું તથા પોતે મેસ ચલાવવામાં જરૂરી વસ્તુ ખરીદવા મદદ કરતાં હોવાનું જાહેર કરેલ છે ત્યારે અરજદાર મેસ ચલાવવામાં મદદ કરી આવક મેળવતાનું તારણ થાય છે. અરજદારને છુટા કર્યા ત્યારે તેમનો માસિક પગાર રૂા. ૧૫૦૦/- હોવાનું અરજદારે સોગંદ ઉપર જાહેર કરેલ છે જે અંગે પક્ષકારો વચ્ચે કોઈ તકરાર નથી ત્યારે અરજદારનો છેલ્લો પગાર રૂા. ૧૫૦૦/- હોવાનું તારણ થાય છે...." આ હકીકત જોતાં મજૂર અદાલત, રાજકોટે હાલનાં રીસ્પોન્ડન્ટને જે પડેલા રોજનાં ૩૦ ટકા પગાર સાથે પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરેલ છે તેનાં બદલે હાલનાં રીસ્પોન્ડન્ટનો ૫૦ ટકા પાછલો પગાર અપાવવાનું આ અદાલતને યોગ્ય, વાજબી અને ન્યાયી તેમજ કાયદેસરનું જણાય છે, કારણ કે, આ અદાલત દ્વારા એવો નિર્ણય લેવામાં આવેલ છે કે, હાલનાં રીસ્પોન્ડન્ટ નોકરીમાં પુનઃસ્થાપિત થવા માટે હક્કદાર થતાં નથી અને જ્યારે હાલનાં રીસ્પોન્ડન્ટ પુનઃસ્થાપિત થવા માટે હક્કદાર થતાં ન હોય ત્યારે તેમને પાછલા વળતરનાં ૫૦ ટકા લેખે રકમ ચૂકવવી વધારે વાજબી, ઉચિત અને ન્યાયી જણાય છે. ઉપરોક્ત સંજોગો અને હકીકતો જોતાં આ કામમાં ઉપર મુજબ ઠરાવી નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે :-

હુકમ

આથી આ અપીલ અંશતઃ મંજૂર કરવામાં આવે છે.

નીચલી મજૂર અદાલત, રાજકોટે તેમની સમક્ષનાં બી.આઈ.આર. અરજી નં. ૩૬/૮૭ નાં કામમાં તા. ૩૧મી જુલાઈ, ૨૦૦૪ના રોજ આપેલ ચુકાદાને આથી રદ કરવામાં આવે છે, અને વધુમાં એવું ઠરાવવામાં આવે છે કે, હાલનાં એપેલન્ટે હાલનાં રીસ્પોન્ડન્ટને આપેલ બરતરફીનો

INDEX

હુકમ યોગ્ય, વાજબી અને ન્યાયી છે તેમજ હાલનાં રીસ્પોન્ડન્ટને મજૂર અદાલત, રાજકોટે જે તેમની નોકરીની મૂળ જગ્યાએ નોકરીની સળંગતા સાથે પુનઃસ્થાપિત કરવાનો જે હુકમ કરેલ છે તે આથી રદ કરવામાં આવે છે.

વધુમાં આથી એવો પણ આદેશ હાલનાં એપેલન્ટ બેંકને આપવામાં આવે છે કે, હાલના રીસ્પોન્ડન્ટને તેમનાં પડેલા દિવસોનાં ૫૦ ટકા લેખે પગાર ચૂકવી આપવો. (છેલ્લો પગાર)

વધુમાં આ અદાલતે આંક-૧૩નાં હુકમથી તા. ૨૯મી જાન્યુઆરી, ૨૦૦૫ સુધી આપેલ કામચલાઉ મનાઇ હુકમ પણ આથી ઉઠાવી લેવામાં આવે છે.

ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૫.

એ. જે. રાચ્છ,

સત્ય,
ઔદ્યોગિક અદાલત, નં. ૨, ગુજરાત,
રોજકોટ.

અમદાવાદ, તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૦૫.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સબંધક અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૮૩૬૬/આર.યુ.–સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૫૮(૧) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૬૫થી

INDEX

મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, આશીમા સ્પીનફેબ, અમદાવાદ અને ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ સમાધાન અધિકારીશ્રી ડી. એમ. ડામોર, મદદનીશ શ્રમ આયુક્તની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને ૨૦૦૫ના ફેબ્રુઆરી માસના ૨૩માં દિને આથી નોંધ કરૂ છું.

સમાધાનકાર શ્રી ડી. એમ. ડામોર સમક્ષ

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ હેઠળ સમાધાનનું ખતપત્રક

બી. આર. સી. કેસ નં. ૭૮ સને ૨૦૦૪

શ્રી પી. જે. જસાણી, માલિકના પ્રતિનિધિ;
જનરલ મેનેજર (આઈ. આર.),
આશીમા સ્પીનફેબ,
(એ ડીવીઝન ઓફ આશીમા લીમીટેડ),
અમદાવાદ.

શ્રી બાબુભાઈ અમીપુરા, કામદારોના પ્રતિનિધિ.
મંત્રી વતી,
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
અમદાવાદ.

કેસની ટૂંકી વિગતો

મીલ્સ કંપનીએ અમદાવાદ શહેરમાં કાપડ સુતર ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતા યુનિયન ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશનને ફોર્મ 'કે'માં તા. ૨૯મી ઓકટોબર, ૨૦૦૪ના રોજ મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારાની જોગવાઈઓ મુજબ નોટીસ ઓફ ચેઈન્જ આપી માંગણી મુકેલ કે મીલ્સ કંપનીના રીંગફેમ ખાતામાં રીંગફેમ મશીનો ક્રમશઃ ઓછા થવાના કારણે રીંગફેમ ખાતાના સફાઈવાલાઓની કામગીરીમાં નોંધપાત્ર પ્રમાણમાં ઘટાડો થયેલ છે. આથી એક સફાઈવાળાની જગ્યા નાબૂદ કરવા અંગે તેમજ તે અંગેના આનુષાંગિક ફેરફારો કરવા માંગે છે તેના અનુસંધાને મીલ્સ કંપનીએ પ્રતિનિધિત્વ ધરાવતાં યુનિયને ફોર્મ 'એન'માં તા. ૮મી નવેમ્બર, ૨૦૦૪ના રોજ અહેવાલ મોકલી આપેલ. જે તા. ૧૮મી નવેમ્બર, ૨૦૦૪ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવેલ. સદરહુ બાબતે સમાધાનની કાર્યવાહી તા. ૨૭મી ડિસેમ્બર, ૨૦૦૪ના રોજ શરૂ કરવામાં આવેલ. દરમ્યાન પક્ષકારો વચ્ચે ઉપરોકત વિવાદ અંગે વખતોવખત ચર્ચાવિચારણા થયા બાદ સુખદ સમાધાન થયેલ છે જેની શરતો નીચે મુજબ છે.

INDEX

પરિશિષ્ટ – અ

સમાધાનની શરતો

(૧) મીલ્સ કંપનીના સ્પીનીંગ ખાતાના રીંગફ્રેમ વિભાગમાં હાલ સાત કાયમી સફાઈવાળાઓ ફરજ બજાવે છે.

(૨) મીલ્સ કંપનીના સ્પીનીંગ ખાતાના રીંગફ્રેમ વિભાગમાં અગાઉ ૬૦ રીંગફ્રેમ મશીનો હતાં પરંતુ તેમાં ક્રમશઃ ઘટાડો થતાં હાલમાં ફક્ત ૪૦ રીંગફ્રેમ મશીનો છે. આથી સફાઈવાળાના શ્રમબોજમાં ઘટાડો થયેલ છે.

(૩) આથી મીલ્સ કંપનીએ ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશનને નોટીસ ઓફ ચેઈન્જ આપી સફાઈવાળાની એક જગ્યા ઓછી કરવા અંગે માંગણી કરેલ આ અંગે પક્ષકારો વચ્ચે લંબાણપૂર્વક ચર્ચા વિચારણા કર્યા બાદ નક્કી કરવામાં આવે છે કે રીંગફ્રેમ ખાતામાં સફાઈવાળાની એક જગ્યા નાબૂદ કરવી.

(૪) ઉપરોકત કલમ નં. ૩માં જણાવ્યા પ્રમાણે સફાઈવાળાની એક જગ્યા નાબૂદ કરવા અંગે સફાઈવાળા તરીકે ફરજ બજાવતાં ડાહ્યાભાઈ અમરાભાઈ પોતાનું સ્વૈચ્છિક રાજીનામું આપી છુટા થવા માંગે છે તેઓ તેમનું રાજીનામું ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન મારફત મોકલી આપશે જે સ્વીકારી મીલ્સ કંપની સફાઈવાળાની એક કાયમી જગ્યા નાબૂદ કરશે.

(૫) આ સમાધાન હેઠળ મીલ્સ કંપની જે કામદાર છુટા થવા માંગે છે તેઓનું રાજીનામું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન મારફતે આવતાં તે સ્વીકારી નીચે મુજબના લાભો આપી છુટા કરશે.

(અ) ધી પેમેન્ટ ઓફ ગ્રેજ્યુટી એક્ટ ૧૯૭૨ હેઠળ ગ્રેજ્યુટીની રકમ આ રકમની ગણતરી દાખલ તારીખથી છુટા થયા તારીખ સુધીના પુરેપુરા વર્ષની ગણવામાં આવશે.

(બ) મીલ્સ કંપની આ સમાધાન હેઠળ છુટા થનાર કામદારને એક વર્ષની નોટીસ દીઠ પંદર દિવસનું વળતર આપશે. આ વળતરની રકમની ગણતરી દાખલ તારીખથી છુટા થયા તારીખ સુધીના પુરેપુરા વર્ષની ગણવામાં આવશે.

(૬) ઉપરોકત કલમ નં. ૨માં જણાવ્યા મુજબ સફાઈવાળી એક જગ્યા નાબૂદ થતા બાકીના ૬(છ) સફાઈવાળાના શ્રમબોજમાં વધારો થાય છે. આથી બાકીના છ સફાઇવાળાઓને મીલ્સ કંપની એક જગ્યા નાબૂદ થયા બાદ નીચે મુજબનો બેઝિક પગાર ચૂકવી આપશે. આ બેઝિક પગાર અંગત (પર્સનલ પે) પગાર ગણાશે અને તેમનો (પર્સનલ પે) અંગત પગાર બદલી કામદાર મેળવવાને પાત્ર રહેશે નહિ. આ શ્રમબોજ વધારા બાદ જે સફાઈવાળાઓનો અંગત પગાર (પર્સનલ પે) નીચે મુજબ રહેશે.

INDEX

અનુ. નંબર	નામ	બેઝિક પગાર	જગ્યા નાબૂદ થયા બાદ નવો બેઝિક પગાર (પર્સનલ પે)
૧	૨	૩	૪
૧	ગણપત કાનજી	૫૩૦-૦૦	૫૬૦-૦૦
૨	રતિલાલ અમરશી	૫૦૩-૬૮	૫૩૩-૬૮
૩	જશા લક્ષ્મણ	૫૯૦-૩૦	૬૨૦-૩૦
૪	ગીરધર નટવર	૫૩૦-૦૦	૫૬૦-૦૦
૫	લાલજી દેવસી	૪૬૨-૬૮	૪૯૨-૬૮
૬	ગણેશ વીરા	૪૬૨-૬૮	૪૯૨-૬૮

(૭) ઉપરોકત છ સફાઈવાળાઓમાંથી જે સીનીયર કામદાર હશે તે સફાઈના મશીનોની સફાઈ કર્યા પછી બોબીન રેઈલ (પેટી) સેટ કરીને મશીન ચાલુ કરવાની જવાબદારી સંભાળશે. આ જગ્યા ઉપર ફરજ બજાવનાર સફાઈવાળાને રૂા. ૧૦-૦૦ (૨૬ દિવસનો) બેઝિક પગાર વધારો આપવામાં આવશે.

(૮) આ સમાધાન હેઠળ એક સફાઈવાળાની જગ્યા નાબૂદ થતાં બાકીના છ સફાઈવાળા કીલ, પોકરબાર તથા લેપેટ રેલની સફાઈ કરશે તેમજ ડ્રાફટ ગીયરીંગ તથા ટવીસ્ટ ગીયરીંગ (મહોરાની) સફાઈ છ સફાઈવાળા છ મશીનોમાં દરેકને ભાગે એક મશીનના હિસાબે કરશે. ઉપરાંત અગાઉના કરાર કે સમાધાન મુજબ સફાઈવાળા તેમની રાબેતા મુજબની કામગીરી ખંત અને વફાદારીપૂર્વક બજાવશે.

(૯) આ સિવાય બી.આર.સી. કેસ નં. ૮ સને ૨૦૦૩ તેમજ સ્પીનીંગ રીંગફ્રેમ ખાતાના કરાર, સમાધાન કે એવોર્ડની બાકીની કલમોનો અમલ ચાલુ રહેશે.

(૧૦) આ સમાધાનના અર્થઘટન કે અમલમાં કોઈ પ્રશ્ન ઉભો થાય તો મીલ્સ કંપનીના જનરલ મેનેજર (આઈ.આર.) અને મંત્રી ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન સાથે મળીને તેનો નિકાલ કરશે તે પક્ષકારોને બંધનકર્તા રહેશે.

INDEX

(૧૧) આ નોટીસ ઓફ ચેઈન્જની મુદત પરસ્પરની સંમતિથી વધારવામાં આવી છે.

(૧૨) આ સમાધાનનો અમલ તાત્કાલિક કરવામાં આવશે.

બાબુભાઈ અમીપુરા,
મંત્રી વતી,
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,
અમદાવાદ.

પી. જે. જસાણી,
જનરલ મેનેજર (આઈ.આર.),
આશીમા સ્પીનફેબ,
(એ ડીવીઝન ઓફ આશીમા લીમીટેડ).

અમદાવાદ, તારીખ ૭મી ફેબ્રુઆરી, ૨૦૦૫.

ડી. એમ. ડામોર,
સમાધાનકાર,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬,
ઝોન-૧, અમદાવાદ.

અમદાવાદ, તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૦૫.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬,
અમદાવાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette*, Part I—L should be *read* to have been published in Issue No. 11, *Gujarat Government Gazette*, Part I—L, dated 17th March, 2005 and for pages VAD-1125 to VAD-1355 (in 1 set) *read* page Nos. 1213 to 1443.

વિજ્ઞપ્તિ

શ્રમ આયુક્ત, નાયબ શ્રમ આયુક્ત, મદદનીશ શ્રમ આયુક્ત, અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧—એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૧૭મી માર્ચ, ૨૦૦૫ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧—એલના અંક ૧૧માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૧૧૨૫ થી વીએડી-૧૩૫૫(૧ બંચમાં) ને પાન નંબર ૧૨૧૩ થી ૧૪૪૩ વાંચવા.

Vadodara, 17th March, 2005.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નં. એકેએચ/એલસી./આર/જે/૨૨૨/૦૪/આર.ટી.– મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે બીડેલ નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગીક તકરાર તંબોલી પેટ્રોલીયમ, ખંભાળિયા ગેઈટ સામે, જામનગર અને તેના શ્રમયોગીશ્રી દિનેશ રતીલાલ વસાણી, સાધના કોલોની, એલ-૩૪/૩૩૧૧, રણજીતસાગર રોડ જામનગર c/o. મજુર સેવા સંઘ, મનુ માર્કેટ, બેડીગેટ, જામનગર વચ્ચેની છે.

અને હવે, પછીના ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/આઈડીએફ/૧૯૭૦-૧૧૦થી સદરહુ ધારાની અનુસૂચિ-૨૨ની આઈટમ ૩ થી ૧૦ સાથે સંકળાયેલી બાબત અંગે મદદનીશ શ્રમ આયુક્ત અને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત થયેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ તકરાર અધિનિયમ, ૧૯૪૭નીકલમ-૧૪માંથી પેટા કલમ-૧૦ની મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એ. પીરઝાદા, મદદનીશ શ્રમ આયુક્ત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૦થી રચાયેલ મજુર અદાલત, જામનગરને સદરહુ તકરાર ન્યાય નિર્ણય માટે આથી મોકલું મોકલું છું.

અનુસૂચિ

શ્રી દિનેશ રતીલાલ વસાણીને તેમના પડેલા રોજના પગાર સાથે તેમની મૂળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જામનગર, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૫.

કે. એ. પીરઝાદા,
મદદનીશ શ્રમ આયુક્ત,
જામનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નં. એકેએચ/એલસી./આર/જે/૨૪૦/૦૪/આર.ટી.– મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થયેલ છે કે, આ સાથે બીડેલ નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગીક તકરાર જામનગર મહાનગરપાલિકા, જામનગર અને તેના શ્રમયોગીશ્રી નારોલા રસીક ચંદુલાલ, મેડીકલ કેમ્પસ, ૮૦ ક્વાર્ટર્સ, એફ-૫૫, જી. જી. હોસ્પીટલ બ્લોક એફ-૫૫, જામનગર વચ્ચેની છે.

અને હવે, પછીના ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/આઈડીએફ/૧૯૭૦-૧૧૦થી સદરહુ ધારાની અનુસૂચિ-૨ની આઈટમ ૩ થી ૧૦ સાથે સંકળાયેલી બાબત અંગે મદદનીશ શ્રમ આયુક્તો અને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત થયેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ તકરાર અધિનિયમ, ૧૯૪૭નીકલમ-૧૪માંથી પેટા કલમ-૧૦ની મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એ. પીરઝાદા, મદદનીશ શ્રમ આયુક્ત, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૦થી રચાયેલ મજુર અદાલત, જામનગરને સદરહુ તકરાર ન્યાય નિર્ણય માટે આથી મોકલું મોકલું છું.

અનુસૂચિ

શ્રી નારોલા રસીક ચંદુલાલને તેમના પડેલા રોજના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જામનગર, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૫.

કે. એ. પીરઝાદા,
મદદનીશ શ્રમ આયુક્ત,
જામનગર.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંકઃ કેએચ/એસએચએમસી/૩૪૩૫૦/૫.૨./આઈડીઆર/એજે/૪૨/૦૪.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર રીશીરૂપ રબર (ઈન્ટરનેશનલ) લી, અંકલેશ્વર અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રાજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧-૧૭૩/આઈડીએ/૧૦૨૦૦૧/૬૦-૭-મ (૨)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯,૧૦, ૧૧ સીવાય) ૧૦૦કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ સને૧૯૪૭ના ૧૪ માંની કલમ ૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, અમદાવાદ આથી ઔદ્યોગીક ન્યાય પંચ, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) કંપનીમાં કામે રાખેલ તમામ કાયમી, કેઝયુલ, કોન્ટ્રાકટ વગેરેમાં કામ કરતાં કામદારોને તેમના વર્ષ ૨૦૦૨-૨૦૦૩ ની વાર્ષિક કમાણીના ૨૦ ટકા રકમ બોનસ તરીકે ચુકવવા જોઈએ કે કેમ ?

(૨) દિવાળી અને નૂતન વર્ષના તહેવારોને અનુલક્ષીને ઉપર જણાવેલ તમામ કામદારોને રૂા. ૫૦૦૦/- અથવા ગ્રોસ પગાર એ બેમાંથી જે વધુ હોય તે ગીફ્ટ તરીકે ચુકવવું જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૦૫.

સુનયના તોમર,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક: કેએચ/એસએચએમસી/૩૪૩૪૯/૫.૨./આઈડીઆર/એજે/૧૦૨/૦૪.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર કેડીલા ફાર્માસ્યુટીકલ લી., કેડીલા ફાર્માસ્યુટીકલ ડીસ્ટ્રીબ્યુટર્સ, ધોળકા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રાજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧-૨૭૩૩/આઈડીએ/૧૦૨૦૦૧/૬-૭-મ (૨)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સીવાય ૧૦૦કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજય માટે શ્રમ આયુક્ત અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ સને૧૯૪૭ના ૧૪ માંની કલમ ૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, અમદાવાદ આથી ઔદ્યોગીક ન્યાયપંચ અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

"પરિશિષ્ટ"

માંગણી નં. ૧ :- પગાર વધારો :-

કામદારોને તારીખ ૧-૧-૦૪થી બેજીક પગારમાં રૂા. ૬૫૦/- ઉચ્ચક ઉમેરી નીચે મુજબના નવા ગ્રેડમાં પેફીકશેશન કરી તારીખ ૧-૧-૦૪થી કરી તમામ કામદારોને પગાર વધારો ચુકવી આપવો કે કેમ ?

નોકરીનાં વર્ષ	નવી માંગણી વાગે સ્કેલ
૧થી ૫ વર્ષ	૯૫૦-૪૮-૧૧૯૦-૫૧-૧૪૪૫-૫૪-૧૭૧૫-૫૭-૨૦૦૦
૬ થી ૧૦ વર્ષ	૧૦૫૦-૫૬-૧૩૩૦-૫૯-૧૬૨૫-૬૨-૧૯૩૫-૬૫-૨૨૬૦

INDEX

૧૧ થી ૧૫ વર્ષ	૧૧૫૦-૬૪-૧૪૭૦-૬૭-૧૮૦૫-૬૪-૨૧૨૫-૬૭-૨૪૬૦
૧૬ થી ૨૦ વર્ષ	૧૨૫૦-૭૩-૧૬૧૫-૭૬-૧૯૯૫-૭૯-૨૩૯૦-૮૨-૨૮૦૦
૨૧ થી ૨૫ વર્ષ	૧૩૫૦-૮૧-૧૭૫૫-૮૪-૨૧૭૫-૮૭-૨૬૧૦-૯૦-૩૦૬૦
૨૬ થી ૩૦ વર્ષ	૧૪૫૦-૮૯-૧૮૯૫-૯૨-૨૩૫૫-૯૫-૨૮૩૦-૯૮-૩૩૨૦
૩૧ થી ૩૫ વર્ષ	૧૫૫૦-૯૨-૨૦૧૦-૯૫-૨૪૮૫-૯૮-૨૯૭૫-૧૦૧-૩૪૮૦
૩૬ થી ૪૦ વર્ષ	૧૬૫૦-૯૫-૨૧૨૫-૯૮-૨૬૧૫-૧૦૧-૩૧૨૦-૧૦૪-૩૬૪૦
૪૧ થી ઉપર	૧૭૫૦-૯૮-૨૨૪૦-૧૦૧-૨૭૪૫-૧૦૪-૩૨૬૫-૧૦૭-૩૮૦૦

(૧) હાલમાં મળતાં પગારમાં રૂા. ૬૫૦/- માસીક ઉમેરીને ઉપલા સ્ટેજ ફીટમેન્ટ આપીને તે સ્ટેજ ઉપરનાં ગ્રેડેશનમાં પેફીક્સેશન કરી પગાર ફિક્સ કરવો કે કેમ ?

(૨) આ માંગણીનો અમલ કરવામાં આવે ત્યારે કોઈ કામદાર તેના પગારનાં ગુરુત્તમ સ્ટેજે પહોંચી જાય અને સ્થગીત થઈ જાય તે કામદારને છેલ્લા ગ્રેડનાં છેલ્લા ઈન્ક્રીમેન્ટન દર પ્રમાણે ઈન્ક્રીમેન્ટ આપી પે ફીક્સ કરવો કે કેમ ?

(૩) ઉપરોક્ત પ્રમાણે પેફીક્સેશન થયા પછી જો જુનીયર કામદારનો પગાર તેના સીનીયર કામદાર કરતાં વધી જતો હોય તો તેવા સીનીયર કામદારને એક વધારે ઈજાફો આપી ઉપરનાં પગાર નક્કી કરવો કે કેમ ?

(૪) આઈ.ટી.આઈ. ક્વોલીફાઈડ કામદાર જેવો કોન્સોલેટેડ વેઝીશમાં છે. તેમને ૧ થી ૧૦ વર્ષનાં જે તે ગ્રેડમાં નોકરીનાં વર્ષ જેટલા ઈન્ક્રીમેન્ટ આપી પેફીક્સેશન કરવું અને અન્ય લાભો આપવા કે કેમ ?

માંગણી નં. ૨ :- મોંઘવારી ભથ્થું :-

(૧) સીમલા બ્યુરોના પ્રાઈઝ ઈન્ડેક્ષનો ૧૯૬૦ નાં રૂા. ૧૦૦ નો પાયાનો આંક લઈને ૧૩૦ ના આંક ઉપર મીનીમમ ફીક્સ મોંઘવારી ભથ્થું ૮૦૦ માસીક અને નીચે મુજબ વી. ડી. એ તમામ કામદારોને ચુકવી આપવું કે કેમ ?

નોકરી પુરા કરેલ વર્ષ	અમદાવાદ માટે ભારત સરકારનાં લેબર બ્યુરો સીમલા દ્વારા નક્કી કરેલ જીવનનિર્વાહ આંક ૧૩૦ પર ફીક્સ મોંઘવારી ભથ્થું.	આંક ૧૩૦ થી વધારના દરેક આંક દીઠ મળતુ મોંઘવારી ભથ્થું.
૧ થી ૫ વર્ષ	૮૦૦	૩.૨૫
૬ થી ૧૦ વર્ષ	૮૦૦	૩.૫૦
૧ થી ૧૫ વર્ષ	૮૦૦	૪.૦૦

INDEX

૧૬ થી ૨૦ વર્ષ	૮૦૦	૪.૫૦
૨૧ થી ૨૫ વર્ષ	૮૦૦	૫.૦૦
૨૬ થી ૩૦ વર્ષ	૮૦૦	૫.૫૦
૩૧ થી ૩૫ વર્ષ	૮૦૦	૬.૦૦
૩૬ થી ૪૦ વર્ષ	૮૦૦	૬.૫૦
૪૧ થી ઉપર	૮૦૦	૭.૦૦

માંગણી નં. ૩ :- ઘરભાડા ભથ્થું :-

કંપનીના તમામ કામદારોને હાલમાં મળતાં ઘરભાડા ભથ્થામાં નીચે મુજબનો માસીક વધારો કરી ઘરભાડા ભથ્થું ચુકવવું કે કેમ ? અને મંજુર કરેલી રજાઓનાં પગારમાંથી ઘરભાડા ભથ્થું કપાત કરવું નહીં. હાલમાં મળતા એચ.આર. એ. માં ઉમેરી આપવું કે કેમ ?

નોકરીના વર્ષ	નવી માંગણીવાળું ઘર ભાડા ભથ્થું ચુકવવું.
૧ થી ૫ વર્ષ	૮૦૦
૬ થી ૧૦ વર્ષ	૯૫૦
૧ થી ૧૫ વર્ષ	૧૧૫૦
૧૬ થી ૨૦ વર્ષ	૧૩૫૦
૨૧ થી ૨૫ વર્ષ	૧૬૦૦
૨૬ થી ૩૦ વર્ષ	૧૭૫૦
૩૧ થી ૩૫ વર્ષ	૧૯૦૦
૩૬ થી ૪૦ વર્ષ	૨૦૫૦
૪૧ થી ઉપર	૨૨૦૦

માંગણી નં. ૪ :- મેડીકલ એલાઉન્સ :-

કંપનીના સ્ટાફને ઉચ્ચક મેડીકલ એલાવન્સ આપવામાં આવે છે. તેની રીતે કંપનીમાં તમામ કામદારોને નીચે મુજબનું મેડીકલ એલાવન્સ આપવું કે કેમ ?

તા. ૧-૧-૦૪ કુલ રૂા. ૫૦૦/- પ્રતીમાસ.

તા. ૧-૧-૦૫ કુલ રૂા. ૫૫૦/- પ્રતીમાસ.

તા. ૧-૧-૦૬ કુલ રૂા. ૬૦૦/- પ્રતીમાસ.

INDEX

માંગણી નં. ૫ :- કન્વેયન્સ એલાઉન્સ :-

કંપનીના તમામ કામદારોને મળતા દૈનીક રૂા. ૭.૫૦ કન્વેયન્સ એલાવન્સમાં દૈનીક નીચે મુજબનાં વર્ષવાર વધારો કરી ચુકવી આપવું કે કેમ ?

તા. ૧-૧-૦૪ થી દૈનિક રૂા. ૨૫/- પ્રમાણે.

તા. ૧-૧-૦૫ થી દૈનિક રૂા. ૩૦/- પ્રમાણે.

તા. ૧-૧-૦૬ થી દૈનિક રૂા. ૩૫/- પ્રમાણે.

માંગણી નં. ૬ :- એજ્યુકેશન એલાઉન્સ :-

કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને તેમના બાળકોનાં અભ્યાસ માટે પ્રતી માસ રૂા. ૨૫૦/- મળે છે. તેના બદલે પ્રતિમાસ રૂા. ૫૫૦/- એજ્યુકેશન એલાઉન્સ તરીકે ચુકવી આપવા કે કેમ ?

માંગણી નં. ૭ :- લીવ ટ્રાવેલ એલાઉન્સ :-

કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને માસિક રૂા. ૨૭૫/- લીવ ટ્રાવેલ એલાઉન્સ મળે છે. તેમાં હાજરી લક્ષ્યમાં લીધા સિવાય માસિક રૂા. ૫૦૦/- નો વધારો કરી લીવ ટ્રાવેલ એલાઉન્સ તરીકે રોકડમાં ચુકવી આપવું કે કેમ ?

માંગણી નં. ૮ :- એટેન્ડન્સ એલાઉન્સ :- (હાજરી બોનસ)

કંપનીના તમામ કામદારોને અત્યારે જે બે દિવસનો પગાર એટેન્ડન્સ એલાઉન્સ તરીકે આપવામાં આવે છે. તેના બદલે તમામ કામદારોને ૧૫ દિવસની હાજરીએ ૨ દિવસનો પગાર અને ૩૦ દિવસની હાજરી હોય તો ૫ દિવસનો પગાર તમામ એલાઉન્સ સહીતનો એટેન્ડન્સ એલાઉન્સ તરીકે આપવા કે કેમ ?

માંગણી નં. ૯ :- માંદગી-ટી.બી. કેન્સર :-

ધોળકા ખાતે ફેક્ટરી ફેરબદલી થતા હાલમાં કામદારોને ઈ.એસ.આઈ. નો લાભ મળતો ન હોવાથી કામદારોને ટીબી, કેન્સર, એઈડ્સ, લેપ્રસી, હાર્ટ, ડાયાબીટીઝ, અસ્થમા કે બીજી જીવલેણ ચેપી અન્ય બીમારીથી પીડાય તેવું જાહેર થાય તો તેની સારવારનો તમામ ખર્ચ કંપની એ ભોગવવો તેમજ કંપની એ દવા મફત પુરી પાડવી કે કેમ ?

માંગણી નં. ૧૦ :- શીફ્ટ્ એલાઉન્સ :-

કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને શીફ્ટ્ એલાઉન્સ તરીકે માસીક રૂા. ૧૮૭ આપે છે. તેના બદલે માસીક રૂા. ૪૦૦ શીફ્ટ્ એલાઉન્સ તરીકે આપવા કે કેમ ? અને હાલના ત્રીજી પાળીમાં મળતા તમામ લાભો ચાલુ રાખવા કે કેમ ?

INDEX

માંગણી નં. ૧૧ :- રજાઓ :-

(અ) કેજ્યુઅલ રજા :

દરેક કામદારોને વાર્ષિક ૨૦ દિવસની કેજ્યુઅલ રજા આપવી કે કેમ ?

(બ) હક્ક રજા - (પી.પી.એલ.)

કામદારની ૨૪૦ દિવસની હાજરી એ ૨૦ દિવસની હક્ક રજા ભર પગારે એલાઉન્સ સહીત આપવી કે કેમ ? અને ૨૪૦ દિવસ ઉપરની હાજરી એ ૧૦ દિવસની હાજરીએ ૧ દિવસ લેખે ગણીને હક્ક રજા ભર પગારે એલાઉન્સ સહીત ભરી આપવી કે કેમ ?

(ક) માંદગીની રજા :-

કંપનીમાં કામ કરતાં દરેક કામદારને વાર્ષિક ૬ માંદગી રજા આપે છે. તેના બદલે વર્ષ ૩૦ દિવસની માંદગીની રજા ભર પગારે આપવી કે કેમ ?

માંગણી નં. ૧૨ :- તહેવારોની રજા :-

કંપનીમાં કામ કરતાં તમામ કામદારો ૭ દિવસની તહેવારોની રજાઓ ભર પગારે મળે છે તેમાં નીચે જણાવેલ ફેસ્ટીવલ તહેવારની રજામાં ઉમેરો કરી ભર પગારે એલાઉન્સ સહીત કુલ ૧૪ તહેવારોની રજાઓ આપવી કે કેમ ?

૮. ધુલેટી
૯. શીવરાત્રી
૧૦. રક્ષાબંધન
૧૧. જન્માષ્ટમી
૧૨. બીજી ઓકટોબર-ગાંધી જયંતી
૧૩. દશેરા
૧૪. ૧લી મે-મજુર દીન

માંગણી નં. ૧૩ :- વાહન લોન :-

કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને દર વર્ષે સ્કુટર ખરીદવા માટે રૂા. ૪૦,૦૦૦/- વગર વ્યાજે લોન પેટે આપવી કે કેમ ? અને રકમ સાત વર્ષના સરખા માસીક હપ્તેથી વસુલ લેવી કે કેમ ?

માંગણી નં. ૧૪ :- મકાન લોન :-

કંપની જે રીતે અધિકારીઓને મકાન લોન આપે છે. તે રીતે કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને રૂા. ૧,૦૦,૦૦૦/- સુધીની વગર વ્યાજની મકાન ખરીદવા માટે લોન આપવી કે કેમ ? અને સદર લોન ૧૫ વર્ષ નાં સરખે માસીક હપ્તેથી વસુલ કરવી કે કેમ ?

માંગણી નં. ૧૫ :- લગ્ન લોન :-

કંપનીમાં કામ કરતાં કામદારોનાં ઘરે લગ્ન પ્રસંગે કંપની રૂા. ૩૦,૦૦૦ લગ્ન લોન તરીકે આપે છે તેનાં બદલે તેમાં વધારો કરી રૂા. ૧,૦૦,૦૦૦ લગ્ન લોન તરીકે લગ્નનાં દિવસથી ૧૫ દિવસ પહેલા આપવી કે કેમ ?

INDEX

માંગણી નં. ૧૬ :- મકાન રીપેરીંગ લોન :-

હાલમાં કંપની મકાન રીપેરીંગ લોન તરીકે કુલ રીપેરીંગ બીલની રકમનાં ૨૫% રકમ આપવી કે કેમ ? અને તેનાં બદલે મકાન રીપેરીંગ બીલનાં ૫૦% રકમ મકાન રીપેરીંગ લોન તરીકે આપવા કે કેમ ?

માંગણી નં. ૧૭ :- શૈક્ષણિક લોન :-

કંપનીમાં કામ કરતાં જે કામદારોના બાળકો અભ્યાસ કરતાં હોય તેમને કંપનીએ એજ્યુકેશન લોનો આપવાનો સીધ્ધાંતીક સ્વીકાર કરેલ છે તે મુજબ કંપનીમાં કામ કરતાં જ કામદારોના બાળકો અભ્યાસ કરતા હોય તેમને વાર્ષિક રૂા. ૫૦,૦૦૦ એજ્યુકેશન લોન આપવી કે કેમ ? અને ૧૮ માસનાં સરળ હપ્તે કપાત કરવી કે કેમ ?

માંગણી નં. ૧૮ :- ફુડ ગ્રેઈન એડવાન્સ :-

કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને સીઝનમાં અનાજ તથા તેલ ખરીદવા માટે સીજનમાં રૂા. ૧૦,૦૦૦ ની વાર્ષિક વ્યાજ સિવાયની લોન આપવી કે કેમ ? અને સદર લોન ૧૨ માસના સરળ હપ્તેથી કપાત કરવી કે કેમ ?

માંગણી નં. ૧૯ :- બદલી :-

દરેક ખાતાની ખાસ પ્રકારની કામગીરી પ્રમાણે તાલીમ આપવી અને કોઈપણ કામદારની એક ખાતામાં થી બીજા ખાતામાં બદલી કરવી નહીં અને કરવી હોય તો યુનિયનની લેખીત સંમતી લેવી કે કેમ ?

માંગણી નં. ૨૦ :- આઉટ સ્ટેશન એલાઉન્સ :-

અત્યારે કંપનીમાં આઉટસ્ટેશન માટે જમવાની અને રીક્ષા ભાડાની સગવડ આપવામાં આવે છે. તે ચાલુ રાખવી અને નીચે મુજબની સગવડ આપવી કે કેમ ?

(અ) કેડીલા ફાર્માસ્યુટીકલ કંપનીમાં ધોળાક યુનિટમાંથી બહાર બીજી કોઈપણ પ્રીમાઈસીસમાં જવા માટે રૂા. ૧૫૦ આઉટ સ્ટેશન એલાઉન્સ તરીકે આપવા તથા જમવાના રૂા. ૧૦૦ ફુડ એલાઉન્સ સ્ટાફમાં આપવામાં આવે છે તે મુજબ આપવું કે કેમ ?

(બ) કંપનીમાં કામે કામદાર ધોળકા ગામ બહાર મોકલવામાં આવે તો પ્રતિદિનમાં રૂા. ૨૫૦ આઉટ સ્ટેશન એલાઉન્સ આપવું કે કેમ ?

માંગણી નં. ૨૧ :- યુનિફોર્મ :-

કંપનીમાં કામ કરતા તમામ કામદારોને હાલમાં જે યુનિફોર્મ આપવામાં આવે છે. તેનાં બદલે કામદારને વર્ષે ત્રણ જોડી ટેરી કોટનનાં યુનિફોર્મ આપવા અને દર શિયાળામાં એક ગરમ સ્વેટર અને ચોમાસામાં એક રેઈનકોટ આપવો કે કેમ ?

INDEX

માંગણી નં. ૨૨ :- બુટ - સ્લીપર :-

તમામ કામદારને વર્ષે બે જોડી બાટાના પાર્ટીસુઝ અથવા સ્પોર્ટ સુઝ લેડીઝ કામદારને બે જોડી મોઝડી કે કેમ ? અને વર્ષમાં બે વખત તમામ કામદારને કંપનીમાં ખાતામાં કામ કરવા સ્લીપર આપવા કે કેમ ?

માંગણી નં. ૨૩ :- મેડીકલ સવલત :-

કંપનીનું યુનિટ ધોળકા ખાતે ટ્રાન્સફર થતા ઈ. એસ. આઈ.નો લાભ મળતા બંધ તેથી તમામ કામદારનાં કુટુંબ માટે માંદગી વખતે સારવારનો તમામ ખર્ચ કંપનીએ ચુકવવો કે કેમ ?

માંગણી નં. ૨૪ :- મૃત્યુલાભ :-

(અ) જે કામદારનું કંપનીના હાજરી પત્રકમાં નામ હોય તેઓનું મૃત્યુ થાય તો સ્વર્ગસ્થ કામદારનાં વારસદારને તાત્કાલીક સહાય કંપની આપતી નથી તેથી તાત્કાલીક સહાય તરીકે રૂા. ૩૦,૦૦૦/- આપવા કે કેમ ? અને કંપની તરફથી ચુકવાતી આખરી સહાયની રકમમાંથી તે રકમ કપાત કરવી કે કેમ ?

(બ) જે કામદારનું કંપનીમાં હાજરી પત્રકમાં નામ હોય તેવા કામદારનું જો મૃત્યુ થાય તો કંપનીમાં દરેક કામદારોને જે તે મહિનાના પગારમાંથી રૂા. ૧૦૦ કપાત કરી સ્વર્ગસ્થ કામદારનાં વારસદારને ફાળા તરીકે આપવા કે કેમ ? અને કંપની ફાળા તરીકે જે રકમ ચુકવે છે તે બદલે વધારો કરીને નીચેનાં ધોરણે ઉમેરી રકમ કામદારના વારસદારને આપવી કે કેમ ?

નોકરીના વર્ષ	માંગણી
૧ થી ૫ વર્ષની નોકરી કરી હોય તો	૧.૫૦ લાખ
૬ થી ૧૦ વર્ષની નોકરી કરી હોય તો	૨.૫૦ લાખ
૧૦ વર્ષની ઉપર	૩.૫૦ લાખ

(ક) મૃત્યુ પામેલ કામદારના પુખ્ત વયનાં વારસદારને જે તે શૈક્ષણિક લાયકાત મુજબ યુનિટમાં તેની શૈક્ષણિક યોગ્યતા મુજબની જગ્યાએ કાયમી નોકરીએ રાખવો કે કેમ ?

માંગણી નં. ૨૫ :- આશ્રીતોને નોકરી :-

સંસ્થામાં કામ કરતાં કામદાર કર્મચારીઓના વારસદારોને નોકરીમાં રાખવા જે કામદારની ૧૫ વર્ષની ઉમરની નોકરી પુરી કરી હોય તેવા કર્મચારી અકસ્માતથી મૃત્યુ પામે કે બીમારીનાં કારણે કે નિવૃત્ત થતા હોય કે સ્વૈચ્છીક છુટા થતા હોય અથવા કંપની નીવૃત્ત કરે તો કામદારનાં વારસદારોને કોઈપણ પસંદગીની કાર્યવાહી કર્યા સિવાય ૧ માસનાં કાયમી જગ્યાએ નોકરી ઉપર રાખવો. વારસદારની શૈક્ષણિક લાયકાતનાં ધોરણે નોકરી આપવી કે કેમ ? અને શૈક્ષણિક લાયકાત ના હોય તો મીનીમમ હેલ્પરની જગ્યાએ નોકરી આપવી કે કેમ ?

માંગણી નં. ૨૬ :- મશીન એલાઉન્સ :-

(અ) જે ઓપરેટરો કોઈપણ પ્રકારનાં મશીન ચલાવતા હોય તેવા ઓપરેટરોને માસીક રૂા. ૩૦૦ મશીન એલાઉન્સ તરીકે આપવા કે કેમ ?

INDEX

(બ) કંપનીમાં મશીન ચલાવતા હેલ્પરોને તથા મશીન ઉપર રહેતા હેલ્પરોને માસીક રૂા. ૨૫૦ મશીન એલાઉન્સ આપવું કે કેમ ?

(ક) જે કામદારો ઈલેકટ્રોનીક સીસ્ટમથી ચાલતા મશીનો ઉપર ઓપરેટરો તરીકે કામ કરતાં હોય તે કામદારોને માસીક રૂા. ૩૫૦ મશીન એલાઉન્સ આપવું કે કેમ ?

(ડ) ઓપરેટરની જગ્યા ઉપર જે દિવસ હેલ્પર ઓપરેટર તરીકે કામ કરે તે દિવસનો તેને ઓપરેટરનુ ચાર્જ એલાઉન્સ આપવું કે કેમ ?

માંગણી નં. ૨૭ :- કામદાર પાસે ક્લેરીકલ કામ લેતા હોય તેવા પ્રમોશન :-

જે કામદાર રોજીંદા કામ દરમ્યિાન લખવાનું કામ કરતાં હોય તેવા કામદારો ક્લેરીકલ કામદાર ગણી ઉપલા સ્કેલમાં મુકવા કે કેમ ?

માંગણી નં. ૨૮ :- પ્રોત્સાહીત ઈનામ :-

(૧) કંપની તેમાં વાર્ષિક ટર્ન ઓવર ૧૦ ટકા વધારો કરે તો કંપની એ દરેક કામદારને વાર્ષિક રૂા. ૨૦૦૦ ઉચ્ચક ઈનામ તરીકે ચુકવી આપવા કે કેમ ?

(૨) જે ઓપરેટર ઓછા રીજેકશન અને સારું પ્રોડકશન કાઢતા હોય તે ઓપરેટરને યુનીયન અને મેનેજમેન્ટની જોઈન્ટ કમીટીએ સર્વે કરી દર મહીને ૧૦ ઓપરેટરોને રૂા. ૫૦૦ પ્રોત્સાહીત ઈનામ આપવું કે કેમ ?

માંગણી નં. ૨૯ :- ઘોડીયા ઘર એલાઉન્સ :-

કંપનીમાં કામ કરતી સ્ત્રી કામદારોને ઘોડીયાઘર એલાઉન્સ તરીકે જે રકમ રૂા. ૭૮ માસીક ચુકવવામાં આવે છે તેનાં બદલે બાળક પાંચ વર્ષનું થાય ત્યાં સુધી ઘોડીયા ઘર એલાઉન્સ તરીકે માસીક ૨૦૦ રૂા. ઘોડીયાઘર એલાઉન્સ તરીકે ચુકવવા કે કેમ ?

માંગણી નં. ૩૦ :- સેફટી બુટ :-

હાલ ગમે તે પ્રકારનાં સેફટી બુટ આપવામાં આવે છે તેના બદલે બાટા કંપનીનાં સેફટી બુટ વર્ષે એક જોડી આપવા અથવા વર્ષે રૂા. ૧,૦૦૦ રોકડા સેફટી બુટ એલાઉન્સ તરીકે આપવાં કે કેમ ?

માંગણી નં. ૩૧ :- એરલોક એલાઉન્સ :-

કંપનીમાં એરલોક ખાતામાં કામ કરતાં કર્મચારીઓને એરલોક તરીકે હાલ પ્રતિદિન રૂા. ૧૧.૫૩ જે પ્રમાણે એરલોક એલાઉન્સ આપવામાં આવે છે તેનાં બદલે પ્રતિદિન રૂા. ૩૦.૦૦ એરલોક એલાઉન્સ તરીકે આપવા કે કેમ ?

માંગણી નં. ૩૨ :- ટ્રાન્સપોર્ટેશન એલાઉન્સ :

કંપનીમાં કામ કરતા કામદારોને માસીક રૂા. ૫૦૦ ટ્રાન્સપોર્ટ એલાઉન્સ આપવામાં આવે છે તેના બદલે માસીક રૂા. ૧૭૦૦ ટ્રાન્સપોર્ટેશન એલાઉન્સ તરીકે આપવા કે કેમ ?

INDEX

માંગણી નં. ૩૩ :- એલાઉન્સ સહીત ઓવરટાઈમ આપવો :-

કંપનીમાં ઓવરટાઈમનો પગાર તમામ એલાઉન્સ સહીત પગારનાં બમણા દરે ચુકવવામાં આ છે તે પ્રથા ચાલુ રાખવી. તેમજ ઓવરટાઈમ પગારમાંથી એલ.ટી.સી. એલાઉન્સ કાપી લેવામાં આવે છે તે કપાત કરવું કે નહી ?

માંગણી નં. ૩૪ :- ઓવર ટાઈમ લંચ એલાઉન્સ :-

કંપનીમાં કામ કરતા કામદારો પાસે જયારે ઓવરટાઈમ કામ લેવામાં આવે છે ત્યારે તેઓને દૈનિક રૂા. ૮ ઓવરટાઈમ લંચ એલાઉન્સ તરીકે મળે છે. તેના બદલે દૈનિક હવે રૂા. ૧૫ ઓવરટાઈમ લંચ એલાઉન્સ તરીકે ચુકવી આપવા કે કેમ ?

માંગણી નં. ૩૫ :- સરવીસ મુજબ પ્રોત્સાહન ઈનામ (ઈન્સેટીવ) :-

કામદારોની સીનીયોરીટી જોઈને સીનીયર કામદારોને જુની પ્રથા પ્રમાણે પ્રોત્સાહન (ઈન્સેટીવ) ઈનામ આપે છે તેમાં નીચે મુજબનો વધારો કરી રકમ ચુકવવી કે કેમ ?

તારીખ ૧-૧-૦૩ના રોજ

નોકરીનાં વર્ષ	ચુકવવાની રકમ
૧૦ વર્ષ	૨૬૦૦
૧૫ વર્ષ	૩૬૦૦
૨૦ વર્ષ	૫૦૦૦
૨૫ વર્ષ	૭૦૦૦
૩૦ વર્ષ	૯૫૦૦
૩૫ વર્ષ	૧૦,૦૦૦
૪૦ વર્ષ	૧૫,૦૦૦

માંગણી નં. ૩૬ :- કુટુંબની જરૂરીયાત મુજબ ફ્રી દવાઓ આપવાની પ્રથા ચાલુ રાખવી :-

કંપનીમાં કામ કરતા કામદારના કુટુંબમાં આવી પડેલ બિમારીનાં સમયે કંપનીની દવાઓ કામદારોને મફતમાં આપવાની પ્રથા ચાલુ રાખવી કે કેમ ?

માંગણી નં. ૩૭ :- અકસ્માત સમયનો એલાઉન્સ સહીત પગાર આપવો :-

(અ) કામદારને કંપનીનાં કામે જતાં કે કંપનીમાં અકસ્માત થાય ત્યારે ઈજાની સારવાર માટે અને અશક્ત હોય તેટલા દિવસ ડોક્ટરની સલાહ મુજબ રજા ઉપર રહે તે દિવસનો પુરો પગાર એલાઉન્સ સહીત ચુકવવાની પ્રથા ચાલુ રાખવી કે કેમ ?

(બ) અકસ્માત ઈજાના કારણે કામદારને જે દવા દવાખાનાનો ખર્ચ થાય તે પુરેપુરો ખર્ચ કંપનીએ ચુકવવાની પ્રથા ચાલુ રાખવી કે કેમ ?

INDEX

(ક) અકસ્માતથી ખોડખાપણ આવતા તે કામદારોને હળવી કામગીરીવાળી જગ્યાએ કામ આપવું કે કેમ ?

માંગણી નં. ૩૮ :- વિનામૂલ્યે ઈન્સોરન્સ :-

(૧) કામદારોને એક લાખનો વિમો ઉતરાવે છે તેના બદલે કંપનીમાં કામ કરતાં તમામ કામદારોનો રૂા. ૨ લાખનો ઈન્સ્યોરન્સ કંપનીએ ઉતરાવવો. જેનું પ્રીમિયમ કંપનીએ ભરવું અને કંપની તરફથી વીમો ઉતારવાની પ્રથા ચાલુ રાખવી કે કેમ ?

(૨) ગ્રુપ ઈન્સ્યોરન્સમાં પગારનાં ૪૦ ટકા દવા બીલ મંજુર કરેલ છે તેના બદલે પગારનાં ૧૦૦ ટકા દવા બીલ મંજૂર કરવા કે કેમ ?

(૩) કંપની અત્યારે કામદારનો રૂા. ૧ લાખ નો મેડીક્લેઈમ લે છે. જેમાં કુટુંમ્બનાં ચાર વ્યક્તિઓ પતિ, પત્ની અને બે બાળકો રૂા. ૨૫૦૦૦ વ્યક્તિ દીઠ ગણવામાં આવે છે. તેનાં બદલે રૂા. ૨૦૦૦૦૦ લાખનો મેડીક્લેઈમ લેવો અને વ્યક્તિદીઠ રૂા. ૫૦,૦૦૦ ગણવા કે કેમ ?

માંગણી નં. ૩૯ :- આઈ. ટી. આઈ. ક્વાલીફાઈડ કામદારને ટ્રાન્સપોર્ટ ભથ્થાનો લાભ આપવો :-

કંપનીમાં કામ કરતાં આઈ. ટી. આઈ. ક્વાલીફાઈડ કામદારોને ટ્રાન્સપોર્ટ ભથ્થું જે ઉચ્ચક રૂા. ૨૦૦ આપે છે તેના બદલે કંપની અત્યારે કામદારોને જે દરે ટ્રાન્સપોર્ટ ભથ્થું આપે છે તે પ્રમાણે આપવું કે કેમ ?

માંગણી નં. ૪૦ :- ઈન્ક્રીમેન્ટ :-

અત્યારે કામદારોને કોમન ઈન્ક્રીમેન્ટ તારીખ જાન્યુઆરી માસ પ્રમાણે છે તેનાં બદલે દાખલ તારીખ ૩૦ જુન સુધી હોય તેને ઈન્ક્રીમેન્ટ તારીખ જાન્યુઆરી તરીકે ગણીને તે તારીખે ઈન્ક્રીમેન્ટ આપવાની પ્રથા ચાલુ રાખવી કે કેમ ?

માંગણી નં. ૪૧ :- કોન્ટ્રાક્ટ સિસ્ટમની નાબુદી :-

ચાલુ ખાતામાં સીધા કોન્ટ્રાક્ટનાં કામદારોને મુકી કામગીરી લેવી કે કેમ ? અન. કોન્ટ્રાક્ચુયલ કામદારોની સમજુતી મુજબ લાભ આપવા કે કેમ ? અને તે પ્રમાણે કામ આપવું કે કેમ ? તેમજ તેઓને અત્યારે અકસ્માત સારવાર વળતર અને અન્ય લાભો કાયમી કામદારોને જે આપે છે તે ચાલુ રાખવા કે કેમ ?

માંગણી નં. ૪૨ :- અગાઉનાં કરાર અને ઘોડાસર ખાતેની સગવડો અને સવલતો ચાલુ રાખવી :-

INDEX

કેડીલા લેબોરેટરી લી અને કેડીલા ફાર્માસ્યુટીકલ યુનિટ ધોડાસર ખાતે અને અગાઉ કરેલા તમામ કરાર અને સમજુતીઓથી નક્કી થયેલ આર્થીક લાભો અને નોકરી શરતો સવલતો અને ધોડાસર યુનિયન ખાતે કામદારો મળતી સગવડો ચાલુ રાખવી કે કેમ ? અને કામદારોને મળતી સગવડો અને સવલતો અને નોકરીની શરતોમાં ફેરફાર થાય કે કામદોરોને અવળી અસર થાય તેવો ફેરફાર કરવો કે નહીં ?

માંગણી નં. ૪૩ :- યુનિયનની સગવડો :-

યુનિયનની પ્રવૃત્તિઓ થઈ શકે તે માટે કંપનીએ નીચે મુજબની સગવડો આપવી કે કેમ ?

(૬) યુનિયનને કંપનીની હદમાં વિના મૂલ્યે ઓફીસની (૨ ટેબલ, ૬ ખુરશી, ૧ કબબોર્ડ, એ. સી. સાથેની કુલ ફરનીશ) ફર્નીચર, લાઈટ, પાણી, ફોન સહીત સગવડવાળી ઓફીસ આપવી કે કેમ ?

(૭) યુનિયનના જનરલ સેક્રેટરી, પ્રમુખ કે યુનિયન નક્કી કરે તે પાંચ હોદ્દેદારોને યુનિયન પ્રવૃત્તિ માટે ફ્રી સર્વીસ આપવી કે કેમ ?

(૮) કન્સીલેશન, લેબર કોર્ટ, હાઈકોર્ટ, સુપ્રીમ કોર્ટ, ઈન્ડસ્ટ્રીઅલ કોર્ટ, મજૂર કમીશનરની કોઈ કાર્યવાહી કે યુનિયન કાર્યવાહીમાં હાજર રહેવા યુનિયન ઓથોરીટી આપે તે હોદ્દોદારોને ચાલુ નોકરી રજા આપવી અને તેઓને દૈનિક ખર્ચ, ભથ્થું રૂા. ૨૦૦ આપવા કે કેમ ?

(૯) યુનિયનની સંમતિ સિવાય કોઈપણ યુનિયનના હોદ્દેદારોની મૂળ જગ્યાએથી બદલી કે નોકર્રની શરતોમાં ફેરફાર થઈ શકશે નહીં યુનિયનની ફરિયાદ પતાવવા માટે મહીનામાં ઓછામાં ઓછી બે વખત જનરલ મેનેજર સાથે વાટાઘાટો માટે યુનિયનની મીટીંગ રાખવી કે કેમ ?

(૧૦) યુનિયનનાં જનરલ સેક્રેટરીની વિનંતીથી કંપનીએ કામદારોનાં પગારમાંથી માસિક કે વાર્ષિક લવાજમ અને ફાળો કાપી યુનિયનને મોકલી આપવા સદર કપાતની રકમ કપાત થયેથી દિવસ-૫માં યુનિયનને લીસ્ટ સહીત ચુકવી આપવાની પ્રથા ચાલુ રાખવી કે કેમ ?

માંગણી નં. ૪૪ :- અમલ :-

સદર તમામ માંગણીઓનો અમલ તારીખ ૧-૧-૦૪ થી કરવો અને તે તારીખથી થતો તફાવતની રકમ ચુકવી આપવી કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૦૫.

સુનયના તોમર,
શ્રમ આયુકત,
ગુજરાત રાજય, અમદાવાદ.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૪૩૪૭/૫.૨./આઈડીઆર/એજે/૩૩/૦૪.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ટ્રસ્ટીશ્રી ભણસાલી ટ્રસ્ટ સંચાલીતશ્રી ગાંધી લીંગન હોસ્પીટલ, ડીસા જિ. બનાસકાંઠા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રાજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧-૧૭૩/આઈડીએ/૧૦૨૦૦૧/૬૦-૭-મ (૨)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજય માટે શ્રમ આયુક્ત અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ સને૧૯૪૭માંની કલમ ૧૦ની પેટા-કલમ ૧થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, અમદાવાદ આથી **ઔદ્યોગીક ન્યાય પંચ, અમદાવાદને** સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) ગાંધી લિંકન હોસ્પીટલમાં કામ કરતાં તમામ કર્મચારીઓને એપ્રિલ માસમાં ગ્રેડ પ્રમાણે રૂા. ૨૫૦/-, રૂા. ૩૦૦/-, અને રૂા. ૩૫૦/-, વધારો આપવામાં આવે છે તે પૈકી (૧) શ્રી ગજેન્દ્રનારાયણ કાકુભાઈ દોશી, કલાર્ક (૨) શ્રી કિરણ આઈ. ઠક્કર, કલાર્ક (૩) રતનલાલ એમ. વર્મા, વોચમેનને તા. ૧/૪/૧૯૯૯થી વાર્ષિક વધારો આપેલ નથી. જે વાર્ષિક વધારો તેમજ તફાવતની રકમ વ્યાજ સહીત ચુકવી આપવી જોઈએ કે કેમ ?

(૨) સંસ્થાના કર્મચારીઓને રહેઠાણ અથવા મકાનભાડું, કપડાં ધોલાઈ, ટી.એ. બીલ સરકારી ધારાધોરણ મુજબ ચુકવી આપવા જોઈએ કે કેમ ?

(૪) સંસ્થાના કર્મચારીઓને પગાર ધોરણ બેઝીક, મોંઘવારી, મેડીકલ, નોકરીની શરતો, જાહેર રજાઓ, ઈ.એ., સી.એલ., વિગેરે સરકારી ધોરણ મુજબ આપવું જોઈએ કે કેમ ?

(૬) સંસ્થામાં અગાઉ ૪૨ દિવસની રજાઓ આપવામાં આવતી, જે ઘટાડીને ૩૬ દિવસની કરવામાં આવે છે. જે પુનઃ ૪૨ દિવસની કરવી જોઈએ કે કેમ ?

INDEX

(૭) સંસ્થાના કર્મચારીઓને ધારા ધોરણ મુજબ ૧૫મી ઓગસ્ટ, ૨૬મી જાન્યુઆરી, ૨જી ઓકટોબરની જાહેર રજાઓ આપવી જોઈએ કે કેમ?

(૮) ફિલ્ડમાં જતાં કર્મચારીઓને ભથ્થા પેટે રૂા. ૧૭/- ચુકવાય છે, જે ભથ્થુ સરકારી ધોરણ મુજબ ચુકવવું જોઈએ કે કેમ ?

(૯) સંસ્થા દ્વારા કર્મચારીઓને રાહત દરે ઘઉ, ખાદ્યતેલ, દિવાળી બોનસ, તહેવારમાં મીઠાઈ વિગેરે વહેંચણી થાય છે, જે પક્ષપાત વિના વહેંચણી થવી જોઈએ કે કેમ?

(૧૦) સંસ્થામાં કામ કરતાં કામદાર રાજીનામું આપે કે સંસ્થા છોડી જાય તો તેને અનુભવનું પ્રમાણપત્ર આપવું જોઈએ કે કેમ?

(૧૧) સંસ્થામાં કામ કરતાં કર્મચારી પાસેથી ગમે તે કામ લીધા સિવાય કેટેગરી મુજબ કામ લેવું જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૦૫.

સુનયના તોમર,
શ્રમ આયુકત,
ગુજરાત રાજય, અમદાવાદ.

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૯૭૮/ઔ.વિ.રે/૧૯/૦૫.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. જામનગર અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

INDEX

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, ઔદ્યોગિક ન્યાયપંચ-૧ રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

"પરિશિષ્ટ-અ"

કન્સી. કેસ નં. ૨૩/૦૪ ઔ.વિ.રે.નં. ૧૯/૦૫.

એસ. ટી. જામનગર વિભાગનાં જામનગર ડેપોમાં કંડક્ટર તરીકે ફરજ બજાવતા શ્રી પ્રવિણચંદ્ર નવલશંકર પંડ્યાને સંસ્થાએ નીચે દર્શાવ્યા મુજબના હુકમોથી કરવામાં આવેલ સજાના હુકમો રદ કરી સજાને કારણે થયેલ તમામ આર્થિક નુકસાન વ્યાજ સહીત તમામ આનુસાંગિક લાભો સાથે ચુકવી આપવું જોઈએ કે કેમ ?

(૧) દફ્તરી હુકમ નં. ૮/૯૭ તા. ૨૮-૧-૯૭ના હુકમથી આગામી વાર્ષિક પગાર વધારો છ માસ કાયમી અસરથી બંધ કરવાની કરવામાં આવેલ સજાનો હુકમ.

(૨) દફ્તરી હુકમ નં. ૮૬/૯૮ તા. ૨૨-૫-૯૮ના હુકમથી આગામી વાર્ષિક પગાર વધારો કાયમી અસરથી ૬ (છ) માસ માટે બંધ કરવાની કરવામાં આવેલ સજાનો હુકમ.

(૩) દફ્તરી હુકમ નં. ૪/૨૦૦૦ તા. ૨૯-૧-૨૦૦૦ના હુકમથી આગામી વાર્ષિક પગાર વધારો કાયમી અસરથી એક (૧) વર્ષ માટે બંધ કરવાની સજાનો હુકમ.

(૪) દફ્તરી હુકમ નં. ૫/૨૦૦૦ તા. ૨૯-૧-૨૦૦૦ના હુકમથી આગામી વાર્ષિક પગાર વધારો કાયમી અસરથી ૬ (છ) માસનો બંધ કરવાની કરવામાં આવેલ સજાનો હુકમ.

(૫) દફ્તરી હુકમ નં. ૬/૨૦૦૦ તા. ૨૯-૧-૨૦૦૦ના હુકમથી આગમી વાર્ષિક પગાર વધારો કાયમી અસરથી ૩ (ત્રણ) માસનો બંધ કરવાની કરવામાં આવેલ સજાનો હુકમ.

રાજકોટ, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૦૫.

એ. આઈ. શેખ,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૯૭૭/ઔ.વિ.રે/૧૮/૦૫.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ એસ.ટી. જામનગર અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૧૬/અ.ઇ.ડી.એ./૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦ (૧)થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૧ રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

એસ.ટી. જામનગર વિભાગમાં ડ્રોળ ડેપોમાં કંડકટર તરીકે ફરજ બજાવતા શ્રી બલભદ્રસિંહ દીલુભા વાઘેલાને સંસ્થાના દફતરી હુકમ નં. ૧૨/૧૯૯૬ તા. ૨૮-૨-૧૯૯૬નાં હુકમથી તેઓને હાલ મળતા કંડકટરના પગારધોરણ પરથી નીચે ઉતારી કંડકટરના મુળ પગાર ઉપર કાયમી ધોરણે મુકવાની કરવામાં આવેલ સજાનો હુકમ રદ કરી સજાને કારણે થયેલ આર્થિક નુકસાન તમામ આનુસાંગીક લાભો સહીત વ્યાજ સાથે ચુકવવું જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૦૫.

એ. આઈ. શેખ,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૯૪૯/ઔ.વિ.રે/૨૨૩/૦૪.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. ભાવનગર અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/અ.ઇ.ડી.એ./૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦ (૧)થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

એસ.ટી. કોર્પોરેશન, ભાવનગરમાં ડ્રાયવર તરીકે ફરજ બજાવતા શ્રી કિશોરભાઈ એસ. સોલંકીને તા. ૧૪-૧૦-૧૯૯૬નાં હુકમથી હાલ મળતા પગારધોરણનાં સ્ટેજથી નીચે ઉતારી મુળ પગાર પર મુકવાની સજા તેમજ તેની સામે પ્રથમ અપીલમાં ત્રણ સ્ટેજ ઉપર પાછા ઉતારી મુકવાની કરેલ સજા તથા તેઓએ કરેલ બીજી અપીલમાં સજામાં ઘટાડો કરી એક સ્ટેજ નીચે મુકવાની કરવામાં આવેલ સજા, એ ત્રણેય સજાનાં હુકમો રદ કરી સજાને કારણે થયેલ આર્થિક નુકસાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૫.

એ. આઈ. શેખ,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૯૫૦/ઔ.વિ.રે/૨૨૪/૦૪.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. ભાવનગર અને તેના શ્રમયોગીઓ વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/અ.ઈ.ડી.એ./૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦ (૧)થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી એચ. એમ. ગોહીલ, એ. ડબલ્યુ. એસ. ભાવનગરને વિભાગીય નિયામકશ્રી, ભાવનગરનાં તા. ૧૩-૧૧-૧૯૯૮નાં હુકમથી તેમજ પ્રથમ અપીલના તા. ૯-૪-૦૨નાં હુકમથી તેમજ બીજી અપીલમાં થયેલ હુકમથી હાલ મળતા પગાર ધોરણમાંથી એ. ડબલ્યુ. એસ.ની કક્ષાનાં પગાર ધોરણના મુળ પગાર રૂા. ૧૬૦૦-૦૦ પર મુકવાનો હુકમ રદ કરવો જોઈએ કે કેમ ? તેમજ તે મુજબ મળવાપાત્ર આર્થિક લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૫.

એ. આઈ. શેખ,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૯૫૧/ઔ.વિ.રે/૨૨૬/૦૪.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. ભાવનગર અને તેના કામયોગીઓ વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/અ.ઇ.ડી.એ./૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦ (૧)થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી એચ. એમ. ગોહીલ, એ.ડબલ્યુ.એસ. ભાવનગરને વિભાગીય કચેરીના તા. ૮-૧-૧૯૯૯નાં હુકમથી એ. ડબલ્યુ. એસ.ની કક્ષામાંથી હેડ આર્ટની કક્ષામાં મુકવાનો હુકમ કરી સજા કરવામાં આવેલ છે. આ હુકમ અને સજા રદ કરવા જોઈએ કે કેમ ? અને સજા પહેલાની મુળ સ્થિતિમાં મુકી અને એરીયર્સ સહીત મળવાપાત્ર તમામ આર્થિક લાભો ચુકવી આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૫.

એ. આઈ. શેખ,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૯૫૨/ઔ.વિ.રે/૨૨૭/૦૪.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થયેલ છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. ભાવનગર અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/અ.ઇ.ડી.એ./૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦ (૧)થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

નારણભાઈ એસ. ડાભી, કંડકટરને તા. ૨૮-૪-૧૯૯૭ના હુકમથી હાલ મળતા પગાર પરથી તાત્કાલીક અસરથી ત્રણ સ્ટેજ નીચે ઉતારી મુકવાનો હુકમ રદ કરી સજાને કારણે થયેલ આર્થિક નુકસાન એરીયર્સ સહીત ચુકવી આપવું જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૫.

એ. આઈ. શેખ,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૯૫૩/ઔ.વિ.રે/૨૨૮/૦૪.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. ભાવનગર અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

૨૦. વધુમાં અદાલતે જે ચુકાદો આપેલ છે તે ચુકાદામાં કોઈપણ કાયદાકીય કે હકીકતોની ભૂલ રહેલ નથી કે ક્ષતિ રહેલ નથી જેથી તે ચુકાદામાં કોઈ ફેરફાર કરવાનો કે તે ચુકાદા રદ્દ કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને તેથી આ અપીલ રદ્દ કરવાને પાત્ર ઠરે છે. નામદાર બોમ્બે હાઈકોર્ટ તથા નામદાર કલકત્તા હાઈકોર્ટે તેમનાં ચુકાદામાં જણાવેલ છે કે, જ્યાર કોઈ શ્રમયોગી સામે ખાતાકીય તપાસ કરવામાં આવે ત્યારે ખાતાકીય તપાસનાં અંતે તેમને બરતરફ કરવામાં આવે ત્યારે શ્રમયોગી તે બરતરફીનાં હુકમને મજુર અદાલતમાં પડકારે ત્યારે માલિક એવો બચાવ લઈ શકે નહીં કે આ શ્રમયોગી 'એમ્પ્લોઈ'ની વ્યાખ્યામાં આવતા નથી. જેથી માલિકને એસ્ટોપલને બાધ પડે છે. તે બોમ્બે હાઈકોર્ટનાં તથા કલકત્તા હાઈકોર્ટનાં ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતોને આ અદાલત પણ માન્ય રાખે છે. કારણ કે, આ કેસની હકીકતો પણ તે કેસમાં જણાવેલ હકીકતો સાથે સુસંગત થાય છે. પરંતુ શ્રમયોગી તરફે તેઓ શ્રમયોગી સને ૧૯૯૧ થી બેકાર અવસ્થામાં હોઈ અને તેઓને અન્ય કોઈ આર્થિક આવક ન હોઈ અને સામાવાળાને ૫૦ ટકા પગાર ચુકવવાનો જે હુકમ કરેલ છે અને ૧૦૦ ટકા પગાર મેળવવા તેઓ જે દાદ માગે છે તે રદ્દ પાત્ર ઠરે છે, કારણ કે, નીચેની મજુર અદાલત, જૂનાગઢે તેમની સમક્ષનાં ચુકાદામાં ૫૦ ટકા પગાર ચુકવવાનો જે નિર્ણય કરેલ છે. તેમાં કોઈ જ કાયદાની કે હકીકતની ભૂલ હોય તેમ જણાતું નથી. કારણ કે, સંસ્થા જે દસ્તાવેજો ઉપર આધાર રાખતી હોય તેવા દસ્તાવેજો ખાતાકીય તપાસ દરમિયાન તેણે રજૂ કરેલ નથી તે તમામ વિગતો મજુર અદાલતે તેમનું તારણ આપતી વખતે ધ્યાનમાં લીધેલ હોવાનું નીચેની મજુર અદાલત સમક્ષ રજૂ થયેલ રેકર્ડ જોતાં જણાય છે અને ગુન્હાનાં પ્રમાણમાં શિક્ષા વધુ પડતી કરેલ હોય તેમ માનેલ છે તે યોગ્ય છે તેમજ મજુર અદાલતે વધુમાં એમ પણ માનેલ છે કે, ખાતાકીય તપાસમાં આક્ષેપો પુરવાર થતાં ન હોવા છતાં તે પુરવાર માની જે શિક્ષા કરવામાં આવેલ છે તે શિક્ષા પણ વધુ પડતી છે આમ સમગ્ર કાર્યવાહીની મજુર અદાલતે જે મુલવણી કરેલ છે અને સંસ્થાએ કરેલ હુકમ રદ્દ કરેલ છે તે યોગ્ય, વાજબી અને ન્યાયી જણાય છે. આમ તેઓ અપીલ નંબર ૯/૦૩નાં કામમાં ૧૦૦ ટકા પાછલો પુરેપુરો પગાર મેળવવાની જે દાદ માગે છે તે

INDEX

દાદ મંજુર કરી શકાય તેમ ન હોઈ રદ્દ થવાને પાત્ર ઠરે છે.

૨૧. વળી બેંકની એવી દલીલ કે, મુળ બી.આઈ.આર. અરજી હાલનાં શ્રમયોગીને છૂટા કરવાનું પગલું ગેરકાયદેસર ફેરફાર જાહેર કરવા અંગે હતી તે દલીલ પણ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી કારણ કે, સંસ્થા તરફે નીચેની મજુર અદાલત જૂનાગઢ સમક્ષ કોઈ મૌખિક પુરાવો આપેલ નથી કે ખાતાકીય તપાસનાં દસ્તાવેજી પુરાવો પણ રજૂ કરવામાં આવેલ નથી. ઉપરાંત આ કામમાં ખાતાકીય તપાસનો મુદ્દો પણ છે. ખાતાકીય તપાસ જો યોગ્ય ન હોય તો તેવા સંજોગોમાં અદાલત સમક્ષ પુરાવો લેવા પરવાનગી આપવી જોઈએ જે બાબત ધ્યાનમાં લેવામાં આવી નથી તે દલીલ પણ માન્ય રાખી શકાય તેમ નથી કારણ કે, મજુર અદાલતે જે ચુકાદો આપેલ છે તે તેમની સમક્ષ પડેલા પુરાવાઓનું મૂલ્યાંકન કરીને આપેલ હોવાનું સ્પષ્ટ રીતે જણાય છે.

૨૨. મજૂર અદાલતે ચૂકાદો આપતી વખતે જે મુદ્દો ફ્રેમ કર્યા છે તેમાં -'એમ્પ્લોઈ'ની વ્યાખ્યામાં મૂળ કેસના અરજદાર આવે છે કે કેમ ? તે મુદ્દો જ નક્કી કરેલ નથી તે દલીલ પણ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી કારણ કે, નીચેની મજૂર અદાલતે તેમની સમક્ષ જે પુરાવાઓ પડેલાં હોય તે પુરાવાઓનાં આધારે મુદ્દાઓ નક્કી કરવાનાં હોય છે અને હાલનાં મજૂર અદાલતનાં ચુકાદામાં તેમ કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. વળી, ખાતાકીય તપાસ કાયદેસર છે તેવી અરજી મજૂર અદાલતમાં શ્રમયોગીએ આપેલ તેમ છતાં ખાતાકીય તપાસની કાયદેસરતાની મજૂર અદાલતે ચર્ચા કરીને તપાસ અયોગ્ય ઠેરવી છે તે દલીલ પણ માન્ય રાખી શકાય તેમ નથી. કારણ કે, દરેક કેસની હકીકતો અલગ અલગ હોય છે અને તે કેસની હકીકતોનાં અને તે કેસમાં અને રેકર્ડમાં રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓનાં આધારે અદાલતે ચુકાદો આપવાનો હોય છે અને હાલનાં કામમાં પણ નીચેની મજૂર અદાલતે પણ રેકર્ડમાં રજૂ થયેલ પુરાવાઓ લક્ષમાં લઈને જ ચુકાદો આપેલ હોવાનું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. મજૂર અદાલત દ્વારા આઈ.ડી. એક્ટની કલમ-૧૧-એ હેઠળ દાદ આપવામાં આવી છે તે અંગે નીચેની મજૂર અદાલતે વડી અદાલતનાં ચુકાદાઓમાં જણાવેલ હકીકતો લક્ષમાં લઈને પુરાવાનાં આધારે ચુકાદો આપેલ હોવાનું જણાય છે.

૨૩. મજૂર અદાલત, જૂનાગઢે તેમની સમક્ષનાં ચુકાદાનાં પાના-૧૧ ઉપરનાં બીજા પેરેગ્રાફમાં જણાવેલ છે કે, સજા વધુ પડતી છે એટલે ગકે, ગુન્હો સાબિત માનેલ છે તે ન્યાયી; યોગ્ય અને વાજબી રીતે તારણ કાઢેલ હોવાનું રેકર્ડ જોતાં જણાઈ આવે છે. નાણાંકીય ગોટાળા અંગેના જુદા જુદા ચુકાદાઓ રજૂ કરેલ છે તે ચુકાદાઓ ધ્યાનમાં લીધેલ નથી કે તેની ચર્ચા પણ કરેલ નથી તે હકીકત પણ માન્ય રાખી શકાય તેમ નથી. કારણ કે, મજૂર અદાલતે સમગ્ર પુરાવાઓનું મૂલ્યાંકન કરીને તેમની સમક્ષ પડેલા પુરાવાઓનાં આધારે ચુકાદો આપેલ હોવાનું સ્પષ્ટ જણાય છે.

૨૪. આ કામમાં બેંક તરફે જે ૨૦૦૦, એલ.આઈ.સી. પાન-૩૩૦૨, ૨૦૦૦, એલ.આઈ.સી. પાન-૧૧૯૦, ૨૦૦૦ એલ.આઈ.સી. પાન-૧૭૯૧, ૧૯૯૯ એલ.આઈ.સી. પાન-૨૭૦૩ નામદાર ગુજરાત હાઈકોર્ટ, ૧૯૯૯, એલ.આઈ.સી. પાન-૨૮૨૪ નામદાર સર્વોચ્ચ અદાલતનાં ચુકાદા,

INDEX

૨૦૦૩ (૧) સી.એલ.આર પાન-૭૧૨, ૨૦૦૩, (૧) સી.એલ.આર પાન-૫૩૨, ૧૯૯૯, એલ.એલ.આર પાન-૭૮૬, સને ૧૯૯૭, એલ.આઈ.સી. પાન-૧૫૮ ઉપરનાં નામદાર સર્વોચ્ચ અદાલતનાં ચુકાદા, ૧૯૯૪, (૨) એલ.એલ.જે. પાન-૯૦૬, ૧૯૯૭, એલ.આઈ.સી. પાન-૧૯૭૨ નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ચુકાદા, ૧૯૯૭, એલ.આઈ.સી. પાન-૨૧૪૮, ૧૯૯૫, (૨) એલ.એલ.જે. પાન-૧૮, ૨૦૦૨ (૧) સી.એલ.આર. પાન-૯૨૧, ૧૯૯૭, એલ.આઈ.સી. પાન-૨૬૭૩, ૧૯૮૫, (યુ.જે.) જી.એલ.એફ પાન-૨૦ નામદાર ગુજરાત હાઈકોર્ટે આપેલ ચુકાદાઓ રજૂ કરવામાં આવેલ છે. સદરહું ચુકાદાઓ જોતાં આ બંને અપીલોનાં કેસની હકીકતો અલગ અલગ હોઈ તે માન્ય રાખી શકાય તેમ નથી તેથી તે ચુકાદાઓ બેંકને મદદકર્તા થતા નથી.

૨૫. મજૂર અદાલતે ચુકાદો આપવામાં પોતાનું માઈન્ડ એપ્લાય કરેલ નથી અને ફક્ત અરજદાર પ્રત્યે તેમની ગેરકાયદેસર સહાનુભૂતિ દર્શાવેલ છે. આ ઉપરથી અદાલતનો ચુકાદો ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે તેથી ચુકાદો રદ થવાને પાત્ર ઠરે છે તે દલીલ પણ માન્ય રાખી શકાય તેમ નથી કારણ કે, દરેક ચુકાદામાં તે કેસમાં પડેલી અને રજૂ થયેલી હકીકતો અને પુરાવાઓનાં આધારે જ હંમેશા નિર્ણય લેવામાં આવતો હોય છે અને મજૂર અદાલત, જૂનાગઢે પણ તેમની સમક્ષનાં ચુકાદામાં ઉપર મુજબ કરેલ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે. મજૂર અદાલતે આ આક્ષેપ પુરવાર ન માનીને કાયદાની કોઈ જ ગંભીર ભૂલ કરેલ નથી. તેમજ કેસમાં પડેલ સમગ્ર રેકર્ડ ધ્યાનમાં લીધેલ છે. મજૂર અદાલતે બેંક વેઈજીસ અંગે જે તારણો આપેલ છે તે પુરાવા ધ્યાનમાં લીધા વગર આપેલ છે શ્રમયોગી બેક વેઈજીસ મેળવવા હક્કદાર થતા નથી તેમ છતાં મજૂર અદાલતે હાલનાં અરજદારને ૫૦ ટકા બેક વેઈજીસ ચૂકવવાનો હુકમ કરેલ છે તેમજ હાલનાં એંપેલેન્ટની દલીલો લક્ષમાં લીધેલ નથી તે દલીલ પણ માન્ય રાખી શકાય તેમ નથી. આમ છતાં મજૂર અદાલતે હાલનાં અરજદારને ખોટી સહાનુભૂતિ દર્શાવી અને ૫૦ ટકા જેટલું બેક વેઈજીસ અપાવી કાયદાની કોઈ જ પ્રકારની ગંભીર ભૂલ કરેલ હોવાનું જણાતું નથી. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, મજૂર અદાલતે પુરાવાનું સંપૂર્ણપણે અવલોકન કરેલ છે આમ તારણો આપવામાં નીચેની મજૂર અદાલતે કાયદાની કોઈજ ગંભીર કે સામાન્ય ભૂલ પણ કરેલ હોવાનું જણાતું નથી.

૨૬. મજૂર અદાલત, જૂનાગઢનાં ન્યાયાધીશશ્રીએ તેમની સમક્ષનાં કામમાં રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા, ખાતાકીય તપાસનાં દસ્તાવેજી પુરાવાઓ, જુબાનીઓ, રેકર્ડ વગેરે સંપૂર્ણપણે ધ્યાનમાં અને લક્ષમાં લીધેલ હોવાનું જણાય છે અને ત્યાર બાદ જ ચુકાદો આપેલ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે. આ સંજોગોમાં ઉપરોક્ત મૂળ બી.આઈ.આર. અરજી નંબર ૨૨/૨૦૦૧માં સંબંધિત સામાવાળાને નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો તેમજ ૫૦ ટકા બેક વેઈજીસ આપવા અંગેનો જે ચુકાદો આપેલ છે તેમાં કોઈજ કાયદાની કે હકીકતની કોઈ જ ભૂલ રહી જવા પામેલ હોવાનું સ્પષ્ટ રીતે પુરવાર કરવામાં બંને પક્ષકારો નિષ્ફળ નીવડે છે.

૨૭. આમ ઉપરોક્ત તમામ હકીકતો અને સંજોગો જોતાં હાલની બંને અપીલો નંબર ૬/૦૩ તેમજ અપીલ નંબર ૯/૦૩ નાં અરજદારો એ હકીકત પુરવાર કરી શકેલ નથી કે, નીચેની મજૂર

INDEX

અદાલત, જૂનાગઢે તેમની સમક્ષની બી.આઈ.આર. અરજી નંબર ૨૨/૦૧માં તા. ૨૭-૬-૨૦૦૩નાં રોજ આપેલ ચુકાદામાં કોઈ જ કાયદાની કે હકીકતની ભૂલ કરેલ છે. આ સંજોગોમાં ૫૦ ટકા પાછલું વળતર અપાવવાની અને સંબંધિત સામાવાળાને નોકરીમાં પુનઃસ્થાપિત કરવામાં મજૂર અદાલત, જૂનાગઢે કોઈ જ કાયદાની કે હકીકતની ભૂલ કરેલ હોવાનું સ્પષ્ટ રીતે પુરવાર થતું નથી. આથી પણ મજૂર અદાલત, જૂનાગઢનાં ઉપરોક્ત ચુકાદામાં હસ્તક્ષેપ કરવાની આ અદાલતને જરૂર જણાતી નથી.

૨૮. ઉપરોક્ત સંજોગો અને હકીકતો જોતાં આ કામમાં ઉપર મુજબ ઠરાવી નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી અપીલ નંબર ૬/૦૩ આથી રદ કરવામાં આવે છે.

અપીલ નંબર ૬/૦૩નાં કામમાં તારીખ ૨૨-૭-૨૦૦૩નાં રોજ આંક-૪થી આપવામાં આવેલ કામચલાઉ મનાઈ હુકમ આથી ઉઠાવી લેવામાં આવે છે.

અપીલ નંબર ૯/૦૩ પણ આથી રદ કરવામાં આવે છે.

મુજૂર અદાલત જૂનાગઢે આ હુકમની એક નકલ મોકલી આપવી.

ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ, તારીખ ૨૦મી જુન,૨૦૦૫.

એ. જે. રાચ્છ,
ઔદ્યોગિક અદાલત, નંબર ૨, ગુજરાત,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૧૪મી જુલાઈ, ૨૦૦૫.

(સહી) અવાચ્ય,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સબંધક અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

I-L—494 સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sanch Nibandhak, of *Gujarat Government Gazette*, Part I—L should be *read* to have been published in Issue No. 31, *Gujarat Government Gazette*, Part I—L, dated 4th August, 2005 and for pages VAD-3991 to 4017 (in I sue) *read* page Nos. 4018 to VAD-4624.

ટિપ્પણી

શ્રમ આયુક્ત, નાયબ શ્રમ આયુક્ત, મદદનીશ શ્રમ આયુક્ત, અને સહાયક સંચ નિબંધક દ્વારા વખતો વખત જાહેરનામાઓ ગુજરાત સરકારના રાજપત્ર ભાગ-૧-બીજા માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે વાંચીએ જતી ઓવરસ્ટ, ૨૮૦૫ના ગુજરાત સરકારના રાજપત્ર ભાગ-૧-બીજા ના પાને ૩૧ માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીઆઈ-૩૯૯૧ થી ૪૦૧૭ (૧ પંચમાં) ને બદલે પાના નંબર ૪૦૧૮ થી વીઆઈ-૪૬૨૪ વાંચવા.

Vadodara, 4th August, 2005.

S. J. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમબીસી/બીએચએ/એજેબી/આઈડીઆર/૪૨૭૪/૫૭/૦૫.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર અને તેના શ્રમયોગીશ્રી જતીનભાઈ શાંતીભાઈ ડાભી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડી/૧૦૭૨/૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા કલમ (૧) ની સાથે પેટા-વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી વિ.વિ. મહેતા, મદદનીશ શ્રમ આયુક્ત, ભાવનગર મજુર અદાલત ભાવનગરને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી જતીનભાઈ શાંતીભાઈ ડાભીને છુટા કર્યા તા. ૧-૮-૧૯૯૨થીતેમના પડેલા દિવસોના પૂરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભાવનગર, તારીખ ૨૧મી જુન, ૨૦૦૫.

વિ. વિ. મહેતા,
મદદનીશ શ્રમ આયુક્ત,
ભાવનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક/કેએચ/એસએચએમસી/૨./૫૫/૨૦૦૫.- મદદનીશ શ્રમ આયુક્તશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, આલેખન અને ગુણવત્ત નિયમન પેટા વિભાગ, બહુમાળી ભવન રેસકોર્સ-રાજકોટ. અને તેના શ્રમયોગીશ્રી લાલજીભાઈ મંગળભાઈ સોલંકી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૩૮ (૩)ઝથી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૩)ના પેટા-વિભાગ-૧ની કલમ-"સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિની -૨ની આઇટમ નં. ૧ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તશ્રીને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર મુજબ જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની પેટા-વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. જી. પટેલ, મદદનીશ શ્રમ આયુક્તશ્રી, સુરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૮૨/સા/ઈડીએ-૧૦૯૦/૪૬૩૫ (એ) એમ (૪)થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી લાલજીભાઈ મંગળભાઈ સોલંકીને તા. ૧-૪-૨૦૦૦થી તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૨૨મી જુન, ૨૦૦૫.

એમ. જી. પટેલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
સુરેન્દ્રનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક/કેએચ/એસએચએમસી/૨./૫૬/૨૦૦૫.- મદદનીશ શ્રમ આયુક્તશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ યોજના, પેટા-વિભાગ-લીંબડી અને તેના શ્રમયોગીશ્રી ભગીરથસિંહ ભરતસિંહ રાણા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૩૮ (૩)ઝથી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૩)ના પેટા-વિભાગ-૧ની કલમ-"સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિની -૨ની આઇટમ નં. ૧ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તશ્રીને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર મુજબ જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની પેટા-વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. જી. પટેલ, મદદનીશ શ્રમ આયુક્તશ્રી, સુરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૮૨/સા/ઈડીએ-૧૦૯૦/૪૬૩૫ (એ) એમ (૪)થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ભગીરથસિંહ ભરતસિંહ રાણાને તા. ૧-૪-૨૦૦૩થી તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૨૨મી જુન, ૨૦૦૫.

એમ. જી. પટેલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
સુરેન્દ્રનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક/કેએચ/એસએચએમસી/રે./૧૪૯/૨૦૦૫.- મદદનીશ શ્રમ આયુક્તશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર મેનેજરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ., મુ. લખતર તા. લખતર અને તેના શ્રમયોગીશ્રી દિનેશ મોહનલાલ સોલંકી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૩૮ (૩)ઝથી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૩)ના પેટા-વિભાગ-૧ની કલમ-"સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિની -૨ની આઇટમ નં. ૧ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તશ્રીને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર મુજબ જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની પેટા-વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. જી. પટેલ, મદદનીશ શ્રમ આયુક્તશ્રી, સુરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૮૨/સા/ઈડીએ-૧૦૯૦/૪૬૩૫ (એ) એમ (૪)થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી દિનેશ મોહનલાલ સોલંકીને તા. ૯-૭-૧૯૮૫થી તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૨૨મી જુન, ૨૦૦૫.

એમ. જી. પટેલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
સુરેન્દ્રનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક/કેએચ/એસએચએમસી/૨./૨૪૦/૨૦૦૫.- મદદનીશ શ્રમ આયુક્તશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત-ચોટીલા અને તેના શ્રમયોગીશ્રી રાજેશભાઈ ભાનુશંકર દવે વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૩૮ (૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૩)ના પેટા-વિભાગ-૧ની કલમ-''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિની -૨ની આઇટમ નં. ૧ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તશ્રીને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુમ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર મુજબ જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની પેટા-વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. જી. પટેલ, મદદનીશ શ્રમ આયુક્તશ્રી, સુરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૮૨/સા/ઈડીએ-૧૦૯૦/૪૬૩૫ (એ) એમ (૪)થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રાજેશભાઈ ભાનુશંકર દવેને તા. ૧-૧-૨૦૦૫થી તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૨૨મી જુન, ૨૦૦૫.

એમ. જી. પટેલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
સુરેન્દ્રનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા.

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક/કેએચ/એસએચએમસી/૨./૨૩૭ થી ૨૩૯/૨૦૦૫.- મદદનીશ શ્રમ આયુક્તશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર આર્ટસન સિરામીક પ્રા. લિ., જામવાડી મુ. થાનગઢ તા. ચોટીલા અને તેના શ્રમયોગીશ્રી રત્નાભાઈ રૂપાભાઈ + અન્ય ૨ (બે) શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૩૮ (૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૩)ના પેટા-વિભાગ-૧ની કલમ-"સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિની -૨ની આઇટમ નં. ૧ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તશ્રીને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર મુજબ જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની પેટા-વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. જી. પટેલ, મદદનીશ શ્રમ આયુક્તશ્રી, સુરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૮૨/સા/ઈડીએ-૧૦૯૦/૪૬૩૫ (એ) એમ (૪)થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) શ્રી રત્નાભાઈ રૂપાભાઈ (૨) શ્રીમતી લક્ષ્મીબેન રત્નાભાઈ (૩) શ્રીમતી નાનુબેન રત્નાભાઈને તા. ૧૫-૩-૨૦૦૫થી તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૨૨મી જુન, ૨૦૦૫.

એમ. જી. પટેલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
સુરેન્દ્રનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક: કેએચ/એસએચએમસી/૩૮૪૧૭/૫.૨./આઈડીઆર/એજે/૩૦/૦૫.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર, એગ્રીમોર લી. અતુલ જિ. વલસાડ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧-૧૭૩/આઈડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ (૨)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯,૧૦, ૧૧ સીવાય) ૧૦૦કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ અને ૧૯૪૭ માંની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, અમદાવાદ આથી ઔદ્યોગીક ન્યાયપંચ, સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણી નંબર ૧ : આપશ્રીની તા. ૩૧-૧-૨૦૦૫ની નોટીસોની કાયદેસરતા ઔચિત્યના યથાથતા બાબત આપની મજકુર તારીખથી નોટીસો અને તેમાં લેવાયેલ નીર્ણય ગેરકાયદેસર ગેરવ્યાજબી અને અયોગ્ય હોય તે રદ થવાપાત્ર છે. આડી.ડી. એક્ટની કલમ-૨૫ ઓની જોગવાઈઓ તે તેમજ ૨૫-એફ એનની જોગવાઈઓ વિરૂદ્ધ તેમજ સ્ટેન્ડીંગ ઓર્ડસની જોગવાઈઓ વિરૂદ્ધ હોઈ મુળત વાઈડ એબ એનીશઓ હોઈ શ્રમયાગીઓ/કર્મચારીઓ/નોકર/ફરજો ઉપર ચાલુ છે તેમ ગણી તેમનો કાયદેસરનો તે માસે મળવાપાત્ર પગાર તેઓને મળવા પાત્ર હોય તે અટકાવવો નહી કે કેમ ?

માંગણી નંબર ૨ : હસ્તાતરણ આઈ.ડી.એક્ટની જોગવાઈઓ વિરૂદ્ધ અને શ્રમયોગીઓ/કર્મચારીઓ હક્ક લાભો ડુબાડવાના બદઈરાદે એકબીજાના મેળાપીપણામાં તેમજ બોગસ અને આભાસી હોઈ તમામ શ્રમયોગીઓ/કર્મચારીઓને પુર્વવત ફરજો ઉપર ચાલુ રાખવા. તેમની નોકરી/ફરજો ખંડીત કરવી નહી કે નોકરીની શરતોમાં ફેરફાર કરવો નહીં કે નોકરીની શરતોમાં કોઈ ફેરફાર કરવો નહી કે કેમ ?

INDEX

માંગણી નંબર ૩ : વેચાણ આપનાર અને વેચાણ લેનાર બંન્ને એક જ મેનેજમેન્ટ અને તે અતુલ ગ્રુપની એકજ સ્થળ અને વિસ્તારમાં આવેલ જુદી જુદી ભગીની કંપની પૈકીની એક કંપની છે. તેનો સમગ્ર વહિવટ અંકુશ અને સંચાલન પણ એક જ મેનેજમેન્ટ કરતી આવેલ છે અને પોતાની સગવડ અનુસાર આવા નામો આ અગાઉ પણ બદલાતા રહેલ છે. અને કાયદાની માયાજાળ ઉભી કરી માત્ર હસ્તાતરણનો ડોળ ઉભો કરવામાં આવતો હોય છે પરંતુ અગાઉ જ્યારે આ ફેક્ટરી હજાર આવા બનાવટી હસ્તાતરણથી નામફેર થયેલ ત્યારે શ્રમયોગી/કર્મચારીઓની સળંગ નોકરી તેમજ નોકરીની શરતોમાં કોઈ ફેરફાર થયેલ નથી તે મુજબ હાલમાં પણ યથાવત નોકરી શરતો તેમજ સળંગ નોકરી સાથે તમામ શ્રમયોગી/કર્મચારીઓની ફરજો પણ ચાલુ રાખવી જોઈએ કે કેમ ?

માંગણી નંબર ૪ : ફેક્ટરી યુનીટ ચાલુ રહેવાનું કોઈ અને સંસ્થામાં ૧૦૦ કરતાં શ્રમયોગીઓ વધારે શ્રમયાગીઓ અથવા કર્મચારીઓ હાજરીપત્રક ઉપર નંબર-૧ના ક્લોઝર અંગેની કોઈ પરવાનગી આઈ.ડી.એક્ટ મુજબ સક્ષમ સત્તાધિકારીશ્રીની મેળવેલ ન હોઈ કે સંસ્થામાં કામ કરતાં શ્રમયોગી/કર્મચારીઓ સંખ્યા સરપ્લસ છે માટે છટણી અંગેની કાયદેસરની કાર્યવાહી કરી કે મંજુરી સક્ષમ સત્તાદિકારીશ્રી પાસેથી મેળવેલ ન હોઈ નંબર-૧નો યુનીટ બંધ કરવા અંગેનો નિર્ણય તેમજ નંબર-૨નો નવસરથી અને તેમની શરતોએ નોકરીમાં ચાલુ રાખવાનો નીર્ણય પણ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી અને અયોગ્ય તેમજ ઈનઓપરેટીવ ઈન ફેક્ટરી હોઈ તમામ અસર કરતા શ્રમયોગી/કર્મચારીઓને તેમના તમામ આનુસાંગીક હક્ક લાભો પગાર સહિતના ચાલુ રાખવા જોઈએ કે કેમ ?

માંગણી નંબર ૫ : સંસ્થાના તમામ શ્રમયોગી/કર્મચારીઓ તા. ૧-૨-૨૦૦૫ના રોજથી દરરોજ સતત નિયમીત રીતે નોકરી/ફરજો બજાવવા સંસ્થાના મેઈન ગેટ ઉપર હાજર થવા છતાં તમો ફક્ત ઓફીસ સ્ટાફના અને મેનેજમેન્ટના પસંદગીના શ્રમયોગી/કર્મચારીઓને જ ફરજો બજાવવા હાજર થવા છતાં અન્ય બાકી તમામ ૧૯૯ શ્રમયોગી/કર્મચારી સામે તા. ૧-૨-૨૦૦૫ના રોજથી લોક આઉટ જાહેર થયેલ છે અને તે ચાલુ રાખેલ છે. તમોએ એકતરફી મનસ્વી અને ગેરકાયદેસર રીતે આ તમામ શ્રમયોગી/કર્મચારીઓને તેમની નોકરી/ફરજો પર ચઢતા અટકાવી લોકઆઉટ કરેલ હોઈ તેમના સામેનો લોકઆઉટ ઉઠાવી લઈ તેઓને તેમની ફરજો ઉપર હાજર કરી કામની સોંપણી પૂર્વવત કરવામાં ન આવે ત્યાં સુધીનો પગાર તમામ આનુસાંગીક હક્ક લાભો સહીત ચુકવી આપવો જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૯મી જુન, ૨૦૦૫.

સુનયના તોમર,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંકઃ કેએચ/એસએચએમસી/૩૮૪૧૯/૫.૫./આઈડીઆર/એજે/૬/૦૫.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર, ડાયમન્ડ કેબલ્સ લીમીટેડ મુ. વડદલા તા. સાવલી જિ. વડોદરા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રાજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૧૯૮૨-૨૬૦/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૧)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ અને (૧૯૪૭માં)ની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણીઓનું પરિશિષ્ટ

માંગણી નંબર ૧ : સંસ્થામાં કામ કરતા શ્રમયોગીઓને હાલમાંજે પગાર મળે છે તે ઉપરાંત દર માસે રૂા. ૧૫૦૦-૦૦ પગાર વધારો આપવો જોઈએ કે કેમ ?

માંગણી નંબર ૨ : દરેક શ્રમયોગીઓને દર માસે રૂા. ૫૦૦-૦૦ ઘરભાડા ભથ્થું આપવું જોઈએ કે કેમ ?

માંગણી નંબર ૩ : દરેક શ્રમયોગીઓને દર વર્ષે બે જોડી સારી જાતના યુનીફોર્મ આપવા જોઈએ કે કેમ ?

માંગણી નંબર ૪ : દરેક શ્રમયોગીઓને દર વર્ષે એક જોડી જોડી બુટ શેફટી શુઝો આપવા જોઈએ કે કેમ ?

INDEX

માંગણી નંબર ૫ : દરેક શ્રમયોગીઓને દર માસે રૂા. ૧૦૦-૦૦ વોશીંગ એલાઉન્સ આપવું જોઈએ કે કેમ ?

માંગણી નંબર ૬ : દરેક શ્રમયોગીઓને દર વર્ષે ૨૫ દિવસની હક્ક રજા, ૧૦ દિવસની માંદગીની રજાઓ, ૧૦ દિવસની તહેવારની રજાઓ, ૧૦ દિવસની કેજયુઅલ રજાઓ આપવી જોઈએ કે કેમ ?

માંગણી નંબર ૭ : દરેક શ્રમયોગીઓને દર વર્ષે રૂા. ૨૦૦૦-૦૦ મુસાફરી ભથ્થું આપવું જોઈએ કે કેમ ?

માંગણી નંબર ૮ : દરેક શ્રમયોગીઓને હાથ ધોવા માટે ચાર નંગ લાઈફબોય સાબુ આપવા જોઈએ કે કેમ ?

માંગણી નંબર ૯ : દરેક શ્રમયોગીઓને કંપનીએ પચાસ હજાર રૂપિયાનો મેડીક્લેઈમ ઉતારવો જોઈએ કે કેમ ?

માંગણી નંબર ૧૦ : જે શ્રમયોગી ઓપરેટર હોય તો તેમને મશીન ઓપરેટરનું કામ આપવું જોઈએ કે કેમ ?

માંગણી નંબર ૧૧ : કંપનીમાં કામ કરતા શ્રમયોગીઓને ચાલુ ફરજ દરમ્યાન અકસ્માત થાય તો કંપનીએ તાત્કાલિક વાહનની વ્યવસ્થા કરી ખાનગી દવાખાનામાં સારવાર કરાવી અને દવાખાનાનો તમામ ખર્ચ તેમજ ભરપગારી રજા આપવી જોઈએ કે કેમ ?

માંગણી નંબર ૧૨ : કંપનીમાં કામ કરતા શ્રમયોગીઓની બીજી શાખામાં ટ્રાન્સફર કરતી વખતે પગાર વધારો તથા રહેવાની વ્યવસ્થા તથા આવવા જવાનો તેમજ ટ્રાન્સપોર્ટીંગ ખર્ચ આપવો જોઈએ કે કેમ ?

માંગણી નંબર ૧૩ : પરિશિષ્ટ 'અ'માં દર્શાવેલ શ્રમયોગીઓને અને તેમના નામની સામે દર્શાવેલ હોદો ઓળખકાર્ડમાં લખી આપવું જોઈએ કે કેમ ?

પરિશિષ્ટ 'અ'

અનુ. નંબર	શ્રમયોગીનું નામ	હોદો
૧.	શ્રી રંગીનસિંહ છત્રસિંહ ગોહીલ	સ્ટેન્ડીંગ ઓપરેટર
૨.	„ શંકરભાઈ આર. પરમાર	સ્ટેન્ડીંગ ઓપરેટર
૩.	„ શૈલેષભાઈ પી. રાવલ	ફરનેશ ઓપરેટર
૪.	„ ધુળાભાઈ બી. પાટણવાડીયા	વાયરડ્રોઈંગ ઓપરેટર

INDEX

અનુ. નંબર	શ્રમયોગીનું નામ	હોદો
૫.	શ્રી ફતેસિંહ સી. ગોહીલ	વાયરડ્રોઈંગ ઓપરેટર
૬.	„ લક્ષ્મણ એસ. ચૌહાણ	વાયરડ્રોઈંગ ઓપરેટર
૭.	„ મંગળ એમ. વસાવા	વાયરડ્રોઈંગ ઓપરેટર
૮.	„ હર્ષદ ડી. પટેલ	ડાયપોલીસ ઓપરેટર
૯.	„ વિનોદભાઈ ચંદેલ	ક્યુસી ડીપાર્ટમેન્ટ
૧૦.	„ ઘનશ્યામ બી. ગોહીલ	બુલ બ્લોક ઓપરેટર
૧૧.	„ રોહીત પાટણવાડીયા	એક્સુડર મશીન ઓપરેટર
૧૨.	„ કિશોર સી. ચિત્તે	સ્ટેન્ડીંગ ઓપરેટર
૧૩.	„ રવિન્દ્ર આર. ચાવડા	સ્ટેન્ડીંગ ઓપરેટર
૧૪.	„ શંકર એસ. પરમાર	સ્ટેન્ડીંગ ઓપરેટર
૧૫.	„ લાલુ ડી. ગોહીલ	સ્ટેન્ડીંગ ઓપરેટર
૧૬.	„ છત્રસિંહ એ. પરમાર	ફરનેશ ઓપરેટર
૧૭.	„ પુજાભાઈ આર. ગોહીલ	બુલ બ્લોક ઓપરેટર
૧૮.	„ મહેન્દ્ર એસ. રાઠોડ	વાયરડ્રોઈંગ ઓપરેટર
૧૯.	„ જાકીર આઈ. મન્સુરી	વાયરડ્રોઈંગ ઓપરેટર
૨૦.	„ હીરાબાઈ બી. જાદવ	વાયરડ્રોઈંગ ઓપરેટર
૨૧.	„ કિરણ આર. ગોહીલ	વાયરડ્રોઈંગ ઓપરેટર
૨૨.	„ ગોપાલ જી. ગોહીલ	વાયરડ્રોઈંગ ઓપરેટર
૨૩.	„ ભાઈલાલભાઈ બી. ગોહીલ	વાયરડ્રોઈંગ ઓપરેટર
૨૪.	„ જસુભાઈ ડી. વાઘેલા	સ્ટેન્ડીંગ ઓપરેટર
૨૫.	„ રમેશ ડી. ગોહીલ	સ્ટેન્ડીંગ ઓપરેટર
૨૬.	„ અકબર રાઠોડ	સ્પુલીંગ મશીન ઓપરેટર
૨૭.	„ કાનજી પાટણવાડીયા	લેઈન મશીન ઓપરેટર

INDEX

અનુ. નંબર	શ્રમયોગીનું નામ	હોદ્દો
૨૮.	શ્રી મંગળ ગોહીલ	સ્પુલીંગ મશીન ઓપરેટર
૨૯.	„ છત્રસિંહ પઢિયાર	એક્સ્ટુડર મશીન ઓપરેટર
૩૦.	„ કંરજીત સેગર	રોટરી મશીન ઓપરેટર
૩૧.	„ સીરાજઉદ્દીન શેખ	રીપેરીંગ એન્ડ ટેસ્ટીંગ
૩૨.	„ સુર્યભાન	રોટરી મશીન ઓપરેટર
૩૩.	„ કંચન હળપતિ	એક્સ્ટુડર મશીન ઓપરેટર
૩૪.	„ ખુમાનસિંહ ગોહીલ	લેઈન મશીન ઓપરેટર
૩૫.	„ પ્રવિણ વાઘેલા	સ્પુલીંગ મશીન ઓપરેટર
૩૬.	„ છોટેલાલ ચૌહાણ	રીપેરીંગ એન્ડ ટેસ્ટીંગ
૩૭.	„ કાલુભાઈ ગોહીલ	સ્પુલીંગ ઓપરેટર
૩૮.	„ પ્રમોદ કેસારકર	સ્ટેન્ડીંગ ઓપરેટર
૩૯.	„ રણછોડ ડી. ગોહીલ	વાયરડ્રોઈંગ ઓપરેટર
૪૦.	„ દીલીપ એસ. ગોહીલ	વાયરડ્રોઈંગ ઓપરેટર
૪૧.	„ અરવિંદ આર. રાઠોડ	વાયરડ્રોઈંગ ઓપરેટર
૪૨.	„ અંબાલાલ વી. ગોહીલ	સ્ટેન્ડીંગ ઓપરેટર
૪૩.	„ સોમા એમ. ગોહીલ	વાયરડ્રોઈંગ ઓપરેટર
૪૪.	„ કમલેશ જે. શાહ	ઓપરેટર
૪૫.	„ જસવંત એન. પરમાર	સ્ટોરકીપર
૪૬.	„ બહાદુર ગોહીલ	વેલ્ડર કમ ફીટર
૪૭.	„ દીનેશ ડી. પાટણવાડીયા	વેલ્ડર કમ ફીટર
૪૮.	„ મહેન્દ્ર ડી. વાઘેલા	ઈલેક્ટ્રીશીયન
૪૯.	„ મોહન પરમાર	ઈલેક્ટ્રીશીયન

અમદાવાદ, તારીખ ૨૯મી જુન, ૨૦૦૫.

સુનયના તોમર,
શ્રમ આયુકત,
ગુજરાત રાજય, અમદાવાદ.

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૮૪૨૦/૫.૨/આઈડીઆર/એજે/૬/૨૦૦૫.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત પેટ્રો સિન્થેટીક લી. રણોલી, Po. પેટ્રોફીલ્સ, જિ. વડોદરા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨૦૦૧-૧૭૩-આઈડીએ-૧૦૨૦૦૧-૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઈટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭, (સને ૧૯૪૭ના ૧૪માંની) કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું શ્રમ આયુક્ત, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

" માંગણીઓનું પરિશિષ્ટ " — "અ"

માંગણી નં. ૧ :—પગાર સ્કેલ :-સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને પગાર સ્કેલ નીચે પ્રમાણે છે તેમાં બેઝિકમાં રૂા. ૫૦૦/- નો વધારો આપવો જોઈએ કે કેમ ?

(૧) ૯૮૦-૨૫-૧૦૮૦-૩૦-૧૨૦૫-૩૫-૧૩૫૫-૪૦-૧૫૩૦-૪૫-૧૭૩૦

(૨) ૧૦૭૦-૪૫-૧૨૭૦-૫૦-૧૪૯૫-૫૫-૧૭૪૫-૬૦-૨૦૨૦-૬૫-૨૩૨૦

(૩) ૧૩૬૦-૫૦-૧૫૮૫-૫૫-૧૮૩૫-૬૦-૨૧૧૦-૬૫-૨૪૧૦-૭૦-૨૭૩૫

(૪) ૧૭૭૫-૬૦-૨૦૭૫-૭૦-૨૪૦૦-૮૦-૨૭૫૦-૯૫-૩૧૨૫-૯૦-૩૫૨૫

(૫) ૨૦૫૦-૮૦-૨૪૦૦-૮૫-૨૭૭૫-૯૦-૩૧૭૫-૯૦-૩૬૦૦-૧૦૦-૪૦૫૦

INDEX

માંગણી નં. ૨ :–મોંઘવારી ભથ્થું :-સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને દર માસે ડી.એ. રૂા. ૪૫૦/- મળે છે તે વધારીને રૂા. ૭૦૦/- આપવા જોઈએ કે કેમ ? તેમજ વી.ડી. એની ગણતરી પર પોઈન્ટ ૭૦ પૈસા વધારીને રૂા. ૩/- લેખે કરી આપવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૩ :–એલ. ટી. એ. :- સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને હાલમાં રૂા. ૧૦૦/- લેખે દર મહિને મળે છે તેને બદલે બેઝિક + ફી. ડી. એ. + વી. ડી. એ.નો સરવાળો કરીને તેની ચુકવણી ત્રિમાસીક કરવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૪ :–મેડીકલ એલાઉન્સ :- સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને હાલમાં રૂા. ૫૦/- લેખે દર મહિને મળે છે તેને વધારી રૂા. ૨૦૦/- કરી આપવો જોઈએ કે કેમ ? (વર્ષનો બેઝિક ત્રિમાસિક ચુકવણીમાં મળે છે તે વધારીને બેઝિક + ફી. ડી. એ. + વી. ડી. એ. ગણતરીમાં લઈને તેની ચુકવણી ત્રિમાસીક કરવી જોઈએ કે કેમ ?)

માંગણી નં. ૫ :–હાજરી બોનસ :-સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને હાલમાં દર મહીને રૂા. ૫૦/- મળે છે તે વધારીને રૂા. ૧૦૦/- કરી આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૬ :–સાયકલ એલાઉન્સ :-સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને દર માસે રૂા. ૨૫/- મળે છે તે વધારીને રૂા. ૨૦૦/- મળે તે રીતે કરી આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૭ :–ફાયર એલાઉન્સ :-સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને હાલમાં રૂા. ૪૦/- ફાયર એલાઉન્સ મળે છે તે વધારીને રૂા. ૨૫૦/- દર મહીને મળે તેમ કરી આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૮ :–વોશીંગ એલાઉન્સ :-સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને હાલમાં દર મહીને રૂા. ૫૦/- લેખે મળે છે તે વધારીને રૂા. ૧૦૦/- વોશીંગ એલાઉન્સ કરી આપવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૯ :–એચ. આર. એ. :-સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને એચ. આર. એ. બેઝિકના ૩૦% મળે છે તે વધારીને બેઝિકના ૪૦% કરી આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૦ :–લોંગ સર્વિસ એલાઉન્સ :-સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને હાલમાં મળતા રૂા. ૨૦૦/- સુધીનો વધારો કરવો જોઈએ કે કેમ ? કેમ કે જે શ્રમયોગીને નોકરીમાં પાંચ વર્ષ પુરા થયા હોય તેમને મળવું જોઈએ કે કેમ ?

INDEX

માંગણી નં. ૧૧ :–યુનિફોર્મ :-સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને દર વર્ષે બે જોડી યુનિફોર્મ મળે છે તે વધારીને ત્રણ જોડી આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૨ :–યુનિફોર્મની સિલાઈ :-સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને દર બે જોડીએ રૂા. ૧૫૦/- મળે છે તે વધારીને ત્રણ જોડીના રૂા. ૫૦૦/- આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૩ :–ગરમ જર્શી :-સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને દર ત્રણ વર્ષે મળે છે તે દર બે વર્ષે રેમન્ડની આપવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૪ :–રેઈનકોટ :-સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને દર ત્રણ વર્ષે મળે છે તે દર બે વર્ષે ડકબેકનો આપવો જોઈએ કે કેમ ? તેમજ રેઈનકોટને બદલે પેન્ટ, જર્શી આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૫ :–ગમ બુટ :-સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને દર ત્રણ વર્ષે આપવા જોઈએ કે કેમ ? તેમજ વરસાદી બુટ દર બે વર્ષે દરેક શ્રમયોગીને આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૬ :–ટુવાલ નેપકીન :-સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને દર વર્ષે ટુવાલ નેપકીન મળે છે તે સારી કવોલીટીના આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૭ :–સાબુ :-સંસ્થામાં કામ કરતાં તમામ શ્રમયોગીઓને દર મહિને એક નંગને બદલે બે નંગ આપવા જોઈએ કે કેમ ? (લાઈફબોય અથવા લક્સ)

માંગણી નં. ૧૮ :–કાચનો ગ્લાસ :-સંસ્થામાં કામ કરતાં તમામ શ્રમયોગીઓને દર વર્ષે કાચના ગ્લાસ મળે છે તે દર ત્રણ મહિને આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૯ :–સેફટી બુટ :-સંસ્થામાં કામ કરતાં તમામ શ્રમયોગીઓને બાટા કંપનીના સેફટી બુટ આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૨૦ :–રજાઓ :-સંસ્થામાં કામ કરતાં તમામ શ્રમયોગીઓને નીચે પ્રમાણેની રજાઓ ભરપગારી આપવી જોઈએ કે કેમ ?

(૧) કેજયુઅલ રજા :- હાલમાં વર્ષે ૧૦ દિવસની મળે છે તે વધારી ૧૫ દિવસ.

INDEX

(૨) **સીકલીવ** :- હાલમાં ૧૦ મળે છે તે વધારીને ૧૫ દિવસની.

(૩) **હક્ક રજા** :- હાલમાં ૨૪ મળે છે તે વધારીને ૩૦ દિવસની.

(૪) **શોર્ટ લીવ** :- બે કલાકની મહીનામાં જ બે વખત આપવી ખાસ કરીને પહેલી પાળીમાં કામ કરતા શ્રમયોગીઓને નોકરીમાં આવવાની રાહત રહે.

માંગણી નં. ૨૧ :- **શીફ્ટ એલાઉન્સ** :-પહેલી પાળીમાં કામ કરતાં શ્રમયોગીને રૂા. ૫/- લેખે. બીજી પાળીમાં કામ કરતા શ્રમયોગીને રૂા. ૧૦/- લેખે તથા ત્રીજી પાળીમાં કામ કરતાં શ્રમયોગીને રૂા. ૧૫/- લેખે ચુકવવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૨૨ :- **કેળવણી ભથ્થું** :-સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને હાલમાં રૂા. ૨૭૫/- મળે છે તે વધારીને રૂા. ૩૫૦/- લેખે કરી આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૨૩ :- **મેડીકલ એલાઉન્સ** :- મોટી બિમારીમાં દવાખાનાના બીલમાં ૧૦૦% બીલ કંપનીએ સીધુંજ દવાખાનામાં ભરી દેવું જોઈએ કે કેમ ? દા.ત. કેન્સર, કીડની રોગ, એઈડસ, લકવો, હ્રદયરોગ.

માંગણી નં. ૨૪ :- **આકસ્મિક મૃત્યુ** :-જે શ્રમયોગીના આશ્રિતનું મૃત્યુ થાય તો તેવા સંજોગોમાં તાત્કાલિન લોન પેટે કંપનીએ રૂા. ૫૦૦૦/- ચુકવવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૨૫ :- **વીમા પોલીસી** :-દરેક શ્રમયોગીને ૨૪ કલાકનો વીમો (પોલીસી) મળતો હતો તે કંપનીએ શ્રમયોગીને જાણ કર્યા વગર બંધ કરેલ છે તે ચાલુ કરી આપવો જોઈએ કે કેમ ?

દિપાવલીમાં શુભ માંગલિક પ્રસંગે દરેક શ્રમયોગીને રૂા. ૧૫૦૦/- થી રૂા. ૧૭૦૦/- રૂા. ની ગીફ્ટ આપવી જેમાં શ્રમયોગીના પ્રતિનિધિ અને મેનેજમેન્ટ પ્રતિનિધિની કમીટી બનાવીને યોગ્ય નિર્ણય કરવો જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૯મી જુન, ૨૦૦૫.

સુનયના તોમર,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૮૪૨૧/૫.૨/આઇડીઆર/એજે/૩૯/૨૦૦૫.--નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર અતિથ ફાયબર પ્રા.લી., ઠાકોરના મોસમપુર, તા. દહેગામ, જી. ગાંધીનગર અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨૦૦૧-૧૭૩-આઇડીએ-૧૦૨૦૦૧-૬૦૭-મ (૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું શ્રમ આયુક્ત, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

" માંગણીઓનું પરિશિષ્ટ "

IDC કેસ નં. ૯/૦૫માં માંગણી પરિશિષ્ટ

(૧) મુળ પગાર સ્કેલ અને વર્ગીકરણ :–

(અ) કંપનીમાં કામ કરતા તમામ સ્ટાફના કર્મચારીઓને નીચે દર્શાવ્યા મુજબના ગ્રેડ અને મુળ પગાર ધોરણ તા. ૧-૧-૨૦૦૫થી ચુકવવો કે કેમ ?

ગ્રેડ ૧ : રૂા. ૩૦૦૦-૦૫૦-૩૨૫૦--૦૩૦-૩૫૫૦.

ગ્રેડ ૨ : રૂા. ૩૬૫૦-૦૭૦-૪૦૦૦-૦૮૦-૪૪૦૦.

ગ્રેડ ૩ : રૂા. ૪૬૦૦-૦૯૦-૫૦૫૦-૧૦૦-૫૫૫૦.

ગ્રેડ ૪ : રૂા. ૫૭૫૦-૧૧૦-૬૩૦૦-૧૨૦-૬૯૦૦.

ગ્રેડ ૫ : રૂા. ૭૧૦૦-૧૩૦-૭૭૫૦-૧૪૦-૮૪૫૦.

INDEX

નોંધ :- ઉપર જણાવેલ તમામ રનીંગ ગ્રેડ છે.

દા.ત. :- કોઈપણ સ્ટાફ કર્મચારી જ્યારે તેના ગ્રેડની અને સ્કેલની સીલીંગ ઉપર પહોંચે ત્યારબાદ ઓટોમેટીકલી તે સ્ટાફ કર્મચારી તે પછીના ઉચ્ચ ગ્રેડ અને સ્કેલમાં આવશે.

(બ) કંપનીમાં કામ કરતા તમામ કામદારોને નીચે દર્શાવ્યા મુજબના ગ્રેડ અને મુળ પગાર ધોરણ તા. ૧-૧-૨૦૦૫થી ચુકવવો કે કેમ ?

ગ્રેડ ૧ રૂા. : ૨૦૦૦-૦૪૦-૨૨૦૦-૦૫૦-૨૪૫૦.

ગ્રેડ ૨ રૂા. : ૨૫૫૦-૦૬૦-૨૮૫૦-૦૩૦-૩૨૦૦.

ગ્રેડ ૩ રૂા. : ૩૩૫૦-૦૮૦-૩૩૫૦-૦૯૦-૪૨૦૦.

ગ્રેડ ૪ રૂા. : ૪૩૫૦-૧૦૦-૪૮૫૦-૧૧૦-૫૪૦૦.

ગ્રેડ ૫ રૂા. ૫૬૦૦-૧૨૦-૬૨૦૦-૧૩૦-૬૮૫૦.

નોંધ :- ઉપર જણાવેલ તમામ રનીંગ ગ્રેડ છે.

દા.ત. :- કોઈપણ કામદાર જ્યારે તેના ગ્રેડની અને સ્કેલની સીલીંગ ઉપર પહોંચે ત્યારબાદ ઓટોમેટીકલી તે કામદાર તે પછીના ઉચ્ચ ગ્રેડ અને સ્કેલમાં આવશે.

(૨) સ્ટેગનેશન ઈન્ક્રીમેન્ટ :-

કંપનીમાં કામ કરતા સ્ટાફના તમામ કર્મચારી કે કામદાર ગ્રેડ-૫ની સીલીંગ ઉપર પહોંચે તેવા સંજોગોમાં તે સ્ટાફ કર્મચારીએ કે કામદારે મેળવેલ છેલ્લુ ઈન્ક્રીમેન્ટ દર વર્ષે આપવાનું ચાલુ રાખવું કે કેમ ?

(૩) મોંઘવારી ભથ્થાઓ :-

(અ) સ્થાઈ મોંઘવારી ભથ્થુ :-

કંપનીમાં કામ કરતા તમામ સ્ટાફના કર્મચારીઓ તેમજ કામદારોને તેઓને ઉપર દર્શાવેલ ગ્રેડ અને સ્કેલ મુજબ મળતા મુળ પગાર ઉપરાંત દર મહીને રૂા. ૧૦૦૦/- સ્થાઈ મોંઘવારી ભથ્થા તરીકે તા. ૧-૧-૨૦૦૫થી આપવા કે કેમ ?

(બ) અસ્થાઈ મોંઘવારી ભથ્થુ :-

કંપનીમાં કામ કરતા તમામ સ્ટાફના કર્મચારીઓ તેમજ કામદારોને તેઓને મળતા મુળપગાર, સ્થાઈ મોંઘવારી ભથ્થા ઉપરાંત ઓલ ઈન્ડીયા કન્ઝયુમર પ્રાઈઝ ઈન્ડેક્ષ બેઈઝ (૧૯૬૦ = ૧૦૦)ના પ્રમાણે ૨૦૦૦ આંક ઉપર એકપણ આંક વધે તો તે દરેક આંકના રૂા. ૪/- લેખે ગણતરી કરી તા. ૧-૧-૨૦૦૫થી દર મહીને અસ્થાઈ મોંઘવારી ભથ્થા તરીકે આપવા કે કેમ ?

INDEX

(૪) અન્ય ભથ્થાઓ :-

(અ) કંપનીમાં કામ કરતા તમામ સ્ટાફના કર્મચારીઓ તેમજ તમામ કામદારોને રૂા. ૮૦૦/- માસીક મકાન ભાડા ભથ્થા તરીકે દર મહીને તા. ૧-૧-૨૦૦૫ થી ચુકવી આપવા કે કેમ ?

(બ) કન્વેયન્સ એલાઉન્સ :-

કંપનીમાં કામ કરતા તમામ સ્ટાફના કર્મચારીઓ તેમજ તમામ કામદારોને રૂા. ૫૦૦/- માસીક કન્વેયન્સ એલાઉન્સ તરીકે દર મહીને તા. ૧-૧-૨૦૦૫થી ચુકવી આપવા કે કેમ ?

(ક) શિક્ષણ ભથ્થુ :-

કંપનીમાં કામ કરતા તમામ સ્ટાફના કર્મચારીઓ તેમજ તમામ કામદારોને રૂા. ૫૦૦/- માસીક શિક્ષણ ભથ્થા તરીકે દર મહીને તા. ૧-૧-૨૦૦૫થી ચુકવી આપવા કે કેમ ?

(ડ) ધોલાઈ ભથ્થુ :-

કંપનીમાં કામ કરતા તમામ સ્ટાફના કર્મચારીઓ તેમજ તમામ કામદારોને રૂા. ૨૦૦/- માસીક ધોલાઇ ભથ્થા તરીકે દર મહીને તા. ૧-૧-૨૦૦૫થી ચુકવી આપવા કે કેમ ?

(૫) લીવ ટ્રાવેલ કન્સેશન :-

કંપનીમાં કામ કરતા તમામ સ્ટાફના કર્મચારીઓ તેમજ તમામ કામદારોને વર્ષમાં એક વખત વધુમાં વધુ ૫૦૦૦ કિ.મી. સુધીના અંતરનું પ્રથમવર્ગનું થતુ રેલ્વે ભાડુ કામદાર પોતે તથા તેના કુટુંબીજનોને પ્રવાસ કરવા માટે લીવ ટ્રાવેલ કન્સેશન તરીકે કેલેન્ડર વર્ષ-૨૦૦૫ થી ચુકવી આપવા કે કેમ ?

(૬) મેડીકલ લાભો :-

(અ) કંપનીમાં કામ કરતા તમામ સ્ટાફના કર્મચારીઓ તેમજ કામદારોને રૂા. ૩૦૦/- માસીક મેડીકલ ખર્ચ તરીકે દર મહીને તા. ૧-૧-૨૦૦૫ થી ચુકવી આપવા કે કેમ ?

(બ) કંપનીમાં કામ કરતા તમામ સ્ટાફના કર્મચારીઓ તેમજ કામદારોને પોતાની તથા પોતાના આશ્રીત કુટુંબીજનોની સારવાર પાછળ કરવામાં આવેલ તમામ ખર્ચ ચુકવી આપવો. આ ખર્ચમાં હોસ્પિટલમાં દાખલ કરવા, ઓપરેશન કરાવવા, દર્દના નિદાન માટેના રિપોર્ટો કરાવવા, દવાઓ જેવા તમામ ખર્ચનો સમાવેશ કરવો કે કેમ ?

(૭) રજાઓ :-

(અ) કેજયુઅલ રજાઓ :-

કંપનીમાં કામ કરતા તમામ સ્ટાફના કર્મચારીઓ તેમજ કામદારોને દર વર્ષે ૧૫ દિવસની ભરપગારે કેજયુઅલ રજાઓ કેલેન્ડર વર્ષ-૨૦૦૫થી આપવી કે કેમ ?

(બ) હક્ક રજાઓ :-

કંપનીમાં કામ કરતા તમામ સ્ટાફના કર્મચારીઓ તેમજ કામદારોને દર વર્ષે ૩૦ દિવસની ભરપગારે હક્ક રજાઓ કેલેન્ડર વર્ષ-૨૦૦૫થી આપવી કે કેમ ?

(ક) માંદગીની રજાઓ :-

કંપનીમાં કામ કરતા તમામ સ્ટાફના કર્મચારીઓ તેમજ કામદારોને દર વર્ષે ૧૫ દિવસની ભરપગારે માંદગીની રજાઓ કેલેન્ડર વર્ષ-૨૦૦૫ થી આપવી કે કેમ ?

(ડ) તહેવારની રજાઓ :-

કંપનીમાં કામ કરતા તમામ સ્ટાફના કર્મચારીઓ તેમજ કામદારોને દર વર્ષે ૧૫ દિવસની ભરપગારે તહેવારની રજાઓ કેલેન્ડર વર્ષ-૨૦૦૫થી આપવી કે કેમ ?

(ઇ) અકસ્માતની રજાઓ :-

કંપનીમાં ચાલુ નોકરી દરમિયાન જો કોઇ કામદારને અકસ્માત થાય ત્યારે કામદાર જ્યાં સુધી સંપૂર્ણ સાજો ન થાય ત્યાં સુધી ભરપગારે અકસ્માતની રજાઓ આપવી કે કેમ ?

(૮) યુનિફોર્મ :-

(અ) કંપનીમાં કામ કરતા તમામ સ્ટાફના કર્મચારીઓ તેમજ કામદારોને દર વર્ષે ત્રણ જોડી ટેરીકોટન પેન્ટ-શર્ટ યુનિફોર્મ તરીકે કેલેન્ડર વર્ષ-૨૦૦૫થી આપવા કે કેમ ?

(બ) કંપનીમાં કામ કરતા તમામ સ્ટાફના કર્મચારીઓ તેમજ કામદારોને દર વર્ષે એક જોડી ચામડાના બુટ કેલેન્ડર વર્ષ-૨૦૦૫થી આપવા કે કેમ ?

(ક) કંપનીમાં કામ કરતા તમામ સ્ટાફના કર્મચારીઓ તેમજ કામદારોને દર વર્ષે એક વુલન જરસી આપવી કે કેમ ?

(ડ) કંપનીમાં કામ કરતા તમામ સ્ટાફના કર્મચારીઓ તેમજ કામદારોને દર બે વર્ષે એક રેઇનકોટ (ડક બેક) કંપનીનો આપવો કે કેમ ?

(૯) બોનસ :-

કંપનીમાં કામ કરતા તમામ સ્ટાફના કર્મચારીઓ તેમજ કામદારોને તેઓની કુલ વાર્ષિક આવકના ૨૦ ટકા પ્રમાણે બોનસ ચુકવવું કે કેમ ?

(૧૦) સબસીડાઇઝ કેન્ટીન :-

કંપનીમાં કામ કરતા તમામ સ્ટાફના કર્મચારીઓ તેમજ કામદારો માટે સબસીડાઇઝ કેન્ટીન ઉભી કરવી અને નીચે જણાવેલ આઇટમો તે સામે દર્શાવ્યા મુજબના સબસીડાઇઝ ભાવથી આપવી કે કેમ ?

INDEX

(૧) ચા	રૂા. ૦-૨૫ પૈસા
(૨) કોફી	રૂા. ૦-૫૦ પૈસા
(૩) નાસ્તો	રૂા. ૧-૦૦ પૈસા ૧૦૦ ગ્રામ દીઠ
(૪) લંચ અથવા ડીનર	રૂા. ૫-૦૦ એક થાળી દીઠ

(૧૧) લોન :-

કંપનીમાં કામ કરતા તમામ સ્ટાફના કર્મચારીઓ તેમજ કામદારોને નીચે જણાવ્યા મુજબ વગર વ્યાજે લોન આપવી કે કેમ ?

(અ) અંગત લોન :-

કંપનીમાં કામ કરતા તમામ સ્ટાફના કર્મચારીઓ તેમજ કામદારોને રૂા. ૨૦,૦૦૦/- અંગત લોન તરીકે આપવી અને ૫૦ સરખા હપ્તેથી કાપી વસુલ કરવી કે કેમ ?

(બ) મકાન લોન :-

કંપનીમાં કામ કરતા તમામ સ્ટાફના કર્મચારીઓ તેમજ કામદારોને પોતાના રહેઠાણ માટે મકાન બનાવવા કે રીપેરીંગ કરાવવા રૂા. ૧,૦૦,૦૦૦/-સુધી મકાન લોન તરીકે આપવી કે કેમ ?

(૧૨) નિવૃત્તિ ક્રમ - મૃત્યુ લાભ :-

(અ) કંપનીમાં કામ કરતા કોઈ કામદારનું અવસાન થાય ત્યારે તેની અંતીમ ક્રિયા માટે રૂા. ૧૦,૦૦૦/- તેના વારસદારને અંતીમ ક્રિયા કરવા માટે ચુકવી આપવા કે કેમ ?

(બ) કંપનીમાં કામ કરતા સ્ટાફના કર્મચારીઓ તેમજ કામદારોમાંથી કોઈનું અવસાન થાય કે નોકરીમાંથી નિવૃત્ત થાય ત્યારે રૂા. ૧,૦૦,૦૦૦/- જે તે નિવૃત્ત થતા કામદારને તથા મૃત્યુના કિસ્સામાં કામદારના વારસદારને તેને મળવાપાત્ર બીજા કાયદેસરના હક્કો ઉપરાંત ચુકવી આપવા કે કેમ ?

(૧૩) ચાલુ લાભો અને સુવિધાઓ :-

કંપનીમાં કામ કરતા તમામ સ્ટાફના કર્મચારીઓ તેમજ કામદારોને મળતા ચાલુ લાભો કે જેનો ઉલ્લેખ આ માંગણીપત્રમાં કરેલ ન હોઈ તે તમામ લાભો આપવાનું ચાલુ રાખવું કે કેમ ?

INDEX

(૧૪) અમલ :-

ઉપરોકત જણાવેલ તમામ માંગણીઓનો અમલ તા. ૧-૧-૨૦૦૫થી તા. ૩૧-૧૨-૨૦૦૬ સુધી કરવો કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૯મી જુન, ૨૦૦૫.

સુનયના તોમર,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૮૪૨૨/૫.૨./આઈડીઆર/એજે/૪૧/૨૦૦૫.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર પેપ્સીકો ઈન્ડીયા હોલ્ડીંગ્સ પ્રા. લી., અમદાવાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઈડીએ/૧૦૨૦૦૧/૬૦૭/મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતાં ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ અને ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ ૧ થી મળેલ સત્તાની રૂએ, હું, શ્રમ આયુક્ત, અમદાવાદ, આથી, ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

IDC Case No. 22/2004 - (ઝોન-૩)
સંસ્થાનું નામ :- પેપ્સી કો હોલ્ડીંગ પ્રા.લી.,
પ્લોટ નં. ૭૧ થી ૭૪, જીઆઈડીસી, નરોડા, અમદાવાદ

INDEX

પરિશિષ્ટ 'અ'

માંગણીઓ

માંગણી નં. ૧. : મુળ પગાર ધોરણમાં ફક્કેરફાર કરી વધારો કરી નવો મુળ પગાર આપવા અંગે.

સંસ્થામાં કામ કરતા કામદારો-કર્મચારીઓના મુળ પગાર અંગે હાલમાં ૬ ગ્રેડ છે તેની જગ્યાએ નીચે દર્શાવેલ ત્રણ ગ્રેડ બનાવી હાલ મળતા મુળ પગારમાં તા. ૧-૭-૨૦૦૪થી માસિક રૂા. ૫૦૦/-નો વધારો કરી નીચે જણાવેલ ગ્રેડ સામે દર્શાવેલ ગ્રેડેશનમાં જે તે સ્ટેપમાં ફીટ થાય ત્યાં ફીટનેશ આપી તા. ૧-૭-૨૦૦૪થી તે મુજબનો પગાર મુળ પગાર દર મહીને આપવો કે કેમ ?

એસ. એ. : ૧૯૨૫-૭૫-૨૩૦૦-૯૫-૨૭૭૫-૧૧૫-૩૩૫૦-૧૩૫-૪૯૨૫

મલ્ટીસ્કિલ : ૧૯૦૦-૭૦-૨૨૫૦-૯૦-૨૭૦૦-૧૧૦-૩૨૫૦-૧૩૦-૩૯૦૦

સ્કિલ : ૧૮૭૫-૬૫-૨૨૦૦-૮૫-૨૬૨૫-૧૦૫-૩૧૫૦-૧૨૫-૩૭૭૫

નોંધ : ઉપરોકત ગ્રેડ તથા ગ્રેડેશનના ફીટનેશ અંગે યુનિયન સાથે બેસી નક્કી કરવા.

માંગણી નં. ૨ : સ્થાઈ મોંઘવારી :

સંસ્થામાં કામ કરતા દરેક કામદારોને હાલ મળતી સ્થાયી મોંઘવારીમાં તા. ૧-૭-૨૦૦૪થી માસિક રૂા. ૪૯૨નો વધારો કરી તા. ૧-૭-૨૦૦૪થી માસિક રૂા. ૫,૦૦૦ સ્થાઈ મોંઘવારી કરીકે દર મહીને આપવા કે કેમ ?

માંગણી નં. ૩ : સી.એ. એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા દરેક કામદારો કર્મચારીઓને અગાઉની ચલીત મોંઘવારી ધ્યાનમાં રાખી સી. એ. એલાઉન્સ મળે છે તે સી. એ. એલાઉન્સ દર વર્ષની પહેલી જાન્યુઆરીથી માસિક રૂા. ૧૫૦/- વધારે આપવાનું નક્કી થયેલ છે. તેમાં માસિક રૂા. ૧૫૦/-નો વધારો કરી હવે પછીથી દર વર્ષે પહેલી જાન્યુઆરીથી રૂા. ૩૦૦/- કરી મળતા સી.એ. એલાઉન્સમાં ઉમેરી તે પ્રમાણે થતુ સી. એ. એલાઉન્સ દર વર્ષના જાન્યુઆરી માસથી નિયમિત રીતે ચુકવી આપવું કે કેમ ?

માંગણી નં. ૪ : અન્ય એલાઉન્સ :

(એ) ઘરભાડા ભથ્થુ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારો-કર્મચારીઓને હાલ મળતા ઘરભાડા ભથ્થામાં માસિક રૂા. ૯૨૫/-નો વધારો કરી તા. ૧-૭-૨૦૦૪થી માસિક રૂા. ૧૫૦૦/- ઘરભાડા ભથ્થા તરીકે દર મહીને આપવા કે કેમ ?

INDEX

(બી) કન્વેયન્સ એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારો-કર્મચારીઓને હાલ મળતા કન્વેયન્સ એલાઉન્સમાં માસિક રૂા. ૫૦૦/- નો વધારો કરી તા. ૧-૭-૨૦૦૪થી માસિક રૂા. ૧૫૦૦/- કન્વેયન્સ એલાઉન્સ તરીકે દર મહીને આપવા કે કેમ ?

(સી) વાહન નિર્વાહ ભથ્થુ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારો-કર્મચારીઓને હાલ મળતા વાહન નિર્વાહ ભથ્થામાં માસિક રૂા. ૩૦૦/- નો વધારો કરી તા. ૧-૭-૨૦૦૪થી માસિક રૂા. ૫૦૦/- વાહન નિર્વાહ ભથ્થા તરીકે દર મહીને આપવા કે કેમ ?

(ડી) કેળવણી ભથ્થુ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારો-કર્મચારીઓને હાલમાં વાર્ષિક રૂા. ૧૫૦/- બાળક દીઠ કેળવણી ભથ્થા તરીકે આપવામાં આવે છે. તેની જગ્યાએ તા. ૧-૭-૨૦૦૪થી દર વર્ષે રૂા. ૨૦૦૦/- બાળક દીઠ કેળવણી ભથ્થા તરીકે આપવા કે કેમ ?

નોંધ : (વધુમાં વધુ ત્રણ બાળક સુધી)

(ઈ) ચિલ્ડ્રન એજયુકેશન એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારો-કર્મચારીઓને હાલ મળતા ચિલ્ડ્રન એજયુકેશન ભથ્થામાં માસિક રૂા. ૫૫૦/- નો વધારો કરી તા. ૧-૭-૨૦૦૪થી માસિક રૂા. ૭૫૦/- ચિલ્ડ્રન એજયુકેશન એલાઉન્સ તરીકે દર મહીને આપવા કે કેમ ?

(એફ) મેડીકલ એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારો-કર્મચારીઓને હાલ મળતા મેડીકલ એલાઉન્સમાં માસિક રૂા. ૫૦૦/- નો વધારો કરી તા. ૧-૭-૨૦૦૪થી માસિક રૂા. ૭૦૦/- મેડીકલ એલાઉન્સ તરીકે દર મહીને આપવા કે કેમ ?

(જી) મેડીકલ રીએમ્બ્રેશમેન્ટ એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા જે કામદારો-કર્મચારીઓને ઈ. એસ. આઈ. સ્કિમ હેઠળ આવરી લેવામાં આવેલ નથી તેવા કામદારો કર્મચારીઓને દર વર્ષે ૨૦ દિવસના પગાર જેટલી રકમ ડોકટરના પ્રિસ્ક્રિપશન સાથેના મેડીકલ બીલ રજુ કરે વાર્ષિક મેડીકલ રીએમ્બ્રેશમેન્ટ તરીકે આપવામાં આવે છે. તે દર વર્ષના ૨૦ દિવસના પગારમાં તા. ૧-૭-૨૦૦૪થી ૧૦ દિવસનો વધારો કરી દર વર્ષે ૩૦ દિવસના પગાર જેટલી રકમ રીએમ્બ્રેશમેન્ટ તરીકે દર વર્ષે આપવા કે કેમ ?

(એચ) ટ્રાવેલીંગ એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા દરેક કામદારો-કર્મચારીઓને હાલ મળતા ટ્રાવેલીંગ એલાઉન્સમાં માસિક રૂા. ૩૦૦/- નો વધારો કરી તા. ૧-૭-૨૦૦૪થી માસિક રૂા. ૫૦૦/- ટ્રાવેલીંગ એલાઉન્સ તરીકે દર મહીને આપવા કે કેમ ?

INDEX

નોંધ : ઉપરોકત એલાઉન્સ જેવા કે સી. એ. એલાઉન્સ, ઘરભાડા ભથ્થું, કન્વેયન્સ એલાઉન્સ, વાહન નિર્વાહ ભથ્થું, ચિલ્ડ્રન એજયુકેશન, મેડીકલ એલાઉન્સ, ટ્રાવેલીંગ એલાઉન્સ ચુકવતી વખતે અગાઉ તા. ૯-૧૦-૨૦૦૧ના રોજ થયેલ સમાધાન એવોર્ડ પ્રમાણે જે શરતો નક્કી થયેલ છે તે શરતો યથાવત રાખી તે પ્રમાણે ચુકવી આપવું.

માંગણી નં. ૫ : રજાઓ :

(એ) રજાઓ :

સંસ્થામાં કામ કરતા દરેક કામદારો-કર્મચારીઓને તા. ૯-૧૦-૨૦૦૧ના રોજ થયેલ સમાધાન એવોર્ડમાં નક્કી થયેલ કેજયુઅલ રજા, તહેવારની રજા, માંદગીની રજા, અકસ્માતની રજા, જે શરતોએ નક્કી થયેલ છે તે શરતો યથાવત રાખી કેજયુઅલ રજા, તહેવારની રજા, માંદગાની રજા, અકસ્માતની રજા દર વર્ષે આપવા કે કેમ ?

(બી) હક્ક રજા :

સંસ્થામાં કામ કરતા દરેક કામદારો-કર્મચારીઓને વર્ષે ૨૦ દિવસની હક્ક રજા આપવામાં આવે છે તેવા કામદારો-કર્મચારીઓને વર્ષે ૩૦ દિવસ લેખે હક્ક રજા આપવી કે કેમ ?

માંગણી નં. ૬ : ફ્રી મેડીકલ ચેક અપ :

સંસ્થામાં કામ કરતા દરેક કામદારો-કર્મચારીઓને દર વર્ષે શરીરનું સંપૂર્ણ ફ્રી મેડીકલ ચેક-અપ કરાવવું કે કેમ ?

માંગણી નં. ૭ : જીવન વીમો :

સંસ્થામાં કામ કરતા દરેક કામદારો-કર્મચારીઓનો રૂા. ૧,૦૦,૦૦૦ (અંકે લાખ રૂપિયાનો) જીવન વિમો ઉતારવો, આ જીવન વિમાનું આવતું પ્રિમિયમ કંપનીએ ભરવું કે કેમ ?

માંગણી નં. ૮ : યુનિફોર્મ :

સંસ્થામાં કામ કરતા દરેક કામદારો-કર્મચારીઓને દર વર્ષે નીચે મુજબના યુનિફોર્મ આપવા કે કેમ ?

- ચાર પેન્ટ, ચાર શર્ટ, ચાર માથાની કેપ
- ત્રણ જોડી ચામડાના બુટ
- એક ગરમ કોટ તથા એક રેઈન કોટ
- ત્રણ જોડી પગના મોજા

INDEX

માંગણી નં. ૯ : મરણ પ્રસંગે લોન :

સંસ્થામાં કામ કરતા દરેક કામદારો-કર્મચારીઓને તેમના ઉપર નભતા કુટુંબીજનો જેવા કે માતા પિતા, પત્નિ, પતિ, દિકરા, દિકરીના મરણ પ્રસંગે રૂા. ૧૦,૦૦૦/- ની લોન આપવામાં આવે છે તે લોન રૂા. ૨૦,૦૦૦/- કરવી કે કેમ ?

માંગણી નં. ૧૦ : મરણોત્તર લોન :

(એ) અંતિમ ક્રિયા ખર્ચ :

સંસ્થામાં કામ કરતા દરેક કામદારો-કર્મચારીઓને ઉપર નભતા કુટુંબીજનો જેવા કે માતા પિતા, પત્નિ, પતિ, દિકરા, દિકરીના મરણના અંતિમક્રિયા ખર્ચ અંગે રૂા. ૫૦૦/- તથા કામદાર-કર્મચારીનું નોકરી ઉપર ચાલુ હોય કે જેનું નામ હાજરી પત્રક ઉપર ચાલુ હોય ત્યારે રૂા. ૧,૦૦૦/- અંતિમક્રિયા ખર્ચ પેટે આપવામાં આવે છે. તેની જગ્યાએ કામદાર કર્મચારી ઉપર નભતા કુટુંબીજનના અંતિમક્રિયા ખર્ચ પેટે રૂા. ૧,૦૦૦/- તથા કામદાર-કર્મચારીનું અવસાન થયેલ હોય તો તેના વારસદારને અંતિમક્રિયા ખર્ચ માટે રૂા. ૨,૦૦૦/- આપવા કે કેમ ?

(બી) કેશ બેનીફીટ :

સંસ્થામાં કામ કરતા દરેક કામદારો-કર્મચારીઓનું ચાલુ ફરજ દરમ્યાન કે તેનું નામ હાજરી પત્રક ઉપર ચાલુ હોય ત્યારે તેવા કર્મચારીનું અવસાન થાય ત્યારે કંપનીમાં કામ કરતા કામદાર-કર્મચારીના એક દિવસના પગારની કપાત કરી જે રકમ થાય તે રકમમાં બે ગણો ઉમેરો કરી તેના વારસદારોને આપવામાં આવે છે તેની જગ્યાએ સંસ્થામાં કામ કરતા કામદારો-કર્મચારીઓનો એક દિવસનો પગાર કપાત કરી જે રકમ થાય તેમાં ત્રણ ગણી ઉમેરો કરી એટલે કે 1 + 3 = 4 કુલ દિવસના પગારની થતી રકમ કામદાર-કર્મચારીના વારસદારોને પગાર કપાત કર્યા બાદ સાત દિવસની અંદર ચુકવી આપવી કે કેમ ?

માંગણી નં. ૧૧ : નિવૃત્ત બેનીફીટ કે વારસદારને નોકરી :

સંસ્થામાં કામ કરતા દરેક કામદારો-કર્મચારી સંસ્થામાંની નોકરીમાંથી કોઈપણ કારણસર નિવૃત્ત થાય ત્યારે તેવા કામદાર-કર્મચારીને રૂા. ત્રણ લાખ કેશ બેનીફીટ આપવા કે તેમના ઉપર નભતા કુટુંબીજન જેવા કે, પત્નિ, પતિ, દિકરા, દિકરી પૈકી કોઈપણ એકને ફરજ ઉપર રાખવા કે કેમ ?

માંગણી નં. ૧૨ : કેન્ટીન :

સંસ્થામાં કામ કરતા દરેક કામદારો-કર્મચારીઓ માટે સંસ્થાની અંદર સબસીડાઈઝ કેન્ટીન ઉભી કરી નીચે જણાવ્યા મુજબની ચીજ-વસ્તુઓ તેમના નામ સામે દર્શાવેલ રાહતના ભાવે આપવી કે કેમ ?

INDEX

ક્રમ	વસ્તુનું નામ	રાહત ભાવ
૧.	ચા-કોફી	૦૦-૨૦ પૈસા.
૨.	૧૦૦ ગ્રામ નાસ્તો	૦૦-૭૫ પૈસા
૩.	પુરી શાક	૦૧-૦૦ રૂપીયા
૪.	ઠંડા પીણા	૦૨-૦૦ રૂપીયા

માંગણી નં. ૧૩ : યુનિયન ઓફિસ :

સંસ્થામાં યુનિયનની ઓફિસ ફર્નિચર સાથે પુરી પાડવી કે કેમ ?

માંગણી નં. ૧૪ : ટ્રેડ યુનિયન સુવિધા :

સંસ્થામાં કામ કરતા કામદારો-કર્મચારીઓના આગેવાન પ્રતિનિધિઓને યુનિયનની મીટીંગ, સેમીનાર, સંમેલન, કામદાર શિક્ષણ વર્ગમાં જવા આવવાના દિવસોનો પુરેપુરો પગાર ભરપાઈ કરી રૂપે. રજા આપવી તેમજ મીટીંગ, સેમીનાર, સંમેલન, કામદાર શિક્ષણ વર્ગના સ્થળે જવા-આવવાનો તથા તમામ મુસાફરી તેમજ હોલ્ડીંગ ખર્ચ આપવો.

માંગણી નં. ૧૫ : ચેક ઓફ સીસ્ટમ :

સંસ્થામાં કામ કરતા કામદારો-કર્મચારીઓ કે જેઓ ગુજરાત કામગાર પંચાયત યુનિયનના સભ્ય તરીકેની ઓથોરીટી આપે તેવા તમામ કામદારો-કર્મચારીઓના પગારમાંથી લવાજમ કે ફાળો કપાત લઈ આ લવાજમ કે ફાળાની જે રકમ થાય તે રકમ ગુજરાત કામગાર પંચાયતના નામે એકાઉન્ટ પેય ચેક કપાત કર્યાના સાત દિવસની અંદર મોકલી આપવો કે કેમ ?

માંગણી નં. ૧૬ : ચાલુ લાભો :

સંસ્થામાં કામ કરતા કામદારો-કર્મચારીઓને ઉપરોકત માંગણીઓ સિવાય જે બીજા અન્ય લાભો મળે છે તેવા તમામ લાભો ચાલુ રાખવા કે કેમ ?

માંગણી નં. ૧૭ : અમલ :

ઉપરોકત જણાવેલ તમામ માંગણીઓનો અમલ તા. ૧-૭-૨૦૦૪થી કરવો કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૯મી જુન, ૨૦૦૫.

સુનયના તોમર,
શ્રમ આયુકત,
ગુજરાત રાજય, અમદાવાદ.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

સુધારો

વંચાણમાં લીધા :- આ કચેરીના તા. ૬-૫-૦૫ના પત્ર ક્રમાંક શ્રઆ/૫/૨/આઈડીઆર/૩૪/૦૫/૧૮૫૭ થી ૧૮૬૧ મુજબ કાઢવામાં આવેલ હુકમ.

ક્રમાંક શ્રઆ/૫/૨/આઈડીઆર/૩૪/૦૫/૨૩૬૭/૦૫.-ઉક્ત વંચાણમાં લીધેલ આ કચેરીના તા. ૬-૫-૦૫ના પત્રથી કરવામાં આવેલ હુકમમાં નીચે મુજબનો સુધારો સંસ્થાના નામમાં વંચાણે લેવા વિનંતી છે.

શ્રી કિશ્રાકેવશ લેબોરેટરી લી. અમરાઈવાડી, અમદાવાદ.

અમદાવાદ, તારીખ ૨૮મી જુન, ૨૦૦૫.

સુનયના તોમર,
શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય,
અમદાવાદ.

શ્રમ આયુક્ત દ્વારા

સુધારો

વંચાણમાં લીધા :- આ કચેરીના તા. ૬-૫-૦૫ના પત્ર ક્રમાંક શ્રઆ/૫/૨/આઈડીઆર/૧૧૪/૦૪, મુજબ કાઢવામાં આવેલ હુકમ.

ક્રમાંક શ્રઆ/૫/૨/આઈડીઆર/૧૧૪/૦૪/૨૩૭૨/૦૫.-ઉક્ત વંચાણમાં લીધેલ આ કચેરીના તા. ૬-૫-૦૫ના પત્રથી કરવામાં આવેલ ધીરજ જનરલ હોસ્પીટલ, પીપળીયા, જી. વડોદરા સામેના રેફરન્સ હુકમમાં મંડળના નામમાં નીચે મુજબનો સુધારો વંચાણે લેવા વિનંતી છે.

મંત્રીશ્રી, ગુજરાત જનરલ કામદાર પંચાયત, નવીધરતી, નાગરવાડા, વડોદરા.

અમદાવાદ, તારીખ ૨૮મી જુન, ૨૦૦૫.

સુનયના તોમર,
શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય,
અમદાવાદ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આર/ક/૩૦૩૦૭/આઈડીઆર/એજે/૨૧૮/૨૦૦૪.--નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડા ઝોન, સરદાર કૃષિનગર, બનાસકાંઠા અને તેના શ્રમયોગી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ-૧૦૭૮-૧૧૬૮૨(બી) (૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ ૧૨ની પેટા કલમ(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્ત અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ (૧)થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, અમદાવાદ આથી રચાયેલશ્રી ---------- ની બનેલ શ્રમ અદાલત/ઔદ્યોગિક ન્યાયપંચ અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

"પરિશિષ્ટ"

માંગણી નં. ૧ :- સર્વશ્રી (૧) કાનજીભાઈ હીરાભાઈ પટેલ (૨) જયંતિલાલ હરીશંકર પંડયા (૩) ગુલાબહુસેન વજીરભાઈ ખણસીયા અને (૪) આર. કે. સચદેવ જે ખેતીવાડી નિરીક્ષકોને તેમનાથી જુનિયરને તા. ૫-૧૨-૯૪ના રોજથી ખેતીવાડી અધિકારીના પગાર ધોરણ રૂા. ૫૫૦૦-૯૦૦૦માં બઢતી આપવામાં આવેલ છે. તે તારીખથી સદર ચાર કર્મચારીઓને ખેતીવાડી અધિકારી તરીકે પે સ્કેલમાં બઢતી આપવી જોઈએ કે કેમ ?

(૨) કામદારને તા. ૧૫-૨-૧૯૯૬ના હુકમથી ૨ વર્ષ માટે કાયમી અસરથી ઈન્ક્રીમેન્ટ બંધ કરવાની સજા તેમજ ત્યાર બાદ રીવ્યુઈંગ ઓથોરીટીના તા. ૨૧-૧૨-૨૦૦૨ના હુકમથી ૪ વર્ષ માટે કાયમી અસરથી ઈન્ક્રીમેન્ટ બંધ કરવાની કરવામાં આવેલ સજા રદ કરવી જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૩૦મી જૂન, ૨૦૦૫.

એ. આઈ. શેખ,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૭૧૦૨/ઔ.વિ.રે/૧૪૩-૦૫.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ વિભાગીય નિયામકશ્રી, એસ. ટી., ભાવનગર અને તેના શ્રમયોગી વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

એસ. ટી. ભાવનગર વિભાગનાં મહુવા ડેપોમાં કન્ડકટર તરીકે ફરજ બજાવતાં શ્રી અમરાભાઈ એન. સોલંકી, બેઝ નં. ૬૯૩૦નો વાર્ષિક ઈજાફો ૧૮(અઢાર) માસ કાયમી અસરથી બંધ કરવા અંગેનો હુકમ રદ કરી અટકાવેલ ઈન્ક્રીમેન્ટ રીલીઝ કરવું જોઈએ કે કેમ ? તેમજ તે અનુસંધાને ઓછી ચુકવેલ રકમ કામદારને વ્યાજ સહીત પરત ચુકવવી જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૩૦મી જૂન, ૨૦૦૫.

એ. આઈ. શેખ,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૭૧૦૩/ઔ.વિ.૨/૧૪૦-૦૫.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ વિભાગીય નિયામકશ્રી, એસ. ટી., ભાવનગર અને તેના શ્રમયોગી વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાયે નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

એસ. ટી. ભાવનગર વિભાગનાં મહુવા ડેપોમાં ડ્રાયવર તરીકે ફરજ બજાવતાં શ્રી હબીબભાઈ એ. કુરેશીને સંસ્થાના તા. ૨૩-૨-૨૦૦૪નાં પત્ર નં. ડીએમએ-મહુવા-એડીએમ-ડી-૨૯/૦૪થી ડ્રાયવરની કક્ષાનાં જે તે સમયે મળતાં પગારમાંથી એક સ્ટેજ નીચે ઉતારવાનો કરવામાં આવેલ હુકમ રદ કરી, કામદારને કરવામાં આવેલ આર્થિક નુકસાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૩૦મી જૂન, ૨૦૦૫.

એ. આઈ. શેખ,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૭૧૦૪/ઔ.વિ.૨/૧૩૮-૦૫.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ વિભાગીય નિયામકશ્રી, એસ. ટી., ભાવનગર અને તેના શ્રમયોગી વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થામાં ડ્રાઈવર તરીકે કામ કરતાં શ્રી લાલુભા યુ. ચુડાસમાને ડીફોલ્ટ કેસ નં. ૧૧૪/૦૩માં ત્રણ માસનું ઈન્ક્રીમેન્ટ બંધ કરવાની કરવામાં આવેલ સજા રદ કરવી જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૩૦મી જૂન, ૨૦૦૫.

એ. આઈ. શેખ,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૭૧૦૫/ઔ.વિ.રે/૧૪૬-૦૫.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ વિભાગીય નિયામકશ્રી, એસ. ટી., ભાવનગર અને તેના શ્રમયોગી વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

એસ. ટી. કોર્પોરેશન ભાવનગરનાં બોટાદ ડેપો ખાતે કન્ડકટર તરીકે ફરજ બજાવતાં શ્રી અરજણભાઈ નથુભાઈ મકવાણાને ના. લેબર કોર્ટનાં રેફ. નં. એલ.સી.એ. ૧૬૯૬/૯, તા. ૯-૫-૨૦૦૦ના એવોર્ડ મુજબ સળંગ સર્વિસથી નોકરીમાં લીધેલ હોવાથી તેમની સાથે નોકરીમાં દાખલ થયેલા કર્મચારીઓની માફક તમામ ઈજાફાઓ આજ દિન સુધીનાં તેમનાં પગારમાં ઉમેરી તફાવતની રકમ ૧૮% વ્યાજ સાછે ચુકવવી જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૩૦મી જૂન, ૨૦૦૫.

એ. આઈ. શેખ,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૭૧૦૬/ઔ.વિ.રે/૧૪૭-૦૫.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ વિભાગીય નિયામકશ્રી, એસ. ટી., ભાવનગર અને તેના શ્રમયોગી વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થામાં ડ્રાઈવર તરીકે કામ કરતાં શ્રી અનંતરાય લાભશંકર આચાર્યને તા. ૨૪-૮-૧૯૯૩નાં હુકમથી ત્રણ વર્ષનાં ઈન્ક્રીમેન્ટ બંધ કરવાની કરેલ સજા તેમજ પ્રથમ અપીલમાં તા. ૯-૮-૧૯૯૪ના હુકમથી એક વર્ષનું ઈન્ક્રીમેન્ટ કાયમી અસરથી બંધ કરવાની કરેલ સજા અંને બીજી અપીલ તા. ૧૧-૭-૧૯૯૬ના હુકમથી રદ કરેલ તે તમામ હુકમો રદ કરી થયેલ આર્થિક નુકસાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૩૦મી જૂન, ૨૦૦૫.

એ. આઈ. શેખ,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૭૧૦૭/ઔ.વિ.રે/૧૫૦-૦૫.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ વિભાગીય નિયામકશ્રી, એસ. ટી., ભાવનગર અને તેના શ્રમયોગી વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

એસ. ટી. ભાવનગર વિભાગનાં મહુવા ડેપોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતાં શ્રી મોહનભાઈ છનાભાઈ બગડાને ડીફોલ્ટ કેસ નં. ૧૮૮/૯૪ના અનુંસંધાને કરવામાં આવેલ પાંચ-ઈજાફાઓ કાયમી અસરથી બંધ કરવાની કરવામાં આવેલ સજા રદ કરી તફાવતની રકમ વ્યાજ સહીત ચુકવવી જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૩૦મી જૂન, ૨૦૦૫.

એ. આઈ. શેખ,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૭૧૦૮/ઔ.વિ.રે/૧૪૯-૦૫.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ વિભાગીય નિયામકશ્રી, એસ. ટી., ભાવનગર અને તેના શ્રમયોગી વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થામાં કન્ડકટર તરીકે કામ કરતાં શ્રી રાજેન્દ્રભાઈ સી. પંડ્યાને તા. ૧૯-૪-૧૯૯૯નાં હુકમથી બે વર્ષનું ઈન્ક્રીમેન્ટ કાયમી અસરથી બંધ કરવાની કરવામાં આવેલ સજા તથા કર્મચારીની પ્રથમ અને બીજી અપીલ રદ કરવાના સજાના હુકમો રદ કરી થયેલ અને થતું આર્થિક નુકસાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૩૦મી જૂન, ૨૦૦૫.

એ. આઈ. શેખ,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૭૧૦૯/ઔ.વિ.૨/૧૪૮-૦૫.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાંથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ વિભાગીય નિયામકશ્રી, એસ. ટી., ભાવનગર અને તેના શ્રમયોગી વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

એસ. ટી. ભાવનગર વિભાગનાં તળાજા ડેપોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતાં શ્રી પ્રતાપસિંહ હરદેવસિંહ જાડેજાને તેમની નોકરીમાં દાખલ થયા તા. ૧૪-૬-૨૦૦૦થી ડ્રાઈવર તરીકે કાયમી કરી કાયમી કામદારને મળતાં પગાર, ભથ્થાં તથા અન્ય તમામ લાભો એરીયર્સ સહીત ચુકવવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૩૦મી જૂન, ૨૦૦૫.

એ. આઈ. શેખ,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચએસ/એચએમસી/આરએજે/ /૪૪/૦૫/આરટી.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર ભારત રેફ્રીજરેશન, રાજકોટ અને તેનાં શ્રમયોગીશ્રી મનસુખલાલ વીરજીભાઇ વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭૩-આઇડીએ-૧૦૭૨-૪૬૧૯-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-વિભાગની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધાં મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭નાં (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની પેટા-કલમ–સીથી મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. કે. માલવીયા મદદનીશ શ્રમ આયુક્ત, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી મનસુખલાલ વીરજીભાઇને તેમનાં પડેલાં દિવસોનાં પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, ૮મી જુન, ૨૦૦૫.

જે. કે. માલવીયા,
મદદનીશ શ્રમ આયુક્ત,
રાજકોટ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચએસ/એચએમસી/આરએજે/ /૪૬/૦૫/આરટી.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર સંયુક્ત ખેતી નિયામક (તાલીમ), રાજકોટ અને તેનાં શ્રમયોગીશ્રી પંકજભાઇ ભીમજીભાઇ વાળા વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૯-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-વિભાગની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધાં મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭નાં (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની પેટા-કલમ–સીથી મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. કે. માલવીયા મદદનીશ શ્રમ આયુક્ત, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી પંકજભાઇ ભીમજીભાઇ વાળાને તેમના પડેલાં દિવસોનાં પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, ૮મી જુન, ૨૦૦૫.

જે. કે. માલવીયા,
મદદનીશ શ્રમ આયુક્ત,
રાજકોટ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચએસ/એચએમસી/આરએજે/ /૪૭/૦૫/આરટી.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર સંયુક્ત ખેતી નિયામક (તાલીમ), રાજકોટ અને તેનાં શ્રમયોગીશ્રી હાજરાબેન રણમલભાઇ જુણેજા વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭૩-આઇડીએ-૧૦૭૨-૪૬૧૯-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-વિભાગની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધાં મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭નાં (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની પેટા-કલમ–સીથી મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. કે. માલવીયા મદદનીશ શ્રમ આયુક્ત, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી હાજરાબેન રણમલભાઇ જુનેજાને તેમના પડેલાં દિવસોનાં પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, ૮મી જુન, ૨૦૦૫.

જે. કે. માલવીયા,
મદદનીશ શ્રમ આયુક્ત,
રાજકોટ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચએસ/એચએમસી/આરએજે/ /૨૬/૦૪/આરટી.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર શ્રી આર્ટસ કોમર્સ એન્ડ હોમસાયન્સ કોલેજ, ગોંડલ, જિ. રાજકોટ અને તેનાં શ્રમયોગીશ્રી નરોત્તમભાઇ વલ્લભભાઇ જગડા વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૯-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-વિભાગની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધાં મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭નાં (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની પેટા-કલમ–સીથી મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. કે. માલવીયા મદદનીશ શ્રમ આયુક્ત, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીનરોત્તમભાઇ વલ્લભભાઇ જગડાને તેમના પડેલાં દિવસોનાં પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, ૨૦મી જુન, ૨૦૦૫.

જે. કે. માલવીયા,
મદદનીશ શ્રમ આયુક્ત,
રાજકોટ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચએસ/એચએમસી/આરએજે/ /૨૬/૦૪/આરટી.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર રાજકોટ કેન્સર હોસ્પિટલ, રાજકોટ અને તેનાં શ્રમયોગીશ્રી કિરીટભાઇ સોમાભાઇ વાઘેલા વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩નાં જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭૩-આઇડીએ-૧૦૭૨-૪૬૧૯-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-વિભાગની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધાં મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭નાં (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની પેટા-કલમ–સીથી મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. કે. માલવીયા મદદનીશ શ્રમ આયુક્ત, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી કિરીટભાઇ સોમાભાઇ વાઘેલાને તેમના પડેલાં દિવસોનાં પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, ૨૦મી જુન, ૨૦૦૫.

જે. કે. માલવીયા,
મદદનીશ શ્રમ આયુક્ત,
રાજકોટ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચએસ/એચએમસી/આરએજે/ /૮૮/૦૪/આરટી.—મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર જી. ટી. શેઠ કેન્સર હોસ્પિટલ, રાજકોટ અને તેનાં શ્રમયોગીશ્રી રમાબેન અજીતરાવ જાદવ વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૯-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-વિભાગની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધાં મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭નાં (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની પેટા-કલમ—સીથી મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. કે. માલવીયા મદદનીશ શ્રમ આયુક્ત, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રમાબેન અજીતરાવ જાદવને તેમના પડેલાં દિવસોનાં પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, ૨૦મી જુન, ૨૦૦૫.

જે. કે. માલવીયા,
મદદનીશ શ્રમ આયુક્ત,
રાજકોટ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચએસ/એચએમસી/આરએજે/ /૨૩/૦૨/આરટી.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર મુખ્ય તાલીમ અધિકારીશ્રી, સંયુક્ત ખેતી નિયામકશ્રી, પ્રાદેશિક ખેડુત તાલીમ કેન્દ્ર, બજરંગવાડીને નાકે, જામનગર રોડ, રાજકોટ અને તેનાં શ્રમયોગીશ્રી પ્રફુલ સવજીભાઇ રાઠોડ, C/o. શ્રી બી. એન. માવાણી, એડવોકેટશ્રી, "રૂક્ષ્મણી નિવાસ", પટેલ ધર્મશાળા સામે, કનક રોડ, રાજકોટ વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૯-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-વિભાગની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધાં મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭નાં (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની પેટા-કલમ–સીથી મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. કે. માલવીયા મદદનીશ શ્રમ આયુક્ત, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી પ્રફુલ સવજીભાઇ રાઠોડ, રાજકોટને તેમના પડેલાં દિવસોનાં પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, ૭મી જુલાઇ, ૨૦૦૫.

જે. કે. માલવીયા,
મદદનીશ શ્રમ આયુક્ત,
રાજકોટ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએસઆર/એસએસએમસી/૧૫૪/૦૫/આઇડીઆર/એજે/નામક/વડો/૧૭૧/૨૦૦૫.– નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એચ. જી. આઇ. ફાઉન્ડ્રી (યુનિટ ઓફ ઇન્ડીયા પાવર સર્વિસ લી.) મુ. પો. બાસ્કા, તા. હાલોલ, જી. પંચમહાલ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/ ૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્તને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ, વડોદરાને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

સંસ્થામાં કામ કરતાં શ્રી ટી. જેડ. પરમારને તા. ૩૦-૧૧-૨૦૦૪થી ફરજ ઉપર આવતા અટકાવી તા. ૩૦-૧૧-૨૦૦૪થી કામ આપવાની ના પાડેલ હોઇ તેઓને જ્યાં સુધી ફરજ ન રાખો ત્યાં સુધીના દિવસોનો પુરેપુરો પગાર ભરપાઇ કરી આપવો જોઇએ કે કેમ?

વડોદરા, તારીખ ૩૦મી જુન, ૨૦૦૫.

ડી. કે. પટેલ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએસઆર/એસએસએમસી/૧૫૫/૦૫/આઇડીઆર/એજે/નામક/વડો/૧૭૨/૨૦૦૫.– નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એચ. જી. આઇ. ફાઉન્ડ્રી (યુનિટ ઓફ ઇન્ડીયા પાવર સર્વિસ લી.) મુ. પો. બાસ્કા, તા. હાલોલ, જી. પંચમહાલ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્તને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ, વડોદરાને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

સંસ્થામાં કામ કરતાં કામદાર શ્રી કે. એ. પટેલને તા. ૧-૧૨-૨૦૦૪ના દિવસનો પુરેપુરો પગાર ભરપાઇ કરી આપવો જોઇએ કે કેમ?

વડોદરા, તારીખ ૩૦મી જુન, ૨૦૦૫.

ડી. કે. પટેલ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએસઆર/એસએસએમસી/૧૫૭/૦૫/આઈડીઆર/એજે/નામક/વડો/૧૭૪/૨૦૦૫.– નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત રબ્બર વર્કસ, સી-૩૧, સરદાર એસ્ટેટ, આજવા રોડ, વડોદરા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્તને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, મજુર અદાલત કોર્ટ નંબર વડોદરાને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

સંસ્થાએ તા. ૭-૧૦-૨૦૦૪ના રોજથી કરેલ કલોઝર ગેરકાયદેસર ગણી સંસ્થામાં કામ કરતાં તમામ કામદારોને પડેલા દિવસોના પગાર સહીત નોકરીમાં રાખવા જોઈએ કે કેમ?

વડોદરા, તારીખ ૩૦મી જુન, ૨૦૦૫.

ડી. કે. પટેલ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] THURSDAY, AUGUST 11, 2005 / SRAVANA 20, 1927 [No. 32

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૮૪૨૭/આર.યુ.—સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, ધી કોડીનાર તાલુકા કો.ઓપ.બેંકીંગ યુનિયન લિ. કોડીનાર, જિ. જુનાગઢ અને દેવીસિંહ આર. જાદવ, જાદવ શેરી તા. કોડીનાર, જિ. જુનાગઢ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૫ના જુલાઈ માસના ૧૭મા દિને આથી નોંધ કરૂ છું.

INDEX

આંક-૬

શ્રી એ. જે. રાચ્છ, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત નં. ૨, (ગુજરાત), રાજકોટ સમક્ષ

અપીલ આઈ. સી. નં. ૭/૨૦૦૩.

ધી કોડીનાર તાલુકા કો.ઓપ.બેંકીંગ યુનિયન લિ. કોડીનાર, જિ. જુનાગઢ — અરજદાર;

વિરૂદ્ધ

દેવીસિંહ આર. જાદવ, જાદવ શેરી, કોડીનાર, જિ. જુનાગઢ — સામાવાળા.

અરજદાર તરફે વકીલ શ્રી ડી. ડી. છાયા તથા વાય. સી. રાજયગુરુ,
સામાવાળા તરફે વકીલ શ્રી ડી. સી. જોષી.

અપીલ આઈ. સી. નં. ૧૦/૨૦૦૩.

દેવીસિંહ આર. જાદવ, જાદવ શેરી, કોડીનાર, જિ. જુનાગઢ — અરજદાર;

વિરૂદ્ધ

ધી કોડીનાર તાલુકા કો.ઓપ.બેંકીંગ યુનિયન લિ., કોડીનાર, જિ. જુનાગઢ — સામાવાળા.

અરજદાર તરફે વકીલ શ્રી ડી. સી. જોષી,
સામાવાળા તરફે વકીલ શ્રી ડી. ડી. છાયા, તથા વાય. સી. રાજયગુરુ.

ચુકાદો

૧. આ બંને અપીલોમાંથી પ્રથમ અપીલ નં. ૭/૦૩ અરજદાર ધી કોડીનાર તાલુકા કો. ઓપ. બેંકીંગ યુનિયન લિ., કોડીનાર; જિ. જુનાગઢે સામાવાળા દેવીસિંહ આર. જાદવ, કોડીનાર, જિ. જુનાગઢ સામે બી.આઈ.આર. અધિનિયમ, ૧૯૪૬ ની કલમ-૮૪ અને ૮૫ હેઠળ આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે. જ્યારે અપીલ નં. ૧૦/૦૩ અરજદાર દેવીસિંહ આર. જાદવે સામાવાળા ધી કોડીનાર તાલુકા કો.ઓપ. બેંકીંગ યુનિયન લિ. કોડીનાર, જિ. જુનાગઢે સામે બી.આઈ.આર. અધિનિયમ, ૧૯૪૬ની કલમ-૮૪ અને ૮૫ હેઠળ આ અદાલત સમક્ષ ક્રોસ અપીલ દાખલ કરેલ છે.

INDEX

૨. આ બંને અપીલોનાં પક્ષકારો એક જ હોઈ અને બંને અપીલોની વિગતો અને હકીકતો એક જ પ્રકારની હોઈ આ બંને અપીલોને એકત્રિત કરી આ એક જ ઠરાવ દ્વારા તેનો નિકાલ કરવાનું આથી ઠરાવવામાં આવે છે. આ અપીલોમાંની અપીલ નં. ૭/૦૩ ની ટૂંકમાં વિગતો એવી છે કે, જૂનાગઢ ખાતેની નીચલી મજૂર અદાલત દ્વારા બી.આઈ.આર. અરજી નં. ૨૧/૨૦૦૧ માં ચુકાદો આપી અરજી અંશતઃ મંજૂર રાખેલ છે અને ૫૦ ટકા પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરેલ છે તે હુકમથી નારાજ થઈ આ અપીલ આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે. મૂળ બી.આઈ.આર. અરજી નં. ૨૧/૨૦૦૧ નો ચુકાદો તા. ૨૬-૬-૨૦૦૩ ના રોજ આપવામાં આવેલ અને તે ચુકાદામાં મજૂર અદાલત, જૂનાગઢે હાલનાં સામાવાળા અને મૂળ અરજદાર બી.આઈ.આર. એકટ નીચે 'માલિક'ની વ્યાખ્યામાં આવતાં નથી તે હકીકતો જોયેલ નથી. સામાવાળાએ તે હકીકતો પુરવાર પણ કરેલ નથી અને મજૂર અદાલતે મુદ્દાઓ પણ નક્કી કરેલ નથી. અપીલનાં કારણોમાં એપેલન્ટ જણાવે છે કે, મજૂર અદાલત, જૂનાગઢના ન્યાયાધીશે જે અનુમાનો દોરેલ છે તે અનુમાનો તેમણે દોરવા ન જોઈએ અને ચુકાદો ભૂલ ભરેલ તેમજ ગેરકાયદેસરનો હોવાથી તે રદ થવાને પાત્ર છે. નીચેની મજૂર અદાલતે એવું નક્કી કરેલ નથી કે, હાલનાં સામાવાળા બી.આઈ.આર. એકટ, ૧૯૪૬ નીચે 'શ્રમયોગી' તરીકે ગણાતા નથી. નીચેની મજૂર અદાલતે મુદ્દાઓ પણ નક્કી કરેલ નથી. નીચેની મજૂર અદાલતે એ ધ્યાનમાં લીધેલ નથી કે, સામાવાળાને તદ્દન હંગામી ધોરણે નોકરી પર લેવામાં આવેલ અને ત્યાર બાદ તેઓને અદાલતનાં મનાઈ હુકમનાં આધારે ચાલુ રાખવામાં આવેલ હતાં. પાછળથી તે મનાઈ હુકમ ઉઠાવી લેવામાં આવેલ હતો અને ત્યાર બાદ તેઓને નોકરીમાંથી છૂટા કરવામાં આવેલ હતાં. મજૂર અદાલતે રેકર્ડ પરનાં પુરાવાઓની ચકાસણી કરેલ નથી. મજૂર અદાલતે વડી અદાલતોનાં ચુકાદાઓને પણ ધ્યાનમાં લીધેલ નથી. આમ મજૂર અદાલતે ૫૦ ટકા પાછલાં વળતર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો જે હુકમ કરેલ છે તે ભૂલ ભરેલો છે. મજૂર અદાલત સમક્ષ સંબંધિત શ્રમયોગી બી.આઈ.આર. એકટ, ૧૯૪૬ નીચે 'શ્રમયોગી' ની વ્યાખ્યામાં આવતા નથી તેવો મુદ્દો ઉભો કરેલ હોવા છતાં તેની ચર્ચા પણ ચુકાદામાં કરેલ નથી. જે ગેરકાયદેસર અને ભૂલ ભરેલ છે જેથી આ ચુકાદો રદ્ થવાને પાત્ર છે. મજૂર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ પોતાના ચુકાદામાં જે તારણો આપેલ છે તે કેસમાં પડેલ પુરાવાનાં આધારે આપેલ નથી તેવું સ્પષ્ટ રીતે ફલિત થાય છે. સબબ સામાવાળાને પુનઃસ્થાપિત આપવાની જરૂર ન હતી તેમ છતાં પુનઃસ્થાપિત કરવાની ગંભીર ભૂલ કરેલ છે જેથી આ ચુકાદો રદ્ થવાને પાત્ર છે. જેથી રીસ્પોન્ડન્ટને જે ૫૦ ટકા બેક વેઈજીસ આપવામાં આવેલ છે તે ભૂલ ભરેલ છે અને ગેરકાયદેસર છે. આમ આ કામમાં પુનઃસ્થાપનનો જે હુકમ કરેલ છે તે ઘણો ભૂલ ભરેલો છે અને તે રદ્ થવાને પાત્ર છે. આમ એપેલન્ટની આ અરજી મંજૂર કરવા તેમજ બી.આઈ.આર. અરજી નં. ૨૧/૨૦૦૧ નાં કામમાં જૂનાગઢની મજૂર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ તા. ૨૬-૬-૨૦૦૩ ના રોજ જે ચુકાદો આપેલ છે તે હુકમ રદ્ કરવા વિનંતી કરેલ છે. આ અપીલની સાથે હાલનાં એપેલન્ટે મજૂર અદાલત, જૂનાગઢે ઉપરોકત જણાવેલ અરજીમાં આપેલ ચુકાદાની ખરી નકલ સામેલ રાખેલ છે.

INDEX

૩. અપીલ નં. ૭/૦૩ ની સાથે હાલનાં એપેલન્ટે જૂનાગઢની મજૂર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ બી.આઈ.આર. અરજી નં. ૨૧/૨૦૦૧ નાં કામમાં તા. ૨૬-૬-૨૦૦૩ ના રોજ કરેલ હુકમની સામે મનાઈહુકમ આપવા માટે અરજી કરેલ હતી. જેનાં ઉપર આ અદાલતે તા. ૨૨-૭-૨૦૦૩ નારોજ એક હુકમ કરીને નીચેની મજૂર અદાલતનાં ચુકાદાનો અમલ મોકુફ અને સ્થગિત રાખવાનો હુકમ કરેલ હતો.

૪. રીસ્પોન્ડન્ટે આ અપીલ નં. ૭/૦૩ નાં કામમાં કોઈ જવાબ રજૂ કરેલ નથી. પરંતુ તે સામે તેઓએ કરેલ ક્રોસ અપીલમાં પોતાનાં વાંધા-જવાબો રજૂ કરેલ છે.

૫. અપીલ નં. ૧૦/૦૩ ની હકીકતો એવી છે કે, અરજદાર દેવીસિંહ આર. જાદવ, સામાવાળા બેંકમાં ગૃપ મંત્રી તરીકે વર્ષોથી કાયમી જગ્યા ઉપર કામ કરતાં હતાં. તેઓનો ભૂતકાળનો નોકરીનો રેકર્ડ ખૂબ જ સારો હતો. તેઓ બેંકમાં ક્લેરીકલ કેડરમાં નોકરી કરે છે. જુદી જુદી શરતો અને સમાધાન મુજબ અરજદારનો માસિક પગાર ક્લેરીકલ કેડરમાં અન્ય કામ કરતાં શ્રમયોગીઓ કરતાં પણ ઓછો હતો. અરજદારને તા. ૧૧-૨-૧૯૯૨ નાં રોજ તહોમતપત્ર આપવામાં આવેલ અને તેઓની સામે ખાતાકીય તપાસ પડતર હતી તે દરમિયાન જ તા. ૨૪-૧-૧૯૯૨ ના રોજ તેમને નોકરીમાંથી સસ્પેન્ડ કરવામાં આવેલ હતાં. અરજદાર જયાં રહેતાં હતાં ત્યાંથી ૧૫૦ કિ.મી. દૂરનાં સ્થળે ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવેલ હતી. અરજદારને તા. ૧-૭-૧૯૯૨ થી તેમને નોકરીમાં બરતરફ કરવામાં આવેલ હતાં. છૂટા કરતી વખતે અરજદારને કોઈ જ વળતર કે પગાર કે નોટીસ પગાર આપવામાં આવેલ ન હતો. અરજદારની આર્થિક સ્થિતિ કંગાળ થઈ ગયેલ હતી તેથી તેમજ ઈન્કવાયરી ૧૫૦ કિ.મી. જેટલાં દૂરનાં સ્થળે રાખવામાં આવેલ હોવાથી તેઓ ખાતાકીય તપાસનાં સ્થળે હાજર રહી શકેલ ન હતાં. અને તેથી એકતરફી ખાતાકીય તપાસની કાર્યવાહી ચલાવવામાં આવી હતી. આમ એકતરફી રીતે તેમની સામે ખાતાકીય તપાસ કરી બરતરફીનો હુકમ કરવામાં આવેલ છે.

૬. અરજદારે સદરહુ બરતરફીનાં હુકમને મજૂર અદાલત સમક્ષ પડકારેલ હતો અને નોકરીમાં પુનઃસ્થાપિત થવા માટે દાદ માંગેલ હતી. જેનાં આધારે ગુણદોષ ઉપર ચુકાદો આપી મજૂર અદાલતે અરજદારને ૫૦ ટકા પાછલા પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરેલ હતો. જેનાંથી નારાજ થઈ હાલનાં અરજદાર દેવીસિંહ આર. જાદવે હાલની આ અપીલ આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે. અપીલનાં કારણોમાં જણાવે છે કે, જો સમગ્ર રેકર્ડ જોવામાં આવશે તો જણાશે કે, બેંક નીચેની મજૂર અદાલત સમક્ષ ખાતાકીય તપાસના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી. ફક્ત અરજદારે જ દસ્તાવેજી પુરાવાઓ નીચેની મજૂર અદાલત સમક્ષ રજૂ કરેલ છે. નીચેની મજૂર અદાલતે તહોમતનામામાંના અમુક આક્ષેપો પુરવાર માનેલ છે. તહોમતનામું એ કોઈ તહોમત પુરવાર કરતો દસ્તાવેજ નથી. તહોમત દસ્તાવેજી અને મૌખિક પુરાવાઓ દ્વારા પુરવાર કરવું જોઈએ, જે કરવામાં આવેલ નથી. આમ, દસ્તાવેજી પુરાવાઓ સામાવાળાએ નહિ રજૂ કરેલ હોવા

INDEX

છતાં તહોમતનામામાં જણાવેલ આક્ષેપોને મજુર અદાલતે પુરવાર માનેલ છે અને તેનો તેમની સમક્ષનાં ચુકાદામાં ઉલ્લેખ કરેલ છે. આમ નીચેની મજૂર અદાલતની આ ભૂલ છે. પાછલું વળતર કાપવાનાં કારણમાં મજૂર અદાલતે ઠરાવેલ છે કે, અરજદાર તરફે જે વિલંબ કરવામાં આવેલ છે તેનાં કારણે પાછલું વળતર કાપવામાં આવે છે. સમગ્ર દસ્તાવેજી પુરાવાઓ જોતાં ટ્રાયલ કોર્ટનું ઉપરોક્ત તારણ ભૂલ ભરેલ જણાય છે. ઉપરોક્ત સંજોગોમાં મજૂર અદાલત, જૂનાગઢે બી.આઈ.આર. અરજી નં. ૨૧/૨૦૦૧માં તા. ૨૬-૬-૦૩નાં રોજ આપેલ ચુકાદામાં જે ૫૦ ટકા પાછલા વળતર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો જે હુકમ કરેલ છે તેનાં બદલે ૧૦૦ ટકા પાછલા વળતર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે તેવી દાદ માગેલ છે.

૭. અપીલ નં. ૧૦/૦૩ની સાથે અરજદારે મૂળ બી.આઈ.આર. અરજી નં. ૨૧/૨૦૦૧નાં કામમાં તા. ૨૬-૬-૦૩નાં રોજ મજૂર અદાલત, જૂનાગઢે આપેલ ચુકાદાની નકલ રજૂ કરેલ છે.

૮. અપીલ નં. ૭/૦૩નાં કામમાં એપેલન્ટને આંક-૪થી મનાઈહુકમ આપવામાં આવ્યા પછી તે વખતોવખત લંબાવવામાં આવેલ છે અને તે આજ દિન સુધી ચાલુ છે.

૯. ત્યારબાદ આ કામમાં બંને પક્ષકારોનાં વિદ્વાન વકીલશ્રીઓની સંયુક્ત દલીલો લક્ષમાં લીધી. અપીલ નં. ૭/૦૩નાં કામમાં રીસ્પોન્ડન્ટ તરફે તેમની લેખિત દલીલમાં જણાવેલ છે કે, મજૂર અદાલતે કાયદાની ગંભીર ભૂલ કરેલ છે જેથી જ મજૂર અદાલત દ્વારા આપવામાં આવેલ ચુકાદો રદ થવાને પાત્ર છે. આ કામમાં સામાવાળા એટલે કે મૂળ અરજદાર 'શ્રમયોગી' 'એમ્પ્લોઈ' ની વ્યાખ્યામાં આવતા નથી તેમ છતાં મજૂર અદાલતે તે હકીકતો ધ્યાનમાં લીધેલ નથી, જે એપેલેન્ટની હકીકત અદાલતને ગેરમાર્ગે દોરનારી અને હકીકતો વિરુદ્ધની હોઈ આ રજૂઆત રદ થવાને પાત્ર છે. એપેલન્ટે અપીલમાં જણાવેલ છે કે, મજુર અદાલતે એપેલન્ટની દલીલો અને ચુકાદાને ધ્યાનમાં લીધેલ નથી. જેથી મજૂર અદાલતનો ચુકાદો રદ થવાને પાત્ર છે જે હકીકત પણ મજૂર અદાલતને ગેરમાર્ગે દોરનારી હોઈ રદ થવાને પાત્ર છે. મજૂર અદાલતે તેમની સમક્ષ પડેલાં પુરાવાઓ, દસ્તાવેજો અને જુબાનીઓને આધારે બી.આઈ.આર. અરજી નં. ૨૧/૨૦૦૧નાં કામમાં જે ચુકાદો આપેલ છે તે તદ્દન યોગ્ય, ન્યાયી અને વાજબી છે તે જેથી આ ચુકાદામાં કોઈ ફેરફાર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં જણાવેલ છે કે, મજૂર અદાલતે તેનાં ચુકાદામાં જો કાયદાની અને હકીકતોની ભૂલો કરી હોય તો જ અપીલ ટકવાપાત્ર થાય છે. જ્યારે મજૂર અદાલતે બી.આઈ.આર. નં. ૨૧/૨૦૦૧માં જે ચુકાદો આપેલ છે તે ચુકાદામાં કોઈપણ કાયદાની કે હકીકતની ભૂલ ન હોય એપેલન્ટની અપીલ રદ થવાને પાત્ર છે તથા આ અપીલ મનાઈહુકમ રદ થવાને પાત્ર છે. મૂળ અરજદાર એમ્પ્લોઈની વ્યાખ્યામાં આવતા ન હોઈ જેથી અરજી તથા મજૂર અદાલતનો ચુકાદો રદ થવાને પાત્ર છે તે બાબતે ધ્યાન દોરતાં જણાવે છે કે, આ કામનાં અરજદારે તેમનો વિગતવાર જવાબ મૂળ બી.આઈ.આર. અરજી નં. ૨૧/૨૦૦૧માં આપેલ નથી. તેમજ પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરેલ છે તે અંગેનાં કોઈ પુરાવા, દસ્તાવેજી પુરાવા કે જુબાની દ્વારા પુરવાર કરેલ નથી જેથી

INDEX

એપેલન્ટનો આ બચાવ આ અપીલમાં લઇ શકે નહી જેથી અપીલ ગેરમાર્ગે દોરવા માટે ખોટી રજૂઆતો કરેલ હોઇ આ અપીલ તથા મનાઇહુકમ રદ થવા અરજ કરેલ છે. સામાવાળાએ વધુમાં દલીલો કરતાં જણાવે છે કે, સામાવાળા સામે આ કામનાં એપેલન્ટ બેંકે ખાતાકીય તપાસ કરેલ છે અને ખાતાકીય તપાસ કરતાં પહેલાં તેઓને પડતર ઇન્ક્વાયરી સસ્પેન્ડ કરેલ પરંતુ આ સંપૂર્ણ સસ્પેન્શન દરમિયાન તેઓને કોઇપણ પ્રકારનું સસ્પેન્શન એલાઉન્સ આપેલ નહી જેથી મજૂર અદાલતે તેઓ રીસ્પોન્ડન્ટની તરફેણમાં જે ચુકાદો આપેલ છે તે ચુકાદો ન્યાયી અને વાજબી છે. કારણ કે, અરજદારને પેન્ડીંગ ઇન્કવાયરી સસ્પેન્ડ કરવામાં આવે તો સંસ્થાએ શ્રમયોગીને સસ્પેન્શન એલાઉન્સ ચૂકવવું પડે જે સંસ્થાએ પેન્ડીંગ ઇન્કવાયરી સસ્પેન્શનનાં હુકમથી ખાતાકીય તપાસ પૂરી થઇ ત્યાં સુધી તેઓને ચૂકવેલ ન હોઇ ખાતાકીય તપાસ ગેરકાયદેસર હોઇ અને તે તપાસનાં આધારે આપેલ તારણ પણ ગેરકાયદેસર અને પરવર્સ છે જે મજૂર અદાલતે તેમનાં ચુકાદામાં જણાવેલ છે તે યોગ્ય, ન્યાયી અને વાજબી છે જેથી આ અપીલ અને મનાઇ હુકમ રદ થવાને પાત્ર છે. વધુમાં દલીલો કરતાં જણાવે છે કે, સંસ્થા કોઇ પણ શ્રમયોગી સામે ખાતાકીય તપાસ શરુ કરે ત્યારે ખાતાકીય તપાસ કુદરતી ન્યાયનાં સિદ્ધાંત મુજબ સંસ્થાની હદમાં અથવા તો સંસ્થા જે શહેરમાં આવેલ હોય તે શહેરમાં રાખવાની હોય છે. જ્યારે આ કામનાં એપેલન્ટ બેંકે રીસ્પોન્ડન્ટ સામેની ખાતાકીય તપાસ કોડીનાર શહેરથી આશરે ૨૦૦ કિ.મી. દૂર જૂનાગઢ શહેરમાં બેંકનાં વકીલને ત્યાં રાખવામાં આવેલ જેથી શ્રમયોગીએ ખાતાકીય તપાસ કોડીનારમાં રાખવા જણાવેલ છતાં એપેલન્ટે ખાતાકીય તપાસ જૂનાગઢમાં ચલાવવાનો આગ્રહ રાખી જૂનાગઢમાં ખાતાકીય તપાસ એકતરફી ચલાવી પૂર્ણ કરેલ. જેથી પણ ખાતાકીય તપાસ અને તે તપાસને આધારે તારણો પણ ગેરકાયદેસર અને પરવર્સ હોઇ રદ થવાને પાત્ર છે અને મજૂર અદાલતે તેમનાં ચુકાદામાં જે જણાવેલ છે જેથી મજૂર અદાલતે જે ચુકાદો બી.આઇ.આર. અરજી નં. ૨૧/૨૦૦૧માં આપેલ છે તે યોગ્ય અને વાજબી છે જેથી તે ચુકાદામાં કોઇ ફેરફાર કરવાનો પ્રશ્ન નથી અને તેથી અપીલ અને આપેલ મનાઇહુકમ રદ થવાને પાત્ર ઠરે છે.

૧૦. વધુમાં લેખિત દલીલમાં રીસ્પોન્ડન્ટ છે કે, રીસ્પોન્ડન્ટ શ્રમયોગીએ ખાતાકીય તપાસ જૂનાગઢના બદલે કોડીનારમાં રાખવા અથવા કોડીનારથી જૂનાગઢ આવવા-જવાનું ભાડું એપેલન્ટ બેંક તેઓને ચૂકવે તે પણ જણાવવા છતાં એપેલન્ટ બેંકે તેઓને જૂનાગઢ જવાનું-આવવાનું ભાડું પણ ન ચૂકવતાં તેઓ રીસ્પોન્ડન્ટ શ્રમયોગી પેન્ડીંગ ઇન્કવાયરી સસ્પેન્ડ કરેલ હોય અને સસ્પેન્શન એલાઉન્સ એપેલન્ટ બેંક ચૂકવતી ન હોય અને તેઓની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી હોઇ તેઓ રીસ્પોન્ડન્ટ શ્રમયોગી એપેલન્ટ બેંકે તેની સામે શરુ કરેલ ખાતાકીય તપાસમાં તેઓ શ્રમયોગી હાજર રહી શકે તેમ ન હોઇ તે તકનો લાભ લઇ એપેલન્ટ બેંકે તેઓની સામે એકતરફી ખાતાકીય તપાસ ચલાવી તેઓની વિરુદ્ધમાં તારણો આપેલ છે જેથી આ તારણો આ ખાતાકીય તપાસ ગેરકાયદેસર, ગેરબંધારણીય અને પરવર્સ છે તેવું મજૂર અદાલતે બી. આઇ. આર. અરજી નં. ૨૧/૨૦૦૧ નાં ચૂકદામાં આપેલ છે તે યોગ્ય, વાજબી અને ન્યાયી હોઇ ચુકાદામાં કોઇ ફેરફાર

INDEX

કરવાને પાત્ર થતો નથી અને તેથી આ અપીલ રદ કરવાને પાત્ર ઠરે છે. વધુમાં રિસ્પોન્ડન્ટ જણાવે છે કે, તેઓ રીસ્પોન્ડન્ટ શ્રમયોગીને તારીખ ૧૧-૨-૧૯૯૨નાં રોજ જે ચાર્જશીટ આપેલ તે ચાર્જશીટ અગાઉ તેઓને બેંક તરફથી ક્યારેય કોઇ મેમો કે ચાર્જશીટ આપેલ ન હતું અને તેઓની નોકરીનો રેકર્ડ એકદમ ક્લીન અને નીટ હતો અને તેઓને જે ચાર્જશીટ તારીખ ૧૧-૨-૧૯૯૨ના રોજ આપેલ છે તે ચાર્જશીટ જણાવેલ આક્ષેપો તદ્દન ખોટા, અપ્રસ્તુત ઉપજાવી કાઢેલાં છે અને તે ખાતાકીય તપાસમાં પણ પુરવાર થયેલ નથી તે અંગેનાં દસ્તાવેજો પણ રજૂ થયેલ નથી તેમજ રીસ્પોન્ડન્ટે ચાર્જશીટનો જે વિગતવાર જવાબ આપેલ છે તે જવાબને પણ તપાસ અધિકારીએ ધ્યાનમાં લીધેલ નથી કે તે જવાબને આધારે કોઇ દસ્તાવેજ તપાસમાં રજૂ થયેલ નથી અને એકતરફી ખાતાકીય તપાસ અધિકારીએ પૂર્ણ કરેલ હોઇ ખાતાકીય તપાસ તથા તપાસનાં આધારે આપેલ તારણો ગેરકાયદેસર, ગેરબંધારણીય હોઇ તે રદ થવાને પાત્ર છે, જે મજૂર અદાલતના ચુકાદામાં જણાવેલ છે જે યોગ્ય, ન્યાયી અને વાજબી છે જેથી અપીલ અને અપીલમાં આપેલ મનાઇ હુકમ રદ થવાને પાત્ર છે. વધુમાં સામાવાળા જણાવે છે કે, આ કામમાં એપેલન્ટ બેંક કોઇ પણ દસ્તાવેજો મૂળ બી.આઇ.આર. અરજી નં. ૨૧/૨૦૦૧માં રજૂ કરેલ નથી કે કોઇ સાક્ષી પુરાવા આપેલ નથી અને તેમણે જે પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરેલ છે તે મુદ્દા બાબતે પણ કોઇ ઉલટ તપાસ સામાવાળાની કરેલ છે જેમાં સાબિત કરેલ નથી કે તે બાબતે કોઇ પુરાવો આ કામમાં આપેલ નથી જેથી આ કારણોસર પણ આ અપીલ તથા અપીલની મનાઇહુકમની અરજીમાં આપેલ મનાઇહુકમ રદ થવાને પાત્ર છે. એપેલન્ટ બેંકનો કોઇ પ્રથમ દર્શનીય કેસ નથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ બેંકની તરફેણમાં નથી. હાર્ડશીપ પણ બેંકની તરફેણમાં નથી. પરંતુ તમામ મુદ્દા અરજદારની તરફેણમાં છે. કારણ કે, શ્રમયોગીને બેંકે તારીખ ૨૪-૧-૧૯૯૨ના રોજથી પડતર ઇન્ક્વાયરી સસ્પેન્ડ કરેલ અને કોઇપણ પ્રકારનું સસ્પેન્શન એલાઉન્સ તેઓને તારીખ ૧-૭-૧૯૯૨નાં રોજ બરતરફ ર્ક્યા ત્યાં સુધી ચૂકવેલ ન હોઇ અને તેઓને બરતરફ ર્ક્યા બાદ પણ તેઓ બેકાર હોઇ આજ દિન સુધી તેઓને નોકરી મળેલ ન હોઇ તેઓ તારીખ ૨૪-૧-૧૯૯૨ થી આજદિન સુધી બેકાર રહેલ હોઇ મજૂર અદાલતે બી.આઇ.આર. અરજી નં. ૨૧/૨૦૦૧માં જે ચુકાદો આપેલ છે તે ચુકાદો ખૂબ જ વાજબી, ન્યાયી અને યોગ્ય હોઇ તે ચુકાદા મુજબ એપેલન્ટ બેંક તેઓને તાત્કાલિક અસરથી કામ ઉપર લે તેવો હુકમ ફરમાવવા તથા તમામ આનુષાંગિક લાભો તથા બી. આઇ. આર. અરજી નં. ૨૧/૦૧ નાં ચુકાદા મુજબ પગાર ચૂકવી આપે તેવો હુકમ ફરમાવવાં તથા એપેલન્ટની અપીલ તથા અપીલમાં આપેલ મનાઇ હુકમ રદ કરવા અરજ કરે છે. વધુમાં શ્રમયોગી તરફે એવું જણાવેલ છે કે, મજૂર અદાલત, જૂનાગઢ બી.આઇ.આર. અરજી નં. ૨૧/૦૧માં તા. ૨૬-૬-૦૩ના રોજ જે ચુકાદો આપેલ છે તે ચુકાદો તેઓને છૂટા ર્ક્યા પછી આશરે સાત વર્ષ બાદ આપેલ છે અને ત્યાર બાદ અદાલતનાં મનાઇ હુકમનાં કારણે પણ શ્રમયોગી નોકરીથી તથા પગારથી વંચિત રહેલ છે. જેથી શ્રમયોગીને આ કામની બેંક બી.આઇ.આર. અરજી નં. ૨૧/૨૦૦૧માં આપેલ ચુકાદા મુજબ તાત્કાલિક અમલ કરે તેવો હુકમ ફરમાવવો અને એપલન્ટની અપીલ તથા અપીલમાં આપેલ મનાઇહુકમ રદ કરવા અરજ કરે છે. વધુમાં શ્રમયોગી તરફે જણાવેલ છે કે, મજૂર અદાલતે જે

INDEX

ચુકાદો આપેલ છે તે ચુકાદામાં કોઇ કાયદાકીય કે હકીકતોની ભૂલ રહેલ નથી કે ક્ષતિ રહેલ નથી જેથી તેમાં કોઇ ફેરફાર કરવાનો કે રદ કરવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને તેથી આ અપીલ રદ કરવા વિનંતી કરેલ છે. શ્રમયોગી તરફે વધુમાં એમ જણાવેલ છે કે, બોમ્બે હાઇકોર્ટ તથા કલકત્તા હાઇકોર્ટે તેમનાં ચુકાદામાં જણાવેલ છે કે, જ્યારે કોઇ શ્રમયોગી સામે ખાતાકીય તપાસ કરવામાં આવે ત્યારે ખાતાકીય તપાસનાં અંતે તેમને બરતરફ કરવામાં આવે ત્યારે શ્રમયોગી તે બરતરફીનાં હુકમને મજૂર અદાલતમાં પડકારે ત્યારે માલિક એવો બચાવ લઈ શકે નહી કે આ શ્રમયોગી 'એમ્પ્લોઇ' ની વ્યાખ્યામાં આવતા નથી જેથી માલિકને એસ્ટોપલને બાધ પડે છે. તે બોમ્બે હાઇકોર્ટનાં તથા કલકત્તા હાઇકોર્ટનાં ચુકાદા સામેલ રાખેલ છે. વધુમાં શ્રમયોગી તરફે દલીલોમાં જણાવેલ છે કે, તેઓ શ્રમયોગી સને ૧૯૯૨ થી બેકાર અવસ્થામાં હોઇ અને તેઓને અન્ય કોઇ આર્થિક આવક ન હોઇ અને સામાવાળાને ૫૦ ટકા પગાર ચૂકવવાનો જે હુકમ કરેલ છે તેનાં બદલે ૧૦૦ ટકા પગાર મેળવવા તેઓ દાદ માગે છે. કારણ કે, શ્રમયોગી નોકરીમાંથી છૂટા થયા પછી કમાય છે કે કેમ ? તે પુરવાર કરવાની જવાબદારી માલિક એટલે કે, બેંકની છે અને બેંક તે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોઈ તેઓ હાલની અપીલ નં. ૧૦/૦૩ ના કામમાં ૧૦૦ ટકા પાછલો પૂરેપૂરો પગાર મેળવવાની દાદ માગે છે તે દાદ મંજુર કરવા અરજ કરે છે. હાલની ઉપરોક્ત દલીલો અપીલ નં. ૧૦/૦૩ ના કામમાં પણ ગ્રાહ્ય રાખવા વિનંતી કરે છે.

૧૧. અપીલ નં. ૭/૦૩ ના કામમાં બેંકે તેમની લેખિત દલીલ આંક-૫ થી રજુ કરેલ છે જેમાં જણાવેલ છે કે, મૂળ બી.આઈ.આર. અરજી હાલનાં શ્રમયોગીને છૂટા કરવાનું પગલું ગેરકાયદેસર ફેરફાર જાહેર કરવા અંગે હતી. આ શ્રમયોગીને ખાતાકીય તપાસ કરીને શિક્ષાત્મક પગલાં રુપે છૂટા કરવામાં આવેલ અને તે પગલાંથી નારાજ થઈ તેમણે સંબંધિત કાયદાની કલમ-૭૮, ૭૯ હેઠળ નોકરીથી મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા માંગણી કરેલ આ કેસમાં અદાલતે ૫૦ ટકા બેક વેઈજીસ સાથે પુનઃસ્થાપિત કરવા હુકમ કરેલ છે, જે આ અપીલનું કારણ છે. મૂળ અરજી ચાલતી હતી તે દરમિયાન પ્રાથમિક મુદ્દો બેંકે લીધેલ કે, હાલનાં શ્રમયોગી બી. આઈ. આર. એક્ટ-૧૯૪૬ની જોગવાઈઓ મુજબ 'એમ્પ્લોઈ' ની વ્યાખ્યામાં આવતા નથી. આ મુદ્દો આખરી સુનાવણી વખતે લક્ષમાં લેવામાં આવશે. ઉપરાંત આ કામમાં ખાતાકીય તપાસનો મુદ્દો પણ છે. ખાતાકીય તપાસ જો યોગ્ય ન હોય તો તેવા સંજોગોમાં અદાલત સમક્ષ પુરાવો લેવા પરવાનગી આપવી જોઈએ જે બાબત ધ્યાનમાં લેવામાં આવી નથી.

૧૨. મજૂર અદાલતે ચુકાદો આપતી વખતે જે મુદ્દો ફ્રેમ કર્યો છે તેમાં - 'એમ્પ્લોઈ' ની વ્યાખ્યામાં મૂળ કેસના અરજદાર આવે છે કે કેમ ? તે મુદ્દો જ નક્કી કરેલ નથી. વળી, ખાતાકીય તપાસ કાયદેસર છે તેવી અરજી મજૂર અદાલતમાં શ્રમયોગીએ આપેલ તેમ છતાં ખાતાકીય તપાસની કાયદેસરતાને મજૂર અદાલતે ચર્ચા કરીને તપાસ અયોગ્ય ઠેરવી છે. ખાતાકીય તપાસની કાયદેસરતા કબૂલ કરવામાં આવી હોય અને પછી મૂળ કેસમાં અરજદારે બેકારીનો પુરાવો જ આપેલ ન હોય તો પછી બેક વેઈજીસ આપવા કે કેમ ? તે મુદ્દો જ ફ્રેમ કરવો જોઈએ અને જે વાતનો પુરાવો જ ન

INDEX

હોય તેવી દાદ આપી શકાય નહીં. મજૂર અદાલત દ્વારા આઈ.ડી. એક્ટની કલમ-૧૧-એ હેઠળ દાદ આપવામાં આવી છે ખરેખર આ અંગે તેઓએ વડી અદાલતનો ચુકાદો રજૂ કરેલ છે જે મુજબ બી.આઈ.આર. એક્ટ હેઠળ આવેલ લાભ આપી શકાય નહીં. આ કેસમાં ખોટી રીતે નાણાં ચૂકવવાનો, રોજમેળમાં ગોટાળા કરવાનો વગેરે ગંભીર આરોપ હોવા છતાં અદાલતે તેમનાં ચુકાદાનાં પાના નં. ૮ તથા પાના નં. ૯ ઉપર છેલ્લી દશ લીટીમાં જે તારણ કાઢેલ છે તે નીચે મુજબ છે :-

"એટલું જ નહિ , પરંતુ અરજદાર વિરૂદ્ધના જે આક્ષેપો છે તે એકાદ બે આક્ષેપોને બાદ કરતા સામાન્ય પ્રકારના આક્ષેપો છે અને અન્ય જે આક્ષેપો છે કે જે નાણાકીય વ્યવહારના છે તે તેમાં અરજદારે કોઈ નાણાકીય ઉચાપત કરી હોય તેવા કોઈ આક્ષેપો નથી. તેમાં જે કોઈ રકમ અન્ય કર્મચારીને નિયમિત પગાર કરતાં વધારે ચૂકવાયેલ હોય તો તે રકમ કર્મચારી પાસેથી વ્યાજ સહિત વસુલાત કરી શકાય છે. તેમજ અન્ય જે રકમ અંગે વધારાના પગાર બાબતે વ્યવસ્થાપક કમિટીની મંજૂરી મેળવેલ નથી તેવું જણાવેલ છે."

પાના નં. ૯ :-

"અરજદારને તેની નોકરીમાંથી બરતરફ કરવાનું પગલું મારી દ્રષ્ટિએ ઘણું બધું કઠોર અને જુલ્મી હોવાનું જણાઈ આવે છે. અરજદાર વિરૂદ્ધ મૂકવામાં આવેલ આક્ષેપો પ્રમાણેનાં તેના ગુન્હાઓ સબબ અરજદાર પાસેથી તેવી રકમ વ્યાજ સહિત વસૂલ કરી શકાઈ હોત અથવા તો અરજદારને ઠપકો આપવામાં આવેલ નથી તેમજ તેનાં કોઈ ઈજાફા બંધ કરી શિક્ષા કરવામાં આવી હોત તો મારી દ્રષ્ટિએ વાજબી અને ન્યાયી ગણાત. પરંતુ આ કામમાં તપાસનીશ અધિકારીએ તેમનાં કારણોમાં બરતરફીની જે સજા કરેલ છે તે વાજબી અને ન્યાયી જણાતું નથી તેમજ તેઓએ આપેલ તારણનાં પુરાવાને આધારે હોવાનું પુરવાર થતું નથી."

૧૩. જયારે હાલના આ કેસમાં જયારે જુદી જુદી નાં. સર્વોચ્ચ અદાલતે તેમજ નાં. વડી અદાલતોએ સ્પષ્ટ ઠરાવેલ છે કે, આવી નાણાકીય ગોટાળાની બાબત ગંભીરતાથી લેવી જોઈએ અને પુનઃસ્થાપન ન આપવું જોઈએ તેમ છતાં મજૂર અદાલત એમ ઠરાવે છે કે, "નાણાં વ્યાજ સહિત વસૂલ કરી શકાયા હોત" એ કેટલે અંશે વાજબી કહેવાય ? તેનો અર્થ એવો થયો કે, મજૂર અદાલત માને છે કે, નાણાકીય ગોટાળા થયા છે. પરંતુ તેમના માટે છૂટા કરી શકાય નહી. આ બાબતે જુદા જુદા ચુકાદાઓ અલગથી રજૂ કરેલ છે. શ્રમયોગીને જાતે જ તહોમતનામું રજૂ કરેલ છે અને ત્યાર બાદ પોતે કોઈ મૌખિક પુરાવો આપેલ નથી તો તેવા સંજોગોમાં કયા પુરાવાના આધારે અદાલતે તેઓનું પગલું ગેરકાયદેસર ઠરાવ્યું તે સમજી શકાતું નથી. ચુકાદાના પાના-૧૧ ઉપરના બીજા પેરગ્રાફમાં જણાવેલ છે કે, સજા વધુ પડતી છે એટલે કે, ગુન્હો સાબિત માનેલ છે. તો હવે નક્કી

INDEX

કરવું જોઈએ કે, જે ગુન્હો નાણાકીય ગોટાળાનો છે તે માફી આપવા યોગ્ય છે, કારણ કે, આ બેંક છે અને પ્રજાનો વિશ્વાસ તથા તેનાં નાણાં બેંકમાં હોય છે તો તેવી સંસ્થામાં આવું કેમ ચાલે ? અગાઉ એસ. ટી.ના કેસોમાં બે થી પાંચ રૂપિયા કે કયારેક ૨૦ થી ૨૫ રૂા.ના કલેકશનમાં કંડકટરને માફી મળતી, પરંતુ હવે નામદાર વડી અદાલતે સ્પષ્ટ ઠરાવેલ છે કે, ૧૦ પૈસા પણ લીધાં એટલે કે, ઉચાપત કહેવાય. ઉચાપત ૧૦ પૈસાની હોય કે લાખ રૂપિયાની હોય, ઉચાપત એ ઉચાપત કહેવાય અને તેથી હવે પુનઃસ્થાપિત કરી શકાતાં નથી. નાણાંકીય ગોટાળા અંગેનાં જુદા જુદા ચુકાદાઓ રજુ કરેલ છે. તે ચુકાદા ધ્યાનમાં લીધેલ નથી કે તેની ચર્ચા પણ કરેલ નથી. બેંકે તેમને સસ્પેન્શન એલાઉન્સ ચુકવેલ નથી પરંતુ જણાવે છે. કે, ગુજરાત બેંક વર્કર્સ યુનીયન દ્વારા આ મુદ્દે તેઓની બેંક સામે ગુજરાત રાજ્યનાં સ્થાયી આદેશ નોંધણી અધિકારી સમક્ષ વિવાદ કરવામાં આવેલ જેમાં ઠરાવ્યા મુજબ તેઓની બેંકમાં પડતર ઈન્ક્વાયરી સસ્પેશન એલાઉન્સ ચુકવવાની જોગવાઈ નથી. આ કેસ એક વાર ડીસમીસ ફોર ડીફોલ્ટ થયેલ, બાદ પરચુરણ અરજી હાલનાં રીસ્પોન્ડન્ટ દ્વારા થયેલ જેનાં આધારે લાંબા સમય બાદ કેસ રીસ્ટોર થયેલ. આ બધાં પીરીયડનાં બેંક વેઈજીસનું બર્ડન માલિક ઉપર કેવી રીતે નાંખી શકાય ? આ મુદ્દો પણ અતિ મહત્વનો છે.

૧૪. ૨૦૦૦ એલ.આઈ.સી. પાન-૩૩૦૨ ઉપર પ્રસિદ્ધ થયેલ ચુકાદો નામદાર સર્વોચ્ચ અદાલતનો છે જેમાં નીચલી અદાલતોએ મીસ એપોપ્રીએશનનાં ચાર્જીસ પુરવાર માનેલ અને તેમ છતાં પુનઃ સ્થાપિત તથા ૨૫ ટકા બેંક વેઈઝીસનો હુકમ કરેલ જેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, જયારે મીસ અપ્રોપ્રીએશનનો ચાર્જ પુરવાર માનેલ છે. ત્યારે પુનઃસ્થાપિત કરવાનો અને ૨૫ ટકા પગાર ચુકવવાનો હુકમ થાય નહી. હાલનાં કામમાં પણ મજુર અદાલત દ્વારા ચાર્જીસ પુરવાર માનેલ છે. અને ઠરાવેલ છે કે રકમ તેની પાસેથી વસુલ કરી શકાઈ હોત. આમ ગેરરીતિ સાબિત માનીને પુનઃસ્થાપિત કરવાનો તથા ૫૦ ટકા બેંક વેઈજીસનો હુકમ કરેલ છે. બીજો ચુકાદો ૨૦૦૦ એલ.આઈ.સી. પાન-૧૧૯૦ ઉપર પ્રસિદ્ધ થયેલ છે જે નામદાર રાજસ્થાન હાઈકોર્ટનો છે. તે કેસમાં સંબંધિત શ્રમયોગી પોતે ગુન્હો કબુલ કરીને રકમ જમા કરાવવા તૈયાર થયેલ તેવા કિસ્સામાં પણ કાઢી મુકવાનું પગલું યોગ્ય ઠરાવેલ છે. વળી, ૨૦૦૦, એલ.આઈ.સી. પાન-૧૭૯૧ જે નામદાર ગુજરાત હાઈકોર્ટના ડિવીઝન બેંચનો છે. તેમાં પણ કંડકટરે ટિકિટનાં પૈસા લઈ ટિકિટ ન આપવાનું કૃત્ય કરેલ હતું આ સંજોગોમાં પુનઃસ્થાપિત કરી શકાય નહીં તેવો હુકમ કરેલ છે. ૧૯૯૯ એલ.આઈ.સી. પાન-૨૭૦૩, નામદાર ગુજરાત હાઈકોર્ટની ડિવીઝન બેંચના ચુકાદામાં પણ હકીકત ગેરરીતિની હતી જેમાં પુનઃ સ્થાપિત ન કરાય તેવો હુકમ છે. એટલું જ નહિ પણ આ ચુકાદામાં પારા-૧૨.૧ માં ઠરાવેલ છે કે, આવા કર્મચારીઓને કારણે જે લોકો એમ્પ્લોઈમેન્ટ એકસચેન્જમાં વેઈટીંગમાં છે તેઓને નોકરી મળતી નથી. આવા કર્મચારીને કાઢીને બીજાને તક આપવી જોઈએ. વળી, ૧૯૯૯ એલ.આઈ.સી. પાન-૨૮૨૪ નામદાર સર્વોચ્ચ અદાલતનાં ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે. કે, જયારે મીસકંડકટનાં અનુસંધાને સજા કરી હોય ત્યારે તેમાં હસ્તક્ષેપ ન કરવો જોઈએ. હાલનાં કેસમાં પણ મંજૂર અદાલતે જે નિર્ણય લીધેલ છે તે ગેરવાજબી છે તેથી ચુકાદો રદ થવાને પાત્ર ઠરે છે.

INDEX

૧૫. મજૂર અદાલતે આ કામમાં પોતાનું માઇન્ડ એપ્લાય કરેલ નથી ફક્ત અરજદાર પ્રત્યે તેમની ગેરકાયદેસર સહાનુભૂતિ દર્શાવેલ છે આ ઉપરથી અદાલતનો ચુકાદો ગેરકાયદેસર અને ગેરવાજબી છે તેથી ચુકાદો રદ થવાને પાત્ર ઠરે છે. મજૂર અદાલતે આ આક્ષેપ પુરવાર ન માનીને કાયદાની ગંભીર ભૂલ કરેલ છે તેમજ કેસમાં પડેલ સમગ્ર રેકર્ડ ધ્યાનમાં લીધેલ નથી. મજૂર અદાલતે બેક વેઇજીસ અંગે પણ જે તારણો આપેલ છે તે પુરાવો ધ્યાનમાં લીધાં વગર આપેલ છે શ્રમયોગી બેક વેઇજીસ મેળવવા હક્કદાર થતા નથી તેમ છતાં મજૂર અદાલતે હાલનાં અરજદારને ૫૦ ટકા બેક વેઇજીસ ચૂકવવાનો હુકમ કરેલ છે તેમજ હાલનાં એપેલન્ટની દલીલો લક્ષમાં લીધેલ નથી. આમ છતાં મજૂર અદાલતે હાલનાં અરજદારને ખોટી સહાનુભૂતિ દર્શાવી અને ૫૦ ટકા જેટલું બેક વેઇજીસ અપાવી કાયદાની ગંભીર ભૂલ કરેલ છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, મજૂર અદાલતે પુરાવાનું સંપૂર્ણપણે અવલોકન કરેલ નથી જો એવું થયું હોત તો અરજદારને બેક વેઇજીસ મળવાનો કોઇ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નં હતો. આમ તારણો આપી મજૂર અદાલતે કાયદાની ગંભીર ભૂલ કરેલ છે. આમ તેઓની અપીલ ગ્રાહ્ય કરવા વિનંતી કરેલ છે.

૧૬. આ કામમાં રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ, બંને પક્ષકારોની લેખિત દલીલો મટીરીયલ્સ ઓન રેકર્ડ તેમજ નીચેની મજૂર અદાલતનું રેકર્ડ જોતાં નીચેનાં મુદાઓ મારા ન્યાયનિર્ણય માટે ઉપસ્થિત થાય છે :-

(૧) શું હાલની અપીલ નં. ૭/૦૩ નાં એપેલન્ટ એ હકીકત સાબિત કરે છે કે, તેઓની આ અપીલ મંજૂર કરવાપાત્ર છે કે કેમ ?

(૨) શું હાલની અપીલ નં. ૧૦/૦૩ નાં એપેલન્ટ એ હકીકત સાબિત કરે છે કે, તેઓની આ અપીલ મંજૂર કરવાપાત્ર છે કે કેમ ?

(૩) શું હાલનાં બંને એપેલન્ટસ એ હકીકત પુરવાર કરે છે કે, મજૂર અદાલત, જૂનાગઢે બી.આઇ.આર. અરજી નં. ૨૧/૦૧ માં તા. ૨૬-૬-૦૩ ના રોજ કરેલ હુકમમાં કોઇ કાયદાની કે હકીકતની ભૂલ કે ક્ષતિ કરેલ છે કે કેમ ?

(૪) છેવટનો હુકમ શું કરવો જોઇએ ?

૧૭. ઉપરનાં મુદાઓનો મારો જવાબ નીચેનાં કારણોસર નીચે મુજબ છે :-

(૧) નકારમાં,

(૨) નકારમાં,

INDEX

(૩) નકારમાં,

(૪) છેવટનાં હુકમ મુજબ.

૧૮. કારણો :-

અપીલ નં. ૭/૦૩ નાં કામમાં રીસ્પોન્ડન્ટ તરફે તેમની લેખિત દલીલમાં જે હકીકતો જણાવેલ છે કે, મજૂર અદાલતે કાયદાની ગંભીર ભૂલ કરેલ છે જેથી જ મજૂર અદાલત દ્વારા આપવામાં આવેલ ચુકાદો રદ થવાને પાત્ર છે તે દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી કારણ કે, મજૂર અદાલતે જે હુકમ કરેલ છે તે હુકમ સમગ્ર રીતે વંચાણમાં લેતાં તે હુકમ મજૂર અદાલત, જૂનાગઢે તેની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓ અને કેસમાં પડેલા પુરાવાઓનાં આધારે, નિર્ણય કરેલ છે તે યોગ્ય છે. વળી, આ કામમાં સામાવાળા એટલે કે, મૂળ અરજદાર 'શ્રમયોગી' 'એમ્પ્લોઇ'ની વ્યાખ્યામાં આવતાં નથી તેમ છતાં મજૂર અદાલતે તે હકીકતે ધ્યાનમાં લીધેલ નથી તે એપેલન્ટની હકીકત અદાલતને ગેરમાર્ગે દોરનારી અને હકીકતો વિરૂધ્ધની હોઇ આ રજૂઆત રદ થવાને પાત્ર ઠરે છે અને તે દલીલ પણ ટકી શકે તેમ નથી કારણ કે, મજૂર અદાલત, જૂનાગઢે તેમની સમક્ષ પડેલા દસ્તાવેજી પુરાવાઓ અને કેસની વિગતો ધ્યાનમાં લઇને મજૂર અદાલતે ચુકાદો આપેલ છે તે યોગ્ય, વાજબી અને ન્યાયી જણાય છે. એપેલન્ટે અપીલમાં જણાવેલ છે કે, મજૂર અદાલતે એપેલન્ટની દલીલો અને ચુકાદાને ધ્યાનમાં લીધેલ નથી જેથી મજૂર અદાલતનો ચુકાદો રદ થવાને પાત્ર છે જે દલીલ પણ માન્ય રાખી શકાય તેમ નથી. કારણ કે, મજૂર અદાલતે તેમની સમક્ષ પડેલાં પુરાવાઓ, દસ્તાવેજો અને જુબાનીઓને આધારે બી.આઇ.આર. અરજી નં. ૨૧/૦૧ નાં કામમાં જે ચુકાદો આપેલ છે તે તદ્દન યોગ્ય, ન્યાયી અને વાજબી છે તે જેથી આ ચુકાદામાં કોઇ ફેરફાર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વળી જો, મજૂર અદાલતે તેનાં ચુકાદામાં જો કાયદાની અને હકીકતોની ભૂલો કરી હોય તો જ અપીલ ટકવાપાત્ર થાય છે. જ્યારે મજૂર અદાલતે બી.આઇ.આર. અરજી નં. ૨૧/૨૦૦૧ માં જે ચુકાદો આપેલ છે તે ચુકાદામાં કોઇ પણ કાયદાની કે હકીકતની ભૂલ ન હોય એપેલન્ટની અપીલ રદ થવાને પાત્ર છે તથા આ અપીલ મનાઈહુકમ રદ થવાને પાત્ર છે. મૂળ અરજદાર એમ્પ્લોઇની વ્યાખ્યામાં આવતા ન હોઇ જેથી અરજી તથા મજૂર અદાલતનો ચુકાદો રદ થવાને પાત્ર છે તે બાબતે જે દલીલ કરેલ છે તે માન્ય રાખી શકાય તેમ નથી કારણ કે, આ કામનાં અરજદારે તેમનો વિગતવાર જવાબ મૂળ બી.આઇ.આર. અરજી નં. ૨૧/૨૦૦૧ માં આપેલ નથી. તેમજ પ્રાથમિક મુદો ઉપસ્થિત કરેલ છે તે અંગેનાં કોઇ પુરાવા, દસ્તાવેજી પુરાવા કે જુબાની દ્વારા પુરવાર કરેલ નથી જેથી એપેલન્ટનો આ બચાવ આ અપીલમાં લઇ શકે નહીં જેથી અપીલ ગેરમાર્ગે દોરવા માટે ખોટી રજૂઆતો કરેલ હોઇ આ અપીલ તથા મનાઇ હુકમ રદ થવા અરજ કરેલ છે તે માન્ય રાખી શકાય તેમ નથી. આ કામમાં સામાવાળા સામે આ કામનાં એપેલન્ટ બેંકે ખાતાકીય તપાસ કરેલ છે અને ખાતાકીય તપાસ કરતાં પહેલાં તેઓને પડતર ઇન્ક્વાયરી સસ્પેન્ડ કરેલ પરંતુ આ સંપૂર્ણ સસ્પેન્શન દરમિયાન તેઓને કોઇ પણ પ્રકારનું સસ્પેન્શન એલાઉન્સ આપેલ નહીં જેથી

INDEX

મજૂર અદાલતે તેઓ રીસ્પોન્ડન્ટની તરફેણમાં જે ચુકાદો આપેલ છે તે ચુકાદો ન્યાયી અને વાજબી છે. કારણ કે, અરજદારને પેન્ડીંગ ઈન્કવાયરી સસ્પેન્ડ કરવામાં આવે તો સંસ્થાએ શ્રમયોગીને સસ્પેન્શન એલાઉન્સ ચૂકવવું પડે જે સંસ્થાએ પેન્ડીંગ ઈન્કવાયરી સસ્પેન્શનનાં હુકમથી ખાતાકીય તપાસ પૂરી થઈ ત્યાં સુધી તેઓને ચૂકવેલ ન હોઈ ખાતાકીય તપાસ ગેરકાયદેસર હોઈ અને તે તપાસનાં આધારે આપેલ તારણ પણ ગેરકાયદેસર અને પરવર્સ છે જે મજૂર અદાલતે તેમનાં ચુકાદામાં જણાવેલ છે તે યોગ્ય, ન્યાયી અને વાજબી છે જેથી આ અપીલ અને મનાઈહુકમ રદ થવાને પાત્ર છે. વળી, સંસ્થા કોઈ પણ શ્રમયોગી સામે ખાતાકીય તપાસ શરૂ કરે ત્યારે ખાતાકીય તપાસ કુદરતી ન્યાયનાં સિદ્ધાંત મુજબ સંસ્થાની હદમાં અથવા તો સંસ્થા જે શહેરમાં આવેલ હોય તે શહેરમાં રાખવાની હોય છે જ્યારે આ કામનાં એપેલન્ટ બેંકે રીસ્પોન્ડન્ટ સામેની ખાતાકીય તપાસ કોડીનાર શહેરથી આશરે ૨૦૦ કિ.મી. દૂર જૂનાગઢ શહેરમાં બેંકનાં વકીલને ત્યાં રાખવામાં આવેલ. જેથી શ્રમયોગીએ ખાતાકીય તપાસ કોડીનારમાં રાખવા જણાવેલ છતાં એપેલન્ટે ખાતાકીય તપાસ જૂનાગઢમાં ચલાવવાનો આગ્રહ રાખી જૂનાગઢમાં ખાતાકીય તપાસ એકતરફી ચલાવી પૂર્ણ કરેલ. જેથી પણ ખાતાકીય તપાસ અને તે તપાસને આધારે આપેલ તારણો પણ ગેરકાયદેસર અને પરવર્સ હોઈ રદ થવાને પાત્ર છે અને મજૂર અદાલતે તેમનાં ચુકાદામાં જે જણાવેલ છે જેથી મજૂર અદાલતે ચુકાદો બી.આઈ.આર. અરજી નં.૨૧/૨૦૦૧ માં આપેલ છે તે યોગ્ય અને વાજબી છે. જેથી તે ચુકાદામાં કોઈ જ ફેરફાર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને તેથી અપીલ અને આપેલ મનાઈહુકમ રદ થવાને પાત્ર ઠરે છે.

૧૯. વળી, રીસ્પોન્ડન્ટ શ્રમયોગીએ ખાતાકીય તપાસ જૂનાગઢના બદલે કોડીનારમાં રાખવા અથવા કોડીનારથી જૂનાગઢ આવવા-જવાનું ભાડું એપેલન્ટ બેંક તેઓને ચૂકવે તે પણ જણાવવા છતાં એપેલન્ટ બેંકે તેઓને જૂનાગઢ જવાનું-આવવાનું ભાડું પણ ન ચૂકવતાં તેઓ રીસ્પોન્ડન્ટ શ્રમયોગી પેન્ડીંગ ઈન્કવાયરી સસ્પેન્ડ કરેલ હોય અને સસ્પેન્શન એલાઉન્સ એપેલન્ટ બેંક ચૂકવતી ન હોય અને તેઓની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી હોઈ તેઓ રીસ્પોન્ડન્ટ શ્રમયોગી એપેલન્ટ બેંક તેની સામે શરૂ કરેલ ખાતાકીય તપાસમાં તેઓ શ્રમયોગી હાજર રહી શકે તેમ ન હોઈ તે તકનો લાભ લઈ એપેલન્ટ બેંક તેઓની સામે એકતરફી ખાતાકીય તપાસ ચલાવી તેઓની વિરૂદ્ધમાં તારણો આપેલ છે જેથી આ તારણો આ ખાતાકીય તપાસ ગેરકાયદેસર, ગેરબંધારણીય અને પરવર્સ છે તેવું મજૂર અદાલતે બી.આઈ.આર. અરજી નં. ૨૧/૨૦૦૧ નાં ચુકાદામાં આપેલ છે તે યોગ્ય, વાજબી અને ન્યાયી હોઈ ચુકાદામાં કોઈ ફેરફાર કરવાને પાત્ર થતો નથી અને તેથી આ અપીલ રદ કરવાને પાત્ર ઠરે છે કારણ કે, નીચેની મજૂર અદાલત, જૂનાગઢે ખાતાકીય તપાસ અંગે જે તારણો આપેલ છે તે પણ કેસની વિગતો ધ્યાનમાં રાખીને આપેલ છે અને અરજદાર ઉપર બેંકે જે આક્ષેપ કરેલ છે તેને ધ્યાનમાં લઈ સંસ્થાએ જે શિક્ષા કરેલ છે તે વધારે પડતી છે તેમ મજૂર અદાલતે જે મુલવણી કરેલ છે ન્યાયી, વાજબી અને યોગ્ય રીતે કરેલ છે, તેમ જ કાયદાની મર્યાદામાં રહીને કરેલ છે. તેઓ રીસ્પોન્ડન્ટ શ્રમયોગીને તા. ૧૧-૨-૯૨ નારોજ જે ચાર્જશીટ આપેલ તે

INDEX

ચાર્જશીટ અગાઉ તેઓને બેંક તરફથી કયારેય કોઇ મેમો કે ચાર્જશીટ આપેલ ન હતું અને તેઓની નોકરીનો રેકર્ડ એકદમ કલીન અને નીટ હતો અને તેઓને જે ચાર્જશીટ તા.૧૧-૨-૯૨ ના રોજ આપેલ છે તે ચાર્જશીટમાં જણાવેલ આક્ષેપો તદન ખોટા, અપ્રસ્તુત, ઉપજાવી કાઢેલાં છે અને તે ખાતાકીય તપાસમાં પણ પુરવાર થયેલ નથી તે અંગેનાં દસ્તાવેજો પણ રજૂ થયેલ નથી તેમજ રીસ્પોન્ડન્ટે ચાર્જશીટનો જે વિગતવાર જવાબ આપેલ છે તે જવાબને પણ તપાસ અધિકારીએ ધ્યાનમાં લીધેલ નથી કે તે જવાબને આધારે કોઇ દસ્તાવેજ તપાસમાં રજૂ થયેલ નથી અને એકતરફી ખાતાકીય તપાસ અધિકારીએ પૂર્ણ કરેલ હોઇ ખાતાકીય તપાસ તથા તપાસનાં આધારે આપેલ તારણો ગેરકાયદેસર, ગેરબંધારણીય હોઇ તે રદ થવાને પાત્ર છે તેવું જે મજૂર અદાલતનાં ચુકાદામાં જણાવેલ છે જે યોગ્ય, ન્યાયી અને વાજબી છે. જેથી, અપીલ અને અપીલમાં આપેલ મનાઇહુકમ રદ થવાને પાત્રને છે કારણ કે, મજૂર અદાલત, જૂનાગઢે તેમનાં ચુકાદામાં કાયદાની મર્યાદામાં રહીને તેમનો ચુકાદો આપેલ હોવાનું સ્પષ્ટ જણાય છે. વળી, આ કામનાં એપેલન્ટ બેંકે કોઇપણ દસ્તાવેજો મૂળ બી.આઇ.આર. અરજી નં.૨૧/૨૦૦૧ માં રજૂ કરેલ નથી કે કોઇ સાક્ષી પુરાવા આપેલ નથી અને તેમણે જે પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરેલ છે તે મુદ્દા બાબતે પણ કોઇ ઉલટ તપાસ સામાવાળાની કરેલ છે જેમાં સાબિત કરેલ નથી કે તે બાબતે કોઇ પુરાવો આ કામમાં આપેલ નથી જેથી, આ કારણસર પણ આ અપીલ તથા અપીલની મનાઇહુકમની અરજીમાં આપેલ મનાઇહુકમ રદ થવાને પાત્ર ઠરે છે. એપેલન્ટ બેંકનો કોઇ પ્રથમ દર્શનીય કેસ નથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ બેંકની તરફેણમાં નથી. હાર્ડશીપ પણ બેંકની તરફેણમાં નથી. પરંતુ તમામ મુદ્દા અરજદારની તરફેણમાં હોવાનું જણાય છે. કારણ કે, શ્રમયોગીને બેંકે તા. ૨૪-૧-૯૨ નાં રોજથી પડતર ઇન્ક્વાયરી સસ્પેન્ડ કરેલ અને કોઇપણ પ્રકારનું સસ્પેન્શન એલાઉન્સ તેઓને તા. ૧-૭-૯૨ ના રોજ બરતરફ કર્યા ત્યાં સુધી ચૂકવેલ ન હોઇ અને તેઓનેં બરતરફ કર્યા બાદ પણ તેઓ બેકાર હોઇ આજ દિન સુધી તેઓને નોકરી મળેલ ન હોઇ તેઓ તા. ૨૪-૧-૯૨ થી આજદિન સુધી બેકાર રહેલ હોઇ મજૂર અદાલતે બી.આઇ.આર. અરજી નં. ૨૧/૨૦૦૧ માં જે ચુકાદો આપેલ છે તે ચુકાદો ખૂબ જે વાજબી, ન્યાયી અને યોગ્ય હોઇ તે ચુકાદામાં કોઇપણ જાતનો ફેરફાર કરવાનું આ અદાલત મુનાસીબ, વાજબી અને ન્યાયી માનતી નથી. કારણ કે, નીચેની મજૂર અદાલત, જૂનાગઢે તેમની સમક્ષના ઉપરોક્ત ચુકાદામાં કોઇ જ કાયદાની કે હકીકતની પણ ભૂલ કરેલ હોવાનું જણાતું નથી.

૨૦. વધુમાં મજૂર અદાલતે જે ચુકાદો આપેલ છે તે ચુકાદામાં કોઇપણ કાયદાકીય કે હકીકતોની ભૂલ રહેલ નથી કે ક્ષતિ રહેલ નથી જેથી તે ચુકાદામાં કોઈ ફેરફાર કરવાનો કે તે ચુકાદો રદ કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને તેથી આ અપીલ રદ કરવાને પાત્ર ઠરે છે. નામદાર બોમ્બે હાઈકોર્ટ તથા નામદાર કલકત્તા હાઈકોર્ટ તેમનાં ચુકાદામાં જણાવેલ છે કે જ્યારે કોઈ શ્રમયોગી સામે ખાતાકીય તપાસ કરવામાં આવે ત્યારે ખાતાકીય તપાસનાં અંતે તેમને બરતરફ કરવામાં આવે ત્યારે શ્રમયોગી તે બરતરફીનાં હુકમને મજૂર અદાલતમાં પડકારે ત્યારે માલિક

INDEX

એવો બચાવ લઈ શકે નહીં કે આ શ્રમયોગી 'એમ્પ્લોઈ' ની વ્યાખ્યામાં આવતા જેથી માલિકને એસ્ટોપલને બાધ પડે છે. તે બોમ્બે હાઈકોર્ટનાં ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતોને આ અદાલત પણ માન્ય રાખે છે કારણ કે, આ કેસની હકીકતો પણ તે કેસમાં જણાવેલ હકીકતો સાથે સુસંગત થાય છે. પરંતુ શ્રમયોગી તરફે તેઓ શ્રમયોગી સને ૧૯૯૨ થી બેકાર અવસ્થામાં હોઈ અને તેઓને અન્ય કોઈ આર્થિક આવક ન હોઈ અને સામાવાળાને ૫૦ ટકા પગાર ચૂકવવાનો જે હુકમ કરેલ છે અને ૧૦૦ ટકા પગાર મેળવવા તેઓ જે દાદ માગે છે તે રદ થવાને પાત્ર ઠરે છે, કારણ કે, નીચેની મજૂર અદાલત, જૂનાગઢે તેમની સમક્ષનાં ચુકાદામાં ૫૦ ટકા પગાર ચૂકવવાનો જે નિર્ણય કરેલ છે, તેમાં કોઈ જ કાયદાની કે હકીકતની ભૂલ હોય તેમ જણાતું નથી. કારણ કે, સંસ્થા જે દસ્તાવેજો ઉપર આધાર રાખતી હોય તેવા દસ્તાવેજો ખાતાકીય તપાસ દરમિયાન તેણે રજૂ કરેલ નથી. તે તમામ વિગતો મજૂર અદાલતે તેમનું તારણ આપતી વખતે ધ્યાનમાં લીધેલ હોવાનું નીચેની મજૂર અદાલત સમક્ષ રજૂ થયેલ રેકર્ડ જોતાં જણાય છે. અને ગુન્હાનાં પ્રમાણમાં શિક્ષા વધુ પડતી કરેલ હોય તેમ માનેલ, છે તે યોગ્ય છે. તેમજ મજૂર અદાલતે વધુમાં એમ પણ માનેલ છે કે, ખાતાકીય તપાસમાં આક્ષેપો પુરવાર થતાં ન હોવા છતાં તે પુરવાર માની જે શિક્ષા કરવામાં આવેલ છે. તે શિક્ષા પણ વધુ પડતી છે અને આમ સમગ્ર કાર્યવાહીની મજૂર અદાલતે જે મુલવણી કરેલ છે અને સંસ્થાએ કરેલ હુકમ રદ કરેલ છે તે યોગ્ય, વાજબી અને ન્યાયી જણાય છે. આમ તેઓ અપીલ નં. ૧૦/૦૩ નાં કામમાં ૧૦૦ ટકા પાછલો પૂરેપૂરો પગાર મેળવવાની જે દાદ માગે છે તે દાદ મંજુર કરી શકાય તેમ ન હોઈ રદ થવાને પાત્ર ઠરે છે.

૨૧. વળી, બેંકની એવી દલીલ છે કે, મૂળ બી.આઈ.આર. અરજી હાલનાં શ્રમયોગીને છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ફેરફાર જાહેર કરવા અંગે હતી તે દલીલ પણ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. કારણ કે, સંસ્થા તરફે નીચેની મજૂર અદાલત જૂનાગઢ સમક્ષ કોઈ મૌખિક પુરાવો આપેલ નથી કે ખાતાકીય તપાસનાં દસ્તાવેજો પુરાવાઓ પણ રજૂ કરવામાં આવેલ નથી. ઉપરાંત આ કામમાં ખાતાકીય તપાસનો મુદ્દો પણ છે. ખાતાકીય તપાસ જો યોગ્ય ન હોય તો તેવા સંજોગોમાં અદાલત સમક્ષ પુરાવો લેવા પરવાનગી આપવી જોઈએ, જે બાબત ધ્યાનમાં લેવામાં આવી નથી તે દલીલ પણ માન્ય રાખી શકાય તેમ નથી કારણ કે, મજૂર અદાલતે જે ચુકાદો આપેલ છે તે તેમની સમક્ષ પડેલા પુરાવાઓનું મૂલ્યાંકન કરીને આપેલ હોવાનું સ્પષ્ટ રીતે જણાય છે.

૨૨. મજૂર અદાલતે ચુકાદો આપતી વખતે જે મુદ્દો ફેમ કર્યા છે તેમાં 'એમ્પ્લોઈ'ની વ્યાખ્યામાં મૂળ કેસનાં અરજદાર આવે છે કે કેમ ? તે મુદ્દો જ નક્કી કરેલ નથી તે દલીલ પણ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી કારણ કે, નીચેની મજૂર અદાલતે તેમની સમક્ષ જે પુરાવાઓ પડેલાં હોય તે પુરાવાઓનાં આધારે મુદ્દાઓ નક્કી કરવાનાં હોય છે અને હાલનાં મજૂર અદાલતનાં ચુકાદામાં તેમ કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. વળી, ખાતાકીય તપાસ કાયદેસર છે તેવી અરજી મજૂર અદાલતમાં શ્રમયોગીએ આપેલ તેમ છતાં ખાતાકીય તપાસની કાયદેસરતાની મજૂર અદાલતે ચર્ચા કરીને તપાસ અયોગ્ય ઠેરવી છે તે દલીલ પણ માન્ય રાખી શકાય તેમ નથી.

INDEX

કારણ કે, દરેક કેસની હકીકતો અલગ અલગ હોય છે. અને તે કેસની હકીકતોનાં અને તે કેસમાં અને રેકર્ડમાં રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓનાં આધારે અદાલતે ચુકાદો આપવાનો હોય છે. અને હાલનાં કામમાં પણ નીચેની મજૂર અદાલતે પણ રેકર્ડમાં રજુ થયેલ પુરાવાઓ લક્ષમાં લઈને જ ચુકાદો આપેલ હોવાનું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. મજૂર અદાલત દ્વારા આઈ.ડી. એકટની કલમ-૧૧-એ હેઠળ દાદ આપવામાં આવી છે. તે અંગે નીચેની મજૂર અદાલતે વડી અદાલતનાં ચુકાદાઓમાં જણાવેલ હકીકતો લક્ષમાં લઈને પુરાવાનાં આધારે ચુકાદો આપેલ હોવાનું જણાય છે.

૨૩. મજુર અદાલત, જૂનાગઢે તેમની સમક્ષનાં ચુકાદાનાં પાના-૧૧ ઉપરનાં બીજા પેરાગ્રાફમાં જણાવેલ છે કે, સજા વધુ પડતી છે એટલે કે, ગુન્હો સાબિત માનેલ છે તે ન્યાયી, યોગ્ય અને વાજબી રીતે તારણ કાઢેલ હોવાનું રેકર્ડ જોતાં જણાઈ આવે છે. નાણાંકીય ગોટાળા અંગેનાં જુદા જુદા ચુકાદાઓ રજૂ કરેલ છે તે ચુકાદાઓ ધ્યાનમાં લીધેલ નથી કે તેની ચર્ચા પણ કરેલ નથી તે હકીકત પણ માન્ય રાખી શકાય તેમ નથી. કારણ કે, મજૂર અદાલતે સમગ્ર પુરાવાઓનું મૂલ્યાંકન કરીને તેમની સમક્ષ પડેલા પુરાવાઓનાં આધારે ચુકાદો આપેલ હોવાનું સ્પષ્ટ જણાય છે.

૨૪. આ કામમાં બેંક તરફે જે ૨૦૦૦, એલ. આઈ. સી. પાન-૩૩૦૨, ૨૦૦૦, એલ. આઈ. સી. પાન-૧૧૯૦, ૨૦૦૦, એલ. આઈ. સી. પાન-૧૭૯૧, ૧૯૯૯, એલ. આઈ. સી. પાન-૨૭૦૩ નામદાર ગુજરાત હાઈકોર્ટ, ૧૯૯૯, એલ. આઈ. સી. પાન-૨૮૨૪ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા, ૨૦૦૩ (૧) સી. એલ. આર. પાન-૭૧૨, ૨૦૦૩, (૧) સી. એલ. આર. પાન-૫૩૨, ૧૯૯૯, એલ. એલ. આર. પાન-૭૮૬, સને ૧૯૯૭, એલ. આઈ. સી. પાન-૧૫૮ ઉપરના નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા, ૧૯૯૪, (૨) એલ. એલ. જે. પાન-૯૦૬, ૧૯૯૭, એલ.આઈ. સી. પાન-૧૯૭૨ નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા, ૧૯૯૭, એલ. આઈ. સી. પાન-૨૧૪૮, ૧૯૯૫, (૨) એલ. એલ. જે. પાન-૧૮, ૨૦૦૨ (૧) સી. એલ. આર. પાન-૯૨૧, ૧૯૯૭, એલ. આઈ. સી. પાન-૨૬૭૩, ૧૯૮૫, (યુ. જે.) જી. એલ. એફ. પાન-૨૦, નામદાર ગુજરાત હાઈકોર્ટે આપેલ ચુકાદાઓ રજૂ કરવામાં આવેલ છે. સદરહુ ચુકાદાઓ જોતાં આ બંને અપીલોના કેસની હકીકતો અલગ અલગ હોઈ તે માન્ય રાખી શકાય તેમ નથી. તે ચુકાદાઓ બેંકને મદદકર્તા થતા નથી.

૨૫. મજૂર અદાલતે ચુકાદો આપવામાં પોતાનું માઈન્ડ એપ્લાય કરેલ નથી. અને ફકત અરજદાર પ્રત્યે તેમની ગેરકાયદેસર સહાનુભૂતિ દર્શાવેલ છે. આ ઉપરથી અદાલતનો ચુકાદો ગેરકાયદેસર અને ગેરવાજબી છે તેથી ચુકાદો રદ થવાને પાત્ર ઠરે છે. તે દલીલ પણ માન્ય રાખી શકાય તેમ નથી કારણ કે, દરેક ચુકાદામાં તે કેસમાં પડેલી અને રજૂ થયેલી હકીકતો અને પુરાવાઓના આધારે જ હંમેશાં નિર્ણય લેવામાં આવતો હોય છે અને મજૂર અદાલત, જૂનાગઢે પણ તેમની સમક્ષના ચુકાદામાં ઉપર મુજબ કરેલ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે. મજૂર અદાલતે આ આક્ષેપ

INDEX

પુરવાર ન માનીને કાયદાની કોઈ જ ગંભીર ભૂલ કરેલ નથી. તેમજ કેસમાં પડેલ સમગ્ર રેકર્ડ ધ્યાનમાં લીધેલ છે. મજૂર અદાલતે બેંક વેઈજીસ અંગે પણ જે તારણો આપેલ છે તે પુરાવો ધ્યાનમાં લીધા વગર આપેલ છે. શ્રમયોગી બેક વેઈજીસ મેળવવા હક્કદાર થતા નથી તેમ છતાં મજૂર અદાલતે હાલના અરજદારને ૫૦ ટકા બેક વેઈજીસ ચૂકવવાનો હુકમ કરેલ છે તેમજ હાલના એપેલન્ટની દલીલો લક્ષમાં લીધેલ નથી તે દલીલ પણ માન્ય રાખી શકાય તેમ નથી. આમ છતાં મજૂર અદાલતે હાલના અરજદારને ખોટી સહાનુભૂતિ દર્શાવી ૫૦ ટકા જેટલું બેક વેઈજીસ અપાવી કાયદાની કોઈ જ પ્રકારની ગંભીર ભૂલ કરેલ હોવાનું જણાતુ નથી. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, મજૂર અદાલતે પુરાવાનું સંપૂર્ણપણે અવલોકન કરેલ છે. આમ તારણો આપવામાં નીચેની મજૂર અદાલતે કાયદાની કોઈ જ ગંભીર ભૂલ કરેલ હોવાનું જણાતું નથી.

૨૬. મજૂર અદાલત, જૂનાગઢના ન્યાયાધીશશ્રીએ તેમની સમક્ષના કામમાં રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા, ખાતાકીય તપાસના દસ્તાવેજી પુરાવાઓ, જુબાનીઓ, રેકર્ડ વગેરે સંપૂર્ણપણે ધ્યાનમાં અને લક્ષમાં લીધેલ હોવાનું જણાય છે. અને ત્યાર બાદ જ ચુકાદો આપેલ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે. આ સંજોગોમાં ઉપરોકત મૂળ બી. આઈ. આર. અરજી નં. ૨૧/૨૦૦૧માં સંબંધીત સામાવાળાને નોકરીમાં પુનઃસ્થાપીત કરવાનો તેમજ ૫૦ ટકા બેક વેઈજીસ આપવા અંગેનો જે ચુકાદો આપેલ છે, તેમા કોઈ જ કાયદાની કે હકીકતની કોઈ જ ભૂલ રહી જવા પામેલ હોવાનું સ્પષ્ટ રીતે પુરવાર કરવામાં બંને પક્ષકારો નિષ્ફળ નીવડે છે.

૨૭. આમ ઉપરોકત તમામ હકીકતો અને સંજોગો જોતાં હાલની બંને અપીલો નં. ૭/૦૩ તેમજ અપીલ નં. ૧૦/૦૩ના અરજદારોએ હકીકત પુરવાર કરી શકેલ નથી કે, નીચેની મજૂર અદાલત, જૂનાગઢે તેમની સમક્ષની બી. આઈ. આર. અરજી નં. ૨૧/૦૧ તા. ૨૬-૬-૦૩ના રોજ આપેલ ચુકાદામાં કોઈ જ કાયદાની કે હકીકતની ભૂલ કરેલ છે. આ સંજોગોમાં ૫૦ ટકા પાછલુ વળતર અપાવવાની અને સંબંધિત સામાવાળાને નોકરીમાં પુનઃસ્થાપિત કરવામાં મજૂર અદાલત, જૂનાગઢે કોઈ જ કાયદાની કે હકીકતની ભૂલ કરેલ હોવાનું સ્પષ્ટ રીતે પુરવાર થતું નથી. આથી પણ મજૂર અદાલત, જૂનાગઢના ઉપરોકત ચુકાદામાં હસ્તક્ષેપ કરવાની આ અદાલતને જરૂર જણાતી નથી.

૨૮. ઉપરોકત સંજોગો અને હકીકતો જોતાં આ કામમાં ઉપર મુજબ ઠરાવી નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે :-

હુકમ

આથી આ અપીલ નં. ૭/૦૩ આથી રદ કરવામાં આવે છે.

અપીલ નં. ૭/૦૩ના કામમાં તા. ૨૨-૭-૨૦૦૩ના રોજ આંક-૪થી આપવામાં આવેલ કામચલાઉ મનાઈહુકમ આથી ઉઠાવી લેવામાં આવે છે.

INDEX

અપીલ નં. ૧૦/૦૩ પણ આથી રદ કરવામાં આવે છે.

મજૂર અદાલત, જૂનાગઢને આ હુકમની એક નકલ મોકલી આપવી. ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ, તારીખ ૨૦મી જુન, ૨૦૦૫.

ઓ. જે. રાચ્છ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત નં. ૨, રાજકોટ.

અમદાવાદ, તારીખ ૧૪મી જુલાઈ, ૨૦૦૫.

(સહી) અપાચ્ય,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette*, Part I—L should be *read* to have been published in Issue No. 32, *Gujarat Government Gazette*, Part I—L, dated 11th August, 2005 and for pages VAD-4419 to 4486 (in 1 set) *read* page Nos. 4643 to VAD-4710.

વિજ્ઞપ્તિ

શ્રમ આયુક્ત, નાયબ શ્રમ આયુક્ત, મદદનીશ શ્રમ આયુક્ત, અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧—એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૧૧મી ઓગસ્ટ, ૨૦૦૫ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧—એલના અંક ૩૨માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૪૪૧૯ થી ૪૪૮૬ (૧ બંચમાં) ને પાન નંબર ૪૬૪૩ થી વીએડી-૪૭૧૦ વાંચવા.

Vadodara, 11th August, 2005.

S. J. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

જાહેરનામું

ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭.

ક્રમાંક : મ.શ્ર.આ./ન્વ./૧૭૩૭/૦૫/આઈડી/એ/વોર્ડ/એલસીએન/૧૦૫/૧૯૯૬.—ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૭ અનુસાર શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૨-૩-૧૯૯૩ના જાહેરનામાં ક્રમાંક : કેએચ.આર./૦૩/૨૬/આઇ.ડી.એ./૨૦૦૦-૫૧૦૪-મ(૪) અન્વયે મદદનીશ મજુર કમિશનરશ્રી આથી તારીખ ૨૯-૮-૧૯૯૬ના અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : કે.એચ.એસ./ એચ.એમ.સી./૪૧૩૫ હેઠળ ન્યાય નિર્ણય માટે લખી મોકલેલી ઓનેસ્ટ ટ્રેડીંગ પ્રા. લી. બીલીમોરા અને તે હેઠળ કામે રાખેલાશ્રમયોગીી વચ્ચેની ઔદ્યોગિક તકરાર અંગેનો મજુર અદાલતનો ચુકાદો જે આ સાથે સામેલ કરેલ છે. તે પ્રસિધ્ધ કરે છે.

આંક-૬૮

મે. નવસારીની મજુર અદાલતના પ્રિસાઈડિંગ ઓફીસર સાહેબ સમક્ષ

રેફરન્સ (એલસીએન) ૧૦૫/૯૬.

(૧) ઓનેસ્ટ ટ્રેડીંગ પ્રા. લિ. — પ્રથમ પક્ષકાર ;
પો. બો. નં. ૩૯, મહાદેવનગર,
બીલીમોરા, તા. ગણદેવી,
જિ. નવસારી.

(૨) બીલીમોરા એન્જીનિયરીંગ પ્રા. લિ.
ગોહરબાગ, મહાદેવનગર, બીલીમોરા,
તા. ગણદેવી, જિ. નવસારી.

વિરુધ્ધ

(૧) ભગુભાઈ રવજીભાઇ પટેલ, — બીજા પક્ષકાર ;
C/o. ગુજરાત રાજયશ્રમયોગી સભા,
મુ. પો. સોલધારા, મોચીવાડ,
તા. ચીખલી, જિ. નવસારી.

હાજર રહ્યા પ્રથમ પક્ષકાર તરફે શ્રી અશોકભાઇ એન. ઇટવાળા, એડવોકેટ.
બીજા પક્ષકાર તરફે શ્રી રામસુરત પ્રજાપતિ,
મંત્રીશ્રી, ગુજરાત રાજયશ્રમયોગી સભા,
સોલધરા, તા. ચીખલી, જિ. નવસારી.

INDEX

એવોર્ડ

ઉપરોક્ત બંને પક્ષકારો વચ્ચેનો ઔદ્યોગિક વિવાદ અને તેના નિરાકરણ માટે આઈ. ડી. એકટની કલમ-૧૦ (૧) હેઠળ મદદનીશ શ્રમ આયુકતશ્રી, વલસાડે તેમના પત્ર ક્રમાંક : કે.એચ./એસ.એચ./એમ.સી./૪૧૩૫/એજે/આઈ.ડી.આર./૫.૫, તારીખ ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૬ થી ન્યાય નિર્ણય માટે મને સુપ્રત કરેલ છે.

આ કામની અનુસૂચિ મુજબની તકરારનો ન્યાય કરવા માટે બીજા પક્ષેકાર અને પ્રથમ પક્ષકારની આંક-૨ અને આંક-૪ થી પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને નોટીસ કાઢવામાં આવેલ અને તે બજી ગયેલ છે. બીજા પક્ષકાર તરફે આંક-૯ પ્રથમ પક્ષકાર નં. ૨ બીલીમોરા એન્જીનિયરીંગ પક્ષકાર તરીકે જોડેલ છે.

આ કામે બીજા પક્ષકારશ્રમયોગી તરફે આંક-૧૦ અને આંક-૩૬ થી અધિકાર પત્ર આર. સી. પટેલનો રજુ થયેલ છે. આંક-૭ અને આંક-૧૫ થી પ્રથમ પક્ષકાર નં. ૧ અને ૨ તરફે અશોકભાઈ ઈટવાળાનું વકીલનામું રજુ થયેલ છે.

આ કામમાં બીજા પક્ષકારશ્રમયોગી તરફે આંક-૬ અને આંક-૧૩ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. એમાં બીજા પક્ષકારશ્રમયોગીના માંગણાના નિવેદનની ટુંકી હકીકત એવી છે કે, સામાવાળી કંપનીમાં કાયમીશ્રમયોગી તરીકે ત્રણ વર્ષથી રોજના રૂા. ૪૩-૦૦ના પગારથી ટર્નર તરીકે ફરજ બજાવતા હતા. સામાવાળા એન્જીનિયરીંગ વ્યવસાય સાથે સંકળાયેલ છે. અને સારો નફો કમાય છે. અરજદારોને નજીવું ચુકવણુ કરે છે. લાભો આપવામાં આવતા નથી. નોકરીના હક્કો માટે સામાવાળા પાસે રજુઆત કરતા અરજદારો ઉપર કિન્નાખોરી રાખવામાં આવેલ, અને અરજદારને નોકરીમાંથી રાજીનામુ આપી છુટા થઈ જાવ તેવી પેરવી સામાવાળા કરતા આવેલા. અરજદાર અને સાથીશ્રમયોગી યુનીયનમાં જોડાવા બાબતની ચર્ચા વિચારણા ચાલી આવેલી તેથી સામાવાળાએ અરજદારો ઉપર કિન્નાખોરી રાખી યુનીયનમાંથી છુટા થવા દબાણ કરતા કોરા કાગળ ઉપર સહી લીધેલ અને અરજદારને તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫ થી ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ છે. સામાવાળાનુ આ કૃત્ય અન્યાય, ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે. અરજદારને સામાવાળાએ કોઇ ગુન્હા સંબંધી ચાર્જશીટ, નોટીસ કે તપાસ કરેલ નથી. નોકરીના હક્કો કોઇ ચુકવવામાં આવેલ નથી. સ્થાયી હુકમો અને મજુર કાયદાનો ભંગ કરેલ છે. અમો અરજદાર સામાવાળાની ફરજમા હાજર થવા છતા ફરજ પર લીધેલ નથી. તેથી અરજદારને સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત થવા ઔદ્યોગિક વિવાદ મદદનીશ શ્રમ આયુક્ત સમક્ષ ઉપસ્થિત કરેલ. પરંતુ સામાવાળાનુ જક્કી વલણને કારણે સમાધાન થયેલ નહિ. અરજદારે સામાવાળાને નોકરીમાંથી છુટા થયા બાદ કામ મેળવવા પ્રયત્ન કરેલ, પરંતુ કામ મળેલ નથી. જેથી દાદ માંગવાની કે અરજદારને સામાવાળાએ તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજથી નોકરીમાંથી છુટા કરવાનું પગલુ ગેરકાયદેસર ઠરાવી સળંગ નોકરી

INDEX

ગણી પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય લાભો સહિત મુળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા અરજ કરેલ છે. આ કામમાં પ્રથમ પક્ષકાર નં. ૧ અને ૨ અનુક્રમે આંક-૮ અને આંક ૧૬ થી માગણા નિવેદન વિરુધ્ધ લેખિત જવાબ રજુ કરેલ છે. જેની ટુંકી હકીકત એવી છે કે, બીજા પક્ષકારના માગણા નિવેદન ખરુ નથી. કબુલ મંજુર નથી. બીજા પક્ષકારશ્રમયોગીને આ કામના પ્રથમ પક્ષકાર નં. ૧ અને ૨ નાએશ્રમયોગીના માગણાના નિવેદન વિરુધ્ધ બચાવનામુ આંક-૮ અને ૧૬ થી રજુ કરેલ છે. જેની ટુંકી હકીકત એવી છે કે, બીજા પક્ષકારના માગણાના નિવેદનની હકીકત ખરી નથી. અને કબુલ મંજુર નથી. બીજા પક્ષકારશ્રમયોગીને આવો રેફરન્સ કરવાનુ કોઇ કારણ ઉત્પન્ન થતુ નથી. તેથી પ્રથમ દર્શનીય રીતે રેફરન્સ રદ થવાને પાત્ર છે. બીજા પક્ષકારશ્રમયોગી માગણાનું નિવેદન રજુ કરવામાં વિલંબ કરેલ હોય ૧૯૯૬ થી ૨૦૦૦ સુધીશ્રમયોગીને રેફરન્સ ચલાવવામાં કોઇ રસ નથી. તેવુ સ્પષ્ટ થાય છે. મદદનીશ શ્રમ આયુક્તએ પ્રથમ પક્ષકાર નં. ૨ ને દાખલ કરતી વખતે સાંભળેલ નથી. અને નામ દાખલ કરવાનો હુકમ સિધ્ધાંત વિરુધ્ધનો છે. તેથી રેફરન્સ ચાલી શકે નહિ. માંગણાના નિવેદનના પેરા-૨ ની હકીકત ખરી નથી, કેશ્રમયોગી કાયમી તરીકે છેલ્લા ૧૯ વર્ષથી ડ્રીલર તરીકે પોતાની ફરજ ખંત અને વફાદારીથી બજાવતા હતા એ હકીકત પણ ખરી નથી કેશ્રમયોગીને સારો, નફો કમાતા છતાં નજીવુ ચુકવણુ કરતા અને લાભો ન આપતા. અરજદાર ઉપર સામાવાળા કિન્નાખોરી રાખતા હોવાનુ અને અરજદારો રાજીનામુ આપી છુટા થઇ જાય તેવી પેરવી કરતા હોવાની અરજદારની હકીકત ખરી નથી.શ્રમયોગી યુનીયનમાં જોડાવાની ચર્ચા વિચારણાના કારણે અરજદાર ઉપર કિન્નાખોરી રાખી યુનીયનમાંથી છુટા થવા કોરા કાગળ ઉપર સહી લીધેલી. ત્યારબાદ તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫ થી અરજદારને નોકરીમાંથી છુટા કરી દીધેલ હોવાથી તમામ હકીકત બીજા પક્ષકારે ઉપજાવી કાઢેલ હોય. પ્રથમ પક્ષકાર સંસ્થાને કબુલ મંજુર નથી. પ્રથમ પક્ષકાર નં. ૨ તરફે ખરી હકીકત એવી છે કે કંપનીમા કામ કરતા તમામશ્રમયોગીને વખતોવખત આઇ.ડી. એકટની કલમ-૨ (પી) હેઠળ સમાધાન કરાર કરી તમામ લાભો ચુકવણી કરતી હતી. પ્રથમ પક્ષકાર નં. ૨ ટેક્ષટાઇલ મશીનરી બનાવતી હતી. ઔદ્યોગિક મંદી ચાલી રહી હોવાથી કોઇ ખાસ મશીનના ઓર્ડરો ન આવતા મોટા ભાગનાશ્રમયોગીને બેસીને પગાર આપવો પડતો હોવાથી કંપનીની આર્થિક સ્થિતિ નબળી પડતા બીજા પક્ષકારેશ્રમયોગીનુ અને કંપનીનું ભવિષ્ય સુધરશે નહિ તેવુ લાગતા બીજા પક્ષકારશ્રમયોગી અને અન્યશ્રમયોગીએ તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૫ના રોજ સ્વેચ્છાએ રાજીનામુ આપેલ જે રાજીનામુ કંપનીએ સ્વીકારેલ. તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૫ના રોજ કંપનીના નોટીસ બોર્ડ ઉપર રાજીનામુ સ્વીકાર્યાની નોટીસ મુકેલ તેની લેખિત જાણ તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૫ના રોજશ્રમયોગીને રજીસ્ટર્ડ એ. ડી. થી કરવામાં આવેલ. જે પત્રશ્રમયોગીને મળી ગયેલ. નીકળતો હિસાબ ટાઇમકીપર ઓફીસમાં આવીને લઇ જવા જણાવેલ. અન્યશ્રમયોગી હિસાબ લઇ ગયેલ. બીજા પક્ષકારશ્રમયોગી હિસાબ લઇ ગયેલ નહિ. બીજા પક્ષકારશ્રમયોગીને તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૯૫ ના રોજ રજીસ્ટર્ડ એ. ડી. તથા યુ.પી.સી. થી હક્કના નાણા લઇ જવા પત્ર લખેલ પરંતુ લેવાની ના પાડે છે. એવા શેરા સાથે રજીસ્ટર્ડ એ.ડી. નો પત્ર પરત આવેલ

INDEX

જેથી અરજદાર તેમનો હિસાબ લેવા આવેલ નહિ આજે પણ હિસાબ આપવા તૈયાર છે. બીજા પક્ષકારે પોતાની નોકરીમાંથી રાજીનામું આપેલ હોયશ્રમયોગી માલિકનો સંબંધનો અંત આવેલ હોય રેફરન્સ રદ થવાને પાત્ર છે. બીજા પક્ષકારશ્રમયોગી પ્રથમ પક્ષકાર નં. ૨ માં તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૪ના રોજ નોકરીમાં દાખલ થયેલ. છેલ્લે ડીલર તરીકે ફરજ બજાવતા હતા તેમનો દૈનિક પગાર રૂા. ૪૪-૨૫ પૈસા હતો. એ તમામ હકીકત ખરી નથી. પ્રથમ પક્ષકાર મજુર કાયદાનુ પાલન કરેલ છે.શ્રમયોગી રાજીનામુ આપેલ હોય નોટીસ ચાર્જશીટ કે તપાસનો કોઈ સવાલ નથી. બીજા પક્ષકારશ્રમયોગી અન્ય જગ્યાએ નોકરીમાં લાગી ગયેલ હોય વધુ સારી કમાણી કરી રહેલ છે. હાલના મોંઘવારીના સમયમાં કોઈ કારીગર બેકાર રહે નહિ. જેથી માગણાના નિવેદનના પેરા-૮માં માંગેલ કોઈ દાદ મેળવવા પાત્ર નથી. જેથી રેફરન્સ રદ થવાને પાત્ર છે.

આ કામમાં બીજા પક્ષકારશ્રમયોગી તરફે આંક-૧૯ થી અધિકાર પત્ર રજુઆત થયેલ છે. પ્રથમ સંસ્થા તરફે આંક-૧૫ થી વકીલાતનામુ રજુ થયેલ છે. આ કામ બીજા પક્ષકારશ્રમયોગીના પુરાવા પર રાખવામાં આવતા આંક-૨૧ થી દસ્તાવેજી યાદી રજુ કરેલ છે. જેમાં આંક-૩૦ થીશ્રમયોગીીએ યુનીયનને લખેલ પત્ર અને આંક -૩૧ થીશ્રમયોગી યુનીયનને પ્રથમ પક્ષકાર નં. ૧ ને લખેલ પત્ર આંક-૨૩ થી વધુ દસ્તાવેજી રજુ કરેલ છે. એમાં આંક-૩૩ થી ઓળખકાર્ડ આંક-૩૪ થી પગારચિઠ્ઠીશ્રમયોગી તરફે રજુ થયેલ છે. પ્રથમ પક્ષકાર નં. ૨ તરફે આંક-૨૭ના લીસ્ટથી દસ્તાવેજો રજુ થયેલ છે. જેમાં આંક-૩૮ થી સમાધાન કરાર આંક-૩૯ થી શ્રમ રોજગાર વિભાગને લખેલ પત્ર આંક-૪૦ થી ૪૨ રજીસ્ટર્ડ એ.ડી. ની સ્વીકૃતિ પહોંચ આંક-૩૫ થીશ્રમયોગીીનુ સામુહિક રાજીનામુ આંક-૪૩ થી મેનેજમેન્ટે રાજીનામુ સ્વીકાર્યુ તેનો પત્ર આંક-૪૪ થી આ કામનાં બીજા પક્ષકારશ્રમયોગીને રાજીનામું મંજુર થયાની જાણ કરતો પત્ર આંક-૪૫ રીફયુઝના શેરા સાથે પરત આવેલ રજીસ્ટર્ડ એ.ડી. નુ કવર આંક-૪૬ હક્કના નાણા લઈ જવા માટેશ્રમયોગીને લખેલ પત્ર આંક-૪૭ થી અન્ડર પોસ્ટલ સર્ટિફિકેટ આંક-૪૮શ્રમયોગી સ્વીકાર કરવાની ના પાડતુ રજીસ્ટર્ડ એ.ડી. નુ કવર આંક-૪૯ અને ૫૦ સંસ્થાએ મજુર અધિકારીને અને મદદનીશ મજુર કમિશનરને લખેલ પત્રશ્રમયોગીને આંક-૫૧ થી ફરીથી યુ. પી. સી. લખેલ પત્ર આંક-૫૨ થી યુ. પી. સી. પોસ્ટ કર્યાનો કાગળ રજુ કરેલ છે.

પ્રથમ પક્ષકાર નં. ૨ ના એ આંક-૨૪ થી લેખિત જવાબ આંક-૧૬ માં પેરા-૧૧ માં સુધારો માગેલ એ મંજુર કરેલ છે. અને તે મુજબ આંક-૨૮ થી સુધારેલું બચાવનામું રજુ કરેલ છે. જે વંચાણે લીધુ.

ત્યારબાદ આ કામમાં બીજા પક્ષકારશ્રમયોગી આંક-૨૯ ની પોતાની સોગંધ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હુ બીલીમોરા એન્જીનિયરીંગમાં ત્રણ વર્ષથી ટર્નર તરીકે રોજના રૂા. ૪૩-૦૦ના પગારથી કામ કરતો હતો. આ સંસ્થા ઓનેસ્ટ ટ્રેડીંગ કંપનીના કંપાઉન્ડમાં આવેલ છે. બીલીમોરા એન્જીનીયરીંગ ઓનેન્ટ ટ્રેડીંગ કંપનીના નામે ઓળખાય છે. બંને કંપનીના માલિક

INDEX

એકજ છે. સંસ્થામા પાવર લુમ્સ મશીન બને છે. કામના પ્રમાણમાં ઓછો પગાર ચુકવતા હતા. હુ યુનીયન બનાવવાની ચર્ચા કરતો હતો. તેથી મને છુટો કરેલ. હુ આર. સી. પટેલના યુનીયનમાં જોડાયેલો મને યુનીયનમાંથી રાજીનામુ આપવા શેઠ શ્રી પ્રવિણભાઈએ દબાણ કરેલ. મારી કોરા કાગળ ઉપર સહી કરાવેલ. મને તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ છુટો કરેલ છે. કોઇ ચાર્જશીટ કે ખાતાકીય તપાસ કરેલ નથી. આશરે ઉપશ્રમયોગીને તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજથી કાઢી મુકેલ છે. તારીખ ૨જી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ કારખાનુ ફરી ચાલુ થયેલ. મે યુનીયન ન છોડતા મને કામે રાખેલ નથી. હાલમાં હુ બેકાર છુ. કામ શોધવા પ્રયત્ન કરેલ, કામ મળતુ નથી. છુટા કરતી વખતે નોટીસ પગાર કે વળતર આપેલ નહિ. આંક-૧૩માં મારી સહી છે. તેમાં લખેલી હકીકત ખરી છે. નિશાની ૨૧/૧ના પત્રમાં બીજા પાને મારી સહી છે. જેનો આંક-૩૦ આપવામાં આવે છે. નિશાની ૨૧/૨ના પત્રમાં આર. સી. પટેલની સહી છે તેને આંક-૩૧ આપવામાં આવે છે. નિશાની ૨૧/૩/૧/ નોટીસ બજવણીની અસલ પહોચ આંક-૩૨ આપવામાં આવે છે. નિશાની ૨૩/૧ સંસ્થાએ આપેલ અસલ ઓળખકાર્ડ આંક-૩૩ આપવામાં આવે છે. નિશાની ૨૩/૨ અસલ પગાર સ્લીપ આંક-૩૪ આપવામાં આવે છે. નિશાની ૨૭/૬ સામુહિક રાજીનામાનો પત્ર જેમાં મેં સહી કરેલ છે. આંક-૩૫ આપવામાં આવે છે. આંક-૩૫ નું રાજીનામુ રાજીખુશીથી આપેલ, ઉલટ તપાસમાં સાહેદ સોગંદ ઉપર જણાવે છે કે, ઓનેસ્ટ કંપનીમાં કામ કર્યાનો મારી પાસે કોઇ પુરાવો નથી. પ્રથમ પક્ષકાર નં. ૨ કંપનીમાં કામ કરેલ. ટર્નર તરીકે પણ આ હકીકત સાબિત કરતો કોઇ પુરાવો મારી પાસે નથી. નિશાની ૨૭/૬ મને બતાવવામાં આવે છે. એમા આમુખ નં. ૧૪ માં મારુ નામ અને સહી છે. તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૫ના રોજ મારુ રાજીનામુ સંસ્થાએ મંજુર કરેલ છે કે કેમ ? તેની મને ખબર નથી. નિશાની ૨૭/૮ માં લખેલ મારુ સરનામું બરાબર છે. મને નિશાની ૨૭/૮ નો પત્ર મળેલ નથી. એ વાત ખરી નથી કે નિશાની ૨૭/૮ નો પત્ર લેવાની મે ના પાડેલી તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૫ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૫ સુધી પ્રથમ પક્ષકાર નં. ૨ ને ત્યા કામ કરેલ પરંતુ કોઇ પુરાવો મારી પાસે નથી. મને તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ છુટો કરેલ તે બાબતનો કોઇ લેખિત હુકમ રજુ કરેલ નથી. મે સામુહિક રાજીનામુ આપેલ. તે બાબતે માત્ર યુનીયનને જણાવેલ નહિ. પ્રથમ પક્ષકાર સંસ્થામાંથી ઉપશ્રમયોગીએ રાજીનામુ આપેલ. જેમાંથી પાંચશ્રમયોગી સિવાય બાકીનાશ્રમયોગીએ પોતાનો હિસાબ મેળવી લીધેલ છે. હાલમાં હુ બેકાર છુ. મારે ઘર ચલાવવા માટે મહિને રૂા. ૨૫૦૦/- થી ૩૦૦૦/- જોઇએ. મારે વાડી છે. પણ વાડીમાં કામ કરતો નથી. એ વાત ખરી નથી કે કેસ ખોટો કરેલ છે.

ત્યારબાદ આ કામ પ્રથમ પક્ષકારના પુરાવા પર રાખવામાં આવતા પ્રવિણભાઇ ખડુભાઇ મિસ્ત્રીએ આંક-૩૭ થી સોગંદનામા ઉપર જુબાની આપેલ છે તેની ટુકી હકીકત એવી છે કે, આ કેસના બીજા પક્ષકાર ભગુભાઇ રવજીભાઇને ઓળખુ છું. તેઓને ડ્રીલ મશીન ચલાવવાનુ કામ એપ્રિલ, ૯૪ થી કરતા હતા. તમામશ્રમયોગીને હાજરી કાર્ડ, પગાર ચિઠ્ઠી, ઓળખકાર્ડ આપવામાં આવતા હતા. નિશાની ૨૭/૧ માં ડાયરેકટરમાં વીણાબેન મિસ્ત્રીએ સમાધાન કરારમાં સહી કરેલ છે. તે હુ ઓળખી બતાવુ છુ. બીલીમોરા એન્જીનીયરીંગ ટેક્ષટાઇલ મશીનરી બનાવવામાં આવે

INDEX

છે. ટેક્ષટાઈલના ધંધામાં મંદી હતી. કંપની પાસે મશીનનો ખાસ ઓર્ડર ન હતા.શ્રમયોગી પોતાની નોકરીનો મોટા ભાગનો સમય બેસીને પસાર કરવો પડતો હતો. તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના રોજશ્રમયોગીએ સામુહિક સ્વેચ્છાએ રાજીનામું આપેલ જે આંક-૩૫ થી છે. તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૫ ના તમામશ્રમયોગીની હાજરીમાં તેમનું રાજીનામુ સ્વીકારવામાં આવેલ પરંતુ એવુ જણાવવામાં આવેલ કે તેમનો નીકળતો હિસાબ ઓફીસમાંથી લઈ જવા નિશાની ૨૭/૭ થી નોટીસ મુકવામાં આવેલ તે નોટીસમાં ડાયરેક્ટર વીણાબેનની સહી છે. તે હુ ઓળખી બતાવુ છુ. રાજીનામુ આપનાર તમામશ્રમયોગીીને રજી. એ.ડી. પોસ્ટથી રાજીનામુ મંજુર કરવાનો પત્ર કંપની તરફથી મોકલવામાં આવેલ. બીજા પક્ષકારશ્રમયોગીીને નિશાની ૨૭/૮ થી રાજીનામું મંજુર કરતો પત્ર મોકલવામાં આવેલ જે લેવાની ના પાડતા ના શેરા સાથે બંધ કવર નિશાની ૨૭/૯ થી રજુ થયેલ છે. તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ ફરીથી બીજા પક્ષકારને નિશાની ૨૭/૧૦ થી યુ.પી.સી. અને રજી. એ.ડી. થી પત્ર મોકલેલ તે પોસ્ટ ખાતાના યુ.પી.સી. સર્ટિફિકેટની ખરી નકલ નિશાની ૨૭/૧૧ થી રજુ થયેલ છે. નિશાની અસલ બંધ કવરના લેવાનુ બીજા પક્ષકારે રજુ થયેલ છે. મદદનીશ કમીશનરને નિશાની ૨૭/૧૨ થીશ્રમયોગીીના હક્કના નાણાં લઈ જવા પત્ર લખેલ. નિશાની ૨૭/૧૩ થી બીજા પક્ષકારની પત્ર મોકલેલ, બીજા પક્ષકારને તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૫ ના રોજ રાજીનામું સ્વીકાર્યુ હોવાથી તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫ થી છુટા કર્યાની હકીકત ખરી નથી.શ્રમયોગીને પોતાની વાડી છે. અને મહીને રૂા. ૪૦૦૦/- થી રૂા. ૫૦૦૦/- કમાય છે. ઉલટ તપાસમાં સાહેદ જણાવે છે કે, હુ ભગુભાઇ રવજીભાઇને ઓળખુ છું. એ વાત ખરી નથી કે તેઓ પાંચ વર્ષથી મારે ત્યાં નોકરી કરેલી. ભગુભાઇ બીલીમોરા એન્જીનીયરીંગ લી. માં રાખેલા. એ વાત ખરી નથી કે ભગુભાઇ ઓનેસ્ટ ટ્રેડીંગમાં કંપનીમાં પણ કામ કરેલ. મે આ કામે ઓનેસ્ટ ટ્રેડીંગના પગારપત્રક, હાજરી પત્રક રજુ કરેલ નથી. બીલીમોરા એન્જીનીયરીંગમાં મારો કોઇ હોદો નથી એ વાત ખરી નથી કે બીલીમોરા એન્જીનયરીંગમાં કામ કરતાશ્રમયોગી વિષે મને જાત માહીતી ન હોય, ત્યારબાદ આ કામમાં કંપની તરફે બીજા સાક્ષી આંક-૬૦ થી ધનંજય પદમાકાંત શાહે સોગંદનામા ઉપર જુબાની આપેલ છે. જે વંચાણે લીધી.

આંક-૬૩ થી પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે કોઇ સાક્ષી તપાસવા માંગતા નથી. ત્યારબાદ આ કામ દલીલો ઉપર રાખવામાં આવતાં બીજા પક્ષકાર તરફે આંક-૬૪ ની અરજીથી મુદત માગેલ. જે મંજુર કરેલ છે. ત્યારબાદ દલીલ માટે તક આપેલ પરંતુ દલીલ કરેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે અશોકભાઇ ઇટવાળા દલીલ કરતા જણાવે છે કે ઓનેસ્ટ ટ્રેડીંગ કંપનીનાશ્રમયોગી ન હતા. બીલીમોરા એન્જીનીયરીંગ કંપનીને આંક-૯ પક્ષકાર તરીકે દાખલ કરેલ છે. આંક-૧૩ નુ સુધારાનુ માગણા નિવેદન રજુ કરેલ છે. આંક-૨૪ વધારાની સુધારા અરજી પ્રથમ પક્ષકાર નં. ૨ તરફે રજુ કરેલ છે. આંક-૨૮ થી લેખિત બચાવનામુ રજુ કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક-૨૭ થી દસ્તાવેજો રજુ થયેલ છે. અને આંક-૨૩ થી બીજા પક્ષકારશ્રમયોગી તરફે દસ્તાવેજ છે. આંક-૩૫ થી રાજીનામું મંજુર કરેલ છે. છટણીનો કેસ બનતો નથી. આંક-૨૯ થી સોગંદ ઉપરની જુબાનીમાં

INDEX

સરતપાસમાંશ્રમયોગી જણાવે છે કે, કોરા કાગળમાં મારી સહી લીધેલ નથી. નિશાની ૨૭/૬ માં સામુહિક રાજીનામાના પત્રમાં સહી કરેલ છે. અને આંક-૩૫ નુ રાજીનામુ રાજીખુશીથી આપેલ છે. ઓનેન્ટ ટ્રેડીંગ કંપનીમાં કામ કરવાનો કોઇ પુરાવો રજુ કર્યો નથી. તેથી રેફરન્સ ચાલી શકે નહિ. કેસના સમર્થનમાં ૧૯૯૮ એલ.એલ.આર. ૯૩૩ના ચુકાદો રજુ કરીને રાજીનામુ સ્વીકાર્યુ હોય ત્યારે માલિકશ્રમયોગીનો સંબંધ રહેતો નથી. અને સળંગ નોકરી ગણાય નહિ. રેફરન્સ ટકવાપાત્ર નથી. રેફરન્સ રદ કરવો જોઇએ.

આ કેસનું રેકર્ડ રજુ થયેલ દસ્તાવેજો તથા પ્રથમ પક્ષકારની દલીલો ધ્યાનમાં લેતા મારા નિર્ણય માટે નીચેના મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું બીજા પક્ષકારશ્રમયોગી પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરીમાં પુનઃ સ્થાપિત થવા હક્કદાર બને છે ? તેવુ પુરવાર કરી શકે છે ?

(૨) પડેલા દિવસોનો પગાર મેળવવા હક્કદાર બને છે તેમ પુરવાર કરી શકે છે ?

ઉપરોક્ત મુદાઓનો મારો ન્યાય નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમા.

(૨) નકારમા.

આ કામમાં બીજા પક્ષકારશ્રમયોગી આંક-૬ અને આંક-૧૩ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ આંક-૧૬ થી લેખિત જવાબ બીલીમોરા એન્જીનીયરીંગ કુા. પ્રા. લિ. પક્ષકાર તરીકે રજુ કરેલ છે.શ્રમયોગી પહેલા ઓનેસ્ટ ટ્રેડીંગ પ્રા. લિ. અને ત્યારબાદ આંક-૯ થી બીલીમોરા એન્જીનીયરીંગ પ્રા. લિ. ને પક્ષકાર તરીકે દાખલ કરેલ છે. આંક-૧૩ ના માંગણાના નિવેદમાં ટર્નર તરીકે ત્રણ વર્ષથી રોજના રૂા. ૪૩-૦૦ ના પગારથી નોકરી કરતા હતા. નોકરીના હક્કો માંગતા સામાવાળા યુનીયનમાં જોડાવાની ચર્ચા ચાલતી હતી. ત્યારે યુનીયનમાંથી છુટા થવાની દબાણ કરી કોરા કોગળ ઉપર સહી લીધા બાદ તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫ થી છુટા કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે એવી તકરાર લીધેલ છે કે,શ્રમયોગીનો વખતોવખત આઇ.ડી. એકટની કલમ-૨ (પી) હેઠળ સમાધાન કરાર કરી લાભો આપવામાં આવતા હતા. ટેક્ષટાઇલના ધંધામાં મંદી હોવાથી બીજા પક્ષકારશ્રમયોગી તથા અન્યશ્રમયોગી સ્વેચ્છાએ પોતાનું રાજીનામું આપેલ. જે રાજીનામુ સ્વીકારીને તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૫ ના રોજ નોટીસ બોર્ડ ઉપર મૂકીશ્રમયોગીને પોતાનો નીકળતો હિસાબ લંઇ જવા તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૯૫ ના રોજ પત્ર લખેલ.શ્રમયોગીને છુટા કરેલ નથી. પરંતુ રાજીનામુ આપી છુટા થયેલ હોય,શ્રમયોગી દાદ મેળવવા હક્કદાર નથી.આંક- -- નીશ્રમયોગીની જુબાની જોઇએ તો બીલીમોરા એન્જીનીયરીંગમાં

INDEX

ત્રણ વર્ષથી ફરજ બજાવતો હતો. ટર્નર તરીકે રોજના રૂા. ૪૩-૦૦ નો પગાર મળતો હતો. મને તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫ ના રોજ છુટો કરવામાં આવેલ યુનીયનમાં જોડાયેલો એટલે છુટા કરેલ. ઉલટ તપાસમાં જણાવે છે કે, આંક-૧૩ ના માંગણાના નિવેદનમાં મારી સહી છે. મે વાંચ્યા વગર સહી કરેલ. એ વાત ખરી છે. કે સમાધાન મુજબ દર માસે મને પગાર ચુકવવામાં આવતો હતો. નિશાની ૨૭/૬ મને બતાવવામાં આવે છે. અનુક્રમ નં. ૧૪ માં મારુ નામ અને સહી છે. આંક-૩૫ અમારુ સામુહિક રાજીનામુ છે. મારુ રાજીનામુ મંજુર કરતો નિશાની ૨૭/૮ નો પત્ર એજ દિવસે મારા સરનામે મોકલી આપવામાં આવેલ એ વાત ખરી. નિશાની ૨૭/૮ નો પત્ર મળેલ. જેનો પાકો આંક-૪૪ આપવામાં આવે છે. આમશ્રમયોગીના માંગણાના નિવેદનમાં જણાવેલ હકીકત રાજીનામુ આપેલ છે. રાજીનામુ સ્વીકાર્યનો પત્ર પણશ્રમયોગીને મળેલ છે. તે જોતાંશ્રમયોગીને તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫ થી કોરા કાગળ ઉપર સહી કરાવી બીજા પક્ષકારેશ્રમયોગીને નોકરીમાંથી છુટા કર્યાની હકીકત અરજદાર પુરવાર કરી શક્યા નથી. કલેમ-૨ (ઓ. ઓ.) મુજબ છટણીમાં સમાવેશ થતો નથી. અને તેથી આઈ.ડી. એકટની કલમ-૨૫ (એફ) ની જોગવાઈ લાગુ પડતી નથી.

બીજા પક્ષકારનાશ્રમયોગીનો કેસ રાજીનામાનો હોય રેફરન્સ ટકવાપાત્ર નથી. આ કામે નામદાર સુપ્રિમ કોર્ટનો પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે ૧૯૯૮ એલ.એલ.આર. ના કંપની હકીકત જોતા રાજીનામુ સ્વીકાર્યા બાદ માલિક,શ્રમયોગીના સંબંધનો અંત આવે છે અને સળંગ નોકરી ગણાય નહિ. તે કેસની હકીકતમાં આ રેફરન્સ કેસ સાથે સુસંગત હોય તેનો લાભ પ્રથમ પક્ષકાર સંસ્થાને મળવાપાત્ર છે. બીજા એક કેસમાં સિવીલ અપીલ નં. ૯૬ અને ૧૪૮/૧૯૫૯ બ્રિટીશ ઈન્ડીયા કોર્પોરેશન લિ. માં સ્વૈચ્છિક રાજીનામાને ડીસચાર્જ અને ડીસમીસ ગણી શકાય નહિ. અને ઈન્કવાયરી અને નોટીસનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહિ. અનેશ્રમયોગી નોકરીની ટર્મીનેશનની દાદ માગી શકે નહિ. તે કેસની હકીકત જોતાશ્રમયોગી સ્વૈચ્છીક રાજીનામુ આપેલ હોય રેફરન્સ ટકવાપાત્ર નથી અને નોકરીમાં પુનઃ સ્થાપિત થવાની દાદ કાયદામાં ટકી શકે તેમ ન હોય રેફરન્સ રદ કરવામાં આવે છે. પડેલા દિવસો અંગેશ્રમયોગીનો રેફરન્સ ઉપરોક્ત કારણો જોતા ટકવાપાત્ર ન હોય કોઇ હુકમ કરવામાં આવતો નથી. પ્રથમ પક્ષકાર કંપની પોતાના આંક-૧૬ ના લેખિત જવાબમાં જણાવે છે કે, બીજા પક્ષકારશ્રમયોગીને તેમનો નીકળતો પગાર (હિસાબ) લઇ જવા માટે તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૯૫ ના રોજ રજીસ્ટર્ડ એ.ડી. થી પત્ર લખેલ. ઉલટ તપાસમાંશ્રમયોગી સ્વીકારે છે કે, અમોએ રાજીનામુ આપ્યા બાદશ્રમયોગી પૈકી પાંચશ્રમયોગી સિવાયનાશ્રમયોગીએ કંપની સાથે હિસાબ પતાવી લીધેલ અને આંક-૪૬ થીશ્રમયોગીને હિસાબ લેવા કંપનીએ જાણ કરેલ છે. તે જોતાંશ્રમયોગીના રાજીનામુ આપ્યુ ત્યારે મળવા પાત્ર હક્કશ્રમયોગી સ્વીકારેલ નથી. જે કંપની પોતાના જવાબમાં ચુકવવા તૈયાર છે તો તે રકમ મળવાપાત્ર છે તેવું ઠરાવવામાં આવે છે. ઉપરોક્ત ચર્ચાના કારણો જોતા આ કામમા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

અરજદારનો રેફરન્સ રદ કરવામાં આવે છે. વધુમાંશ્રમયોગીના રાજીનામા સમયે મળવાપાત્ર હક્કના લેણા આ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં પ્રથમ પક્ષકાર નં. ૨ ના બીલીમોરા એન્જીનીયરીંગે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

નવસારી, તારીખ ૧૫મી જુન, ૨૦૦૫.

અવાચ્ય,
પ્રિસાઇડીંગ ઓફીસર,
મજુર અદાલત, નવસારી.

નવસારી, તારીખ ૨૪મી જુન, ૨૦૦૫.

અવાચ્ય,
ઇ/ચા. મદદનીશ શ્રમ આયુક્ત,
નવસારી.

મદદનીશ શ્રમ આયુક્ત, દ્વારા

જાહેરનામું

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક મ.શ્ર.આ./નવ./૧૭૩૨/૦૫/આઇડીએ/એવોર્ડ/એલ.સી./એન-૧૦૬/૧૯૯૬.– ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૭ અનુસાર શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧૨-૩-૧૯૯૩ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૦૩/૨૬/આઇડીએ/૨૦૦૦-૫૧૦૪-મ(૪) અન્વયે મદદનીશ મજુર કમિશનરશ્રી આથી તા. ૨૯-૮-૧૯૯૬ ના અત્રેની કચેરીના હુકમ ક્રમાંક કેએચએસ/એચએમસી/૪૧૧૫ હેઠળ ન્યાય નિર્ણય માટે લખી મોકલેલી ઓનેસ્ટ ટ્રેડીંગ કું. પ્રા. લી., બીલીમોરા અને તે હેઠળ કામે રાખેલાશ્રમયોગી વચ્ચેની ઔદ્યોગિક તકરાર અંગેનો મજુર અદાલતનો ચુકાદો જે આ સાથે સામેલ કરેલ છે. તે પ્રસિદ્ધ કરે છે.

INDEX

આંક-૪૫

મહે. નવસારીની મજુર અદાલતના પ્રિસાઈડીંગ ઓફીસર સાહેબ સમક્ષ.

રેફરન્સ (એલ.સી.એન.) ૧૦૬/૯૬.

ઓનેસ્ટ ટ્રેડીંગ કું. પ્રા. લી. પો. બો. નં. ૩૯, પ્રથમ પક્ષકાર;
મહાદેવનગર, બીલીમોરા, તા. ગણદેવી,
જિલ્લો નવસારી.

વિરૂદ્ધ

નટવરલાલ ડાહ્યાભાઈ પટેલ, બીજા પક્ષકાર;
C/o. ગુજરાત રાજ્યશ્રમયોગી સભા,
મુ. પો. સોલધરા, મોચીવાડ, તા. ચીખલી,
જિલ્લો નવસારી.

હાજર રહ્યા પ્રથમ પક્ષકાર તરફે અશોક એન. ઈંટવાલા, એડવોકેટ

હાજર રહ્યા બીજા પક્ષકાર તરફે રામસુરત પ્રજાપતિ,
મંત્રીશ્રી, ગુજરાત રાજ્યશ્રમયોગી વતી, સોલધરા.

એવોર્ડ

ઉપરોકત બંને પક્ષકારો વચ્ચેનો ઔદ્યોગિક વિવાદ અને તેના નિરાકરણ માટે આઈ.ડી. એકટની કલમ-૧૦(૧) સી હેઠળ મદદનીશ શ્રમ આયુકતશ્રી, વલસાડે તેમના પત્ર કમાંક કેએચ/એસએમ/એમવી/૪૧૧૫/એજે/આઈડીઆર/૫.૫. તા. ૨૯મી ઓગષ્ટ,૧૯૯૬ થી ન્યાય નિર્ણય માટે મને સુપ્રત કરેલ છે.

આ કામમાં અનુસૂચિ મુજબની તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારની આંક-૨ અને ૩ ની નોટીસ કાઢવામાં આવેલી જે બજી ગયેલ છે. આંક-૮ થી પ્રથમ પક્ષકાર નં. ૨ તરીકે બીલીમોરા એન્જીનયરીંગને પક્ષકાર તરીકે જોડેલ છે.

આ કામમાં બીજા પક્ષકારશ્રમયોગી આંક-૫ અને આંક-૧૨ થી માંગણા નિવેદન રજુ કરેલ છે. આંક-૧૨ના માંગણાના નિવેદનની ટુંકી હકીકત એવી છે કે, આ કામના બીજા પક્ષકાર સામાવાળી કંપનીમાં ૧૯ વર્ષથી ડ્રીલર તરીકે રોજ રૂા. ૫૮-૦૦ ના પગારથી ફરજ બજાવતા હતા. સામાવાળા એન્જીનયરીંગ વ્યવસાય સાથે સંકળાયેલા છે. સારો નફો કમાય છે. અરજદારને નજીવું ચુકવણું કરે છે. લાભો આપવામાં આવતા નથી. નોકરીના હક્કો બાબતે સામાવાળા પાસે રજુઆત કરતા અરજદારો ઉપર કિન્નાખોરી રાખતા આવેલા અને અરજદાર નોકરીમાંથી રાજીનામું આપી છુટા થઈ જાય એવી પેરવી સામાવાળા કરતા આવેલા.

INDEX

અરજદાર અને સાથીશ્રમયોગી યુનીયનમાં જોડાવવા બાબતની ચર્ચા વિચારણા ચાલી આવેલ તેથી સામાવાળાએ અરજદાર પર કિન્નાખોરી રાખી યુનીયનમાંથી છુટા થવા દબાણ કરતા કોરા કાગળ ઉપર સહી લીધેલ, અને અરજદારને તા. ૧લી નવેમ્બર, ૧૯૯૫ થી ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ એ સામાવાળાનું કૃત્ય અન્યાયી, ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે.

અરજદારને સામાવાળાએ કોઈ ગુન્હા સંબંધી ચાર્જશીટ, નોટીસ કે તપાસ કરેલ નથી. નોકરીના કોઈ હક્કો ચુકવવામાં આવેલ નથી. સ્થાયી હુકમો અને મજુર કાયદાનો ભંગ કરેલ છે. અમો અરજદાર સામાવાળાની ફરજમાં હાજર થવા છતાં ફરજ પર લીધેલ નથી. જેથી અરજદારને સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પુરેપુરા પગાર સહ મુળ જગ્યાએ પુનઃસ્થાપિત થવા ઔદ્યોગિક વિવાદ મદદનીશ શ્રમ આયુકત સમક્ષ ઉપસ્થિત કરેલ. પરંતુ સામાવાળાનું જક્કી વલણને કારણે સમાધાન થયેલ નહિ. અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કર્યા બાદ કામ મેળવવા પ્રયત્ન કરેલ છતાં કામ મળેલ નથી. જેથી દાદ માંગવાની કે અરજદારને સામાવાળાએ તારીખ ૧લી ડિસેમ્બર૧૯૯૫ ના રોજથી મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરવાનું સામાવાળાનું પગલુ ગેરકાયદેસર ઠરાવી સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત અન્ય લાભ સહિત મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા અરજ કરેલ છે.

આ કામમાં પ્રથમ પક્ષકાર નં. ૨ તરફે બીલીમોરા એન્જીનયરીંગ પ્રા. લી. તરફે શ્રમયોગીના માંગણાના નિવેદન વિરૂદ્ધ લેખિત જવાબ રજુ કરેલ છે. જેની ટુંકી હકીકત એવી છે કે, બીજા પક્ષકારના માંગણાનું નિવેદન ખરૂ નથી અને કબુલ મંજુર નથી. બીજા પક્ષકારશ્રમયોગીને આવો રેફરન્સ કરવાનું કોઈ કારણ ઉત્પન્ન થતું નથી. તેથી પ્રથમ દર્શનીય રેફરન્સ રદ થવાને પાત્ર છે. બીજા પક્ષકારશ્રમયોગી માંગણાનું નિવેદન રજુ કરવામાં વિલંબ કરેલ હોય ૧૯૯૬ થી ૨૦૦૦ સુધીશ્રમયોગીને રેફરન્સ ચલાવવામાં કોઈ રસ નથી. તેવુ સ્પષ્ટ થાય છે. મદદનીશ શ્રમ કમિશનરે પ્રથમ પક્ષકાર નં. ૨ ને દાખલ કરતી વખતે સાંભળેલ નથી અને નામ દાખલ કરવાનો હુકમ સિદ્ધાંત વિરૂદ્ધનો છે. તેથી રેફરન્સ ચાલી શકે નહિ. માંગણાના નિવેદન પેરા-૨ની હકીકત ખરી નથી, કેશ્રમયોગી કાયમી તરીકે છેલ્લા ૧૯ વર્ષથી ડ્રીલર તરીકે પોતાની ફરજ ખંત અને વફાદારીથી બજાવતા હતા. એ હકીકત પણ ખરી નથી કેશ્રમયોગીને સારો નફો કમાતા હોવા છતાં નજીવું ચુકવણું કરતા અને લાભો ન આપતા અરજદાર ઉપર સામાવાળા કિન્નાખોરી રાખતા હોવાની અને અરજદારે રાજીનામું આપી છુટા થઈ જાય તેવી પેરવી કરતા હોવાની અરજદારની હકીકત ખરી નથી.શ્રમયોગી યુનીયનમાં જોડાવવાની ચર્ચા વિચારણાના કારણે અરજદાર ઉપર કિન્નાખોરી રાખી યુનીયનમાંથી છુટા થવા કોરા કાગળ ઉપર સહી લીધેલ અને ત્યારબાદ તા. ૧લી ડિસેમ્બર, ૧૯૯૫ થી અરજદારને નોકરીમાંથી છુટા કરી દીધેલ હોવાની તમામ હકીકત બીજા પક્ષકારની પ્રથમ પક્ષકાર કંપનીને કબુલ મંજુર નથી.

પ્રથમ પક્ષકાર નં. ૨ ખરી હકીકતએ જણાવે છે કે, કંપની કામ કરતાશ્રમયોગીને વખતોવખત આઈ. ડી. એકટની કલમ-૨પી હેઠળ સમાધાન કરાર કરી તમામ લાભો ચુકવતી હતી. પ્રથમ

INDEX

પક્ષકાર નં. ૨ ટેક્ષટાઈલ મશીનરી બનાવવામાં ઔદ્યોગિક મંદી ચાલી રહેલ બહારથી ઓછી ગુણવત્તાવાળું કાપડ મળતા ટેક્ષટાઈલ ધંધામાં મંદી હતી. તેથી કોઈ ખાસ મશીનના ઓર્ડરો ન આવતા મોટાભાગનાશ્રમયોગીને બેસીને પગાર આપવો પડતો હોવાથી કંપનીની આર્થિક સ્થિતિ નબળી પડતા બીજા પક્ષકારશ્રમયોગી અને કંપનીનું ભવિષ્ય સુધરશે નહિ તેવુ લાગતા બીજા પક્ષકારશ્રમયોગી અને અન્યશ્રમયોગીએ તારીખ ૧૧મી સપ્ટેમ્બર,૧૯૯૫ના રોજ સ્વેચ્છાએ રાજીનામુ આપેલ. તે રાજીનામુ કંપનીએ સ્વીકારેલ. તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૫ના રોજ કંપનીના નોટીસ બોર્ડ પર રાજીનામુ સ્વીકારવાની નોટીસ મુકેલ. તેની લેખિતમાં જાણશ્રમયોગીને તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૫ના રોજ રજીસ્ટર્ડ એ.ડી. ની પોસ્ટથી કરવામાં આવેલ જે પત્રશ્રમયોગીને મળી ગયેલ. તમારો નીકળતો હિસાબ ટાઈમકીપર ઓફીસમાં આવીને લઈ જવા જણાવેલ. અન્યશ્રમયોગી હિસાબ લઈ ગયેલા. બીજાશ્રમયોગી હિસાબ લઈ ગયેલ નથી. બીજા પક્ષકારશ્રમયોગીને તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૯૫ થી રજીસ્ટર્ડ એ.ડી તથા યુ.પી.સી. હક્કના નાણાં લઈ જવા પત્ર લખેલ. પરંતુ માલિક લેવાની ના પાડે છે. ના શેરા સાથે રજીસ્ટર્ડ એ. ડી. નો પત્ર પરત આવેલ. યુ.પી.સી. થી તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ પણ નોકરી દરમ્યાન હિસાબ લઈ જવા જણાવેલ છતાં બીજા પક્ષકારશ્રમયોગી કંપનીમાં આવેલ નહીં અને હિસાબ લઈ ગયેલ નહિ.શ્રમયોગી નોકરીમાંથી રાજીનામું આપેલ હોયશ્રમયોગી માલિકના સંબંધનો અંત આવેલ. તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫થી છુટા કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. રેફરન્સ રદ થવાને પાત્ર છે. બીજા પત્રકારશ્રમયોગી તારીખ ૮મી ડિસેમ્બર, ૧૯૯૯ થી નોકરી કરતા હતા. રજીસ્ટર્ડ કોડ નં. ૧૦/૦૦૫ હતુ. પી. એફ.નો લાભ આપવામાં આવતો હતો.શ્રમયોગીનો છેલ્લો પગાર રૂા. ૫૮-૫૧ પૈસા હતો. એ તમામ હકીકત ખરી નથી. પ્રથમ પક્ષકાર મજુર કાયદાનું પાલન કરેલ છે.શ્રમયોગી રાજીનામું આપેલ હોય નોટીસ ચાર્જશીટ તપાસનો કોઈ સવાલ નથી. બીજા પક્ષકારશ્રમયોગીને નીકળતાં નાણાં લઈ જવા વખતોવખત જાણ કરેલ, પરંતુ લઈ ગયેલ નહિ. આજે પણ નીકળતા હક્કના નાણાં ચુકવવા કંપની તૈયાર છે. બીજા પક્ષકાર સારી જગ્યાએ નોકરીએ લાગી ગયેલ છે. સારૂ કમાય છે. હાલના મોંઘવારીના સમયમાં કોઈ કારીગર બેકાર રહેતો નથી. તેથી પેરા-૮માં માંગેલ દાદ મેળવવા પાત્ર ન હોય રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

આંક-૧૬ થી આર. સી. પટેલનો અધિકાર પત્ર રજુ થયેલ છે. આંક-૧૯ થી અશોકભાઈ ઈટવાળાનું પ્રથમ પક્ષકાર નં. ૨ તરફે વકીલપત્ર રજુ થયેલ છે.

આંક-૧૭ બીજા પક્ષકારશ્રમયોગી તરફે દસ્તાવેજ રજુ થયેલ છે. તેમાં પ્રથમ પક્ષકાર સંસ્થાનાશ્રમયોગી યુનીયનમાં જોડાય તેના પત્રની નકલ તથા આંક-૨૧ થી બીજા દસ્તાવેજો જેમાં આંક-૨૬ થી ઓળખકાર્ડ કંપનીએ આપેલ અને આંક-૨૭ થી પગાર સ્લીપ રજુ થયેલ છે.

પ્રથમ પક્ષકાર સંસ્થા નં. ૨ તરફે આંક-૨૯ થી દસ્તાવેજો રજુ થયેલ છે. જેમાં આંક-૩૦ થી સમાધાન કરાર આંક-૩૪ થીશ્રમયોગી આપેલ રાજીનામાનો પત્ર આંક-૩૭ થી રાજીનામુ સ્વીકારવાની કંપનીએશ્રમયોગીને હિસાબ લઈ જવાની જાણ કરતો પત્ર, આંક-૩૨ થીશ્રમયોગીના

INDEX

નામજોગ રજી. એ. ડી. થી રાજીનામુ મંજુર કર્યાનો પત્ર, આંક-૩૧ થી રજીસ્ટર્ડ એ. ડી. ની સ્લીપ, આંક-૩૦ થીશ્રમયોગીને હક્કના નાણા લેવા બાબતે કંપનીએ રજી. એ. ડી. થી મોકલેલ પત્રના દસ્તાવેજો રજુ થયેલ છે. આંક-૩૨ થી પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે દસ્તાવેજો રેકર્ડ પર લેવામાં આવેલ છે.

બીજા પક્ષકારશ્રમયોગી આંક-૨૫ થી પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તારીખ ૧લી ડીસેમ્બર, ૧૯૮૯ થી ડ્રીલીંગ મશીન ઉપર ઓપરેટર તરીકે રોજના રૂા. ૫૮/- ના પગારથી તારીખ ૧લી ડીસેમ્બર, ૧૯૯૫ સુધી નોકરી કરેલ છે. એ અગાઉ ઓનેસ્ટ ટેક્ષટાઈલમાં કામ કરતો હતો. બંને કંપનીના માલિક એક જ છે. બંને કારખાના એકજ જગ્યાએ આવેલ છે. સરનામુ અને સ્થળ અને મશીનરી પણ એકજ છે. ઓનેસ્ટ ટેક્ષટાઈલમા જે મશીનરી ઉપર કામ કરતો હતો તે મશીન ઉપર બીલીમોરા એન્જીનીયરીંગમાં કામ કરતો હતો. મારા શેઠશ્રી પ્રવિણભાઈએ ૧૯૮૯ માં કોરા કાગળ ઉપર સહી કરાવેલ. ૧૯૮૯ માં શેઠે મને અગાઉની નોકરીના હક્કોના પૈસા ચુકવી આપેલ. તારીખ ૧લી ડીસેમ્બર, ૧૯૯૫ના રોજ હું નોકરી માટે કંપનીમાં જતા પ્રવિણભાઈ શેઠે ના પાડેલી, તે સમયે શેઠે બધાજ કારીગરોને કાઢી મુકેલા. હું તથા અન્યશ્રમયોગી આર.સી. પટેલના યુનીયનમાં જોડાયેલ. પાંચ વર્ષે શેઠે બ્રેક આપતા તેની રજુઆત કરતા, શેઠે તમામશ્રમયોગીને નોકરીમાંથી મુકેલા. મને નોકરી દરમ્યાન ઓળખપત્ર આપેલ, જે નિશાની ૨૧/૧ થી છે તેનો પાકો આંક-૨૬ આપવામાં આવે છે. નિશાની ૨૧/૨ થી મારી સહીવાળી પગાર સ્લીપ છે.જેનો પાકો આંક-૨૭ આપવામાં આવેલ છે. પ્રથમપક્ષકારે મને છુટા કરતી વખતે કોઈ નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર આપેલ નહિ. એ વાત ખરી નથી. મે તથા બીજાશ્રમયોગીએ હડતાળ પાડેલ તથા કામે આવતા બંધ થયેલ, છુટા થયા બાદ મેં નોકરી શોધેલ પણ નોકરી મળેલ નહિ. આંક-૧૨માં મારી સહી છે. ઉલટ તપાસમાં સોગંદ ઉપરશ્રમયોગી એ વાત ખરી છે કે ૧૯૭૨ થી ઓનેસ્ટ ટેક્ષટાઈલમાં કામ કરતો તે બતાવતો કોઈ પુરાવો મારી પાસે નથી. આંક-૨૯/૧ સમાધાન સાથેના પરિશિષ્ટમાં લખેલ તમામશ્રમયોગી અંગે સાથે નોકરી કરેલ નિશાની ૨૯/૧માં અનુક્રમ નં. ૫ માં મારી સહી છે. જેનો પાકો આંક-૩૦ આપવામાં આવે છે. એ વાત ખરી કે સમાધાન અંગેના લાભો અમોને મળેલા નિશાની ૨૯/૭ નો પત્ર નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ નહિ એ વાત ખરી મેં સામુહિક રાજીનામુ આપેલું. નિશાની ૨૯/૮માં જણાવેલ મારૂ સરનામું ખરૂ છે. નિશાની ૨૯/૯માં રજી. એ.ડી. સ્લીપમાં મારી સહી છે. નિશાની ૨૯/૯ પાકો આંક-૩૧ આપવામાં આવે છે. નિશાની ૨૯/૮ ને પાકો આંક-૩૨ આપવામાં આવે છે. નિશાની ૨૯/૧૦ નો પત્ર મને મળેલ એ વાત ખરી કે આ પત્ર મળ્યા બાદ હું પ્રથમ પક્ષકાર સંસ્થામાં હિસાબ લેવા ગયેલ નહિ. નિશાની ૨૯/૧૫ નો પત્ર મને મળેલ નહિ. તેમાં લખેલ સરનામુ ખરૂ છે. નિશાની ૨૯/૬ના પત્રમાં મારી સહી છે. નિશાની ૨૯/૬ ને આંક-૩૪ આપવામાં આવેલ છે. એમાં રાજીનામું આપનારશ્રમયોગી પૈકી પાંચશ્રમયોગી સિવાયશ્રમયોગી કંપની પાસે હિસાબ પતાવી લીધેલ. મેં રેફરન્સ કેસ દાખલ કરતી વખતે સામુહિક રાજીનામાની વાત યુનીયને કરેલ નહિ. આંક-૫ માં મારી સહી છે. આંક-૧૨ના નિવેદનમાં મારી સહી છે. આંક-૫

INDEX

અને આંક-૧૮ના નિવેદનમાં શું લખેલ છે તે મને ખબર નથી. મારો માસિક ઘર ખર્ચ રૂા. ૧૫૦૦/- થાય છે. હું કોઈ કમાણી કરતો નથી. નોકરીમાંથી કાઢી મુક્યા ત્યારથી બેકાર છું ખેતી કામ કરીને મારૂં ગુજરાન ચલાવું છું. હું વેંગણ, મરચા માર્કેટમાં વેચાણ કરૂં છું. એ વાત ખરી કે મેં અન્ય જગ્યાએ નોકરી શોધવા પ્રયત્ન કરેલ નહિ. એ વાત ખરી નથી કે મેં ખોટો કેસ કરેલો છે.

ત્યારબાદ પ્રથમ પક્ષકારના પુરાવા પર આવતા આંક-૩૦ થી પ્રથમ પક્ષકારના સાક્ષીનું સોગંદનામુ રજુ કરેલ છે. સોગંદનામાની હકીકતમાં બીજા પક્ષકારશ્રમયોગી નટવરભાઈ ડાહ્યાભાઈને ઓળખુ છું. ડ્રીલ મશીન ચલાવવાનું કામ કરતા હતા. તમામશ્રમયોગીને ઓળખકાર્ડ, હાજરી કાર્ડ, પગાર ચીઠ્ઠી આપવામાં આવતી. આંક-૩૦ના સમાધાન કરારના ડાયરેકટર વીણાબેન મિસ્ત્રીની સહી છે. હું ઓળખુ છું. બીલીમોરા એન્જીનીયરીંગ પ્રા. લી. ટેક્ષટાઈલ મશીનરી બનાવવામાં આવે છે. ટેક્ષટાઈલના ધંધામાં વધુ મંદી હતી આથી કંપનીમાં મશીનના કોઈ ખાસ ઓર્ડર ન હતા.શ્રમયોગી નોકરીના મોટા ભાગનો સમય બેસીને પસાર કરવો પડતો. તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના રોજ આંક-૩૪ થી સ્વેચ્છાએ સામુહિક રાજીનામું આપેલુ. રાજીનામું પાછુ ખેંચી લેવા સમજાવેલા પણ માનેલા નહિ. તારીખ ૧૯લી નવેમ્બર, ૧૯૯૫ના રોજ તમામશ્રમયોગીની હાજરીમાં એમનું રાજીનામુ સ્વીકારવામાં આવે છે એવું જણાવવામાં આવે છે. નીકળતો હિસાબ ઓફીસમાંથી લઈ જવા જણાવેલ. નિશાની ૨૯/૭ ની નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલી. આંક-૩૨ થી રાજીનામું મંજુર કરતો પત્ર બીજા પક્ષકારને મોકલવામાં આવેલ આંક-૩૧ રજીસ્ટર્ડ એ. ડી. ની સ્વીકૃતિ પહોંચ રજુ કરેલ છે. મોટા ભાગનાશ્રમયોગી નીકળતા નાણા કંપનીમાં આવી લઈ ગયેલ. તારીખ ૪થી ડીસેમ્બર, ૧૯૯૫ના રોજ હક્કના નાણા લઈ જવા આંક-૩૩ થી યુ.પી.સી. અને રજીસ્ટર્ડ એ. ડી. થી પત્ર મોકલેલ. આજે પણ બીજા પક્ષકારને તેમની નોકરી અંગેના નીકળતા હક્કના નાણા ચુકવી આપવા તૈયાર છે. બીજા પક્ષકારનુ રાજીનામું તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૫ના રોજ સ્વીકારેલ હોવાથી નોકરીમાંથી છુટા કર્યાની હકીકત ખરી નથી. શાકભાજી વેચીને મહીને ચારથી પાંચ હજાર કમાય છે. ઉલટ તપાસમાં સોગંદ ઉપર હું ઓનેસ્ટ ટ્રેડીંગમાં તે વખતે ડાયરેકટર હતો. કેટલા વર્ષ ડાયરેકટર હતો તે યાદ નથી. બીજા પક્ષકારો ઓનેસ્ટ ટ્રેડીંગમાં કામ કરતા ન હતા. તેઓ બીલીમોરા એન્જીનીયરીંગમાં કામ કરતા બીલીમોરા એન્જીનીયરીંગમાં કોઈ હોદ્દો મારો ન હતો. વીણાબેન અને નર્મદાબેન ડાયરેકટર હતા એ વાત ખરી નથી. બંને કંપનીનું ઉત્પાદન એક સરખુ હતું. એ વાત ખરી કે બીલીમોરા એન્જીનીયરીંગમાં કામ કરતાશ્રમયોગીના કોઈ સમાધાનમાં હુ ના સહી કરૂં. આંક-૩૦ માં મારી સહી નથી. સમાધાનની માહિતી નથી. ૧૯૮૯ થી બીજા પક્ષકાર બીલીમોરા એન્જીનીયરીંગમાં જોડાયેલ નિશાની ૧૭/૧ ની મને કોઈ માહિતી નથી. એ વાત ખરી કે બીજા પક્ષકાર કયા યુનીયનના સભ્ય છે તે મને ખબર નથી. તારીખ ૧લી ડીસેમ્બર, ૧૯૯૫ના રોજ બીજા પક્ષકાર સાથે બળજબરી થયેલ કે કેમ ? તે હું જાણતો નથી. તે દિવસે બીલીમોરા એન્જીનીયરીંગમાં કોરા કાગળ ઉપર સહી લેવામાં આવેલ કે કેમ ? તે હું જાણતો નથી.

આ કામમાં કંપની તરફે વિશેષ સાક્ષી જે રેફરન્સ (એલસીએન) ૧૦૫ થી ૧૦૯/૯૬ના

INDEX

કામમાં ધનંજય પદમાકાંત શાહ એ સોગંદનામાં ઉપર રેફરન્સ (એલસીએન) ૧૦૫/૯૬ ના કામમાં આંક-૬૦ થી આપેલ જુબાનીને હાલના રેફરન્સ કેસમાં રજુ કરેલ છે. આંક-૬૦ની ધનંજય પદમાકાંત શાહનું સોગંદનામામાં જણાવે છે કે, પ્રથમ પક્ષકાર નં. ૧ ઓનેસ્ટ ટ્રેડીંગ કંપનીમાં સેલ્સ મેનેજર તરીકે બાર વર્ષથી નોકરી કરૂં છું. કંપનીમાં ટેક્ષટાઈલ લુમ્સ બનાવતી એન્જીનીયરીંગ કંપની છે. કંપનીને ફેકટરી એકટ, પી. એફ. એકટ, બોનસ ચુકવણી ધારો, લઘુત્તમ વેતનધારો લાગુ પડે છે. તમામ મજુર કાયદાનું કંપની પાલન કરવામાં આવે છે. આ કેસના બીજા પક્ષકારશ્રમયોગી પ્રથમ પક્ષકાર નં. ૧ ઓનેસ્ટ ટ્રેડીંગ કંપનીમાં કદી નોકરી કરેલ નં હતી. પ્રથમ પક્ષકાર નં. ૧ કંપનીને આ કેસમાં ખોટી રીતે પક્ષકાર તરીકે જોડે છે. બીજા પક્ષકારશ્રમયોગીને કંપની ઓળખતી નથી. બીજા પક્ષકારે કંપનીમાં નોકરી કરેલ નથી તેથી નોકરીમાંથી છુટા કરવાની તારીખ ૧લી ડીસેમ્બર, ૧૯૯૫ની હકીકત ખરી નથી. નોકરીમાં પુનઃસ્થાપિત થવાની તથા પડેલા દિવસોના પગાર જે માગણી કરેલ છે તે મેળવવા કાયદેસર રીતે હક્કદાર થતા નથી. ઉલટ તપાસમાં જણાવે છે કે, હું ભગુભાઈ રવજીભાઈને ઓળખતો નથી. નટવરભાઈ ડાહ્યાભાઈ, જશીબેન રવજી તથા ગજાનંદ ભગાભાઈને ઓળખતો નથી. શશીકાંત પટેલને હું ઓળખતો નથી. એ વાતની મને ખબર નથી કે આ પાંચ વ્યકિતઓ ઓનેસ્ટ સેલ્સમાં કામ કરતી હતી. એ વાત ખરી નથી કે ઓનેસ્ટ સેલ્સમાં એકસ મેનેજર તરીકે કામ કરૂં છું. પ્રથમ પક્ષકાર ફેકટરી એકટના લાયસન્સમાં મેનેજર તરીકે કોને દર્શાવેલ છે. તે મને ખબર નથી. મારી પાસે કોઈને કામે રાખવાની કે છુટા કરવાની સત્તા નથી. રેફરન્સ (એલસીએન) ૧૦૬/૯૬માં આંક-૧૭/૧ બતાવવામાં આવે છે. તેમાં કોની સહી છે તેની મને ખબર નથી. રેફરન્સ (એલસીએન) ૧૦૭/૯૬ પત્ર મને મળેલ નથી. જેની સહી હું જાણતો નથી. ઓનેસ્ટ ટ્રેડીંગના માલિક તરીકે ખંડુભાઈ મકનજી તથા નરેશ ખંડુભાઈ મિસ્ત્રી છે. બીલીમોરા એન્જીનીયરીંગમાં તથા વી. દીપાલીના માલિક એકજ કુટુંબના છે. તે હું જાણતો નથી. એ વાત ખરી નથી કે બીજા પક્ષકારશ્રમયોગીએ યુનીયન શરૂ કર્યું તેથી ઓનેસ્ટ ટ્રેડીંગ કંપનીએ તેમને છુટા કરેલ છે. આંક-૬૨ થી પ્રથમ પક્ષકાર નં. ૧ના એડવોકેટે તમામ કેસો એક સરખા છે તે સંજોગોમાં સાક્ષીની જુબાની કોન્સોલેટ કરવા વિનંતી કરેલ તે મંજુર કરેલ છે. આંક-૬૩ ની પુરસીસથી વધુ કોઈ સાક્ષી પુરાવા પ્રથમ પક્ષકાર તરફે તપાસવા નથી તેવું જાહેર કરેલ છે.

ત્યારબાદ આ કામ દલીલો ઉપર રાખવામાં આવતાં બીજા પક્ષકારશ્રમયોગી તરફે મૌખિક દલીલ માટે આંક-૬૪ અને ૬૫ થી મુદતની અરજી આપેલ તે મંજુર કરેલ. ત્યારપછી પણ લાંબા સમય સુધી મૌલિક રીતે દલીલો માટે બીજા પક્ષકારના પ્રતિનિધિને દલીલ માટે તક આપેલ છતાં દલીલ કરેલ ન હોય તેથી તેમની દલીલનું સ્ટેજ બંધ કરી.

પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે શ્રી અશોકભાઈ ઈંટવાળાની મૌખિક દલીલો કરતા જણાવે છે કે, બીજા પક્ષકારશ્રમયોગી આંક-પના માંગણાના નિવેદનમાં ઓનેસ્ટ ટ્રેડીંગ પ્રા. લી. સામે દાદ માંગેલ છે. ત્યારબાદ આંક-૮ થી બીલીમોરા એન્જીનીયરીંગને પક્ષકાર જોડેલા છે. આંક-૧૨ના નિવેદનમાં યુનીયનમાં જોડાવાથી કોરા કાગળમાં સહી કરાવી તારીખ ૧લી ડીસેમ્બર, ૧૯૯૫ થી છુટા કરેલ

INDEX

છે. નોટીસ, નોટીસ પગાર આપેલ નથી. નોકરી મેળવવા પ્રયત્ન કરેલ. પરંતુ નોકરી મળેલ નથી. પ્રથમ પક્ષકાર અનેશ્રમયોગી વચ્ચે માલિકશ્રમયોગીનો સંબંધ ન હતો. તેથી રેફરન્સ ટકી શકે નહિ. બીજા પક્ષકારશ્રમયોગી રાજીનામુ આપેલ છે અને તેઓ જે આ કામે આંક-૩૪ થી રજુ કરેલ છે. સંસ્થાએ આંક-૩૭ થી તેમના લાભ લઈ જવા કહ્યુ છે. તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૫ના રોજ રાજીનામુ સ્વીકારતો પત્ર રજુ થયેલ છે. આંક-૨૫ થી બીજા પક્ષકારશ્રમયોગીની જુબાની જોતાં ઉલટ તપાસમાં સ્વીકારે છે. નોકરી શોધવા પ્રયત્ન કરેલ નહિ. તેથી કામ કરીને ગુજરાન ચલાવે છે. અને આંક-૫ અને ૧૨માં શું લખેલ છે તેની ખબર નથી. તેથી રેફરન્સ કાયદેસર ટકી શકે તેમ ન હોય બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવો જોઈએ. નામદાર સુપ્રિમ કોર્ટમાં ૧૯૯૮ એલ. એલ. આર. ૯૩૩ના ચુકાદામાં રાજીનામુ સ્વીકાર્યા પછી માલિકશ્રમયોગીના સંબંધનો અંત આવે છે. તેથી સળંગ નોકરી ગણી શકાય નહિ. તેથી રેફરન્સ રદ કરવો જોઈએ.

આ કેસનું રેકર્ડ, રજુ થયેલ દસ્તાવેજો તથા પ્રથમ પક્ષકારની દલીલો ધ્યાનમાં લેતા મારા ન્યાય નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું બીજા પક્ષકારશ્રમયોગી પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરીમાં પુનઃસ્થાપિત થવા માટે હક્કદાર બને છે ? તેવું પુરવાર કરી શક્યા છે.

(૨) પડેલા દિવસો અંગેનો પગાર મેળવવા હક્કદાર બને છે ? તેમ પુરવાર કરી શક્યા છે.

ઉપરોકત મુદ્દાઓનો મારો ન્યાય નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં.

આ કામના બીજા પક્ષકારશ્રમયોગી આંક-૫ થી તથા આંક-૧૨ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. આંક-૮ થી બીજા પક્ષકાર બીલીમોરા એન્જીનીયરીંગ પ્રા. લી.ને પક્ષકાર તરીકે મદદનીશ મજુર કમીશનરે જોડીને અત્રેની અદાલતને સુપ્રત કરેલ છે. એટલે પ્રથમ પક્ષકાર નં. ૧ તરીકે ઓનેસ્ટ ટ્રેડીંગ પ્રા. લી. તથા નં. ૨ તરીકે બીલીમોરા એન્જીનીયરીંગ પ્રા. લી. સામે આંક-૧૨ના માંગણાના નિવેદનમાં જણાવે છે કે, ઓગણીસ વર્ષથી ડ્રીલર તરીકે રૂા. ૫૮-૦૦ના રોજથી નોકરી કરતા હતા. નોકરીના હક્કો માગતા સામાવાળાએ કિન્નાખોરી રાખી યુનીયનમાં જોડાવવાની ચર્ચા ચાલતી હતી ત્યારે યુનીયનમાંથી છુટા થવા દબાણ કરી કોરા કાગળ ઉપર સહી લીધેલ. માલિકની મુખ્ય તકરાર એવી છે કે આંક-૨૪ના લેખિત જવાબમાં પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતાશ્રમયોગીને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ મુજબ ૨(પી) ના વખતોવખત સમાધાન કરાર કરવામાં આવતા અને લાભ આપવામાં આવતા ટેક્ષટાઈલના ધંધામાં મંદી હોવાથી બીજા પક્ષકારશ્રમયોગી તથા અનેયશ્રમયોગીએ સ્વેચ્છાએ પોતાનું રાજીનામું આપેલું. જે રાજીનામું સ્વીકારીને તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૫ના રોજ નોટીસ બોર્ડ ઉપર મુકેલ.શ્રમયોગીને તારીખ

INDEX

૪થી ડીસેમ્બર, ૧૯૯૫ના રોજ હક્કના નાણાં લઈ જવા જણાવેલ. તેથીશ્રમયોગીને છુટા કરેલ નથી. પરંતુ રાજીનામુ આપી છુટા થયા હોય, માંગણાના નિવેદનની દાદ મળવાપાત્ર નથી.શ્રમયોગીનું માંગણાનું નિવેદનના સમર્થનમાં આંક-૨૫ની જુબાની જોઈએ તો તારીખ ૧લી ડીસેમ્બર, ૧૯૯૫ સુધી નોકરી કરતો હતો. બંને કંપનીના એકજ માલિક છે. એકજ જગ્યાએ બંને કારખાના આવેલા છે. ૧૯૭૨થી ઓનેસ્ટ ટેક્ષટાઈલમાં કામ કરતો હતો. મારા શેઠશ્રી પ્રવિણભાઈએ મારી કોરા કાગળમાં સહી લીધેલ. ૧૯૮૯માં શેઠે આવી સહી કરાવેલી. આ હકીકત જોતાં તારીખ ૧લી ડીસેમ્બર, ૧૯૯૫માંશ્રમયોગીને કોરા કાગળમાં સહી લઈ છુટા કરવાની હકીકત પુરવાર થતી નથી. ઉલટ તપાસમાંશ્રમયોગી ૧૯૭૨માં ઓનેસ્ટ ટેક્ષટાઈલમાં કામ કરતા હોવાનો મારી પાસે કોઈ પુરાવો નથી. એ વાત ખરી છે કે આંક-૨૯/૧ ના સમાધાન કરારમાં પરિશિષ્ટમાં લખેલા તમામશ્રમયોગી સાથે નોકરી કરતા હતા. નિશાની ૨૯/૧ સમાધાન કરારના પરિશિષ્ટ નં. ૪માં મારી સહી છે. એ વાત ખરી છે કે નિશાની ૨૯/૮માં મારૂં સરનામુ છે. નિશાની ૨૯/૯માં રજીસ્ટર્ડની પહોંચમાં મારી સહી છે. નિશાની ૨૯/૯ ને આંક-૩૧ આપવામાં આવે છે. નિશાની ૨૯/૮ ને આંક-૩૨ આપવામાં આવે છે. નિશાની ૨૯/૬માં સામુહિક રાજીનામુ અમોશ્રમયોગીએ આપેલું. નિશાની ૨૯/૬ ને આંક-૩૪ આપવામાં આવે છે. આથી ઉલટ તપાસમાં સાહેદ સ્વીકારે છે કે રાજીનામુ આપેલ છે. અને રાજીનામું સ્વીકાર કર્યાનો પત્ર પણ આંક-૩૨ થીશ્રમયોગીને મોકલેલ અને જે પત્ર મળ્યાની સ્લીપ આંક-૩૧ થીશ્રમયોગીની સહીથી રજુ થયેલ છે. આ હકીકત જોતાં અરજદારને કોરા કાગળ ઉપર સહી લઈ તારીખ ૧લી ડીસેમ્બર, ૧૯૯૫ થી નોકરીમાંથી છુટા કર્યાની હકીકત બીજા પક્ષકારશ્રમયોગી પુરવાર કરી શક્યા નથી. તેથી કલમ-૨ (ઓ.ઓ.) મુજબ છટણીનો સમાવેશ થાય નહિ અને તેથી આઈ. ડી. એકટની કલમ-૨૫(એફ) ની જોગવાઈઓ લાગુ પડતી નથી. તેથી બીજા પક્ષકારનાશ્રમયોગીનો કેસ રાજીનામાનો હોય રેફરન્સ ટકવા પાત્ર નથી. આ કામે નામદાર સુપ્રિમ કોર્ટનો પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે ૧૯૯૮ એલ.એલ.આર.ના કંપનીહકીકત જોતા રાજીનામુ સ્વીકાર્યા બાદ માલિકશ્રમયોગીના સંબંધનો અંત આવે છે અને સળંગ નોકરી ગણાય નહિ. તે કેસની હકીકત આ રેફરન્સ કેસ સાથે સુસંગત હોય તેનો લાભ પ્રથમ પક્ષકાર સંસ્થાને મળવાપાત્ર છે. બીજા એક કેસમાં સિવીલ અપીલ નં. ૯૬ અને ૧૪૮/૧૯૫૯ બ્રિટીશ ઈન્ડીયા કોર્પોરેશન લી.માં સ્વૈચ્છિક રાજીનામુને ડીસચાર્જ અને ડીસમીસ ગણી શકાય નહિ. અને ઈન્કવાયરી અને નોટીસનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહિ. અનેશ્રમયોગી નોકરીની ટર્મીનેશનની દાદ માંગી શકે નહિ. તે કેસની હકીકત જોતાંશ્રમયોગી સ્વૈચ્છિક રાજીનામુ આપેલુ હોય રેફરન્સ ટકવાપાત્ર નથી અને નોકરીમાં પુનઃસ્થાપિત થવાની દાદ કાયદામાં ટકી શકે તેમ ન હોય રેફરન્સ રદ કરવામાં આવે છે. પડેલા દિવસો અંગેશ્રમયોગીનો રેફરન્સ ઉપરોકત કારણો જોતાં ટકવાપાત્ર ન હોય કોઈ હુકમ કરવામાં આવતો નથી. પ્રથમ પક્ષકાર કંપની પોતાના આંક-૨૪ના લેખિત જવાબમાં જણાવે છે કે, બીજા પક્ષકારશ્રમયોગીને તેમનો નીકળતો હિસાબ લઈ જવા તારીખ ૪થી ડીસેમ્બર, ૧૯૯૫ના રોજ રજીસ્ટર્ડ એ. ડી. થી પત્ર લખેલ. ઉલટ તપાસમાં પણ આંક-૨૫માંશ્રમયોગી સ્વીકારે છે કે, અમો રાજીનામુ આપ્યાશ્રમયોગી પૈકી પાંચશ્રમયોગી

INDEX

સિવાયનાશ્રમયોગીએ કંપની સાથે હિસાબ પતાવી લીધેલ અને આંક-૩૩ થીશ્રમયોગીને હિસાબ લેવા કંપનીએ જાણ કરેલ છે. તે જોતાંશ્રમયોગીના રાજીનામુ આપ્યુ ત્યારે મળવાપાત્ર હક્કશ્રમયોગી સ્વીકારેલ નથી. જે કંપની પોતાના જવાબમાં ચુકવવા તૈયાર છે. તો તે રકમ મળવાપાત્ર છે તેવુ ઠરાવવામાં આવે છે. ઉપરોકત ચર્ચાના કારણો જોતાં આ કામમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારનો રેફરન્સ રદ કરવામાં આવે છે. વધુમાંશ્રમયોગીના રાજીનામા સમયે મળવાપાત્ર હક્કના લેણા આ એવોર્ડ પ્રસિદ્ધ થયેથી દિન -૩૦માં પ્રથમ પક્ષકાર નં. ૨ બીલીમોરા એન્જીનીયરીંગે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

નવસારી, તારીખ ૧૩મી જુન, ૨૦૦૫.

સહી (અવાચ્ય),
પ્રિસાઈડીંગ ઓફીસર,
મજુર અદાલત, નવસારી.

નવસારી, તારીખ ૨૪મી જુન, ૨૦૦૫.

સહી (અવાચ્ય),
ઈ./ચા. મદદનીશ શ્રમ આયુકત,
નવસારી.

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

જાહેરનામુ.

ક્રમાંક મ.શ્ર.આ./નવ./૧૭૪૨/૦૫આઈડીએ/એવોર્ડ/એલસીએન/૧૦૭/૧૯૯૬.-મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ (સને-૧૯૪૭ના ૧૪મા)ની કલમ-૧૭ અનુસાર શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૨મી માર્ચ, ૧૯૯૩ના જાહેરનામાં ક્રમાંક /કેએચઆર/૦૩/૨૬ આઈ.ડી.એ. ૨૦૦૦-૫૧૦૪-મ(૪) અન્વયે મદદનીશ મજુર કમિશનરશ્રી આથી તારીખ ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૬ના અત્રેની કચેરીના હુકમ ક્રમાંક/કેએચએસ/એચએમસી ૪૧૩૫ હેઠળ ન્યાય નિર્ણય માટે લખી મોકલેલી ઓનેસ્ટ ટ્રેડીંગ પ્રા. લી., તથા અન્ય-૧ અને તે હેઠળ કામે રાખેલાશ્રમયોગી વચ્ચેની ઔદ્યોગિક તકરાર અંગેનો મજુર અદાલતનો ચુકાદો જે આ સાથે સામેલ કરેલ છે. તે પ્રસિદ્ધ કરે છે.

INDEX

મે. નવસારીના મજુર અદાલતના અરજદાર ઓફીસર સાહેબ સમક્ષ.

રેફરન્સ (એલસીએન) ૧૦૭/૧૯૯૬

(૧) ઓનેસ્ટ ટ્રેડીંગ પ્રા. લી,. પો. બો. નંબર ૩૯, મહાદેવનગર, બીલીમોરા, તા. ગણદેવી જિ. નવસારી. — પ્રથમ પક્ષકાર;

(૨) બીલીમોરા એન્જીનીયરીંગ પ્રા. લી,. ગોહરબાગ, મહાદેવનગર, બીલીમોરા, તા. ગણદેવી જિ. નવસારી.

વિરૂધ્ધ

જશવંતભાઈ રવજીભાઈ C/o.ગુજરાત રાજયશ્રમયોગી સભા, મુ. પો. સોલધરા, મોચીવાડ, તા. ચીખલી, જિ. નવસારી. — બીજા પક્ષકાર.

હાજર રહ્યા પ્રથમ પક્ષકાર તરફે અશોકભાઈ એન. ઈટવાળા, એડવોકેટ.

બીજા પક્ષકાર તરફે શ્રી રામસુરત પ્રજાપતિ.

મંત્રીશ્રી, ગુજરાત રાજ્યશ્રમયોગી સભા, સોલધરા, તા ચીખલી, જિ. નવસારી.

એવોર્ડ

ઉપરોક્ત બંને પક્ષકારો વચ્ચેનો ઔદ્યોગિક વિવાદ અને તેના નિરાકરણ માટે આઈ. ડી. એક્ટની કલમ-૧૦(૧)સી હેઠળ મદદનીશ શ્રમ આયુક્તશ્રી, વલસાડે તેમના પત્ર ક્રમાંક કેએચ/એમ.એચ./એમસી/૪૧૩૫/એજે/આઈડીઆર/૫.૫ તારીખ ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૬થી ન્યાય નિર્ણય માટે મને સુપ્રત કરેલ છે.

આ કામમાં અનુસૂચિ મુજબની તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારને આંક-૩ અને આંક-૪થી નોટીસ કાઢવામાં આવેલ તે બજી ગયેલ છે. આંક-૯થી પ્રથમ પક્ષકાર નંબર-૨ તરીકે બીલીમોરા એન્જીનીયરીંગને પક્ષકાર તરીકે જોડેલ છે.

આ કામના બીજા પક્ષકાર તરીકે આંક-૫ અને આંક-૧૩થી માગણાનું નિવેદન રજુ કરેલ

INDEX

છે. આંક-૧૩ના માગણાના નિવેદનની ટુંકી હકીકત એવી છે કે, આ કામના બીજા પક્ષકાર શ્રમયોગી સામાવાળી કંપનીમાં ૧૫ વર્ષથી ટર્નર, ફિટર તરીકે રોજના રૂા. ૬૨-૦૦ ના પગારથી ફરજ બજાવતા હતા. સામાવાળા એન્જીયરીંગ વ્યવસાય સાથે સંકળાયેલા છે સારો નફો કમાય છે. અરજદારને નજીવું ચુકવણું કરે છે. લાભો આપવામાં આવતા નથી. નોકરીના હક્કો બાબતે સામાવાળા પાસે રજુઆત કરતા અરજદારો ઉપર કિન્નાખોરી રાખતા આવેલા અને અરજદારે નોકરીમાંથી રાજીનામું આપી છુટા થઈ જાય એવી પેરવી સામાવાળા કરતા આવેલા.

અરજદાર અને સાથી શ્રમયોગીઓ યુનીયનમાં જોડાવવા બાબતની ચર્ચા વિચારણા ચાલી આવેલ. તેથી સામાવાળાએ અરજદાર પર કિન્નાખોરી રાખી યુનીયનમાંથી છુટા થવા દબાણ કરતા કોરા કાગળ ઉપર સહી લીધેલ અને અરજદારને તારીખ ૧લી નવેમ્બર ૧૯૯૫થી ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ એ સામાવાળાનું કૃત્ય અન્યાયી, ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે.

અરજદાર સામાવાળાએ કોઈ ગુન્હા સંબંધી ચાર્જશીટ નોટીસ કે તપાસ કરેલ નથી. નોકરીના કોઈ હક્કો ચુકવવામાં આવેલ નથી. સ્થાયી હુકમો અને મજુર કાયદાનો ભંગ કરેલ છે. અમો અરજદાર સામાવાળાની ફરજમાં હાજર થવા છતાં ફરજ પર લીધેલ નથી. જેથી અરજદારને સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત થવા ઔદ્યોગિક વિવાદ મદદનીશ શ્રમ આયુક્ત સમક્ષ ઉપસ્થિત કરેલ. પરંતુ સામાવાળાના જક્કી વલણને કારણે સમાધાન થયેલ નહિ. અરજદારે નોકરીમાંથી છુટા થયા બાદ કામ મેળવવા પ્રયત્ન કરેલ છતાં કામ મળેલ નથી. એથી દાદ માગવાની કે અરજદારને સામાવાળાએ તારીખ ૧લી ડીસેમ્બર, ૧૯૯૫ના રોજ મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવી સળંગ નોકરીમાં ગણી પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત થવા અરજ કરે છે.

પ્રથમ પક્ષકાર નંબર-૧ અને પ્રથમ પક્ષકાર નંબર-૨ બીલીમોરા એન્જીનીયરીંગ તરફે આંક-૮ અને ૨૪થી માંગણાના નિવેદન વિરૂદ્ધ લેખિત રજુ કરેલ છે.

આ કામે બીજા પક્ષકાર શ્રમયોગી તરફે આંક-૬ અને આંક-૧૭થી અધિકારપત્ર આર.સી. પટેલનો રજુ થયેલ છે. આંક-૭ અને આંક-૨૨થી પ્રથમ પક્ષકાર નંબર ૧ અને ૨ તરફે અશોકભાઈ ઈંટવાળાનું વકીલાતનામું રજુ થયેલ છે.

આ કામમાં પ્રથમ પક્ષકાર નંબર ૨ તરફે બીલીમોરા એન્જીનીયરીંગ પ્રા. લી., તરફે શ્રમયોગીના માંગણાના નિવેદન વિરૂદ્ધ આંક-૨૪થી લેખિત જવાબ રજુ કરેલ છે. જેની ટુંકી હકીકત એવી છે કે, બીજા પક્ષકાર શ્રમયોગીને આવો રેફરન્સ કરવાનું કોઈ કારણ ઉત્પન્ન થતું નથી. તેથી પ્રથમ દર્શનીય રેફરન્સ રદ થવાને પાત્ર છે. બીજા પક્ષકાર શ્રમયોગીએ માંગણાનું નિવેદન રજુ કરવામાં વિલંબ કરેલ હોય ૧૯૯૬થી ૨૦૦૦ સુધી શ્રમયોગીને રેફરન્સ ચલાવવામાં

INDEX

કોઈ રસ નથી. તેવું સ્પષ્ટ થાય છે. મદદનીશ શ્રમ આયુક્તને પ્રથમ પક્ષકાર નંબર ૨ને દાખલ કરતી વખતે સાંભળેલ નથી અને નામ દાખલ કરવાનો હુકમ સિદ્ધાંત વિરૂદ્ધનો છે. તેથી રેફરન્સ ચાલી શકે નહિ. માંગણાના નિવેદનના પેરા-૨ની હકીકત ખરી નથી કે શ્રમયોગી કાયમી તરીકે છેલ્લા ૧૫ વર્ષથી ટર્નર તરીકે પોતાની ફરજ ખંત અને વફાદારીથી બજાવતા હતા. એ હકીકત પણ ખરી નથી કે શ્રમયોગીને સારો નફો કમાતા હોવા છતાં નજીવું ચુકવણું કરતા અને લાભો ન આપતા અરજદાર ઉપર સામાવાળા કિન્નાખોરી રાખતા હોવાની અને અરજદારે રાજીનામું આપી છુટા થઈ જાય તેવી પેરવી કરતાં હોવાની અરજદારની હકીકત ખરી નથી. શ્રમયોગીઓ યુનીયનમાં જોડાવવાની ચર્ચા વિચારણાના કારણે અરજદાર ઉપર કિન્નાખોરી રાખી યુનીયનમાંથી છુટા થવા કોરા કાગળ ઉપર સહી લીધેલ અને ત્યારબાદ તારીખ ૧લી ડીસેમ્બર, ૧૯૯૫થી અરજદારને નોકરીમાંથી છુટા કરી દીધેલ હોવાની તમામ હકીકત બીજા પક્ષકારની પ્રથમ પક્ષકાર કંપનીને કબુલ મંજુર નથી.

બીજા પક્ષકાર શ્રમયોગી તરફે નિશાની ૧૮/૧ શ્રમયોગીઓએ યુનીયનમાં જોડાવવા પ્રથમ પક્ષકાર સંસ્થાને લખેલ પત્ર અને નિશાની ૧૮/૨ ગુજરાત રાજ્યશ્રમયોગી સભાએ ઓનેસ્ટ ટ્રેડીંગને લખેલ પત્ર આંક-૨૦ના દસ્તાવેજી યાદીથી બીજા પક્ષકારનું ઓળખકાર્ડ, હક્કરજા કાર્ડ તથા પગાર ચિઠ્ઠી રજુ કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે દસ્તાવેજોમાં આંક-૨૬ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલ છે. જેમાં આંક-૨૭થી ૨(પી)નું સમાધાન આંક-૨૮થી શ્રમયોગીઓએ આપેલ સામુહિક રાજીનામું આંક-૨૯થી બીજા પક્ષકારનું રાજીનામું મંજુર કરેલ અંગેનો રજીસ્ટર્ડનો પત્ર આંક-૩૦થી બીજા પક્ષકારે પત્ર લેવાની ના પાડી તેવું કવર રજુ થયેલ છે.

આ કામમાં બીજા પક્ષકાર શ્રમયોગી આંક-૨૧થી સોગંદ ઉપર જુબાની આપેલ છે. સોગંદ ઉપર જણાવે છે કે, હું બીલીમોરા એન્જીનયરીંગ પ્રા. લી., માં નોકરી કરતો હતો. બીલીમોરા એન્જીનયરીંગ પ્રા. લી., સાથે શ્રીનાથ એન્જીનયરીંગ વી. દાપાલી આવેલા છે. હું બીલીમોરા એન્જીનયરીંગમાં ત્રણ વર્ષથી ફરજ બજાવતો હતો. ટર્નર તરીકે ફરજ બજાવતો હતો. મને રૂા. ૬૧-૬૫ પૈસા રોજનો પગાર મળતો હતો. બીલીમોરા એન્જીયરીંગમાં ૨૫ થી ૨૭ શ્રમયોગીઓ કામ કરતા હતા. યુનીયનમાં જોડાયેલ એટલે મને તારીખ ૧લી ડીસેમ્બર, ૧૯૯૫ના રોજ છુટો કરેલ. મારી સાથે બીલીમોરા એન્જીનયરીંગ તથા વી. દીપાલીના શ્રમયોગીઓ યુનીયનમાં જોડાયેલા એટલે અમારા શેઠ પ્રવિણભાઈએ કામ આપવા ના પાડેલ. પંદર વર્ષથી બીલીમોરા એન્જીનયરીંગમાં કામ કરતો હતો. નોકરીના સમય દરમ્યાન મને નોટીસ ઠપકો આપેલ નહિ. છુટા કરવાની લેખિત નોટીસ મને કોઈ આાપેલ નહિ. છુટા કર્યા બાદ મને કોઈ ચાર્જશીટ કે ખાતાકીય તપાસ કરેલ નહિ. છુટા કરતી વખતે સીનીયોરીટી લીસ્ટ ગેટ ઉપર મુકેલ નથી. હાલમાં હું ઘેર છું..સંસ્થા કામ પર રાખે તો હું જવા તૈયાર છું. નિશાની ૨૦/૧માં મારૂં ઓળખપત્ર છે. જેમાં મેનેજરની સહી છે. દાખલ તારીખ ૧લી જુલાઈ ૧૯૮૫ નિશાની ૨૦/૨ અંગ્રેજીમાં હોય, અંગ્રેજી આવડતું ન હોય હું સિક્કા બાબતે કહી શકુ નહિ. નિશાની ૨૦/૩ પગાર સ્લીપ છે. ઉલટ તપાસમાં શ્રમયોગી સોગંદ

INDEX

ઉપર જણાવે છે કે, પંદર વર્ષથી ઓનેસ્ટ ટ્રેડીંગમાં કામ કરતો હતો. આંક-૫માં મેં ફીટર તરીકે કામ કરતો હતો તે વાત ખરી છે. હું ટર્નર તરીકે કામ કરતો હતો તે અગાઉ જણાવેલું તે ખોટું નથી. ઓનેસ્ટ ટ્રેડીંગ કંપનીમાં તારીખ ૧લી ડીસેમ્બર, ૧૯૯૫ સુધી કામગીરી કરેલી એ બતાવવા મારી પાસે કોઈ લેખિત પુરાવો નથી. એ વાત ખરી છે કે, ઓનેસ્ટ ટ્રેડીંગ કંપની પગાર ચિઠ્ઠી, હાજરી કાર્ડ, ઓળખપત્ર આપવામાં આવતો. મને પ્રવિણભાઈએ નોકરીમાં ના પાડેલી. છુટા કરવાનો કોઈ હુકમ આ કામમાં રજુ કરેલ નથી. આંક-૫ના માંગણા નિવેદનમાં મારી સહી છે. યુનીયન બનાવવાથી મને છુટા કરેલ આર.સી પટેલના યુનીયનમાં અમો એકત્રીસ શ્રમયોગીઓ જોડાયેલા. અમારી સર્વિસ દર પાંચ વર્ષે બ્રેક કરતા હતા. સર્વિસ બ્રેક કરવા અંગે ફેક્ટરી ઈન્સપેકટર, મદદનીશ મજૂર કમીશનર કે મજુર અધિકારીને કોઈ ફરીયાદ કરેલ નથી. નોકરી સમય દરમ્યાન કોઈ નોટીસ મે. ઓનેસ્ટ ટ્રેડીંગ કંપનીને આપેલ નથી. આંક-૧૩ ના માંગણા નિવેદનમાં મારી સહી છે. આંક-૧૩માં પણ સહી વાંચ્યા વગર કરેલ છે. યુનીયનવાળા કહેતા તમે સહી કરેલ છે. એ વાત ખરી નથી, કે ઓનેસ્ટ ટ્રેડીંગ કંપનીમાં મેં કોઈ નોકરી કરેલ નથી. એ વાત ખરી દર પાંચ વર્ષે મારી સર્વિસ બ્રેક કરતા તેવું મેં આંક-૫ અને ૧૩માં માંગણા નિવેદનમાં જણાવેલ નથી. હાલમાં હું ઘેર છું. હું જ્યારે નોકરી કરતો ત્યારે આવક થતી. ઘર ખર્ચ રૂા. ૧૫૦૦-૦૦ થી રૂા. ૨૦૦૦-૦૦ આવે તે વાત ખરી. હરીભાઈ પંચાલ, કિશોરભાઈ મિસ્ત્રી ફરજ બજાવતા હતા. નિશાની ૨૬/૧ સમાધાન કરાર છે. સમાધાન મુજબ દર માસે મને પગાર ચુકવવામાં આવતો તે વાત ખરી છે. પાકો આંક-૨૭ આપવામાં આવે. નિશાની ૨૬/૩ મને બતાવવામાં આવે છે. તેમાં અનુક્રમ નંબર ૪માં મારૂં નામ તથા સહી છે. નિશાની ૨૬/૬ માં જણાવેલ હકીકત મેં વાંચી છે, અને તે હું જણાવું છું કે, સાચી છે. અને તેમાં જે નામો તેમજ સહીઓ શ્રમયોગીઓએ દર્શાવેલ છે તે બરાબર છે પાકો આંક-૨૮ આપવામાં આવે, આંક-૨૮માં અમારૂં સામુહિક રાજીનામુ છે. રાજીનામુ આપ્યા પછી મેં કંપનીમાં કામ કરેલ છે. મારૂ રાજીનામુ શેઠે આજદિન સુધી સ્વીકારેલ નથી. મારૂં રાજીનામુ મંજુર કરતો પત્ર નિશાની ૨૬/૮ મને તે જ દિવસે મારા સરનામે મોકલી આપેલ તે વાત ખરી છે. નિશાની ૨૬/૮ પત્ર મને મળેલ છે જેનો પાકો આંક-૨૯ આપવામાં આવે છે. નિશાની ૨૬/૧૦ પત્રનું સરનામું બરાબર છે. નિશાની ૨૬/૧૨ વાળુ કવર લેવાની મેં ના પાડેલ તે વાત ખરી છે. જેનો પાકો આંક-૩૦ આપવામાં આવે છે. મારી સાથે કામ કરતા શ્રમયોગીઓ પૈકી મોટા ભાગના શ્રમયોગીઓ હિસાબ લઈને છુટા થયેલ છે. તે વાત ખરી છે. કેસ ફક્ત કંપની ઉપર કરેલો, આજે હિસાબ આપે તો હું લેવા તૈયાર નથી. બીજા પક્ષકારનો પુરાવો મૌખિક રીતે પુરો જાહેર કરેલ છે.

પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે પ્રવિણભાઈ ખંડુભાઈ મિસ્ત્રીએ સોગંદનામા ઉપર જુબાની આપેલ છે. જે આંક-૩૫ થી આ કામે રજુ થયેલ છે. જેની ટુંકી હકીકત એવી છે કે, બીજા પક્ષકાર શ્રમયોગી જશવંતલાલ રવજીભાઈને ઓળખું છું તેઓ તારીખ ૮મી ડીસેમ્બર, ૧૯૮૯થી ડીલર તરીકે નોકરી કરતા હતા. તેઓ છેલ્લે ફીટર તરીકે હોદો ધરાવતા હતા. બીજા પક્ષકાર શ્રમયોગી તથા કુ. અન્ય તમામ શ્રમયોગીઓને ઓળખપત્ર, હાજરીકાર્ડ, પગાર ચિઠ્ઠી આપવામાં આવતી હતી. આંક-૨૭ હેઠળના સમાધાન કરારમાં કું. ના વિણાબેન સહી છે. જે હું ઓળખું છું બીલીમોરા એન્જીનીયરીંગ

INDEX

ટેક્ષટાઈલ મશીનરી બનાવવામાં આવે છે. ટેક્ષટાઈલના ધંધામાં વધુ મંદી હતી. આથી કંપનીમાં મશીનના કોઈ ખાસ ઓર્ડર ન હતા. શ્રમયોગીઓ નોકરીના મોટાભાગનો સમય બેસીને પસાર કરવો પડતો તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના રોજ આંક-૩૪થી સ્વેચ્છાએ સામુહિક રાજીનામુ આપેલું. રાજીનામુ પાછુ ખેંચી લેવા સમજાવેલા પણ માનેલા નહિ. તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૫ના રોજ તમામ શ્રમયોગીની હાજરીમાં એમનું રાજીનામુ સ્વીકારવામાં આવે છે. એવું જણાવવામાં આવે છે. નીકળતો હિસાબ ઓફીસમાંથી લઈ જવા જણાવેલ નિશાની ની નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલી. આંક-૨૯થી રાજીનામુ મંજુર કરતો પત્ર બીજા પક્ષકારને મોકલવામાં આવેલ આંક-૩૦ રજીસ્ટર્ડ એ.ડી.ની સ્વીકૃતિ પહોંચ રજુ કરેલ છે. મોટા ભાગના શ્રમયોગીઓ નીકળતા નાણાં કંપનીમાં આંવી લઈ ગયેલ. તારીખ ૪થી ડીસેમ્બર, ૧૯૯૫ નારોજ હક્કના નાણાં લઈ જવા આંક-૨૬/૧૦ થી યુ.પી.સી. અને રજીસ્ટર્ડ એ.ડી.થી પત્ર મોકલેલ આજેપણ બીજા પક્ષકારને તેમની નોકરી અંગેના નીકળતા હક્કના નાણાં ચુકવી આપવા તૈયાર છે. બીજા પક્ષકારનું રાજીનામુ તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૫ના રોજ સ્વીકારેલ હોવાથી નોકરીમાંથી છુટા કર્યાની હકીકત ખરી નથી.

ઉલટ તપાસમાં સાહેદ સોગંદ ઉપર જણાવે છે કે, બીજા પક્ષકારને ઓળખું છું તારીખ ૧લી ડીસેમ્બર, ૧૯૯૫ નારોજ મેં બીજા પક્ષકારને છુટા કરેલ છે. હવે હું કહું છું કે તેઓને મેં છુટા કરેલ નથી. મેં જશવંતભાઈને કોઈ ચાર્જશીટ મેમો આપેલ નથી કે તેઓની ખાતાકીય તપાસ કરેલ નથી. એ વાત ખરી નથી કે યુનીયનમાં જોડાવાથી મેં બીજા પક્ષકારને છુટા કરેલ. એ વાત ખરી કે પ્રથમ પક્ષકાર નંબર ૧ અને ૨ના સરનામા એક જ છે. ઉલટ તપાસ પુરી જાહેર કરવામાં આવે છે.

આંક-૩૯ થી અરજદાર પ્રથમ પક્ષકાર નંબર ૧ તરફે એવી અરજ છે કે, રેફરન્સ કેસ એલસીએન નંબર ૧૦૫/૧૯૯૬ માં આંક-૬૦થી ધનંજય પદમાકાંત શાહને સાક્ષી તરીકે તપાસેલ છે. તેને હાલના રેફરન્સ કેસમાં સાક્ષી તરીકે ગણી લેવા અરજ છે. તે જોતાં આંક-૬૦થી ધનંજય પદમાકાંત શાહની સોગંદનામાની હકીકત જોતાં પ્રથમ પક્ષકાર નંબર ૧ ઓનેસ્ટ ટ્રેડીંગ કંપનીમાં સેલ્સ મેનેજર તરીકે બાર વર્ષથી નોકરી કરૂં છું કંપનીમાં ટેક્ષટાઈલ લુમ્સ બનાવતી એન્જીનયરીંગ કંપની છે. કંપનીને ફેક્ટરી એક્ટ, પી.એફ. એક્ટ, બોનસ ચુકવણી ધારો, લઘુત્તમ વેતન ધારો લાગુ પડે છે. તમામ મજુર કાયદાનું કંપની પાલન કરવામાં આવે છે. આ કેસના બીજા પક્ષકાર શ્રમયોગી પ્રથમ પક્ષકાર નંબર ૧ ઓનેસ્ટ ટ્રેડીંગ કંપનીમાં કદી નોકરી કરેલ ન હતી. પ્રથમ પક્ષકાર નંબર ૧ કંપનીને આ કેસમાં ખોટી રીતે પક્ષકાર તરીકે જોડેલ છે. બીજા પક્ષકાર શ્રમયોગીને કંપની ઓળખતી નથી. બીજા પક્ષકારે કંપનીમાં નોકરી કરેલ નથી. તેથી નોકરીમાંથી છુટા કરવાની તારીખ ૧લી ડીસેમ્બર, ૧૯૯૫ની હકીકત ખરી નથી. નોકરીમાં પુનઃસ્થાપિત થવાની તથા પડેલા દિવસોના પગાર જે માંગણી કરેલ છે તે મેળવવા કાયદેસર રીતે હક્કદર થતા નથી. ઉલટ તપાસમાં જણાવે છે કે, હું ભગુભાઈ રવજીભાઈને ઓળખતો નથી. નટવરભાઈ ડાહ્યાભાઈ, જશીબેન રવજી તથા ગજાનંદ

INDEX

ભગાભાઈને ઓળખતો નથી. શશીકાંત પટેલને હું ઓળખતો નથી. એ વાતની મને ખબર નથી કે આ પાંચ વ્યક્તિમાં ઓનેસ્ટ સેલ્સમાં કામ કરતી હતી એ વાત ખરી નથી કે ઓનેસ્ટ સેલ્સમાં એક્સ મેનેજર તરીકે કામ કરૂ છું. પ્રથમ પક્ષકાર ફેક્ટરી એક્ટના લાયસન્સમાં મેનેજર તરીકે કોને દર્શાવેલ છે તે મને ખબર નથી. મારી પાસે કોઈને કામે રાખવાની કે છુટા કરવાની સત્તા નથી. રેફરેન્સ (એલસીએન) ૧૦૬/૯૬ માં આંક-૧૭/૧ બતાવવામાં આવે છે. તેમાં કોની સહી છે. તેની મને ખબર નથી. રેફરન્સ (એલસીએન) ૧૦૭/૯૬ પત્ર મને મળેલ નથી જેની સહી હું જાણતો નથી. ઓનેસ્ટ ટ્રેડીંગના માલિક તરીકે ખંડુભાઈ મકનજી તથા નરેશભાઈ ખંડુભાઈ મિસ્ત્રીએ બીલીમોરા એન્જીનીયરીંગ તથા વી. દીપાલીના માલિક એકજ કુટુંબના છે તે હું જાણતો નથી. એ વાત ખરી નથી કે બીજા પક્ષકાર શ્રમયોગીઓએ યુનીયન શરૂ કર્યું તેથી ઓનેસ્ટ ટ્રેડીંગ કંપનીએ તેમને છુટા કરેલ છે. આંક-૬૨થી પ્રથમ પક્ષકાર નંબર ૧ના એડવોકેટે તમામ કેસો એક સરખા છે તે સંજોગોમાં સાક્ષીની જુબાની કોન્સોલેટ કરવા વિનંતી કરેલ છે. તે મંજુર કરેલ છે. આંક-૩૮થી પ્રથમ પક્ષકાર કંપની તરફે વધુ કોઈ સાક્ષી પુરાવા તપાસવા માંગતા નથી. તેવું પુરસીસથી જાહેર કરેલ છે.

ત્યારબાદ આ કામ બંને પક્ષકારોની દલીલ પર રાખવામાં આવતાં બીજા પક્ષકાર શ્રમયોગી તરફે દલીલ માટે તક આપેલ પરંતુ દલીલ કરેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે અશોકભાઈ ઈટવાળાએ મૌખિક દલીલ કરતા જણાવે છે કે, આ કામે શ્રમયોગીએ રાજીનામુ આપેલુ છે. રાજીનામુ મંજુર કરતો પત્ર પણ શ્રમયોગીને આંક-૨૯થી મોકલેલ હિસાબ લઈ જવાનો પત્ર પણ શ્રમયોગીને આંક-૩૦થી મોકલેલ છે જે શ્રમયોગીએ સ્વીકારેલ નથી. શ્રમયોગીની આંક-૧૧ની સોગંદ ઉપરની જુબાનીમાં પણ માંગણાની નિવેદનની હકીકત પુરવાર થતી નથી. અને રેફરન્સમાં માંગેલ દાદ પુરવાર થતી નથી. યુનીયનમાં જોડાવા કોરા કાગળ પર સહી કરાવી છુટા કર્યાની હકીકત ખરી નથી. શ્રમયોગીએ રજુ કરેલ માંગણાનું નિવેદન આંક-૫ અને આંક-૧૩માં જણાવેલ હકીકત આંક-૨૧ની સોગંદ ઉપરની જુબાનીમાં પુરવાર થતી નથી. તેથી બીજા પક્ષકારના રેફરન્સ રદ કરવો જોઈએ. દલીલના સમર્થનમાં નામદાર સુપ્રિમ કોર્ટનો ૧૯૯૮ એલ.એલ.આર. ૯૩૩ના ચુકાદામાં રાજીનામુ સ્વીકાર્યા પછી માલિક; શ્રમયોગીના સંબંધોનો અંત આવે છે તેથી સળંગ નોકરી ગણી શકાય નહિ. અને રેફરન્સ રદ કરવો જોઈએ.

આ કેસનું રેકર્ડ રજુ થયેલ દસ્તાવેજો તથા પ્રથમ પક્ષકારની દલીલો ધ્યાનમાં લેતા મારા નિર્ણય માટે નીચેના મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું બીજા પક્ષકાર શ્રમયોગી પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરીમાં પુનઃસ્થાપિત થવા હક્કદાર બને છે ? તેવું પુરવાર કરી શકે છે.

(૨) પડેલા દિવસો પગાર મેળવવા હક્કદાર બને છે તેમ પુરવાર કરી શકે છે.

ઉપરોક્ત મુદ્દાઓનો મારો ન્યાય નિર્ણય નીચે મુજબ છે.

INDEX

(૧) નકારમાં.

(૨) નકારમાં.

આ કામમાં બીજા પક્ષકાર શ્રમયોગી આંક-૫ અને આંક-૧૩થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ આંક-૨૪થી લેખિત જવાબ બીલીમોરા એન્જીનીયરીંગ કું. પ્રા. લી., પક્ષકાર તરીકે રજુ કરેલ છે. શ્રમયોગીએ પહેલાં ઓનેસ્ટ ટ્રેડીંગ પ્રા. લી., અને ત્યારબાદ આંક-૯થી બીલીમોરા એન્જીનીયરીંગ પ્રા. લી.,ને પક્ષકાર તરીકે દાખલ કરેલ છે. આંક-૧૩ના માંગણાના નિવેદનમાં ટર્નર ફિટર તરીકે પંદર વર્ષથી રોજના રૂા. ૬૨ના પગારથી નોકરી કરતા હતા. નોકરીના હક્કો માંગતા સામાવાળા યુનીયનમાં જોડાવાની ચર્ચા ચાલતી હતી ત્યારે યુનીયનમાંથી છુટા થવાની દબાણ કરી કોરા કાગળ ઉપર સહી લીધા બાદ તારીખ ૧લી ડીસેમ્બર ૧૯૯૫થી છુટા કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે એવી તકરાર લીધેલ છે કે, શ્રમયોગીઓનો વખતોવખત આઈ.ડી એક્ટની કલમ-૨(પી) હેઠળ સમાધાન કરાર કરી લાભો આપવામાં આવતા હતા. ટેક્ષટાઈલ ધંધામાં મંદી હોવાથી બીજા પક્ષકાર શ્રમયોગી તથા અન્ય શ્રમયોગીઓ સ્વેચ્છાએ પોતાનું રાજીનામુ આપેલ. જે રાજીનામુ સ્વીકારીને તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૫ના રોજ નોટીસ બોર્ડ ઉપર મુકી શ્રમયોગીને પોતાનો નીકળતો હિસાબ લઈ જવા તારીખ ૪થી ડીસેમ્બર, ૧૯૯૫ના રોજ પત્ર લખેલ. શ્રમયોગીને છુટા કરેલ નથી. પરંતુ રાજીનામુ આપી છુટા થયેલ હોય શ્રમયોગી દાદ મેળવવા હક્કદાર નથી. આંક-૨૧ની શ્રમયોગીની જુબાની જોઈએ તો બીલીમોરા એન્જીનીયરીંગમાં ત્રણ વર્ષથી ફરજ બજાવતો હતો. ટર્નર તરીકે રોજના રૂા. ૬૧-૬૫ પેસા પગાર મળતો. મને તારીખ ૧લી ડીસેમ્બર, ૧૯૯૫ના રોજ છુટો કરવામાં આવેલ. યુનીયનમાં જોડાયેલો એટલે છુટા કરેલ, ઉલટ તપાસમાં જણાવે છે કે, આંક-૧૩ના માંગણાના નિવેદનમાં મારી સહી છે. મેં વાચ્યાં વગર સહી કરેલ. એ વાત ખરી છે કે, સમાધાન મુજબ દર માસે મને પગાર ચુકવવામાં આવતો હતો. નિશાની ૨૬/૬ મને બતાવવામાં આવે છે. અનુક્રમ નંબર ૪માં મારૂનામ અને સહી છે. નિશાની ૨૬/૬માં જણાવેલ હકીકત મેં વાચી છે અને તે હું જણાવું છું. તે સાચી છે તેનો પાકો આંક-૨૮ આપવામાં આવે છે. આંક-૨૮ અમારૂં સામુહિક રાજીનામુ છે. મારૂં રાજીનામુ મંજુર કરતો નિશાની ૨૬/૮ નો પત્ર એજ દિવસે મારા સરનામે મોકલી આપવામાં આવેલ તે વાત ખરી. નિશાની ૨૬/૮ નો પત્ર મને મળેલ. જેનો પાકો આંક-૨૯ આપવામાં આવે છે. આમ શ્રમયોગીના માંગણાના નિવેદનમાં જણાવેલ હકીકત રાજીનામુ આપેલ છે. રાજીનામુ સ્વીકાર્યનો પત્ર પણ શ્રમયોગીને મળેલ છે. તે જોતાં શ્રમયોગીને તારીખ ૧લી ડીસેમ્બર, ૧૯૯૫થી કોરા કાગળ ઉપર સહી કરાવી બીજા પક્ષકારે શ્રમયોગીને નોકરીમાંથી છુટા કર્યાની હકીકત શ્રમયોગી પુરવાર કરી શક્યા નથી. કલમ-૨(ઓ.ઓ.) મુજબ છટણીમાં સમાવેશ થતો નથી. અને તેથી આઈ.ડી. એક્ટની કલમ-૨૫ (F)ની જોગવાઈ લાગુ પડતી નથી.

બીજા પક્ષકારના શ્રમયોગીનો કેસ રાજીનામાનો હોય રેફરન્સ ટકવાપાત્ર નથી. આ કામે

INDEX

નામદાર સુપ્રિમ કોર્ટનો પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે ૧૯૯૮ એલ. એલ. આર. ના કંપની હકીકત જોતાં રાજીનામું સ્વીકાર્યા બાદ માલિક,શ્રમયોગીના સંબંધનો અંત આવે છે. અને સળંગ નોકરી ગણાય નહિ. તે કેસની હકીકત આ રેફરન્સ કેસ સાથે સુસંગત હોય તેનો લાભ પ્રથમ પક્ષકાર સંસ્થાને મળવાપાત્ર છે. બીજા એક કેસમાં સિવીલ અપીલ નં. ૯૬ અને ૧૪૮ / ૧૯૫૯ બ્રિટીશ ઈન્ડીયા કોર્પોરેશન લિ. માં સ્વૈચ્છિક રાજીનામુને ડીસચાર્જ અને ડીસમીસ ગણી શકાય નહિ. અને ઈન્કવાયરી અને નોટીસને પ્રશ્ન ઉપસ્થિત થાય નહિ. અને શ્રમયોગી નોકરીની ટર્મીનેશનની દાદ માંગી શકે નહિ. તે કેસની હકીકત જોતાં શ્રમયોગી સ્વૈચ્છિક રાજીનામું આપેલું હોય રેફરન્સ ટકવાપાત્ર નથી અને નોકરીમાં પુનઃ સ્થાપિત થવાની દાદ કાયદામાં ટકી શકે તેમ ન હોય રેફરન્સ રદ કરવામાં આવે છે. પડેલા દિવસો અંગે શ્રમયોગીનો રેફરન્સ ઉપરોક્ત કારણો જોતાં ટકવાપાત્ર ન હોય કોઈ હુકમ કરવામાં આવતો નથી. પ્રથમ પક્ષકાર કંપની પોતાના આંક-૨૪ના લેખિત જવાબમાં જણાવે છે કે, બીજા પક્ષકાર શ્રમયોગીને તેમનો નીકળતો હિસાબ લઈ જવા તા. ૪-૧૨-૯૫ના રોજ રજીસ્ટર્ડ એ. ડી. થી પત્ર લખેલ. ઉલટ તપાસમાં પણ આંક-૨૫ માં શ્રમયોગી સ્વીકારે છે કે, અમોએ રાજીનામું આપ્યા બાદ શ્રમયોગીઓ પૈકી પાંચ શ્રમયોગીઓ સિવાયના શ્રમયોગીઓએ કંપની સાથે હિસાબ પતાવી લીધેલ અને આંક-૩૩થી શ્રમયોગીને હિસાબ લેવા કંપનીએ જાણ કરેલ છે. તે જોતાં શ્રમયોગીના રાજીનામું ત્યારે મળવાપાત્ર હક્ક શ્રમયોગીએ સ્વીકારેલ નથી. જે કંપની પોતાના જવાબમાં ચુકવવા તૈયાર છે. તો તે રકમ મળવાપાત્ર છે તેવું ઠરાવવામાં આવે છે. ઉપરોક્ત ચર્ચાના કારણો જોતાં આ કામમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારનો રેફરન્સ રદ કરવામાં આવે છે. વધુમાં શ્રમયોગીના રાજીનામાં સમયે મળવાપાત્ર હક્કના લેણા આ એવોર્ડ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં પ્રથમ પક્ષકાર નં. ૨ બિલીમોરા એન્જીનીયરીંગે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

નવસારી, તારીખ ૧૫મી જુન ૨૦૦૫.

સહી (અવાચ્ય),
પ્રિસાઈડીંગ ઓફીસર,
મુજર અદાલત,
નવસારી.

નવસારી, તારીખ ૨૪મી જુન, ૨૦૦૫.

સહી (અવાચ્ય),
ઈ/ચા. મદદનીશ શ્રમ આયુક્ત,
નવસારી.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

જાહેરનામું

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક મ.શ્ર.આ/નવ./૧૭૨૭/૦૫/આઇ/ડી/એ/એવોર્ડ એલ.સી.એમ.૧૦૮/૯૬.-ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૭ અનુસાર શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૨મી માર્ચ, ૧૯૯૩ના જાહેરનામાં ક્રમાંક/કે/એચ/આર/૦૩/૨૬ આઇ.ડી.એ. ૨૦૦૦-૫૧૦૪-મ(૪) અન્વયે મદદનીશ મજુર કમિશનરશ્રી આથી તારીખ ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૬ના અત્રેની કચેરીના હુકમ ક્રમાંક/કે.એચ.એસ./એચ.એમ.સી./૪૧૩૫ હેઠળ ન્યાય નિર્ણય માટે લખી મોકલેલી ઓનેસ્ટ ટ્રેડીંગ કું. પ્રા. લી., બીલીમોરા અને તે હેઠળ કામે રાખેલ શ્રમયગીઓ વચ્ચેની ઔદ્યોગિક તકરાર અંગેનો મજુર અદાલતનો ચુકાદો જે આ સાથે સામેલ કરેલ છે. તે પ્રસિધ્ધ કરે છે.

આંક - ૪૫

મહે. નવસારીની નામદાર મજુર અદાલતના પ્રિસાઇડીંગ ઓફીસર સમક્ષ
રેફરન્સ (એલ.સી.એન.) નં. ૧૦૮/૧૯૯૬.

(૧) ઓનેસ્ટ ટ્રેડીંગ કું. પ્રા. લિ., — પ્રથમ પક્ષકાર
ગોહરબાગ, મહાદેવનગર,
બીલીમોરા, જિ. નવસારી.

(૨) વી. દીપાલી ઇન્ડસ્ટ્રીઝ,
પો. બો. નં. ૪૩, મહાદેવનગર,
બીલીમોરા, જિ. નવસારી.

વિરૂદ્ધ

ગમનભાઇ ભગાભાઇ પટેલ, — બીજા પક્ષકાર
C/o.ગુજરાત રાજ્યશ્રમયોગી સભા, સોલધરા.
હાજર રહ્યા પ્રથમ પક્ષકાર તરફે અશોકભાઇ ઇંટવાળા, એડવોકેટ

બીજા પક્ષકાર તરફે આર. સી. પટેલ,
C/o.ગુજરાત રાજ્યશ્રમયોગી સભા, સોલધરા.

INDEX

એવોર્ડ

ઉપરોક્ત બંને પક્ષકારો વચ્ચેના ઔદ્યોગિક વિવાદ અને તેના નિરાકરણ માટે આઈ. ડી. એક્ટની કલમ-૧૦(૧)સી નીચે મદદનીશ શ્રમ આયુક્તશ્રી, વલસાડે તેમના હુકમ ક્રમાંક કે. એચ.એસ.એચ. એમ.સી./૪૧૩૫/૫.૫ આઈ.ડી.આર. એજે./૧૦૭૨-૪૬૧૮(૩) તારીખ ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૬થી મજુર અદાલતને ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરેલ છે.

અદાલતે બંને પક્ષકારોને આંક-૨ અને આંક-૩થી નોટીસ કાઢેલ તે બજી ગયેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા નં. ૧ તરફે તથા પ્રથમ પક્ષકાર સંસ્થા નં. ૨ વી. દીપાલી તરફે આંક-૬ અને આંક-૧૪થી અશોકભાઈ એન. ઈંટવાલાનું વકીલાતનામું રજુ થયેલ છે. બીજા પક્ષકારશ્રમયોગી તરફે આંક-૧૮ અને આંક-૩૩થી અધિકાર પત્ર રજુ થયેલ છે.

આ કામના બીજા પક્ષકારશ્રમયોગી તરફે આંક-૫ અને આંક-૧૨થી માંગણાનું નિવેદન રજુ થયેલ છે. બીજા પક્ષકારશ્રમયોગીના માંગણાના નિવેદનની ટુંકી હકીકત એવી છે કે, તેઓ સામાવાળી કંપનીમાં ફીટર તરીકે કાયમીશ્રમયોગી તરીકે રોજના રૂા. ૪૫-૦૦ના પગારથી પાંચ વર્ષથી ખંત અને વફાદારીથી ફરજ બજાવતા હતા. સામાવાળા એન્જિનીયરીંગનો વ્યવસાય ચલાવી રહેલ, સારો નફો કમાતો વ્યવસાય હતો. શ્રમયોગીને ઓછી ચુકવણી કરતાં. અમો અરજદારોનું શોષણ કરવામાં આવતુ. નાકરીના હક્કો બાબતે રજુઆત કરતા અમો અરજદાર સામે કિન્નાખોરી રાખી નાકરીમાંથી છુટા થઈ જવાની પેરવી સામાવાળા કરતાં હતા. અમો અરજદાર સાથીશ્રમયોગી યુનિયનમાં જોડાવા બાબતે વિચારણા કરતાં હતાં. ત્યારે સામાવાળા એ કિન્નાખોરી રાખી યુનીયનમાંથી છુટા થવા કેટલાક કોરા કાગળ ઉપર સહી લીધેલ અને તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરી દીધેલ છે. જે સામાવાળાનું કૃત્ય અને અન્યાય અને ગેરકાયદેસર છે. અરજદારને સામાવાળાએ કોઈ ગુન્હા સંબંધી ચાર્જશીટ કે નોટીસ કે તપાસ કાર્યવાહી કરેલ નથી. લાગુ પડતા સ્થાયી હુકમો અને મજુર કાયદાનો ભંગ કરેલ છે. સામાવાળાની ફરજપર વારંવાર હાજર થતાં નોકરીમાંથી લીધેલ નથી. નોકરીમાંથી છુટા થયા પછી બીજે કામ મેળવવા પ્રયત્ન કરેલ, કામ મળેલ નથી. અમો અરજદારને સામાવાળાએ તારીખ૧લી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવી સળંગ નોકરી સાથે પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા લાભો સહિત મુળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત થવાની દાદ માંગેલ છે.

પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે માંગણાના નિવેદન વિરૂધ્ધ લેખિત બચાવનામું આંક-૭ અને આંક-૧૫થી રજુ કરેલ છે. જેની ટુંકી હકીકત એવી છે કે, માંગણાંના નિવેદનની હકીકત ખરી નથી. કાયદેસર નથી અને કબુલ મંજુર નથી. હાલનો રેફરન્સ કરવાનો કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી. મજુર અદાલતને રેફરન્સ અંગેની હકુમતથી પ્રથમ પક્ષકાર નં. ૨ને પક્ષકાર તરીકે દાખલ કરતી

INDEX

વખતે રજુઆત કરવાની તક મળેલ નથી. જેથી રેફરન્સ રદ થવાને પાત્ર છે. માંગણા નિવેદનની એ હકીકત ખરી નથી. કે તે ફીટર તરીકે છેલ્લા પાંચ વર્ષથી રોજના રૂા. ૪૫-૦૦ લેખે કાયમીશ્રમયોગી હતા. એ હકીકત કબુલ મંજુર નથી. નોકરીના હક્કો બાબતે સામાવાળાએ માંગણી કરતા અરજદાર પર કિન્નાખોરી રાખી નોકરીમાંથી છુટા કરી દેવાની સામાવાળા પેરવી કરતા હતા. યુનીયનમાં જોડાવાની ચર્ચા વિચારણા દરમ્યાન યુનીયનમાંથી છુટા થવા ઉપર કોરા કાગળ ઉપર સહી લઇ તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫થી નોકરીમાંથી છુટા કરવાની માંગણાના નિવેદન પેરા-૪ની હકીકત ખોટી અને અદાલતને ગેરમાર્ગે દોરનાર હોય કબુલ મંજુર નથી.

સામાવાળાના કહેવા મુજબ ખરી હકીકત એવી છે કે, મંદીના કારણે કંપનીની આર્થિક પરિસ્થિતિ નબળી હતી તેથી શ્રમયોગીઓ સ્વેચ્છાએ રાજીનામુ સ્વીકારીનેશ્રમયોગીના નીકળતા કાયદેસરના હક્કો ચુકવણી કરી દેવામાં આવે ઔદ્યોગિક મંદીના કારણે કામના ઓર્ડર ન મળતાં. તા. ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૬ના રોજથી કંપની બંધ કરી દેવામાં આવી. બીજા પક્ષકારશ્રમયોગીના બાકી નીકળતા હક્કના નાણાં ચુકવી આપવા ખુશી છે. ગુજરાત ફેકટરી રૂલ્સ-૧૯૬૩ના નિયમ-૧૧૩ મુજબના ફોર્મથી સીનીયર ફેકટરી ઈન્સ્પેકટરને કંપની બંધ કરવાની જાણ કરેલી તેથી બીજા પક્ષકારને નોકરીમાં પુનઃ સ્થાપિત કરવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. બીજા પક્ષકારને ફીટર તરીકે રૂા. ૪૫-૮૦ પૈસા પ્રમાણે પૈસા ચુકવવામાં આવતા. તે સંજોગોમાં માંગણાના નિવેદનની હકીકત ખરી નથી. સમાધાન કરાર મુજબ કાયદેસરના હક્કો આપવામાં આવતા સંસ્થાને લાગુ પડતા સ્થાયી હુકમ અને મજુર કાયદાનું પાલન કરેલ છે. બીજા પક્ષકારને કંપનીએ કહેવાતા યુનીયનમાંથી છુટા કરવા કોઇ દબાણ કરેલ નહિ. અને કોરા કાગળ ઉપર સહી લીધેલ નથી. કંપની બંધ થઇ હોવાથીશ્રમયોગીને છુટા કરેલ હોય પ્રથમ પક્ષકાર નં. ૨નેશ્રમયોગીને નોકરીમાં હાજર કરવાનો કોઇ પ્રશ્ન નથી. બીજા પક્ષકાર શ્રમયોગીએ પ્રથમ પક્ષકાર નં. ૨ને પક્ષકાર તરીકે ત્રણ વર્ષ પછી દાખલ કરેલ છે તે જોતાં માંગણાના નિવેદનની હકીકતો ઉપજાવી કાઢેલ અને ખોટી હોય રેફરન્સ રદ થવાને પાત્ર છે. બીજા પક્ષકાર શ્રમયોગી નોકરીમાંથી છુટા થઇ ગયા પછી અન્ય જગ્યાએ નોકરીમાં લાગી ગયેલ છે ને વધુ સારી કમાણી કરે છે. આથી આ રેફરન્સમાં માંગેલ કોઇપણ દાદ મળવાપાત્ર નથી. આ રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

બીજા પક્ષકાર શ્રમયોગીના પુરાવા પર આવતા દસ્તાવેજી પુરાવા તરીકે આંક-૧૯ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલ છે. જેમાં પ્રથમ પક્ષકાર સંસ્થામાં શ્રમયોગીઓ જોડાવા યુનીયનને લખેલ પત્ર આંક-૨૯ અને આંક-૩૦ શ્રમયોગી યુનીયને માલિકને લખેલ પત્ર માલિકને મળ્યાની સ્વીકૃતિ પહોંચ આંક-૩૧, આંક-૨૧ના લીસ્ટથી બીજા પક્ષકાર તરફે શ્રમયોગીનો ઓળખ કાર્ડ, હાજરી કાર્ડ અને પગાર ચિઠ્ઠી રજુ થયેલ છે.

પ્રથમ પક્ષકાર નં. ૧ તરફે આંક-૨૨ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલ છે. તેમાં સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર મુકેલ છટણી સંબંધી નોટીસ શ્રમયોગીને રજીસ્ટર્ડ એ. ડી. થી છટણી કરવા

INDEX

અંગેની નોટીસ અન્ડર પોસ્ટલ સર્ટિફિકેટથી શ્રમયોગીઓને મોકલેલ નોટીસ સરકારી મજુર અધિકારી તથા મદદનીશ મજુર અધિકારીને સંસ્થાએ લખેલ પત્ર કારખાનાના સીનીયર નિરીક્ષકને લખેલ પત્ર ૨(પી)નું સમાધાનની નકલ શ્રમ રોજગાર સચિવને લખેલ પત્ર આ કામે રજુ થયેલ છે. આંક-૩૮ના લીસ્ટથી પ્રથમ પક્ષકાર નં. ૨ તરફે દસ્તાવેજો રજુ કરેલ છે. જેમાં ભાગીદાર કરારની ખરી નકલ બાબુભાઇ રણછોડભાઇએ આપેલ રાજીનામુ હક્કના નાણાંની રસીદ ભાણાભાઇ છોટુભાઇએ આપેલ રાજીનામુ રજુ કરેલ છે.

બીજા પક્ષકાર શ્રમયોગી ગજાનંદ ભગાભાઇ પટેલે આંક-૨૩થી સોગંદ ઉપર જુબાની આપેલ છે. જેમાં હું વી. દીપાલી કંપનીમાં ચાર વર્ષથી ફીટર તરીકે રૂા. ૪૫-૦૦ના રોજથી નોકરી કરતો હતા. અને કામના પ્રમાણમાં ઓછો પગાર આપતા કંપની પાસે આ બાબતે માંગણી કરેલ મને શેઠશ્રી પ્રવિણભાઇએ જે પગાર મળે તે બરાબર છે. તેમ જણાવેલ ત્યારબાદ યુનીયન આર. સી. પટેલમાં જોડાયેલો આ વાતની શેઠને જાણ થતાં મને ધમકી આપીને તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫થી છુટો કરેલ. મારી સામે કોઇ ખાતાકીય તપાસ કરેલ નહિ. મને કોઇ નોટીસ કે વળતર આપેલ નહિ. મારી પાસે કોરા કાગળમાં શેઠે કોઇ સહી કરાવેલ નહિ. હાલમાં હું બેકાર છું. કામ શોધવા છતાં મળતું નથી. માગણાં નિવેદનમાં મારી સહી છે. તેમાં લખેલી હકીકતો ખરી છે. નિશાની ૨૧/૧નું ઓળખપત્ર કંપનીએ આપેલ, આંક-૨૪ આપવામાં આવેલ છે. એમાં લખેલ દાખલ તારીખ ખોટી છે. ૧૯૯૮માં નોકરીમાં જોડાયેલો, નિશાની ૨૧/૨ હાજરી કાર્ડ છે. જેનો પાકો આંક-૨૫ આપવામાં આવેલ છે. મને નિશાની ૧૯/૧ બતાવવામાં આવે છે. તે પત્રમાં અનુક્રમ નંબર-૨ પર મારી સહી છે. આંક-૨૯ આપવામાં આવેલ છે. નિશાની ૧૯/૨ યુનીયનના આર. સી. પટેલની સહી છે. એનો આંક-૩૦ આપવામાં આવે છે. ઉલટ તપાસમાં સોગંદ ઉપર શ્રમયોગી યુનીયનમાં જણાવે છે કે, વી. દીપાલી ઇન્ડસ્ટ્રીઝમાં કામ કરતો લેખિત પુરાવો મારી પાસે નથી. એ વાત ખરી કે ઓનેસ્ટ ટ્રેડીંગ કંપનીમાં કોઇ નોકરી કરી નથી. ઓછા પગાર બાબતે મેં પ્રવિણભાઇને મૌખિક ફરીયાદ કરેલી એ ક્યારે કરેલી તેની મને ખબર નથી. એ વાત ખરી, મને નોકરી દરમ્યાન મુળ પગાર મોંઘવારી ભથ્થુ, ઘરભાડા ભથ્થુ, બોનસ તથા પ્રોવિડન્ડ ફંડના લાભ મળતા હતા. શશીભાઇ ભીખુભાઇ તથા ધર્મેશભાઇ મારી સાથે નોકરી કરતા હતા. એ વાત ખરી. નિશાની ૨૨/૯ મુજબના કરારના લાભો મને મળતા હતા. નિશાની ૨૨/૧ સંસ્થાએ નોટીસ બોર્ડ ઉપરની નોટીસ મેં જોઇ નથી. એ વાત ખરી કે વાણિયા ફળિયા ઉડાસ મારા ઘરનું સરનામું છે. નિશાની ૨૨/૨ની નોટીસ મને મળેલ નહિ. તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૫ના રોજ મેં છેલ્લે નોકરી કરેલી. વી. દીપાલી તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૬ના રોજ બંધ થઇ ગયેલ છે, કે કેમ? તેની મને ખબર નથી. તારીખ ૨૦મી નવેમ્બર, ૧૯૯૫ બાદ હું વી. દીપાલીમાં નોકરી માંગવા ગયેલ નહિ. શેઠેના પાડ્યાની કોઇ નોટીસ કંપનીએ આપેલ નહિ. હું તથા શશી ભીખુનો કેસ કંપની સામે ચાલે છે. વી. દીપાલીમાં ૧૫ થી ૨૦ શ્રમયોગીઓ નોકરી કરતા હતા. તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ છુટા કર્યાનો મારી પાસે કોઇ પુરાવો નથી. હાલમાં હું કોઇ જગ્યાએ કામ કરતો નથી. નોકરી શોધવા પ્રયત્ન કરેલ. લેખિત અરજી કરેલ નથી. આંક-૨૭થી વધુ કોઇ પુરાવો આ

INDEX

કામમાં રજુ કરવા નથી. તેવું શ્રમયોગી જાહેરમાં કહેલ છે.

પ્રથમ પક્ષકાર તરફે પ્રવિણભાઇ ખંડુભાઇ મિસ્ત્રીએ આંક-૩૪થી પોતાનું સોગંદનામુ રજુ કરેલ છે, જેની ટુંકી હકીકત એવી છે કે, હું વી. દીપાલી ઇન્ડસ્ટ્રીઝનો ભાગીદાર છું. વી. દીપાલી ઇન્ડસ્ટ્રીઝ ઔદ્યોગિક મંદીના કારણે તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૬થી કોઇ પ્રવૃતિ ચાલતી નથી. તારીખ ૨૩મી ઓકટોબર, ૧૯૯૬ના રોજ નિશાની ૨૨/૭ના પત્રથી સીનીયર ફેકટરી ઇન્સ્પેકટરને જાણ કરેલ. જેમાં મારી સહી છે. ફેકટરી બંધ કરવાની જાણ કરતા રુલ્સ ૧૧૩ મુજબનું ફોર્મ ભરી આપેલ. જે નિશાની ૨૨/૭થી રજુ કરેલ છે. જેમાં મારી સહી છે. બીજા પક્ષકારને હું ઓળખુ છું. ફીટર તરીકે સંસ્થામાં કામ કરતા હતા. પ્રથમ પક્ષકાર નં. ૨માં કામ કરતા તમામ શ્રમયોગીઓને ઓળખપત્ર, હાજરી કાર્ડ અને બોનસનો લાભ આપવામાં આવતો હતો. સમાધાન કરાર મુજબના શ્રમયોગીઓને તમામ લાભો આપવામાં આવતા હતા. નિશાની ૨૨/૯ હેઠળના સમાધાન કરારના ભાગીદાર તરીકે મારી સહી છે. બીજા પક્ષકાર સમાધાન કરાર થયો ત્યારે સંસ્થાની નોકરીમાં ન હતા. વી. દીપાલી ઇન્ડસ્ટ્રીઝ ટેક્ષટાઇલ મશીનરીના સ્પેરપાર્ટ જોબ વર્કથી બનાવતી હતી. ટેક્ષટાઇલના ધંધામાં મંદી હતી. જોબ વર્કના કોઇ ખાસ ઓર્ડર ન હતા. શ્રમયોગીઓને પોતાની નોકરીના મોટો ભાગ બેસી રહીને પસાર કરવો પડતો, સ્વૈચ્છિક રાજીનામું શ્રમયોગીઓએ આપેલ. જે કંપનીએ સ્વીકારેલ, બાકી રહેલ પાંચ શ્રમયોગીઓ લાસ્ટ કમ ફસ્ટ ગો મુજબ બીજા પક્ષકાર ગજાનંદભાઇ ભગુભાઇ તથા અન્ય ચાર શ્રમયોગીઓને છટણી અંગેની નિશાની ૨૨/૧ની નોટીસમાં નરેશભાઇની સહી હું ઓળખી બતાવુ છું. નિશાની ૨૨/૨ વાળી નોટીસ બીજા પક્ષકારના ઘરના સરનામે મોકલેલ. બીજા પક્ષકાર લેવા ના પાડે છે. ના શેરા સાથે પરત આવેલ. જે નિશાની ૨૨/૪ની રજીસ્ટર્ડ એ.ડી.નું કવર છે. સંસ્થા બંધ થવાની જાણ કારખાનાના સીનીયર નિરીક્ષકની કચેરી વલસાડને ગુજરાત ફેકટરી રુલ્સ-૧૧૩ના ફોર્મ નિશાની ૨૨/૮થી નિશાની ૨૨/૭ના પત્રથી કરેલી. જેમાં બંનેમાં ભાગીદાર તરીકે મારી સહી છે. જે હું ઓળખી બતાવું છું. બીજા પક્ષકાર સિવાયના તમામશ્રમયોગી બાકી નીકળતો હિસાબ લઇ ગયેલ છે. બીજા પક્ષકારને કાયદેસરના નીકળતા નાણાં ચુકવી આપવા તૈયાર છે. તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૬ના રોજ ઔદ્યોગિક મંદીના કારણે સંસ્થામાં કોઇ પ્રવૃતિ ચાલતી ન હોય, નોકરીમાં પુનઃ સ્થાપિત થવા હકકદાર નથી. ઉલટ તપાસમાં સાક્ષી જણાવે છે કે, બીજા પક્ષકારને ઓળખુ છું. ૧૯૯૪ દરમ્યાન દાખલ થયેલ તેમા સંસ્થામાં ચાર વર્ષ કામ કરેલ છે. ફીટર તરીકે દૈનિક પગાર રૂા. ૪૫-૦૦ હતો. સંસ્થામાં નરેશભાઇ મારા ભાગીદાર હતા. બીજા પક્ષકાર કે અન્યએ યુનીયન કરેલ છે કે કેમ ? તે હું જાણતો નથી. એ વાત ખરી નથી કે બીજા પક્ષકારને તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫થી છુટા કરેલ છે. આ કામમાં પ્રથમ પક્ષકાર તરફે સાક્ષી તરીકે ધનંજય પદમાકાંત શાહે સોગંદનામા દ્વારા જુબાની આપતા જણાવે છે કે, પ્રથમ પક્ષકાર નં. ૧ ઓનેસ્ટ ટ્રેડીંગમાં સેલ્સ મેનેજર તરીકે ૧૨ વર્ષથી નોકરી કરતો હતો. ટેક્ષટાઇલ લુમ્સ બનાવતી એન્જીનીયરીંગ કંપની છે. આ કેસના બીજા પક્ષકાર ઓનેસ્ટ ટ્રેડીંગ કંપનીમાં કદી નોકરી કરી ન હતી. બીજા પક્ષકાર શ્રમયોગી અને કંપની વચ્ચે માલિક શ્રમયોગીનો સંબંધ અસ્તિત્વ ધરાવતો ન હતો. પ્રથમ પક્ષકાર નં. ૧ને આ કેસમાં ખોટી

INDEX

રીતે જોડેલ છે. ઉલટ તપાસમાં હું ભગુભાઈ રવજીભાઈને ઓળખતો નથી. નટવરભાઈ ડાહ્યાભાઈ, જશુબેન રવજી તથા ગજાનંદભાઈ ભગાભાઈને ઓળખતો નથી. એ વાતની મને ખબર નથી કે આ પાંચ વ્યક્તિઓ ઓનેસ્ટ સેલ્સમાં કામ કરતી હતી. પ્રથમ પક્ષકાર કંપનીના લાયસન્સમાં મેનેજર તરીકે કોને દર્શાવેલ છે. તેની મને ખબર નથી. બીલીમોરા એન્જીનીયરીંગ તથા વી. દીપાલીના માલિકો એક જ કુટુંબના છે કે કેમ ? તે હું જાણતો નથી, એ વાત ખરી નથી કે બીજા પક્ષકાર શ્રમયોગીએ યુનીયન શરૂ કરેલ. એટલા માટે છુટા કરેલ આંક-૪૧થી પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે વધુ કોઇ સાક્ષી પુરાવા તપાસવા નથી. તેવું જાહેર કરેલ છે. બીજા પક્ષકાર શ્રમયોગી તરફે કોઇ દલીલ કરેલ નથી. પ્રથમ પક્ષકાર નં. ૧ અને ૨ તરફે અશોકભાઈ ઈંટવાલા મૌખિક દલીલ કરતા જણાવે છે કે ઓનેસ્ટ ટ્રેડીંગનાશ્રમયોગી ન હતા. વી. દીપાલી ઈન્ડસ્ટ્રીઝને તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૮ના રોજ પક્ષકાર તરીકે જોડેલ. પ્રથમ પક્ષકાર નં. ૨ તરફે આંક-૧૫થી લેખિત જવાબમાં સંસ્થા તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૬થી બંધ થયેલ છે. અને વળતર આપીને છટણી કરેલ છે. ગુજરાત ફેકટરી રુલ્સ ફોર્મ-૧૧૩ મુજબ ફેકટરી ઈન્સ્પેકટરને મોકલેલ અને કંપની બંધ થયેલ હોય સંસ્થા બંધ થયેલ હોય તો નોકરીમાં પુનઃ સ્થાપિત થવાનો પ્રશ્ન નથી. આંક-૨૩થી શ્રમયોગીની જુબાનીમાં મે. ઓનેસ્ટ ટ્રેડીંગ કંપનીમાં નોકરી કરેલ નથી. મેં તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫થી નોકરીમાંથી છુટા કર્યાનો મારી પાસે કોઇ પુરાવો નથી. આંક-૩૪થી પ્રવિણભાઈના સોગંદનામાંથી શ્રમયોગીનો રેફરન્સ પુરવાર થતો નથી. કેસનું રેકર્ડ, રજુ થયેલ દસ્તાવેજો તથા દલીલો ધ્યાનમાં લેતાં આ કામમાં મારા ન્યાય નિર્ણય માટે નીચે મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું બીજા પક્ષકાર શ્રમયોગી પ્રથમ પક્ષકાર નં. ૧ અને ૨ માં નોકરીમાં પુનઃસ્થાપિત થવા હક્કદાર બને છે ? એવું પુરવાર કરી શકે છે ?

(૨) પડેલા દિવસોનો પગાર તથા અન્ય લાભો મેળવવા હક્કદાર બને છે ?

ઉપરોક્ત મુદ્દાઓનો મારો ન્યાય નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં

તારણો :-

બીજા પક્ષકાર શ્રમયોગી આંક-૫ ના માંગણાના નિવેદનમાં અને આંક-૧૨ના માંગણાના નિવેદનમાં કિન્નાખોરી રાખી યુનીયનમાંથી છુટા થવાનું દબાણ કરી કોરા કાગળ ઉપર સહી કરી તા. ૧-૧૨-૯૫થી નોકરીમાંથી છુટા કરેલ છે. સામાવાળાની તકરાર એવી છે કે, પ્રથમ પક્ષકાર નં. ૧માં શ્રમયોગી અને માલિક તરીકેના સંબંધો ન હતા. પ્રથમ પક્ષકાર નં. ૨ વી. દીપાલીમાં કંપનીની સ્થિતિ નબળી હોવાથી કેટલાંક શ્રમયોગીઓએ સ્વૈચ્છિક રાજીનામું આપેલું અને ઔદ્યોગિક

INDEX

મંદીના કારણે તા. ૨૨-૧-૯૬ થી પ્રથમ પક્ષકાર નં. ૨ ને કાયમી બંધ કરી દીધેલ શ્રમયોગીની આંક-૨૩ની જુબાની જોઈએ તો હું વી. દીપાલી ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતો હતો. ચાર વર્ષથી ફીટર તરીકે કામ કરતો હતો. તેનું સમર્થન આંક-૨૪માં શ્રમયોગીના ઓળખકાર્ડ ઉપરથી સ્પષ્ટપણે પુરવાર થાય છે. શ્રમયોગી પોતાની ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે મે. ઓનેસ્ટ ટ્રેડીંગ પ્રા. લિ. માં કોઈ નોકરી કરી નથી. આ હકીકત જોતાં પ્રથમ પક્ષકાર નં. ૧ ઓનેસ્ટ ટ્રેડીંગનાં બીજા પક્ષકાર શ્રમયોગી નથી તેવું સ્પષ્ટપણે પુરવાર થાય છે. તેથી પ્રથમ પક્ષકાર નં. ૧ ઓનેસ્ટ ટ્રેડીંગ સામે રેફરન્સ ચાલવા પાત્ર નથી. તેવું ઠરાવવામાં આવે છે. બીજા પક્ષકાર શ્રમયોગીએ સોંગદ ઉપરની જુબાનીમાં જણાવે છે. કે મને કામના પ્રમાણમાં ઓછો પગાર આપતા હતા મને શેઠશ્રી પ્રવિણભાઈએ જે પગાર મળે છે તે બરાબર નથી. આથી હું યુનીયનમાં જોડાયેલો, શેઠને આ વાતની જાણ થતાં મને ધમકી આપીને તા. ૧-૧૨-૯૫ના રોજ છુટો કરેલ. તેથી માંગણાના નિવેદન મુજબ કોરા કાગળ ઉપર સહી કરાવી તા. ૧-૧૨-૯૫થી છુટા કરવાની હકીકતને સમર્થન મળતું નથી. ઉલટ તપાસમાં પણ શ્રમયોગી જણાવે છે કે, તા. ૧-૧૨-૯૫ ના રોજ છુટા કરેલ. મારી પાસે આ અંગેનો કોઈ લેખિત હુકમ નથી. આથી શ્રમયોગીની પાસે નોકરીમાંથી છુટા કરવાનું કોઈ પુરાવો નથી. તેવું ફલિત થાય છે. પ્રથમ પક્ષકાર નં. ૨ નો બચાવ એવો છે કે, તા. ૨૨-૧-૯૬ ના રોજ કંપની બંધ થયેલ છે. અને છટણી અંગેની નોટીસ શ્રમયોગીના સરનામે મોકલેલ છે. વધુમાં સીનીયર ફેકટરી ઈન્સ્પેકટરને પણ ગુજરાત ફેકટરી રૂલ્સ-૧૯૬૩ ના નિયમ ૧૧૩ મુજબ ફેકટરી બંધ કરવાની જાણ કરતો પત્ર મોકલેલ તે અંગે જોઈએ તો માંગણાના નિવેદનમાં મારી સહી છે. તેવું શ્રમયોગી સ્વીકારે છે. ઉલટ તપાસમાં શ્રમયોગી આંક-૨૩માં જણાવે છે. કે, નિશાની ૨૨/૧ બતાવવામાં આવે છે. તે નોટીસ બોર્ડ ઉપર મે જોયેલ નહિ. મારા ઘરનું સરનામું વાણિયા ફળિયું ઉંડાય છે તે બરાબર છે. નિશાની ૨૨/૨ નોટીસ મને મળેલ નથી. વી. દીપાલી ઈન્ડસ્ટ્રીઝ તા. ૨૨-૧-૯૬ના રોજ બંધ થઈ ગઈ છે. કે કેમ ? તેની મને ખબર નથી. ઉલટ તપાસમાં જોતાં કંપની ચાલુ છે. તેવું ફલિત થતું નથી. ત્યારે સામાવાળાએ રજુ કરેલ દસ્તાવેજ જોતાં સીનીયર ફેકટરી ઈન્સ્પેકટરને કંપની બંધ કરવાની જાણ કરતો પત્ર લખેલ છે. તેવું સામાવાળા નં. ૨ ના સાક્ષીની આંક-૩૪ના સોગંદનામાંથી ફલિત થાય છે. તે જોતાં પ્રથમ પક્ષકાર નં. ૨ એ લીધેલ તકરાર કે મંદીના કારણે જોબ વર્કના કામનો ઓર્ડર ન મળતાં સંસ્થા તા. ૨૨-૧-૯૬ના રોજ બંધ થયેલ છે. તેથી શ્રમયોગીને નોકરીમાં પુનઃસ્થાપિત કરવાની તકરાર ચાલી શકે નહિ. અને રેફરન્સ રદ થવાને પાત્ર છે. તેથી પડેલા દિવસોના પગાર અંગે પણ શ્રમયોગીની કોઈ તકરાર ચાલી શકે નહિ. પ્રથમ પક્ષકાર નં. ૨ જણાવે છે. કે તા. ૨૨-૧-૯૬ ના રોજ બંધ થયેલ હોય અને પ્રથમ પક્ષકાર નં ૨ ના સાક્ષી આંક-૩૪ની ઉલટ તપાસમાં જણાવે છે. કે, બીજા પક્ષકારને ઓળખું છું. ૧૯૯૪માં દાખલ થયેલા સંસ્થામાં ચાર વર્ષથી કામ કરેલ છે. ફીટર તરીકે રૂા. ૪૫/- ના રોજ હતો. તે જોતાં પ્રથમ પક્ષકાર નં. ૨ ના બીજા પક્ષકાર શ્રમયોગી હતા. સોગંદનામામાં આંક-૩૪માં જણાવે છે કે, બીજા પક્ષકારને ગજાનંદભાઈ ભગુભાઈને તેમના નીકળતા કાયદેસરના હક્કના નાણાં ચુકવી આપવા તૈયાર છે. તે જોતાં શ્રમયોગી તેમના છટણી વળતર મેળવવા હક્કદાર છે. તેવું ઠરાવવામાં આવે છે. બીજા

INDEX

પક્ષકાર તરફે આંક-૩૮ના દસ્તાવેજમાં પણ બીજા શ્રમયોગીઓને નીકળતા હિસાબ નાણા ચુકવેલ છે. તેવું ફલિત થાય છે અને તે જોતાં પણ શ્રમયોગીને પ્રથમ પક્ષકાર સંસ્થા નં. ૨ બંધ થયેલ હોય, છટણી વળતર મેળવવા હક્કદાર છે. તેવું ઠરાવવામાં આવે છે. ઉપરોક્ત ચર્ચા અને કારણો જોતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

શ્રમયોગીનો રેફરન્સ નામંજુર કરવામાં આવે છે. પરંતુશ્રમયોગીને નોકરીમાં કંપની બંધ થયેલ હોય, છટણી વળતર તથા અન્ય લાભો આ હુકમ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચે અંગે કોઈ હુકમ નથી.

નવસારી, તારીખ ૧૩મી જુન ૨૦૦૫.

સહી (અવાચ્ય),
પ્રિસાઈડીંગ ઓફિસર,
મજુર અદાલત, નવસારી.

નવસારી, તારીખ ૨૪મી જુન, ૨૦૦૫.

સહી (અવાચ્ય),
ઈ/ચા. મદદનીશ શ્રમ આયુક્ત,
નવસારી.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

જાહેરનામું

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક મ.શ્ર.આ./નવ/૦૫/૧૭૪૭/ક્રમાંક આઇ/ડી/એ/એવોર્ડ એલ.સી.એલ.-૧૦૯/૧૯૯૬.– ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૭ અનુસાર શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૨મી માર્ચ, ૧૯૯૩ના જાહેરનામાં ક્રમાંક કે/એચ/આર/૦૩/૨૬/આઈડીએ/૨૦૦૦-૫૧૦૪-મ(૪) અન્વયે મદદનીશ શ્રમ આયુક્તશ્રી, આથી તારીખ ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૬ના અત્રેની કચેરીનાં હુકમ ક્રમાંક કેએચ/એસએચએમસી/૪૧૩૫ હેઠળ ન્યાય નિર્ણય માટે લખી મોકલેલી ઓનેસ્ટ ટ્રેડીંગ કું. પ્રા. લી. તથા અન્ય-૧ અને તે હેઠળ કામે રાખેલા શ્રમયોગીઓ વચ્ચેની ઔદ્યોગિક તકરાર અંગેનો મજુર અદાલતનો ચુકાદો જે આ સાથે સામેલ કરેલ છે તે પ્રસિદ્ધ કરે છે.

INDEX

આંક - ૪૧

મે. નવસારીની નામદાર મજુર અદાલતના પ્રિસાઈડીંગ ઓફીસર સાહેબ સમક્ષ

રેફરન્સ (એલસીએન) ૧૦૯/૧૯૯૬

(૧) ઓનેસ્ટ ટ્રેડીંગ કું. પ્રા. લી., **પ્રથમ પક્ષકાર :**
ગોહરબાગ, મહાદેવનગર, બિલીમોરા.

(૨) વી. દીપાલી ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી.,
મહાદેવનગર, બિલીમોરા.
પો. બો. નં. ૪૩

વિરૂદ્ધ

શશીભાઈ ભીખુભાઈ પટેલ, **બીજા પક્ષકાર :**
C/o. ગુજરાત રાજય કામદાર સભા,
મોચીવાડ, સોલધરા,
તા. ચીખલી, જિ. નવસારી.

હાજર રહ્યા : પ્રથમ પક્ષકાર નં. ૧ અને ૨ તરફે શ્રી અશોકભાઈ એન. ઈંટવાળા, એડવોકેટ
બીજા પક્ષકાર તરફે શ્રી રામસુરત પ્રજાપતિ,
ગુજરાત રાજય કામદાર સભા, સોલધરા, તા. ચીખલી, જિ. નવસારી.

એવોર્ડ

ઉપરોકત બંને પક્ષકારો વચ્ચેનો ઔદ્યોગિક વિવાદ અને તેના નિરાકરણ માટે આઈ.ડી.એક્ટની કલમ-૧૦(૧)(સી) હેઠળ મદદનીશ શ્રમ આયુકત, વલસાડે તેમના હુકમ નં. કેએચ/એસએચએમસી/૪૧૩૫/એજે/આઈડીઆર/૫.૫. તારીખ ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૬થી મજુર અદાલત, નવસારીને ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરેલ છે.

આ કામના પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર શ્રમયોગીને અત્રેથી શ્રમ અદાલતે આંક-૩ અને ૪ થી નોટીસ કાઢેલ તે બજી ગયેલ છે.

બીજા પક્ષકાર શ્રમયોગીએ આંક-૫ અને ૧૨થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. જેની ટુંકી હકીકત એવી છે કે, બીજા પક્ષકાર શ્રમયોગીએ પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયમી શ્રમયોગી તરીકે આઠ વર્ષથી વેલ્ડરની જગ્યાએ રોજના રૂા. ૫૭-૦૦ના પગારથી પોતાની ફરજ ખંત અને વફાદારીથી બજાવતાં હતાં. સામાવાળા એન્જીનીયરીંગ વ્યવસાય સાથે સંકળાયેલ હોઈ સારો નફો

INDEX

કમાય છે. કામના પ્રમાણમાં નજીવું ચુકવણું કરે છે. નોકરીના હક્કો બાબતે રજુઆત કરતાં અરજદાર ઉપર સામાવાળાએ કિન્નાખોરીથી નોકરીમાંથી રાજીનામું આપી છુટા થઈ જવા પેરવી કરતાં હતાં. અરજદાર અને સાથી શ્રમયોગીઓએ યુનીયનમાં જોડાવા બાબતની ચર્ચા વિચારણા કરતાં હતાં ત્યારે યુનીયનમાંથી છુટા થવા કેટલાંક કોરા કાગળો ઉપર સહી લીધેલી. તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજથી નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે. સામાવાળાએ કોઈ ગુન્હા સંબંધી અરજદારને ચાર્જસીટ, મેમો કે નોટીસ આપેલ નથી. સંસ્થાને લાગુ પડતાં સ્થાયી હુકમો, શ્રમ કાયદાનો ભંગ કરે છે. સામાવાળી સંસ્થા ફરજ ઉપર વારંવાર હાજર થતાં ફરજ પર લીધેલ નહિ. નોકરીમાંથી છુટા કર્યા બાદ બીજે કામ મેળવવાં પ્રયત્ન કરેલ. પરંતુ બીજે કામ મળેલ નથી. જેથી અરજદારે માંગણાનાં નિવેદનમાં એવી દાદ માંગેલી છે કે, સામાવાળાનું તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજથી નોકરીમાંથી છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવીને સળંગ નોકરી સાથે પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા લાભ સહિત મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવાની દાદ માંગેલ છે. પ્રથમ પક્ષકાર નં. ૨ તરફે આંક-૧૫થી બીજા પક્ષકારનાં માંગણાંના નિવેદન વિરૂદ્ધ લેખિત જવાબ રજુ કરેલ છે. જેની ટુંકી હકીકત એવી છે કે, માંગણાનું નિવેદન ખરૂ નથી અને કબુલ મંજુર નથી. રેફરન્સ કરવાનું કોઈ કારણ ઉત્પન્ન થતું નથી ૧૯૯૬ના રેફરન્સમાં ત્રણ વર્ષ પછી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. સમયમર્યાદાનો બાધ નડે છે. સામાવાળા નં. ૨ ને દાખલ કરતી વખતે મદદનીશ શ્રમ આયુકતે કોઈ નોટીસ કાઢી નથી કે સાંભળેલ નથી. તેથી પ્રથમ પક્ષકાર નં. ૨ વિરૂદ્ધ રેફરન્સ કાયદેસર ચાલી શકે નહિ. માંગણાંના નિવેદનની પેરા-૨ની હકીકત ખરી નથી કે કાયમી શ્રમયોગી તરીકે રૂા. ૫૭-૦૦ના રોજથી વેલ્ડર તરીકે છેલ્લા આઠ વર્ષથી નોકરી કરતાં હતાં. એ તકરાર નથી કે એન્જીનીયરીંગ વ્યવસાય સાથે સામાવાળા સંકળાયેલ છે. સામાવાળા નફો કમાય, કામના પ્રમાણમાં અરજદારને ઓછુ ચુકવણું નોકરીનાં હક્કો બાબતે રજુઆત કરતી વખતે અરજદાર સામે કિન્નાખોરી રાખી રાજીનામું લઈ લેવાની પેરવી કરવાની હકીકત ઉપજાવી કાઢેલ અને ખોટી હોય કબુલ મંજુર નથી. શ્રમયોગી અને અન્ય શ્રમયોગીઓ યુનીયનમાં જોડાવાની ચર્ચા કરતાં કિન્નાખોરી રાખી યુનીયનમાંથી છુટા થવા કેટલાંક કોરા કાગળ ઉપર સહી લઈ તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫થી છુટા કરેલ છે. તેવી પેરા-૪ની હકીકત ખરી નથી અને કબુલ મંજુર નથી.

પ્રથમ પક્ષકાર નં. ૨ની ખરી હકીકત એવી છે કે, તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૦થી દાખલ થયેલ. વેલ્ડર તરીકે ફરજ બજાવતાં હતાં. બીજા પક્ષકારના રજીસ્ટર્ડ કોર્ડ નંબર ૧૦,૦૦૭ હતો. પ્રોવીડન્ડ ફંડનો લાભ આપવામાં આવતો હતો. શ્રમયોગીનો છેલ્લો દૈનિક પગાર રૂા. ૫૬-૭૮ પૈસા હતો.

પ્રથમ પક્ષકાર નં. ૨ મંદીના કારણે કામ ન રહેતું હોવાથી આર્થિક પરિસ્થિતિ તદ્દન નબળી હતી. આથી બીજા પક્ષકાર તથા અન્ય શ્રમયોગીઓએ તા. ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના રોજ રાજીખુશીથી સ્વૈચ્છિક રાજીનામું આપેલ જે સંસ્થાએ સ્વીકાર્યું, નોટીસ બોર્ડ ઉપર તા. ૧૯મી નવેમ્બર, ૧૯૯૫ના રોજ મુકેલ, તેમનો નીકળતો હિસાબ અરજદારને લઈ જવા જણાવેલ. અરજદાર

INDEX

હિસાબ લેવા આવેલ નહિ. રાજીનામું આપેલ હોય, માલિક શ્રમયોગીના સંબંધનો અંત આવે છે. હાલનો રેફરન્સ રદ થવાને પાત્ર છે. રાજીનામું આપી છુટા થયેલ શ્રમયોગીઓ સિવાયના શ્રમયોગીઓને કંપની ચાલુ રાખવાનું શક્ય ન લાગતાં તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૬ના રોજ પ્રથમ પક્ષકાર નં. ૨ બંધ પડેલ તેની જાણ ગુજરાત ફેકટરી રૂલ્સ-૧૧૩ મુજબના ફોર્મથી સીનીયર નિરીક્ષક, કારખાનાને કરેલ. જેથી શ્રમયોગીને નોકરીમાં પુનઃ સ્થાપિત કરવાનો પ્રશ્ન રહેતો નથી. શ્રમયોગીઓ અને કંપની વચ્ચે વખતોવખત સમાધાન કરાર મુજબના લાભો આપવામાં આવતાં હતાં. યુનીયનમાંથી છુટા થવાનું દબાણ કરેલ નથી. કોરા કાગળ ઉપર સહી લઈ નોકરીમાંથી છુટા કરવાનો પ્રશ્ન નથી. સંસ્થા બંધ થયેલ હોય, રેફરન્સ ચાલવા પાત્ર નથી. તેથી નોટીસ કે ચાર્જશીટ કે મેમો આપવાનો કોઈ પ્રશ્ન નથી. ન્મયોગી રાજીનામું આપી અન્ય જગ્યાએ નોકરીમાં લાગી ગયેલ હોય, માંગણાનાં નિવેદનની કોઈ દાદ મળવાપાત્ર નથી. રેફરન્સ રદ કરવા અરજ કરે છે.

બીજા પક્ષકાર શ્રમયોગી તરફે આંક-૨૯થી અધિકાર પત્ર આર. સી. પટેલનું રજુ થયેલ છે. આંક-૧૪ પ્રથમ પક્ષકાર નં. ૨ તરફે અશોકભાઈ ઈંટવાળાનું વકીલાતનામું રજુ થયેલ છે. આ કામ બીજા પક્ષકારનાં પુરાવા પર રાખવામાં આવતાં, શ્રમયોગી તરફે દસ્તાવેજો આંક-૨૦થી શ્રમયોગીઓએ યુનીયનને લખેલ પત્ર નિશાની ૨૦/૧ થી તથા નિશાની ૨૦/૨ થી યુનીયને સંસ્થાને લખેલ પત્ર આંક-૨૦/૨ થી શ્રમયોગી તરફે રજુ થયેલ દસ્તાવેજોમાં આંક-૨૭થી ઓળખ કાર્ડ આંક-૨૮ થી પગાર ચિઠ્ઠી રજુ થયેલ છે.

પ્રથમ પક્ષકાર નં. ૨ તરફે આંક-૨૫ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલ છે. જેમાં આંક-૨૯થી સમાધાન કરાર તથા નિશાની ૨૫/૨ થી શ્રમ રોજગારને લખેલ પત્ર નિશાની ૨૫/૬ થી કારખાના નિરીક્ષકને લખેલ પત્ર આંક-૩૦ થી શ્રમયોગીઓએ આપેલ રાજીનામું આંક-૩૨ થી રાજીનામું સ્વીકાર્યાનો પત્ર એમાં બીજા પક્ષકાર શ્રમયોગીનું નામ છે. આંક-૩૨ થી રાજીનામું મંજુર કરી જાણ કરતો પત્ર શ્રમયોગીને મોકલેલ અને આંક-૩૩ થી રજી. એ.ડી.નીં. સ્વીકૃતિ પહોંચ છે. નિશાની ૨૫/૧૧ હિસાબ લઈ જવા શ્રમયોગીને જાણ કરતો પત્ર નિશાની ૨૫/૧૧ રજીસ્ટર્ડ એ.ડી. તથા યુ. પી. સી. મોકલેલ પત્ર નિશાની ૨૫/૧૫ થી મદદનીશ શ્રમઆયુકતને લખેલ પત્ર અને આંક-૩૪/૧ થી ભાગીદારી કરાર નિશાની ૩૪/૨ બાલુ રણછોડનું રાજીનામું હિસાબની રકમ નિશાની ૩૪/૩, નિશાની ૩૪/૪ ભાણાભાઈનું રાજીનામું રેકર્ડ ઉપર લીધેલ છે.

બીજા પક્ષકાર શ્રમયોગીએ આંક-૨૬થી પોતાની જુબાનીમાં ઓનેસ્ટ ટ્રેડીંગ કંપનીમાં અને ત્યારબાદ વી. દીપાલી ઈન્ડસ્ટ્રીઝમાં જોડાયેલ. આ સંસ્થા બીલીમોરા ઓનેસ્ટ પ્રા. લી. નામે ઓળખાય છે. નવ વર્ષથી વેલ્ડર તરીકે કામ કરેલ. રોજના રૂા. ૫૬-૬૮ પૈસા છેલ્લો પગાર મળતો હતો. પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે અમો તમામ શ્રમયોગીઓને પાંચ વર્ષની નોકરીમાં બ્રેક આપવામાં આવેલ. અને અમે તેનો વિરોધ કરેલ. જેથી સંસ્થાએ મને તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ છુટો કર્યો. આ બાબતે આર. સી. પટેલના યુનીયનમાં જોડાયેલ અને રજુઆત કરેલી. અને તેથી મને છુટો કરેલ. છુટા કરતી વખતે નોટીસ, નોટીસ પગાર કે વળતર આપેલ નહિ. મારી ખાતાકીય તપાસ કરેલ નહિ. મને મૌખિર છુટો કરેલ. હાલમાં હું બેકાર છું. નોકરી શોધવા પ્રયત્ન કરેલ પણ નોકરી

INDEX

મળતી નથી. આંક-૧૨માં મારી સહી છે. ઉલટ તપાસમાં સાહેદ સોગંદ ઉપર જણાવે છે કે, ઓનેસ્ટ ટેક્ષટાઈલમાં કામ કરતો હતો. તે બતાવવા મારી પાસે કોઈ લેખિત પુરાવો નથી. મેં આઠ વર્ષ નોકરી કરેલ છે. તે બતાવવા મારી પાસે કોઈ પુરાવો નથી. ૧૯૮૯માં મને બ્રેક નોકરીમાં આપેલ. ૧૯૮૯ અગાઉ નોકરી કરેલ તે દર્શાવતો પુરાવો મારી પાસે નથી. એ વાત પણ ખરી કે તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૦ના રોજ હું વી. દીપાલી ઈન્ડસ્ટ્રીઝમાં નોકરીમાં જોડાયેલ. એ વાત ખરી કે આ કંપની મને હાજરી કાર્ડ, હક્ક રજાનું કાર્ડ આપેલા એ વાત ખરી કે વી. દીપાલી ઈન્ડસ્ટ્રીઝ સામે મને કોઈ તકરાર ન હતી. નિશાની ૨૫/૧ ના પરિશિષ્ટ અનુક્રમ નં. ૩ ઉપર મારી સહી છે. નિશાની ૨૫/૧ સમાધાનમાં પાનાં નં. ૬ ના અનુક્રમ નં. ૨ પર મારી સહી છે. નિશાની ૨૫/૧ ને આંક-૨૯ આપવામાં આવેલ છે. નિશાની ૨૫/૭ સંસ્થાના ૨૨ શ્રમયોગીઓએ સામુહિક રાજીનામાં આપેલાં તેના અનુક્રમ નં. ૧૮ ઉપર મારી સહી છે. નિશાની ૨૫/૭ ને આંક-૩૦ આપવામાં આવે છે. એ વાત ખરી કે આ રાજીનામું શેઠે સ્વીકારેલું. એ વાત ખરી કે નિશાની ૨૫/૮ના રાજીનામાનો સ્વીકૃતિ બાબતનો પત્ર મળેલ તેને આંક-૩૧ આપવામાં આવેલ છે. નિશાની ૨૫/૯નો પત્ર મને મળેલ. તેને આંક-૩૧ આપવામાં આવેલ છે. નિશાની ૨૫/૯નો પત્ર મને મળેલ. તેને આંક-૩૨ આપવામાં આવેલ છે. એ વાત ખરી કે રાજીનામું સ્વીકાર્યાના પત્રમાં જણાવ્યા મુજબ હું સંસ્થામાં મારા હક્ક હિસ્સાના નાણાં લેવા ગયેલ નહિ. અને સામુહિક રાજીનામું આપેલ તેની વાત યુનીયનને કરેલ કે કેમ ? તેની મને યાદ નથી. મારા રાજીનામાનો પત્ર યુનીયનને બતાવેલ નહિ. એ વાત ખરી નથી કે સંસ્થામાં મને કોઈ લાભ મળતાં નહિ. એવું મેં મારા માંગણાનાં નિવેદનમાં જણાવેલ છે. એ વાત ખરી કે તા. ૧લી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ મને છુટો કરેલ એ બતાવવા મારી પાસે કોઈ સાક્ષી નથી. ગેટ બહાર બેસવા અંગે શેઠને કોઈ નોટીસ આપેલ નહિ. સરકારી શ્રમ અધિકારીને કોઈ જગ્યાએ ફરીયાદ કરેલ નહિ. ઘરમાં કુલ ૧૪ માણસો છે. મારે દોઢ વીંઘા જમીન છે. મહીનાના ૧૫ થી ૨૦ દિવસ બહાર ખેત મજુરી કરી રોજના રૂા. ૪૦/-ના પગારથી મજુરી કરૂં છું. અમારૂં ગુજરાન સારૂં ચાલે છે. મેં પાંચ-છ વર્ષથી નોકરી શોધી નથી. એ વાત ખરી કે હાલમાં વી. દીપાલી ઈન્ડસ્ટ્રીઝ ચાલુ છે કે બંધ છે તેની મને ખબર નથી. મેં ખોટો આ કેસ કરેલ છે તે વાત ખરી નથી.

ત્યારબાદ પ્રથમ પક્ષકારના પુરાવા પર કામ રાખવામાં આવતાં આંક-૩૦થી પ્રવિણભાઈ ખંડુભાઈ મિસ્ત્રીએ સોગંદનામું રજુ કરેલ છે. સોગંદનામામાં સંસ્થાના સાક્ષી જણાવે છે કે, બીજા પક્ષકાર શશીભાઈને હું ઓળખું છું. સપ્ટેમ્બર, ૧૯૯૦થી વેલ્ડર તરીકે કામ કરતાં હતાં. તમામ શ્રમયોગીઓએ ઓળખપત્ર, હાજરી કાર્ડ અને પગારચિઠ્ઠી આપવામાં આવતી. આંક-૨૯ના સમાધાન કરારમાં સંસ્થાનાં ભાગીદાર તરીકે મારી સહી છે. તે હું ઓળખી બતાવું છું. વી. દીપાલી ઈન્ડસ્ટ્રીઝ ટેક્ષટાઈલ મશીનનાં સ્પેરપાર્ટસ જોબ વર્કથી બનાવવામાં આવતાં હતાં. મંદીના કારણે જોબ વર્કના કોઈ ખાસ ઓર્ડર ન હતાં. શ્રમયોગીનો મોટા ભાગનો સમય સંસ્થામાં બેસી રહી પગાર કરવો પડતો. તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના રોજ શ્રમયોગીઓએ આંક-૩૦ થી સ્વેચ્છાએ રાજીનામું આપેલ. રાજીનામું પાછું ખેંચી લેવા તમામ શ્રમયોગીઓને મેં સમજાવેલા તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૫ના રોજ તમામ શ્રમયોગીઓની હાજરીમાં તેમનું રાજીનામું

INDEX

સ્વીકારવામાં આવેલ સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર આંક-૩૧થી નોટીસ મુકવામાં આવેલ. તમામ શ્રમયોગીઓના રાજીનામાં મંજુર કરતો પત્ર રજીસ્ટર્ડ એ. ડી. થી મોકલેલ, શ્રમયોગીને આંક-૩૨થી રાજીનામું મંજુર કરતો પત્ર મોકલવામાં આવેલ હતો. બીજા પક્ષકારને મળ્યા અંગેનો આંક-૩૩ની સ્વીકૃતિ પહોંચ રજુ કરેલ છે. બીજા પક્ષકારને તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ હક્કના નાણાં લઈ જવાં રજીસ્ટર્ડ એ.ડી. તથા યુ.પી.સી. થી પત્ર મોકલેલ, જે નિશાની ૨૫/૧૧માં ભાગીદાર તરીકે મારી સહી છે. જે હું ઓળખું છું. નિશાની ૨૫/૧૨ના યુ.પી.સી. સર્ટિ. રજુ કરેલ છે. નિશાની ૨૫/૧૩ બીજા પક્ષકારે કવર લેવાની ના પાડેલ તે બંધ કવર રજુ કરેલ છે. રાજીનામું સ્વીકારેલ હોય માલિક શ્રમયોગીનો સંબંધનો અંત આવેલો હતો. તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ નોકરીમાંથી છુટા કર્યાની હકીકત ખરી નથી. અન્ય જગ્યાએ નોકરી કરી ગુજરાન ચલાવે છે. ઉલટ તપાસમાં સાક્ષી સોગંદ ઉપર જણાવે છે કે, બીજા પક્ષકારને ઓળખું છું. પાંચ વર્ષ ઉપરાંતથી વેલ્ડર તરીકે હતાં. એ વાત ખરી નથી કે બીજા પક્ષકાર ઓનેસ્ટ ટ્રેડીંગમાં હતાં. હું વી. દીપાલી ઈન્ડસ્ટ્રીઝમાં ભાગીદાર હતો. મેં બીજા પક્ષકારને છુટા કરેલા કે કેમ ? તે મને યાદ નથી. બીજા પક્ષકારને નોકરી દરમ્યાન ચાર્જશીટ આપેલ નહિ. એ વાત ખરી નથી કે મેં શ્રમયોગીઓને પગાર વધારો ન આપતાં તેઓએ યુનીયન બનાવેલ અને તેઓને મેં છુટા કરેલ એ વાત ખરી કે બીજા પક્ષકારને છુટા કરતી વખતે નોટીસ પગાર કે છટણી વળતર આપેલ નહિ. આ કામમાં બીજા સાક્ષી ધનંજય પદમાંકાંત શાહે સોગંદનામું રજુ કરેલ છે. તેમાં સોગંદનામામાં જણાવે છે કે, પ્રથમ પક્ષકાર નં. ૧ ઓનેસ્ટ ટ્રેડીંગ કંપનીમાં સેલ્સ મેનેજર તરીકે ૧૨ વર્ષથી નોકરી કરૂં છું. કંપની ટેક્ષટાઈલ લુમ્સ બનાવતી એન્જીનીયરીંગ કંપની છે. કંપની ફેકટરી એક્ટ, પી. એફ. એક્ટ, બોનસ ચુકવણી ધારો તથા લઘુત્તમ વેતન ધારો લાગુ પાડેલ છે. શ્રમ કાયદાનું પાલન કરવામાં આવે છે. બીજા પક્ષકાર શ્રમયોગીએ ઓનેસ્ટ ટ્રેડીંગમાં કદી નોકરી કરેલ નથી. પ્રથમ પક્ષકાર નં. ૧ ને કોઈ રીતે પક્ષકાર તરીકે જોડેલ છે. બીજા પક્ષકાર શ્રમયોગીને કંપની ઓળખતી નથી. બીજા પક્ષકારે કંપનીમાં નોકરી કરેલ નથી. એથી તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ નોકરીમાંથી છુટા કરવાની હકીકત ખરી નથી. નોકરીમાં પુનઃ સ્થાપિત થવાની, પડેલા દિવસોના જે પગારની માંગણી કરેલ છે તે મેળવવા કાયદેસર રીતે હક્કદાર થતાં નથી.

ઉલટ તપાસમાં જણાવે છે કે, હું ભગુભાઈ રવજીભાઈને ઓળખતો નથી. નટવરભાઈ ડાહ્યાભાઈ, જશીબેન રવજી, તથા ગજાનંદ ભગાભાઈને ઓળખતો નથી. શશીકાંત પટેલને હું ઓળખતો નથી. એ વાતની મને ખબર નથી કે આ પાંચ વ્યક્તિઓ ઓનેસ્ટ સેલ્સમાં કામ કરતી હતી. એ વાત ખરી નથી કે ઓનેસ્ટ સેલ્સમાં એક્સ મેનેજર તરીકે કામ કરૂં છું. પ્રથમ પક્ષકાર ફેકટરી એક્ટના લાયસન્સમાં મેનેજર તરીકે કોને દર્શાવેલ છે. તે મને ખબર નથી. મારી પાસે કોઈને કામે રાખવાની કે છુટા કરવાની સત્તા નથી. રેફરન્સ (એલસીએન) ૧૦૬/૯૬માં આંક-૧૮/૨ બતાવવામાં આવે છે. તેમાં કોની સહી છે તેની મને ખબર નથી. રેફરન્સ (એલસીએન) ૧૦૭/૯૬ પત્ર મને મળેલ નથી. જેની સહી હું જાણતો નથી. ઓનેસ્ટ ટ્રેડીંગનાં માલિક તરીકે ખંડુભાઈ મકનજી તથા નરેશભાઈ ખંડુભાઈ મિસ્ત્રી છે. બીલીમોરા એન્જીનીયરીંગ તથા વી. દીપાલીનાં

INDEX

માલિક એકજ કુટુંબનાં છે તે હું જાણતો નથી. એ વાત ખરી નથી કે બીજા પક્ષકાર શ્રમયોગીઓએ યુનીયન શરૂ કર્યું. તેથી ઓનેસ્ટ ટ્રેડીંગ કંપનીએ તેમને છુટા કરેલ છે. આંકથી પ્રથમ પક્ષકાર નં. ૧ના એડવોકેટ તમામ કેસો એક સરખા છે તે સંજોગોમાં સાક્ષીની જુબાની કોન્સોલેટ કરવા વિનંતી કરેલ તે મંજુર કરેલ છે. આંક-૩૭ની પુરસીસથી વધુ કોઈ સાક્ષી પુરાવા પ્રથમ પક્ષકાર તરીકે તપાસવા નથી તેવું જાહેર કરેલ છે.

ત્યારબાદ આ કામ દલીલો ઉપર રાખવામાં આવતાં બીજા પક્ષકાર શ્રમયોગી તરફે મૌખિક દલીલ માટે આંક-૩૯થી મુદતની અરજી આપેલ તે મંજુર કરેલ. ત્યારપછી પણ લાંબા સમય સુધી મૌખિક રીતે દલીલો માટે બીજા પક્ષકારના પ્રતિનિધિને દલીલ માટે તક આપેલ છતાં દલીલ કરેલ ન હોય, તેથી તેમની દલીલનું સ્ટેજ બંધ કરી.

પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે શ્રી અશોકભાઈ ઈંટવાળાની મૌખિક દલીલો કરતાં જણાવે છે કે, બીજા પક્ષકાર શ્રમયોગીએ આંક-૫ના માંગણાનાં નિવેદનમાં ઓનેસ્ટ ટ્રેડીંગ પ્રા. લિ. સામે દાદ માંગેલ છે. ત્યારબાદ આંક-૮થી બીલીમોરા એન્જીનીયરીંગને પક્ષકાર તરીકે જોડેલા છે. આંક-૧૨ના નિવેદનમાં યુનીયનમાં જોડાવાથી કોરા કાગળમાં સહી કરાવી તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫થી છુટા કરેલ છે. નોટીસ પગાર આપેલ નથી. નોકરી મેળવવા પ્રયત્ન કરેલ. પરંતુ નોકરી મળેલ નથી. પ્રથમ પક્ષકાર અને શ્રમયોગી વચ્ચે માલિક શ્રમયોગીનો સંબંધ ન હોય તેથી રેફરન્સ ટકી શકે નહિ. બીજા પક્ષકાર શ્રમયોગીએ રાજીનામું આપેલ છે. અને તેઓ આ કામે આંક-૩૦થી રજુ કરેલ છે. સંસ્થાએ આંક-૩૨થી તેમના લાભ લઈ જવા કહ્યું છે, તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૫ના રોજ રાજીનામું સ્વીકારતો પત્ર રજુ થયેલ છે. આંક-૨૬થી બીજા પક્ષકાર શ્રમયોગીની જુબાની જોતાં ઉલટ તપાસમાં સ્વીકારે છે. નોકરી શોધવા પ્રયત્ન કરેલ નહિ. તેથી કામ કરીને ગુજરાન ચલાવે છે. અને આંક-૫ અને ૧૨માં શું લખેલ છે. તેની મને ખબર નથી. તેથી રેફરન્સ કાયદેસર ટકી શકે તેમ ન હોય, બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવો જોઈએ. નામદાર સુપ્રીમ કોર્ટમાં ૧૯૯૮ એલ.એલ.આર. ૯૩૩ના ચુકાદામાં રાજીનામું સ્વીકાર્યા પછી માલિક શ્રમયોગીનાં સંબંધનો અંત આવે છે. તેથી સળંગ નોકરી ગણી શકાય નહિ. તેથી રેફરન્સ રદ કરવો જોઈએ.

આ કેસનું રેકર્ડ, રજુ થયેલ દસ્તાવેજો તથા પ્રથમ પક્ષકારની દલીલો ધ્યાનમાં લેતાં મારા ન્યાય નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું બીજા પક્ષકાર શ્રમયોગી પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરીમાં પુનઃસ્થાપિત થવા માટે હક્કદાર બને છે ? તેવું પુરવાર કરી શક્યા છે.

(૨) પડેલા દિવસો અંગેનો પગાર મેળવવા હક્કદાર બને છે ? તેમ પુરવાર કરી શક્યા છે.

ઉપરોકત મુદ્દાઓનો મારો ન્યાય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં.

INDEX

આ કામના બીજા પક્ષકાર શ્રમયોગી આંક-૫ થી તથા આંક-૧૨થી માંગણાંનું નિવેદન રજુ કરેલ છે. આંક-૧૫થી બીજા પક્ષકાર બીલીમોરા એન્જીનીયરીંગ પ્રા. લિ. ને પક્ષકાર તરીકે મદદનીશ શ્રમ આયુકતે જોડીને અત્રેની અદાલતને સુપ્રત કરેલ છે. એટલે પ્રથમ પક્ષકાર નં. ૧ તરીકે ઓનેસ્ટ ટ્રેડીંગ પ્રા. લિ. તથા નં. ૨ તરીકે બીલીમોરા એન્જીનીયરીંગ પ્રા. લિ. સામે આંક-૧૨ના માંગણાના નિવેદનમાં જણાવે છે કે, આઠ વર્ષથી વેલ્ડર તરીકે રૂા. ૫૭-૦૦ના રોજથી નોકરી કરતાં હતાં. નોકરીના હક્કો માંગતાં સામાવાળાએ કિન્નાખોરી રાખી યુનીયનમાં જોડાવવાની ચર્ચા ચાલતી હતી ત્યારે યુનીયનમાંથી છુટા થવા દબાણ કરી કોરા કાગળ ઉપર સહી લીધેલ. માલિકની મુખ્ય તકરાર એવી છે કે, આંક-૧૫ના લેખિત જવાબમાં પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતાં શ્રમયોગીઓને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૨(પી) મુજબ ના વખતોવખત સમાધાન કરાર કરવામાં આવતાં અને લાભો આપવામાં આવતાં ટેક્ષટાઈલના ધંધામાં મંદી હોવાથી બીજા પક્ષકાર શ્રમયોગી તથા અન્ય શ્રમયોગીઓએ સ્વેચ્છાએ પોતાનું રાજીનામું આપેલું. જે રાજીનામું સ્વીકારીને તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૫ના રોજ નોટીસ બોર્ડ ઉપર મુકેલ. શ્રમયોગીને તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ હક્કના નાણાં લઈ જવા માટે જણાવેલ. તેથી શ્રમયોગીને છુટા કરેલ નથી. પરંતુ રાજીનામું આપી છુટા થયા હોય, માંગણાનાં નિવેદનની દાદ મળવાપાત્ર થતી નથી. શ્રમયોગીનું માંગણાનું નિવેદનના સમર્થનમાં આંક-૨૬ની જુબાની જોઈએ તો તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫ સુધી નોકરી કરતો નથી. બંને કંપનીના માલિક એકજ છે. એકજ જગ્યાએ બંને કારખાના આવેલા છે. ૧૯૭૨થી ઓનેસ્ટ ટ્રેડીંગ કાું. પ્રા. લિ.માં તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૦થી વેલ્ડર તરીકે કામ કરતો હતો. શેઠ પ્રવિણભાઈએ મારી પાસે કોરા કાગળમાં સહી લીધેલ. અને તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫માં શ્રમયોગીને કોરા કાગળમાં સહી લઈ છુટા કરવાની હકીકત પુરવાર થતી નથી. ઉલટ તપાસમાં શ્રમયોગી ૧૯૯૦માં ઓનેસ્ટ ટ્રેડીંગમાં વેલ્ડર તરીકે કામ કરતો હતો હોવાનો મારી પાસે કોઈ પુરાવો નથી. એ વાત ખરી છે કે, આંક-૨૯ના સમાધાન કરારમાં પરિશિષ્ટમાં લખેલાં તમામ શ્રમયોગીઓ સાથે નોકરી કરતાં હતાં. નિશાની ૨૯/૧ સમાધાન કરારના પરિશિષ્ટ નં. ૪માં મારી સહી છે. એ વાત ખરી છે કે, નિશાની ૨૫/૮માં મારૂં સરનામું છે. નિશાની ૨૫/૧૦માં રજીસ્ટર્ડની પહોંચમાં મારી સહી છે. નિશાની ૨૫/૮ ને આંક-૩૧ આપવામાં આવે છે. નિશાની ૨૫/૭માં સામુહિક રાજીનામું અમો શ્રમયોગીઓએ આપેલું નિશાની ૨૫/૭ ને આંક-૩૦ આપવામાં આવે છે. આથી ઉલટ તપાસમાં સાહેદ સ્વીકારે છે કે,રાજીનામું આપેલ છે અને રાજીનામું સ્વીકાર કર્યાનો પત્ર આંક-૩૨થી શ્રમયોગીને મોકલેલ અને જે પત્ર મળ્યાની સ્લીપ આંક-૩૩થી શ્રમયોગીની સહીથી રજુ થયેલ છે. આ હકીકત જોતાં અરજદારને કોરા કાગળ ઉપર સહી લઈ તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫થી નોકરીમાંથી છુટા કર્યાની હકીકત બીજા પક્ષકાર શ્રમયોગી પુરવાર કરી શક્યા નથી. તેથી કલમ-૨(ઓ.ઓ.) મુજબ છટણીનો સમાવેશ થાય નહિ. અને તેથી આઈ.ડી. એક્ટની કલમ-૨૫(એફ) ની જોગવાઈઓ લાગુ પડતી નથી. તેથી બીજા પક્ષકારના શ્રમયોગીનો કેસ રાજીનામાનો હોય રેફરન્સ ટકવાપાત્ર નથી. આ કામે નામદાર સુપ્રિમ કોર્ટનો પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે ૧૯૯૮ એલ.એલ.આર. ના કેસની હકીકત જોતાં રાજીનામું સ્વીકાર્યા બાદ માલિક

INDEX

શ્રમયોગીના સંબંધનો અંત આવે છે. અને સળંગ નોકરી ગણાય નહિ. તે કેસની હકીકત આ રેફરન્સ કેસ સાથે સુસંગત હોય તેનો લાભ પ્રથમ પક્ષકાર સંસ્થાને મળવાપાત્ર છે. બીજા એક કેસમાં સિવીલ અપીલ નં. ૯૬ અને ૧૪૮/૧૯૫૯ બ્રિટીશ ઈન્ડીયા કોર્પોરેશન લી. માં સ્વૈચ્છિક રાજીનામું ને ડીસચાર્જ અને ડીસમીસ ગણી શકાય નહિ અને ઈન્ક્વાયરી અને નોટીસનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહિ અને શ્રમયોગીની નોકરીની ટર્મીનેશનની દાદ માંગી શકે નહિ. તે કેસની હકીકત જોતાં શ્રમયોગી સ્વૈચ્છિક રાજીનામું આપેલ હોય રેફરન્સ ટકવાપાત્ર નથી અને નોકરીમાં પુનઃ સ્થાપિત થવાની દાદ કાયદામાં ટકી શકે તેમ ન હોય રેફરન્સ રદ કરવામાં આવે છે. પડેલા દિવસો અંગે શ્રમયોગીનો રેફરન્સ ઉપરોકત કારણો જોતાં ટકવાપાત્ર ન હોય કોઈ હુકમ કરવામાં આવતો નથી. પ્રથમ પક્ષકાર કંપની પોતાના આંક-૧૫ના લેખિત જવાબમાં જણાવે છે કે, બીજા પક્ષકાર શ્રમયોગીને તેમનો નીકળતો હિસાબ લઈ જવા તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ રજીસ્ટર્ડ એ.ડી. થી પત્ર લખેલ. ઉલટ તપાસમાં આંક-૩૨માં શ્રમયોગી સ્વીકારે છે કે, અમો રાજીનામું આપ્યા છે તે શ્રમયોગીઓ પૈકી પાંચ શ્રમયોગીઓ સિવાયના શ્રમયોગીઓએ કંપની સાથે હિસાબ પતાવી લીધેલ અને આંક-૨૫/૧૧થી શ્રમયોગીને હિસાબ લેવાં કંપનીએ જાણ કરેલ છે. તે જોતાં શ્રમયોગીના રાજીનામું આપ્યુ ત્યારે મળવાપાત્ર હક્ક શ્રમયોગી સ્વીકારેલ નથી. જે કંપની પોતાના જવાબમાં ચુકવવા તૈયાર છે તો તે રકમ મળવાપાત્ર છે એવું ઠરાવવામાં આવે છે. ઉપરોકત ચર્ચાના કારણો જોતાં આ કામમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારનો રેફરન્સ રદ કરવામાં આવે છે. વધુમાં શ્રમયોગીના રાજીનામાં સમયે મળવાપાત્ર હક્કના લેણાં આ એવોર્ડ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં પ્રથમ પક્ષકાર નં. ૨ વી. દીપાલી ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ. એ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

નવસારી, તારીખ ૧૫મી જુન, ૨૦૦૫.

સહી (અવાચ્ય),
પ્રિસાઈડીંગ ઓફીસર,
શ્રમ અદાલત, નવસારી.

નવસારી, તારીખ ૨૪મી જુન, ૨૦૦૫.

સહી (અવાચ્ય),
ઈ/ચા. મદદનીશ શ્રમ આયુક્ત,
નવસારી.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

જાહેરનામું

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક મ.શ્ર.આ./નવ./૦૫/૧૮૫૯/આઇ/ડી/એ/એવોર્ડ એલ.સી.એન. ૯૨/૨૦૦૩.—ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને-૧૯૪૭ના ૧૪મા)ની કલમ-૧૭ અનુસાર શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧૨-૩-૯૩ના જાહેરનામાં ક્રમાંક કે/એચ/આર/૦૩/૨૬/આઇ.ડી.એ. ૨૦૦૦-૫૧૦૪-મ(૪) અન્વયે મદદનીશ શ્રમ આયુક્તશ્રી આથી તા. ૧૭-૫-૦૧ ના અત્રેની કચેરીના હુકમ ક્રમાંક કે.એચ.એસ./એચ.એમ.સી./૧૧/૨૦૦૧ હેઠળ ન્યાય નિર્ણય માટે લખી મોકલેલી ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી. અન્ય-૧ અને તે હેઠળ કામે રાખેલ કામદારો વચ્ચેની ઔદ્યોગિક તકરાર અંગેનો મજુર અદાલતનો ચુકાદો જે આ સાથે સામેલ કરેલ છે તે પ્રસિધ્ધ કરે છે.

આંક-૬૬

મે. નવસારીની નામદાર મજુર અદાલતના પ્રિસાઇડીંગ ઓફીસર સાહેબ સમક્ષ.

રેફરન્સ (એલસીએન) ૯૨/૨૦૦૩.

(૧) ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ. **પ્રથમ પક્ષકાર ;**
ખેત ઉદ્યોગભવન, જુની હાઇકોર્ટ સામે,
નવરંગપુરા, અમદાવાદ.

(૨) ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ.
એગ્રો સર્વિસ સેન્ટર, ને. હા. નં. ૮,
ચીખલી, જિ. નવસારી, પીન : ૩૯૬ ૫૨૧.

વિરૂધ્ધ

શ્રી કે. એમ. પટેલ, **બીજા પક્ષકાર ;**
મુ. પો. નવાગામ પાટીયા પાસે,
સોળગાળા, વાયા વેડછા,
તા.જિ. નવસારી.

હાજર રહ્યા અરજદાર તરફે શ્રી ડી.આર. માંકડ, એડવોકેટ.

સામાવાળા તરફે શ્રી અશોકભાઇ એન. ઈટવાળા, એડવોકેટ.

INDEX

ઍવોર્ડ

ઉપરોક્ત બંને પક્ષકારો વચ્ચેનો ઔદ્યોગિક વિવાદ અને નિરાકરણ માટે આઈ.ડી. એક્ટની કલમ-૧૦(૧)સી હેઠળ મદદનીશ શ્રમ આયુકતશ્રી, નવસારીએ તેમના હુકમ ક્રમાંક કે.એચ./એસ.એચ.એમ.સી./આઈ.ડી.આર./નવ/૧૧/૨૦૦૧ તારીખ ૧૭મી મે, ૨૦૦૧ થી મજુર અંદાલત, નવસારીને ન્યાય નિર્ણય માંટે સુપ્રત કરેલ છે.

આ કામમાં આંક-૨ અને આંક-૩ થી પ્રથમ પક્ષકાર નં. ૧ અને બીજા પક્ષકાર કામદારને નોટીસ કાઢવામાં આવી. જે આંક-૫ અને ૬ થી બજી ગયેલ છે. બીજા પક્ષકાર કામદારે આંક-૧૧ ના માંગણાના નિવેદનમાં જણાવે છે કે, કામદાર પ્રથમ પક્ષકાર નં. સંસ્થામાં તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૭૮ ના ઓફીસ ઓર્ડરથી એગ્રો સર્વિસ સેન્ટર, ભરૂચ મુકામે ગોબર ગેસના પ્લાંટના સુપરવાઈઝરના હોદો ઉપર હંગામી ધોરણે માસિક રૂા. ૨૩૦/- કોન્સોલીટેડ પગારથી નિમણુંક પામેલા. બીજા પક્ષકાર કામદારની બદલી નવસારી મુકામે એગ્રો સર્વિસ સેન્ટરમાં થયેલી ત્યાં બીજા પક્ષકારને આસીસ્ટન્ટ બાયો ગેસ ઓર્ગેનાઈઝર તરીકેના હોદા ઉપર પ્રમોશન આપેલ ત્યારબાદ તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૮૫ સુધી બાયોગેસ ઓર્ગેનાઈઝર તરીકેનો હોદો આપવામાં આવેલ હતો. બીજા પક્ષકારને તારીખ ૮મી જુલાઈ, ૧૯૮૭ ના રોજ ચીખલી મુકામે પ્રથમ પક્ષકાર નં. ૨ ની જગ્યાએ ટ્રાન્સફર કરેલા, ત્યાં સેન્ટરના ઈનચાર્જ તરીકે વધારાની કામગીરી સોંપેલ. વધારાની સોંપવામાં આવેલ ચાર્જ સંબંધી વધારાની કામગીરીનું એલાઉન્સ ચુકવવામાં આવેલ ન હતું. બીજા પક્ષકારને છેલ્લા બેઝીક પગાર વત્તા અન્ય ભથ્થા સહિત રૂા. ૮૦૦૦/- પગાર મળતો હતો. બીજા પક્ષકારની કામગીરી સેન્ટરના સાધનોનું વેચાણ કરવું. બીલ બનાવવું, પૈસા લેવા, ખેડુતોનો પ્રત્યક્ષ સંકલન કરી, બાયોગેસથી થતા ફાયદાની સમજણ આપવી, બાયોગેસ પ્લાન્ટ ચાલુ કરવા સમજાવવા, એગ્રો બનાવટના ખાતરો, દવાઓ, ખેત સાધનોની ખરીદીની સમજણ આપવી, એગ્રો પોલીસીની સમજણ આપવી. સરકારી ખાતા સાથે લાયઝન વર્ક કરવું. સેન્ટરના સાધનોનું વેચાણ કરવા, આજુબાજુના ગામોમાં જઈ ડેમોનસ્ટ્રેશન કરી વેચાણ કરવું, નિગમના ખરીદ વેચાણના હિસાબો રાખવા, ચલણબુક, સ્ટોર રેકર્ડ વગેરે તૈયાર કરવું. સને ૧૯૯૦-૯૧ ના વર્ષમાં એપ્રીસીએશન કેસ એવોર્ડ રૂા. ૫૦૦/- નો મળેલ. બીજા પક્ષકારે કામદારને પ્રથમ પક્ષકાર નં. ૧ તરફથી નિગમના કન્ડકટ અને ડીસીપ્લીન અને અપીલ રૂલ્સ-૨૯ ના ગૃપ નિયમ-૧ અન્વયે ફરજ મોકુફી હેઠળ મુકીને નિર્વાહ ભથ્થુ આપવા જણાવેલ. ડીસીપ્લીનરી અને અપીલ રૂલ્સ નિયમો-૨૯ હેઠળ ફરજ મોકુફીના છ માસ બાદ પછી નિયમ હેઠળ ૭૫% જીવન નિર્વાહ ભથ્થુ ચુકવેલ ન હતું. બીજા પક્ષકાર પ્રત્યે કિન્નાખોરી રાખી, આર્થિક ભીંસમાં મુકી તહોમતનામામાં મુકવામાં આવેલ આક્ષેપો નિર્દોષ છોડી મુકવાની ખોટી રજુઆત કરી આક્ષેપો કબુલ કરી લેવા મજબુર કરેલા. એ સંજોગોમાં કરવામાં આવેલ ખાતાકીય તપાસ ગેરકાયદેસર અને અન્યાય અને લાગુ પડતા નિયમો વિરૂધ્ધની કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધની છે. તારીખ ૩૧મી નવેમ્બર, ૧૯૯૮ નારોજ ફરજ મોકુફી

INDEX

કરવામાં આવેલ નિગમના ડીસીપ્લીનરી અને અપીલ રૂલ્સ નં. ૬ (૧)(૭)(૧૧) અન્વયે ગેરવર્તણુંક બદલ તારીખ ૭મી મે, ૧૯૯૯ ના રોજ તહોમતનામુ આપેલ, રૂલ્સ ૨ (એચ) માં કામદારની વ્યાખ્યા આપેલ છે. અમો બીજા પક્ષકારનો કામદારનો તેમાં સમાવેશ થતો નથી. બીજા પક્ષકાર જુનીયર મિડલ, સીનીયર લેવલના એક્ઝીક્યુટીવ કેડરની પોસ્ટ ન હતી. એક્ઝીક્યુટીવ કેડરમાં રૂલ્સ-૨(જી) હેઠળ આસીસ્ટન્ટ મેનેજર, મેનેજર ડીવીઝનલ અને એડીશનલ જનરલ મેનેજરનો સમાવેશ થાય. એ પોસ્ટમાં મારો સમાવેશ થતો નથી. બીજા પક્ષકારને નિગમના કન્ટકટ, ડીસીપ્લીન અને અપીલ રૂલ્સ લાગુ પડતા નથી. જેથી ગેરવર્તણુંકના આક્ષેપો ફરજ મોકુફી, તહોમતનામુ પ્રથમથી જ ગેરકાયદેસર છે. રૂલ્સ આધારીત કરવામાં આવેલ ખાતાકીય તપાસ ગેરકાયદેસર છે. ખાતાકીય તપાસ અહેવાલ તારીખ ૩૧ ઓગસ્ટ, ૧૯૯૯ ના ગેરકાયદેસર છે. બીજી કારણદર્શક નોટીસ અને બરતરફીનો હુકમ ગેરકાયદેસર અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનો છે. નિગમના એડીશનલ જનરલ મેનેજર (પી.એન.એ.) એ આપેલ ફરજ મોકુફીના હુકમ, તહોમતનામુ તથા બીજી કારણદર્શક નોટીસ કાયદા મુજબનો કોઇ અધિકાર નથી. તારીખ ૧૭મી જૂન, ૧૯૯૯ ના રોજ બીજા પક્ષકારે લેખિત ખુલાસો મોકલેલ તેમ છતાં એકતરફી નિર્ણય લઇ ખાતાકીય તપાસનું આયોજન કરેલ. શ્રીકાંત વડેરા ખાતાકીય તપાસ અધિકારીના પત્રથી જાણ થઇ તપાસ નિગમની હેડ ઓફીસ, અમદાવાદ મુકામે રાખેલ બીજા પક્ષકારનું નોકરીનું સ્થળ ચીખલી, જિ. નવસારી હતું. અમદાવાદ મુકામે રાખેલ તપાસ પૂર્વગ્રહ અને કિન્નાખોરીવાળુ વલણ સ્પષ્ટ કરે છે. શ્રીકાંત વડેરાની નિમણુંકની જાણ કરવામાં આવેલ નહિ. ખાતાકીય તપાસ અધિકારી નિગમના નિવૃત નાયબ સચિવ હતા. તેઓ બીજા પક્ષકાર કર્મચારી વિરૂધ્ધ નિઃપક્ષ ન્યાય કેવી રીતે આપી શકે. તપાસ અધિકારીનો તપાસ અહેવાલ તહોમતનામાનો જવાબ ધ્યાનમાં લીધેલ નથી. તહોમતનામાના આક્ષેપો પુરવાર થતા ન હોય, તારણ ગેરકાયદેસર અને ખોટુ છે. ખાતાકીય તપાસ અધિકારી અને રજુઆત અધિકારીની વાતોમાં વિશ્વાસ મુકી બીજા પક્ષકારે લેખિત નિવેદન આપેલ એ સત્યથી વેગળુ હતું. તેમ છતાં બીજા પક્ષકારને નોકરી મળે, આર્થિક નુકશાનમાંથી બહાર નીકળે, સામાજિક માનહાની દુર થાય તે હેતુથી બીજા પક્ષકારે નિવેદન આપેલું બીજા પક્ષકારે તારીખ ૨૭મી ડીસેમ્બર, ૧૯૯૯ ના રોજ નિગમના મેનેજીંગ ડીરેકટરને લેખિતમાં નિવેદન મોકલેલું. જે નિવેદન આખરી હુકમ કરતા પહેલાં ધ્યાનમાં લેવા વિનંતી કરેલ. ૨૨ વર્ષની સળંગ નોકરી અને કામગીરીના પરિણામે એવોર્ડ કામદારને આપેલ સને ૧૯૯૬-૯૭ અને ૧૯૯૭-૯૮ ના વર્ષમાં ખોટા ઉપજાવી કાઢેલ તહોમતો મુકી તારીખ ૭મી ડીસેમ્બર, ૧૯૯૯ ના રોજ તહોમતનામુ આપી સત્તાનો દુરપયોગ કરવો, નિગમ સાથે દગો કરવો અને નિગમને આર્થિક નુકશાન પહોંચાડવાના જે આક્ષેપો મુકેલા તે મનસ્વી અને મુળથી જ ગેરકાયદેસર હતા. નિગમ સરકારી એકમ છે. વખતો વખતના ઓડીટમાં તહોમતનામામાં મુકવામાં આવેલ આક્ષેપો ઓડીટરે ધ્યાનમાં કેમ ન લીધા ? ફોજદારી ફરીયાદ નિગમ તરફથી કરવામાં આવેલ હતી. બીજા પક્ષકાર નિર્દોષ હોવા છતાં કિન્નાખોરીનો ભોગ બની, ખાતાકીય તપાસ કરી બીજી કારણદર્શક નોટીસ આપી તારીખ ૩૦મી જૂન, ૨૦૦૦ ના રોજ નોકરીમાંથી બરતરફ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

INDEX

બીજી કારણદર્શક નોટીસનો તારીખ ૮મી મે, ૨૦૦૦ ના રોજ યોગ્ય જવાબ આપેલ, તે ધ્યાનમાં લીધા સિવાય નોકરીમાથી બરતરફ કરવાનો હુકમ લાગુ પડતા સ્થાયી હુકમ વિરૂધ્ધનો હોય નોકરીમાં પુનઃસ્થાપિત થવા હક્કદાર છે. બરતરફી હુકમ વિરૂધ્ધ અપીલ માટે મંજુરી માટે પત્ર લખેલ તેનો જવાબ ન મળતા તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૦૧ ના રોજ નોટીસ મોકલેલ. તેનો જવાબ ન આપતા રેફરન્સ કરવાની ફરજ પડેલ. જેથી દાદ માંગવાની કે પ્રથમ પક્ષકાર નં.૧ કંપનીએ તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ ફરજ મોકુફી તથા તારીખ ૭મી મે, ૧૯૯૯ નું તહોમતનામું કિન્નાખોરીયુક્ત અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું ગેરકાયદેસર ઠરાવવું. તારીખ ૩૦મી જૂન, ૨૦૦૦ ના રોજ નોકરીમાંથી બરતરફ કરવાનો હુકમ ગેરકાયદેસર અન્યાય અને સ્થાયી હુકમો વિરૂધ્ધ ઠરાવી મુળ જગ્યાએ સળંગ નોકરી સહિત પુનઃસ્થાપિત કરવા તથા વચગાળાના સમયનો પુરેપુરો પગાર અન્ય તમામ લાભો ચુકવી આપવા પ્રથમ પક્ષકાર સંસ્થાને હુકમ કરવા દાદ માંગેલ છે.

બીજા પક્ષકાર કામદાર તરફે આંક-૧૫ થી અશોકભાઇ ઇંટવાળાનું વકીલાતનામું રજુ થયેલ છે. પ્રથમ પક્ષકાર નં. ૧ તરફે આર. કે. નાયક તથા એમ. જી. પટેલનું વકીલાતનામું રજુ થયેલ છે.

પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે કામદારના માંગણાના નિવેદન વિરૂધ્ધ લેખિત બચાવનામું આંક-૧૮ થી રજુ થયેલ છે. જેની ટુંકી હકીકત એવી છે કે, માંગણાના નિવેદનમાં અરજ ખરી નથી. કબુલ મંજુર નથી, શુધ્ધબુધ્ધિનો અભાવ હોય કાયદામાં ટકી શકે નહિ. અરજના પેરા-૩ ની હકીકત કામદાર ૧૯૭૮ માં સુપરવાઇઝર તરીકે એગ્રો સેન્ટરમાં હંગામી ધોરણે નિમણુંક પામેલા ત્યારબાદ બીજા પક્ષકારે નવસારી મુકામે ટ્રાન્સફર થયેલી આસી. બાયોગેસના હોદા ઉપર પ્રમોશન મળેલું. એગ્રો સર્વિસ સેન્ટર, ચીખલી મુકામે ટ્રાન્સફર થયેલી. સેન્ટરના ઇન્ચાર્જ તરીકે વધારાની કામગીરી કરેલી, માસિક રૂા. ૮૦૦૦/- નો પગાર હતો. તે બીજા પક્ષકાર પુરવાર ન કરે ત્યાં સુધી સંસ્થાને કબુલ મંજુર નથી. પેરા-૨ ની અરજ સંબંધે કોઇ વિવાદ નથી. બીજા પક્ષકારે પ્રમાણિક વર્તન કર્યુ. તેની કદર સંસ્થાએ કરવામાં ચુક કરેલ નથી. તેથી એમ માનવાને કારણ નથી કે ૧૯૯૨ પછી સર્વિસ નિષ્કલંક હતી. અરજના પેરા-૪ ની હકીકત ખરી નથી., કબુલ મંજુર નથી. ચીખલી ખાતેના સેન્ટરમાં થયેલ ગેરરીતિમાં થયેલ તપાસ દરમ્યાન બીજા પક્ષકારને તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૯ ના હુકમથી ફરજ મોકુફી પર મુકવામાં આવેલ એ સમય દરમ્યાન મળવાપાત્ર નિર્વાહભથ્થુ નિગમ તરફથી ચુકવવામાં આવેલ છે. તે હકીકતમાં નિગમે કિન્નાખોરી કે આર્થિક નુકશાનમાં બીજા પક્ષકારને મુકેલ નથી. બીજા પક્ષકારે ખાતાકીય તપાસ દરમ્યાન ગુન્હાની કબુલાત કોઇપણ જાતના દબાણ વગર પોતાની જાતે કબુલ કરેલ છે. તે હકીકતમાં કુદરતી ન્યાયના સિધ્ધાંત લાગુ પડે છે. અરજના પેરા-૫ થી બીજા પક્ષકારની કામદાર તરફે સમાવેશ થતો નથી. તે હકીકત ખરી નથી. અને કબુલ નથી. બીજા પક્ષકારે નિગમના વર્ષ ૧૯૯૮ ના નવા પગારધોરણની સ્વીકૃતિ કરતી વખતે દરેક કર્મચારીએ પસંદ કરવાની હતી. તેમાં બીજા પક્ષકારે નવા પગારધોરણનો વિકલ્પ સ્વીકારેલ હકીકતમાં સીમેન્ટમાં થયેલ ગેરરીતિ બદલ તહોમતનામું આપી, ખાતાકીય તપાસનો જે

INDEX

અહેવાલ કાયદેસરનો હતો તેના આધારે નોટીસ અને બરતરફીનો હુકમ કરેલો એડીશનલ જનરલ મેનેજર બીજા પક્ષકારને ફરજ મોકુફી તહોમતનામું આપવાનું અને બીજી કારણદર્શક નોટીસ આપવાનું કોઇ અધિકાર ન હોવાથી હકીકત ખરી નથી. તારીખ ૧૭મી જૂન, ૧૯૯૮ ના રોજ તહોમતનો લેખિત ખુલાસો મોકલેલ હોવા છતાં એકતરફી ખાતાકીય તપાસનો આયોજન કરેલ હોવાની બીજા પક્ષકારની હકીકત ખરી નથી. ખાતાકીય તપાસ નિગમ દ્વારા જે સ્થળે અને સમયે રાખેલ તે અંગે લેખિત જાણ તપાસ અધિકારીએ કરેલ તે અંગે બીજા પક્ષકારે કોઇ વાંધો લીધેલ ન હતો, નક્કી કરેલ તારીખ અને સમય અને સ્થળે બીજા પક્ષકારે હાજર રહેલા નિગમના ખાતાકીય તપાસ અધિકારી શ્રીકાંત વડેરા વિશે પક્ષકારને માહીતી હોવા છતાં કોઇ વાંધો કે તકરાર લીધેલ નહિ. નિગમના ખાતાકીય અધિકારી ગુજરાત સરકારના નાયબ સચિવ હતા. પ્રથમ પક્ષકાર ચીખલી મુકામે એગ્રો સર્વિસ સેન્ટરમાં બીજા પક્ષકાર ઇનચાર્જ તરીકે કામગીરી કરતા હતા. બીજા પક્ષકારના અરજના પેરા-૨ મુજબ કામગીરી કરતા હતા. તે હકીકત ખરી નથી કે તપાસ અધિકારી અને રજુઆત અધિકારીની વાતોમાં વિશ્વાસ મુકી બીજા પક્ષકારે લેખિતમાં નિવેદન આપેલ તે સત્તાથી વેગળુ અને ખોટું હતું. હકીકતમાં સ્વેચ્છાપૂર્વક કોઇપણ જાતના દબાણ વિના બીજા પક્ષકારે નિવેદન આપેલ, બીજા પક્ષકાર ૧૯૯૦-૯૧ માં સારી કામગીરીની કદર કરેલ, બીજા પક્ષકારે ગેરરીતિ આચરી ત્યારે તહોમતનામું આપી, ખાતાકીય તપાસ કરી બીજા પક્ષકારે સ્પષ્ટપણે કબુલાત કરેલ તેમ છતાં અગાઉની કામગીરી ધ્યાનમાં લઇ ફોજદારી કેસો કરેલ નહિ. અરજના પેરા-૧૧, બીજી કારણદર્શક નોટીસ બીજા પક્ષકારે ખરો અને યોગ્ય જવાબ આપેલ હોવાની તમામ હકીકત ખરી નથી, બીજા પક્ષકારે આપેલા ખુલાસાને વિચારણામાં લઇ ખુલાસો યોગ્ય નહિ જણાતા બીજા પક્ષકારને તારીખ ૩૦મી જૂન, ૨૦૦૦ ના રોજ બરતરફ કરેલ છે. અરજના પેરા-૧૨ અને ૧૩ની હકીકત ખરી નથી અને કબુલ નથી. નિગમે તારીખ પમી જાન્યુઆરી, ૨૦૦૧ ની નોટીસનો જવાબ મદદનીશ શ્રમ આયુકતને મોકલી આપેલા. બીજા પક્ષકારે અરજના પેરા-૧૪ માં માંગેલ દાદ મેળવવા હક્કદાર નથી તેથી રેફરન્સ ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

આ કામ બીજા પક્ષકાર કામદારના પુરાવા પર રાખવામાં આવતાં બીજા પક્ષકાર કામદાર તરફે આંક-૧૬ ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલ છે. જેમાં નિશાની ૧૬/૧ માંગણાનું નિવેદન પ્રથમ પક્ષકાર સંસ્થાને મોકલવાનું કવર લેટર પોસ્ટ ખાતાની રજીસ્ટર્ડ એ.ડી. ની સ્લીપ એકનોલેજમેન્ટ સ્લીપ આ કામે રેકર્ડ ઉપર લીધેલ છે. ત્યાર બાદ વધુ દસ્તાવેજો બીજા પક્ષકાર તરફે આંક-૨૦ ના લીસ્ટથી રજુ થયેલ છે. જેમાં આંક-૨૩ થી નિમણુંક પત્ર આંક-૨૪ થી ઓફીસર ઓર્ડર આંક-૨૫ ટ્રાન્સફરનો આપેલ પત્ર, આંક-૨૬ થી એપ્રીસીએશન એવોર્ડ, આંક-૨૭ થી ફરજ મોકુફીનો પત્ર, આંક-૨૮ થી તહોમતનામું, આંક-૨૯ થી બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થાને લેખિત નિવેદન મોકલેલું તે આંક-૩૧, બીજી કારણદર્શક નોટીસનો જવાબ, આંક-૩૦ બરતરફીનો હુકમ આંક-૩૨, એપેલન્ટ ઓથોરીટીને અપીલ માટે લખેલ પત્ર આંક-૩૩ નોકરીમાં પુનઃસ્થાપિત થવા એડવોકેટ મારફતે મોકલેલ નોટીસ બજયાની એકનોલેજમેન્ટ, આંક-૩૪ થી રસીદ, આંક-૩૫ થી પ્રથમ પક્ષકાર નં. ૨ ને મળેલ નોટીસ મળ્યા અંગેની સ્વીકૃતિ પહોંચ નિશાની ૨૧/૧ થી બીજા પક્ષકારને

INDEX

ઇનચાર્જનો સોંપેલ ચાર્જ અંગેનો પત્ર આ કામે રજુ થયેલ છે. તે વંચાણે લીધો.

આ કામના બીજા પક્ષકાર કામદારે આંક-૨૨ની પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હું પ્રથમ પક્ષકારને ત્યાં તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૭૮ ના રોજ એગ્રો સર્વિસ સેન્ટર, ભરૂચ મુકામે બાયોગેસ સુપરવાઇઝર તરીકે જોડાયેલ, સંસ્થાએ નિશાની ૨૦/૧ નો કાર્યાલય આદેશ આપેલ જે અસલ અત્રે રજુ છે. અનુક્રમ-૨ ઉપર મારૂં નામ છે. નિશાની ૨૦/૧ ને આંક-૨૩ આપવામાં આવે છે. મારી બદલી નવસારી થયેલી. સમાન હોદા ઉપર થયેલી, નિશાની ૨૦/૨ નોકરીમાં કન્ફર્મ કર્યાનો હુકમ સંસ્થાને આપેલ નિશાની ૨૦/૨ ને પાકો આંક-૨૪ આપવામાં આવે છે. મારી બદલી ચીખલી ખાતે નિશાની ૨૦/૩ના હુકમથી કરવામાં આવેલ, નિશાની ૨૦/૩ ને આંક-૨૫ આપવામાં આવે છે. મારૂ ચીખલી ખાતે સંસ્થાના સાધનોનું વેચાણ કરવાનું, બીલ બનાવવાનું, પૈસા વસુલ લેવાના, સરકારી મીટીંગમાં હાજર રહેવાનું, ગામડાઓના બાયોગેસ ઇન્સ્પેકશન તથા નિદર્શન કરવાનું કામ હતુ. મારો છેલ્લો પગાર રૂા. ૮૦૦૦/- હતો મારા કામના બદલામાં આપેલ એવોર્ડ નિશાની ૨૦/૪ છે. નિશાની ૨૦/૪ ને આંક-૨૬ આપવામાં આવે છે મને તારીખ ૩૦ નવેમ્બર, ૧૯૯૮ નારોજ નિશાની ૨૦/૬ ના પત્ર અન્વયે પેન્ડીંગ ઇન્કવાયરી અન્વયે સસ્પેન્ડ કરવામાં આવેલ, નિશાની ૨૦/૬ ને આંક-૨૭ આપવામાં આવે છે. તારીખ ૭મી મે, ૧૯૯૯ ના રોજ નિશાની ૨૦/૭ નું તહોમતનામું મને આપવામાં આવેલ, જે અસલ રજુ છે. નિશાની ૨૦/૭ ને આંક-૨૮ આપવામાં આવે છે. મારી સામે તહોમતનામા અન્વયે ખોટા આક્ષેપો મુકવામાં આવેલ, નિશાની ૨૦/૮ તહોમતનામાનો જવાબ આપેલો તેમાં મેં સહી કરેલ, નિશાની ૨૦/૯ નો પત્ર પ્રથમ પક્ષકારના એમ.ડી. ને લખેલ તેની ટાઇપ કોપી રજુ છે. તેમાં મારી સહી છે. નિશાની ૨૦/૯ આંક-૨૯ આપવામાં આવે છે. મને નિશાની ૨૦/૧૧ ના લેખિત હુકમથી નોકરીમાંથી બરતરફ કરવામાં આવેલ નિશાની ૨૦/૧૧ આંક-૩૦ આપવામાં આવે છે. સંસ્થાએ આપેલ બીજી શો કોઝ નોટીસનો મેં આપેલ લેખિત જવાબ નિશાની ૨૦/૧૦ થી રજુ કરેલ છે. જેમાં મારી સહી છે. નિશાની ૨૦/૧૦ ને આંક-૩૧ આપવામાં આવે છે. નિશાની ૨૦/૧૨ થી મે અપીલની મંજુરી માંગતો પત્ર સંસ્થાને લખેલ નિશાની ૨૦/૧૨ માં મારી સહી છે. નિશાની ૨૦/૧૨ ને આંક-૩૨ આપવામાં આવે છે. મને અપીલ કરવાની મંજુરી આપવામાં આવેલ નહિ. મેં નિશાની૨૦/૧૩ થી વકીલ મારફતે સંસ્થાને વિનંતી પત્ર લખેલ. જેમાં મારી સહી છે. નિશાની ૨૦/૧૩ ને આંક-૩૩ આપવામાં આવે છે. સંસ્થાને મળ્યા અંગેની રજીસ્ટર્ડ એ.ડી. ની પહોંચ નિશાની ૨૦/૧૫ અને નિશાની ૨૦/૧૬ રજુ છે. નિશાની ૨૦/૧૫ ને આંક-૩૪ અને નિશાની ૨૦/૧૬ ને આંક-૩૫ આપવામાં આવે છે. નોટીસ મળ્યા બાદ મને નોકરીમાં રાખેલ નહિ. મને કાઢી મુક્યા બાદ અન્ય સ્થળે નોકરી શોધેલ પણ નોકરી મળેલ નથી. આંક-૧૧ ના માંગણા નિવેદનમાં મારી સહી છે. તેમાં લખેલી હકીકત ખરી છે. સંસ્થાએ આ કામે રજુ કરેલ લેખિત જવાબની હકીકત ખોટી જણાવેલ. સરતપાસ પુરી.

ઉલટ તપાસમાં બીજા પક્ષકારે સોગંદ ઉપર જણાવે છે કે હું સામાવાળી સંસ્થામાં ઇનચાર્જમાં

INDEX

તારીખ ૨૯મી જૂન, ૧૯૯૮ સુધી ફરજ બજાવતો. એ વાત ખરી. સંસ્થામાં જે કાંઇ કામગીરી થતી તે મેનેજરની સુચના અને મારી દેખરેખ હેઠળ થતી. સદર સંસ્થામાં સીમેન્ટની લે-વેચની કામગીરી થતી તે વાત ખરી છે. જે કંઇ કામગીરી થતી તે મારી દેખરેખ નીચે થતી હતી. તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ ફરજ મુક્ત કરેલા પરંતુ નિર્વાહ ભથ્થુ નિયમ મુજબ આપવામાં આવતું હતુ. તે વાત ખરી નથી, નિર્વાહ ભથ્થુ ન આપવા અંગે એ.ડી.એમ. મેનેજરને પત્ર દ્વારા જાણ કરેલી તેમ સાહેદ જણાવે છે. સદર પત્ર રજીસ્ટર્ડ એ.ડી. કરવામાં આવેલ ન હતી. આ પત્રની નકલ રજુ કરીશ. એ વાત ખરી છે. ખાતાકીય તપાસ કાર્યવાહીમાં જ્યારે બોલાવ્યા ત્યારે હાજર રહેલ હતો. આંક-૪૬ માં મારી સહી છે તે ખાતાકીય તપાસમાં પ્રોસીડીંગ છે તે વાત ખરી છે. સદર પ્રોસીડીંગમાં વાંચ્યા વગર સહી કરી હતી એ વાત ખરી છે કે ખાતાકીય તપાસ અમદાવાદ ખાતે નહિ પરંતુ ચીખલી ખાતે રાખવા મેં પત્ર દ્વારા માંગણી કરેલ ન હતી. ખાતાકીય તપાસ અધિકારી શ્રીકાંત વડેરા હતા. તે વાત ખરી છે કે, ખાતાકીય તપાસ અધિકારી સામે ખાતાકીય તપાસ દરમ્યાન કોઇ લેખિત વાંધો લીધેલ ન હતો. તે વાત ખરી છે. આંક-૫૨ ના પત્રની હકીકત ખરી છે. આંક-૫૨ ના પત્રની હકીકત ખરી છે. નિગમે લખેલ પત્ર આંક-૫૩ મને મળેલ તે વાત ખરી છે હું એસ.એસ.સી. પાસ છું. ઉલટ તપાસ પુરી.

નિશાની ૫૬/૧ તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૯ ના નિર્વાહ ભથ્થા વધારાનો પત્ર લખેલ છે. આંક-૫૭ થી બીજા પક્ષકાર તરફે વધુ સાક્ષી તપાસવામાં માંગતા નથી. તેવું અરજ કરેલ છે. ત્યારબાદ પ્રથમ પક્ષકાર તરફે કામ પુરાવા પર રાખવામાં આવતા. આ કામમાં આંક-૩૮ થી અરજદારની તરફેણમાં એકતરફી એવોર્ડ થયેલ, ત્યારબાદ પ્રથમ પક્ષકાર તરફે આંક-૪૦ થી ડી.આર. માંકડનું વકીલાતનામું રજુ થયેલ છે. અને આંક-૪૨ થી સંસ્થા તરફે દસ્તાવેજી લીસ્ટ રજુ કરેલ છે. જેમાં નિશાની ૪૨/૧ તહોમતનામું નિશાની ૪૨/૨ જવાબ, ઈન્કવાયરી ઓફીસરનો પત્ર, પ્રોસીડીંગ ખાતાકીય તપાસનો અહેવાલ સેકન્ડ શૉ કૉઝ નોટીસ જવાબ માટે મુદત માંગતો બીજા પક્ષકાર કામદારનો પત્ર સેકન્ડ શૉ કૉઝ નોટીસનો જવાબ, બરતરફીનો હુકમ, બીજા પક્ષકારનો પત્ર અને કોર્પોરેશન રૂલ્સ રજુ થયેલ છે. જે રેકર્ડ ઉપર લીધેલ બીજા પક્ષકારના પ્રતિનિધિને વાંધો હોય આંક- આપેલ નથી.

પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક-૪૩ ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલ છે. જેમાં નિશાની ૪૩/૧ સિવાયના દસ્તાવેજોને આંક આપવા સામે વાંધો લીધેલ નથી. જેથી નિશાની ૪૩/૨ ને ચાર્જશીટનો આપેલ જવાબને આંક-૪૪ આપવામાં આવે છે. ખાતાકીય તપાસ અધિકારીએ બીજા પક્ષકારને લખેલ પત્રને આંક-૪૫ આપવામાં આવે છે. ખાતાકીય તપાસનું પ્રોસીડીંગ આંક-૪૬ આપવામાં આવે છે. તપાસ અહેવાલ આંક-૪૭ આપવામાં આવે છે. બીજી કારણદર્શક નોટીસ પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને આપેલ તેને આંક-૪૮ આપવામાં આવે છે. આંક-૪૯ બીજી કારણદર્શક નોટીસનો જવાબ માટે મુદતમાં વધારે લંબાવી આપતો સંસ્થાનો પત્ર આંક-૫૦ બીજી કારણદર્શક નોટીસનો જવાબ આંક-૫૧ નોકરીમાંથી તાત્કાલીક અસરથી બરતરફ કરતો પત્ર

INDEX

આંક-૫૨ અપીલ મંજુરી માંગતો બીજા પક્ષકારે સંસ્થાને લખેલ પત્ર આંક-૫૩, સંસ્થાએ કામદારને અપીલના પત્ર સંદર્ભમાં લખેલ પત્ર આંક-૫૪ નિગમના ડીસીપ્લીન એન્ડ અપીલ રૂલ્સ રજુ કરેલ છે.

ત્યારબાદ સંસ્થા તરફે આંક-૫૮ થી સાક્ષી મહેન્દ્રભાઇ આત્મારામ પટેલ સોગંદ ઉપર પોતાની જુબાની આપતા જણાવે છે કે, સંસ્થામાં સુપરવાઇઝર તરીકે કામગીરી કરૂં છું. અરજદારને ઓળખું છું. અરજદાર બાયોગેસ ઓર્ગેનાઇઝર તરીકે કામ કરતા હતા. ચીખલી સેન્ટર બાયોગેસ ઇન્ચાર્જ તરીકે કામ કરતા હતા. ગ્રામ્ય વિસ્તારમાં લાભાર્થી પસંદગી બાયોગેસ પ્લાન્ટમાં કરવી, બાયોગેસ પ્લાન્ટ બાંધકામને લગતી કામગીરી બાયોગેસને લગતો ઉધાર માલસામાન, બાયોગેસની કામગીરી પર દેખરેખ રાખવી, ચીખલી સેન્ટરમાં અરજદાર પાંચ થી છ વર્ષ રહેલા. અરજદારના આ સમય ગાળા દરમ્યાન ૧૯૯૯ માં તપાસ થયેલ હતી. તપાસમાં પ્લાન્ટમાં અપાતા સીમેન્ટ તથા માલસામાન અંગેની ગેરરીતીની તપાસ હતી. ખાતાકીય તપાસ કરવાના નિયમો નિગમના છે. આ નિયમો આધારે બધા જ કામદારો અને અધિકારી સામે ખાતાકીય તપાસ થાય છે. અરજદાર સામેની ખાતાકીય તપાસ શ્રીકાંત વડેરા અધિકારીએ કરેલી. તે અધિકારી આઇ.એસ. અધિકારી હતા. નિગમની ક્યારેક ક્યારેક કામગીરી કરતા હતા. નિગમ સાથે સંકળાયેલ ન હતા. ઉલટ તપાસમાં સોગંદ ઉપર જણાવે છે કે, એ વાત ખરી કે અરજદાર ચીખલી મુકામે નોકરી કરતા હતા. ખાતાકીય તપાસ અમદાવાદ મુકામે રાખવામાં આવી હતી. ખાતાકીય તપાસ અને ચાર્જશીટ આપતા પહેલાં પેન્ડીંગ ઇન્કવાયરીએ સસ્પેન્ડ કરેલા તે વાત ખરી નથી અરજદારની ચાલુ ફરજ દરમ્યાન ખાતાકીય તપાસ કરવામાં આવી હતી. આંક-૨૭ નો પત્ર મને બતાવવામાં આવે છે. જે પ્રથમ પક્ષકાર સંસ્થાએ લખેલો. તેમાં જણાવેલ હકીકત ખરી છે. ચાર્જશીટ જે આંક-૨૮ થી રજુ કરેલ છે. તેમાં આક્ષેપો જણાવેલ તે સંબંધી લેખિત પુરાવો ખાતાકીય તપાસમાં રજુ કરવામાં આવેલ ન હતા. તે વાત ખરી નથી. આંક-૪૩ થી રજુ થયેલ દસ્તાવેજ લીસ્ટ તેમાં ખાતાકીય તપાસને લગતા પુરાવા ખાતાકીય તપાસમાં રજુ કરેલ કોર્ટમાં રજુ કરેલ નથી. આ દસ્તાવેજી લીસ્ટ રજુ થયેલ તેમાં ખાતાકીય તપાસમાં પુરાવો રજુ થયેલ ન હતા. તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૮ નારોજ પેન્ડીંગ ઇન્કવાયરી સસ્પેન્ડ કરેલા તે વાત ખરી. આંક-૩૦ ના હુકમથી તારીખ ૩૦મી જુન, ૨૦૦૦ ના રોજ નોકરીમાંથી બરતરફ કરેલા. સસ્પેન્ડ એલાઉન્સ આ સમય દરમ્યાન ચુકવેલ છે કે કેમ ? તેની મને ખબર નથી. બીજા પક્ષકારને કેટલા ટકા પ્રમાણે સસ્પેન્ડ એલાઉન્સ ચુકવવામાં આવે તે મને ખબર નથી. ડીસીપ્લીન કન્ડન્ટ નિયમો પ્રથમ પક્ષકાર સંસ્થાના આ કેસમાં રજુ કરવામાં આવેલ છે. આંક-૫૪ થી આ કામે રજુ કરેલ છે. નિયમ-૨૯ મુજબ છ મહિના બાદ ૭૫ % પ્રમાણે જીવન નિર્વાહ ભથ્થુ ચુકવવામાં આવેલ કે કેમ ? તેની મને ફીલ્ડનો માણસ હોવાથી મને ખબર નથી. ચીખલી સેન્ટરો મારી સાથે પી. એસ. પરાજયા હતા અને વ્યાસ જે મેનેજર હતા. ખાતાકીય તપાસ દરમ્યાન મેં જુબાની આપેલ નથી. ચાર્જશીટ ૧૯૯૭-૯૮ ના વર્ષના બનાવ સંબંધી છે. ૧૯૯૬ થી ૧૯૯૮ સુધીના બનાવની ચાર્જશીટ આપેલ છે. તે વાત ખરી નથી. ઓડિટ રીપોર્ટમાં બનાવ કોઇ ઉલ્લેખ થયેલ છે કે કેમ ? તે અંગે ઓડિટ રીપોર્ટ જોઇને કહી શકુ. ચાર્જશીટના જણાવેલ આક્ષેપો સંબંધી કોઇ

INDEX

પોલીસ ફરીયાદ અરજદાર વિરૂધ્ધ કરવામાં આવી ન હતી. ખાતાકીય તપાસની જાત માહીતી નથી. એ વાત ખરી. એ વાત ખરી નથી કે અરજદારને આપેલ તહોમતનામુ ખોટા આક્ષેપોવાળું હતું. એ વાત ખરી નથી કે શ્રીકાંત વડેરા મારફતે તમામ ખાતાકીય તપાસ કરવામાં આવે છે. એ વાત ખરી નથી કે ગેરકાયદેસર રીતે બીજા પક્ષકારને નોકરીમાંથી ડીસમીસ કરેલ છે. ઉલટ તપાસ પુરી.

આ કામમાં સંસ્થા તરફે આંક-૫૯ થી વધુ કોઈ સાક્ષી પુરાવા રજુ કરવા નથી તેથી કામ દલીલ પર પુરાવા પુરસીસથી જાહેર કરેલ છે. ત્યારબાદ આ કામ બંને પક્ષકારોની દલીલ પર રાખવામાં આવતાં પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે લેખિત દલીલ રજુ કરેલ છે. જેની ટુંકી હકીકત એવી છે કે, સામાવાળી સંસ્થા સરકારી નિગમ છે. રાજયના ખેડુતોના હીતમાં પ્રવૃત્તિ કરે છે. નિગમનું એક સેન્ટર ચીખલી મુકામે આવેલું છે. બીજા પક્ષકાર તેમાં કામ કરતા હતા. ગંભીર પ્રકારની નાણાંકીય ગેરશિસ્ત અને નાણાંકીય ઉચાપત બીજા પક્ષકારની સાથે સંકળાયેલા હોવાથી પેન્ડીંગ ઈન્કવાયરીએ સસ્પેન્ડ કરેલા, અને ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરીના પરિણામે નોકરીમાંથી ડીસમીસ કરેલા છે. બીજા પક્ષકારે એવી તકરાર લીધેલી છે કે, પેન્ડીંગ ઈન્કવાંયરી સસ્પેન્ડમાં સસ્પેન્શન એલાઉન્સ સંસ્થાને ચુકવેલ નથી. અને ખાતાકીય તપાસ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે. કન્ડક્ટ અને ડીસીપ્લીનરી રૂલ્સ અરજદારના કેસને લાગુ પડતો નથી. જે બીજા નિયમોના આધારે સિવાય ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઈલલીગલ કહી શકાય નહિ. સંસ્થાએ આંક-૧૮ થી લેખિત જવાબ આપેલ છે. જે કામદારના માંગણાંના નિવેદનમાં લીધેલ તકરારનો વિગતવાર ખુલાસો કરેલ છે. પ્રથમ પક્ષકાર ખાતાકીય તપાસમાં રજુ કરેલ ૧૨ દસ્તાવેજોનો બીજા પક્ષકારે કોઈ વાંધો વિરોધ લીધેલ નથી. જેથી તેને પાકો આંક આવેલ છે. સંસ્થા તરફે એમ. એ. પટેલને સાક્ષી તરીકે તપાસેલ છે. જેની ઉલટ તપાસ બીજા પક્ષકારે કરેલ છે. બીજા પક્ષકારની ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ વ્યાજબી તક આપીને કરેલ છે. બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદનમાં તેમજ તેમની સરતપાસમાં ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ગેરવ્યાજબી અંગે કોઈ સ્ટેટમેન્ટ કરેલ નથી. અને તેથી કરવામાં આવેલ ખાતાકીય તપાસ વ્યાજબી, ન્યાયી અને સાચી હતી. અને કોર્પોરેશનના રૂલ્સ પ્રમાણે ખાતાકીય તપાસ કરેલ છે. બીજા પક્ષકારે ફાયનાન્સીયલ અનિયમિતતા ખાતાકીય તપાસ ઓથોરીટી સમક્ષ સ્વીકારેલ છે. તેનું સમર્થન સંસ્થાના સાક્ષી આપે છે. અને કોઈપણ જાતની દબાણ વગર ઈન્કવાયરી ઓફીસર સમક્ષ ખાતાકીય તપાસના ચાર્જ કબુલ કરેલ છે. તે જોતાં ડીપાર્ટમેન્ટલી ઈન્કવાયરીની ગેરકાયદેસરની તકરાર ચાલી શકે નહિ. કન્ડક્ટ ડીસીપ્લીન અને અપીલના નિયમ-૩૫(૬) અપીલ માટે પણ અરજદારને તક આપેલ છે. અને તેથી તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૯નું કબુલાતનામું ખોટુ અને સત્યથી વેગળું હતું. એવી તકરાર નવ મહીના પછી લીધેલ છે. તે ચાલી શકે નહિ. બીજા પક્ષકારે એમની ઉલટ તપાસમાં તેમના માંગણાના નિવેદનને સમર્થન આપી શકેલ નથી. અને તેથી બીજા પક્ષકારની તરફેણનો કેસ બનતો નથી. રમેશકુમાર સુમીરસીંગ બરોલીયા વિ. કમાન્ડન્ટ એસ. આર. પી. ૧૯૯૪ ના કેસની હકીકત આ કેસમાં લાગુ પડે છે. બીજા પક્ષકારે જે તકરાર લીધેલ છે તે સસ્પેન્શન ગેરકાયદેસરનું ૭૫ ટકા

INDEX

નિર્વાહ ભથ્થુ ન ચુકવવાની, ડીપાર્ટમેન્ટલી ઈન્કવાયરી ગેરકાયદેસરના અને કોર્પોરેશનના નિયમો અરજદારને લાગુ પડતા નથી. અમદાવાદ ખાતે ખાતાકીય તપાસની તકરાર અને તપાસ અધિકારી વરેરાની સામે તપાસ અંગેની તકરારનું હકીકત અને કાયદામાં પાયાવિહીન તકરાર છે. સસ્પેન્શન ગેરકાયદેસરતા અંગે કોઈ પુરાવો આપેલ નથી. કોર્પોરેશને કન્ડક્ટ અને ડીસીપ્લીન અને અપીલ રૂલ્સ પ્રમાણે સસ્પેન્ડ બીજા પક્ષકારને કરેલ અને સસ્પેન્ડ એલાઉન્સ પણ બીજા પક્ષકારને ચુકવેલ છે. સસ્પેન્શન એલાઉન્સ ન ચુકવવાનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી જનરલી અરજદારની વિનંતીને ધ્યાનમાં રાખીને સ્થળ નક્કી થાય છે અને અમદાવાદ ખાતે ખાતાકીય તપાસ કોઈ તકરાર ખાતાકીય તપાસ દરમ્યાન લીધેલ નથી. ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી નિમણુંક નિગમના નિયમ મુજબ કરેલી છે. અને તે પ્રથમ પક્ષકાર સંસ્થાના નાયબ સચિવ તરીકે ક્યારે કામ કરેલ નથી. ચાર્જશીટ આંક-૪૩ અને ખાતાકીય અહેવાલ આંક-૪૭, સેકન્ડ શો કોઝ નોટીસ આંક-૪૮ તથા તેનો જવાબ આંક-૫૦ ને ધ્યાનમાં લઈ કામદારને તારીખ ૨૦મી જુન, ૨૦૦૦ ના રોજ નોકરીમાંથી બરતરફ કરેલ છે. ત્યારપછી તારીખ ૨૭મી જુલાઈ, ૨૦૦૦ ના રોજ અપીલની મંજુરી અંગેના પત્રના અનુસંધાનમાં સંસ્થાએ આંક-૫૩ થી કામદારને અપીલ બાબતે સ્પષ્ટતા કરેલી, કામદારને આઈ. ડી. એક્ટ-૧૧ નો લાભ મળવા પાત્ર નથી. કેસના સમર્થનમાં ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર કોર્પોરેશન વિ. જયંતિલાલ જે છત્રીવાળા-૧૯૯૬ નો કેસમાં જણાવ્યા પ્રમાણે સંસ્થામાં લાભ મળી શકે. ગુજરાત સ્ટેટ રોડ રાજ્ય પરિવહન નિગમ વિ. રમેશભાઈ ડી. પટેલ-૨૦૦૧ ના કેસ સંસ્થાને લાભકર્તા છે. તેથી રેફરન્સ રદ કરવો જોઈએ. બીજા પક્ષકાર કામદાર તરફે શ્રી અશોક એન. ઈંટવાળા એ મૌખિક દલીલો કરતા જણાવે છે કે, બીજા પક્ષકાર કામદારે પેન્ડીંગ ઈન્કવાયરીએ સસ્પેન્ડ કરેલ. કામદારને તારીખ ૨૦મી જુન, ૨૦૦૦ ના રોજ નોકરીમાંથી ડીસમીસ કરેલ છે. છ માસ પછી ૭૫ ટકા નિર્વાહ ભથ્થુ આપેલ નથી. કરવામાં આવેલ ખાતાકીય તપાસ ગેરકાયદેસર છે. ચાર્જશીટમાં કરવામાં આવેલા આક્ષેપો અંગે ઓડિટમાં કોઈ નોંધ કરેલ નથી કે કોઈ ફોજદારી ફરીયાદ અરજદાર સામે થયેલ નથી. એકતરફી કામ કામદારની તરફેણમાં હુકમ થયેલ ફરી ફાઈલથી સદર કેસ ફરી રેકર્ડ પર આવેલ છે. જુબાની આંક-૨૨ કામદારના માંગણાના નિવેદન આંક-૧૧ ને સમર્થન આપે છે. તેથી રેફરન્સ મંજુર કરવો જોઈએ. વધુ દલીલ કરતા જણાવે છે કે, નિગમ કન્ડક્ટ ડીસીપ્લીન એન્ડ અપીલ રૂલ્સ-૨ (એચ) મુજબ અરજદાર બાયોગેસ ઓર્ગેનાઈઝરનો સમાવેશ થતો નથી. તેથી રૂલ્સ-૬ મુજબ ગેરવર્તણુંક માટે આપેલ ચાર્જશીટ ગેરકાયદેસર બને છે. ખાતાકીય કાર્યવાહી પણ રદ થવાને પાત્ર છે. અને તેથી અરજદાર નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઈએ. સામાવાળાના સાક્ષીની ઉલટ તપાસમાં સામાવાળાના બચાવને સમર્થન આપતી નથી. દલીલના સમર્થનમાં ચુકાદો ખેમચંદ વિ. ઈન્ડીયન ઓફ ઈન્ડીયા નામદાર સુપ્રિમ કોર્ટના તથા ૧૯૯૯ એલ. એલ. આર. બોમ્બે હાઈકોર્ટ ૧૯૯૯ (૨) એલ. એન. એન. નામદાર સુપ્રિમ કોર્ટ ઉદીતસીંગ વિ. કમિશનર ઓફીસ પોલીસ નામદાર સુપ્રીમ કોર્ટ ૧૯૯૯ (૨) એલ. એલ. એન. ઈન્ડીયન એરપોર્ટ એમ્પ્લોઈઝ યુનીયન વિ. રંજન ચેટરજીનો કેસ બોમ્બે હાઈકોર્ટમાં ૧૯૯૯ એલ. એલ. આર. ૬૦૯ કર્ણાટક હાઈકોર્ટ એલ. એલ. એન. ૨૩૦૦

INDEX

જી. શશીકુમાર વિ. ઈન્ડીયન ટેલીફોન ઈન્ડસ્ટ્રીઝ તથા ૨૦૦૪ એફ. એલ. આર. ૩૬૬ બોમ્બે હાઈકોર્ટ કુમારી વીણા રામરાવ કાકડે વિ. પ્રિસાઈડીંગ ઓફીસર યુનિવર્સિટી એન્ડ કોલેજ સિવીલ અપીલ નં. ૫૪૫, ૫૪૬/૧૯૮૬ ફકીરભાઈ કુલાભાઈ સોલંકી વિ. પ્રિસાઈડીંગ ઓફીસર આઈ. ટી ગુજરાતનો ચુકાદો રજુ કરેલ છે. જેની હકીકતો અરજદારના કેસને લાગુ પડતી હોય રેફરન્સ મંજુર કરવો જોઈએ.

કેસનું રેકર્ડ, રજુ થયેલ દસ્તાવેજો તથા બંને પક્ષકારોની લેખિત દલીલ ધ્યાનમાં લેતાં આ કામના બીજા પક્ષકારે આંક-૧૧ ના માંગણાના નિવેદનમાં તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૭૮ થી ભરૂચ મુકામે સુપરવાઈઝરના હોદા ઉપર ગોબર ગેસ પ્લાન્ટમાં નિમણુંક થયેલ. ત્યારબાદ એગ્રો સર્વિસ સેન્ટર, નવસારી ખાતે આસીસ્ટન્ટ બાયોગેસ ઓર્ગેનાઈઝર તરીકે અને બાયોગેસ ઓર્ગેનાઈઝર તરીકે એગ્રો સર્વિસ સેન્ટર, ચીખલી મુકામે છેલ્લે ફરજ બજાવતા હતા. તેનું સમર્થન અરજદારના આંક-૨૫ ના કાર્યાલય હુકમથી મળે છે. કામદારને તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ ફરજ મોકુફીમાં મુકેલા. જે આંક-૨૭ ના કાર્યાલય હુકમથી તથા આંક-૨૮ ના તહોમતનામુ આપેલુ. તેવું બીજા પક્ષકારના દસ્તાવેજ પરથી ફલિત થાય છે. કામદારના માંગણાના નિવેદનમાં એવી તકરાર લીધેલ છે કે ફરજ મોકુફી દરમ્યાન નિગમના કન્ડક્ટ ડીસીપ્લીન અને અપીલ રૂલ્સ ૨૯ ના ઉપ નિયમ-૧ અન્વયે નિર્વાહ ભથ્થુ મળવાપાત્ર થશે તથા બીજા પક્ષકારને ફરજ મોકુફીના છ માસ બાદ નિયમ મુજબ ૭૫ ટકા નિર્વાહ ભથ્થુ ચુકવેલ નહિ. નિગમે નિયમોનો ભંગ કરેલ, ખાતાકીય તપાસ અન્યાય અને ગેરકાયદેસર કરેલ અને આક્ષેપો તહોમતનામાના પુરવાર થતા નથી. સામાવાળી સંસ્થાનો લેખિત જવાબ આંક-૧૮ માં તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૮ ના કાર્યાલય હુકમથી નિગમના કન્ડક્ટ ડીસીપ્લીનરી અને અપીલ રૂલ્સ-૨૯ ના ઉપ નિયમ-૧ મુજબ ફરજ મોકુફી દરમ્યાન નિર્વાહભથ્થુ નિગમ તરફથી ચુકવવામાં આવેલ છે. નિગમે કિન્નાખોરી રાખેલ નથી. બીજા પક્ષકારે ખાતાકીય તપાસ દરમ્યાન પોતાના ગુન્હાની કબુલાત કોઈપણ જાતના દબાણ વગર પોતાની જાતે કરેલ અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો લાગુ પડેલ છે. આ કામના બીજા પક્ષકારે લીધેલ તકરારના સમર્થનમાં આંક-૨૨ ની સોંગદ ઉપરની જુબાની જોઈએ તો મારી બદલી ચીખલી મુકામે નિશાની ૨૦/૩ ના હુકમથી કરવામાં આવેલી. જે આંક-૨૫ આપવામાં આવે છે. મને તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૮ નારોજ નિશાની ૨૦/૬ના પત્ર અન્વયે પેન્ડીંગ ઈન્કવાયરી સસ્પેન્ડ કરવામાં આવેલ. નિશાની ૨૦/૬ માં આંક-૨૭ આપવામાં આવે છે. તારીખ ૭મી મે, ૧૯૯૯ નારોજ નિશાની ૨૦/૭ માં તહોમતનામુ મને આપવામાં આવેલું. નિશાની ૨૦/૭ ને આંક-૨૮ આપવામાં આવે છે. મારી સામે તહોમતનામા અન્વયે ખોટા આક્ષેપો મુકવામાં આવેલ, નિશાની ૨૦/૮ થી તહોમતનામાનો મેં જવાબ આપેલો તેમાં મેં સહી કરેલી. નિશાની ૨૦/૯ નો પત્ર એમ. ડી. ને લખેલ તેમાં મારી સહી છે. નિશાની ૨૦/૯ માં આંક-૨૯ આપવામાં આવે છે. ઉલટતપાસમાં બીજા પક્ષકાર કબુલ કરે છે કે, હું સામાવાળી સંસ્થામાં ઈનચાર્જમાં તારીખ ૨૯મી જુન, ૧૯૯૮ નારોજ ફરજ બજાવતો હતો. એ વાત ખરી છે કે, સદર સંસ્થાની જે કંઈ કામગીરી હતી તે મેનેજરની સુચના અને મારી દેખરેખ નીચે થતી હતી. એ વાત ખરી છે કે, તારીખ ૩જી

નવેમ્બર, ૧૯૯૮ થી ફરજ ચુકતા કરેલા. પરંતુ નિર્વાહભથ્થુ નિયમ મુજબ આપવામાં આવતું હતું તે વાત ખરી નથી. નિર્વાહ ભથ્થુ નિયમ મુજબ ન આપવાને અંગે લેખિતમાં જાણ કરેલ હતી. એ. ડી. એમ. મેનેજરને પત્ર દ્વારા જાણ કરી હતી. સદર પત્ર રજીસ્ટર્ડ એ. ડી. થી કરવામાં આવેલ ન હતો. સદર પત્રની નકલ રજુ કરીશ. તે વાત ખરી. આમ કામદાર બીજા પક્ષકારની સરતપાસ અને ઉલટ તપાસથી એ હકીકત સ્પષ્ટ બને છે કે પેન્ડીંગ ઈન્કવાયરી સસ્પેન્ડ કરેલા અને ચાર્જશીટ આપેલી. નિર્વાહભથ્થુ ન ચુકવવા અંગે લેખિતમાં જાણ કરેલ, પરંતુ પત્ર રજીસ્ટર્ડ એ.ડી. કરેલ નહિ. સદર પત્રની નકલ રજુ કરીશ પરંતુ રેકર્ડ જોતાં તેઓ પત્ર રજુ કરેલ નથી તેથી નિર્વાહ ભથ્થુ ન ચુકવવાનું પુરવાર થતુ નથી. બીજા પક્ષકાર કામદાર તરફે આંક-૫૬ ના લીસ્ટથી તારીખ ૨જી નવેમ્બર, ૯૯ નું નિર્વાહભથ્થુ વધારો આપવા બાબતે નિશાની ૫૬/૧ નો પત્ર રજુ કરેલ છે. એમાં તારીખ ૧લી જાન્યુઆરી, ૯૬ થી તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૮ નો પગાર વધારો મેળવવાની રજુઆત કરતો, તારીખ ૨જી નવેમ્બર ૯૯ નો પત્ર છે જેમાં ૫૦ ટકા લેખે પગાર ચુકવવામાં આવે છે. નિર્વાહભથ્થુ નિયમ મુજબ ચુકવી આપવા તારીખ ૧લી નવેમ્બર, ૧૯૯૬ થી તારીખ ૩૧મી માર્ચ, ૯૯ નો પગાર વધારો માંગેલ છે સદર પત્ર પ્રથમ પક્ષકાર સંસ્થાને મળ્યો હોય એવુ પુરવાર થતુ નથી. અને સદર પત્રને બીજા પક્ષકારની આંક-૨૨ ની જુબાનીમાં સરતપાસથી સમર્થન મળતુ નથી. તે નિર્વાહભથ્થુ નિયમ મુજબ ચુકવેલ નથી. તેથી ખાતાકીય તપાસ કિન્નાખોરી રાખીને નિર્વાહભથ્થુ ન ચુકવેલ હોવાનુ પુરવાર થતુ નથી.

પ્રથમ પક્ષકાર તરફે આંક-૪૩ થી રજુ થયેલ દસ્તાવેજો જોઈએ તો તારીખ ૭મી મે, ૧૯૯૯ ની ચાર્જશીટ જે બીજા પક્ષકારે આંક-૨૮ થી રજુ કરેલ છે. ચાર્જશીટનો જવાબ આંક-૪૪ થી કામદારે આપેલ છે. આંક-૪૫ થી ખાતાકીય તપાસ હાથ ધરવા બીજા પક્ષકારને આપેલી નોટીસ, સ્થળ અંગે તેમાં તપાસ અધિકારી અને રજુઆત અધિકારીના નામ તથા સ્થળ જણાવેલ છે. આંક-૪૬ થી ખાતાકીય તપાસ દરમ્યાન તહોમતદારે તારીખ ૭મી મે, ૯૯ ના આક્ષેપ પત્રમાં જણાવેલ આક્ષેપો કબુલ મંજુર કરેલ છે. અને કોઈપણ જાતના દબાણ વિના નિવેદન આપેલ છે. આંક-૪૭ થી ખાતાકીય તપાસનો અહેવાલ આંક-૪૮ થી બીજી કારણદર્શક નોટીસનો જવાબ મુદત વધારવા માટે આંક-૪૯ થી કામદારને જાણ કરેલ. આંક-૫૦ થી કામદારે બીજી કારણદર્શક નોટીસનો પ્રથમ પક્ષકાર સંસ્થાને આપેલ જવાબ અને તેના આધારે આંક-૫૧ થી કામદારને બરતરફ કરતો કાર્યાલય આદેશ રજુ કરેલ છે. જે પ્રથમ પક્ષકારના દસ્તાવેજો જોતાં બીજા પક્ષકારની ખાતાકીય તપાસ ગેરકાયદેસર અને કિન્નાખોરીપૂર્વક કરવાની પુરવાર થતુ નથી. તેથી બીજા પક્ષકાર તરફે રજુ થયેલ નામદાર સુપ્રિમ કોર્ટનો બંધારણીય બેન્ચનો ચુકાદો ખેમચંદ વિ. યુનીયન ઓફ ઈન્ડીયાના ચુકાદાની હકીકત જોતાં આ કેસની હકીકતને લાગુ પાડી શકાય નહિ. નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયાના સિવિલ અપીલ નં. ૬૩૫૯, ૬૩૬૧/ ૧૯૯૮ના કેસમાં ચાર્જનાં સંદર્ભમાં કોઈ પુરાવો આપેલ નહિ અને ઈન્કવાયરી ઓફીસરે ખાતાકીય તપાસના અહેવાલના તારણના સંદર્ભમાં કોઈ પુરાવો રેકર્ડ પર લીધેલ નહિ. ત્યારે બીજા પક્ષકારના કેસમાં આંક-૪૬ થી સંસ્થાએ રજુ કરેલ તહોમતનામા સંદર્ભમાં કામદારની કબુલાત કે આક્ષેપો કબુલ છે. ત્યારે નામદાર સુપ્રિમ કોર્ટના

INDEX

ચુકાદાની હકીકત બીજા પક્ષકારના કેસની હકીકત કરતાં આંશિક રીતે જુદી પડે છે.

બીજા પક્ષકારની મુખ્ય તકરાર માંગણાના નિવેદનમાં નિગમના કન્ડક્ટ ડીસીપ્લીન અને અપીલ રૂલ્સ-૨(એચ) માં કામદાર તરીકે સમાવેશ થતો ન હોય નિગમના નિયમો લાગુ પડતા નથી. બીજા પક્ષકાર બાયો ઓર્ગેનાઈઝર તરીકે હોય ૨ (જે) માં પણ સમાવેશ થતો નથી. તેથી આક્ષેપો ગેરવર્તણુંકના મુકવામાં આવેલ છે. ફરજમોકુફીનો હુકમ તહોમતનામા ગેરકાયદેસર છે. રૂલ્સ આધારીત કરવામાં આવેલ ખાતાકીય તપાસ ગેરકાયદેસર અને હકુમત વગરની છે. કામદાર પોતાના માંગણાના નિવેદનના પેરા-૨ માં સેન્ટરના સાધનોનું વેચાણ કરવું, બીલ બનાવવું, પૈસા લેવા અંગેની બનાવટનાં ખાતરો, દવાઓ, ઓજારો, સાધનો ખરીદ કરવા, ફાયદા અને ગેરફાયદોની ખેડુતોને સમજણ આપવી, સરકારી ખાતા સાથે લાયઝન વર્ક કરવું. સામાવાળાની હેડ ઓફીસે પત્રવ્યવહાર કરવો, સેન્ટરના સાધનોનું વેચાણ કરવુ, એગ્રો તરફથી મળતી સબસીડીની સમજણ આપવા નિગમના ખરીદ વેચાણના હિસાબ રાખવા, બીલ બનાંવવા, રેકોર્ડ તૈયાર કરવો જણાવે છે. પ્રથમ પક્ષકાર સંસ્થાનો લેખિત જવાબના પેરા-૭ માં બીજા પક્ષકારની કામગીરી અંગે તકરાર નથી. એવુ જણાવે છે. કામદાર આંક-૨૨ માં માટે ચીખલી ખાતે સાધનોનું વેચાણ કરવું, બીલ બનાવવું, પૈસા વસુલ લેવા, સરકારી મીટીંગમાં હાજર રહેવું. ગામડામાં બાયો ગેસનું ઈન્સ્પેક્શન તથા નિર્દેશન કરવુ, તેવું સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે તે જોતાં કામદાર નિગમના રૂલ્સ-૨ (એચ) મુજબ કામદારની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી. તેવી બીજા પક્ષકારના વકીલની દલીલ સાથે અદાલત સંમત નથી. અને આંક-૫૪ થી નિગમે તરફે રજુ થયેલ રૂલ્સ-૨(એચ) જોતા કામદારમાં જુનીયર/મીડલ/સીનીયર લેવલ એક્ઝીક્યુટીવ કેડર સુપરવાઈઝરી અને સહાયક સ્ટાફ નિગમના કોઈપણ ડીવીઝન એકમમાં કાયમી હોય ટેમ્પરરી હોય કે કોન્ટ્રાક્ટ સર્વિસનો સમાવેશ થાય છે. પરંતુ એપ્રેન્ટીસનો સમાવેશ થતો નથી. સ્ટેન્ડીંગ ઓર્ડર્સ સેક્શન ૨(એમ) નિગમને લાગુ પડે છે. અને રૂલ્સ ૨(જે) ની કેડરમાં કામદારનો સમાવેશમાં બીજા પક્ષકારનો સમાવેશ થતો નથી. તેવું બીજા પક્ષકારની આંક-૨૨ ની ઉલટ તપાસમાં સોગંદ ઉપર બીજા પક્ષકાર કબુલ કરેલ છે. જે કંઈ કામગીરી હતી તે મેનેજરની સુચના અને મારી દેખરેખ નીચે થતી હતી. સદર સંસ્થામાં સીમેન્ટ લે-વેચની કામગીરી થતી હતી તે વાત ખરી જે કંઈ કામગીરી થતી તે મારી દેખરેખ નીચે થતી તે વાત ખરી ઉલટ તપાસ જોતાં પણ બીજા પક્ષકાર કામદારની નેચર ઓફ વર્ક જોતાં કામદારનો ૨-(એચ) નિગમના રૂલ્સમાં સમાવેશ થતો નથી. તે હકીકત માની શકાય નહિ. પ્રથમ પક્ષકાર સંસ્થાના સાક્ષીની આંક-૫૮ ની જુબાનીમાં બાયોગેસ ઈન્ચાર્જ તરીકે કામ કરતા હતા. ગ્રામ વિસ્તારમાં લાભાર્થીની પસંદગીના બાયોગેસ પ્લાન્ટમાં કરવી, બાયોગેસ પ્લાન્ટના બાંધકામને લગતી કામગીરી, બાયોગેસને લગતો ઉધાર માલસામાન આપવો, બાયોગેસના કામગીરી પર દેખરેખ રાખવી અને જુબાની જોતાં બીજા પક્ષકારના માંગણા નિવેદનમાં જણાવેલ કામગીરીને સમર્થન મળે છે. કામદારે મદદનીશ મજુર કમીશનરના પોતાનો હોદો એનર્જી વિભાગમાં બાયોગેસ ઓર્ગેનાઈઝર ટેકનીકલ પ્રકારનું કામ દર્શાવેલ છે. અને રેફરન્સ અદાલતને સુપ્રત કરેલ છે. બીજા પક્ષકારની શરૂઆતની નિમણુંક સુપરવાઈઝર તરીકે ત્યારબાદ આસીસ્ટન્ટ બાયોગેસ ઓર્ગેનાઈઝર અને બીજા પક્ષકારે

INDEX

રજુ કરેલ, આંક-૨૩, ૨૪, ૨૫ ના સમર્થન મળે છે. આંક-૨૭ના નિગમના કન્ડક્ટ ડીસીપ્લીન અને અપીલ રૂલ્સ-૬(૧), (૭), (૧૧) ગેરવર્તણુંક હેઠળ પેન્ડીંગ ઈન્કવાયરી સસ્પેન્ડ કરેલ છે. અને તે જોતાં કામદારને નિગમના રૂલ્સ અન્વયે કામદારનો સમાવેશ થતો નથી. તેવુ પુરવાર કરવામાં બીજા પક્ષકાર નિષ્ફળ ગયેલ છે. તેથી પણ રેફરન્સ ચાલવાપાત્ર નથી.

પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે લેખિત દલીલના સમર્થનમાં રજુ થયેલ રમેશકુમાર સુમેરસીંગ બરોલીયા વિ. કમાન્ડન્ટ, એસ. આર. પી. ૧૯૯૪ (૪) જી. સી. ડી. ૨૬૦૭ ના કેસની હકીકત જોતાં બીજા પક્ષકારે આક્ષેપોની કબુલાત ખાતાકીય તપાસની કાર્યવાહીમાં કરેલ છે. તે જોતાં રેકર્ડ ઉપર બીજા પક્ષકારે સદર આક્ષેપોની કબુલાત સત્યથી વેગળી અને વિશ્વાસઘાતથી લેવામાં આવે તેવું પુરવાર કરી શકેલ નથી. તેથી સદર કેસની હકીકત આ કેસની હકીકત સાથે પ્રથમ પક્ષકારને લાભકર્તા છે. ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન વિ. રમેશભાઈ ડી. પટેલ-૨૦૦૧ (૨) જી. એલ. એચ. ૭૯૧ માં નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાની હકીકત ગુનાની કબૂલાત બીજા પક્ષકારે કરેલ હોય ત્યારે સદર ચુકાદાનો લાભ પ્રથમ પક્ષકાર સંસ્થાની તરફેણમાં છે. તેથી પણ બીજા પક્ષકારનો રેફરન્સ ટકી શકે તેમ નથી.

બીજા પક્ષકાર તરફે ફકીરભાઈ ફુલાભાઈ સોલંકી વિરૂધ્ધ પ્રિસાઈડીંગ ઓફીસર આઈ. ટી. નો ચુકાદોમાં આઈ. ડી. એક્ટની કલમ-૩૩(૩), ૩૩(એ), કામદાર ચુકાદાની હકીકત આ કેસની હકીકતો કરતાં આંશિક રીતે અલગ પડે છે. તેથી બીજા પક્ષકારને લાભ મળી શકે નહિ.

ઉપરોક્ત ચર્ચા જોતાં કાયદો અને પુરાવાની દ્રષ્ટિએ બીજા પક્ષકાર પોતાનો રેફરન્સ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, રદ કરવામાં આવે છે.

હુકમ

આ કામના બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ નથી. આ એવોર્ડ અમલ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અમલમાં આવશે.

નવસારી, તારીખ ૨૪મી જુન, ૨૦૦૫.

સહી /- (અવાચ્ય),
પ્રિસાઈડીંગ ઓફીસર,
મજુર અદાલત,
નવસારી.

નવસારી, તારીખ ૭મી જુલાઈ, ૨૦૦૫.

આર. એમ. પટેલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
નવસારી.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

જાહેરનામું

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર : મશ્રઆ/નવ./૦૫/૧૯૮૭/૦૫/આઇ/ડી/એ/એવોર્ડ એલ.સી.એમ./૬૦/૦૧.–ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૭ અનુસાર શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૨મી માર્ચ, ૧૯૯૩ના જાહેરનામા ક્રમાંક કેએચ-આર/૦૩/૨૬/આઈડીએ/૨૦૦૦-૫૧૦૪-મ (૪) અન્વયે મદદનીશ શ્રમ આયુક્તશ્રી આથી તારીખ ૯મી જુલાઈ, ૨૦૦૧ના અત્રેની કચેરીના હુકમ ક્રમાંક કે.એચ.એસ./એચ.એમ.સી./૧૬૭૭ હેઠળ ન્યાય નિર્ણય માટે લખી મોકલેલી મુખ્ય અધિષ્ઠાતાશ્રી, ગુજરાત ગુરુકુલ સુપા. તા.જી. નવસારી અને તે હેઠળ કામે રાખેલા કામદારો વચ્ચેની ઔદ્યોગિક તકરાર અંગેનો મજુર અદાલતનો ચુકાદો જે આ સાથે સામેલ કરેલ છે. તે પ્રસિધ્ધ કરે છે.

આંક-૬૪

મે. નવસારીના લેબર કોર્ટના પ્રિસાઈડીંગ ઓફીસર સાહેબની કોર્ટમાં મુ. નવસારી.

રેફરન્સ (એલસીએન) ૬૦/૨૦૦૧.

મુખ્ય અધિષ્ઠાતાશ્રી, પ્રથમ પક્ષકાર;
ગુજરાત ગુરુકુલ સુપા
તા. જી. નવસારી

વિરૂદ્ધ

શ્રી અજીતભાઈ દયાળજીભાઈ પટેલ, બીજા પક્ષકાર.
C/o. નવસારી ઔદ્યોગિક મજદુર સભા,
૨૧૭, શોપીંગ સેન્ટર, દુધિયા તળાવ, નવસારી.

હાજર રહ્યા પ્રથમ પક્ષકાર તરફે નિલોજભાઈ દેસાઈ, એડવોકેટ.

બીજા પક્ષકાર તરફે મંત્રીશ્રી, જગુભાઈ, નવસારી ઔદ્યોગિક મજદુર સભા, નવસારી.

INDEX

એવોર્ડ

ઉપરોકત બંને પક્ષકારો વચ્ચેનો ઔદ્યોગિક વિવાદ અને નિરાકરણ માટે આઈ.ડી. એકટની કલમ ૧૦ (૧) સી હેઠળ મદદનીશ શ્રમ આયુકતશ્રી, વલસાડે તેમનાં હુકમ ક્રમાંક કે.એચ./એસ.એચ.એમ.સી./આઈ.ડી.આર./નવ/૧૬૭૭ તારીખ ૯મી જુલાઈ, ૨૦૦૧ થી મજુર અદાલત, નવસારીને ન્યાય નિર્ણય માટે સુપ્રત કરેલ છે.

સદર તકરારનો ન્યાય નિર્ણય કરવા અત્રેની અદાલતે આંક-૨ અને આંક-૩ થી બંને પક્ષકારોને નોટીસ કાઢેલ. જે નોટીસ બજી ગયેલ છે. આ કામના બીજા પક્ષકાર કામદારે આંક-૫ અને આંક-૧૧ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. આંક-૧૧ના માંગણા નિવેદનની ટુંકી હકીકત એવી છે કે, બીજા પક્ષકાર કામદારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૧૯૯૭ થી રોજના રૂા. ૬૦/-થી અધિષ્ઠાતાશ્રી તરીકે નોકરી કરતા હતા. બીજા પક્ષકાર કામદારને તારીખ ૨૫મી જુન, ૧૯૯૭થી અરજીના આધારે સંસ્થાના આશ્રમ વિભાગમાં અધિષ્ઠાતા તરીકે ત્રણ માસના હંગામી ધોરણે રૂા. ૬૫૦-૨૫-૭૭૫-ઈબી-૩૦-૯૨૫-૧૧૦૦-ઈબી-૪૦-૧૫૦૦ના પગારથી સંસ્થાએ બનાવેલા નિયમો મુજબ ગુજરાત રાજ્ય મિલ કામદારને મળતી મોંઘવારી પ્રમાણે નોકરીમાં રાખેલ, કામદાર સંસ્થાના નિયમ મુજબ તારીખ ૨૫મી જુલાઈ, ૧૯૯૭ના રોજ રૂા. ૨,૦૦૦/- સીક્યોરીટી ડીપોઝીટ ભરેલ કામદારને સંસ્થાએ તારીખ ૭મી જુલાઈ ૧૯૯૭ના પત્રથી તારીખ ૧૯મી જુલાઈ, ૧૯૯૭ના રોજ રૂબરૂ મુલાકાતથી નિમણુંક આપેલ તારીખ ૨૬મી ડીસેમ્બર, ૧૯૯૮ થી સંસ્થાના નિયમો અને શરતો મુજબ સંસ્થાનું કામ સોંપવામાં આવેલ તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૮ની અંતરગત સભાના ઠરાવ નં. ૬ થી અધિષ્ઠાતા તરીકે કાયમી નિમણુંક તારીખ ૧લી ડીસેમ્બર, ૧૯૯૮ના રોજ રૂા. ૧૫૭૫-૦૦ મુળ પગારથી કરેલ સંસ્થામાં પ્રમાણિક રીતે ખંતથી ફરજ બજાવેલ. બીજા પક્ષકાર સામે કહેવાતી ફરીયાદના સંદર્ભમાં તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના શનિવારે રાત્રે ૧૦-૦૦ કલાકે બીજા પક્ષકાર કામદારની ઈચ્છા વિરુધ્ધ દાબ-દબાણ અને ધમકીથી રાજીનામુ લખાવી લેવામાં આવેલ. રાજીનામુ તારીખ ૧લી માર્ચ, ૨૦૦૧ના પત્રથી પાછુ ખેંચી લીધેલ તે સમય દરમ્યાન અમો કામદારે તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧ થી તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૧ સુધી રજા મેળવવા અરજી કરેલી. અને તારીખ ૧૫મી માર્ચ, ૨૦૦૧ના રોજ ફરજ પર હાજર થયેલ પરંતુ કામ લીધેલ નહી. અને તારીખ ૧૫મી માર્ચ, ૨૦૦૧થી નોકરીમાંથી ગેરકાયદેસર રીતે કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરુધ્ધ છુટા કરી દીધેલ. પ્રથમ પક્ષકાર સંસ્થાને આ હકીકત અંગે રૂબરૂમાં પુછતા લેખિત હુકમો મોકલવામાં આવશે. તેમ જણાવેલ તારીખ ૨૫મી માર્ચ, ૨૦૦૧ના પત્રથી નોકરીમાં રાખી લેવા સંસ્થાને વિનંતી કરેલ પરંતુ સંસ્થા તરફે કોઈ દાદ આપેલ નહી. તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૧ના પત્રથી ગેરકાયદેસર રીતે તારીખ ૧૫મી માર્ચ, ૨૦૦૧ના રોજથી નોકરીમાંથી છુટા કરી દેવાના હુકમ રદ કરી સળંગ નોકરી ગણી પુરેપુરા પગાર સાથે નોકરીની ફરજ પર હાજર કરવા જણાવેલ. પરંતુ કોઈ દાદ આપેલ નહી. આથી

INDEX

માંગણાના નિવેદનથી એવી દાદ માંગવામાં આવે છે કે, તારીખ ૧૫મી માર્ચ, ૨૦૦૧થી નોકરીમાંથી છુટા કરવાનું પગલું ગેરકાયદેસર અને ગેરવ્યાજબી ઠરાવી સળંગ નોકરી ગણી પુરેપુરા પગાર સાથે તથા લાભ સહિત નોકરીમાં પુનઃસ્થાપિત થવા દાદ માંગેલ છે.

આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક-૧૩થી લેખિત જવાબ માંગણાના નિવેદન વિરુધ્ધ રજુ કરેલ છે. જેની ટુંકી હકીકત એવી છે કે, માંગણાના નિવેદનમાંની હકીકતો ખરી નથી. રેફરન્સ કરવાનો કોઈ કાયદેસરનું કારણ ઉત્પન્ન થયેલ ન હોય રેફરન્સ રદ થવાને પાત્ર છે. પ્રથમ પક્ષકાર સંસ્થા મહર્ષિ સ્વામી દયાનંદ સરસ્વતીના આર્ય સમાજના સિધ્ધાંતોના પ્રચાર અને પ્રસાર તથા ઉચ્ચ ચારિત્રવાન, નિષ્ઠાવાન સમાજના નિર્માણ અર્થે શિક્ષણ આપતું શૈક્ષણિક સંકુલ છે. ગુરુકુલના બાળકો માટે શિક્ષણ સાથે ધાર્મિક શિક્ષણ મળે તે માટે નમ્ર પ્રયાસ ગુરુકુલ કરે છે. ગુરુકુલની મુખ્ય પ્રવૃત્તિ શૈક્ષણિક શિક્ષણની છે તે ઉપરાંત આશ્રમ, ભોજન કાર્યાલય, ગૌશાળા, ચિકિત્સાલય, હવન તથા યજ્ઞ વેદી વિભાગો છે. ગુરુકુલનો વહીવટ ચુંટાયેલી બોડી કરે છે. જેને અંતરગત સભા કહેવામાં આવે છે. પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ નીચે નોંધાયેલ ટ્રસ્ટ છે. દાનની ઉપર નિર્ભર છે. ગુરુકુલ આવતા બાળકોની ફી ગુરુકુલમાં આપવામાં આવતા શિક્ષણના પ્રમાણમાં નહિવત છે. પ્રથમ પક્ષકાર સંસ્થા સાંસ્કૃતિક, ધાર્મિક અને શિક્ષણ સાથે સંકળાયેલા હોય ઔદ્યોગિક વિવાદ ધારો કે અન્ય મજુર કાયદાઓ લાગુ પડતા નથી. રેફરન્સ ચાલી શકે નહી. ગુરુકુલમાં રહેતા બાળકોને રહેવાની સ્વચ્છ અને નિરોગી આરોગ્ય લક્ષી વ્યવસ્થા માટે સાર-સંભાળ દેખરેખ આશ્રમ અધિષ્ઠાતાને સેવકો હોય છે. આશ્રમ અધિષ્ઠાતાની દોરવણી અને માર્ગદર્શન મુજબ બાળકોને પોતાનું દરેક કામ જાતે કરવાનું હોય છે. ગુરુકુલ ધાર્મિક સંસ્કૃતિ અને શૌક્ષણિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલું હોય આઈ.ડી. એકટ લાગુ પડે નહી. અને બીજા પક્ષકાર કામદારે ૨ (એસ) મુજબ કામદાર ન હોય રેફરન્સ ચાલવા પાત્ર નથી. બીજા પક્ષકાર કામદારે તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ સ્વેચ્છાએ રાજીનામું આપી છુટા થયેલ છે. બીજા પક્ષકાર કામદારનું રાજીનામું મંજુર કર્યાની લેખિત જાણ કરેલ છે. બીજા પક્ષકારના નીકળતા કાયદેસરના તમામ નાણા ચુકવી આપવા જણાવેલ છે. રેફરન્સને કાયદાનું સમર્થન મળતું નથી. મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ-૧૯૪૮નો કાયદો લાગુ પડતો નથી. સંસ્થાનો ઉદ્દેશ વેપાર કે નફો કરવાનો ન હોય પરંતુ સામાજિક વિકાસને ખર્ચે હોય ઉદ્યોગ કહી શકાય નહી. ગુજરાત હાઈકોર્ટનો પોરબંદર ગુરુકુલના કેસનો આધાર રાખીએ છીએ. સંસ્થાના બાળકો ચારિત્રવાન નાગરિક બનાવવા પ્રવૃત્તિ થતી હોય કલમ ૨(જ) મુજબ ઉદ્યોગ નથી. બીજા પક્ષકાર ૧૯૯૭ના અરસામાં રૂા. ૬૦/-ના રોજથી અધિષ્ઠાતા તરીકે જોડાયેલા હકીકત કબુલ મંજુર નથી. બીજા પક્ષકારનો હોદ્દો નિમણુંક પગાર ધોરણ દફતરે જે રેકર્ડ હશે તે બંધનકર્તા છે. માંગણાના પેરા-૪ની હકીકત ખંત અને પ્રમાણિકતાથી કામ કરતાં હોવાની હકીકત ખરી નથી. તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ કામદારની અનિચ્છાએ રાજીનામુ લખાવી લીધાની તારીખ ૧લી માર્ચ, ૨૦૦૧થી રાજીનામુ પાછું ખેંચવાની તથા તારીખ ૨૫મી માર્ચ, ૨૦૦૧ થી તારીખ ૧૪મી માર્ચ ૨૦૦૧

INDEX

સુધી રજા મેળવવાની અરજી અને તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧થી ફરજ પર હાજર થવાની હકીકત પેરા-૭ની ખરી નથી. સ્વૈચ્છિક રાજીનામુ આપીને સ્વીકારાય ગયાની જાણ થયા બાદ પાછળથી તકરાર ખોટી ઉત્પન્ન કરેલ છે. માંગણાના નિવેદનની પેરા-૮ની હકીકત ઉપજાવી કાઢેલી છે. તારીખ ૨૫મી માર્ચ, ૨૦૦૧ના પત્રથી નોકરીમાં રાખી લેવાની હકીકત ઉપજાવી કાઢેલ છે. તા. ૨૫-૨-૨૦૦૧ના રોજ સ્વૈચ્છિક રાજીનામાનો પત્ર બાદ તે બાબતની જાણ કામદારને મળેલ રાજીનામુ પાછું ખેંચવાનું કામદારને કોઈ કાયદેસરનો અધિકાર નથી. ગુરૂકુલને આ બાબત અંગે પુનઃ વિચારણા કરવાની કોઈ શકયતા નથી. પેરા-૯ના માંગણાના નિવેદનની હકીકત મુજબ દાદ મેળવવા હક્કદાર ન હોય રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

આ કામ બીજા પક્ષકાર કામદાર તરીકે અધિકાર પત્ર આંક-૧૮થી નવસારી ઔદ્યોગિક મજદુર સભાનો રજુ થયેલ છે અને સંસ્થા તરીકે આંક-૮થી નિલાંજભાઈ દેસાઈનો વકીલાત પત્ર રજુ થયેલ છે.

બીજા પક્ષકાર કામદાર તરફે આંક-૧૨ની લીસ્ટથી દસ્તાવેજો રજુ થયેલ છે. જેમાં આંક-૨૭ નોકરી મેળવવાની અરજી આંક-૨૮, મુલાકાતનો પત્ર આંક-૨૯ હંગામી ધોરણે નોકરીમાં રાખ્યાનો પત્ર આંક-૩૦ કાયમી નિમણુંકનો પત્ર આંક-૩૯ રજીસ્ટર્ડ એ. ડી. થી સંસ્થાને મોકલેલ પત્ર આંક-૪૦ એ. ડી. સ્લીપ આંક-૪૧ ઓળખપત્ર આંક-૩૩ રજાનો રીપોર્ટ આંક-૩૫ રાજીનામું પરત લેવાનો પત્ર આંક-૩૬ રજીસ્ટર્ડ એ.ડી.ની સ્લીપ આંક-૩૭ રજીસ્ટર્ડ એ.ડી.ની સ્લીપ આંક-૩૮ રજાના રીપોર્ટનો પત્ર આંક-૧૯નાં લીસ્ટથી વધું દસ્તાવેજો જેમાં તા. ૨૫-૬-૯૭ તથા તા. ૨૬-૬-૯૭નો પત્ર મોકલ્યાની રસીદ રજુ કરેલ છે. આંક-૩૧ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલ છે. જેમાં કામદારે નોકરી માટે લખેલ અરજી આંક-૪૨ રજીસ્ટર્ડ એ.ડી. રસીદ આંક-૪૩, આંક-૪૪ સ્વીકૃતિ પહોંચ આંક-૪૫ થી વિહાણ વિદ્યાલયને નોકરી માટે લખેલ પત્ર આંક-૪૬ કામદારને આપેલ જવાબનો પત્ર આંક-૪૭ વિવિધલક્ષી વિદ્યાલયનો પત્ર કામદારને ઉદેશીને આંક-૫૩ના લીસ્ટથી દસ્તાવેજોમાં આકં-૫૪ થી ગુરુકુલનો દૈનિક સાધ્ય યજ્ઞની પુસ્તીકા આંક-૫૮ ગુરુકુલ સુપા આશ્રમના અધિષ્ઠાતા માટેના નિયમો આંક-૬૧ના લીસ્ટથી ગુરુકુલનું બંધારણ રજુ કરેલ છે.

પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે દસ્તાવેજોમાં આંક-૧૪ના લીસ્ટથી રજુ કરેલ છે. જેમાં આંક-૫૭થી કામદારનું રાજીનામું સ્વીકારી ફરજ મુક્તિનો પત્ર આંક-૨૨નાં લીસ્ટથી સંસ્થાનો વાર્ષિક અહેવાલ જે આંક-૨૩ થી અને હાજરી પત્રક આંક-૨૪ થી રજુ કરેલ છે. આંક-૨૫ના લીસ્ટથી વધુ દસ્તાવેજોમાં આકં-૨૬ આઉટવર્ડ અને આંક-૨૪ કામદારે આપેલ રાજીનામાનો પત્ર રજુ કરેલ છે. ત્યારબાદ આંક-૪૮ના લીસ્ટથી વધુ દસ્તાવેજોમાં આંક-૪૯ થી કામદારનો સી. એલ. રીપોર્ટ આંક-૫૦ મસ્ટર રોલ આંક-૫૧ કોચીંગની માહિતી દર્શાવતો પત્ર અને આંક-૫૨ પગાર પત્રકની નકલ રજુ થયેલ છે. જે વંચાણે લીધી આંક-૨૦ થી કામદારે દસ્તાવેજ માંગેલ જે આંક-૨૧થી

INDEX

જવાબ આપેલ. માંગેલ જે આંક-૨૧થી જવાબ આપેલ, માંગેલ દસ્તાવેજો સંસ્થાએ રજુ કરેલ છે.

આ કામના બીજા પક્ષકાર કામદારે આંક-૩૨ની પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સર તપાસમાં જણાવે છે કે તા. ૧૬-૬-૯૭થી સંસ્થામાં અધિષ્ઠાતાના પ્રકારની કામગીરી કરતો હતો. રોજના રૂા. ૬૦/- લેખે પગાર મળતો તા. ૨૫-૬-૯૭ના રોજ અરજી કરેલ. કાયદેસરની નિમણૂંક પામેલ છું. સંસ્થામાં ૬ થી ૭ વિભાગ કાર્યરત છે સંસ્થાની આવક ખેતી-દાન તથા ઉત્પાદક ચીજવસ્તુની વેચાણની છે. હું તા. ૨૪-૨-૦૧ના રોજ કામ ઉપર હતો. કામનો સમય સવારથી સાંજ સુધીનો હતો. ધોરણ-૭ વિદ્યાર્થીના વર્ગમાં કામ કરતો હતો અધિષ્ઠાતા તરીકે ફરજ હતી. વર્ગના તોફાની વિદ્યાર્થીને ઠપકો આપેલો. તા. ૨૫-૨-૨૦૦૧ના રોજ હું ફરજ પર હતો ધોરણ-૯ના વર્ગમાં મુકલે સાંજના સમયમાં ગેટ ઉપર બોલાવવામાં આવેલો જતીનભાઈને વાલી ભરતભાઈ આવેલા તેમણે મને દરવાજે બોલાવેલ. મારા દિકરાને શા માટે ઠપકો આપે છે. પછી મારી ફરજ પર આવેલ હતો. રાત્રે ૯ થી ૧૦ ઓફીસ કાર્યાલયમાં બોલાવી પ્રમુખશ્રી અને મંત્રીશ્રી હાજર હતા. મારી પાસે રજા ચિઠ્ઠી લખાવી જેને નિશાની ૧૨/૧૦ થી રજુ કરેલ છે. જેનો પાકો આંક-૩૩ આપવામાં આવે છે. નિશાની ૨૫/૨ રાજીનામામાં મારી સહી છે. બીજી સહી જયંતિભાઈની છે. જેમાં તા. ૨૫-૨-૨૦૦૧ છે. આ રાજીનામું ધાક-ધમકીથી લખાવેલું છે. મેં સ્વેચ્છાએ લખેલ ન હતું. આંક-૩૪ આપવામાં આવે છે. નિશાની ૧૨/૨ નો પત્ર સંસ્થાને મેં લખેલો રાજીનામું પાછુ ખેંચવાની રજુઆત કરેલી સંસ્થાએ મારુ રાજીનામું મંજુર કરેલ તેની જાણ મને કરેલ નથી. નિશાની ૧૨/૧૩ નો પત્ર રજીસ્ટર્ડ એ.ડી. થી મોકલેલો નિશાની ૧૨/૧૪ સીક્યોરીટી પહોંચ છે. જેનો પાકો આંક-૩૬ અને ૩૭ આપવામાં આવે છે. નિશાની ૧૨/૧૫ નો પત્ર કામ પર આવવાની જાણ કરેલ જેનો પાકો આંક-૩૮ આપવામાં આવે છે. તેમ છતાં કામ પર લીધેલ નહી. નિશાની ૧૨/૬નો પત્ર સંસ્થાને લખ્યો જે પત્ર રજીસ્ટર્ડ એ.ડી. થી મોકલેલ, નિશાની ૧૧/૭ અને ૧૨/૮ સંસ્થાને મળેલ સ્વીકૃતિ પહોંચ છે. તેનો પાકો આંક અનુક્રમે ૩૯, ૪૦, ૪૧ આપવામાં આવે છે. આંક-૫ અને આંક-૧૧ના માંગણીના નિવેદનમાં મારી સહી છે. જે આંક-૧૧ પ્રમાણે દાદ માંગેલ છે. નોકરી છોડયા પછી બીજે નોકરી મેળવવા પ્રયત્ન કરેલ, નોકરી મળેલ નથી. નિશાની ૩૧/૧થી નોકરી મેળવવા અરજી કરેલી નિશાની ૩૧/૨ તથા નિશાની ૩૧/૩ રજીસ્ટર્ડ એ. ડી.ની પહોંચ તથા સ્વીકૃતિ પહોંચ છે. નિશાની ૩૧/૪ની અરજીનો જવાબ નિશાની ૩૧/૫ થી આપેલ છે. નિશાની ૩૧/૬ થી પત્ર સંસ્થાને લખેલ. પરંતુ નોકરી મળેલ નથી. તેનો પાકો આંક-૪૧ થી ૪૩ આપવામાં આવે છે. મેં સ્વેચ્છાએ રાજીનામું આપેલ તે વાત ખરી નથી. રેફરન્સસ મુજબની દાદ છે. ઉલટ તપાસમાં સાહેદ સોગંદ ઉપર જણાવે છે કે હાલમાં હું ખેતી કરું છું. સાથે પશુપાલનનું કામ કરું છું. દૂધની આવકમાંથી કુટુંબનું ભરણ પોષણ થાય છે. નોકરીના સમય દરમ્યાન સંસ્થા સાથે સારા સંબંધો હતા આજે પણ સારા સંબંધ છે. સંસ્થા શૈક્ષણિક સંસ્થા છે. ગૃહપતી તરીકે ફરજ બજાવતો તે વાત ખરી ગૃહપતી તરીકે બાળકો શુ ભણે છે. તેની જાણકારી મને ખરી. બાળકો સવારે પાંચ વાગ્યાથી રાત્રે સુઈ જાય ત્યાં સુધીની દૈનિક પ્રવૃત્તિની દેખરેખ રાખુ. સંસ્થામાં ખેતીમાંથી, ગૌશાળાની આવક હતી. એ બતાવવા મારી પાસે એ પુરાવો અત્યારે નથી. આંક-૫ અને આંક-૧૧ના

INDEX

માંગણીના નિવેદનમાં તા. ૨૪-૨-૨૦૦૧ના બનાવનું કોઈ વિગત નથી. રજા મેળવવા માટે આશ્રમ અધ્યક્ષ સુરેશભાઈ હતા. ૨૦૦૧ માં મુખ્ય અધિષ્ઠાતા જયંતિભાઈ હતા. તેઓ સવારે આઠ થી પાંચ વાગ્યા સુધી સંસ્થામાં રહે, તા. ૨૫-૨-૨૦૦૧ના રોજ જયંતીભાઈ રાત્રે ૧૧ વાગ્યા સુધી રહેલા એ અંગે બીજો કોઈ પુરાવો આપી શકશે નહી. તા. ૨૫-૨-૨૦૦૧ના રોજ રાજીનામું લખાવી લીધા અંગે કોઈ ફરીયાદ પોલીસમાં મેં કરેલ નથી. તા. ૨૫-૨-૨૦૦૧માં મેં છેલ્લી ફરજ ગુરૂકુલમાં બજાવેલ છે. નિશાની ૧૪/૨ મને બતાવવામાં આવે છે. જેમાં જયંતિભાઈની સહી છે. ડાબી બાજુ મારી સહી નથી. ગુરૂકુલમાં હાજરી રજીસ્ટર્ડમાં સહી ભરવામાં આવતી હતી, આંક-૨૪ના હાજરી પત્રકમાં ક્રમાંક-૫ માં મારી સહી છે. નિશાની ૧૪/૨માં સહી પરત્વે સાહેદ ના પાડે છે. રજાની અરજીની નકલ રાખવાની હોતી નથી. એ વાત ખરી છે. રજા મંજુરી માટે ભલામણ માટે સુરેશભાઈ સહી કરે, મુખ્ય અધિષ્ઠાતા તેને મંજુર કરે, આ અરજી પ્રમુખશ્રીને લખવાનું કારણ તા. ૨૪-૨-૨૦૦૧નો બનાવ હતો એ વાત ખરી કે તા. ૨૪-૨-૨૦૦૧નો બનાવ છે. મારી પાસે કોઈ પુરાવો નથી. રજાના દિવસ અને વાલી દિન સિવાય કોઈ વાલી તેમના બાળકને મળવું હોય તો મુખ્ય અધિષ્ઠાતાને મળવાનું હોય બાળકના વાલી મને સીધી રીતે મને મળી શકે નહીં. તા. ૨૫-૨-૨૦૦૧ના વાલી કે જે મેં જુબાનીમાં જણાવેલા તે વાલી મને મળેલ નહીં. રજાની અરજી મેં જાતે બનાવેલી તે વાત ખરી. આંક-૩૫ની અરજી પોષ્ટથી મોકલેલ. આંક-૩૫ની અરજી પ્રથમ પક્ષકારને રુબરુ લખી આપેલ કે આ અરજી મને મળેલ છે. આંક-૩૫ની અરજી અસલ છે કે નકલ તેની મને ખબર નથી. તા. ૨૫-૨-૨૦૦૧નું રાજીનામું ગુરૂકુલે મંજુર કર્યાની મને જાણ કરેલ નથી. તેની કોઈપણ તકરાર મેં તા. ૧-૩-૨૦૦૧ના પત્રમાં કરેલ નથી. રેફરન્સમાં શું દાદ માંગેલ છે. તેની મને ખબર છે. નોકરી ફરી મેળવવા તા. ૨૫-૨-૨૦૦૨થી માંગણી કરેલ. માંગણાના નિવેદનમાં બીજી તારીખ જણાવેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ રાજીનામા બાબતે રાજીનામું મંજુર કર્યાની લેખિત જાણકારી આપી હિસાબ મેળવવા પત્ર લખેલ તે વાત ખરી નથી. એ વાત ખરી કે આંક-૪૯, ૫૦,૫૧, ૫૨માં મારી સહી છે. અંગ્રેજીમાં છે તે વાત ખરી ઉલટ તપાસ પુરી.

આંક-૫૫થી કામદાર તરફે વધુ કોઈ પુરાવો લેવો નથી. તેવું પુરસીસ આપીને જાહેર કરેલ છે.

પ્રથમ પક્ષકાર સંસ્થાના પુરાવા પર રાખવામાં આવતાં આંક-૫૬થી જયંતિભાઈ રામભાઈ પટેલ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે ૧૯૯૯થી મુખ્ય અધિષ્ઠાતા તરીકે સંસ્થામાં ફરજ બજાવું છું. સંસ્થાની વહીવટી ફરજ બજાવવાની હોય બીજી પક્ષકારને હું ઓળખું છું. બીજા પક્ષકારે તા. ૨૫-૨-૨૦૦૧ સુધી પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરી કરેલ, બીજા પક્ષકાર કામદારે નોકરી છોડી દીધેલ, આંક-૩૪નાં પત્ર બીજા પક્ષકાર કામદારે લખેલ છે. તેમાં તા. ૨૫-૨-૨૦૦૧નો પત્ર રાજીનામા મળ્યામાં મારી સહી છે. રાજીનામું મંજુર કરવામાં આવેલ છે. જે નિશાની ૧૪/૨નો પત્ર મને બનાવવામાં આવે છે. મેં તા. ૨૫-૨-૨૦૦૧નો પત્ર બીજા પક્ષકાર કામદારને લખેલ

INDEX

છે. જેમાં કામદારની સહી છે. જેનો પાકો આંક-૫૭ આપવામાં આવે છે. તા. ૨૫-૨-૨૦૦૧ના કામદાર પાસેથી રાજીનામું લીધેલ હતું તે વાત ખરી નથી. તા ૨૫-૨-૨૦૦૧ થી તા. ૧૪-૩-૨૦૦૧ દરમ્યાન બીજા પક્ષકાર રજા ઉપર હતા તે વાત ખરી નથી. બીજી પક્ષકારને તા. ૨૫-૨-૨૦૦૧ના ફરજ પરથી મુક્ત કરવામાં આવેલ હતા. બીજા પક્ષકાર ગુરુકુલની નોકરીનો હિસાબ લેવા આવેલ નહી. રાજીનામા હિસાબની રકમ સંસ્થામાં જમા છે. એ વાત ખરી નથી. કે તા. ૧૫-૩-૨૦૦૧ના રોજ મૌખિક હુકમથી બીજા પક્ષકારને છુટા કરેલ છે. એ વાત ખરી નથી કે તા. ૨૫-૨-૨૦૦૧ના રોજ રાત્રે ૧૧-૦૦ કલાકે સંસ્થામાં હાજર હતા. તા. ૧-૩-૨૦૦૧ના રોજ પત્રમાં કામદારે કરેલા આક્ષેપો ખરા નથી. ઉલટ તપાસમાં એ વાત ખરી કે સંસ્થામાં આવતા પત્રો આવક રજીસ્ટર્ડમાં નોંધવામાં આવેલ સંસ્થામાંથી લખતા પત્રો જાવક રજીસ્ટર્ડમાં નોંધવામાં આવે એ વાત ખરી કે કેમ કામે રાખવા અંગને સંસ્થાના બોર્ડ ઠરાવ દ્વારા નક્કી કરે, કર્મચારીના પગાર ધોરણમાં વધારો નક્કી કરવાનો બોર્ડે ઠરાવ દ્વારા નક્કી કરે નોકરીમાંથી છુટા કરવાનું બોર્ડમાં ઠરાવ થાય એ વાત ખરી કે બીજા પક્ષકાર કામદારને નોકરીમાંથી છુટા કરવાનો ઠરાવ બોર્ડે કરેલ નથી. અને નિશાની ૧૨/૧૧ નો પત્ર બતાવવામાં આવે છે. તે મળેલ નથી નિશાની ૧૨/૧૧નો પત્ર પાકો આંક-૩૫ આપવામાં આવે છે. જેને સંસ્થાએ જવાબ આપેલો નથી. તે વાત ખરી, નિશાની ૫૩/૨ સંસ્થાના નિયમો છે તે વાત ખરી તેનો પાકો આંક-૫૮ આપવામાં આવે છે. ઉલટ તપાસ પુરા આંક-૫૯ પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે વધુ કોઈ સાક્ષી પુરાવા લેવા નથી તેવું જાહેર કરેલ છે. આ કામ બંને પક્ષકારોની દલીલો પર રાખવામાં આવેલ. બીજા પક્ષકાર કામદાર તરફે બચુબાઈ પટેલ મૌખિક દલીલ કરતા જણાવે છે કે, આ કામના કામદાર પાસે રાજીનામું ધાક-ધમકીથી લખાવેલ રાજીનામું પરત ખેંચવાના પત્રમાં કોઈ જવાબ આપેલ નહી. રાજીનામું મંજુર કરતો બોર્ડનો ઠરાવ નથી. કામદારે નોકરીમાં હાજર થવા લખેલ પત્ર આંક-૩૮નો કોઈ જવાબ આપેલ નથી. તે જોતાં રાજીનામાને મંજુર કરવાની સત્તા ન હોય બીજા પક્ષકાર કામદારનો રેફરન્સ માંગેલ દાદ મેળવવા પાત્ર છે. આશ્રમ શાળાને પી. એફ. તથા બોનસ એકટ લાગુ પડે છે. આઈ.ડી.એક્ટ મુજબ ઉદ્યોગની વ્યાખ્યામાં સામાવાળી સંસ્થાનો સમાવેશ થાય છે. કામદાર કાયમી કામદાર હતા અને સ્ટેન્ડીંગ ઓર્ડર ૨૩ (૫) મુજબ કામદારને નોકરી છોડવાની મહિનાની મુદત મળવાપાત્ર છે. આ જોતાં રાજીનામું પરત ખેંચવાના પત્રને કોઈ જવાબ આપેલ નથી. જેથી નોકરીમાં પુનઃસ્થાપિત થવા હક્કદાર છે. કામદારે નોકરી મેળવવા પ્રયત્ન કરેલ. પરંતુ નોકરી મળેલ નથી. તે જોતાં પડેલા દિવસના પગાર સહિત પુનઃસ્થાપિત કરવા જોઈએ. કેસના સમર્થનમાં નામદાર દિલ્હી હાઈકોર્ટના ૧૯૯૬ એલ.એલ.આર. પ્રેમપ્રકાશ વિ. એર ઈન્ડીયા કોર્પોરેશનનો ચુકાદો રજુ કરેલ છે. નામદાર સુપ્રિમ કોર્ટનો ૨૦૦૩ એલ.એલ.આર. ડો. પ્રભાતે વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશનો ચુકાદો રજુ કરેલ છે. ૨૦૦૪ એલ.એલ.એન. નેમીનાર જૈન ભટ્ટાચાર્ય આશ્રમ બીજાઓ વિ. રાજેન્દ્ર સિનેનામ નિકમના ચુકાદો રજુ કરેલ. જે કામદારને મદદરુપ છે. એમ યુનિયન પ્રતિનિધિની દલીલ છે. વધુ નામદાર મધ્યપ્રદેશ હાઈકોર્ટનો એલ.પી.એ.નં. ૧૪૦/- ૨૦૦૩ મુકેશસિંહ વિ. ઈન્ડીયન ઓફ ઈન્ડીયા અને બીજાઓ ચુકાદો રજુ કરેલ છે. જેથી રેફરન્સ મંજુર કરવો જોઈએ.

INDEX

પ્રથમ પક્ષકાર સંસ્થા તરીકે લેખિત દલીલો રજુ કરેલ છે. જેની ટુંકી હકીકત એવી છે કે, શ્રમયોગીએ આંક-પના માંગણાનું નિવેદન અને આંક-૧૧ના માંગણાનું નિવેદનમાં તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ ૧૦-૦૦ કલાકે રાજીનામુ દબાણથી લખાવી લીધેલું તારીખ ૧લી માર્ચ, ૨૦૦૧ના પત્રથી પાછું ખેંચી લીધેલું એ સમય દરમ્યાન તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧ થી તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૧ સુધી રજા મેળવવાની અરજી કરેલી. તારીખ ૧૫મી માર્ચ, ૨૦૦૧ના રોજ નોકરી પર હાજર થયેલ પણ નોકરી પર લીધેલ નહી એટલે કે તારીખ ૧૫મી માર્ચ, ૨૦૦૧થી નોકરીમાંથી ગેરકાયદેસર રીતે રાખેલ નથી. શ્રમયોગીએ તારીખ ૨૫મી માર્ચ, ૨૦૦૧ના પત્રથી તથા તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૧ સુધી રજા મેળવવાની અરજી કરેલી. તારીખ ૧૫મી માર્ચ, ૨૦૦૧ના રોજ નોકરી પર હાજર થયેલ પણ નોકરી પર લીધેલ નહી. એટલે કે ૧૫મી માર્ચ, ૨૦૦૧થી નોકરીમાંથી ગેરકાયદેસર રીતે રાખેલ નથી. શ્રમયોગીએ તારીખ ૨૫મી માર્ચ, ૨૦૦૧ના પત્રથી તથા તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૧ના પત્રથી ફરજ પર રાખી લેવા જણાવેલ બીજા પક્ષકારે આંક-૩૦થી નિમણુંક પત્રનો પત્ર રજુ કરેલ છે. આંક-૩૯ થી રજિસ્ટર્ડ એ.ડી.ની સ્લીપ આંક-૪૦થી ઓળખપત્ર રજુ કરેલ છે. તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧નાં રોજ રજાનો રીપોર્ટ તારીખ ૧લી માર્ચ, ૨૦૦૧નાં રોજ આંક-૩૫ રાજીનામુ પરત ખેંચવાનો પત્ર અને આંક-૩૬ રજિસ્ટર્ડ એ.ડી. મની સ્લીપ રજુ કરેલ છે. મુખ્ય તકરાર એ છે કે આઈ.ડી. એક્ટ લાગુ પડતો નથી. ગુજરાત ગુરૂકુલ સભા શૈક્ષણિક સંકુલ છે. કાયદાની વ્યાખ્યામાં બીજા પક્ષકાર આવતા નથી. તેથી રેફરન્સ ચાલવા પાત્ર નથી. શ્રમયોગીએ તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ સ્વેચ્છાએ રાજીનામુ આપેલ તે રાજીનામુ સંસ્થાએ નિશાની ૧૪/૧ થી અને નિશાની ૧૪/૨ થી શ્રમયોગીને છુટા કર્યાનો પત્ર રજુ કરેલ છે. તે જોતાં રેફરન્સ ચાલી શકે નહી. શ્રમયોગીએ આંક-૩૨ની જુબાનીમાં તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ કામ ઉપર હતો ધોરણ-૭ના વર્ગના વિદ્યાર્થીના કલાસમાં કામ કરતો હતો. તોફાની વિદ્યાર્થીને બોલાવી ઠપકો આપેલ તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ રાત્રે ૯-૦૦ કલાકે પ્રમુખશ્રી તથા જયંતિભાઈએ રજાચિઠ્ઠી લખાવી નિશાની ૧૨/૧૦ નિશાની ૨૫/૨ રાજીનામાના પત્રમાં મારી સહી છે. જયંતિભાઈની સહી છે. તેને આંક-૩૪ આપવામાં આવે છે. રાજીનામું પરત ખેંચવા પત્રને આપવામાં આવે છે. રાજીનામું પરત ખેંચવા પત્ર સંસ્થાને લખેલ, સંસ્થાએ મારૂં રાજીનામું મંજુર કરેલ તેની મને જાણ કરેલ નથી. તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના રાજીનામા લીધા અંગે મેં પોલીસ ફરીયાદ કરેલ નહી. તેવું ઉલટ તપાસમાં કબુલે છે. નિશાની ૧૪/૨ માં જયંતિભાઈની સહી છે. અને ડાબી બાજુ મારી સહી નથી. તેવું જણાવે છે. આંક-૨૪ હાજરી પત્રકમાં ક્રમાંક-પમાં મારી સહી છે. રજા માટેની ભલામણ સુરેશભાઈ કરે તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના બનાવનો કોઈ પુરાવો નથી. તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ દબાણથી રાજીનામું લીધેલ તે વાત ખરી નથી. તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૧ સુધી રજા પર હતા તે વાત પણ ખરી નથી. શ્રમયોગીએ રાજીનામું આપી છુટા થયેલ છે. શ્રમયોગીના માંગણાના નિવેદન આંક-૧૧ અને આંક-૩૨ની જુબાની એક બીજાથી વિરોધાભાસી છે. તેથી માંગણાના નિવેદનને સમર્થન કરતી નથી. અને દાબ દબાણથી રાજીનામું લખાવી લેવાની બાંબત પુરવાર થતું

INDEX

તથા સરકારે આપેલ ગ્રાન્ટ ભાઠાની આવક વ્યાજબી આવક દર્શાવેલ છે. શ્રમયોગી પ્રત્યેપણ નિશાની ૬૧/૧ થી સંસ્થાનું બંધારણ રજુ કરેલ છે. એમાં પણ ઉદ્દેશમાં ગુરૂકુલ શિક્ષણનો પ્રચાર માધ્યમિક ઉચ્ચ શારીરીક શિક્ષણ ખેતી વિષયક પશુ પાલન ઔદ્યોગિક વેપારી ધંધાદારી થશે તબીબી સમાજ શિક્ષણના હેતુઓ જણાવેલ છે તે જોતાં તથા શ્રમયોગીની જૂબાની આંક-૩૨ જોતાં સંસ્થાના અધિષ્ઠાતા યા ગૃહપતિ તરીકે કામગીરી કરતા હતા. તેવી સંસ્થાને આઈ.ડી.એક્ટ લાગુ પડતો નથી તેવું માની શકાય નહી શ્રમયોગની આંક-૨૯થી આપેલ નિમણુંક શરૂઆતની તારીખ ૨૧મી જુલાઈ, ૧૯૯૭ની જોઈએ તો રાજયના મિલ શ્રમયોગીને મળતા મોંઘવારી ભથ્થાનો લાભ આપવામાં આવશે. તેવું નિમણુંકપત્ર ઉપરથી ફલિત થાય છે. સંસ્થાને આઈ.ડી. એક્ટ લાગતો છે. તે બાબતે સંસ્થાએ એ પોતાના સાક્ષીની આંક-૫૬ની જુબાની જોઈએ તો ૩ મુખ્ય અધિષ્ઠાતા તરીકે સંસ્થાની વહીવટી ફરજ બજાવવાની હોય સંસ્થાની કામગીરી કોઈ માણસને નોકરીમાં રાખવાનો અને કાઢી મુકવાનો અધિકાર છે. તે જોતાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ આંક-૧૩ના લેખિત જવાબમાં લીધેલ તકરાર ઉદ્યોગ નથી તેને સમર્થન સંસ્થાના સાક્ષીના પુરાવાથી મળતુ નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટનાં પોરબંદર ગુરૂકુલના કેસની હકીકત આ કેસની હકીકત કરતા અલગ પડતી હોય તેનો લાભ સંસ્થાને મળી શકે નહી.

શ્રમયોગીએ લીધેલ તકરાર જોઈએ તો ધાક-ધમકીથી રાજીનામું તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ લખાવી લીધેલ અને તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧થી તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૧ સુધી રજા પર હતો અને તારીખ ૧૫મી માર્ચ, ૨૦૦૧ના રોજથી નોકરીમાંથી ગેરકાયદેસર છુટો કરેલ છે. તે અંગે શ્રમયોગીની આંક-૩૨ની જુબાની જોઈએ તો તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ કામ પર હતો ત્યારે તોફાની વિદ્યાર્થીને બોલાવીને ઠપકો આપેલ તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ હું ફરજ પર ધોરણ ૯ના વર્ગમાં હતો, સાંજના સમયે ગેટ ઉપર બોલાવવામાં આવેલ જતીનભાઈના વાલી ભરતભાઈ આવેલા મારા દિકરાને શા માટે ઠપકો આપેલ, ત્યારબાદ મારી ફરજ પર રાત્રે આવેલા રાત્રે ૯ થી ૧૦ વાગ્યાના સુમારે પ્રમુખશ્રી તથા મંત્રીશ્રીની હાજરીમાં મારી પાસે રજાચિઠ્ઠી લખાવેલ એ નિશાની ૧૨/૧૦ થી રજુ કરેલ છે. ઉલટ તપાસમાં સાહેદ જણાવે છે કે આંક-૫ અને આંક-૧૧ના માંગણાના નિવેદનમાં તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના બનાવની કોઈ વિગત નથી માટે રજા મેળવવાને માટે સુરેશભાઈ આશ્રમ અધ્યક્ષને અરજી કરવી પડતી ૨૦૦૧ના મુખ્ય અધિષ્ઠાતા જયંતિભાઈ હતા. તેવો સંસ્થામાં સવારે ૮ થી સાંજે ૫ વાગ્યા સુધી રહી તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ રાત્રે અગિયાર વાગ્યા સુધી હતા તે અંગે બીજો કોઈ પુરાવો આપી શકાય નહી.

એ વાત ખરી કે રજાની અરજીની નકલ રાખવાની હોતી નથી. રજાની અરજી ઉપર સુરેશભાઈ ભલામણ કરે મુખ્ય અધિષ્ઠાતા તેને મંજુર કરે આ અરજી પ્રમુખશ્રીને લખી હતી અરજી લખવાનું કારણ તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૧નો બનાવ હતો. એ વાત ખરી કે તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના બનાવને કોઈ પુરાવો નથી આમ શ્રમયોગીની જુબાની જોતાં તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧થી તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૧ સુધી રજા પર હોવાની હકીકતને સમર્થન મળતુ નથી.

INDEX

નથી. આ અંગે કોઈ પોલીસ ફરીયાદ કરેલ નહી. રાજીનામું શ્રમયોગીના હસ્તાક્ષરમાં હોવાની કોઈ તકરાર નથી. રજા ચિઠ્ઠી શ્રમયોગીના કબજામાં હોય તે આંક-૩૫ના દસ્તાવેજ જોતાં રજાચિઠ્ઠીનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. માત્ર ઉપજાવી કાઢેલી છે. તેથી રેફરન્સ ચાલવાપાત્ર નથી. ઔદ્યોગિક ઝગડા ૧૯૪૭ મુજબ સંસ્થા ઉદ્યોગ નથી. નેશનલ યુનીયન ઓફ એમ્પ્લોયર વિરૂદ્ધ મહેરે ૧૯૬૨ના કેસમાં ઉદ્યોગ નક્કી કરવાની શરત જણાવેલ છે. જીમખાના ક્લબ એ.આઈ.આર. ૧૯૭૮માં શૈક્ષણિક અને ઔદ્યોગિક સંશોધન હોસ્પિટલ ઉદ્યોગ નથી. તેવું ઠરાવેલ છે. શ્રમયોગી પણ પોતાની આંક-૩૨ની જુબાનીમાં સંસ્થા શૈક્ષણિક સંસ્થા છે. તેવું કબુલ કરે છે. ગુરૂકુલમાં રહી બાળકોનું નૈતિક અને ચારિત્ર્યનું ઘડતર કરવા આર્થિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરવામાં આવે છે. તેથી ઉદ્યોગ નથી. તેથી રેફરન્સ ચાલવા પાત્ર નથી. કેસના સમર્થનમાં શ્રમયોગીએ સ્વૈચ્છિક રાજીનામું આપેલું હોય માલિક રાજીનામું તાત્કાલિક અસરથી મંજુર કરે ત્યારે રાજીનામું પાછું ખેંચવાની તકરાર ચાલી શકે નહી તેવો ચુકાદો નામદાર સુપ્રીમ કોર્ટનો ૨૦૦૩ સેકન્ડ સી.એલ.આર. નોર્થઝોન સેન્ટ્રલ વિરૂદ્ધ વેદપથી દિનેશકુમારનો ચુકાદો રજુ કરેલ છે. બીજો ૧૯૯૮ સેકન્ડ સી.એલ.આર. નંદ કેશવપ્રસાદ વિરૂદ્ધ ઈન્ડીયન ફાર્મર ફર્ટિલાઈઝર વિરૂદ્ધનો ચુકાદો તથા ગુજરાત નામદાર હાઈકોર્ટનો ૧૯૮૨ લેબ.આઈ.સી. રાજરત્ન શેઠ વિરૂદ્ધ અશોક ભશીન વિરૂદ્ધના ચુકાદામાં ગુરૂકુલનેં ઈન્ડસ્ટ્રીઝ નથી તે જોતાં શ્રમયોગીનો રેફરન્સ ચાલી શકે નહી. તેથી દલીલ પ્રથમ પક્ષકાર તરફે ચાલી શકે નહી.

કેસનું રેકર્ડ રજુ થયેલ દસ્તાવેજો તથા બંને પક્ષકારોની દલીલો જોતાં આ કામમાં એ તકરાર બિન વિવાદી છે કે શ્રમયોગી પ્રથમ પક્ષકાર સંસ્થામાં અધિષ્ઠાતા તરીકે ફરજ બજાવતા હતા તેવું આંક-૩૦ના નિમણુંક પત્રથી ફલિત થાય છે. જે શ્રમયોગીએ રજુ કરેલ છે. શ્રમયોગીએ પોતાના આંક-૧૧નાં માંગણાના નિવેદનમાં તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧નાં રોજ શનિવારે રાત્રે ૧૦-૦૦ કલાકે બીજા પક્ષકાર શ્રમયોગીની ઈચ્છા વિરૂદ્ધ દાબ દબાણ અને ધમકીથી રાજીનામું લખાવી લેવામાં આવેલ અને સદર રાજીનામું તારીખ ૧લી માર્ચ, ૨૦૦૧ના પત્રથી પાછું ખેંચવા અને તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧ થી તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૧ સુધી રજા મેળવવા અરજી કરેલી અને તારીખ ૧૫મી માર્ચ, ૨૦૦૧ના રોજ નોકરીમાં હાજર થવા દીધેલ નહી તેવી તકરાર ઉત્પન્ન કરેલ છે. સામાવાળા સંસ્થાનો જવાબ આંક-૧૩થી રજુ થયેલ છે. તેમાં એવી તરકાર લીધેલ છે કે, ગુરૂકુલ શૈક્ષણિક સંસ્થા છે. ગુરૂકુલનો વહીવટ ચુંટાયેલી બોડી કરે છે. ધાર્મિક સાંસ્કૃતિક અને શૈક્ષણિક સાથે સંકળાયેલા હોય આઈ. એક્ટ લાગે નહી. આઈ.એક્ટની કલમ-૨(જે) હેઠળ ઉદ્યોગ ન હોય શ્રમયોગી કલમ-૨(એસ) મુજબ શ્રમયોગી નથી. અને શ્રમયોગીએ તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ સ્વેચ્છાએ રાજીનામું આપીને છુટા થયેલ હોય રેફરન્સ કાયદેસર ચાલી શકે નહી. આ અંગે શ્રમયોગીની આંક-૩૨ની સોગંદ ઉપરની જુંબાની જોઈએ તો સંસ્થામાં છ થી સાત વિભાગ કાર્યરત છે. આશ્રમ વિભાગ ગૌશાળા, વિભાગ ખેતી વિભાગ વગેરે સંસ્થાની ખેતીની દાનની આવક ઉત્પાદીક ચીજ વસ્તુના વેચાણની આવક છે. સંસ્થાએ રજુ કરેલ વાર્ષિક અહેવાલ ગુજરાત ગુરૂકુલ સભા ગુરૂકુલ સુપાનીનો વાર્ષિક અહેવાલમાં ટ્રસ્ટને મળેલ દાન સ્થાનિક સંસ્થા

INDEX

નથી. આ અંગે કોઈ પોલીસ ફરીયાદ કરેલ નહી. રાજીનામું શ્રમયોગીના હસ્તાક્ષરમાં હોવાની કોઈ તકરાર નથી. રજા ચિઠ્ઠી શ્રમયોગીના કબજામાં હોય તે આંક-૩૫ના દસ્તાવેજ જોતાં રજાચિઠ્ઠીનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. માત્ર ઉપજાવી કાઢેલી છે. તેથી રેફરન્સ ચાલવાપાત્ર નથી. ઔદ્યોગિક ઝગડા ૧૯૪૭ મુજબ સંસ્થા ઉદ્યોગ નથી. નેશનલ યુનીયન ઓફ એમ્પ્લોયર વિરૂદ્ધ મહેરે ૧૯૬૨ના કેસમાં ઉદ્યોગ નક્કી કરવાની શરત જણાવેલ છે. જીમખાના ક્લબ એ.આઈ.આર. ૧૯૭૮માં શૈક્ષણિક અને ઔદ્યોગિક સંશોધન હોસ્પિટલ ઉદ્યોગ નથી. તેવું ઠરાવેલ છે. શ્રમયોગી પણ પોતાની આંક-૩૨ની જુબાનીમાં સંસ્થા શૈક્ષણિક સંસ્થા છે. તેવું કબુલ કરે છે. ગુરૂકુલમાં રહી બાળકોનું નૈતિક અને ચારિત્ર્યનું ઘડતર કરવા આર્થિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરવામાં આવે છે. તેથી ઉદ્યોગ નથી. તેથી રેફરન્સ ચાલવા પાત્ર નથી. કેસના સમર્થનમાં શ્રમયોગીએ સ્વૈચ્છિક રાજીનામું આપેલું હોય માલિક રાજીનામું તાત્કાલિક અસરથી મંજુર કરે ત્યારે રાજીનામું પાછું ખેંચવાની તકરાર ચાલી શકે નહી તેવો ચુકાદો નામદાર સુપ્રીમ કોર્ટનો ૨૦૦૩ સેકન્ડ સી.એલ.આર. નોર્થઝોન સેન્ટ્રલ વિરૂદ્ધ વેદપથી દિનેશકુમારનો ચુકાદો રજુ કરેલ છે. બીજો ૧૯૯૮ સેકન્ડ સી.એલ.આર. નંદ કેશવપ્રસાદ વિરૂદ્ધ ઈન્ડીયન ફાર્મર ફર્ટિલાઈઝર વિરૂદ્ધનો ચુકાદો તથા ગુજરાત નામદાર હાઈકોર્ટનો ૧૯૮૨ લેબ.આઈ.સી. રાજરત્ન શેઠ વિરૂદ્ધ અશોક ભશીન વિરૂદ્ધના ચુકાદામાં ગુરૂકુલનેં ઈન્ડસ્ટ્રીઝ નથી તે જોતાં શ્રમયોગીનો રેફરન્સ ચાલી શકે નહી. તેથી દલીલ પ્રથમ પક્ષકાર તરફે ચાલી શકે નહી.

કેસનું રેકર્ડ રજુ થયેલ દસ્તાવેજો તથા બંને પક્ષકારોની દલીલો જોતાં આ કામમાં એ તકરાર બિન વિવાદી છે કે શ્રમયોગી પ્રથમ પક્ષકાર સંસ્થામાં અધિષ્ઠાતા તરીકે ફરજ બજાવતા હતા તેવું આંક-૩૦ના નિમણુંક પત્રથી ફલિત થાય છે. જે શ્રમયોગીએ રજુ કરેલ છે. શ્રમયોગીએ પોતાના આંક-૧૧નાં માંગણાના નિવેદનમાં તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧નાં રોજ શનિવારે રાત્રે ૧૦-૦૦ કલાકે બીજા પક્ષકાર શ્રમયોગીની ઈચ્છા વિરૂદ્ધ દાબ દબાણ અને ધમકીથી રાજીનામું લખાવી લેવામાં આવેલ અને સદર રાજીનામું તારીખ ૧લી માર્ચ, ૨૦૦૧ના પત્રથી પાછું ખેંચવા અને તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧ થી તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૧ સુધી રજા મેળવવા અરજી કરેલી અને તારીખ ૧૫મી માર્ચ, ૨૦૦૧ના રોજ નોકરીમાં હાજર થવા દીધેલ નહી તેવી તકરાર ઉત્પન્ન કરેલ છે. સામાવાળા સંસ્થાનો જવાબ આંક-૧૩થી રજુ થયેલ છે. તેમાં એવી તરકાર લીધેલ છે કે, ગુરૂકુલ શૈક્ષણિક સંસ્થા છે. ગુરૂકુલનો વહીવટ ચુંટાયેલી બોડી કરે છે. ધાર્મિક સાંસ્કૃતિક અને શૈક્ષણિક સાથે સંકળાયેલા હોય આઈ. એક્ટ લાગે નહી. આઈ.એક્ટની કલમ-૨(જે) હેઠળ ઉદ્યોગ ન હોય શ્રમયોગી કલમ-૨(એસ) મુજબ શ્રમયોગી નથી. અને શ્રમયોગીએ તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ સ્વેચ્છાએ રાજીનામું આપીને છુટા થયેલ હોય રેફરન્સ કાયદેસર ચાલી શકે નહી. આ અંગે શ્રમયોગીની આંક-૩૨ની સોગંદ ઉપરની જુંબાની જોઈએ તો સંસ્થામાં છ થી સાત વિભાગ કાર્યરત છે. આશ્રમ વિભાગ ગૌશાળા, વિભાગ ખેતી વિભાગ વગેરે સંસ્થાની ખેતીની દાનની આવક ઉત્પાદીક ચીજ વસ્તુના વેચાણની આવક છે. સંસ્થાએ રજુ કરેલ વાર્ષિક અહેવાલ ગુજરાત ગુરૂકુલ સભા ગુરૂકુલ સુપાનીનો વાર્ષિક અહેવાલમાં ટ્રસ્ટને મળેલ દાન સ્થાનિક સંસ્થા

INDEX

તથા સરકારે આપેલ ગ્રાન્ટ ભાઠાની આવક વ્યાજબી આવક દર્શાવેલ છે. શ્રમયોગી પ્રત્યેપણ નિશાની ૬૧/૧ થી સંસ્થાનું બંધારણ રજુ કરેલ છે. એમાં પણ ઉદ્દેશમાં ગુરુકુલ શિક્ષણનો પ્રચાર માધ્યમિક ઉચ્ચ શારીરીક શિક્ષણ ખેતી વિષયક પશુ પાલન ઔદ્યોગિક વેપારી ધંધાદારી થશે તબીબી સમાજ શિક્ષણના હેતુઓ જણાવેલ છે તે જોતાં તથા શ્રમયોગીની જૂબાની આંક-૩૨ જોતાં સંસ્થાના અધિષ્ઠાતા યા ગૃહપતિ તરીકે કામગીરી કરતા હતા. તેવી સંસ્થાને આઈ.ડી.એક્ટ લાગુ પડતો નથી તેવું માની શકાય નહી શ્રમયોગની આંક-૨૯થી આપેલ નિમણુંક શરૂઆતની તારીખ ૨૧મી જુલાઈ, ૧૯૯૭ની જોઈએ તો રાજયના મિલ શ્રમયોગીને મળતા મોંઘવારી ભથ્થાનો લાભ આપવામાં આવશે. તેવું નિમણુંકપત્ર ઉપરથી ફલિત થાય છે. સંસ્થાને આઈ.ડી. એક્ટ લાગતો છે. તે બાબતે સંસ્થાએ એ પોતાના સાક્ષીની આંક-૫૬ની જુબાની જોઈએ તો ૩ મુખ્ય અધિષ્ઠાતા તરીકે સંસ્થાની વહીવટી ફરજ બજાવવાની હોય સંસ્થાની કામગીરી કોઈ માણસને નોકરીમાં રાખવાનો અને કાઢી મુકવાનો અધિકાર છે. તે જોતાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ આંક-૧૩ના લેખિત જવાબમાં લીધેલ તકરાર ઉદ્યોગ નથી તેને સમર્થન સંસ્થાના સાક્ષીના પુરાવાથી મળતુ નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટનાં પોરબંદર ગુરુકુલના કેસની હકીકત આ કેસની હકીકત કરતા અલગ પડતી હોય તેનો લાભ સંસ્થાને મળી શકે નહી.

શ્રમયોગીએ લીધેલ તકરાર જોઈએ તો ધાક-ધમકીથી રાજીનામું તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ લખાવી લીધેલ અને તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧થી તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૧ સુધી રજા પર હતો અને તારીખ ૧૫મી માર્ચ, ૨૦૦૧ના રોજથી નોકરીમાંથી ગેરકાયદેસર છુટો કરેલ છે. તે અંગે શ્રમયોગીની આંક-૩૨ની જુબાની જોઈએ તો તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ કામ પર હતો ત્યારે તોફાની વિદ્યાર્થીને બોલાવીને ઠપકો આપેલ તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ હું ફરજ પર ધોરણ ૯ના વર્ગમાં હતો, સાંજના સમયે ગેટ ઉપર બોલાવવામાં આવેલ જતીનભાઈના વાલી ભરતભાઈ આવેલા મારા દિકરાને શા માટે ઠપકો આપેલ, ત્યારબાદ મારી ફરજ પર રાત્રે આવેલા રાત્રે ૯ થી ૧૦ વાગ્યાના સુમારે પ્રમુખશ્રી તથા મંત્રીશ્રીની હાજરીમાં મારી પાસે રજાચિઠ્ઠી લખાવેલ એ નિશાની ૧૨/૧૦ થી રજુ કરેલ છે. ઉલટ તપાસમાં સાહેદ જણાવે છે કે આંક-૫ અને આંક-૧૧ના માંગણાના નિવેદનમાં તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના બનાવની કોઈ વિગત નથી માટે રજા મેળવવાને માટે સુરેશભાઈ આશ્રમ અધ્યક્ષને અરજી કરવી પડતી ૨૦૦૧ના મુખ્ય અધિષ્ઠાતા જયંતિભાઈ હતા. તેવો સંસ્થામાં સવારે ૮ થી સાંજે ૫ વાગ્યા સુધી રહી તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ રાત્રે અગિયાર વાગ્યા સુધી હતા તે અંગે બીજો કોઈ પુરાવો આપી શકાય નહી.

એ વાત ખરી કે રજાની અરજીની નકલ રાખવાની હોતી નથી. રજાની અરજી ઉપર સુરેશભાઈ ભલામણ કરે મુખ્ય અધિષ્ઠાતા તેને મંજુર કરે આ અરજી પ્રમુખશ્રીને લખી હતી અરજી લખવાનું કારણ તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૧નો બનાવ હતો. એ વાત ખરી કે તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના બનાવને કોઈ પુરાવો નથી આમ શ્રમયોગીની જુબાની જોતાં તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧થી તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૧ સુધી રજા પર હોવાની હકીકતને સમર્થન મળતુ નથી.

INDEX

શ્રમયોગી આંક-૩૨ની સરતપાસમાં જણાવે છે કે ધાક-ધમકીથી રાજીનામું આપેલ ઉલટ તપાસમાં રાજીનામું લખાવી લીધા બાબતે કોઈ પોલીસ ફરીયાદ કરેલ નથી. તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના બનાવ અંગે આજ દિન સુધી કોઈ ફરીયાદ કરેલ નથી મને નિશાની ૧૪/૨ બનાવવામાં આવે છે. જેમાં જયંતીભાઈની સહી છે. ડાબી બાજુ મારી સહી નથી મારી નિશાની ૧૪/૨ને પાકો આંક-૫૭ આપવામાં આવેલ છે. આંક-૫૭ જોઈએ તો તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧નું રાજીનામું મળેલ છે. તે તાત્કાલિક અસરથી ફરજ મુક્ત કરવામાં આવે છે. તેમ તેવું સ્પષ્ટ પુરવાર થાય છે. શ્રમયોગીની ઉલટ તપાસમાં પણ રાજીનામું ધાક-ધમકીથી લખાવી લેવાની તકરાર છે. સમર્થન મળતુ નથી. તેથી પણ શ્રમયોગીને તારીખ ૧૫મી માર્ચ ૨૦૦૧ના રોજથી મૌખિક હુકમથી છુટા કર્યાની વાતને સમર્થન મળતું નથી. શ્રમયોગીએ નિશાની ૧૨/૧૧માં રાજીનામું આપવાનું જણાવેલ છે. અને આંક-૩૪નાં રાજીનામાના પત્રમાં અંગત કારણસર રાજીનામું આપું છું તે તાત્કાલિક સ્વીકારવા વિનંતી છે. તે જોતા શ્રમયોગી રાજીનામું આપીને છુટા થયેલ છે જે વાતને સમર્થન મળે છે. તેથી આઈ.ડી. એક્ટ ૨ (ઓ.ઓ.) છટણીમાં સમાવેશ થતો નથી. અને કલમ-૨૫ (એફ)ની જોગવાઈનો લાભ શ્રમયોગીને મળી શકે નહી તેથી શ્રમયોગીનો રેફરન્સ આપવા પાત્ર નથી. તેવું ઠરાવવામાં આવે છે. શ્રમયોગીએ લીધેલ તકરાર જોઈએ તો તારીખ ૧લી માર્ચ, ૨૦૦૧ના રોજ રાજીનામું પરત ખેંચેલ છે. તે અંગે નામદાર સુપ્રીમ કોર્ટના નોર્થઝોન કલ્ચર સેન્ટર વિરૂદ્ધ વેદપંથી દિનેશકુમારના કેસની હકીકત જોતાં શ્રમયોગીનું રાજીનામું ઈન વેરીડે મંજુર થયેલ હોય ત્યારે પાછળથી રાજીનામું વિદ્રોહ કરવાની તકરાર ચાલી શકે નહી. શ્રમયોગીએ તારીખ ૧લી માર્ચ, ૨૦૦૧ના રોજ રાજીનામું પાછુ ખેંચવાનું પત્ર લખેલ છે. રાજીનામું તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ મંજુર થયેલ છે. જેથી રાજીનામું મંજુર થયા પછી પાછુ ખેંચવાની તકરાર શ્રમયોગી લઈ શકે નહી તેવું નામદાર સુપ્રીમ ચુકાદા સાથે અદાલત સંમત થાય છે. અને તેથી પણ શ્રમયોગીનો રેફરન્સ ચાલવા પાત્ર નથી તેમ બીજા પક્ષકાર શ્રમયોગી તરફે નામદાર આંધ્રપ્રદેશ હાઈકોર્ટનો ભારત ઈલેક્ટ્રીક કંપની વિરુદ્ધ કે એ. રાજુના કેસમાં શ્રમયોગીએ તારીખ ૧લી ડીસેમ્બર ૧૯૮૬ના રોજ રાજીનામાની ઓફરનો પત્ર મેનેજમેન્ટનો તારીખ ૨જી ડીસેમ્બર, ૧૯૮૬ના રોજ મળેલ શ્રમયોગીએ તારીખ ૧૩મી ડીસેમ્બર, ૧૯૮૬ના રોજ રાજીનામું પરત ખેંચવાનો પત્ર ઓથોરીટીને તારીખ ૧૬મી ડીસેમ્બર, ૧૯૮૬ના રોજ મળેલ ઓથોરીટીએ તારીખ ૨જી જાન્યુઆરી, ૧૯૮૭ના રોજ રાજીનામું મંજુર કરેલ આ કેસની હકીકત સદર કેસની હકીકત કરતાં અલગ પડતી હોય શ્રમયોગીને તેના બીજા લાભ મળી શકે નહી. કારણકે તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૧ની અસરથી આંક-૫૭થી રાજીનામું મંજુર થયેલ છે. તાત્કાલિક અસરથી મંજુર થયેલ છે. અને શ્રમયોગીએ તારીખ ૧લી માર્ચ, ૨૦૦૧ના પત્રથી રાજીનામું પાછું ખેંચેલ છે. જેથી આ ચુકાદાનો લાભ શ્રમયોગીને મળી શકે નહી. શ્રમયોગી તરફે નામદાર સુપ્રીમ કોર્ટમાં ડો. પ્રભા અત્રે વિરુદ્ધ સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ કે ફરજની નિષ્કાળજી પરત્વે અરજદારે અરજી કરેલ હોય ત્યારે ડીસીપ્લીનરી પ્રોસેડીંગ કરી શકે તે જોતાં આ કેસની હકીકત કરતાં અલગ પડે છે. તેવી શ્રમયોગીને તેનો લાભ મળી શકે નહી તેવો રેફરન્સ ચાલવાપાત્ર નથી.

INDEX

શ્રમયોગીએ સંસ્થામાંથી રાજીનામું આપી છુટા થયેલ હોય વળતર પેટે શ્રમયોગીને રૂા. ૨૦,૦૦૦-૦૦ અંકે રૂપિયા વીસ હજાર પુરા આપવામાં આવે તો તે ન્યાયી અને વ્યાજબી છે.

ઉપરોક્ત ચર્ચાને અંતે જોતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે કે,.....

હુકમ

શ્રમયોગીનો રેફરન્સ અંશતઃ મંજુર કરવામાં આવે છે. શ્રમયોગીને નોકરીમાં પુનઃસ્થાપિત કરવાની દાદ નામંજુર કરવામાં આવે છે. પરંતુ વળતર પેટે રૂા. ૨૦,૦૦૦-૦૦ અંકે વીસ હજાર પુરા શ્રમયોગીને આ એવોર્ડ પ્રસિદ્ધ થયેથી દિન ૩૦માં ચુકવી આપવાનો હુકમ પ્રથમ પક્ષકાર સંસ્થા સામે કરવામાં આવે છે. એવોર્ડનો અમલ એવોર્ડ પ્રસિદ્ધ થયેથી દિન ૩૦માં કરવાનું રહેશે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

નવસારી, તારીખ ૮મી જુલાઈ, ૨૦૦૫.

(સહી) અવાચ્ય,
પ્રિસાઈડીંગ ઓફીસર,
મજુર અદાલત, નવસારી.

નવસારી, તારીખ ૧૪મી જુલાઈ, ૨૦૦૫.

આર. એમ. પટેલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
નવસારી.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] THURSDAY, AUGUST 18, 2005 / SRAVANA 27, 1927 [No. 33

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક : ખ-શમક-૩૮૪૨૮/આર.યુ.–સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ ી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, ધી કોડીનાર તાલુકા કો.ઓપ.બેંકીંગ યુનિયન લિ., કોડીનાર, જિ. જુનાગઢ અને પ્રતાપભાઇ પોલાભાઇ બારડ મીતીયાજ, તા. કોડીનાર, જિ. જુનાગઢ ે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૫ના ાઈ માસના ૧૩મા દિને આથી નોંધ કરૂ છું.

INDEX

આંક-૬

શ્રી એ. જે. રાચ્છ, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત નં. ૨, ગુજરાત, રાજકોટ સમક્ષ, રાજકોટ.

અપીલ આઈ. સી. નં. ૫/૨૦૦૩.

ધી કોડીનાર તાલુકા કો.ઓપ. બેંકીંગ યુનિયન લિ., કોડીનાર, જિ. જુનાગઢ. — અરજદાર;

વિરૂદ્ધ

પ્રતાપભાઇ પોલાભાઇ બારડ, મીતીયાજ, તા. કોડીનાર, જિ. જુનાગઢ. — સામાવાળા.

અરજદાર તરફે વકીલ શ્રી ડી. ડી. છાયા તથા વાય. સી. રાજયગુરુ.
સામાવાળા તરફે વકીલ શ્રી ડી. સી. જોષી.

અપીલ આઈ. સી. નં. ૮/૨૦૦૩.

પ્રતાપભાઇ પોલાભાઇ બારડ, મીતીયાજ, તા. કોડીનાર, જિ. જુનાગઢ — અરજદાર;

વિરૂદ્ધ

ધી કોડીનાર તાલુકા કો.ઓપ.બેંકીંગ યુનિયન લિ., કોડીનાર, જિ. જુનાગઢ — સામાવાળા.

અરજદાર તરફે વકીલ શ્રી ડી. સી. જોષી,
સામાવાળા તરફે વકીલ શ્રી ડી. ડી. છાયા તથા વાય. સી. રાજયગુરુ.

ચુકાદો

૧. આ બંને અપીલોમાંથી પ્રથમ અપીલ નં. ૫/૦૩ અરજદાર ધી કોડીનાર તાલુકા કો. ઓપ. બેંકીંગ યુનિયન લિ., કોડીનાર, જિ. જુનાગઢે સામાવાળા પ્રતાપભાઇ પોલાભાઇ બારડ સામે બી.આઈ.આર. અધિનિયમ, ૧૯૪૬ ની કલમ-૮૪ અને ૮૫ હેઠળ આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે. જ્યારે અપીલ નં. ૮/૦૩ અરજદાર પ્રતાપભાઇ પોલાભાઇ બારડે સામાવાળા ધી કોડીનાર તાલુકા કો. ઓપ. બેંકીંગ યુનિયન લિ. કોડીનાર, જિ. જુનાગઢે સામે બી.આઈ.આર. અધિનિયમ, ૧૯૪૬ની કલમ-૮૪ અને ૮૫ હેઠળ આ અદાલત સમક્ષ ક્રોસ અપીલ દાખલ કરેલ છે.

૨. આ બંને અપીલોનાં પક્ષકારો એક જ હોઈ અને બંને અપીલોની વિગતો અને હકીકતો એક જ પ્રકારની હોઈ આ બંને અપીલોને એકત્રિત કરી આ એક જ ઠરાવ દ્વારા તેનો નિકાલ કરવાનું આથી ઠરાવવામાં આવે છે. આ અપીલોમાંની અપીલ નં. ૫/૦૩ ની ટૂંકમાં વિગતો એવી છે કે,

INDEX

જૂનાગઢ ખાતેની નીચલી મજૂર અદાલત દ્વારા બી.આઈ.આર. અરજી નં. ૧૪/૨૦૦૦માં ચુકાદો આપી અરજી અંશતઃ મંજૂર રાખેલ છે અને ૫૦ ટકા પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરેલ છે તે હુકમથી નારાજ થઈ આ અપીલ આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે. મૂળ બી.આઈ.આર. અરજી નં. ૧૪/૨૦૦૦ નો ચુકાદો તા. ૨૬-૬-૨૦૦૩ ના રોજ આપવામાં આવેલ અને તે ચુકાદામાં મજૂર અદાલત, જૂનાગઢે હાલના સામાવાળા અને મૂળ અરજદાર બી.આઈ.આર. એકટ નીચે 'માલિક'ની વ્યાખ્યામાં આવતાં નથી તે જોયેલ નથી. સામાવાળાએ તે હકીકતો પુરવાર પણ કરેલ નથી અને મજૂર અદાલતે મુદ્દાઓ પણ નક્કી કરેલ નથી. અપીલનાં કારણોમાં એપેલન્ટ જણાવે છે કે, મજૂર અદાલત, જૂનાગઢનાં ન્યાયાધીશે જે અનુમાનો દોરેલ છે તે અનુમાનો તેમણે દોરવા ન જોઈએ અને ચુકાદો ભૂલ ભરેલ તેમજ ગેરકાયદેસરનો હોવાથી તે રદ થવાને પાત્ર છે. નીચેની મજૂર અદાલતે એવું નક્કી કરેલ નથી કે, હાલનાં સામાવાળા બી.આઈ.આર. એકટ, ૧૯૪૬ નીચે 'શ્રમયોગી' તરીકે ગણાતા નથી. નીચેની મજૂર અદાલતે મુદ્દાઓ પણ નક્કી કરેલ નથી. નીચેની મજૂર અદાલતે એ ધ્યાનમાં લીધેલ નથી કે, સામાવાળાને તદ્દન હંગામી ધોરણે નોકરી પર લેવામાં આવેલ અને ત્યારબાદ તેઓને અદાલતનાં મનાઈ હુકમનાં આધારે ચાલુ રાખવામાં આવેલ હતાં. પાછળથી તે મનાઈ હુકમ ઉઠાવી લેવામાં આવેલ હતો અને ત્યારબાદ તેઓને નોકરીમાંથી છૂટા કરવામાં આવેલ હતાં. મજૂર અદાલતે રેકર્ડ પરનાં પુરાવાઓની ચકાસણી કરેલ નથી. મજૂર અદાલતે વડી અદાલતોનાં ચુકાદાઓને પણ ધ્યાનમાં લીધેલ નથી. આમ મજૂર અદાલતે ૫૦ ટકા પાછલા વળતર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો જે હુકમ કરેલ છે તે ભૂલ ભરેલો છે. મજૂર અદાલત સમક્ષ સંબંધિત શ્રમયોગી બી.આઈ.આર. એકટ, ૧૯૪૭ નીચે 'શ્રમયોગી' ની વ્યાખ્યામાં આવતા નથી તેવો મુદ્દો ઉભો કરેલ હોવા છતાં તેની ચર્ચા પણ ચુકાદામાં કરેલ નથી. જે ગેરકાયદેસર અને ભૂલ ભરેલ છે જેથી આ ચુકાદો રદ થવાને પાત્ર છે. મજૂર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ પોતાના ચુકાદામાં જે તારણો આપેલ છે તે કેસમાં પડેલ પુરાવાનાં આધારે આપેલ નથી તેવું સ્પષ્ટ રીતે ફલિત થાય છે. સબબ સામાવાળાને પુનઃસ્થાપિત આપવાની જરૂર ન હતી તેમ છતાં પુનઃસ્થાપિત કરવાની ગંભીર ભૂલ કરેલ છે જેથી આ ચુકાદો રદ થવાને પાત્ર છે. જેથી રીસ્પોન્ડન્ટને જે ૫૦ ટકા બેક વેઈજીસ આપવામાં આવેલ છે તે ભૂલ ભરેલ છે અને ગેરકાયદેસર છે. આમ આ કામમાં પુનઃસ્થાપનનો જે હુકમ કરેલ છે તે ઘણો ભૂલ ભરેલો છે. તે રદ થવાને પાત્ર છે. આમ એપેલન્ટની આ અરજી મંજૂર કરવા તેમજ બી.આઈ.આર. અરજી નં. ૧૪/૨૦૦૦નાં કામમાં જૂનાગઢની મજૂર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ તા. ૨૬-૬-૨૦૦૩ ના રોજ જે ચુકાદો આપેલ છે તે હુકમ રદ કરવા વિનંતી કરેલ છે. આ અપીલની સાથે હાલનાં એપેલન્ટે મજૂર અદાલત, જૂનાગઢે ઉપરોકત જણાવેલ અરજીમાં આપેલ ચુકાદાની ખરી નકલ સામેલ રાખેલ છે.

૩. અપીલ નં. ૫/૦૩ ની સાથે હાલનાં એપેલન્ટે જૂનાગઢની મજૂર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ બી.આઈ.આર. અરજી નં. ૧૪/૨૦૦૦ નાં કામમાં તા. ૨૬-૬-૨૦૦૩ નાં રોજ કરેલ હુકમની સામે મનાઈહુકમ આપવા માટે અરજી કરેલ હતી. જેનાં ઉપર આ પંચે તા. ૨૨-૭-૨૦૦૩ ના રોજ એક હુકમ કરીને નીચેની મજૂર અદાલતનાં ચુકાદાનો અમલ મોકુફ અને સ્થગિત રાખવાનો હુકમ કરેલ હતો.

INDEX

૪. રીસ્પોન્ડન્ટે આ અપીલ નં. ૫/૦૩ નાં કામમાં કોઈ જવાબ રજૂ કરેલ નથી. પરંતુ તે સામે તેઓએ કરેલ ક્રોસ અપીલમાં પોતાનાં વાંધા-જવાબો રજૂ કરેલ છે.

૫. અપીલ નં. ૮/૦૩ ની હકીકતો એવી છે કે, અરજદાર પ્રતાપભાઈ પોલાભાઈ બારડ, સામાવાળા બેંકમાં ગ્રૂપ મંત્રી તરીકે વર્ષોથી કાયમી જગ્યા ઉપર કામ કરતાં હતાં. તેઓનો ભૂતકાળનો નોકરીનો રેકર્ડ ખૂબ જ સારો હતો. તેઓ બેંકમાં ક્લેરીકલ કેડરમાં નોકરી કરે છે. જુદી જુદી શરતો અને સમાધાન મુજબ અરજદારનો માસિક પગાર ક્લેરીકલ કેડરમાં અન્ય કામ કરતાં શ્રમયોગીઓ કરતાં પણ ઓછો હતો. અરજદારને તા. ૬-૨-૧૯૯૬ નાં રોજ તહોમતપત્ર આપવામાં આવેલ અને તેઓની સામે ખાતાકીય તપાસ પડતર હતી તે દરમિયાન જ તા. ૨-૧૧-૧૯૯૫ ના રોજ તેમને નોકરીમાં સસ્પેન્ડ કરવામાં આવેલ હતાં. અરજદાર જયાં રહેતાં હતાં ત્યાંથી ૧૫૦ કિ.મી. દૂરનાં સ્થળે ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવેલ હતી. અરજદારને તા. ૧-૮-૧૯૯૬ થી તેમને નોકરીમાં બરતરફ કરવામાં આવેલ હતાં. છૂટા કરતી વખતે અરજદારને કોઈ જ વળતર કે પગાર કે નોટીસ પગાર આપવામાં આવેલ ન હતો. અરજદારની આર્થિક સ્થિતિ કંગાળ થઈ ગયેલ હતી તેથી, તેમજ ઈન્કવાયરી ૧૫૦ કિ.મી. જેટલાં દૂરનાં સ્થળે રાખવામાં આવેલ હોવાથી તેઓ ખાતાકીય તપાસનાં સ્થળે હાજર રહી શકેલ ન હતાં અને તેથી એકતરફી ખાતાકીય તપાસની કાર્યવાહી ચલાવવામાં આવી હતી. આમ એકતરફી રીતે તેમની સામે ખાતાકીય તપાસ કરી બરતરફીનો હુકમ કરવામાં આવેલ છે.

૬. અરજદારે સદરહુ બરતરફીનાં હુકમને મજૂર અદાલત સમક્ષ પડકારેલ હતો અને નોકરીમાં પુનઃસ્થાપિત થવા માટે દાદ માગેલ હતી. જેનાં આધારે ગુણદોષ ઉપર ચુકાદો આપી મજૂર અદાલતે અરજદારને ૫૦ ટકા પાછલા પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરેલ હતો. જેનાંથી નારાજ થઈ હાલનાં અરજદાર પ્રતાપભાઈ પોલાભાઈ બારડે હાલની આ અપીલ આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે. અપીલનાં કારણોમાં જણાવે છે કે, જો સમગ્ર રેકર્ડ જોવામાં આવશે તો જણાશે કે, બેંકે નીચેની મજૂર અદાલત સમક્ષ ખાતાકીય તપાસનો દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી. ફક્ત અરજદારે જ દસ્તાવેજી પુરાવાઓ નીચેની મજૂર અદાલત સમક્ષ રજૂ કરેલ છે. નીચેની મજૂર અદાલતે તહોમતનામામાંનાં અમુક આક્ષેપો પુરવાર માનેલ છે. તહોમતનામું એ કોઈ તહોમત પુરવાર કરતો દસ્તાવેજ નથી. તહોમત દસ્તાવેજી અને મૌખિક પુરાવાઓ દ્વારા પુરવાર કરવું જોઈએ જે કરવામાં આવેલ નથી. આમ, દસ્તાવેજી પુરાવાઓ સામાવાળાએ નહિ રજૂ કરેલ હોવા છતાં તહોમતનામામાં જણાવેલ આક્ષેપોને મજૂર અદાલતે પુરવાર માનેલ છે અને તેનો તેમની સમક્ષનાં ચુકાદામાં ઉલ્લેખ કરેલ છે. આમ નીચેની મજૂર અદાલતની આ ભૂલ છે. પાછલું વળતર કાપવાનાં કારણમાં મજૂર અદાલતે ઠરાવેલ છે કે, અરજદાર તરફે જે વિલંબ કરવામાં આવેલ છે તેનાં કારણે પાછલું વળતર કાપવામાં આવે છે. સમગ્ર દસ્તાવેજી પુરાવાઓ જોતાં ટ્રાયલ કોર્ટનું ઉપરોક્ત તારણ ભૂલ ભરેલ જણાય છે. ઉપરોક્ત સંજોગોમાં મજૂર અદાલત, જૂનાગઢે બી.આઈ.આર. અરજી નં. ૧૪/૨૦૦૦માં તા. ૨૬-૬-૦૩નાં રોજ આપેલ ચુકાદામાં જે ૫૦ ટકા પાછલા વળતર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો જે હુકમ કરેલ છે તેનાં બદલે ૧૦૦ ટકા પાછલા વળતર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે તેવી દાદ માગેલ છે.

INDEX

૭. અપીલ નં. ૮/૦૩ની સાથે અરજદારે મૂળ બી.આઈ.આર. અરજી નં. ૧૪/૨૦૦૦નાં કામમાં તા. ૨૬-૬-૦૩નાં રોજ મજૂર અદાલત, જૂનાગઢે આપેલ ચુકાદાની નકલ રજૂ કરેલ છે.

૮. અપીલ નં. ૫/૦૩નાં કામમાં એપેલન્ટને આંક-૪થી મનાઈહુકમ આપવામાં આવ્યા પછી તે વખતોવખત લંબાવવામાં આવેલ છે અને તે આજદિન સુધી ચાલુ છે.

૯. ત્યારબાદ આ કામમાં બંને પક્ષકારોનાં વિદ્વાન વકીલશ્રીઓની સંયુક્ત દલીલો લક્ષમાં લીધી. અપીલ નં. ૫/૦૩ના કામમાં રીસ્પોન્ડન્ટ તરફે તેમની લેખિત દલીલમાં જણાવેલ છે કે, મજૂર અદાલતે કાયદાની ગંભીર ભૂલ કરેલ છે જેથી જ મજૂર અદાલત દ્વારા આપવામાં આવેલ ચુકાદો રદ થવાને પાત્ર છે. આ કામમાં સામાવાળા એટલે કે મૂળ અરજદાર 'શ્રમયોગી' 'એમ્પ્લોઈ' ની વ્યાખ્યામાં આવતા નથી. તેમ છતાં મજૂર અદાલતે તે હકીકતે ધ્યાનમાં લીધેલ નથી, જે એપેલન્ટની હકીકત અદાલતને ગેરમાર્ગે દોરનારી અને હકીકતો વિરુદ્ધની હોઈ આ રજૂઆત રદ થવાને પાત્ર છે. એપેલન્ટે અપીલમાં જણાવેલ છે કે, મજુર અદાલતે એપેલન્ટની દલીલો અને ચુકાદાને ધ્યાનમાં લીધેલ નથી. જેથી મજૂર અદાલતનો ચુકાદો રદ થવાને પાત્ર છે જે હકીકત પણ મજૂર અદાલતને ગેરમાર્ગે દોરનારી હોઈ રદ થવાને પાત્ર છે. મજૂર અદાલતે તેમની સમક્ષ પડેલાં પુરાવાઓ, દસ્તાવેજો અને જુબાનીઓને આધારે બી.આઇ.આર. અરજી નં. ૧૪/૨૦૦૦નાં કામમાં જે ચુકાદો આપેલ છે તે તદ્દન યોગ્ય, ન્યાયી અને વાજબી છે તે જેથી આ ચુકાદામાં કોઇ ફેરફાર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં જણાવેલ છે કે, મજૂર અદાલતે તેનાં ચુકાદામાં જો કાયદાની અને હકીકતોની ભૂલો કરી હોય તો જ અપીલ ટકવાપાત્ર થાય છે. જ્યારે મજૂર અદાલતે બી.આઇ.આર. નં. ૧૪/૨૦૦૦માં જે ચુકાદો આપેલ છે તે ચુકાદામાં કોઇ પણ કાયદાની કે હકીકતની કે હકીકતની ભૂલ ન હોય એપેલન્ટની અપીલ રદ થવાને પાત્ર છે તથા આ અપીલ મનાઈહુકમ રદ થવાને પાત્ર છે. મૂળ અરજદાર 'એમ્પ્લોઈ'ની વ્યાખ્યામાં આવતા ન હોઈ જેથી અરજી તથા મજૂર અદાલતનો ચુકાદો રદ થવાને પાત્ર છે તે બાબતે ધ્યાન દોરતાં જણાવે છે કે, આ કામનાં અરજદારે તેમનો વિગતવાર જવાબ મૂળ બી.આઇ.આર. અરજી નં. ૧૪/૨૦૦૦માં આપેલ નથી. તેમજ પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરેલ છે તે અંગેનાં કોઇ પુરાવા, દસ્તાવેજી પુરાવા કે જુબાની દ્વારા પુરવાર કરેલ નથી જેથી એપેલન્ટનો આ બચાવ આ અપીલમાં લઇ શકે નહી. જેથી અપીલ ગેરમાર્ગે દોરવા માટે ખોટી રજૂઆતો કરેલ હોઇ આ અપીલ તથા મનાઈહુકમ રદ થવા અરજ કરેલ છે. સામાવાળાએ વધુમાં દલીલો કરતાં જણાવે છે કે, સામાવાળા સામે આ કામનાં એપેલન્ટે બેંકે ખાતાકીય તપાસ કરેલ છે અને ખાતાકીય તપાસ કરતાં પહેલાં તેઓને પડતર ઇન્કવાયરી સસ્પેન્ડ કરેલ પરંતુ આ સંપૂર્ણ સસ્પેન્શન દરમિયાન તેઓને કોઈપણ પ્રકારનું સસ્પેન્શન એલાઉન્સ આપેલ નહીં જેથી મજૂર અદાલતે તેઓ રીસ્પોન્ડન્ટની તરફેણમાં જે ચુકાદો આપેલ છે તે ચુકાદો ન્યાયી અને વાજબી છે. કારણ કે, અરજદારને પેન્ડીગ ઇન્કવાયરી સસ્પેન્ડ કરવામાં આવે તો સંસ્થાએ શ્રમયોગીને સસ્પેન્શન એલાઉન્સ ચૂકવવું પડે જે સંસ્થાએ પેન્ડીંગ ઇન્કવાયરી સસ્પેન્શનનાં હુમકથી ખાતાકીય તપાસ પૂરી થઇ ત્યાં સુધી તેઓને ચૂકવેલ ન હોઇ ખાતાકીય તપાસ ગેરકાયદેસર હોઇ અને તે તપાસનાં આધારે આપેલ તારણ પણ ગેરકાયદેસર અને પરવર્સ છે જે મજૂર અદાલતે તેમનાં ચુકાદામાં જણાવેલ છે તે યોગ્ય, ન્યાયી અને વાજબી છે. જેથી, આ અપીલ અને મનાઇ હુકમ રદ

INDEX

થવાને પાત્ર છે. વધુમાં દલીલો કરતાં જણાવે છે કે, સંસ્થા કોઇ પણ શ્રમયોગી સામે ખાતાકીય તપાસ શરુ કરે ત્યારે ખાતાકીય તપાસ કુદરતી ન્યાયનાં સિદ્ધાંત મુજબ સંસ્થાની હદમાં અથવા તો સંસ્થા જે શહેરમાં આવેલ હોય તે શહેરમાં રાખવાની હોય છે જ્યારે કામનાં એપેલન્ટ બેંકે રીસ્પોન્ડન્ટ સામેની ખાતાકીય તપાસ કોડીનાર શહેરથી આશરે ૨૦૦ કિ.મી. દૂર જૂનાગઢ શહેરમાં બેંકનાં વકીલને ત્યાં રાખવામાં આવેલ જેથી શ્રમયોગીએ ખાતાકીય તપાસ કોડીનારમાં રાખવા જણાવેલ છતાં એપેલન્ટે ખાતાકીય તપાસ જૂનાગઢમાં ચલાવવાનો આગ્રહ રાખી જૂનાગઢમાં ખાતાકીય તપાસ એકતરફી ચલાવી પૂર્ણ કરેલ જેથી પણ ખાતાકીય તપાસ અને તે તપાસને આધારે આપેલ તારણો પણ ગેરકાયદેસર અને પરવર્સ હોઇ રદ થવાને પાત્ર છે અને મજૂર અદાલતે તેમનાં ચુકાદામાં જે જણાવેલ છે જેથી મજૂર અદાલતે જે ચુકાદો બી.આઇ.આર. અરજી નં. ૧૪/૨૦૦૦માં આપેલ છે તે યોગ્ય અને વાજબી છે જેથી તે ચુકાદામાં કોઇ ફેરફાર કરવાનો પ્રશ્ન નથી અને તેથી અપીલ અને આપેલ મનાઇહુકમ રદ થવાને પાત્ર ઠરે છે.

૧૦. વધુમાં લેખિત દલીલમાં રીસ્પોન્ડન્ટ જણાવે છે કે, રીસ્પોન્ડન્ટ શ્રમયોગીએ ખાતાકીય તપાસ જૂનાગઢના બદલે કોડીનારમાં રાખવા અથવા કોડીનારથી જૂનાગઢ આવવા-જવાનું ભાડું એપેલન્ટ બેંક તેઓને ચૂકવે તે પણ જણાવવા છતાં એપેલન્ટ બેંકે તેઓને જૂનાગઢ જવાનું-આવવાનું ભાડું પણ ન ચૂકવતાં તેઓ રીસ્પોન્ડન્ટ શ્રમયોગી પેન્ડીંગ ઇન્કવાયરી સસ્પેન્ડ કરેલ હોય અને સસ્પેન્શન એલાઉન્સ એપેલન્ટ બેંક ચૂકવતી ન હોય અને તેઓની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી હોઇ તેઓ રીસ્પોન્ડન્ટ શ્રમયોગી એપેલન્ટ બેંકે તેની સામે શરુ કરેલ ખાતાકીય તપાસમાં તેઓ શ્રમયોગી હાજર રહી શકે તેમ ન હોઇ તે તકનો લાભ લઇ એપેલન્ટ બેંકે તેઓની સામે એકતરફી ખાતાકીય તપાસ ચલાવી તેઓની વિરુધ્ધમાં તારણો આપેલ છે. જેથી, આ તારણો, આ ખાતાકીય તપાસ, ગેરકાયદેસર, ગેરબંધારણીય અને પરવર્સ છે તેવું મજૂર અદાલતે બી. આઇ. આર. અરજી નં. ૧૪/૨૦૦૦ નાં ચૂકાદામાં આપેલ છે, તે યોગ્ય, વાજબી અને ન્યાયી હોઇ ચુકાદામાં કોઇ ફેરફાર કરવાને પાત્ર થતો નથી અને તેથી આ અપીલ રદ કરવાને પાત્ર ઠરે છે. વધુમાં રિસ્પોન્ડન્ટ જણાવે છે કે, તેઓ રીસ્પોન્ડન્ટ શ્રમયોગીને તારીખ ૬-૨-૧૯૯૬નાં રોજ જે ચાર્જશીટ આપેલ તે ચાર્જશીટ અગાઉ તેઓને બેંક તરફથી ક્યારેય કોઇ મેમો કે ચાર્જશીટ આપેલ ન હતું અને તેઓની નોકરીનો રેકર્ડ એકદમ ક્લીન અને નીટ હતો અને તેઓને જે ચાર્જશીટ તારીખ ૬-૨-૧૯૯૬ના રોજ આપેલ છે તે ચાર્જશીટમાં જણાવેલ આક્ષેપો તદ્દન ખોટા, અપ્રસ્તુત, ઉપજાવી કાઢેલાં છે અને તે ખાતાકીય તપાસમાં પણ પુરવાર થયેલ નથી તે અંગેનાં દસ્તાવેજો પણ રજૂ થયેલ નથી તેમજ રીસ્પોન્ડન્ટે ચાર્જશીટનો જે વિગતવાર જવાબ આપેલ છે તે જવાબને પણ તપાસ અધિકારીએ ધ્યાનમાં લીધેલ નથી કે તે જવાબને આધારે કોઇ દસ્તાવેજ તપાસમાં રજૂ થયેલ નથી અને એકતરફી ખાતાકીય તપાસ અધિકારીએ પૂર્ણ કરેલ હોઇ ખાતાકીય તપાસ તથા તપાસનાં આધારે આપેલ તારણો ગેરકાયદેસર, ગેરબંધારણીય હોઇ તે રદ થવાને પાત્ર છે, જે મજૂર અદાલતનાં ચુકાદામાં જણાવેલ છે જે યોગ્ય, ન્યાયી અને વાજબી છે જેથી અપીલ અને અપીલમાં આપેલ મનાઇ હુકમ રદ થવાને પાત્ર છે. વધુમાં સામાવાળા જણાવે છે કે, આ કામમાં એપેલન્ટ બેંકે કોઇપણ દસ્તાવેજો મૂળ બી.આઇ.આર. અરજી નં. ૧૪/૨૦૦૦માં રજૂ કરેલ નથી કે કોઇ સાક્ષી પુરાવા આપેલ નથી

INDEX

અને તેમણે જે પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરેલ છે તે મુદ્દા બાબતે પણ કોઇ ઉલટ તપાસ સામાવાળાની કરેલ છે જેમાં સાબિત કરેલ નથી કે તે બાબતે કોઇ પુરાવો આ કામમાં આપેલ નથી જેથી આ કારણોસર પણ આ અપીલ તથા અપીલની મનાઇહુકમની અરજીમાં આપેલ મનાઇહુકમ રદ થવાને પાત્ર છે. એપેલન્ટ બેંકનો કોઇ પ્રથમ દર્શનીય કેસ નથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ બેંકની તરફેણમાં નથી. હાર્ડશીપ પણ બેંકની તરફેણમાં નથી. પરંતુ તમામ મુદ્દા અરજદારની તરફેણમાં છે. કારણ કે, શ્રમયોગીને બેંકે તારીખ ૨-૧૧-૧૯૯૫ના રોજથી પડતર ઇન્ક્વાયરી સસ્પેન્ડ કરેલ અને કોઇ પણ પ્રકારનું સસ્પેન્શન એલાઉન્સ તેઓને તારીખ ૧-૮-૧૯૯૬ના રોજ બરતરફ કર્યા ત્યાં સુધી ચૂકવેલ ન હોઇ અને તેઓને બરતરફ કર્યા બાદ પણ તેઓ બેકાર હોઇ આજદિન સુધી તેઓને નોકરી મળેલ ન હોઇ તેઓ તારીખ ૨-૧૧-૧૯૯૫ થી આજદિન સુધી બેકાર રહેલ હોઇ મજૂર અદાલતે બી.આઇ.આર. અરજી નં. ૧૪/૨૦૦૦માં જે ચુકાદો આપેલ છે તે ચુકાદો ખૂબ જ વાજબી, ન્યાયી અને યોગ્ય હોઇ તે ચુકાદા મુજબ એપેલન્ટ બેંક તેઓને તાત્કાલિક અસરથી કામ ઉપર લે તેવો હુકમ ફરમાવવા તથા તમામ આનુષાંગિક લાભો તથા બી. આઇ. આર. અરજી નં. ૧૪/૦૦ નાં ચુકાદા મુજબ પગાર ચૂકવી આપે તેવો હુકમ ફરમાવવા તથા એપેલન્ટની અપીલ તથા અપીલમાં આપેલ મનાઇહુકમ રદ કરવા અરજ કરે છે. વધુમાં શ્રમયોગી તરફે એવું જણાવેલ છે કે, મજૂર અદાલત, જૂનાગઢ બી.આઇ.આર. અરજી નં. ૧૪/૦૦માં તા. ૨૬-૬-૦૩ના રોજ જે ચુકાદો આપેલ છે તે ચુકાદો તેઓને છૂટા કર્યા પછી આશરે સાત વર્ષ બાદ આપેલ છે અને ત્યાર બાદ અદાલતનાં મનાઇહુકમનાં કારણે પણ શ્રમયોગી નોકરીથી તથા પગારથી વંચિત રહેલ છે. જેથી શ્રમયોગીને આ કામની બેંક બી.આઇ.આર. અરજી નં. ૧૪/૨૦૦૦માં આપેલ ચુકાદા મુજબ તાત્કાલિક અમલ કરે તેવો હુકમ ફરમાવવા અને એપેલન્ટની અપીલ તથા અપીલમાં આપેલ મનાઇહુકમ રદ કરવા અરજ કરે છે. વધુમાં શ્રમયોગી તરફે જણાવેલ છે કે, મજૂર અદાલતે જે ચુકાદો આપેલ છે તે ચુકાદામાં કોઇ કાયદાકીય કે હકીકતોની ભૂલ રહેલ નથી કે ક્ષતિ રહેલ નથી જેથી તેમાં કોઇ ફેરફાર કરવાનો કે રદ કરવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને તેથી આ અપીલ રદ કરવા વિનંતી કરેલ છે. શ્રમયોગી તરફે વધુમાં એમ જણાવેલ છે કે, બોમ્બે હાઇકોર્ટ તથા કલકત્તા હાઇકોર્ટે તેમનાં ચુકાદામાં જણાવેલ છે કે, જ્યારે કોઇ શ્રમયોગી સામે ખાતાકીય તપાસ કરવામાં આવે ત્યારે ખાતાકીય તપાસનાં અંતે તેમને બરતરફ કરવામાં આવે ત્યારે શ્રમયોગી તે બરતરફીનાં હુકમને મજૂર અદાલતમાં પડકારે ત્યારે માલિક એવો બચાવ લઇ શકે નહી કે આ શ્રમયોગી 'એમ્પ્લોઇ' ની વ્યાખ્યામાં આવતા નથી. જેથી, માલિકને એસ્ટોપલને બાધ પડે છે. તે બોમ્બે હાઇકોર્ટનાં તથા કલકત્તા હાઇકોર્ટનાં ચુકાદા સામેલ રાખેલ છે. વધુમાં શ્રમયોગી તરફે દલીલોમાં જણાવેલ છે કે, તેઓ શ્રમયોગી સને ૧૯૯૬થી બેકાર અવસ્થામાં હોઇ અને તેઓને અન્ય કોઇ આર્થિક આવક ન હોઇ અને સામાવાળાને ૫૦ ટકા પગાર ચૂકવવાનો જે હુકમ કરેલ છે તેનાં બદલે ૧૦૦ ટકા પગાર મેળવવવા તેઓ દાદ માગે છે. કારણ કે, શ્રમયોગી નોકરીમાંથી છૂટા થયા પછી કમાય છે કે કેમ ? તે પુરવાર કરવાની જવાબદારી માલિક એટલે કે, બેંકની છે અને બેંક તે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોઇ તેઓ હાલની અપીલ નં. ૮/૦૩ ના કામમાં ૧૦૦ ટકા પાછલો પૂરેપૂરો પગાર મેળવવાની દાદ માગે છે તે દાદ મંજુર કરવા અરજ કરે છે. હાલની ઉપરોક્ત દલીલો અપીલ નં. ૮/૦૩ નાં કામમાં પણ ગ્રાહ્ય રાખવા વિનંતી કરે છે.

INDEX

૧૧. અપીલ નં. ૫/૦૩ ના કામમાં બેંકે તેમની લેખિત દલીલ આંક-૬ થી રજુ કરેલ છે જેમાં જણાવેલ છે કે, મૂળ બી.આઈ.આર. અરજી હાલનાં શ્રમયોગીને છૂટા કરવાનું પગલું ગેરકાયદેસર ફેરફાર જાહેર કરવા અંગે હતી. આ શ્રમયોગીને ખાતાકીય તપાસ કરીને શિક્ષાત્મક પગલાં રૂપે છૂટા કરવામાં આવેલ અને તે પગલાંથી નારાજ થઈ તેમણે સંબંધિત કાયદાની કલમ-૭૮, ૭૯ હેઠળ નોકરીથી મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા માંગણી કરેલ આ કેસમાં અદાલતે ૫૦ ટકા બેક વેઈજીસ સાથે પુનઃસ્થાપિત કરવા હુકમ કરેલ છે, જે આ અપીલનું કારણ છે. મૂળ અરજી ચાલતી હતી તે દરમિયાન પ્રાથમિક મુદ્દો બેંકે લીધેલ કે, હાલનાં શ્રમયોગી બી.આઈ.આર. એક્ટ, ૧૯૪૬ની જોગવાઈઓ મુજબ 'એમ્પ્લોઈ' ની વ્યાખ્યામાં આવતા નથી. આ મુદ્દો આખરી સુનાવણી વખતે લક્ષમાં લેવામાં આવશે. ઉપરાંત આ કામમાં ખાતાકીય તપાસનો મુદ્દો પણ છે. ખાતાકીય તપાસ જો યોગ્ય ન હોય તો તેવા સંજોગોમાં અદાલત સમક્ષ પુરાવો લેવા પરવાનગી આપવી જોઈએ, જે બાબત ધ્યાનમાં લેવામાં આવી નથી.

૧૨. મજૂર અદાલતે ચુકાદો આપતી વખતે જે મુદ્દો ફ્રેમ કર્યા છે તેમાં - 'એમ્પ્લોઈ' ની વ્યાખ્યામાં મૂળ કેસમાં અરજદાર આવે છે કે કેમ ? તે મુદ્દો જ નક્કી કરેલ નથી. વળી, ખાતાકીય તપાસ કાયદેસર છે, તેવી અરજી મજૂર અદાલતમાં શ્રમયોગીએ આપેલ તેમ છતાં ખાતાકીય તપાસની કાયદેસરતાને મજૂર અદાલતે ચર્ચા કરીને તપાસ અયોગ્ય ઠેરવી છે. ખાતાકીય તપાસની કાયદેસરતા કબૂલ કરવામાં આવી હોય અને પછી મૂળ કેસમાં અરજદારે બેકારીનો પુરાવો જ આપેલ ન હોય તો પછી બેક વેઈજીસ આપવા કે કેમ ? તે મુદ્દો જ ફ્રેમ કરવો જોઈએ અને જે વાતનો પુરાવો જ ન હોય તેવી દાદ આપી શકાય નહીં. મજૂર અદાલત દ્વારા આઈ.ડી. એક્ટની કલમ-૧૧-એ હેઠળ દાદ આપવામાં આવી છે. ખરેખર આ અંગે તેઓએ વડી અદાલતનો ચુકાદો રજૂ કરેલ છે જે મુજબ બી.આઈ.આર. એક્ટ હેઠળ આવેલ લાભ આપી શકાય નહીં. આ કેસમાં ખોટી રીતે નાણાં ચૂકવવાનો, રોજમેળમાં ગોટાળા કરવાનો, વગેરે ગંભીર આરોપ હોવા છતાં અદાલતે તેમનાં ચુકાદાનાં પાના નં. ૯ ઉપર છેલ્લી દશ લીટીમાં જે તારણ કાઢેલ છે તે નીચે મુજબ છે :-

> ''આ કામમાં અરજદાર કર્મચારીને નોકરીમાંથી બરતરફ કરવાનું જે પગલું ભરવામાં આવેલ છે. તે અરજદારની જુબાનીમાં જણાવ્યા મુજબ તથા તેનાં સાહેદ શ્રી ગોસ્વામીની જુબાનીમાંથી મળતા પુરાવા મુજબ અરજદારનાં પિતા અને બેંકનાં ચેરમેનની વચ્ચેનાં રાજકીય ચુંટણીમાંથી .....વીક્ટીમાઈજેશન કરેલ હોવાથી.....''

૧૩. જયારે હાલનાં આ કેસમાં વીક્ટીમાઈજેશનનો કોઈ મુદ્દો જ નથી અને તેવી કોઈ રજૂઆત પણ નથી. હવે નામદાર સર્વોચ્ચ અદાલતે તેમજ જુદી જુદી નામદાર વડી અદાલતોએ સ્પષ્ટ ઠરાવેલ છે કે, આવી નાણાંકીય ગોટાળાની બાબત ગંભીરતાથી લેવી જોઈએ અને પુનઃસ્થાપન ન આપવું જોઈએ. તેમ છતાં મજૂર અદાલત એમ ઠરાવે છે કે, ''નાણાં વ્યાજ સહિત વસૂલ કરી શકાયા હોત'' એ કેટલે અંશે વાજબી કહેવાય ? તેનો અર્થ એવો થયો કે, મજૂર અદાલત માને છે કે, નાણાંકીય ગોટાળા થયા છે, પરંતુ તેનાં માટે છૂટા કરી શકાય નહી. આ બાબતે જુદા જુદા ચુકાદાઓ અલગથી રજૂ કરેલ છે. શ્રમયોગીએ જાતે જ તહોમતનામું રજૂ કરેલ છે અને ત્યાર બાદ

INDEX

પોતે કોઈ મૌખિક પુરાવો આપેલ નથી તો તેવા સંજોગોમાં કયા પુરાવાનાં આધારે અદાલતે તેઓનું પગલું ગેરકાયદેસર ઠરાવ્યું તે સમજી શકાતું નથી. ચુકાદાના પાના-૧૧ ઉપરનાં બીજા પેરેગ્રાફમાં જણાવેલ છે કે, સજા વધુ પડતી છે એટલે કે, ગુન્હો સાબિત માનેલ છે. તો હવે નક્કી કરવું જોઈએ કે, જે ગુન્હો નાણાંકીય ગોટાળાનો છે તે માફી આપવા યોગ્ય છે, કારણ કે, આ બેંક છે અને પ્રજાનો વિશ્વાસ તથા તેનાં નાણાં બેંકમાં હોય છે તો તેવી સંસ્થામાં આવું કેમ ચાલે ? અગાઉ એસ. ટી.ના કેસોમાં બે થી પાંચ રૂપિયા કે કયારેક ૨૦ થી ૨૫ રૂા.ના કલેકશનમાં કંડકટરને માફી મળતી, પરંતુ હવે નામદાર વડી અદાલતે સ્પષ્ટ ઠરાવેલ છે કે, ૧૦ પૈસા પણ લીધાં એટલે કે, ઉચાપત કહેવાય. ઉચાપત ૧૦ પૈસાની હોય કે લાખ રૂપિયાની હોય, ઉચાપત એ ઉચાપત કહેવાય અને તેથી હવે પુનઃસ્થાપિત કરી શકાતાં નથી. નાણાંકીય ગોટાળા અંગેનાં જુદા જુદા ચુકાદાઓ રજુ કરેલ છે. તે ચુકાદા ધ્યાનમાં લીધેલ નથી કે તેની ચર્ચા પણ કરેલ નથી. બેંકે તેમને સસ્પેન્શન એલાઉન્સ ચુકવેલ નથી પરંતુ જણાવે છે. કે, ગુજરાત બેંક વર્કર્સ યુનીયન દ્વારા આ મુદ્દે તેઓની બેંક સામે ગુજરાત રાજ્યનાં સ્થાયી આદેશ નોંધણી અધિકારી સમક્ષ વિવાદ કરવામાં આવેલ જેમાં ઠરાવ્યા મુજબ તેઓની બેંકમાં પડતર ઈન્કવાયરી સસ્પેશન એલાઉન્સ ચુકવવાની જોગવાઈ નથી. આ કેસ એક વાર ડીસમીસ ફોર ડીફોલ્ટ થયેલ, બાદ પરચુરણ અરજી હાલનાં રીસ્પોન્ડન્ટ દ્વારા થયેલ જેનાં આધારે લાંબા સમય બાદ કેસ રીસ્ટોર થયેલ. આ બધાં પીરીયડનાં બેંક વેઈજીસનું બર્ડન માલિક ઉપર કેવી રીતે નાંખી શકાય ? આ મુદ્દો પણ અતિ મહત્વનો છે.

૧૪. ૧૯૯૪, (૨) એલ.એલ.જે. પાન-૯૦૬ ઉપરનાં ચુકાદામાં ઠરાવેલ છે કે લાગુ પડતા સ્થાયી આદેશોમાં જોગવાઈ હોય તે મુજબ છૂટા કરેલ હોય તો અદાલત વચ્ચે પડી શકે નહીં. જે ચુકાદો પણ હાલનાં કેસમાં લાગુ પડે છે. ૧૯૯૭, એલ.આઈ.સી. પાન - ૧૯૭૨ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચુકાદા મુજબ પણ ખાતાકીય તપાસનો મુદ્દો પણ ડીસાઈડ કરવો જોઈએ, જે હાલનાં કેસમાં આ મુદ્દો જ ફ્રેમ કરેલ નથી. ૧૯૯૭, એલ.આઈ.સી. પાન-૨૧૪૮ ઉપર પ્રસિદ્ધ થયેલ છે કે, હાલનાં રીસ્પોન્ડન્ટ ખાતાકીય તપાસમાં ગેરહાજર રહેલ તેવા સંજોગોમાં તેને કોઈ લાભ તે બાબતે મળે નહીં. તે જે રીતે ૧૯૯૫, (૨) એલ.એલ.જે. પાન-૧૮ ચુકાદામાં ઠરાવેલ છે. ૨૦૦૨, (૧) સી. એલ. આર. પાન-૯૨૧ માં ઠરાવ્યા મુજબ પ્રાથમિક મુદ્દો જે લીધેલ હોય તે પ્રથમ નક્કી કરવો જોઈએ, ૧૯૯૭, એલ.આઈ.સી. પાન-૨૬૭૩ માં ઠરાવ્યા મુજબ બી.આઈ.આર. એક્ટ હેઠળ આઈ.ડી. એક્ટ-૧૯૪૭ ની કલમ-૧૧-એ નો લાભ મળે નહીં. ૧૯૮૫, (યુ.જે.) જી.એલ.એફ. પાન-૨૦ નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ઉપલી કોર્ટનાં ચુકાદાને ધ્યાનમાં લઈને જ નીચલી અદાલતે ચુકાદા આપવાનાં હોય છે પછી ભલે તે ગમે કે ન ગમે. રીસ્પોન્ડન્ટ ગંભીર પ્રકારનાં નાણાંકીય ગોટાળાનાં ચાર્જમાં સંડોવાયેલ છે અને તેથી તેને પુનઃસ્થાપિત કરી શકાય તેવું તેઓનું માનવું છે અને તેથી મજૂર અદાલતનો ચુકાદો ભૂલ ભરેલ હોઈ તે રદ થવા પાત્ર છે અને તેઓની અપીલ ગ્રાહ્ય રાખવા અરજ કરેલ છે.

૧૫. મજૂર અદાલતે આ કામમાં પોતાનું માઈન્ડ એપ્લાય કરેલ નથી ફક્ત અરજદાર પ્રત્યે તેમની ગેરકાયદેસર સહાનુભૂતિ દર્શાવેલ છે. આ ઉપરથી અદાલતનો ચુકાદો ગેરકાયદેસર અને ગેરવાજબી છે, તેથી ચુકાદો રદ થવાને પાત્ર ઠરે છે. મજૂર અદાલતે આ આક્ષેપ પુરવાર ન માનીને કાયદાની

INDEX

ગંભીર ભૂલ કરેલ છે તેમજ કેસમાં પડેલ સમગ્ર રેકર્ડ ધ્યાનમાં લીધેલ નથી. મજૂર અદાલતે બેક વેઇજીસ અંગે પણ જે તારણો આપેલ છે તે પુરાવો ધ્યાનમાં લીધાં વગર આપેલ છે શ્રમયોગી બેક વેઇજીસ મેળવવા હક્કદાર થતા નથી તેમ છતાં મજૂર અદાલતે હાલનાં અરજદારને ૫૦ ટકા બેક વેઇજીસ ચૂકવવાનો હુકમ કરેલ છે તેમજ હાલનાં એપેલન્ટની દલીલો લક્ષમાં લીધેલ નથી. આમ છતાં મજૂર અદાલતે હાલનાં અરજદારને ખોટી સહાનુભૂતિ દર્શાવી અને ૫૦ ટકા જેટલું બેક વેઇજીસ અપાવી કાયદાની ગંભીર ભૂલ કરેલ છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, મજૂર અદાલતે પુરાવાનું સંપૂર્ણપણે અવલોકન કરેલ નથી જો એવું થયું હોત તો અરજદારને બેક વેઇજીસ મળવાનો કોઇ પ્રશ્ન જ ઉપસ્થિત થતો ન હતો. આમ તારણો આપી મજૂર અદાલતે કાયદાની ગંભીર ભૂલ કરેલ છે. આમ તેઓની અપીલ ગ્રાહ્ય કરવા વિનંતી કરેલ છે.

૧૬. આ કામમાં રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ, બંને પક્ષકારોની લેખિત દલીલો મટીરીયલ્સ ઓન રેકર્ડ તેમજ નીચેની મજૂર અદાલતનું રેકર્ડ જોતાં નીચેના મુદાઓ મારા ન્યાયનિર્ણય માટે ઉપસ્થિત થાય છે :

(૧) શું હાલની અપીલ નંબર ૫/૦૩નાં એપેલન્ટ એ હકીકત સાબિત કરે છે કે, તેઓની આ અપીલ મંજૂર કરવાપાત્ર છે કે કેમ ?

(૨) શું હાલની અપીલ નંબર ૮/૦૩ના એપેલન્ટ એ હકીકત સાબિત કરે છે કે, તેઓની આ અપીલ મંજૂર કરવાપાત્ર છે કે કેમ ?

(૩) શું હાલના બંને એપેલન્ટસ એ હકીકત પુરવાર કરે છે કે, મજૂર અદાલત, જૂનાગઢે બી.આઈ.આર. અરજી નંબર ૧૪/૦૦ માં તા. ૨૬-૬-૦૩ ના રોજ કરેલ હુકમમાં કોઈ કાયદાની કે હકીકતની ભૂલ કે ક્ષતિ કરેલ છે કે કેમ ?

(૪) છેવટનો હુકમ શું કરવો જોઈએ ?

૧૭. ઉપરનાં મુદાઓનો મારો જવાબ નીચેના કારણોસર નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) નકારમાં,

(૩) નકારમાં,

(૪) છેવટનાં હુકમ મુજબ.

૧૮. **કારણો :**

અપીલ નં. ૫/૦૩ના કામમાં રીસ્પોન્ડન્ટ તરફે તેમની લેખિત દલીલમાં જે હકીકતો જણાવેલ છે કે, મજૂર અદાલતે કાયદાની ગંભીર ભૂલ કરેલ છે જેથી જ મજૂર અદાલત દ્વારા આપવામાં આવેલ ચુકાદો રદ થવાને પાત્ર છે તે દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી કારણ કે, મજૂર અદાલતે જે હુકમ કરેલ છે તે હુકમ સમગ્ર રીતે વંચાણમાં લેતાં તે હુકમ મજૂર અદાલત, જૂનાગઢે તેની સમક્ષ

INDEX

રજૂ કરવામાં આવેલ પુરાવાઓ અને કેસમાં પડેલા પુરાવાઓનાં આધારે, નિર્ણય કરેલ છે તે યોગ્ય છે. વળી, આ કામમાં સામાવાળા એટલે કે, મૂળ અરજદાર 'શ્રમયોગી' 'એમ્પ્લોઇ'ની વ્યાખ્યામાં આવતાં નથી તેમ છતાં મજૂર અદાલતે તે હકીકતે ધ્યાનમાં લીધેલ નથી તે એપેલન્ટની હકીકત અદાલતને ગેરમાર્ગે દોરનારી અને હકીકતો વિરૂદ્ધની હોઇ આ રજૂઆત રદ્ થવાને પાત્ર ઠરે છે અને તે દલીલ પણ ટકી શકે તેમ નથી. કારણ કે, મજૂર અદાલત, જૂનાગઢે તેમની સમક્ષ પડેલા દસ્તાવેજી પુરાવાઓ અને કેસની વિગતો ધ્યાનમાં લઈને મજૂર અદાલતે ચુકાદો આપેલ છે તે યોગ્ય, વાજબી અને ન્યાયી જણાય છે. એપેલન્ટે અપીલમાં જણાવેલ છે કે, મજૂર અદાલતે એપેલન્ટની દલીલો અને ચુકાદાને ધ્યાનમાં લીધેલ નથી જેથી મજૂર અદાલતનો ચુકાદો રદ્ થવાને પાત્ર છે જે દલીલ પણ માન્ય રાખી શકાય તેમ નથી. કારણ કે, મજૂર અદાલતે તેમની સમક્ષ પડેલાં પુરાવાઓ, દસ્તાવેજો અને જુબાનીઓને આધારે બી.આઈ.આર. અરજી નં. ૧૪/૨૦૦૦ નાં કામમાં જે ચુકાદો આપેલ છે, તે તદ્દન યોગ્ય, ન્યાયી અને વાજબી છે, જેથી આ ચુકાદામાં કોઈ ફેરફાર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વળી જો, મજૂર અદાલતે તેનાં ચુકાદામાં જો કાયદાની અને હકીકતોની ભૂલો કરી હોય તો જ અપીલ ટકવાપાત્ર થાય છે. જ્યારે મજૂર અદાલતે બી.આઈ.આર. અરજી નં. ૧૪/૨૦૦૦માં જે ચુકાદો આપેલ છે તે ચુકાદામાં કોઈપણ કાયદાની કે હકીકતની ભૂલ ન હોય એપેલન્ટની અપીલ રદ થવાને પાત્ર છે તથા આ અપીલ મનાઈહુકમ રદ થવાને પાત્ર છે. મૂળ અરજદાર એમ્પ્લોઈની વ્યાખ્યામાં આવતા ન હોઈ જેથી અરજી તથા મજૂર અદાલતનો ચુકાદો રદ્ થવાને પાત્ર છે તે બાબતે જે દલીલ કરેલ છે તે માન્ય રાખી શકાય તેમ નથી. કારણ કે, આ કામનાં અરજદારે તેમનો વિગતવાર જવાબ મૂળ બી.આઇ.આર. અરજી નં. ૧૪/૨૦૦૦ માં આપેલ નથી. તેમજ પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરેલ છે તે અંગેનાં કોઇ પુરાવા, દસ્તાવેજી પુરાવા કે જુબાની દ્વારા પુરવાર કરેલ નથી, જેથી એપેલન્ટનો આ બચાવ આ અપીલમાં લઇ શકે નહીં જેથી અપીલ ગેરમાર્ગે દોરવા માટે ખોટી રજૂઆતો કરેલ હોઇ આ અપીલ તથા મનાઇ હુકમ રદ થવા અરજ કરેલ છે તે માન્ય રાખી શકાય તેમ નથી. આ કામમાં સામાવાળા સામે આ કામના એપેલન્ટ બેંકે ખાતાકીય તપાસ કરેલ છે અને ખાતાકીય તપાસ કરતાં પહેલાં તેઓને પડતર ઇન્ક્વાયરી સસ્પેન્ડ કરેલ પરંતુ આ સંપૂર્ણ સસ્પેન્શન દરમિયાન તેઓને કોઇ પણ પ્રકારનું સસ્પેન્શન એલાઉન્સ આપેલ નહીં. જેથી મજૂર અદાલતે તેઓ રીસ્પોન્ડન્ટની તરફેણમાં જે ચુકાદો આપેલ છે તે ચુકાદો ન્યાયી અને વાજબી છે. કારણ કે, અરજદારને પેન્ડીંગ ઇન્ક્વાયરી સસ્પેન્ડ કરવામાં આવે તો સંસ્થાએ શ્રમયોગીને સસ્પેન્શન એલાઉન્સ ચૂકવવું પડે જે સંસ્થાએ પેન્ડીંગ ઇન્ક્વાયરી સસ્પેન્શનનાં હુકમથી ખાતાકીય તપાસ પૂરી થઇ ત્યાં સુધી તેઓને ચૂકવેલ ન હોઇ ખાતાકીય તપાસ ગેરકાયદેસર હોઇ અને તે તપાસના આધારે આપેલ તારણ પણ ગેરકાયદેસર અને પરવર્સ છે જે મજૂર અદાલતે તેમનાં ચુકાદામાં જણાવેલ છે તે યોગ્ય, ન્યાયી અને વાજબી છે. જેથી આ અપીલ અને મનાઇહુકમ રદ્ થવાને પાત્ર છે. વળી, સંસ્થા કોઇ પણ શ્રમયોગી સામે ખાતાકીય તપાસ શરૂ કરે ત્યારે ખાતાકીય તપાસ કુદરતી ન્યાયનાં સિદ્ધાંત મુજબ સંસ્થાની હદમાં અથવા તો સંસ્થા જે શહેરમાં આવેલ હોય તે શહેરમાં રાખવાની હોય છે જ્યારે આ કામનાં એપેલન્ટ બેંકે રીસ્પોન્ડન્ટ સામેની ખાતાકીય તપાસ કોડીનાર શહેરથી આશરે ૨૦૦ કિ.મી. દૂર જૂનાગઢ શહેરમાં બેંકનાં વકીલને ત્યાં રાખવામાં આવેલ, જેથી શ્રમયોગીએ ખાતાકીય તપાસ કોડીનારમાં રાખવા જણાવેલ છતાં એપેલન્ટે ખાતાકીય તપાસ જૂનાગઢમાં ચલાવવાનો આગ્રહ રાખી જૂનાગઢમાં ખાતાકીય તપાસ એકતરફી ચલાવી

INDEX

(b) carry out and change provided such change is a matter in issue to any proceeding before it under this Act.

(2) Every offence punishable under this Act shall be tried by the Labour Court within the local limits of whose jurisdiction it was committed."

૧૮. મજૂર અદાલતમાં કરવાની અરજીઓ અંગે સમયમર્યાદા :-

૧. વહીવટી નિયમો હેઠળ માલિકે કરેલા હુકમની યોગ્યતા અથવા કાયદેસરના બાબતનાં વિવાદ અંગે વિવાદ ઉત્પન્ન થયા તારીખથી ત્રણ મહિનામાં મજૂર અદાલતને અરજી કરવી જોઈએ. આપણે અગાઉ જોઈ ગયા કે આવી અરજી કરતાં પહેલાં કામદારે સંબંધિત હુકમની તારીખથી છ મહિનામાં માલિકને લેખિત અરજી કરવી જોઈએ અને આવી લેખિત અરજી માલિકને કર્યા બાદ ૧૫ દિવસમાં જો કોઈ કરાર ન થાય તો વિવાદ ઉપસ્થિત થયો કહેવાય.

૨. વહીવટી નિયમોનાં અમલ અથવા અર્થઘટન બાબતનાં વિવાદ અંગે વિવાદ ઉપસ્થિત થયા તારીખથી ત્રણ મહિનામાં અરજી કરવી જોઈએ. વિવાદ ક્યારે ઉપસ્થિત થયો કહેવાય તે અગાઉ જોઈ ગયા.

૩. પરિશિષ્ટ-૩માં દર્શાવેલી બાબત અંગે માલિકે કોઈ ફેરફાર કર્યો હોય અથવા કામદારે ફેરફાર માટે માંગણી કરી હોય તો તે અંગેનાં અને આવા ફેરફારમાંથી ઉપસ્થિત થતી બાબતો અંગેનાં વિવાદ અંગે કામદારે ફેરફાર માટે છેલ્લી વિનંતી કરી હોય તે

INDEX

તારીખથી ત્રણ મહિનામાં અરજી કરવી જોઈએ.

૪. કોઈ હડતાળ, તાળાબંધી, કામ-અટકાવ અથવા બીજો કોઈ ફેરફાર ગેરકાયદેસર છે કે કેમ ? તે ઠરાવવા માટે આવી હડતાળ, તાળાબંધી, કામબંધી, કામ અટકાવ અથવા બીજા કોઈ ફેરફારની તારીખથી છ મહિનામાં અરજી કરવી જોઈએ. પૂરતાં કારણો દર્શાવવાથી કોઈ ફેરફારને ગેરકાયદેસર ઠરાવવાની અરજી છ મહિના બાદ પણ મજૂર અદાલતમાં દાખલ કરી શકે છે પણ આવા સંજોગોમાં માલિક ગેરકાયદેસર ફેરફાર અંગેનાં ગુન્હાની સજાને પાત્ર રહેતો નથી.

૧૯. કલમ-૭૯ અને નિયમો-૫૩ (૧) અને ૫૩ (૨) મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમો-૧૯૬૧, જરૂરી પગલાં, તમામ ત્રણ જોગવાઈઓ કરીને જુદી જુદી મુદતની જોગવાઈ કરી, તમામ અને દરેકનું પાલન થવું જોઈએ. તેને ભેગાં કરવાની જરૂર નથી. વિલંબ માફ કરવા માટે કોઈ જોગવાઈ કરી નથી. અરજી દાખલ કરી શકાય નહીં, આપેલ સમય લંબાવવો નહિ અને અરજી સમય બાઝ્ઝા છે. ઈશ્વરભાઈ મૂલચંદદાસ મોદી વિ. વડનગર નાગરિક કો. ઓ. બેંક લિ., ૧૯૮૯ (૫૮) ફે. લો. રિ. ૧૩૬ (ગુજ).

૨૦. કલમ-૭૯, મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમો-૧૯૬૧, નિયમ-૫૩ (૧) અને (૨) કલમ-૭૯ હેઠળ અરજી માટેની મુદત મર્યાદા-કલમ-૭૯ સાથે વાંચતા નિયમ ૫૩ હેઠળ આપેલ કુલ મુદત ધ્યાનમાં લેવી જોઈએ. અરજી સ્પષ્ટપણે મુદત બાઝ્ઝા છે અને તેથી વિલંબ માફ કરવા માટે કોઈ જોગવાઈ નથી. ઈશ્વરભાઈ મૂલચંદદાસ મોદી વિ. વડનગર નાગરિક કો. ઓ. બેંક લિ., ૧૯૮૯ (૫૮) ફે. લો. રિ. ૧૩૬ (ગુજ).

૨૧. કલમ-૭૯ કલમ-૭૮ની પેટા-કલમ (૧) નાં પેરા-એ નાં ખંડ (એ) હેઠળ આવતી તકરાર-તકરાર સંબંધી અરજી, ત્રણ મહિનાની અંદર લેબર કોર્ટ સમક્ષ કરવી જોઈએ. મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમો-૧૯૬૧ની જોગવાઈઓ જે નિયમો-૫૩ (૧), ૫૩ (૨)માં જણાવી છે તે જુદી અને ભિન્ન છે. ત્રણ જોગવાઈઓ ભેગી કરવાનો પ્રશ્ન નથી. ઈશ્વરભાઈ મૂલચંદદાસ મોદી વિ. વડનગર નાગરિક કો. ઓ. બેંક લિ., ૧૯૮૯ (૫૮) ફે. લો. રિ. ૧૩૬ (ગુજ).

૨૨. કલમ-૮૩ : ઈન્સાફનાં કામમાં લેબર કોર્ટની સત્તા અને તેણે અનુસરવાની કાર્યરીતિ :

આ અધિનિયમ હેઠળનાં શિક્ષાપાત્ર ગુનાના સંબંધમાં, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૯૮ મુજબ પ્રથમ વર્ગનાં મેજીસ્ટ્રેટની તમામ સત્તા લેબર કોર્ટને રહેશે, અને આવા દરેક ગુનાનો ઈન્સાફ કરતી વખતે, સદરહુ અધિનિયમનાં પ્રકરણ-૨૨માં અપીલ થઈ શકે એવા સંક્ષિપ્ત ઈન્સાફનાં કામ માટે ઠરાવેલી કાર્યરીતિ તેણે અનુસરવી જોઈએ અને સદરહુ અધિનિયમની બીજી જોગવાઈઓ, શક્ય હોય તેટલે સુધી, આવા ઈન્સાફનાં કામને લાગુ પડશે.

INDEX

૨૩. કલમ-૮૪ અપીલ :

(૧) કલમ-૮૩માં ગમે તે મજકૂર હોય તે છતાં, નીચેનાંની સામે ઔદ્યોગિક કોર્ટને અપીલ થઈ શકશે.

(એ) કલમ-૭૮ની પેટા-કલમ (૧) નાં પરિચ્છેદના ખંડ (એ) અથવા (સી) નીચે આવતી કોઈ બાબતનાં સંબંધમાં લેબર કોર્ટે આપેલા નિર્ણયમાં કોઈ હડતાળ, તાળાબંધી, કારખાનાબંધી અથવા કામબંધી ગેરકાયદેસર હતી કે નહિ તે બાબતમાં જે કાંઈ નિર્ણય કર્યો હોય તે સિવાય, તે નિર્ણયનાં બાકીનાં ભાગ સામે અથવા સદરહુ કલમની પેટા-કલમ-(૧)નાં પરિચ્છેદ (ગ) મુજબ તેવી કોર્ટનાં નિર્ણય સામે,.

૨૪. કલમ-૮૮ ઔદ્યોગિક કોર્ટની સત્તા :

(૧) ઔદ્યોગિક કોર્ટ અપીલમાં જેની સામે અપીલ કરવામાં આવી હોય તે નિર્ણય અથવા હુકમ બહાલ રાખી શકશે, તેમાં ફેરફાર કરી શકશે, ઉમેરા કરી શકશે અથવા તે રદ કરી શકશે અને તેમાં પોતાને યોગ્ય લાગે તેવા હુકમો કરી શકશે,

(૨) આ અધિનિયમ હેઠળનાં શિક્ષાપાત્ર ગુનાઓનાં સંબંધમાં ઔદ્યોગિક કોર્ટને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮ મુજબ ગુજરાતની હાઈકોર્ટને જે સત્તા છે તે તમામ સત્તા રહેશે.

(૩) ઔદ્યોગિક કોર્ટે કરેલા હુકમોની એક નકલ લેબર કોર્ટને મોકલવી જોઈએ.

૨૫. કલમ-૯૮-એ : અમુક સંજોગોમાં માલિક કારખાનાબંધી કરે તે ગેરકાયદેસર ગણાશે : કોઈ કારખાનાબંધી કોઈ ઔદ્યોગિક તકરારનાં સંબંધમાં કેન્દ્ર અથવા રાજ્ય સરકારને અથવા કોઈ રાજ્ય સેવકને કોઈ અમુક પગલું લેવાની અથવા ન લેવાની ફરજ પાડવાનાં ઉદ્દેશથી શરૂ કરવામાં આવી હોય અથવા ચાલુ રાખવામાં આવી હોય તો તે ગેરકાયદેસર ગણાશે.

૨૬. કલમ-૧૦૧ : માલિકે કોઈ કામદારને કાઢી મૂકવો નહિ, તેની પાયરી ઉતારવી નહિ અથવા તેને શિક્ષા કરવી નહીં.

(૧) કોઈ માલિકે કોઈ કામદારને -

(એ) તે કામદાર કોઈ રજીસ્ટર થયેલા સંઘનો અથવા જે સંઘે આ અધિનિયમ મુજબ રજીસ્ટર થવા માટે અરજી કરી હોય તે સંઘનો અધિકારી અથવા સભ્ય હોય અથવા,

INDEX

(બી) તે કામદારને રજીસ્ટર થયેલી કબૂલાત અથવા પતાવટ સોંપણી અથવા ચુકાદાનો લાભ મેળવવાનો હક્ક હોય અથવા,

(સી) તે કામદાર આ અધિનિયમ મુજબની અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ પણ કાયદા મુજબની કાર્યવાહીમાં સાક્ષી તરીકે હાજર રજ્ઞો હોય અથવા હાજર રહેવા માગતો હોય અથવા તેણે કાંઈ પણ પુરાવો આપ્યો હોય અથવા પુરાવો આપવા માગતો હોય અથવા આ અધિનિયમ મુજબની કોઈ કાર્યવાહીમાં અથવા તેના સંબંધમાં કોઈ નાતાથી ભાગ લેતો હોય, અથવા,

(ડી) વધારે સારી ઔદ્યોગિક પરિસ્થિતિ નિર્માણ કરવાનો જેનો ઉદ્દેશ હોય તેવા સંગઠનનો તે અધિકારી અથવા સભ્ય હોય,

તેટલા જ કારણોસર કાઢી મૂકવો નહીં, છૂટો કરવો નહીં, તેની પાયરી ઉતારવી નહીં અથવા તેને બીજી રીતે શિક્ષા કરવી નહીં.

(૩) જે કોઈ વ્યક્તિ પેટા-કલમ (૧) અથવા (૨) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તેને દોષિત ઠર્યેથી રૂા. ૫,૦૦૦/- સુધીના દંડની શિક્ષા થઈ શકશે.

(૪) આ કલમ મુજબનો ગુનાનો ઈન્સાફ કરનાર કોર્ટ એવું ફરમાવી શકશે કે વસૂલ કરવામાં આવેલ દંડમાંથી પોતાને યોગ્ય લાગે તેટલી રકમ લાગતા વળગતા કામદારને વળતર તરીકે આપવી.

(૫) આ કલમ મુજબની કોઈ ફરિયાદમાં માલિકે કામદારને કાઢી મૂકવામાં, છૂટો કરવામાં, પાયરી ઉતારવામાં અથવા શિક્ષા કરવામાં આ કલમની જોગવાઈઓનું ઉલ્લંઘન કર્યું નથી તેમ સાબિત કરવાનો બોજો માલિક ઉપર રહેશે.

૨૭. તે મુજબનો સિદ્ધાંત ૧૯૮૦, મહારાષ્ટ્ર લો જર્નલ, ૧૯૮૦, એલ. એલ. જે. પાન ૫૯૭, લક્ષ્મણ વિ. મેનેજર, નગર ડિસ્ટ્રિક્ટ અર્બન કો. ઓપ. બેંક લિ., અહમદનગરનાં કેસમાં પ્રતિપાદિત કરેલ છે. આ ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે :-

> " The Act is a remedial piece of legislation and, therefore, it should be liberally construed always so as to achieve its object to enable employee to seek redress of the grievances."

૨૮. આ કેસની હકીકતોનાં સંદર્ભે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ અન્વયે નીચે મુજબ વ્યાખ્યાઓ કરવામાં આવેલ છે :-

કલમ-૩ (૮) ' ફેરફાર ' એટલે કોઈ ઔદ્યોગિક બાબતમાં ફેરફાર.

INDEX

કલમ-૩ (૮) (ક) ' કારખાનાબંધી ' એટલે માલિકે નોકરીની કોઈપણ જગા અથવા જગાનો ભાગ બંધ કરવો તે અથવા કામ પૂર્ણતઃ અથવા અંશતઃ મોકૂફ રાખવું તે અથવા માલિકે નોકરીએ રાખેલી વ્યક્તિઓને નોકરીએ રાખવાનું ચાલુ રાખવાની સંપૂર્ણ અથવા અંશતઃ ના પાડવી તે, પછી આ રીતે બંધ કરવાનું, મોકુફ રાખવાનું અથવા ના પાડવાનું કાર્ય કોઈ ઔદ્યોગિક તકરારનાં પરિણામ હોય કે ન હોયઃ

કલમ-૩ (૧) 'શ્રમયોગી' એટલે, કોઈ ઉદ્યોગમાં મજૂરી અથવા બદલો આપવાનું ઠરાવીને કોઈ કામગીરીનું અથવા બિનકારીગરીનું, દેખરેખનું, ટેકનીકલ અથવા કારકૂની કામ કરવાને નોકરીએ રાખેલી (એપ્રેન્ટીસ સહિત) કોઈ વ્યક્તિ પછી નોકરીની શરતો સ્પષ્ટ અથવા ગર્ભિત હોય તો પણ હરકત નથી અને એમાં નીચેનાનો સમાવેશ થાય છે.

(ક)(એ) જે કામના સંબંધમાં કોઈ અન્ડરટેઈકીંગનો માલિક, ખંડ (૧૪) નાં પેટા ખંડ (ચ) નાં અર્થ મુજબ કામે રાખનારા વ્યક્તિ હોય તેવું કોઈ કામ કરવામાં નોકરીએ રાખેલી કોઈ વ્યક્તિ,

(ખ)(બી) જેના સંબંધમાં કલમ-૪૨ મુજબ નોટીસ આપવામાં આવી હોય અથવા અરજી કરવામાં આવી હોય તેવા, ફેરફારને લગતી કોઈ તકરારને લીધે જેને નોકરીમાંથી બરતરફ કરવામાં આવી હોય, અથવા છૂટી કરવામાં આવી હોય અથવા જેની છટણી કરવામાં આવી હોય અથવા જેની નોકરી સમાપ્ત કરવામાં આવી હોય તેવી વ્યક્તિ, પછી આવી નોટીસ અથવા અરજી તે બરતરફ અથવા છૂટી થતાં પહેલાં અથવા તેની છટણી કે નોકરી સમાપ્ત થતા પહેલાં અથવા ત્યાર પછી આપવામાં અથવા કરવામાં આવી હોય તો પણ હરકત નથી, પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી :-

(૧) જેને પોલીસ સેવામાં અથવા જેલના અધિકારી અથવા બીજા નોકર તરીકે નોકરીએ રાખેલી હોય તે કોઈ વ્યકિત,

(૨) જેને પ્રથમ : મેનેજરનાં, વહીવટદારનાં કે સુપરવાઈઝરનાં નાતાથી નોકરીએ રાખેલી હોય અને દર મહિને પાંચસો રૂપિયાથી વધુ મૂળ પગાર (ભથ્થાં સિવાય) મેળવતી હોય તેવી વ્યક્તિ, અને

(૩) રાજ્ય સરકાર રાજ્યપત્રમાં જાહેરમામું પ્રસિદ્ધ આ અર્થે નિર્દિષ્ટ કરે તેવી, ખંડ (૨)માં નિર્દિષ્ટ કરેલા કોઈ નાતાથી અથવા ટેકનીકલ નાતાથી નોકરીએ રાખેલી વ્યક્તિ અથવા વ્યક્તિઓનાં વર્ગ અને ગમે તેટલો પગાર મેળવતી બીજી કોઈ વ્યક્તિ.

INDEX

કલમ-૩(૧) '' માલિક '' માં

(ક) (એ) માલિકોની સંસ્થા અથવા સમૂહો,

(ખ)(બી) માલિકનાં કોઈ એજન્ટનો,

(ગ)(સી) રાજ્ય સરકારનાં કોઈ વિભાગ તરફથી કોઈ ઉદ્યોગનું સંચાલન કરવામાં આવતું હોય અથવા તે ચલાવવામાં આવતો હોય ત્યારે તે અર્થે નિયત કરેલા અધિકારીનો અને આવો અધિકારી નિયત કરવામાં આવ્યો ન હોય ત્યારે, તે વિભાગના વડાનો,

(ઘ)(ડી) સ્થાનિક સત્તામંડળ તરફથી અથવા તેના વતી કોઈ ઉદ્યોગનું સંચલન કરવામાં આવતું હોય અથવા તે ચલાવવામાં આવતો હોય ત્યારે, તે સત્તામંડળના કારોબારી, અધિકારીનો,

(ચ)(ઈ) કોઈ અન્ડરટેકીંગનાં સંચાલન દરમિયાન અથવા તેનું સંચાલન કરવાના હેતુ માટે તે અન્ડરટેઈકીંગનો માલિક, અન્ડરટેઈકીંગનો સામાન્ય રીતે ભાગ હોય તેવું કોઈ કામ પૂરેપૂરું અથવા અંશમાં, માલિકનાં નોકર અથવા એજન્ટ સિવાયની બીજી કોઈ વ્યકિતને સોંપે, તે અન્ડરટેઈકીંગનાં માલિકનો.

કલમ-૩ (૧૫) '' ગેરકાયદેસર ફેરફાર '' એટલે, કલમ-૪૬ની પેટા-કલમ (૪) અથવા (૫) ના અર્થ મુજબ કોઈ ગેરકાયદેસર ફેરફાર,

કલમ-૩ (૧૭) ''ઔદ્યોગિક તકરાર'' એટલે માલિક અને કામદાર વચ્ચે અથવા માલિકો અને કામદારોની વચ્ચે અથવા કામદારોની તકરાર અથવા મતભેદ, જે કોઈ ઔદ્યોગિક બાબત સાથે સંબંધ ધરાવતી હોય.

૨૯. ઉપરોક્ત વ્યાખ્યાઓ જોતાં એપેલન્ટ અને રીસ્પોન્ડન્ટ બેંક વચ્ચે એપેલન્ટની નોકરી જોતાં વગર નોટીસે કામ ઉપરથી બંધ કરી દેવા અને બંધ કરતાં પહેલાં કાયદેસરની નોટીસ ન આપવી, ડયુ હક્ક રજા, છટણી વળતર, ગ્રેચ્યુઈટી, પી.એફ. વગેરે લાભો ન ચૂકવવા એ માલિકનું કૃત્ય બી.આઈ.આર. એકટના પ્રબંધો હેઠળ ગેરવાજબી અને ગેરકાયદેસરનાં ફેરફારને લગતી ઔદ્યોગિક તકરારની ઔદ્યોગિક બાબત હોય અને એપેલન્ટ અને રીસ્પોન્ડન્ટ વચ્ચેનાં સંબંધો ''નોકર'' અને ''માલિક'' વચ્ચેનાં સંબંધો પ્રસ્થાપિત થતાં હોય ત્યારે અને બેંકને લાગુ પડતા સમાધાન, એવોર્ડ, એગ્રીમેન્ટ, હુકમોની અવગણના કરી પટાવાળા તરીકે ૧૯૯૩થી ૧૯૯૮ સુધી સળંગ, સતત અને એકધારી, તેમજ અતૂટ કામગીરી લેવામાં આવેલ હોય અને રોજેરોજની કામગીરીની નોંધ રેકર્ડ, દસ્તાવેજ, પુરાવો કે એપેલન્ટે બેંકમાં કામ કરેલ છે તે હકીકતો અદાલત સમક્ષ

INDEX

કુબુદ્ધિપૂર્વક રજૂ કરવામાં ન આવે અને બચાવને સમર્થન આપતો પુરાવો બેંક પાસે હોવા છતાં રજુ કરવામાં ન આવે, અદાલત સમક્ષ ચોખ્ખા હાથે રજૂઆત કરવામાં ન આવે ત્યારે અને વર્ષો સુધી શ્રમયોગીનું શોષણ કરવામાં આવે અને કાયમી થવા નોટીસ આપી અદાલત સમક્ષ માગણી કરી અરજીનાં આખરી નિકાલ સુધી તા. ૧૫-૯-૯૮થી કેસનાં નિકાલ સુધી નોકરી પરથી છૂટા ન કરવા અને અગાઉ પ્રમાણે જ કામગીરી ચાલુ રાખવી તેવો હુકમ મજૂર અદાલત કરે અને તે હુકમને ઔદ્યોગિક અદાલત બહાલી આપે છતાં પણ અદાલતનાં આદેશનો અમલ ન કરવો અને સમાધાનની શરતો પ્રમાણે એપેલન્ટ ભરતી પ્રક્રિયા દ્વારા નોકરીમાં દાખલ થયા નથી તેથી બેંકને સમાધાનની જોગવાઈ સિવાય કરેલ કામચલાઉ ભરતીથી લીધેલ હંગામી શ્રમયોગીને નોકરી પર રહેવાનો કોઈ હક્ક કે અધિકાર નથી તેવી રજૂઆતો અને બચાવ કરી કાયમી તરીકે, સળંગ, એકધારી અને અવિરત કહી શકાય તેવી ડાઘ રહિત, નિષ્ઠાપૂર્વકની, વફાદારીપૂર્વકની, પ્રામાણિક અને ઓછા પગારથી નિમ્ન કક્ષાની સેવા, ફરજો બજાવનાર શ્રમયોગીને મનસ્વી અને કિન્નાખોરીપૂર્વક તેમજ આર્થિક શોષણ અને અમાનવીય રીતે નોકરી પરથી કાઢી મૂકવાની ચેષ્ટા, પગલું શરૂઆતથી જ ગેરવાજબી, અન્યાયી, બીનનૈતિક અને અયોગ્ય અને ગેરબંધારણીય હોઈ તે રદ્દ થવાને પાત્ર છે.

૩૦. આ અપીલનાં કામમાં બેંકે આ કામમાં બેંકને લાગુ પડતા વહીવટી નિયમોની નકલ લેખિત દલીલો સાથે રજૂ કરેલ લીસ્ટનાં અનુક્રમ નં. ૨૧ થી રજૂ કરેલ છે. વહીવટી નિયમની કમલ-૩માં કર્મચારીઓનું વર્ગીકરણ નકકી કરવામાં આવેલ છે.

કલમ–૩(૨)(ક) ''હંગામી કર્મચારી'' એટલે જે કર્મચારી મુખ્યત્વે કામચલાઉ પ્રકારનું કામ હોય તેવા કામ માટે મર્યાદિત સમય સુધી નિમણૂંક કરી હોય અથવા જેને કાયમી પ્રકારનાં કામનાં હંગામી વધારાનાં સંબંધનાં કર્મચારી તરીકે મર્યાદિત મુદત માટે કામે રાખેલ હોય તેવો કર્મચારી.

૩૧. કામચલાઉ યા હંગામી યા ટૂંક સમય માટેની ન હોય તેવી નોકરી મજૂર કાયદાનાં પ્રબંધો હેઠળ કાયમીના જેવી યા કાયમી પ્રકારની ગણાય. જે કામગીરી વધારાની યા અલ્પ સમય યા નિર્ધારિત સમયમર્યાદા પૂરતી ન હોય તેવી નોકરી યાને કે કાયમી પ્રકારનાં, રોજબરોજનાં સળંગ અને અતૂટ ગણાય તેવી લાંબી નોકરીને કાયમી તરીકે જ ગણવાપાત્ર ગણાય, પરંતુ રોજમદાર, હંગામી, કામચલાઉ જેવા શબ્દોનાં આધારે લાંબા વખતથી, લાંબા સમયથી એટલે કે ૧૯૯૩થી ૧૯૯૮ સુધી બેંકમાં પટાવાળા તરીકે કાયમી લેખિત હુકમ આપેલ ન હોય તે માત્રથી એપેલન્ટ હંગામી યા રોજમદાર અને તેમાંયે માત્ર ટૂંકા સમય માટે નોકરીમાં લેવાયેલા તેમ ગણી પાંચ વર્ષ પૂરા થયા પછી બેંક આવા કર્મચારીને

INDEX

વગર નોટીસે, વગર કારણે, કાયદેસરનાં હકકો ચૂકવ્યા વિના શ્રમયોગી યોગ્ય માગણી ઉપસ્થિત કરે એટલે કિન્નાખોરી, દ્વેષ અને બદઈરાદાથી નોકરમાથી બંધ કરવા એ રીતરસમ, વર્તન, વ્યવહાર બેંક તરફે યોગ્ય, ઉચિત, વાજબી અને ન્યાયી નથી. પડેલા પુરાવાઓ, દસ્તાવેજો, રજૂઆતો અને મજૂર કાયદાનાં પ્રબંધો જોતાં એપેલન્ટે વાસ્તવમાં અને ખરી હકીકતે દરેક વર્ષમાં ૨૪૦ દિવસથી વધુ દિવસ કામ કર્યાનું પુરવાર થાય છે તેમ છતાં વગર નોટીસે કાઢી મૂકવા અને વહીવટી નિયમની કલમ-૨૦ (૫)નો આધાર લઈ છૂટા કરતાં પહેલાં નોટીસ આપવાની બેંકને જરૂર નથી તેવું કહેવું એ ઉચિત, યોગ્ય, વાજબી અને ન્યાયી નથી.

૩૨. ૧૯૭૭, એ.આઈ.આર. (એમ.પી.) ૨૭૪નાં કેસમાં ઠરાવ્યા મુજબ કલમ-૮૪ તથા કલમ-૮૭ અને ૮૮ અન્વયે ઔદ્યોગિક અદાલત પોતાની સમક્ષની અપીલ કાર્યવાહીમાં મળેલી સત્તા અને હકૂમતનાં આધારે સાવ ખોટા અને આપખુદ હોય તેવા લેબર કોર્ટનાં હુકમને ઉલટાવવાની સત્તા ધરાવે છે.

૩૩. ૧૯૭૧, ૧૨, જી.એલ.આર. પાન-૧૧૭ માલિક દ્વારા શ્રમયોગી સાથે આચરવામાં આવતી રીતરસમ, કાર્યરીતિ, વ્યવહાર, ચેષ્ટા, પગલાં અને શ્રમયોગીની નોકરીનાં હક્કો અને અધિકારો બાબતે માલિકે લીધેલાં નિર્ણયો, જો શુદ્ધબુધ્ધિપૂર્વકનાં ન હોય અને નિર્ણયો અને હુકમો જો માલિકે કુબુદ્ધિથી લીધેલ હોય તેવી હકીકતો, રજૂઆતો મટીરીયલ્સ ઓન રેકર્ડ પરથી ફલિત થાય તેવા કેસમાં ઔદ્યોગિક અદાલત કુબુદ્ધિથી લીધેલ નિર્ણયોને રદ કરી યોગ્ય નિર્ણય કરી શકે, અપીલનાં કામમાં આંક-૧૨/૧ તથા ૧૧/૨ થી રજુ થયેલ દસ્તાવેજોને ઉંડાણથી તપાસવામાં આવે, જોવામાં આવે તો રીસ્પોન્ડન્ટ બેંક મેનેજીંગ ડીરેકટરની સહીથી બોર્ડ ઓફ ડીરેકટર્સ સ્ટાફ કમિટી ઓફ બેંક કુલ છ પટાવાળાને રેગ્યુલરાઈઝડ કરવા તા.૧-૧-૦૧થી મૂળ પગાર રૂા. ૨૬૮૨/ ગ્રેડ-૬માં કાયમી કરવા ઓફિસ ઓર્ડરથી નિયુક્ત કરેલ છે તે માટે મૂળ કામમાં રજૂ થયેલ સમાધાનમાં જણાવેલ ભરતી પ્રક્રિયા અનુસરવામાં આવેલ નથી. તેવી એપેલન્ટનાં વિદ્વાન ધારાશાસ્ત્રી શ્રી ઠાકરની દલીલોમાં સચ્ચાઈ, ખરાપણું, પ્રબળતા અને પ્રભુત્વ હોવાનું માનવાને કારણ રહે છે. કારણ કે, મૂળ કામમાં એપેલન્ટે વારંવાર ખરી, સાચી, વાસ્તવિક હકીકત રજુ કરીને જણાવેલ કે, તેમને સને ૧૯૯૩થી ૧૯૯૮ સુધી પટાવાળા-કમ-કલાર્ક તરીકે સતત એકધારી, નિયમિત અને અતૂટ પ્રકારની અને કાયમી પ્રકારની રૂટીન કામગીરી સોંપેલ હતી અને તેમનો પી.એફ. પણ કપાતો હતો. કલાર્ક તરીકે કામગીરી કરી હતી તેનો પુરાવો બેંક પાસે હોવા છતાં બેંકનાં સાહેદે સોગંદ ઉપર હળાહળ જૂઠ, ઉપજાવી કાઢેલ અને એપેલન્ટનાં બંધારણીય હકકોને છિન્ન ભિન્ન કરવાનાં બદહેતુથી, કુબુદ્ધિપૂર્વક જુબાની આપી ખોટી રજુઆતો કરેલ હોવા છતાં તેને મજૂર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ માન્ય રાખી પુરાવાનું મૂલ્યાંકન અને અર્થઘટન કરવાની ભૂલ કરેલ છે. જો બેંક સમાધાન

INDEX

પ્રમાણે ભરતી પ્રક્રિયાનો અમલ કરતી જ હોય તો પછી સમાધાનથી વિપરીત રીતે કાયમી કરી શકાય તેવી, લાંબાગાળા સુધી, નિયમિત પ્રકારની કામગીરી માટે શાથી નોકરી પર લેવામાં આવેલ તે અંગેનો લેખિત પુરાવો જેવો કે, એપેલન્ટને સોંપવામાં આવેલ કામગીરી માત્ર સમય માટે વધારાના કામ માટે મર્યાદિત સમય માટે જ હતી તે હકીકતે કોઈ લેખિત પુરાવો બદઈરાદાપૂર્વક બેંકે રજુ કરેલ નથી. જેની મજૂર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ નોંધ સરખી પણ લીધી નથી. એપેલન્ટે પોતાનો પી.એફ. કપાવ્યો હતો તેવી હકીકતને સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છતાં જો તા. ૩૧-૫-૯૮નાં રોજથી એપેલન્ટને છૂટા કરેલ તેવો બેંકનો કેસ હોય તો બેંકે બીજા પક્ષકારનો જે પી.એફ. ફાળો અપીલમાં રજૂ થયેલ પુરાવો આંક-૧૧/૨/૧ થી આંક-૧૧/૨/૧૧ સ્ટાફ પ્રોવીડન્ટ ફંડ બાબતનાં રજીસ્ટરમાં બ્રાંચ મનેજર/એકાઉન્ટન્ટ, મેનેજરની સહી સાથેનું પી.એફ. કપાતનું તા. ૨૬-૯-૯૫ થી તા. ૩૦-૧૧-૯૬નું પત્રક છે. જેમાં કુલ આંક-૧૧/૨/૩માં એપેલન્ટના નામ સાથે તેમનો હોદો હંગામી ક્લાર્ક દર્શાવેલ છે. એપ્રિલ-૯૬નો એપેલન્ટનો બેઝીક પગાર ૪૬૭ અને પી.એફ. ફાળો રૂા. ૪૭/- તેમજ બેંકનો ફાળો રૂા. ૪૭/- કુલ રૂા. ૯૪/ એપેલન્ટનાં ખાતે જમા કરાવવા રીસ્પોન્ડન્ટ નં. ૨ ના એ રીસ્પોન્ડન્ટ નં. ૧ મુખ્ય કચેરીમાં જમા કરાવવા પત્રકથી મોકલી આપેલ હોવાની નોંધ છે. આંક-૧૧/૨/૪નાં પી.એફ. પત્રકમાં એપેલન્ટનો હોદો હંગામી/પાર્ટ ટાઈમ ક્લાર્ક અને મૂળ પગાર રૂા. ૮૦૬ અને કપાત રૂા. ૮૦ તથા બેંકની રકમ રૂા. ૮૦/- મળી કુલ રૂા. ૧૬૦ વડી કચેરીમાં એપેલન્ટનાં પી.એફ. ખાતે જમા કરાવવા મોકલેલ પત્રક કે જેમાં બ્રાંચ એકાઉન્ટન્ટ, મેનેજરની સહી છે. એ જ રીતે આંક-૧૧/૨/૬ માહે જુલાઈ-૯૬ પી.એફ. કપાત પત્રકમાં એપેલન્ટનો હોદો પાર્ટ ટાઈમ/હંગામી ક્લાર્ક લખેલ છે. આંક-૧૧/૨/૮માં હોદો ટેમ્પરરી ક્લાર્ક લખેલ છે. જે હકીકતો હોવા છતાં બેંકના સાહેદે કાયદાની જોગવાઈ પ્રમાણે જો તા. ૩૧-૫-૯૮નાં રોજથી એપેલન્ટને નોકરી પરથી બંધ કરેલ હોય તો નોકરી ઉપરથી બંધ કરતાં પહેલાં પી.એફ. રકમ ચૂકવી આપવાની બેંકની કોઈ જવાબદારી જ નથી?

૩૪. આંક-૧૭થી મૂળ અરજીમાં બેંકે જણાવેલ છે કે, બેંકમાં ક્લાર્ક-પટાવાળાની જગ્યા જ નથી. જ્યારે પી.એફ. કપાત પત્રક જોતાં બેંકે એપેલન્ટ પાસેથી ક્લાર્કનું કામ લીધેલ છે. તેવી લેખિતમાં નોંધ બેંકનાં ઓફિસરે કરેલ હોવા છતાં અને બેંકનાં રજીસ્ટરોમાં એપેલન્ટે કરેલ કામગીરીનો દસ્તાવેજી પુરાવો બેંકમાં હોવા છતાં અને આ તમામ દસ્તાવેજો, રજીસ્ટરો કે જેમાં એપેલન્ટે પોતાનાં હસ્તાક્ષરમાં રોજેરોજે નોંધ કરી છે તેવા દસ્તાવેજો અદાલતમાં રજૂ કરવા માગણી કરવા છતાં અને જે પુરાવો મજૂર અદાલતમાં રજૂ કરવાની બેંકની કાનુની અને નૈતિક જવાબદારી હોવા છતાં બેંકે રજુ કરેલ નથી અને સપ્રેશન ઓફ ફેકટસ યાને સત્ય છૂપાવવા અને ખોટી રજૂઆતો કરેલ છે તેવું પડેલા પુરાવા, હકીકતો, સંજોગો અને એપેલન્ટની સોગંદ ઉપરની જુબાની જોતાં સ્પષ્ટપણે ફલિત થાય છે. આમ છતાં બેંકે એપેલન્ટને આંક-૧૭નાં લેખિત જવાબમાં એવું

INDEX

જણાવેલ છે કે, ''એપેલન્ટને વાઈ-હીસ્ટીરીયાનું દર્દ હતું.'' સદર હકીકત જો સાચી જ હોય તો આ સંદર્ભે એપેલન્ટ જેવા વાઈનાં દર્દી માટે કયારે શું બનાવ આ બાબતે બેંકમાં બનેલ તે સંદર્ભે કોઈ આધારભૂત પુરાવો બેંકે રજૂ કરેલ નથી. તેથી ૧૯૯૩ થી તા. ૧૫-૯-૯૮ સુધી બેંકમાં હાજરી પત્રકમાં એપેલન્ટની સહી લેવાતી હતી તો તા.૧-૬-૯૮થી તા. ૧૫-૯-૯૮ સુધીનાં હાજરીપત્રક શા માટે બેંકે રજૂ ન કર્યા તે જ હકીકત બેંકની રજૂઆતો સત્ય આધારીત નથી, ખરી નથી, સાચી નથી અને ઉપજાવી કાઢેલ છે અને એપેલન્ટ જેવા છઠ્ઠા વર્ગનાં કર્મચારીને તેમનાં હકકો ઉપર તરાપ મારવા કરવામાં આવેલ વાહિયાત બચાવ છે જે બચાવમાં સત્યનો રણકાર નથી, રજૂઆતનાં સમર્થનમાં કોઈ પુરાવો બેંકે રજૂ કરેલ નથી. છતાં બેંકની બધી જ વાત સાચી અને એપેલન્ટની બધી જ વાત ખોટી તેવા તારણ ઉપર આવવાની મજૂર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ ભૂલ કરેલ છે જેથી પણ મજૂર અદાલતનો હુકમ કાયદેસરનો નથી. બેંકે આંક-૧૮/૧ થી જે મૂળ કામમાં દાખલો રજૂ કરેલ છે તેવો દાખલો આપનાર બેંકે તપાસેલ નથી. આંક-૧૮/૨ થી જે હાજરીપત્રક કામચલાઉ કર્મચારીઓનું રજૂ કરેલ છે તે ઝેરોક્ષ કોપી છે. મથાળે, બ્રાંચ સરદારગઢ, જુનાગઢ, ચેક રીટર્ન રજીસ્ટર, માહે-૧૯૯૭, લખેલ છે તેનાં ચેક રીટર્ન થયો કોનાં તરફથી ચેક મળ્યો. ચેક નંબર, તારીખ, રકમ, ખાતાનો પ્રકાર, ખાતાની પુરાંત, ચેક કઈ રીતે મળ્યો, ચેક રીટર્ન ન થયો હોય તો કારણો, ટ્રાન્સફર બુક કલાર્ક, કલીયરીંગ કલાર્ક, એકાઉન્ટન્ટ, મેનેજરની સહી, શેરો જેવા ખાનાં ધરાવતું રજીસ્ટર છે. તેનાં નીચેનાં ભાગે એપ્રિલ-૯૮ એક માત્ર એપેલન્ટનો હાજર થવાનો સમય સવારનાં ૧૦-૩૦ અને નોકરી પૂરી થવાનો સમય સાંજના ૬ તેમજ એપેલન્ટની સહી, તા.૧-૪-૯૮ થી તા. ૩૦-૪-૯૮ સુધીનાં સમયની હાજરી દર્શાવતું પત્રકની ઝેરોક્ષ ઉપરોક્ત ચેક રીટર્ન રજીસ્ટરમાં દર્શાવવામાં આવેલ છે. એ જ રીતે મે-૯૮માં કુલ-૨૬ હાજરી અને સહી દર્શાવતી વિગત દર્શાવી છે. આ પત્રકમાં બેંકનાં સત્તાધિકૃત અધિકારીની સહી નથી. મે-૯૮ સુધી એપેલન્ટની હાજરી દર્શાવી છે. ત્યાર પછીનાં મહિનામાં જૂન-૯૮ તથા જુલાઈ-૯૮માં જલુ કે. આર.ની હાજરી દર્શાવી છે. આ ઝેરોક્ષ પત્રક જોતાં શું આવું હાજરીપત્રક સ્ટેચ્યુટરી બોડી જેવી પ્રથમ પક્ષકાર બેંકમાં કાયદેસર રીતનું હોવાનું અનુમાન કરી શકાય ? હાજરીપત્રક માટે વિવિધ મજૂર કાયદા હેઠળ નિશ્ચિત નમૂનાનાં પત્રકો રાખવાનાં હોય છે. બેંક એક સ્ટેચ્યુટરી બોડી છે. અને જ્યારે હાજરીપત્રક જેવી બાબત અંગેનો પુરાવો એપેલન્ટ અદાલત સમક્ષ રજુ કરવા માગણી કરે ત્યારે રીસપોન્ડન્ટ જેવી નમૂનારૂપ આદર્શ બેંક પોતાના કર્મચારીનું હાજરી પત્રક ગમે તે રીતે બનાવી ગમે તેવી વિગતો માહિતી અદાલત સમક્ષ રજુ કરવા પ્રયાસ કરે તે ''સપ્રેશન ઓફ રીઅલ ફેકટસ''નો પ્રયાસ અને ખોટો પુરાવો ઉભો કરવાનો પ્રયત્ન હોવાનું સ્પષ્ટ થાય છે. આમ છતાં ઘડીભર માની લેવામાં આવે કે, ચેક રીટર્ન રજીસ્ટરમાં હંગામી પટાવાળાઓની હાજરી પુરવામાં આવે છે. તો તે હેતુ બેંકે પોતાની

INDEX

સચ્ચાઈની સાબિતી માટે સને ૧૯૯૩થી મે-૯૮ સુધીનાં સમયનાં અસલ હાજરીનાં રજીસ્ટરો રજૂ કરવાની જરૂર હતી. આમ છતાં માની લઈએ કે, આ રજૂ કરેલ હાજરીપત્રક પણ ખરૂં છે. તો તેનાં પરથી એ હકીકત સ્વયંસ્પષ્ટપણે સાબિત થાય છે કે, હંગામી પટાવાળા અને હંગામી કલાર્કે પણ બેંકમાં રોજેરોજ હાજર થતી વખતે તારીખ/વાર પોતાની સહી, હાજર થવાનો સમય અને ફરજ પૂરી થવાનો સમય હાજરીપત્રકમાં નોંધવામાં આવે છે. તેવી હકીકતો બેંકે જમાવેલ હોઈ આથી બેંકમાં એપેલન્ટની હાજરી ૧૯૯૩થી મે-૯૮ સુધી પુરાયેલ છે. એને તેનાં રજીસ્ટરો અસલ બેંક પાસે છે/હતાં તે હકીકત ફલિત થાય છે. હવે સવાલ એ રહે છે કે, તારીખ ૧લી જૂન, ૧૯૯૮થી એપેલન્ટે બેંકમાં નોકરી કરેલ ન હોય તો અગર બેંકે તારીખ ૧લી જૂન, ૧૯૯૮થી જો એપેલન્ટને કામ પરથી બંધ કરેલ હોય તો આંક-૩૭થી એપેલન્ટે તારીખ ૪થી ઓગસ્ટ, ૧૯૯૮નાં રોજ જે ડીમાન્ડ નોટીસ આપેલ છે તેવી નોટીસ એપેલન્ટે વાઈ-હીસ્ટીરીયાનાં દર્દી તરીકે આપેલ હોય તેવું માનવાને કાઈ વાજબી કારણ નથી. એપેલન્ટે મૂળ અરજીનાં આંક-૧૯થી અરજી આપી પોતાની ખરી, સાચી અને વાસ્તવિક હકીકતોને ૧૦૦ ટકા પુરવાર કરવા જે મહત્વનો, અગત્યનો અને આધારભૂત ગણાય તેવો દસ્તાવેજી પુરાવો જે બેંકનાં કબજામાં અને બેંકની માલિકીપણા હેઠળ આવેલ હતો અને છે તેવાં દસ્તાવેજી રેકર્ડ સત્યની ખરાઈ માટે, સાચા-જુઠ્ઠાનાં પારખાનાં માટે તારીખ ૧લી જૂન, ૧૯૯૮ થી તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮ સુધીનાં સમયનાં રોજમેળ, જનરલ લેજર, કેશ સ્ક્રોલ, કેશ સમરી, ચાલુ ખાતાનું લેજર, સેવીંગ્સ ખાતા લેજર નં. ૧-૧૩, માલિક વાઉચર કંપલીટ બંચ, તાર-ટપાલ રજીસ્ટર, આઉટવર્ડ રજીસ્ટર, સેઈફ ડીપોઝીટ વોલ્ટનાં કરારપત્ર અને રજીસ્ટરો, સેવીંગ્સ ખાતા ખોલ્યા અંગેનાં એકાઉન્ટ ઓપનીંગ કાર્ડ, સંમતિપત્રક ફાઈલ, ફીક્સ ડીપોઝીટ રસીદ બુક, મેળવણી પત્રક, ફાઈલ, એડવાન્સ સ્લીપ બુક, ડી.ડી. બુક તથા એમ.ટી. બુક વગેરે રજીસ્ટરો, દસ્તાવેજો, એપેલન્ટે એટલા માટે મંગાવેલ કે જે તમામમાં એપેલન્ટનાં હાથથી જે તે ખાતેદારની વિગતો, માહિતી, એપેલન્ટનાં હાથથી જે તે ખાતેદારની વિગતો, માહિતી નોંધ એપેલન્ટનાં હસ્તાક્ષરમાં લખાયેલ હતી અને છે. સદર માહિતી બેંકે મજૂર અદાલત, જૂનાગઢ સમક્ષ રજૂ કરવી તે અર્થેની અરજીનાં સંદર્ભે આ દસ્તાવેજો શાથી અને શા કારણે રજૂ કરવામાં આવ્યા નથી તેમજ પ્રોડકશન ઓફ ડોક્યુમેન્ટની આ અરજી તારીખ ૯મી ઓકટોબર, ૧૯૯૮ના રોજ અદાલત સમક્ષ રજૂ થયેલ છે. અને જેનાં ઉપર "Otherside to reply"નો શેરો વિદ્વાન ન્યાયાધીશશ્રીએ કરેલ છે. અને સદર અરજીની નકલ સંસ્થાએ મેળવ્યા અંગેની સહી પણ અધિકૃત અધિકારીએ સદર અરજી ઉપર કરેલ છે. આમ છતાં આંક-૩૨થી સામાવાળા નં. ૨નાં ઈન્ચાર્જ મેનેજર, લીગલ ઓફિસરશ્રી છગનલાલ મોહનલાલ પટેલની સહીથી તારીખ ૧૨મી જૂલાઈ, ૨૦૦૨ના રોજ જે લેખિત બચાવનામું મૂળ અરજીમાં રજૂ થયેલ છે તેમાં સદર રજીસ્ટરોમાં સચ્ચાઈ, ખરાઈ અને વાસ્તવિક હકીકતો બેંકનાં ઉપર જણાવેલ

INDEX

રજીસ્ટરોમાં હોવા છતાં પ્રોડકશન ઓફ ડોક્યુમેન્ટસની અરજીનો જવાબ આપવાની સહેજ પણ દરકાર યા નૈતિક તેમજ કાનૂની જવાબદારી અદા કરવાની બેંક અને બેંકનાં લીગલ ઓફિસર, બ્રાંચ ઈન્ચાર્જ મેનેજરે સત્ય હકીકતોનાં સમર્થનમાં સહેજ પણ સાચી વાત અદાલત સમક્ષ રજૂ કરેલ નથી જે બેંકનાં ઉપરોક્ત વર્તન ઉપરથી સ્પષ્ટ થાય છે. લેખિત જવાબમાં દાખલ તારીખ ૩૧મી મે, ૧૯૯૩ અને છૂટા કર્યા તારીખ ૩૧મી મે, ૧૯૯૮ કબૂલ રાખે છે. હવે પટાવાળા-કમ-કલાર્કમાં નોકરી કરેલ હતી તે હકીકતો પણ પુરાવાનાં આધારે સાબિત થાય છે. કયા મહિનામાં કેટલાં દિવસ કામ નથી કરેલ તે અંગેના હાજરી અંગેનો રેકર્ડ બેંક પાસે હતો/છે. વળી, પટાવાળા-કમ-કલાર્ક તરીકે બેંક ફરજ એપેલન્ટ પાસેથી લેતાં હતા/લીધી હતી તેવી હકીકતો મૂળ અરજી તથા અપીલનાં કામમાં રજૂ થયેલ દસ્તાવેજી રેકર્ડ, મટીરીયલ્સ ઓન રેકર્ડ ઉપરથી ફલિત થાય છે. આથી જ્યારે શ્રમયોગી સોગંદ ઉપર જણાવે છે કે, ૧૯૯૩થી ૧૯૯૮ સુધી સળંગ નોકરી કરેલ છે. ત્યારે નોકરી કરેલ નથી તે પુરવાર કરવાની નૈતિક અને કાનૂની જવાબદારી બેંકનાં શિરે છે. કારણ કે, બેંક દર માસે આપવી જોઈતી પગાર ચિઠ્ઠી, હાજરી કાર્ડ, આઇ કાર્ડ, વગેરે પુરાવા એપેલન્ટને આપતાં હતાં અને તે એપેલન્ટે ખોઈ નાખ્યા છે. તેવો બેંકનો બચાવ નથી, કાયદાનો અમલ કરવાની જવાબદારી શ્રમયોગીનાં શિરે હતી તેવા અનુમાન પર આવી મજૂર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ ૨૪૦ દિવસની હાજરી બાબતે પટાવાળા-કમ-કલાર્કની કેટેગરી તથા કલમ-૪૨(૪) અને નિયમ-૫૩(૧) અન્વયે એપ્રોચ લેટર આપેલ હોવાનું સાબિત થતું હોવા છતાં માત્ર અટકળો અને અનુમાનનાં આધારે જે તારણો ઉપર આવી એપેલન્ટનો કેસ ગુણદોષ ઉપર ટકવાપાત્ર, ચલાવાપાત્ર અને કાયદેસરનો, યોગ્ય તથા વાજબી હોવા છતાં અને તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી તારીખ ૨૪મી જાન્યુઆરી, ૨૦૦૩ સુધી મજૂર અદાલત તેમજ ઔદ્યોગિક અદાલતનો મનાઈહુકમ ચાલુ હોવા છતાં એપેલન્ટને નોકરી પર લીધેલ નથી, કામ આપેલ નથી અને તેમ કરીને સામાવાળા બેંકે અદાલતનાં હુકમનો તિરસ્કાર કરેલ હોવા છતાં મજૂર અદાલતે અદાલતના તિરસ્કારની અરજી રદ્દ કરવાનાં જે કારણો અને આધાર લીધેલ છે તે માત્ર અટકળો અને કલ્પના આધારિત હોઈ તેથી અદાલતનાં તિરસ્કારની અરજી રદ્દ કરવા કરેલ હુકમ પણ ગેરવાજબી અને ગેરકાયદેસરનો છે. ઘડીભર માની લેવામાં આવે કે, નોકરી ઉપરથી છૂટા કરવા નહીં અને કામે ચઢતાં અટકાવવા નહીં તેવો હુકમ તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮નાં રોજ બજાવવામાં આવે અને એપેલન્ટ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના રોજ નોકરી ઉપર હાજર થાય એટલે અટકાવવામાં આવે તે બેંકની વર્તણૂંક જ સ્વયંસ્પષ્ટ સાબિત કરે છે કે, એપેલન્ટનો પી.એફ. રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાનાં આધારે જે હેડ ઓફિસમાં જમા થયેલ છે તેનું શું ? જો એપેલન્ટને તારીખ ૩૧મી મે, ૧૯૯૮થી છૂટા કરેલ હોય તો બેંકે કબૂલ રાખ્યા મુજબ તારીખ ૩૧મી મે, ૧૯૯૩થી તારીખ ૧લી જૂન, ૧૯૯૮ સુધીનાં કુલ પાંચ વર્ષનાં સમયની બાકી લેણી હક્ક

INDEX

રજાનો પગાર, પી.એફ. ફાળો જે હેડ ઓફિસમાં જમા કરાવેલ છે તે કુલ ફાળો વ્યાજ સહિત તેમજ મળવાપાત્ર ગ્રેજ્યુઈટી, કલમ-૨૫-એફ મુજબ નોટીસ પગાર, છટણી વળતર, વગેરે હક્કોનાં નાણાં ક્યારે અને કેવી રીતે ચૂકવી દીધા તેનો બેંકના સાક્ષી અને લીગલ ઓફિસરનો ચાર્જ સંભાળતા જવાબદાર અધિકારી કોઇ ખુલાસો આજદિન સુધી કરેલ નથી. વળી, બેંકનાં સાહેદ શ્રી પટેલ તેમની ઉલટ તપાસમાં કબૂલ કરે છે કે, એપેલન્ટ જેવા બીજા હંગામી શ્રમયોગીઓને બેંકસ પ્રતિનિધિ સંઘ સાથે થયેલ સમાધાનની જોગવાઇઓને અનુસર્યા વિના ભરતી કરેલ છે અને આવી ભરતી વાળા હંગામી શ્રમયોગીઓને બેંકે કાયમી કયાજ્ઞ છે. મજૂર કાયદાનાં પ્રબંધો મુજબ સીનીયોરીટી લીસ્ટ રાખવું તે દરેક ઔદ્યોગિક સંસ્થાની કાયદેસરની ફરજ છે, અને શ્રમયોગીની જરૂર ન હોય અને છૂટા કરવા હોય તો કાયદાનાં પ્રબંધોનું પાલન કર્યા વિના મનસ્વી રીતે, મનફાવે તે રીતે, ગમે તેને ગમે ત્યારે બંધ કરી દેવા અને ગમે તેને ગમે તે રીતે ભરતી કરવાની મેનેજમેન્ટનાં સર્વસત્તાધિકારી અને વહીવટી સંચાલકોને કાયદામાં ક્યાંય છૂટછાટ આપી હોય તેવો એક પણ પ્રબંધ, જોગવાઇ બેંકને લાગુ પડતી હોય તેવો બેંકનો કેસ નથી. છતાં મેનેજમેન્ટે સદર કેસમાં એપેલન્ટની નોકરી એડમીટેડ ફેકટસ મુજબ દા. તા. ૩૧મી મે, ૧૯૯૩ અને છૂટા કર્યા તારીખ (કહેવા પૂરતી) તારીખ ૩૧મી મે, ૧૯૯૮ કુલ પાંચ વર્ષની નોકરીની અવધિવાળા શ્રમયોગીને ડેઈલી વેજર પટાવાળા કહી કાઢી મૂકવા અને જુનીયરોને કામે રાખી પાછળથી બેંકને લાગુ પડતા સમાધાન અને કાયદાનાં પ્રબંધો અનુસાર લેવી પડતી મંજૂરીઓ અને પરવાનગીઓ વિના રેગ્યુલરાઈઝ કરવા એ બેંક મેનેજમેન્ટની નીતિ બે મોઢાની વાત જેવી છે.

૩૫. ભરતી અંગે નીતિ નક્કી કરેલ હોય તો તે મુજબ તેનું પાલન થવું અતિ આવશ્યક છે અને મહત્વનું છે. પણ પટાવાળા જેવી જગ્યા માટે ભરતી પ્રક્રિયા અનુસર્યા વિના પણ નોકરી પર લેવામાં આવેલ હોય અને સળંગ, સતત, એકધારી, નિયમિત નોકરીનાં કેસમાં જ્યારે પટાવાળા તરીકેની લાયકાત અને અનુભવ પછી પાંચ વર્ષ સુધી શ્રમયોગી પક્ષે એક પણ ભૂલ, ગુન્હો, નોંધાયેલ ન હોય, નોકરી ડાઘ રહિત હોય તો એવા શ્રમયોગીને એડહોક, કામચલાઉ ગણી કોઇપણ જાતની નોટીસ કે નોટીસ પગાર તેમજ છટણી વળતર આપ્યા વિના મનસ્વી રીતે કાઢી મૂકવાની કાયદો માલિકને કોઇપણ રીતે છૂટ આપતો નથી.

૩૬. જ્યારે પટાવાળા-કમ-કલાર્ક તરીકે તા. ૩૧મી મે, ૧૯૯૩થી ૧૫મી સપ્ટેમ્બર,૧૯૯૮ સુધી બેંકમાં નોકરી કરેલ હોય ત્યારે ૨૪૦ દિવસની હાજરી થતી નથી તેવી હકીકતો, પુરાવો, સાબિતી, બેંક પાસે હોય અને બેંક પાસેથી માગવા છતાં રજૂ કરેલ ન હોય તેથી તેમજ રજૂ કરેલ દસ્તાવેજો જોતાં બીજા પક્ષકારે અતૂટ અને સળંગ

INDEX

નોકરી કરેલ છે. અને તે સમયગાળા દરમ્યાન એપેલન્ટ ગેરહાજર હતા કે વચ્ચે નોકરીમાં ન હતાં તે અંગેની લેખિત આધારે બેંક રજૂ ન કરે તો એપેલન્ટે સળંગ, એકધારી અને નિયમિત નોકરી કરેલ છે. તેવું ન માનવાને કોઈ વાજબી કારણ નથી. સત્ય બહાર આવતાં ભાંડો ફૂટી જશે તેવી બીકથી તારીખ ૧લી જૂન, ૧૯૯૮થી તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮ સુધીનાં સમયનાં હાજરીપત્રકો માગેલ તે રજૂ નહીં કરવા પાછળ બેંકનો પૂર્વગ્રહ, બદઆશય અને બદઈરાદો તથા કુબુદ્ધિપૂર્વકની ચાલ હોવાનું અને એપેલન્ટ સાથે અયોગ્ય રીતરસમો, વર્તન, અને વ્યવહાર આચરી ગેરવાજબી અને ગેરકાયદેસર રીતે કાયમી કરવાની માંગણી કરી તેથી ચાલુ નોકરી ઉપરથી બંધ કરવા એ ગેરકાયદેસરનો ફેરફાર છે અને જે આ કેસમાં સાબિત થતો હોવા છતાં મજૂર અદાલતે પુરાવા અને કાયદાની જોગવાઈઓનું અર્થઘટન અને મૂલ્યાંકન કરવાની ગંભીર ભૂલ કરીને યોગ્ય અને વાજબી કારણો વિના એપેલન્ટની તથા એપેલન્ટે તપાસેલ સાક્ષીઓની જુબાની તટસ્થ, ન્યાયપ્રિય અને સત્ય હકીકતોનો ઘટસ્ફોટ કરતી હોવા છતાં અને જે હકીકતોનાં સમર્થનમાં બેંક પાસે દસ્તાવેજી પુરાવો અસ્તિત્વમાં હોવા છતાં જુનીયરને ચાલુ રાખી, સીનીયરને કાઢી મૂકવા અને જુનીયર હંગામી કર્મચારીઓને ભરતી પ્રક્રિયા અનુસર્યા વિના કાયમી કરી દેવાની રીતરસમ, રીતભાત, વર્તન વગેરે જોતાં એપેલન્ટને તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૯૮થી મનાઈહુકમનાં આધારે નોકરી પર લઈ એપેલન્ટને ફરજ બજાવતા નહી અટકાવવાની બેંકની કાયદેસરની અને નૈતિક ફરજ હતી/છે. છતાં એક સામાન્ય કક્ષાનાં, ગરીબ, શ્રમજીવીને બેંકની નોકરી પર ન રાખી, કાયમી કરવા માંગણી કરી તેથી તેમની સાથે વ્યવહાર, વર્તન અને પગલું ભરેલ છે તે રદ થવાને પાત્ર હોઈ એપેલન્ટની અપીલ વાજબી, યોગ્ય, કાયદેસરની હોઈ અને મજૂર અદાલતનાં ન્યાયાધીશે તેમનાં હુકમમાં હકીકતો અને કાયદાની તેમજ પુરાવાનું અર્થઘટન અને મૂલ્યાંકન કરવામાં ગંભીર ભૂલ કરી અસમર્થ તેવા એપેલન્ટની અરજી રદ કરવાનો જે હુકમ કરેલ છે, તે ગેરવાજબી, ગેરકાયદેસર અને અન્યાયી છે. તેથી આ હુકમમાં હસ્તક્ષેપ કરવાની અને એપેલન્ટને અપીલમાં માગ્યા મુજબની દાદ પૈકી યોગ્ય વાજબી અને ન્યાયી દાદ અપાવવા યોગ્ય હુકમ કરવાની આ અદાલતની કાનૂની અને નૈતિક ફરજ છે.

૩૭. ભારતીય પુરાવા અધિનિયમ-૧૮૭૨ની કલમ-૫૮ મુજબ કબૂલ રાખેલ હોય તેવી હકીકતો, બાબતો માટે સાબિત કરીને પુરાવો આપવો જરૂરી નથી. બેંકે એપેલન્ટની દાખલ તા. ૩૧-૫-૯૩ કબૂલ રાખેલ છે. શરૂઆતમાં દર માસે રૂા. ૫૦૦/- અને છેલ્લે દર માસે રૂા. ૧૦૦૦/- પગાર આપતાં હતાં. આ હકીકતો બેંકે સ્વીકાર્ય રાખી છે. માસીક પગાર હંમેશા બેંકનાં મહિનામાં જેટલા દિવસ વર્કીંગ હોય તેટલા દિવસનો પગાર બરાબર માસિક પગાર રજૂ કરેલ સમાધાનમાં જ જોગવાઈ છે કે, દરેક કર્મચારીને કાયમી/હંગામી નોકરી માટે લેખિતમાં હુકમ આપવો ટૂંકાગાળાનાં કામ માટે જ

INDEX

રાખેલા તેવો આધાર-પુરાવો બેંકે રજૂ કરવો પડે, પરંતુ આ કામમાં તા. ૩૧-૫-૯૩થી તા. ૩૧-૫-૯૮ સુધી એપેલન્ટ નોકરીમાં હતા તે હકીકત લેખિત બચાવનામામાં જ સ્વીકારેલ છે તેથી એકસપ્રેસ ન્યુઝનાં કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ૨૪૦ દિવસની હાજરીની ગણતરીમાં વીકલી ઓફ, પબ્લીક હોલી ડે, ફેસ્ટીવલ હોલી ડે વીથ પે તેમજ અધિકૃત ભોગવેલી રજાઓ વગેરે ધ્યાનમાં લેતાં એપેલન્ટની દરેક વર્ષમાં હાજરી ૨૪૦ દિવસથી વધુ થતી હતી, થાય છે અને તેનો સબબ પુરાવો આધાર એપેલન્ટને બેંક પગાર સ્લીપ આપતી ન હતી. આથી જે પુરાવો શ્રમયોગી પાસે નથી અને બેંકની પાસે છે તેવો પુરાવો બેંક જાણી જોઈને, રજુ ન કરે તેમ છતાં ૨૪૦ દિવસની હાજરી પૂરી નથી તેવા અનુમાનનાં આધારે કાયમી થવા હકદાર શ્રમયોગીનો કેસ કાઢી નાંખવો અને પાયા વિનાની, આધાર વગરની બેંકની રજૂઆતો, માહિતીને સાચી માની અરજદારનો કેસ રદ્દ કરવો એ ન્યાયી, વાજબી અને કાયદેસર નથી. કેસની ચાલુ કાર્યવાહી દરમિયાન, મનાઈહુકમ ચાલુ હોવા છતાં રીસ્પોન્ડન્ટ બેંકે ગેરકાયદેસર ફેરફાર કરી, અધિનિયમ પ્રબંધોનો ભંગ કરી ચાલુ દાવે નોકરી પરથી બંધ કરવું તે કન્ટીન્યુઅસ રીકરીંગ ઈલીગલ ચેઈન્જ છે, અને જેને ઉઠાવી લેવા અને સદર ફેરફારથી એપેલન્ટને પગારમાં જે નુકસાની ગયેલ છે તેનું પૂરેપૂરું વળતર ચૂકવી આપવા યોગ્ય હુકમ કરવો ન્યાયની રાહે જરુર છે. દરેક ઔદ્યોગિક તકરારમાં ટેકનીકલ બહાનાને આગળ ધરી માનવીય અને યોગ્ય, વ્યાજબી અને ન્યાયી અભિગમ ન અપનાવવો તે મેનેજમેન્ટ માટે પણ યોગ્ય, ઉચિત અને વ્યાજબી નથી. રીસ્પોન્ડન્ટ સંસ્થા એક બેંક છે તેમાં એપેલન્ટ કરતાં પણ જુનીયર તેવા હંગામીને કામે ચાલુ રાખી પાછળથી બધાને કાયમી કર્યાનો પુરાવો આ કામમાં રજૂ છે તે જોતાં પટાવાળા જેવી જગ્યા પર ભરતી કરતાં પહેલાં જ્યારે કોઈ પરીક્ષાની જરૂર ન હોય, અરજીની જરૂર ન હોય અને જરૂરત મુજબ લેવામાં આવેલ હોય અને પાછળ એક કરતાં વધુને કાયમી કરી કાયમીને લાભો ચૂકવવામાં આવે અને તે સમયે જ્યારે સમાધાનની કલમો આડે આવે છે તેવો કોઈ પ્રશ્ન ન નડે અને એપેલન્ટ કાયમી થવા માગણી કરે એટલે વગર ગુન્હાએ, વગર નોટીસે, અદાલતનો મનાઈ હુકમ ચાલુ હોવા છતાં અદાલતી હુકમની અવગણના કરી અદાલતનાં હુકમનો અનાદર કરવામાં આવે, તે હકીકત જ અદાલતનાં કાયદેસરનાં હુકમનો જાણીજોઈને, ઈરાદાપૂર્વક તિરસ્કાર સમાન છે અને તે માટે જવાબદાર અધિકારીગણ અને જે તે વખતનાં બોર્ડ ઓફ ડીરેક્ટર્સ, સ્ટાફ સીલેકશન કમિટીનાં સભ્યો સામૂહિક રીતે અને વ્યકિતગત રીતે અદાલતનાં તિરસ્કારનાં ગુન્હા માટે જવાબદાર હતાં અને છે અને તે માટે હવે ઘણો સમય પસાર થઈ ચૂકેલ હોઈ આ કેસમાં જેને અન્યાય થયેલ છે, થઈ રહ્યો છે, તેમને યોગ્ય વળતર આપી એપેલન્ટની આજીવિકા ચાલુ થાય અને બેરોજગારીની સમસ્યાનો હલ થાય તેવો ઉપાય વિચારવો એ જ યોગ્ય ઉપાય હોવાનું આ અદાલતનું માનવું છે.

INDEX

૩૮. નીચેની અદાલતમાં એપેલન્ટને કલમ-૪૨ (૪) અને નિયમ-૫૩ (૧) અન્વયે એપ્રોચ લેટર આપેલ હતો જેની સાબિતી, રજુઆતો, દસ્તાવેજો અને સોગંદ ઉપરની જુબાની, સંજોગો અને પરિસ્થિતિ જોતાં સ્પષ્ટપણે ફલિત થાય છે છતાં મજૂર અદાલતે ટેકનીકલ કારણોસર એપેલન્ટની વાતને અગ્રાજ્ઞા રાખેલ છે તે યોગ્ય, વાજબી, ન્યાયી નથી અરજીનાં વિધાનો ઉપરથી અરજદારે માગેલા અને રજૂ કરેલા પુરાવા, સાક્ષીઓની જુબાની તેમજ રજૂ કરેલ રજૂઆતોનાં આધારે ન્યાયનિર્ણય કરવાનો હોય છે. પુરાવાનાં આધાર વિનાની, વાહિયાત રજૂઆતોનાં આધારે ન્યાયનિર્ણય કરવાનો ન હોય. અરજદારનાં કેસની હકીકતો,ખોટી હોય તેવું સામાવાળા કહે તો તે સાબિત કરેલ હોવાનું સ્પષ્ટ થાય છે. બેંક ખરી હકીકતો, માહિતી, અદાલત સમક્ષ રજુ કરવાને બદલે ખોટી રજૂઆતો કરી અદાલતને ગેરમાર્ગે દોરેલ છે. ન્યાયનિર્ણય કરવા અને પૂરા પાડવા જોઈતા દસ્તાવેજો, માહિતી રજૂ ન કરી અક્ષમ્ય નિષ્કાળજી, બેદરકારી દાખવેલ છે.

૩૯. ઉપરોક્ત હકીકતો અને કાયદાની જોગવાઈઓ અને આ કેસની હકીકતો, પુરાવાઓ અને સંજોગો તેમજ વડી અદાલતોનાં ચુકાદાઓ ધ્યાનમાં લેતાં મૂળ અરજીમાં માગ્યા મુજબની દાદ મંજૂર કરવાનું યોગ્ય, ન્યાયી અને વાજબી હોઈ આ કામમાં ઉપર મુજબ ઠરાવી નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે :-

હુકમ

આથી આ અપીલ અંશતઃ મંજૂર કરવામાં આવે છે.

નીચલી મજુર અદાલત, જૂનાગઢે તેમની સમક્ષની બી.આઈ.આર. અરજી નં. ૨૦/૯૮ નાં કામમાં તા. ૨૪-૧-૦૩ ના રોજ આપેલ ચુકાદાને આથી રદ કરવામાં આવે છે, અને વધુમાં એવું ઠરાવવામાં આવે છે કે, હાલનાં રીસ્પોન્ડન્ટે હાલનાં એપેલન્ટને તેમનાં પડેલા દિવસોના પગારનાં ૭૫ ટકા સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા અને સીનીયોરીટી મુજબ જ્યારથી જુનીયરને પટાવાળા તરીકે તા. ૧-૧-૦૧ થી નિયમિત કરવામાં આવેલ છે તે તારીખથી સમાન કામ માટે સમાન વેતનનાં સિદ્ધાંત મુજબ પટાવાળાની કેટેગીરીનો પગાર ગ્રેડ ગણી પાછલાં સમયનાં પગાર તફાવતની પૂરેપૂરી રકમનાં ૭૫ ટકા બેકવેઈજીસ સાથે ચૂકવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

એપેલન્ટને તેમની દાખલ તારીખ, લાયકાત અને અનુભવ ધ્યાનમાં લઈ ભવિષ્યમાં જ્યારે પણ કલાર્કની ભરતી કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે કલાર્ક તરીકેની ભરતી વખતે એપેલન્ટની વયમર્યાદાનો બાધ આડે લાવ્યા વિના કલાર્ક તરીકે નિમણૂંક આપવામાં પ્રથમ અગ્રતા આપવી.

INDEX

આ હુકમની નકલ મળ્યેથી દિવસ સાતમાં એપેલન્ટને હાલનાં રીસ્પોન્ડન્ટે નોકરીમાં પુનઃસ્થાપિત કરવા અને ઉપર જણાવેલ પગાર તફાવતની રકમ હુકમની નકલ મળ્યેથી ૬૦ દિવસમાં ચૂકવી આપવાનો પણ આથી હુકમ કરવામાં આવે છે.

આ અપીલનાં ખર્ચ પેટે હાલનાં એપેલન્ટને હાલનાં રીસ્પોન્ડન્ટે રૂા. ૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) બેંકે ચૂકવી આપવા.

આ અપીલનું મૂળ રેકર્ડ મજૂર અદાલત, જુનાગઢને આ ચુકાદાની એક નકલ સહિત પરત મોકલી આપવું.

રાજકોટ, તારીખ ૨૯મી ઓક્ટોબર, ૨૦૦૫.

એન. કે. જીયાણી,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત નં. ૧, ગુજરાત,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૫.

આર. કે. પરમાર,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬,
અમદાવાદ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૮૪૮૨/આર.યુ.–સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૫૮(૧) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, આશીમા સ્પીનફેબ, અમદાવાદ અને ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ, સમાધાન અધિકારીશ્રી ડી. એમ. ડામોર, મદદનીશ શ્રમ આયુક્તની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને ૨૦૦૫ના નવેમ્બર માસના ૨૪માં દિને આથી નોંધ કરૂ છું.

INDEX

સમાધાનકાર શ્રી ડી. એમ. ડામોર સમક્ષ

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ હેઠળ સમાધાનનું ખતપત્રક

બી. આર. સી. કેસ નં. ૩૧, સને ૨૦૦૫

શ્રી પી. જે. જસાણી, માલિકના પ્રતિનિધી;
જનરલ મેનેજર (આઈ. આર.),
આશીમા સ્પીનફેબ,
(એ ડીવીઝન ઓફ આશીમા લીમીટેડ),
અમદાવાદ.

શ્રી બાબુભાઈ અમીપુરા, કામદારોના પ્રતિનિધિ.
મંત્રી વતી,
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,
અમદાવાદ.

કેસની ટૂંકી વિગતો

મીલ્સ કંપનીએ અમદાવાદ શહેરમાં કાપડ સુતર ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતા યુનિયન ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશનને ફોર્મ 'કે' માં તા. ૧૪-૭-૨૦૦૫ના રોજ મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારાની જોગવાઈઓ મુજબ નોટીસ ઓફ ચેઈન્જ આપી માંગણી મુકેલ કે મીલ્સ કંપનીના રીંગફ્રેમ ખાતામાં ૬૦ રીંગફ્રેમ મશીનો હતા પરંતુ -ોડકટ મીક્ષ બદલવાના કારણે તેમજ માંગમાં ઘટાડો થવાના કારણે ૨૦ રીંગફ્રેમ મશીનો ઓછા કરવામાં આવ્યા છે અને તેના -માણસર કામદારોને ઓછા કરવામાં આવ્યા છે. આ મશીનોની સંખ્યામાં ઘટાડો થવાથી રીંગફ્રેમ ખાતામાં કામ કરતા ૩ ફીટર તેમજ ૩ ફીટર કુલીની જગ્યામાંથી ૧ ફીટર તેમજ ૧ ફીટર કુલીની કાયમી જગ્યા ઓછી કરવા અંગે તેમજ તે અંગેના આનુષાંગિક ફેરફારો કરવા માંગણી કરી હતી. તેના અનુસંધાને મીલ્સ કંપનીએ -તિનિધિત્વ ધરાવતા યુનિયને ફોર્મ 'એન' માં તારીખ ૨૨મી જુલાઈ, ૨૦૦૫ના રોજ અહેવાલ મોકલી આપેલ. જે તારીખ ૩૦મી જુલાઈ, ૨૦૦૫ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવેલ. સદરહુ બાબતે સમાધાન કાર્યવાહી તારીખ ૩૧મી ઓગષ્ટ, ૨૦૦૫ના રોજ શરૂ કરવામાં આવેલ. દરમ્યાન પક્ષકારો વચ્ચે ઉપરોક્ત વિવાદ અંગે વખતોવખત ચર્ચાવિચારણા થયા બાદ સુખદ સમાધાન થયેલ છે જેની શરતો નીચે મુજબ છે.

INDEX

પરિશિષ્ટ – અ
સમાધાનની શરતો

૧. મીલ્સ કંપનીના સ્પીનીંગ ખાતાના રીંગફ્રેમ વિભાગમાં હાલ ત્રણ ફીટર તેમજ ત્રણ ફીટર કુલી એમ કુલ ૬ કામદારો ફરજ બજાવે છે.

૨. સદર રીંગફ્રેમ વિભાગમાં અગાઉ ૬૦ રીંગફ્રેમ મશીનો હતા પરંતુ ન્હેડ્કટ મીક્ષ બદલાવાને કારણે માંગમાં ઘટાડો થવાને કારણે મીલ્સ કંપનીને રેશનલાઇઝેશન કરવાની ફરજ પડેલ, પરિણામે ૬૦ રીંગફ્રેમમાંથી ૨૦ રીંગફ્રેમ મશીનો ઓછા કરી તેના -માણસર કામદારોને લાભો આપી છૂટા કરવામાં આવેલ છે. આમ મશીનોની સંખ્યા ઘટતા ફીટર તેમજ ફીટરકુલીના શ્રમબોજમાં ખૂબજ ઘટાડો થયેલ છે. આથી પક્ષકારો એ બાબતે સંમત થાય છે કે રીંગફ્રેમ ખાતામાંથી એક ફીટર તેમજ એક ફીટર કુલીની જગ્યા ઓછી કરવી.

૩. આ સમાધાન અન્વયે જે કામદારો સ્વૈચ્છિક રાજીનામુ આપવા ઇચ્છતા હશે. તેઓ તેમનું રાજીનામુ ધી ટેક્ષટાઇલ લેબર એસોસીએશન મારફતે મીલ્સ કંપની ઉપર મોકલી આપશે, જે સ્વીકારી નીચે મુજબના લાભો આપી ફીટર તેમજ ફીટર કુલીની જગ્યા નાબૂદ કરવામાં આવશે.

અ. ધી પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઈટી એક્ટ, ૧૯૭૨ હેઠળ ગ્રેજ્યુઈટીની રકમ ચૂકવી આપવામાં આવશે આ રકમની ગણતરી દાખલ તારીખથી છુટા થયા તારીખ સુધી પુરેપુરા વર્ષોની ગણવામાં આવશે.

બ. મીલ્સ કંપની આ સમાધાન હેઠળ છુટા થનાર કામદારને એક વર્ષની નોટીસ દીઠ પંદર દિવસનું વળતર આપશે. આ વળતરની રકમની ગણતરી દાખલ તારીખથી છુટા થયા તારીખ સુધી પુરેપુરા વર્ષની ગણવામાં આવશે.

ક. મીલ્સ કંપની આ સમાધાન હેઠળ છૂટા થયેલ કામદારની જૂની હક્ક રજા તેમજ ચાલુ વર્ષની વરાડે પડતી હક્ક રજા ચૂકવી આપશે.

૪. આ સમાધાન હેઠળ ફીટર તેમજ ફીટર કુલીની બે જગ્યા માટેનું સ્વૈચ્છિક રાજીનામુ રીંગફ્રેમ ખાતામાંથી ન આવે તો મીલ્સ કંપનીના સ્પીનીંગ ખાતાના અન્ય વિભાગ જેવા કે બ્લોરુમ, કાર્ડ, કોમ્બર, વાઇન્ડીંગ, પેરેલલ વાઇન્ડીંગ તેમજ ટીએફઓ વિભાગમાંથી જો કોઇ કામદાર સ્વૈચ્છિક રાજીનામુ આપવા ઇચ્છતો હશે તો ધી ટેક્ષટાઇલ લેબર એસોસીએશન સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ સ્વૈચ્છિક રાજીનામુ ધી ટેક્ષટાઇલ લેબર એસોસીએશન મારફત આવતા તે સ્વીકારી આવા કામદારોને આ સમાધાન હેઠળના લાભો આપી છુટા કરી તેમની જગ્યાએ જુનીયર મોસ્ટ ફીટર - ફીટરકુલીને તેનો પગાર -ગ્રેડેશન કરી ગોઠવવામાં આવશે.

૫. મીલ્સ કંપનીના રીંગફ્રેમ ખાતામાં નીચે મુજબના ફીટર તેમજ ફીટરકુલી હાલમાં ફરજ બજાવે છે.

INDEX

ફીટર	ફીટરકુલી
૧. મહેન્દ્ર ઝવેરભાઇ	૧. રઘુનાથ ઓમકાર
૨. દેવેન્દ્ર રામજીભાઇ	૨. ડાઙ્ગા વીરદાસ
૩. હીરાલાલ રામજીભાઇ	

આ સમાધાન અનુસાર એક ફીટર તેમજ એક ફીટર કુલીની જગ્યા નાબુદ થાય છે. હાલમાં એક ફીટરકુલી પોતાનું સ્વૈચ્છિક રાજીનામુ આપવા તૈયાર છે. જ્યારે એક ફીટરકુલીની જગ્યા હાલ ખાલી છે. ઉપરોક્ત ખાલી પડેલી ફીટરકુલીની જગ્યાનો કાયમી પાસ બદલી કામદાર શ્રી રમેશ શકરાને આપશે.

૬. આ સમાધાન અન્વયે એક ફીટર તેમજ એક ફીટરકુલીની જગ્યા નાબુદ થાય છે. પરંતુ શ્રમબોજમાં કોઇપણ જાતનો વધારો થતો નથી કારણ કે રીંગફ્રેમ ખાતામાં ૬૦ રીંગફ્રેમની જગ્યાએ ૪૦ રીંગફ્રેમો ચલાવવામાં આવે છે. તેમ છતાં -તિનિધિ તેમજ કામદારોની માંગણી ધ્યાનમાં રાખી ઉપરોક્ત બે જગ્યાઓ નાબુદ થયા બાદ ફીટરને રૂા. ૮-૦૦ (અંકે રૂા. આઠ પુરા) ૨૬ દિવસ માટે પર ડે તેમજ ફીટર કુલીને રૂા. ૪-૦૦ (અંકે રૂા. ચાર પુરા) ૨૬ દિવસ માટે પર ડે એડહોક પગાર તરીકે આપવામાં આવશે સદર એડહોક પગાર કલમ નં. ૫માં જણાવેલ ફીટર તેમજ ફીટરકુલીને જ તેમના હોદ્દાની જગ્યા નાબુદ થયા બાદ અંગત પગાર (પર્સનલ પે) તરીકે આપવામાં આવશે. એક ફીટર કુલી રૂપાભાઇ અરજણભાઇની જગ્યાએ કાયમી પાસ મેળવનાર તેમજ અન્ય ફીટર તેમજ ફીટરકુલીની જગ્યાએ બદલી ભરનાર કામદારો આ અંગત પગાર વધારો મેળવવા હક્કદાર થશે નહિ. આ એડહોક પગાર ઉપર ને. ફંડ, ઇએસઆઇ., બોનસ, વગેરેના લાભ આપવામાં આવશે. પરંતુ મોંઘવારી ભથ્થું આપવામાં આવશે નહિ, તેમ પક્ષકારો સંમત થાય છે.

૭. આ સાથે પરિશિષ્ટ ૧ માં જણાવેલ ફરજો ફીટર તેમજ ફીટરકુલી ખંત અને વફાદારીપૂર્વક બજાવશે.

૮. આ સિવાય ફીટર તેમજ ફીટરકુલી અંગે મીલ્સ કંપની ધી ટેક્ષટાઇલ લેબર એસોસીએશન વચ્ચે થયેલ કરાર, સમાધાન કે સમજૂતી કે એવોર્ડની બાકીની કલમોનો અમલ યથાવત રહેશે.

૯. આ સમાધાનના અમલ કે અર્થઘટનમાં જો કોઇ -શ્ન ઉભો થાય તો મીલ્સ કંપનીના જનરલ મેનેજર (આઇ. આર.) તેમજ જનરલ સેક્રેટરી ધી ટેક્ષટાઇલ લેબર એસોસીએશન સાથે ચર્ચા-વિચારણા કરી જે નિર્ણય લેશે તે પક્ષકારોને બંધનકર્તા રહેશે.

૧૦. આ સમાધાનનો અમલ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૫ થી કરવામાં આવશે.

INDEX

ફીટરની ફરજો

પરિશિષ્ટ – ૧

(૨ + ૦ + ૦)

૧. રીંગફ્રેમ મશીનોનું રીપેરીંગ, મેઈન્ટેનન્સ તથા ઓવરહોલીગનું કામ કરવું.

૨. સફાઈના મશીનોનું સંપૂર્ણ ચેકીંગ કરવું બરાબર ના હોય તો બરાબર કરવું.

૩. બંધ તાર ચાલુ કરવા.

૪. રીંગફ્રેમ મશીનોની મશીન પુલીઓ બદલવી.

૫. મશીનોના બોટમ રોલરનું ટ્રુઈંગ કરવું તથા જરુર પડે મશીનોના બોટમરોલની લાઈનો ચેઈન્જ કરવી.

૬. સ્પીન્ડલ ગેઈજ, લેપેટ ગેઈજ, રોલર ગેઈજ, ટોપ આર્મ સેટીંગ જેવા ગેઈજ તથા સેટીંગના કામ કરવા.

૭. ચાપટ કલીનીંગ મશીનના રીપેરીંગ તથા મેઈન્ટેનન્સને લગતું કામ કરવું.

૮. ખાતા અધિકારીની સૂચના મુજબ કામ કરવું.

૯. જ્યારે જરુર પડશે ત્યારે ફીટર કુલી મદદમાં આપવામાં આવશે.

૧૦. મશીનોમાં શીડયુલ -માણે નવી રીંગસ્ તથા સ્પીન્ડલો બદલીને સેટીંગ તથા ગેઈજ કરવા.

૧૧. સ્કાયવરીંગ મશીનોમાં ચક્કરો તથા બેરીંગ્સ ચેક કરવી તથા જરુર હોય તો બદલવી.

૧૨. પેડેસ્ટલ, જોકીપુલી, લેપરેઈલ, ગાઈડ પુલી, હેડ સ્ટોકનું ગ્રીસીંગ કરવું.

૧૩. રીંગફ્રેમ મશીનોમાં ટોપ તથા બોટમ એ-પ્રોન બદલવા.

ફીટર કુલી

(૨ + ૦ + ૦)

૧. રીંગફ્રેમ રીપેરીંગ, મેઈન્ટનન્સ તથા ઓવર હોલિંગના કામમાં ફીટરને મદદ કરવી.

૨. સ્ટોર્સમાંથી જરુરી માલસામાન લાવવો તેમજ લઈ જવો.

૩. રીપેરીંગ માટેના દાગીના મીકેનીક ખાતામાં લઈ જવા તેમજ રીપેરીંગ થઈ ગયા બાદ તે દાગીના ખાતામાં લઈ આવવા.

૪. પેડેસ્ટલ, જોકીપુલી, લેપેટરેઈલ, ગાઈડપુલી, હેડસ્ટોકનું ગ્રીસીગ કરવું.

૫. ઓવરહેડના રીપેરીંગ, મેઈન્ટનન્સ અને ઓવર ઓઈલીંગ વખતે ફીટરને મદદ કરવી.

૬. એક્ષપોર્ટ ટ્રીટમેન્ટના મશીનોના બોટમરોલને બ્રશ મારીને સફાઈ કરવી.

INDEX

૭. એક્ષપોર્ટ ચેકીંગના મશીનોમાં રહેલ ખામી દુર કરવી.

૮. ખાતાના બંધ તાર ચાલુ કરવા.

૯. આવશ્યક જણાય તો ફીટરને મદદ કરવી.

૧૦. ખાતા અધિકારીની સૂચના હોય તો અન્ય કોઇપણ કામ કરવું.

૧૧. સ્કાયવરીંગ મશીનોમાં ચક્કરો કાઢીને સાફ કરીને તથા ઘસાયેલા કે ખરાબ થયેલા ચક્કરો તથા બેરીંગ્સ બદલવામાં ફીટર્સને મદદ કરવી.

૧૨. રીંગફ્રેમ મશીનોમાં ટોપ તથા બોટમ એ-રોન બદલવા.

બાબુભાઈ અમીપુરા,
મંત્રી વતી,
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,
અમદાવાદ.

પી. જે. જસાણી,
જનરલ મેનેજર (આઈ.આર.),
આશીમા સ્પીનફેબ,
(એ ડીવીઝન ઓફ આશીમા લીમીટેડ),
અમદાવાદ.

ડી. એમ. ડામોર,
સમાધાનકાર,

અમદાવાદ, તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૦૫. મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
ઝોન-૧, અમદાવાદ.

અમદાવાદ, તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૫.

આર. કે. પરમાર,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬,
અમદાવાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

PART I—L

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette,* Part I—L should be *read* to have been published in Issue No. 51, *Gujarat Government Gazette,* Part I—L, dated 22nd December, 2005 and for pages VAD-6697 to 6809. (in 1 set) *read* page Nos. 6891 to VAD–7003.

વિજ્ઞપ્તિ

શ્રમ આયુક્ત, નાયબ શ્રમ આયુક્ત, મદદનીશ શ્રમ આયુક્ત, અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧—એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૨૨મી ડીસેમ્બર, ૨૦૦૫ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧—એલના અંક ૫૧માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૬૬૯૭ થી ૬૮૦૯ (૧ બંચમાં) ને પાન નંબર ૬૮૯૧ થી વીએડી-૭૦૦૩ વાંચવા.

Vadodara , 22nd December, 2005.

S. J. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૮૪૭૩/૫.૨/આઇડીઆર/એજે/૯૦/૦૫.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વર્ધમાન એક્રેલીક લી. મુ. ગુદાડીયા, જિ. ભરૂચ અને તેના શ્રમયોગી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧-૧૭૩-આઇડીએ-૧૦૨૦૦૧-૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર વડોદરાને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

વર્ધમાન એક્રેલીક લીમીટેડ, પ્લોટ નં. ૭૫૫, જી.આઇ.ડી.સી. ઝઘડીયા જિ. ભરૂચ.

કન્સીલેશન કેસ નં. ૨૯/૨૦૦૫.

પરિશિષ્ટ

ભાગ-(૧)

માંગણી નં. ૧ :- કંપનીમાં કામે રાખેલ તમામ કક્ષાના કામદાર/કર્મચારીઓને નીચે મુજબની ગ્રેડમાં વર્ગીકરણ કરી તે મુજબ બેઝીક પગાર આપવો જોઇએ કે કેમ ?

અકુશળ :- ૧૫૦૦-૫૦-૨૦૦૦-૭૫-૨૭૫૦-૧૫૦-૪૨૫૦-૨૦૦-૬૨૫૦.

અર્ધકુશળ :- ૨૦૦૦-૭૫-૨૭૫૦-૧૦૦-૩૭૫૦-૨૦૦-૫૭૫૦-૨૫૦-૮૨૫૦.

અર્ધકુશળ 'અ' :- ૨૫૦૦-૧૦૦-૩૫૦૦-૧૨૫-૪૭૫૦-૨૫૦-૭૨૫૦-૩૦૦-૧૦૨૫૦.

INDEX

કુશળ :- ૩૦૦૦-૧૨૫-૪૨૫૦-૧૫૦-૫૭૫૦-૩૦૦-૮૭૫૦-૩૫૦-૧૨૨૫૦.

કુશળ 'અ' :- ૩૫૦૦-૧૫૦-૫૦૦૦-૨૦૦-૭૦૦૦-૩૫૦-૧૦૫૦૦-૪૦૦-૧૪૫૦૦.

નોંધ :- વર્તમાન ગ્રેડમાં પાંચ વર્ષની નોકરી પુરી કરી હોય તેને ઉપલી ગ્રેડ આપવી. ઉપરોક્ત ગ્રેડમાં ફીટમેન્ટ પછી ઉચ્ચક રૂા. ૩૦૦૦/- નો પગાર વધારો માસિક પગારમાં આપવો.

માંગણી નં. ૨ :- મોંઘવારી ભથ્થું :- દરેક કામદારને તેના બેઝીક પગારના ૭૫% લેખે મોંઘવારી ભથ્થું દર માસ આપવું જોઇએ કે કેમ ?

માંગણી નં. ૩ :- ઘરભાડા ભથ્થું :- કામદારને માસિક ઘરભાડા ભથ્થા તરીકે તેના મૂળ પગાર અને મોંઘવારી ભથ્થાના ૭૫% લેખે દર માસે ચુકવી આપવા જોઇએ કે કેમ ?

માંગણી નં. ૪ :- કન્વેયન્સ એલાઉન્સ :- દરેક કામદારને તેના મુળ પગારના ૭૫% લેખે દર માસ કન્વેયન્સ એલાઉન્સ ચુકવી આપવું જોઇએ કે કેમ ?

માંગણી નં. ૫ :- લીવ ટ્રાવેલ એલાઉન્સ :- દરેક કામદારને વાર્ષિક એલ. ટી. એ. તરીકે તેના બે પગાર (મોંઘવારી ભથ્થા સહિત) જે રકમ થાય તે ચુકવી આપવી જોઇએ કે કેમ ?

માંગણી નં. ૬ :- હેઝાર્ડ એલાઉન્સ :- કામદારને માસિક રૂા. ૨૫૦/- હેઝાર્ડ એલાઉન્સ તરીકે ચુકવવા જોઇએ કે કેમ ?

માંગણી નં. ૭ :- મેડીકલ એલાઉન્સ :- કામદારને વાર્ષિક રૂા. ૨૫૦૦/- મેડીકલ એલાઉન્સ તરીકે ચુકવી આપવા જોઇએ કે કેમ ?

માંગણી નં. ૮ :- રજાઓ :- કામદારોને નીચે મુજબની રજાઓ આપવી જે પગાર સહિતની રજાઓ આપવી જોઇએ કે કેમ ?

(૧) હક્ક રજા :- ૩૫ દિવસ.

(૨) કેજ્યુઅલ રજા :- ૨૦ દિવસ.

(૩) સીક લીવ :- ૩૦ દિવસ.

(૪) તહેવારની રજા :- ૧૫ દિવસ.

INDEX

માંગણી નં. ૯ :- યુનિફોર્મ/શુઝ/રેઇનકોટ/જર્સી :- કંપનીમાં કામ કરતાં દરેક કામદારોને વર્ષે ત્રણ જોડી કોટન જીન્સના પેઇન્ટ-શર્ટ, એક જોડી બાટાના ઈન્ડસ્ટ્રીયલ શુઝ, દર બે વર્ષે એક રેઇનકોટ, એક છત્રી તથા વુલન જર્શી (રેમન્ડની) આપવી જોઇએ કે કેમ ?

માંગણી નં. ૧૦ :- કામદારોને કંપનીમાં જમવા તથા કપડા બદલવા તથા ફરજ ન હોય ત્યારે આરામ કરવા માટે હવા ઉજાસ અને જરૂરી પંખાઓ સહિતનો ૨૦ × ૩૦ નો હોલ ટોઇલેટની સગવડ સહિતનો પુરો પાડવો જોઇએ કે કેમ ?

માંગણી નં. ૧૧ :- કંપનીમાં અકસ્માત થાય તો તેનો ભોગ બનનાર કામદારને તેની ઇચ્છા પ્રમાણેનાં દવાખાનામાં, કંપનીના ખર્ચે સારવાર પુરી પાડવી જોઇએ કે કેમ ? શારિરીક અક્ષમતા કે ખોડ અથવા મૃત્યુના પ્રસંગે કાયદેસર મળવા પાત્ર વળતર ઉપરાંત કામદારની ૬૦ વર્ષની નોકરીનો પુરેપુરો પગાર તે કામદારને ઘેર બેઠા ચુકવવો અને તે હયાત ન હોય તો તે આશ્રિતો, પત્નિ, બાળકો, મા-બાપ વિગેરેને દર માસ નિયમિત ચુકવવો જોઇએ કે કેમ ?

માંગણી નં. ૧૨ :- શીફ્ટ એલાઉન્સ :- દરેક કામદારને નીચે મુજબ પાળી ભથ્થું ચુકવવું જોઇએ કે કેમ ?

પ્રથમ પાળી માટે દૈનિક રૂા. ૩-૦૦

બીજી પાળી માટે દૈનિક રૂા. ૫-૦૦

ત્રીજી પાળી માટે દૈનિક રૂા. ૭-૫૦

માંગણી નં. ૧૩ :- જનરલ :-

(૧) યુનિયન ઠરાવે તે પ્રતિનિધીઓને દર મહિને ૬૦ કલાક યુનિયનના કામ માટે પગાર સહ રજા આપવી જોઇએ કે કેમ ?

(૨) યુનિયનનું લવાજમ ઉઘરાવવા માટે યુનિયન જણાવે તે પ્રતિનિધિને પગાર કે ઇતર ચુકવણીના સ્થળે હાજર રહેવા રજા આપવી અને જરૂરી સગવડ પુરી પાડવી જોઇએ કે કેમ ?

(૩) આ માંગણી પત્રમાં કરેલ માંગણીઓનો અમલ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૫ થી કરવો જોઇએ કે કેમ ?

(૪) કંપનીમાં કોઇ પણ પ્રશ્ને યુનિયન પ્રતિનિધિઓની ફરીયાદ મળ્યેથી દિન-૩ (ત્રણ) માં ચર્ચા વિચારણા કરી તેનો નિકાલ લાવવા યુનીયનને પુરેપુરો સહકાર આપવો જોઇએ કે કેમ ?

INDEX

(૫) કામદારોના પ્રશ્નો, ઉત્પાદકતા, શિસ્ત, બઢતી વગેરે પ્રશ્નો અંગે દર બે માસમાં એક વાર યુનિયનના પ્રમુખ સાથે કંપનીના ચેરમેન કે મેનેજીંગ ડીરેકટરે મીટીંગ કરી પ્રશ્ન હલ કરવામાં સહયોગ આપવો જોઇએ કે કેમ ?

(૬) કામદારોની હાલની કામની જગ્યા ઉપરથી બીજે ક્યાય બદલી કરતા અગાઉ દિન-૬૦ની નોટીસ આપવી તથા બદલીમાં સૌથી જુનિયર કામદારની પ્રથમ બદલી કરવી તથા શહેર બહાર કોઇની બદલી કરવી જોઇએ કે કેમ ?

ભાગ-૨

માંગણી નં. ૧ :- કંપનીનીમા તમામ કામદારોને કેન્ટીનમાં જમણ, નાસ્તો, ચ્હા-કોફી પડતર કીંમતે ૮૦% સબસીડી મેનેજમેન્ટ ધ્વારા ચુકવાય તે રીતે પુરા પાડવા જોઇએ કે કેમ ?

માંગણી નં. ૨ :- કંપનીમાં કંપનીમાં કોઇ પણ કામદારને અકસ્માત થાય તો અકસ્માતનો પ્રકાર જોતાં યુનિયન જણાવે તે મુજબ રૂા. ૧૦,૦૦૦/- ઓછામાં ઓછા એડવાન્સ તરીકે ચુકવવા જોઇએ કે કેમ ? જે વર્કમેન કોમ્પેન્સેશનની ચુકવણીમાંથી મજરે ગણવા જોઇએ કે કેમ ?

માંગણી નં. ૩ :- તમામ કામદારોને ઘરેથી ફરજ પર આવવા જવાની સુવિધા બસ ફેસેલીટી પુરી પાડવી અથવા વિકલ્પે રૂા. ૧૫૦૦/- માસિક ટ્રાન્સપોર્ટેશન એલાઉન્સ ચુકવવું જોઇએ કે કેમ ?

માંગણી નં. ૪ :- પેઇડ હોલીડેના દિવસે જે કામદારની અઠવાડીક રજા આવતી હોય તેને તે દિવસની વધુ એક રજા આપવી જોઇએ કે કેમ ?

માંગણી નં. ૫ :- કામદારોને હક્ક રજા ૧૨૦ સુધી જમા રાખવાની સગવડ આપવી જોઇએ કે કેમ ?

માંગણી નં. ૬ :- તમામ કામદારોની મેડીકલેમ પોલીસી કંપનીના ખર્ચે લેવી તેનું પ્રીમીયમ કંપનીએ ભરપાઇ કરવું જોઇએ કે કેમ ?

માંગણી નં. ૭ :- કામદારોને ફરજ દરમ્યાન તેમની નિયત ફરજો સિવાયના કામને જેવા કે ક્વોલીટી સર્કલ/કોમ્યુનીકેશન વિગેરે માટે દૈનિક રૂા. ૨૫/- નું ખાસ એકટીવીટી ભથ્થું આપવું જોઇએ કે કેમ ? ફરજના કલાકો ઉપરાંત આવી પ્રવૃત્તિ માટે રોકવાનું થાય તો તેનો ઓવર ટાઇમ લેખે પગાર ચુકવવો જોઇએ કે કેમ ?

INDEX

માંગણી નં. ૮ :- પેઇડ હોલીડેના દિવસે કામ પર બોલાવાય તે કામદારોને તે દિવસનો ત્રણ ગણો પગાર તથા એક વધારાની રજા આપવી જોઇએ કે કેમ ?

માંગણી નં. ૯ :- યુનિયનની કામગીરી માટે ફર્નીચર અને ફ્રીજ સહિતની ઓફીસ માટે જગ્યા આપવી જોઇએ કે કેમ ?

માંગણી નં. ૧૦ :- દરેક કામદારને હાલમાં અપાતી રૂા. ૩૦૦૦ ની લોનમાં વધારો કરી વ્યાજ રહિત રૂા. ૧૫,૦૦૦/- ની લોન જે ૩૬ સરખા હપ્તે પરત વસુલ લેવી જોઇએ કે કેમ ?

માંગણી નં. ૧૧ :- જરુરીયાત પ્રમાણે કામદાર માંગણી કરે તો તેને શિફ્ટ ચેઇન્જ, વીકલી ઓફ ચેન્જ કરી આપવો જોઇએ કે કેમ ?

માંગણી નં. ૧૨ :- કામદારના આકસ્મિત મૃત્યુના કિસ્સામાં રૂા. ૫૦,૦૦૦/- ની મદદ કંપનીએ કરવી જોઇએ કે કેમ ?

માંગણી નં. ૧૩ :- કોઇ પણ કામદારની વર્તમાન પગાર ગ્રેડ પુરી થઇ જતાં તે ઉપલી કક્ષામાં મુકાય નહીં ત્યા સુધી છેલ્લા વાર્ષિક ઇજાફો બમણા ધોરણે ચુકવવાનું ચાલુ રાખવું જોઇએ કે કેમ ?

માંગણી નં. ૧૪ :- માંદગીની રજા માટે ત્રણ દિવસની મુદ્દત પુરતા કોઇ વૈદકીય પ્રમાણપત્ર માંગવું જોઇએ કે કેમ ?

માંગણી નં. ૧૫ :- કંપનીમાં ૨૪ કલાક દરમ્યાન સતત એક મેલ નર્સની હાજરી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવી જોઇએ કે કેમ ?

અમદાવાદ, ૨૯મી ઓકટોબર, ૨૦૦૫.

સુનયના તોમર,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૮૪૭૮/૫.૨/આઇડીઆર/એજે/૭૫/૦૫.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર જી.એસ.એફ.સી. લી. પોલીમર્સ યુનિટ, પો. પેટ્રોકેમીકલ્સ, જિ. વડોદરા અને તેના શ્રમયોગી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧-૧૭૩-આઇડીએ-૧૦૨૦૦૧-૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર વડોદરાને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

''પ્રોડકટીવીટી લીંક બોનસ કોમ્યુલા વર્ષ એપ્રિલ, ૨૦૦૧ થી માર્ચ, ૨૦૦૫ નું આપવું જોઇએ કે કેમ ?

અમદાવાદ, ૨૯મી ઓકટોબર, ૨૦૦૫.

સુનયના તોમર,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૮૪૭૫/૫.૨/આઇડીઆર/એજે/૯૨/૦૫.--નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) હિન્દુસ્તાન સોલ્ટસ લી. મુ. ખારાઘોડા (૨) ધી ખારાઘોડા અગરીયા વિવિધ કાર્યકારી સ. મં. લી. ખારાઘોડા અને તેના શ્રમયોગી વચ્ચેની છે.

ક્રમાંક ખ-શમક-૩૮૪૮૩/આર.યુ.-સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું, ગાંધીધામ સ્પીનીંગ એન્ડ મેન્યુફેકચરીંગ કું. લી., આદિપુર (કચ્છ) અને નુરમામદ યુસુફ રાઈમા, ગાંધીધામ સ્પીનીંગ મીલ કામદાર યુનિયન (આઈટુક), ગાંધીધામ, વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૫ના નવેમ્બર માસના ૨૫માં દિને આથી નોંધ કરૂ છું.

INDEX

આંક-૮૨

શ્રી એન. કે. જિયાણી, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત નં. ૧, રાજકોટ સમક્ષ
અપીલ (આઈ. સી.) નં. ૩/૨૦૦૩.

(૧) પ્રકાશરાવ ટી. તથા અન્ય ૨૯ શ્રમયોગીઓ, **અરજદાર;**
C/o. બાબુલાલ એમ. માવાણી, એડવોકેટ,
રાજકોટ.

૧. પુંજાભાઈ મૂળજીભાઈ
૨. પંચાણભાઈ ખેતાભાઈ
૩. પંચાણભાઈ મુળજીભાઈ
૪. લક્ષ્મણભાઈ ગોવિંદભાઈ
૫. માયા બચુભાઈ
૬. નરોત્તમભાઈ મીઠુભાઈ
૭. જીવાભાઈ લાખાભાઈ
૮. હોરજીભાઈ મુળજીભાઈ
૯. શામજીભાઈ મનજીભાઈ
૧૦. દામજીભાઈ મીઠુભાઈ
૧૧. ઝવેરીલાલ શીવજી
૧૨. કાના ચના
૧૩. ગુજ. મેઘજીનાં વારસ-મેઘા તેજા
૧૪. મોહનભાઈ હાજીભાઈ પરમાર
૧૫. જુમાભાઈ કાળાભાઈ ગુજ: નાં વારસદાર ભાણાભાઈ જુમાભાઈ
૧૬. દશરથ પ્રસાદ વી.
૧૭. રામનાથ પીલાજી
૧૮. પ્રકાશરાવ ટી.
૧૯. દેવશી ખેરાજ મહેશ્વરી
૨૦. દિલીપ વલ્લભજી
૨૧. મહેન્દ્ર કરશનભાઈ
૨૨. ચંદ્રકાંત વી. પંચાલ
૨૩. રવિન્દ્ર લક્ષ્મણ

INDEX

૨૪. કાનજીભાઈ ખેરાજભાઈ
૨૫. વાઘજીભાઈ ડાયાભાઈ
૨૬. લક્ષ્મીબેન રણછોડ પરમાર
૨૭. અરજણભાઈ ખાતુભાઈ
૨૮. શ્રી રામ નારણભાઈ
૨૯. લીલાધર હરીલાલ
૩૦. કેસરબેન વાઘજીભાઈ ડુંગરીયા, તે સ્વ. વાઘજીભાઈનાં પત્ની આંક-૪૫ના હુકમ અન્વયે.

(૨) નુરમામદ યુસુફ રાઈમા,
જનરલ સેક્રેટરી,
ગાંધીધામ સ્પીનીંગ મીલ કામદાર યુનિયન (આઈટુક)

વિરૂદ્ધ

(૧) ગાધીધામ સ્પીનીંગ એન્ડ મેન્યુફેકચરીંગ કું. લિ., આદિપુર (કચ્છ) સામાવાળા.
(૨) ધી સિંધુ રીસેટલમેન્ટ કોર્પોરેશન લિ., આદિપુર (કચ્છ)

અરજદાર નં. ૧ તરફે વકીલ શ્રી બી. એમ. માવાણી

અરજદાર નં. ૨ તરફે વકીલ શ્રી જી. આર. ઠાકર

સામાવાળા નં. ૧ અને ૨ તરફે વકીલ શ્રી જી. કે . ભટ્ટ તથા શ્રી શૈલેષભાઈ વ્યાસ.

ચુકાદો

૧. આ અપીલ અરજદારો પ્રકાશરાવ ટી. તથા અન્ય ૨૯ શ્રમયોગીઓ, રહે. તમામ અંજાર, કચ્છ તથા આદિપુર અને ગાંધીધામનાઓએ સામાવાળા (૧) ગાંધીધામ સ્પીનીંગ એન્ડ મેન્યુફેકચરીંગ કું. લિ., આદિપુર (કચ્છ) અને (૨) ધી સિંધુ રીસેટલમેન્ટ કોર્પોરેશન લિ., આદિપુર (કચ્છ) સામે બી. આઈ. આર. અધિનિયમ-૧૯૪૬ની કલમ-૮૪ હેઠળ આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

૨. આ અપીલની ટૂંકમાં વિગતો એવી છે કે, ગાંધીધામ ખાતેની નીચલી મજૂર અદાલત દ્વારા બી. આઈ. આર. અરજી નં. ૧/૦૨ અને ૫/૯૬ અને ૧૭/૮૭માં ચુકાદો આપેલ છે. અને તેમાં હાલના સામાવાળા ગાંધીધામ સ્પીનીંગ એન્ડ મેન્યુ. કું. લિ., આદિપુરને

INDEX

તા. ૨૫-૭-૮૬ના રોજ વીજ પુરવઠો બંધ થઈ જવાના કારણે મીલ કંપની બંધ થઈ જવાના કારણે તેને ''બોનાફાઈડ કલોઝર'' જાહેર કરેલ હતો અને સંબંધિત શ્રમયોગીઓને નોકરીમાં પુનઃ સ્થાપનનો હુકમ કરવાના બદલે સામાવાળા મીલ કંપનીએ કલોઝર કોમ્પેન્સેશન, ગ્રેચ્યુઈટી, લે-ઓફ, નોટીસ પગારની રકમ શ્રમયોગીઓના નામ સામે દર્શાવેલ રકમ હુકમ કર્યાની તારીખથી ૩૦ દિવસમાં તમામ શ્રમયોગીઓને ચૂકવી આપવાનો હુકમ કરેલ, તે હુકમથી નારાજ થઈ આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે. મૂળ બી. આઈ. આર. અરજી નં. ૧/૦૨, ૫/૯૬ અને ૧૭/૮૭નો ચુકાદો તા. ૧૧-૨-૦૩ના રોજ આપવામાં આવેલ અને તે ચુકાદો હાલના એપેલન્ટને તા. ૨૦-૨-૦૩ના રોજ મળેલ. તેથી આ અપીલ મુદતની અંદર છે. અપીલના કારણોમાં એપેલન્ટ જણાવે છે કે, મજૂર અદાલત, ગાંધીધામના ન્યાયાધીશે જે અનુમાનો દોરેલ છે તે અનુમાનો તેમણે દોરવા ન જોઈએ અને ચુકાદો ભૂલ ભરેલ તેમજ ગેરકાયદેસરનો હોવાથી તે રદ્દ થવાને પાત્ર છે. મૂળ કેસમાં પડેલા મૌખિક તેમજ લેખિત પુરાવાઓ અને તેનાં સમર્થનમાં મૂળ કાયદાઓની મેન્ડેટરી જોગવાઈઓ અને ના. સર્વોચ્ચ અદાલતનાં ચુકાદાઓ અને અન્ય રાજયોના વડી અદાલતોના ચુકાદાઓ અને તેમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતોને આધારિત અને ધ્યાનમાં લઈ ગાંધીધામ-કચ્છ અદાલતે જે તારણ આપવું જોઈએ અને અનુમાનો દોરવા જોઈએ તે તારણ પર ન આવી કે અનુમાનો ન દોરીને કાયદાની તેમજ હકીકતોની ભૂલો કરેલ છે. અદાલતે એપેલન્ટ તરફથી જે જે ચુકાદાઓ રજૂ કરેલ હતા તે ચુકાદાઓ બરાબર રીતે ન જોઈને કાયદાની તથા હકીકતોની ગંભીર ભૂલ કરેલ છે. મૂળભૂત રીતે અરજદારો સહિતના આશરે ૭૦૦ જેટલાં શ્રમયોગીઓ સામાવાળાને ત્યાં કામ કરતા હતા. રીસ્પોન્ડન્ટને ફેકટરી એકટ અને બી. આઈ. આર. એકટની તેમજ ઔદ્યોગિક વિવાદ ધારાની સ્પષ્ટ અને મેન્ડેટરી જોગવાઈઓ લાગુ પડતી નથી. એપેલન્ટ તરફથી ઈરાદાપૂર્વક અને જાણી જોઈને વીજળીનું બીલ ન ભરીને વીજળી પુરવઠો કપાત કરવાના બહાના તળે ઉત્પાદન પ્રક્રિયા બંધ કરાવીને સંસ્થા ગેરકાયદેસર રીતે બંધ કરાવેલ હતી અને તા. ૨૫-૭-૮૬થી એપેલન્ટ સહિતના તમામ શ્રમયોગીઓને લે-ઓફ ઉપર ઉતારવામાં આવેલ હતા. આ રીતે લે-ઓફ આપતાં પહેલાં કાયદાની જોગવાઈઓનું તેઓએ પાલન કરવું જોઈએ તે કરેલ ન હતું. રીસ્પોન્ડન્ટ શ્રમ આયુકત સમક્ષ સંસ્થા બંધ કરવાની પરવાનગી માગેલ પરંતુ સદરહુ પરવાનગી આપવામાં આવેલ ન હતી છતાં તે અદાલતે ધ્યાનમાં લીધેલ નથી. વળી, ઉલટાની એવી રજૂઆત કરેલ હતી કે શ્રમયોગીઓ જાતે આવતા બંધ થઈ ગયેલ હતા. પરંતુ તે અંગેના કોઈ જ પુરાવાઓ રજૂ કરેલ ન હતા. શ્રમયોગીઓને કામે આવી જવાની જાણ કરતાં કોઈ લેખિત આધારો રીસ્પોન્ડન્ટ નીચેની મજૂર અદાલત સમક્ષ કરેલ ન હતા. મજૂર અદાલતે પણ શ્રમ આયુકતે સંસ્થા બંધ કરવાની પરવાનગી આપેલ નથી તેવું કબૂલ કરેલ છે જેથી ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ (ઓ) નો પણ સ્પષ્ટપણે ભંગ થાય છે. આમ આ રીતે બોનાફાઈડ કલોઝર જે ગણેલ છે તે કાયદાની વિરૂદ્ધનું અને ગંભીર ભૂલ કરેલ હોવાનું જણાવેલ છે. એપેલન્ટે આંક-૭૬ની

INDEX

જુબાની લક્ષ્મણ ગોવિંદે તેમની સરતપાસમાં સ્પષ્ટપણે કબૂલ કરેલ હતું કે, મીલ બંધ થયા બાદ કામ પર ગયેલ પરંતુ કામ આપેલ નથી. મીલ ચાલુ કરવા સરકારશ્રીએ રીસ્પોન્ડન્ટે લોન આપેલ પરંતુ લોન મળવા છતાં મીલ ચાલુ કરવા કોઈ પ્રયત્ન કરેલ નથી. તેમ રીસ્પોન્ડન્ટ તરફથી કોઈ હક્ક હિસ્સા ચૂકવવામાં પણ આવેલ નથી. જે હકીકતોને પણ મજૂર અદાલત, ગાંધીધામે ધ્યાનમાં લીધેલ નથી. બી.આઈ. આર. એકટની કલમ-૯૮-એ ગેરકાયદેસર તાળાબંધીની જોગવાઈ કરતી છે તેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરેલ છે કે, કલમ-૪૨ની જોગવાઈ અનુસાર નોટીસ આપ્યા સિવાય કરવામાં આવેલ તાળાબંધી ગેરકાયદેસર છે. રીસ્પોન્ડન્ટ તરફથી તાળાબંધી કરતાં પહેલાં કલમ-૪૨ હેઠળ કોઈ નોટીસ આપેલ હોવાનું રેકર્ડ ઉપરથી ફલિત થતું ન હોવા છતાં મજૂર અદાલતે તાળાબંધીને બોનાફાઈડ કલોઝર તરીકે જાહેર કરેલ છે, જે ભૂલ ભરેલ છે. સરકારશ્રી તરફથી ભૂકંપગ્રસ્ત ઔદ્યોગિક એકમોને પુનઃ ચાલુ કરવા તથા યોગ્ય સબસીડી તથા વેરાઓમાંથી માફી આપવાની સરકારશ્રી દ્વારા જાહેરાત કરવામાં આવેલ છે, પરંતુ રીસ્પોન્ડન્ટ તરફથી આ મીલ ચાલુ કરવા કોઈ પ્રયત્ન કરવામાં આવેલ છે કે કેમ? તેવા કોઈ દસ્તાવેજો આ કામમાં રજૂ થયેલ ન હોવા છતાં સંસ્થા ચાલી શકે નહીં તેવું અદાલતનું તારણ હકીકતોથી ભૂલ ભરેલ છે.

૩. વધુમાં અપીલ મેમોમાં જણાવેલ કે, કાયદાની કોઈપણ વિધિ અનુસર્યા વિના જો સંસ્થા બંધ કરવામાં આવે તો તે ગેરકાયદેસર તાળાબંધી કહેવાય. જે હકીકતને મજૂર અદાલતે ધ્યાનમાં લીધેલ નથી. જે કાયદા અને હકીકતોની ગંભીર ભૂલ છે. શ્રમયોગીઓના ૧૯૮૬ થી આજદિન સુધીનાં સમયનાં પગારની વિગતોને લાગેવળગે છે ત્યાં સુધી આ કામમાં આંક-૧૬૩/૧ થી તેઓએ પગારની વિગતો રજૂ કરતું પરિશિષ્ટ રજૂ કરેલ હતું અને તેને રીસ્પોન્ડન્ટ તરફથી કયાંય પડકારવામાં આવેલ નથી. તેમ અદાલતે પણ માર્ક-૧૩૬/૧ થી રજૂ કરેલ શ્રમયોગીનું પગારપત્રક વધુ વાજબી અને ન્યાયોચિત જણાતું હોઈ તેની હકીકત નહિ માનવા તેઓને કોઈ વજુદવાળુ કારણ જણાતુ નથી. તેવું સ્પષ્ટપણે માનેલ છે અને ત્યાર બાદ અદાલતે ઠરાવેલ છે કે તેવા સંજોગોમાં તમામ શ્રમયોગીઓની આંક-૧૪૭ના પત્રકમાં જણાવેલ દાખલ તારીખ અને માર્ક-૧૬૩/૧ ના પત્રકમાં જણાવેલ પગારની રકમ લક્ષમાં લઈ દરેક શ્રમયોગીની દાખલ તારીખથી તા. ૧-૧-૦૨ સુધીની રકમ એટલે કે, ગ્રેજયુઈટી, કલોઝર, લે-ઓફ વળતર, નોટીસ પગાર વગેરે મળી શ્રમયોગીઓનાં નામ સામે દર્શાવેલ રકમ મેળવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં આવેલ છે અને તેમ ઠરાવી તમામ શ્રમયોગીઓની મળવાપાત્ર વળતરની રકમની ગણતરી કરી તે મુજબની વિગતની રકમ મેળવવા શ્રમયોગીઓ હક્કદાર હોવાનું ઠરાવી આપતો હુકમ કરેલ હતો પરંતુ અદાલત તરફથી મથાળે દર્શાવેલ તારણ બાદ જે વળતરની રકમની ગણતરી કરેલ છે. તે કયાં છેલ્લા પગાર દરના આધારે કરેલ છે તેમ તે અંગેની અન્ય કોઈ ગણતરી દર્શાવેલ નથી. તેથી કોઈ સ્પષ્ટ હકીકતો અદાલત તરફથી તેમનાં તારણ આધારિત ગણતરી પત્રકમાં ફલિત થતી નથી. એપેલન્ટે તેમની દલીલના સમર્થનમાં જે ચુકાદાઓ રજૂ રાખેલ હતા તે મજૂર અદાલતના ન્યાયાધીશશ્રીએ

INDEX

ધ્યાનમાં લીધેલ નથી અને તે જોયેલ નથી અને તે ચુકાદાઓનું અર્થઘટન બરાબર રીતે કરેલ નથી. તેથી પણ હાલનો ચુકાદો ભૂલ ભરેલો અને ગેરકાયદેસરનો છે અને ગેરવાજબી છે, જેથી તે રદ થવાને પાત્ર છે. આમ એપેલન્ટની આ અરજી મંજૂર કરવા તેમજ બી. આઈ. આર. અરજી નં. ૧/૦૨, ૫/૯૬ તથા ૧૭/૮૭ના કામમાં ગાંધીધામ-કચ્છની મજૂર અદાલતના ન્યાયાધીશશ્રીએ તા. ૧૧-૨-૦૩ના રોજ જે ચુકાદો આપેલ છે તે હુકમ રદ કરવા વિનંતી છે. આ અપીલની સાથે હાલના એપેલન્ટે મજૂર અદાલત, ગાંધીધામે ઉપરોકત જણાવેલ અરજીમાં આપેલ ચુકાદાની ખરી નકલ સામેલ રાખેલ છે.

૪. અરજદાર નં. ૨ તરફે આંક-૬૯ થી તેઓની માંગણીનું નિવેદન રજૂ કરવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, તેઓનાં યુનિયનના સભ્યની સંખ્યા ૧૯૦ જેટલી છે. તેઓ વધુમાં જણાવે છે કે, સામાવાળી સંસ્થા જુલાઈ-૮૬ થી બંધ થયેલ છે પરંતુ મીલ તરફથી ઈરાદાપૂર્વક અને જાણી બુઝીને વીજળીનું બીલ ન ભરી તે વીજળી પુરવઠો કપાત કરાવીને સંસ્થા ગેરકાયદેસર રીતે બંધ કરેલ છે. અને તા. ૨૫-૭-૮૬થી મીલના તમામ શ્રમયોગીઓને લે-ઓફ ઉપર ઉતારવામાં આવેલ હતાં. તેમજ જુલાઈ-૮૬ થી ઓગષ્ટ ઓગષ્ટ-૮૬ સુધીના લે-ઓફ અંગેનો પૈસો મીલ કંપનીએ ચૂકવેલ છે. પરંતુ આ રીતે મીલ તરફથી લે-ઓફ આપતાં પહેલાં લે-ઓફ વળતર અને કાયદાની જોગવાઈઓ મુજબ આપવી પડતી જોગવાઈઓનો અમલ કરેલ નહી. આવા જ એક કેસમાં કોન્ટીનેન્ટલ મિલ વિ. તેનાં શ્રમયોગીઓના કેસમાં ના. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ હતું કે જો મીલ કંપનીએ લે-ઓફની પરવાનગી માગેલ ન હોય તો શ્રમયોગીઓને ૧૦૦ ટકા પગાર મળવો જોઈએ અને તે મુજબ ના. હાઈકોર્ટે ૧૦૦ ટકા પગાર ચૂકવવાનો હુકમ પણ કરેલ છે જેથી તેઓના મંડળના સભ્યો પણ તે મુજબનો ૧૦૦ ટકા પગાર મેળવવા હક્કદાર છે જે આજદિન સુધી ચૂકવેલ નથી. વધુમાં જણાવે છે કે, મીલનું કાયદેસરનું અસ્તિત્વ આજદિન સુધી ચાલુ છે. કારણ કે હાલની સંસ્થાને કયારેય કલોઝર અંગેની કોઈ પરવાનગી મળેલ નથી અને તેવી જ રીતે સંસ્થા તરફથી લેબર કમિશનર સમક્ષ સંસ્થા બંધ કરવાની માંગવામાં આવેલ, જે આપવામાં આવી ન હતી. જે તે સમયે મીલ કંપની બી. આઈ.એફ.આર.માં ગયેલ. બી. આઈ.એફ.આર. સમક્ષ સામાવાળી સંસ્થાને રીહેબીલીટેશન સ્કીમ પણ મંજૂર કરવામાં આવેલ જે સ્કીમ આ કામમાં એનેક્ષર-એ થી રજૂ કરે છે. જે સ્કીમ મુજબ સંસ્થાને આઈ.ડી.બી.આઈ. તરફથી તથા ભારત સરકાર અને ગુજરાત તરફથી રૂા. ૧,૪૨,૦૦,૦૦૦/- (એક કરોડ અને બેંતાલીસ લાખ) ની સહાય અને મદદ સંસ્થા ચાલુ કરવા અંગે લોન પણ આપવામાં આવેલ તેમ છતાં સામાવાળાએ મીલ ચાલુ કરવામાં કોઈ રસ લીધેલ નહીં. આમ સામાવાળી સંસ્થાએ કલોઝર અંગેની કોઈ પરવાનગી મેળવેલ નથી. જેથી આ કામમાં આઈ. ડી. એકટની કલમ-૨૫ (ઓ) નો સ્પષ્ટપણે ભંગ થાય છે. મીલ કંપનીએ તા. ૧-૧-૮૭થી લોકઆઉટ જાહેર કરી શ્રમયોગીઓ ફરજ ઉપર હાજર થવા છતાં તેમને કામે રાખેલ નહીં. તેમજ કામ પણ આપેલ નહીં. તેમને પગાર પણ ચૂકવેલ નથી અને તેમ કરીને મીલ કંપની ગેરકાયદેસર કલોઝર કરેલ

INDEX

છે. જે ન્યાયની વિરૂધ્ધ છે. તેઓને જાણવા મળેલ છે કે, મજૂર અદાલત, ગાંધીધામે ૩૭ શ્રમયોગીઓના કેસમાં મીલનું ઉત્પાદન બંધ થયા તારીખથી ૨૦૦૨ના સમય સુધી સળંગ નોકરી ગણી ૨૦૦૨ના સમય સુધીના કાયદેસરના હક્ક હિસ્સાઓ જેવા કે, ગ્રેજયુઈટી, કલોઝર, વળતર, લે-ઓફ, નોટીસ પગાર વગેરે લાભો ચૂકવી આપવાનો હુકમ કરેલ છે જે હુકમ કંપનીએ લાભો નહિ ચૂકવતા શ્રમયોગીઓએ આ અદાલત સમક્ષ અપીલ દાખલ કરેલ છે જેમાં અદાલતના હસ્તક્ષેપથી મીલ કંપનીએ સ્વેચ્છાએ મજૂર અદાલતના હુકમનું પાલન કરી શ્રમયોગીઓને પૈસા ચૂકવી આપેલ છે. જેની જાણ થતાં તેઓએ પણ કંપની પાસે ઉપરોકત હુકમ મુજબ મળવાપાત્ર તફાવતની રકમની માંગણી કરતાં તેઓની માંગણી મીલે સ્વીકારેલ નથી. તેથી તેઓએ પક્ષકાર તરીકે જોડવાની અરજી કરતાં તે મંજૂર રાખવામાં આવેલ છે અને તેઓને પક્ષકાર તરીકે જોડીને સાંભળવામાં આવેલ છે અને તેઓની આ રજૂઆત છે. આમ સામાવાળા મંડળના સભ્ય શ્રમયોગીઓને તા. ૧-૧-૮૭થી એટલે કે માલિકે ગેરકાયદેસર રીતે છૂટા કર્યા તારીખથી આ અદાલતનો હુકમ થાય ત્યાં સુધીના સમયના પડેલા રોજના પૂરા પગાર સાથે સળંગ નોકરીમાં તેમની મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરે તેવો હુકમ કરવા તેમજ અપીલના શ્રમયોગીઓને મજૂર મદાલત, ગાંધીધામના ચુકાદાના આધારે જે પૈસા મીલ કંપનીએ શ્રમયોગીઓને ચૂકવેલ છે અને હવે અદાલતના હુકમ મુજબ જે રકમ અપીલના શ્રમયોગીઓને ચૂકવવામાં આવે તે મુજબની રકમ તેઓ બાકીના શ્રમયોગીઓને પણ મીલ કંપની ચૂકવી આપે તે મુજબ હુકમ કરવા દાદ માગેલ છે.

૫. આ અપીલ હાલનાં રીસ્પોન્ડન્ટે આંક-૧૪ અને આંક-૪૧થી પોતાનો જવાબ રજૂ કરેલ છે જેની ટૂંકમાં હકીકતો એવી છે કે, અપીલ મેમોમાં જે કારણો દર્શાવેલ છે તે કારણો જોઈએ તો કોઈ કાનૂની મુદ્દાઓનો સમાવેશ થતો નથી પરંતુ નીચેની અદાલત દ્વારા લેવામાં આવેલ પુરાવાઓને પુનઃ રજૂ કરેલ છે જેથી કાયદાની જોગવાઈ મુજબ એપેલન્ટ અદાલત દ્વારા નીચેની કોર્ટમાં લેવામાં આવેલ પુરાવાઓનું પુનઃ મૂલ્યાંકન થઈ શકે નહીં કે તે એપેલેન્ટ અદાલત દ્વારા તે અંગે હસ્તક્ષેપ થઈ શકે નહીં. આ એક જ કારણસર એપેલન્ટની આ અપીલ રદ થવાને પાત્ર છે. રીસ્પોન્ડન્ટે અપીલનાં તમામ પારાઓમાંની હકીકતો ઈન્કાર કરેલ છે. જવાબમાં વધુમાં જણાવે છે કે, હાલની અપીલ માટે જે બી.આઈ.આર. નીચે અરજી કરેલ હતી તે એપ્રોચ લેટર આપ્યા વગર કરેલ હતી. કલમ-૪૨(૪) નીચે એપ્રોચ લેટર આપવો જરૂરી છે જેથી તે વગર બી.આઈ.આર. અરજી નં. ૧/૨૦૦૦ તે કારણે ચાલી શકતી નથી અને અદાલતે પણ તે કારણે હાલની અપીલ ચલાવી શકાય નહીં તેથી તે કારણે આ અપીલ રદ કરવાને પાત્ર છે. વધુમાં જણાવે છે કે, મીલમાં આશરે ૭૦૦ જેટલાં શ્રમયોગીઓ કામ કરતાં હતાં તે બધાં સમાધાન કરી પોતાનાં હક્ક-હિસ્સા લઈ ગયેલ છે જેથી આ ૩૦ શ્રમયોગીઓ હવે કોઈ અરજી કે દાવો તેઓની સામે કરી શકતાં નથી. મૂળ કેસમાં મૌખિક તેમજ લેખિત પુરાવા અદાલતે જોયેલ છે એટલું જ નહિ જે કાયદાની જોગવાઈઓ કે નામદાર સર્વોચ્ચ અદાલતનાં ચુકાદાઓ કે જુદા જુદા હાઈકોર્ટનાં ચુકાદાઓ

INDEX

કે સિદ્ધાંતોને આધારે અને તેને ધ્યાનમાં લઈ અદાલત જે તારણો ઉપર આવવી જોઈએ તેનાં પર આવેલ છે. ઈરાદાપૂર્વક, જાણી બુઝીને વીજળીનું બીલ ભરેલ નહીં કે, વીજળી પુરવઠો કપાત કરવાનાં બહાના તળે કે ઉત્પાદન પ્રક્રિયા બંધ કરાવી કે સંસ્થા ગેરકાયદેસર રીતે બંધ કરાવેલ હતી તે વિધાનો ખરા નથી અને ગેરકાયદેસર હોઈ તે અપ્રસ્તુત છે. સંસ્થા બંધ કરવા માટે લેબર કમિશનરશ્રીએ પરવાનગી આપેલ નથી કે, કલમ-૨૫(ઓ) ની સ્પષ્ટપણે મેન્ડેટરી જોગવાઈઓનો ભંગ કરેલ છે કે કલમ-૨૫(ઓ) ની પેટા-કલમ-૬ પેટા-કલમ-૧ હેઠળ જ્યારે અન્ડરટેઈકીંગ બંધ કરવાની પરવાનગી ન મળી હોય ત્યારે જો અન્ડરટેઈકીંગ બંધ કરવામાં આવેલ હોય તો સદર કાયદા હેઠળ તમામ લાભો મેળવવા હક્કદાર છે તે હકીકત ખરી નથી. મજૂર અદાલતે વાજબી અને ન્યાયી રીતે જ બોનાફાઈડ ક્લોઝર ગણેલ છે. વધુમાં જણાવે છે કે, લક્ષ્મણ ગોવિંદ મીલ બંધ થયા બાદ કામ પર ગયેલ હતાં કે મીલ ચાલુ કરવા સરકારશ્રીએ મીલને લોન આપેલ કે મીલ ચાલુ કરવાનાં કોઈ પ્રયત્ન કરેલ નથી તે હકીકતો ખરી નથી. કારણ કે મીલે સંસ્થા ચાલુ કરવા આઈ.ડી.બી.આઈ. પાસેથી સને ૧૯૯૦માં લોન મેળવવા માગણી કરેલ જે લોન સને ૧૯૯૪માં મળેલ. લોન મંજૂર થયા બાદ મશીનરીનાં ભાવો વધી જતાં મીલ ચાલુ થઈ શકેલ નહીં અને તેઓએ વ્યાજ સહિત લોન ૧૯૯૬માં પરત કરેલ. સંસ્થા ડીસેમ્બર-૮૬માં શ્રમયોગીઓને તેમનાં હક હિસ્સા અને અન્ય લાભો આપવા તૈયાર હતી. તે સમયે તે તેઓએ સ્વીકારેલ નહીં. ભૂકંપનાં કારણે મીલની છત અને દિવાલો તેમજ મશીનરીને ઘણું ગંભીર નુકસાન થયેલ અને ખર્ચ આશરે ૫૦,૦૦,૦૦૦/- નો રીપેરીંગનો થાય તેમ છે જેથી અરજદારનું કથન લોન મળેલ છતાં મીલ ચાલુ કરેલ નથી કે પ્રયત્ન કરેલ નથી તે વિધાનો અને આક્ષેપો ખરા નથી અને ગેરમાર્ગે દોરનારાં છે. તેઓએ કોઈ કામબંધી કરેલ નથી. સંબંધિત શ્રમયોગીઓ ૧૯૮૬માં તેઓનાં હક્ક હિસ્સા લઈને રાજીખુશીથી છૂટા થઈ ગયેલ છે. તેથી મજૂર અદાલતે ૧૯૮૬નાં હક્ક હિસ્સાનાં બદલે ૨૦૦૨ સુધી હક્ક હિસ્સા અપાવેલ છે તે કાયદાની વિરૂદ્ધ અને અપ્રસ્તુત છે. તેઓ આર્થિક કટોકટીનાં કારણે વીજળીનું બીલ ભરી શકેલ નહીં. તે કારણે પાવર કટનાં કારણે સપ્ટેમ્બર-૮૬માં મીલનું ઉત્પાદન બંધ કરેલ હતું. તે દરમિયાન શ્રમયોગીઓએ રાજીનામું આપવા માંડેલા. આ સંજોગોમાં હાલની આ અપીલ ખર્ચ સહિત રદ કરવા વિનંતી કરે છે. નીચેની મજૂર અદાલત ગાંધીધામે બી.આઈ.આર. અરજીનાં ચુકાદામાં આપવામાં આવેલ હુકમોને ધ્યાનમાં લીધેલ છે જેથી કાયદાની કોઈ ભૂલ કરેલ નથી જે તે કારણે ચુકાદો રદ બાતલ થવો જોઈએ તેવા વિધાનો અપ્રસ્તુત તેમજ ગેરરસ્તે દોરનાર હોવાથી તે તમામનો ઈન્કાર કરવામાં આવે છે. મજૂર અદાલતે કેસની બહાર જઈને કોઈ તારણો આપેલ નથી. એપેલન્ટ દ્વારા જે ચુકાદાઓ લખેલ છે તે ચુકાદાઓને મજૂર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ ધ્યાનમાં લઈને જ ચુકાદો આપેલ તેટલું જ નહિ પરંતુ રીસ્પોન્ડન્ટ દ્વારા જે કાયદાની જોગવાઈઓની સાથે ચુકાદા રજૂ કરેલ છે તે મુજબ એપેલન્ટની ફરજ બનતી હતી છતાં અદાલતને ગેરમાર્ગે દોરવા આવી ચુકાદાની વિરૂદ્ધની બાબત જણાવેલ છે. આ કામનાં

INDEX

એપેલન્ટ દ્વારા મજૂર અદાલત, ગાંધીધામનો હુકમ યોગ્ય, વાજબી અને ન્યાયી હોવા છતાં રીસ્પોન્ડન્ટને મળેલ ન્યાયમાં વિલંબ કરવા તથા અદાલતની પ્રોસેસનો દુરૂપયોગ કરવાનાં એક માત્ર બદઈરાદાથી આ અપીલ દાખલ કરેલ છે જેથી એપેલન્ટની આ અપીલ ખર્ચ સહિત રદ કરી મજૂર અદાલત, ગાંધીધામ તરફથી જે હાલનાં એપેલન્ટની અરજી રદ કરવાનો હુકમ કરેલ છે તેમાં કોઈ પણ જાતનો ફેરફાર કર્યા વિનાં જ આ અપીલ રદ કરવા વિનંતી કરે છે.

૬. આ કામમાં આ અપીલ દાખલ થયા પછી હાલનાં એપેલન્ટે આંક-૮ની એક અરજી કરી વચગાળાનો મનાઈ હુકમ માગતાં આ કામમાં તા. ૨૭-૮-૦૩ના રોજ આંક-૯થી એક હુકમ કરી વચગાળાનો મનાઈ હુકમ તા. ૮-૯-૦૩ સુધી આપેલ હતો જે વખતોવખત લંબાવવામાં આવેલ હતો.

૭. ત્યાર બાદ આંક-૩૩ની અરજી નીચે આ અદાલતે તા. ૧૭-૧૧-૦૩ના રોજ આંક-૪૦થી હુકમ હતો જેમાં આંક-૮ નીચે તા. ૨૭-૮-૦૩ના રોજ વચગાળાની અરજીમાં માગ્યા મુજબની દાદ જે મંજૂર રાખવામાં આવેલ તે પૈકી શેર ટ્રાન્સફર કરવા સામેનો મનાઈ હુકમ ઉઠાવી લીધેલ હતો, અને વધુમાં એવો પણ હુકમ કરેલ હતો કે સામાવાળા મીલ કંપની અને સિંધુ રીસેટલમેન્ટ કોર્પોરેશન લિ. ને તાકીદ કરેલ હતી કે, હાલની આ અપીલમાં કરવામાં આવેલ વચગાળાની અરજીઓનો અપીલની આખરી સુનાવણી સાથે જ નિકાલ કરવા અને અપીલમાં પક્ષકારો વચ્ચેનાં ઔદ્યોગિક વિવાદનો વહેલાસર ન્યાયનિર્ણય થાય અને ન્યાયનો હેતુ જળવાય તે માટે દિવસ-૩૦માં આ અપીલની કાર્યવાહી પૂર્ણ કરવા આદેશ કરેલ હતો. તેમજ આંક-૪૫ની અરજી નીચે તા. ૧૨-૧૨-૦૩ના રોજ એક હુકમ કરી અરજદારની અરજી વાજબી હોઈ તે મંજૂર કરવાનો અને અરજીમાં થયેલ ડીલે કન્ડોન મંજૂર કરવાનો હુકમ કરેલ હતો.

૮. હાલનાં એપેલેન્ટ નં. ૨ એ આંક-૬૭થી પોતાની આ અપીલનાં સમર્થનમાં નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે :–

01. ગાંધીધામ સ્પીનીંગ મીલ શ્રમયોગી યુનીયન સંઘની નોંધણી થયા અંગેની જાણ કરતો ફોરવર્ડીંગ પત્ર,

02. ગાંધીધામ સ્પીનીંગ મીલ શ્રમયોગી યુનીયનનાં સભ્યશ્રીઓની યાદી.

૯. હાલનાં એપેલેન્ટ નં. ૨ એ આંક-૬૮થી પોતાની આ અપીલનાં સમર્થનમાં નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે :–

01. એપેલન્ટ ગાંધીધામ સ્પીનીંગ મીલ શ્રમયોગી યુનિયનને સહાયક સંઘ નિરીક્ષક, મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, અમદાવાદ તરફથી નોંધણી પ્રમાણપત્ર મોકલેલ તે.

INDEX

૧૦. હાલના રીસ્પોન્ડન્ટે આ અપીલના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે :-

01. શ્રી કે. એમ. શર્માએ એનેક્ષર સાથે આપેલ તા. ૨૩-૧૨-૦૪ ના રોજનું સર્ટિફિકેટ.

૧૧. ત્યારબાદ આ કામમાં બંને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓએ દલીલો રજૂ કરેલ છે તે લક્ષમાં લીધી. એપેલન્ટ નં. ૧ તરફે શ્રી બી. એમ. માવાણીએ તેમની દલીલોમાં અપીલ મેમોમાં જણાવેલ વિગતોને દોહરાવેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, કોન્ટીનેન્ટલ મીલ, નરોડા રોડ, અમદાવાદના કેસમાં ના. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, વિદ્યુત જોડાણ કપાઈ જવાથી શ્રમયોગીઓની નોકરીનો અંત આવી જતો નથી. જયાં સુધી મીલ કંપની કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરી કલોઝર પરવાનગી ન મેળવે ત્યાં સુધી શ્રમયોગીઓની નોકરી ચાલુ ગણાય અને પગાર માટે હક્કદાર થાય છે. સદરહુ કેસમાં મીલ કંપનીએ કલોઝરની અપીલ પાછી ખેંચી લીધેલ છે. મીલ ચાલુ કરેલ નથી. વર્ષો સુધી શ્રમયોગીઓને એક અદાલતમાંથી બીજી અદાલતમાં લીટીગેશનો પાછળ જકડાવી રાખી શ્રમયોગીઓને લીગલ ડયુઝ ચુકવેલ નથી. કાયદેસરની વિધિ કરી મીલે ૩૦ શ્રમયોગીઓને હક્કો ચૂકવીને છૂટા કરેલ નથી. મીલ કંપનીનું લીગલ અસ્તિત્વ આજની તારીખે ચાલુ છે. શ્રમયોગીઓને હક્કો ન આપવા પડે તેવા જ માત્ર એક આશયથી શ્રમયોગીઓ પાસેથી દબાણથી રાજીનામા અપાવી ૬૫૦ જેટલા શ્રમયોગીઓને નોકરીમાંથી છૂટા કરેલ છે. અપીલમાં સમાવિષ્ટ ૩૦ શ્રમયોગીઓ ૬૦ વર્ષની ઉંમર સુધી મીલ પાસેથી ૧૦૦ ટકા પૂરા પગાર તફાવત સાથે મેળવવા હક્કદાર થાય છે. આથી ચૂકવેલ રકમ બાદ કરી બાકીના પગાર તફાવતની રકમ ૬૦ વર્ષની વય પૂરી કરી હોય તેવા અને અવસાન પામેલા શ્રમયોગીઓને ચૂકવી આપવા તથા ફરી નોકરીમાં લે ત્યાં સુધીનો બાકીના શ્રમયોગીઓને પગાર તફાવત પૂરેપૂરો ચૂકવી આપી નોકરીમાં શ્રમયોગી દીઠ દાખલો બેસે તેવો ભારે ખર્ચ અપાવવાની રજૂઆત કરેલ છે.

૧૨. એપેલન્ટ નં. ૨ તરફે શ્રી જી. આર. ઠાકરે રજૂ કરેલ અપીલનાં નિવેદનની રજૂઆતોને તેઓએ તેમની દલીલોમાં દોહરાવેલ છે અને વધુમાં જણાવેલ છે કે, ઈન્ડીયન કોન્ટ્રાકટ એકટની કલમ-૨૩ અન્વયે નોકરીના હક્કોથી વિપરિત રીતે દબાણથી રાજીનામા લખાવી ઓછા હક્કો ચૂકવ્યા હોય તેવા રાજીનામાનો સમજૂતીના કરાર તરીકે ઉપયોગ કરવો તે જાહેર નીતિ વિરૂધ્ધની બાબત છે. મીલ બંધ થાય તો તે તારીખ સુધીના પૂરો પગાર અને કાયદેસરની પરવાનગી પછી શ્રમયોગીઓને કાયદેસરના લ્હેણાં ચૂકવવા પડે. ૬૫૦ જેટલાં શ્રમયોગીઓને તેમની બેકારીની પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવી રાજીનામા મૂકાવી જે ઓછા લાભો ચૂકવેલ છે તે ગેરવાજબી અને ગેરકાયદેસર છે અને તેથી હાલના એપેલન્ટ ૩૦ શ્રમયોગીઓને જે લાભો, હક્કો અને અધિકારો માટે જે એવોર્ડ થાય તે પ્રતિનિધિ સંઘના ૬૫૦ તમામે તમામ શ્રમયોગીઓને અપાવવા તથા અપીલ ખર્ચ સહિત મંજૂર રાખવાની શ્રી ઠાકરે રજૂઆત કરતાં તેમની દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજૂ કરેલ છે :-

INDEX

01. ૨૦૦૧, એલ. આઈ. સી. ના. સુ. કો. પાન-૧૩૭૭,

02. ૧૯૯૮, (૧) જી. એલ. એચ. નામદાર ગુજરાત હાઈકોર્ટ, પાન-૨૩૨.

૧૩. ઉપરકોકત ચુકાદાઓમાંના નં. ૧ ઉપર દર્શાવેલ ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું ઠરાવેલ છે કે, છટણીની રકમ ઓછી ચૂકવેલ હોય તો તેવા કેસમાં ગેરકાયદેસર છટણીના હુકમને પડકારવાનો શ્રમયોગીને હક્ક અને અધિકાર છે. નં. ૨ પર જણાવેલ ચુકાદામાં માલિકે કાયદેસરના હક્કોથી ઓછા હક્કો મળે તેવી શરતે રાજીનામા લખાવી લીધા હોય તો તે ભારતીય કરાર ધારાની કલમ-૨૩ મુજબ ગેરકાયદેસર ગણાય અને તેથી પ્રતિનિધિ સંઘના ૬૫૦ શ્રમયોગીઓને મીલ કંપનીએ ચૂકવેલ રકમ બાદ કરી બાકીની કાયદેસરની મળવાપાત્ર રકમ તમામ શ્રમયોગીઓને ચૂકવવાનો હુકમ કરવાની રજૂઆત કરેલ છે.

૧૪. સામાવાળા નં. ૧ અને ૨ તરફે દલીલો કરતા તેમના વિદ્વાન વકીલ શ્રી જી. કે. ભટ્ટે જણાવેલ છે કે, આ અપીલના કામમાં વિવાદ માત્ર ૩૦ શ્રમયોગીઓ પૂરતો સિમિત છે. સને ૧૯૮૬થી મીલમાં ઉત્પાદન પ્રક્રિયા બંધ થયા પછી પ્રતિનિધિ સંઘે ૨૦૦૪ પહેલાં ૬૫૦ શ્રમયોગીઓના હક્કો અંગે શું કાયદાકીય પ્રક્રિયા અનુસરી તેના અંગે સામાવાળા નં. ૨ પાસે કોઈ જવાબ નથી. અગાઉ મૂળ અરજીમાં થયેલ હુકમ સામે અપીલ થતાં જે રીમાન્ડ થયેલ અને તેમાં ૨૦૦૩ સુધી મજૂર અદાલત, ગાંધીધામ સમક્ષ પણ પ્રતિનિધિ સંઘ હાજર થયેલ નથી. મૂળ અરજીમાં આમ પક્ષકાર તરીકે અરજદાર નં. ૨ ન હતા તેથી અપીલમાં પ્રતિનિધિ સંઘ તરીકે રજૂઆત કરવા સિવાય ૬૫૦ શ્રમયોગીઓને કે જે પ્રતિનિધિ સંઘના સાથે સ્વેચ્છાએ રાજીનામા આપી મીલમાંથી છૂટા થયા પછી સંઘે જ કેસો પાછા ખેંચી લીધા છે તેથી સદરહુ ૬૫૦ શ્રમયોગીઓના કાયદેસરના હક્કો અંગે આ અપીલમાં કોઈ દાદ મેળવવા કે માગતા પ્રતિનિધિ સંઘ કે ૬૫૦ શ્રમયોગીઓ કાયદેસર રીતે હક્કદાર નથી અને બી.આઈ.આર. એકટના પ્રબંધો હેઠળ વર્ષો પહેલાં હક્કો લઈ છૂટા થઈ જનાર વ્યકિતગત શ્રમયોગીઓને અન્ય વ્યકિતગત શ્રમયોગીઓના કેસમાં અને તે પણ વિલંબિત સમયે મૂળ અરજીમાં પક્ષકાર બન્યા વિના સીધાં અપીલમાં કોઈ પણ દાદ મેળવવાનો કાનૂની હક્ક કે અધિકાર નથી. પ્રતિનિધિ સંઘે તો માત્ર સદર અપીલના ૩૦ શ્રમયોગીઓ તરફે કોઈપણ વધુ માહિતી, રજૂઆત કે પુરાવો આપી અદાલતને યોગ્ય અને વાજબી ન્યાયનિર્ણય પર આવવા ન્યાયિક કાર્યવાહીમાં રજૂઆત કરવા માટે અદાલતે પક્ષકાર તરીકે જોડેલ છે. નહીં કે, ૬૫૦ શ્રમયોગીઓ કે જેઓ વર્ષો પહેલાં પોતાના હક્કો લઈ છૂટા થઈ ગયેલ છે અને વિવાદનો કાયમી અંત લાવેલ છે. તેથી વ્યકિતગત ધોરણે પતાવટ થયેલ કેસોની બાબતે પ્રતિનિધિ સંઘને સામુહિક સોદાબાજીના કેસ તરીકે અપીલમાં કોઈ દાદ માગવાનો કાયદેસર કોઈ હક્ક કે અધિકાર ઉપસ્થિત થતો નથી.

INDEX

૧૫. મજૂર અદાલતે કલોઝરને બોનાફાઈડ ઠરાવેલ છે. મીલે લોક આઉટ કરેલ નથી તેવું પૂરતા અને વાજબી કારણોસર ઠરાવેલ છે. વળી, જયારે મીલ પાસે નાણાં જ ન હોય અને ભારે નુકશાનીમાં હોય તેવા કેસમાં કાનૂની રાહે કલોઝર પરવાનગી માગવામાં આવે પણ ટેકનીકલ મુદા ઉપર આવી પરવાનગી ન મળે તો મીલ કંપનીએ વધુ નુકસાની વેઠીને પણ મીલ ચાલુ રાખવી એ ન્યાયી, વાજબી અને બંધારણીય ઉપાય નથી.

૧૬. મીલ કંપનીએ બી. આઈ. એફ. આર. માં તથા કલોઝર માટે પરવાનગી મેળવવા તેમજ મીલ ફરી ચાલુ કરવા પ્રયત્ન કરેલ છે. પણ મીલને લોન અને રાહતો મળે તો પણ મીલની મશીનરી જર્જરિત અને નાશ પામેલી હોઈ જે મીલ આર્થિક રીતે કોઈ પણ હિસાબે ચાલુ થાય તેમ નથી તેવા સંજોગોમાં આ મીલમાં ઉત્પાદન પ્રક્રિયા ફરી ચાલુ થઈ શકી નથી જે નિર્વિવાદિત હકીકત છે. શ્રી ભટ્ટે કલમ-૪૨ (૪) ના પત્ર બાબતે પણ શંકા વ્યકત કરેલ છે અને જણાવેલ છે કે, આવો પત્ર પણ આપવામાં આવેલ નથી, પરંતુ આવો પત્ર આપેલ હતો તેવી દાદ તેમના હુકમમાં ફલિત થયેલ જાહેર કરેલ છે. ચાલુ અપીલે મજૂર અદાલતના હુકમ મુજબ ૩૦ શ્રમયોગીઓને હુકમ મુજબ નાણાં ચૂકવી આપેલ છે. હાલમાં મીલ ચાલુ નથી. મીલ ફરી ચાલુ થાય તેવા કોઈ સંજોગો નથી. બોનાફાઈડ કલોઝર છે. મજૂર અદાલતનો હુકમ કાયદેસરનો છે. ૩૦ શ્રમયોગીઓને ફરી પુનઃસ્થાપિત કરવાનો કોઈ સવાલ રહેતો નથી.

૧૭. પ્રતિનિધિ સંઘે માત્ર હાજર થવા માટે જ અપીલમાં પક્ષકાર થયેલ છે પણ સદર પ્રતિનિધિ સંઘમાં એપેલન્ટ નં. ૨ ના જનરલ સેક્રેટરી છે કે કેમ ? તે અંગેનો કોઈ ઠરાવ સંઘે રજૂ કરેલ નથી. આ સંઘ હાલમાં અસ્તિત્વમાં છે કે કેમ ? તે પણ એક સવાલ છે. સને ૧૯૭૫નું નોંધણીનું પ્રમાણપત્ર સિવાય પ્રતિનિધિ સંઘે બીજો કોઈ પુરાવો આ કામમાં રજૂ કરેલ નથી. હાલમાં ૧૯૦ સભ્યોની સંખ્યા બતાવેલ છે. ૧૯૦ શ્રમયોગીઓની દાખલ તારીખ, ખાતુ, પાળી, છેલ્લે મળતો પગાર, વગેરે કોઈ વિગતો અરજદાર નં. ૨ ના એ રજૂ કરેલ નથી. ૬૫૦ શ્રમયોગીઓએ રૂા. ૬૦૦૦/- સ્વીકારી લીધેલ છે તેની સ્વીકૃતિ પ્રતિનિધિ સંઘે કરેલ છે. શ્રી ઘનશ્યામભાઈ ઠાકરે તેમની દલીલમાં રજૂ કરેલ કોન્ટ્રાકટ એકટ હેઠળનું જજમેન્ટ બી.આઈ.આર. એકટના પ્રબંધો હેઠળના કેસમાં લાગુ પડે નહીં. કોન્ટ્રાકટ સંબંધોનો ચુકાદો મીલ ચાલુ હોય તો જ લાગુ પડે છે. આ કેસમાં મીલ બંધ છે. મીલ આર્થિક સંકળામણના કારણે બંધ પડેલ છે. મજૂર અદાલતનો હુકમ કાયદેસરનો છે જેથી તે કાયમ રાખી અપીલ રદ કરવાની રજૂઆત કરેલ છે.

૧૮. શ્રી ભટ્ટે વિશેષમાં જણાવેલ છે કે, સદરહુ ૩૦ શ્રમયોગીઓ પૈકી મોટા ભાગના શ્રમયોગીઓ ૬૦ વર્ષની વય વીતાવી ચૂકયા છે તો કેટલાક અવસાન પણ પામેલ છે. જૂજ શ્રમયોગીઓ જ ૬૦ વર્ષથી ઓછી વયના બાકી રહે છે. આ સંજોગોમાં વર્ષોથી ચાલતા આવેલ વિવાદમાં ઔદ્યોગિક શાંતિ અને જાહેર નીતિને ધ્યાનમાં રાખી મીલ કંપનીએ તેમની મશીનરી, લેન્ડ,

INDEX

બિલ્ડીંગ તથા મિલકતો વેચવા સામે જે મનાઈહુકમ ફરમાવેલ છે તે ઉઠાવી લેવા અને ઔદ્યોગિક વિવાદનો કાયમી ધોરણે ઉકેલ થાય તે હેતુ લેબર કોર્ટનો હુકમ કાયમ રાખી અપીલ રદ કરવા અને યોગ્ય અને વાજબી જણાય તેવો ન્યાયના હિતમાં યોગ્ય હુકમ કરવાની શ્રી ભટ્ટે દલીલો કરેલ છે અને પોતાની દલીલોના સમર્થનમાં તેઓએ નીચેના ચુકાદાઓ રજૂ કરેલ છે :-

01. ૧૯૯૮, (૭૯) એફ.એલ.આર. પાન-૫૭૧ ઉજજૈન મીલ મઝદુર સંઘ, વિ. સ્ટેટ ઓફ એમ. પી.

02. ૧૯૯૮, એલ. આઈ. સી. પાન-૧૭૪૭ નામદાર ગુજરાત હાઈકોર્ટ, ભાષભાઈ કે. પટેલ વિ. ડાયરેકટર ઓફ એમ્પ્લોઈમેન્ટ એન્ડ ટ્રેઈનીંગ.

03. ૨૦૦૦, એલ. એલ. એન. પાન-૩૩૨ નામદાર મદ્રાસ હાઈકોર્ટ, મેનેજમેન્ટ ઓફ ડનલોપ ઈન્ડીયા વિ. કમિશનર ઓફ લેબર.

04. ૨૦૦૩, ૨, સી. એલ. આર. પાન-૩૭૪, રાજારામ એલ. કનેકર અને બીજાઓ વિ. મોરાજી ગોકળદાસ સ્પીનીંગ એન્ડ વીવીંગ મિલ્સ.

૧૯. ઉપરોકત ચુકાદાઓ પૈકી નં. ૧ ચુકાદો મીલના કલોઝર અંગેનો છે. મીલનો કબજો રાજય સરકારે લઈ રાજય ટેક્ષટાઈલ કોર્પોરેશનને મીલની સોંપણી કરી અને મીલ કલોઝ કરવા નિર્ણય બહુમત શ્રમયોગીઓએ કલોઝર વળતરની રકમ મેળવી લીધા પછી મીલ ચાલુ કરવા માટેનો વિવાદ પાછળથી ઉપસ્થિત ન થઈ શકે તેવું આ ચુકાદામાં ઠરાવેલ છે.

૨૦. ઉપરોકત કેસમાં માત્ર આઠ શ્રમયોગીઓ પૂરતો જ વિવાદ બાકી હતો. તેવા પડતર વિવાદમાં જયારે બહુમતિ શ્રમયોગીઓએ ગ્રેજયુઈટી અને છટણી વળતર લઈ છૂટા થઈ ગયા હોય તેવા શ્રમયોગીઓના વતી પ્રતિનિધિના દાવા તરીકે રજૂઆત કરવી તે પાછળ બદઈરાદો હોવાનું ગણાય. તેથી સેટલ્ડ થયેલ શ્રમયોગીઓના કેસ માટે આ કેસમાં પ્રતિનિધિ સંઘે જે દાદ માગી છે તેવી દાદ માત્ર બદઈરાદાથી જ માગી છે તેથી પણ એપેલન્ટ નં. ૨ની રીલીફ કાયદેસર ગ્રાહ્ય થવાને પાત્ર નથી.

૨૧. અનુ. નં. ૨ થી રજૂ થયેલ ચુકાદો કલોઝર ઓફ ટ્રેડ-ઈન્ડસ્ટ્રીયલ ટ્રેઈનીંગ ઈન્સ્ટીટયુટ કે જેમને ૧૦૦ ટકા ગ્રાન્ટ-ઈન-એઈડ મળે છે. તેવી ગુજરાતી સ્ટેનોગ્રાફીના ૧૮ ઉમેદવારોમાંથી માત્ર એક ઉમેદવાર પાસ થયા. સરકારશ્રીએ આ ટ્રેડ પાછળ થતો ખર્ચ એ પ્રજાના નાણાનો ધુમાડો ગણાય તેમ ઠરાવી ગુજરાતી સ્ટેનોગ્રાફી ટ્રેડની તાલીમ બંધ કરવા આદેશ આપ્યો. બીજા ટ્રેડ માટેની ગ્રાન્ટ મંજૂર રાખી માત્ર એક જ ટ્રેડની તાલીમ બંધ કરવાનો હુકમ કરેલ હોય તો તેવો હુકમ કાયદેસર છે અને કોઈ ભેદભાવ રાખેલ નથી તેવું ગણાય.

INDEX

૨૨. આ કેસમાં ૬૫૦ શ્રમયોગીઓને સમાન ધોરણે હક્કો ચૂકવી કોઈ પણ ભેદભાવ રાખ્યા વિના મીલમાંથી ૬૫૦ શ્રમયોગીઓ છૂટા થઈ ગયેલ છે બાકી રહેલ ૩૭ શ્રમયોગીઓને પણ મજૂર અદાલતે કોઈ ભેદભાવ રાખ્યા વિના સમાન ધોરણે બધાની નોકરીની દાખલ તારીખ, નોકરીના કુલ વર્ષો વગેરે ધ્યાનમાં રાખી એક સમાન ધોરણે લેન્થ ઓફ સર્વિસના આધારે બધાને પુરાવાના આધારે ગણતરી કરી મજૂર અદાલતે જે રકમ ચૂકવવા હુકમ કરેલ છે અને કલોઝર બોનાફાઈડ જાહેર કરેલ છે. તેમાં શ્રમયોગીઓ તરફે કોઈ ભેદભાવનો સવાલ ઉભો થતો નથી. અગાઉ રાજીનામા આપી છૂટા થઈ જનારને અપીલના શ્રમયોગીઓ સાથે કોઈ હક્ક કે અધિકાર માગવાનો કાયદેસરનો હક્ક ન હોઈ તેથી ઉપરોકત ચુકાદા મુજબ ૬૫૦ શ્રમયોગીઓ માટે ભેદભાવનો કોઈ પ્રશ્ન ન હોઈ તેમને કોઈ પણ દાદ મળવાપાત્ર નથી અને તેથી અપીલ રદ થવા પાત્ર છે તેવી શ્રી ભટ્ટે રજૂઆત કરેલ છે.

૨૩. અનુ. નં. ૩થી ૨જૂ થયેલ ચુકાદામાં કલોઝરના કેસમાં કંપની સીક ઈન્ડસ્ટ્રીઝ તરીકે જાહેર થયેલ અને બી. આઈ. એફ. આર. ના પ્રોસીડીંગ્સ શરૂ થયેલ હતા. નાણાકીય કટોકટી સર્જાતા કંપની ત્રણ માસ સુધી પગારો ચૂકવી શકેલ ન હતી. આ કેસમાં ત્રણ માસના બદલે એક માસનો પગાર ચૂકવ્યો તેવું હાઈકોર્ટના સીંગલ જજશ્રીએ ઠરાવેલ જે સામે એલ. પી. એ. થતાં ડીવીઝન બેંચે સીંગલ જજના હુકમમાં હસ્તક્ષેપ નહિ કરતાં માત્ર બે હપ્તે એક માસનો પગાર ચૂકવવાનો આદેશ કાયમ રાખવાનો હુકમ કરેલ હતો.

૨૪. આ અપીલના કેસમાં પણ મજૂર અદાલતે બોનાફાઈડ કલોઝર જાહેર કરી શ્રમયોગીઓને કાયદેસરના ડયુઝ ચૂકવી આપવાનો હુકમ કરેલ અને તે મુજબ મીલે ૩૦ શ્રમયોગીઓને તે ચૂકવી આપેલ છે. મીલની આર્થિક સ્થિતિ સારી નથી. મીલની મિલકત કરતાં કુલ દેવું વધુ છે. તે ૨૦૦૩ના સરવૈયા પરથી સ્પષ્ટ થાય છે. આથી આ ચુકાદા મુજબ મજૂર અદાલતનો ચુકાદો કાયમ રાખવા શ્રી ભટ્ટે રજૂઆત કરેલ છે.

૨૫. ૨૦૦૩, ૨, સી.એલ.આર. પાન-૩૭૪, નામદાર ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેંચે મોરારજી ગોકુલદાસ સ્પીનીંગ એન્ડ વીવીંગ મીલનાં ચુકાદામાં ઠરાવેલ છે. કે, બહુસંખ્યક શ્રમયોગીઓ પુનઃસ્થાપિત થવાની માંગણીનાં બદલે ૫૧ ટકા બેક વેઈજીસ લઈ સમાધાન કરે તો બાકી રહેલ અલ્પસંખ્યક શ્રમયોગીઓ પુનઃસ્થાપિત અને બેક વેઈઝીસ માટેની માંગણી ચાલુ રાખી ન શકે. બહુમતિ શ્રમયોગીઓએ જે સમાધાનથી મેળવ્યું હોય તેનાંથી માંદા એક માટે અલ્પસંખ્યક શ્રમયોગીઓને વધુ મળી ન શકે.

૨૬. આ ચુકાદો જે તે કેસની હકીકતો જોતાં આ અદાલત માનભેર ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતોનો આદર કરે છે. પણ હાલનાં આ કેસની હકીકતો જોતાં અને બી.આઈ. આર. એકટનાં પ્રબંધો જોતાં અને પ્રતિનિધિ સંઘનું ૧૯૮૬માં અસ્તિત્વ હોવા છતાં મીલ અને શ્રમયોગીઓ વચ્ચે કાયદેસરનું કોઈ સમાધાન, કરાર, સમજૂતી થવા પામેલ નથી. જે નિર્વિવાદ

INDEX

બાબત છે. બી.આઈ.આર. એકટનાં પ્રબંધો હેઠળ વ્યક્તિ શ્રમયોગી પોતાની આર્થિક મુશ્કેલીનાં કારણે જે મળ્યું તેનાંથી સંતોષ માની સંજોગોમાં શિકાર બની કાયદાથી ઓછું મેળવવા રાજીખુશીથી શરતી રાજીનામું આપી મીલમાંથી છૂટો થાય તો તેવા વ્યક્તિગત કેસોનો સરવાળો કરતાં બહુમત શ્રમયોગીઓ કાયદેસરનાં હક્કોથી ઓછા નાણાં સ્વીકારીને છૂટા થઈ જાય તો તેવા વ્યક્તિગત શ્રમયોગીઓ હવે ફરી કોઈ દાદ માગી ન શકે પણ સબંધિત ૩૦ શ્રમયોગીઓને લાગેવળગે છે ત્યાં સુધી આ ચુકાદો સદરહુ અપીલની હકીકતો જોતાં લાગુ પડી શકે નહીં.

૨૭. આ કામમાં રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ, બંને પક્ષકારોની લેખિત દલીલો મટીરીયલ્સ ઓન રેકર્ડ, તેમજ નીચેની મજૂર અદાલતનું રેકર્ડ જોતાં નીચેનાં મુદ્દાઓ મારા ન્યાયનિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

(૧) શું હાલનાં એપેલન્ટ એ હકીકત પુરવાર કરે છે. કે, નીચલી મજૂર અદાલત, ગાંધીધામે સામાવાળા સંસ્થાને ''બોનાફાઈડ કલોઝર'' જાહેર કરવામાં કોઈ કાયદાની કે હકીકતની ભૂલ કરેલ છે કે કેમ ?

(૨) શું હાલનાં એપેલેન્ટ એ હકીકત પુરવાર કરે છે કે, નીચલી મજૂર અદાલત, ગાંધીધામે હાલનાં એપેલન્ટને નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનાં બદલે મીલ કંપનીએ કલોઝર વળતર, ગ્રેચ્યુઈટી, લે-ઓફ, નોટીસ પગારની રકમ શ્રમયોગીઓનાં નામ સામે દર્શાવેલ રકમ આપવાનો જે હુકમ કરેલ છે. તેમાં કોઈ કાયદાની કે હકીકતની ભૂલ કરેલ છે કે કેમ ?

(૩) છેવટનો હુકમ શું કરવો જોઈએ ?

૨૮. ઉપરનાં મુદ્દાઓનો મારો જવાબ નીચેનાં કારણોસર નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) અંશતઃ હકારમાં. થોડુંક વળતર એટલે કે, રૂા. ૭,૫૦૦/ વધુ અપાવવાનો હુકમ કરવો ન્યાયી, વાજબી, અને કાયદેસર જણાય છે.

(૩) છેવટનાં હુકમ મુજબ.

૨૯. **કારણો :-**

હાલનાં રીસ્પોન્ડન્ટ મીલ કંપનીએ સને ૧૯૮૬ થી મીલમાં ઉત્પાદન પ્રક્રિયા બંધ થયેલ હોવા છતાં અને બહુમતિ શ્રમયોગીઓને સને ૧૯૮૭ થી ૧૯૯૫ સુધીમાં કાયદેસર લ્હેણાં સમાધાનથી યા રાજીનામાનાં આધારે ચૂકવી આપેલ છતાં અને એપેલન્ટ કુલ ૩૦ શ્રમયોગીઓનો કેસ મજૂર અદાલતમાં પડતર હોવા છતાં મીલ કંપનીએ કાયદેસર ચૂકવવા

INDEX

પાત્ર ગ્રેચ્યુઈટી, કલોઝર વળતર, નોટીસ પગાર, ડ્યુટી લીવ, ડ્યુ બોનસ જેવી રકમની ગણતરી કરી શ્રમયોગીઓને ચૂકવવા માટે શુદ્ધબુદ્ધિપૂર્વકનો પ્રયાસ કરેલ હોવાની એક પણ હકીકત રેકર્ડ ઉપર નથી. એટલું જ નહિ, પણ પ્રતિનિધિ સંઘ દ્વારા મૂકવામાં આવેલ અરજી અન્ય ૬૫૦ જેટલાં શ્રમયોગીઓને રાજીનામાનાં આધારે ચૂકવાઈ જતાં બાકી રહેલ એપેલન્ટ કુલ ૩૭ શ્રમયોગીઓએ કાયદેસર લ્હેણાં નાણાં જે તે વખતે મીલે કોર્ટમાં પણ જમાં કરાવેલ નથી. તે નિર્વિવાદિત હકીકત છે.

૩૦. આ અપીલનાં કામમાં એપેલન્ટ તરફેનાં કેસની હકીકતો જોતાં મજૂર અદાલતે તા. ૧૧-૨-૦૩નાં રોજ કલોઝર વળતરની રકમ ચૂકવવા કરેલ હુકમ મુજબ પણ મીલ કંપનીએ ઓકટોબર- ૦૩ સુધી કાયદેસર લ્હેણાં ચૂકવેલ ન હતાં. જે બાબત પણ નિર્વિવાદિત હકીકત છે આ સંજોગોમાં સને ૧૯૮૬ થી ઓકટો-૦૩ સુધી મીલ કપંનીએ એવો બચાવ કરેલ છે. કે, અગાઉ શ્રમયોગીઓને કાયદેસર લ્હેણાં લઈ જવા મીલે લેખિત રીજ. એ.ડી. પત્રથી જાણ કરી હોય આ ગણતરી કરી કાયદેસર લ્હેણાંની રકમ ચેકથી મીલે મોકલી આપેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર નથી.

૩૧. મીલ કંપનીએ વિદ્યુત જોડાણ કપાઈ જવાથી જુલાઈ-૮૭ થી ડીસે-૮૭ સુધી લે-ઓફ માર્ક કરેલ હતો. અને જુલાઈ તથા ઓગષ્ટ-૮૭ નો લે-ઓફનો ૫૦ % પગાર શ્રમયોગીઓને ચૂકવેલ પણ સપ્ટે-૮૬ થી ડીસે-૮૬નો માર્કસ કરેલ લે-ઓફનો પગાર ચૂકવેલ નથી તેમજ લે-ઓફ માટેની મંજુરી લીધેલ નથી તે હકીકત પણ નિર્વિવાદીત છે.

૩૨. મીલ કંપનીનું કલોઝર બોનાફાઈડ છે. અને લોક-આઉટ કરેલ નથી તેવું મજૂર અદાલતે પુરવાનાં આધારે કરેલ મૂલ્યાંકન અને અવલોકન વાજબી અને ન્યાયી છે. વળી, શ્રમયોગીઓએ એ હકીકત પુરવાર કરવામાં અસફળ રહ્યા છે કે મીલ કંપનીએ કલોઝરની મંજૂરી ન મેળવી ગેરવાજબી અને ગેરકાયદેસરનો ફેરફાર કરેલ છે. મીલ કંપનીએ અનફેર લેબર પ્રેકટીસ આચરેલ હોવાની હકીકત પણ મૂળ અરજીમાં શ્રમયોગીઓએ પુરવાર કરવામાં અસફળ રહેલ છે. આમ છતાં મજૂર અદાલતે તેમનાં હુકમમાં ૧૯૮૬ થી ૨૦૦૩ સુધી જે શ્રમયોગીઓને કાયદેસર રીતે મીલે છૂટા કરેલ નથી. કાયદેસરનાં હક્કો લઈ નવી દરખાસ્ત મોકલી નથી અને બાકી રહી ગયેલ ૩૭ શ્રમયોગીઓને તેમનાં ઘરનાં સરનામે કાયદેસરનાં લ્હેણાં મોકલી આપવા માટે મીલ કપંનીએ કોઈ માનવીય અને કાનૂની ફરજ અદા કરેલ નથી. અને જે કાયદેસર લ્હેણાં ૧૯૮૭ના૦ જાન્યુઆરી માસમાં યા અન્ય બહુમત શ્રમયોગીઓને જયારે કાયદેસર લ્હેણાં ચૂકવ્યા ત્યારે આ ૩૭ કમનસીબ શ્રમયોગીઓને યોગ્ય સમયે કાયદેસરનાં લ્હેણાં ચૂકવી આપવા જોઈતા હતા અને મોકલી આપવા જોઈતાં હતાં, જે મોકલેલ નથી અને તેથી આ ૩૭ શ્રમયોગીઓએ પોતાના કાયદેસરનાં હક્કો માટે ૧૯૮૭ થી ૨૦૦૫ સુધી મજૂર અદાલત, રાજકોટ મજૂર અદાલત, ગાંધીધામ (ભૂજ), ઔદ્યોગિક અદાલત, રાજકોટ તથા બે થી વધુ વાર હાઈકોર્ટમાં જવાનો અવસર જે પ્રાપ્ત

INDEX

થયેલ અને તેનાં કારણે વર્ષો સુધી અદાલતમાં લીટીગેશનોનો સામનો કરવો પડેલ અને તેનાં કારણે બેકાર શ્રમયોગીઓને પારાવાર આર્થિક અને માનસિક તથા સામાજીક વેદના અને યાતના સહન કરવી પડેલ છે. તે બાબતની પણ નોંધ મજૂર અદાલતે તેમનાં હુકમમાં લેવી જોઈતી હતી જે લેવામાં આવી નથી. ૧૯૮૬માં જો તે રકમ શ્રમયોગીઓને મળી ગઈ હોત અને વિવાદનો કાનૂની રાહે અંત લાવવામાં આવેલ હોત તો તેનાં કારણે શ્રમયોગીઓ મીલ કંપની અને જનતાને ઘણું નુકશાન થતું બચાવા પામેલ હોત, પરંતુ એક યા બીજા કારણે મીલ કંપનીએ ૩૭ શ્રમયોગીઓ માટે પ્રશ્ન ઉભો રાખી ૧૯૮૭ થી શરૂ થયેલ ઔદ્યોગિક તકરાર ૨૦૦૫ સુધી સમાધાનથી યા યોગ્ય ઉકેલથી તેની પતાવટ કરવા પ્રયાસ હાથ ધરેલ નથી જે દુઃખદ અને કરૂણ બીના છે.

૩૩. મીલમાં આશરે ૭૦૦ જેવી શ્રમયોગીઓની સંખ્યા હતી જેમાંથી ૬૫૦ થી વધુ શ્રમયોગીઓ સ્વેચ્છાએ પ્રતિનિધિ સંઘની સાથે થયેલ સમાધાન (મૌખિક) થી રાજીનામા આપી સ્વેચ્છાએ હક્કો લઈને પોતાના કેસો પાછા ખેંચી લીધાં છે અને કેસો પણ પાછા ખેંચી લીધાં પછી વ્યક્તિગત શ્રમયોગીઓએ યા પ્રતિનિધિ સંઘે મીલ ચાલુ કરાવવા યા મીલ ચાલુ થશે તેવા હેતુથી કેસ પાછા ખેંચી લીધા પછી યોગ્ય સમયમાં અપીલ દાખલ કરી પોતાના નોકરીમાં હક્કોને પડકારેલ નથી, પરંતુ પાછળનાં સ્ટેજે ૩૭ શ્રમયોગીઓ પૈકી કુલ ૩૦ શ્રમયોગીઓએ દાખલ કરેલ આ અપીલનાં કેસમાં પક્ષકાર તરીકે સામેલ થવા અરજી કરતાં જેને ન્યાયનાં વિશાળ હિતમાં પક્ષકાર તરીકે જોડી પ્રતિનિધિ સંઘને સાંભળવાની તક આપેલ છે. પ્રતિનિધિ સંઘે અપીલમાં જે ૩૦ શ્રમયોગીઓએ જે દાદ માગેલ છે તેવી દાદ પ્રતિનિધિ સંઘ બાકીનાં ૬૫૦ શ્રમયોગીઓ માટે પુનઃસ્થાપિત કરવા તેમજ બેક વેઈઝીસ મેળવવા દાદ માગી શકે કે કેમ ? તે કાયદાનો મુદ્દો છે. પ્રતિનિધિ સંઘને બી.આઈ.આર. એકટ, ૧૯૪૬ હેઠળ વિશાળ સત્તાઓ મળેલ છે. મીલમાં ૭૦૦ જેટલા શ્રમયોગીઓ હતાં. ૧૯૮૬ માં મીલ કંપની વિદ્યુત જોડાણ કપાઈ જતાં તેનું ઉત્પાદન બંધ થતાં શ્રમયોગીઓને ત્યારથી રોજીરોટી આપી શકેલ નથી. તે નિર્વિવાદ બાબત છે. પણ પ્રતિનિધિ સંઘે તમામ શ્રમયોગીઓ માટે શ્રમયોગીઓનાં કાયદેસરનાં હક્કો સમયસર બધાંને મળી રહે તે માટે કોઈ સર્વગ્રાહી (યુનિવર્સલ) સમાધાન કરેલ હોય તેમજ તમામ શ્રમયોગીઓને સમાન ધોરણે કલોઝર વળતર, તથા કાયદેસરનાં હક્કો તેમજ એકસગ્રેસીયા પેમેન્ટ મળી રહે તેવી કોઈ નીતિ વિષયક અન્ડરસ્ટેન્ડીંગ એગ્રીમેન્ટ, સેટલમેન્ટ, પ્રતિનિધિ સંઘે કરેલ હોય તેવા એક પણ પુરાવો રેકર્ડ ઉપર નથી. પ્રતિનિધિ સંઘ અને તેનાં જે તે વખતનાં કારોબારી સભ્યો મીલનાં શ્રમયોગીઓનો સામૂહિક પ્રશ્ન ન્યાય અને યોગ્ય રીતે પતાવટ કરવા તૈયાર થવાને બદલે પ્રતિનિધિ સંઘે વ્યક્તિગત શ્રમયોગીઓને રાજીનામાં અપાવી નીકળતો બાકી પગાર, ગ્રેચ્યુઈટી, નોટીસ પગાર, વગેરે અપાવી આશરે ૬૫૦ જેટલાં શ્રમયોગીઓનાં કેસો પાછા ખેંચી લીધા પછી બાકી રહેલાં ૩૭ શ્રમયોગીઓનાં કેસમાં મજૂર અદાલત સમક્ષ પક્ષકાર બનવા અરજી કરેલ નથી. માત્ર પાછળનાં સ્ટેજે ૨૦૦૩નાં વર્ષમાં ૩૭ શ્રમયોગીઓને કાયદેસરનાં લ્હેણાં મજૂર અદાલતનાં ચૂકાદા પછી આ ઔદ્યોગિક

INDEX

અદાલતમાં હસ્તક્ષેપનાં કારણે અપીલ કેસને બાધ ન આવે તે શરતે મજૂર અદાલતના હુકમમાં જણાવેલ રકમ સ્વીકારવા તૈયારી બતાવતાં મીલ કંપનીએ અપીલમાં પોતાની તકરારને બાધ ન આવે તે શરતે નક્કી થયેલી રકમ દરેક શ્રમયોગીઓને ચૂકવી આપેલ છે તેમાં પણ હવે કોઈ વિવાદ નથી. તેવા સંજોગોમાં અપીલનાં સ્ટેજે વર્ષો પહેલાં રાજીનામા આપી સ્વચ્છાએ નોકરી છોડી જઈને જતો રહેલ શ્રમયોગીઓ માટે પુનઃસ્થાપિત કરવાની દાદ મેળવવાનો કાયદેસરનો કોઈ હક્ક કે અધિકાર અપીલમાં મળવાપાત્ર થતો નથી.

૩૪. અપીલનાં કેસની હકીકતો જોવામાં આવે તો એપેલન્ટે સૌ પ્રથમ મજૂર અદાલત, રાજકોટ ખાતે બી.આઈ.આર. અરજી નં. ૧૭/૮૭ (ગાંધીધામ નવો અરજી નં. ૫-૯૬) તથા ૩૭/૮૭ (ગાંધીધામ નવો નંબર ૬/૯૬) અનુક્રમે ૧૬૩ તથા ૧૮ એમ કુલ ૧૮૧ શ્રમયોગીઓએ અરજી દાખલ કરી એવી દાદ માગેલ હતી કે, મીલ કંપનીએ તા. ૨૫-૭-૮૬ થી મીલ બંધ કરવાનું પગલું ગેરકાયદેસર લોક આઉટ ઠરાવવા તથા પડેલા દિવસોનાં પૂરા પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા દાદ માગેલ હતી. અરજી પડતર હતી તે દરમિયાન માત્ર ૩૭ શ્રમયોગીઓ પૂરતો જ કેસ બાકી રહેલ હતો.

૩૫. જે અરજીમાં મજૂર અદાલત, ગાંધીધામને તા. ૨૨-૧૦-૯૬નાં એવોર્ડથી તા. ૨૫-૭-૮૬થી મીલ કંપની વીજ પુરવઠો બંધ થવાને કારણે તેને ''બોનાફાઈડ કલોઝર'' તરીકે જાહેર કરવા કુલ ૧૮૧ શ્રમયોગીઓ પૈકી ૧૪૪ શ્રમયોગીઓએ મીલ સાથે બારોબાર સમાધાન કરી હક્ક હિસ્સાનાં નાણાં લઈ જવા તેમના પૂરતો વિવાદનો અંત આવેલ હતો. આથી ૩૭ શ્રમયોગીઓને મીલ ફરી ચાલુ થવાની કોઈ સંભાવના શકયતા ન હોવાથી મજૂર અદાલતે આ ૩૭ શ્રમયોગીઓને ગ્રેચ્યુઈટી, કલોઝર વળતર લે-ઓફ તથા અન્ય હિસ્સાઓ મળી એકસગ્રેસીયો રૂા. ૨૪,૦૦૦/- ચુકવવા તથા દરેક શ્રમયોગી દીઠ રૂા. ૧૫૦૦/ ખર્ચ એમ શ્રમયોગી દીઠ રૂા. ૨૫,૫૦૦/- કુલ હુકમ મળ્યેથી દિવસ-૩૦માં ચૂકવી આપવા હુકમ કરેલ હતો.

૩૬. ઉપરોકત હુકમ સામે શ્રમયોગીઓએ ઔદ્યોગિક અદાલત ખાતે અપીલ (આઈસી.) નં. ૫/૯૬ થી દાખલ કરેલ જેમાં પક્ષકારોને સાંભળી ઔદ્યોગિક અદાલતે તા. ૧૧-૨-૦૨નાં હુકમથી મજૂર અદાલત, ગાંધીધામનો હુકમ રદ કરી કેસ રીમાન્ડ કરી મીલ કંપની ચાલુ થયેલ છે કે કેમ ? અથવા થઈ શકે તેમ છે કે કેમ ? અને સંબંધિત શ્રમયોગીઓ શું દાદ મેળવવા હક્કદાર થાય તેમ છે ? તેમજ વળતરની જે રકમ ચૂકવવાનો હુકમ કરેલ છે તે અનુમાનિત રકમ હોઈ શ્રમયોગીઓ ખરેખર કયા લાભોની રકમ, કેટલાં વર્ષ અને પગાર મુજબ મેળવવા હક્કદાર થાય છે ? તે તમામ મુદ્દાઓ ગુણદોષ ઉપર નક્કી કરવા અને કેસ તા. ૩૧-૩-૦૨ સુધીમાં ફેંસલો કરવા આદેશ આપેલ હતો.

૩૭. કેસ રીમાન્ડ થયા પછી ચાલુ પડતર કેસમાં ૩૭ પૈકી ૭ શ્રમયોગીઓનાં અવસાન થયેલ હોઈ તેનાં મરણનાં દાખલા મૂળ કામમાં રજૂ થયેલ છે. માત્ર ૩૦ શ્રમયોગીઓ માટે જ

INDEX

નોકરીમાં પુનઃસ્થાપિત થવાની વાત બાકી રહે છે. સૌરાષ્ટ્રમાં રાજકોટ, પોરબંદર, જામનગર, સુરેન્દ્રનગર, ચરાડવા વગેરે સ્થળે આવેલ મીલો એક પછી એક બંધ થઈ ગયેલ છે. એટલું જ નહિ પણ ૮૦ જેટલી મીલો અમદાવાદમાં પણ બંધ થઈ ગયેલ છે. રીસ્પોન્ડન્ટ મીલ ૧૯૮૪ થી ખોટ ખાઈને ચાલતી હતી પણ જે વધુ ખોટ સહન નહિ કરી શકતાં ૧૯૮૭ થી બંધ પડેલ છે અને મીલ કોઈપણ સંજોગોમાં ચાલુ થઈ શકે તેવાં એંધાણ નથી.

૩૮. મીલ કંપની બાઈફરમાં ગયેલ હતી અને જેનો કેસ નં. ૯/૯૫ હતો. મીલ કંપનીએ કલોઝરની પરવાનગી માગેલ જે નહિ મળતાં તે સામે ઔદ્યોગિક અદાલત, રાજકોટ ખાતે અપીલ દાખલ કરેલ હતી. તે દરમિયાન મીલ વાયેબલ નહી જણાતાં પ્રમોટરોએ પણ આ મીલ કોઈપણ સંજોગોમાં ફરી બેઠી થાય તેમ ન હોઈ અને મીલમાંથી ૬૫૦ જેટલાં શ્રમયોગીઓ રાજીનામાં આપી સમાધાનથી ઉચ્ચક રૂા. ૬૦૦૦/ લઈ છુટા થઈ જતાં મીલે કલોઝરની અપીલ પાછી ખેંચી લીધેલ હતી. મીલને કુલ ૩ કરોડથી વધુ ખોટ થયેલ હોઈ જે ભરપાઈ કરવા કોઈ ઉપાય નથી. તેવા સંજોગોમાં નામદાર સર્વોચ્ચ અદાલતનો ૧૯૭૬ (૧) એલ.એલ.જે. પાન-૩૧૩ માં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત મુજબ જયારે સંસ્થા ફરી ચાલુ થઈ શકે તેવા સંજોગો ન હોય ત્યારે કંઈક અપાવવું તે વાજબી ગણાય છે. ઉપરાંત ૧૯૮૬ એલ. એન્ડ એસ પાન-૬૮૨ સુ.કો.માં જણાવેલ છે કે, કાબૂ બહારનાં સંજોગોનાં કારણે યુનિટ બંધ પડે તો તેવા કિસ્સામાં પુનઃસ્થાપિતનાં બદલે વળતર અપાવવું યોગ્ય ગણાય તે ચુકાદાને ધ્યાનમાં રાખી મજૂર અદાલતે ૩૭ શ્રમયોગીઓને ચુકાદા તારીખ સુધીની સર્વિસ ગણી છેલ્લે ચૂકવેલ પગારને ધ્યાનમાં લઈ નોટીસ પગાર, કલોઝર વળતર (એક વર્ષની નોકરી દીઠ ૧૫ દિવસોનો પગાર), ગ્રેચ્યુઈટી, નિયમ મુજબ લે-ઓફ, વગેરે હક્કોની ગણતરી કરી જે તે શ્રમયોગીની નોકરીનાં વર્ષો મુજબ રકમ ગણી મજૂર અદાલતે જે હુકમ કરેલ છે તેમાં ગણતરીમાં કોઈ ભૂલ હોવાની બાબત એપેલન્ટે સ્પષ્ટપણે પુરવાર કરેલ નથી.

૩૯. આ કામમાં એપેલન્ટસ પૈકી શ્રી પ્રકાશ બી. રાવ શ્રમયોગીઓનાં આગેવાને સદર કેસ બાબતે એપેલન્ટસ અને રીસ્પોન્ડન્ટસનાં વકીલોનાં સાંઠગાંઠથી મુદતો લઈ કેસની કાર્યવાહી લંબાવવામાં આવે છે. તેવી પણ એક ફરિયાદ માનવ અધિકાર પંચનાં ચેરમેનશ્રીને કરેલ અને તેની નકલો ગાંધીનગર, કાયદામંત્રી તથા અદાલતને પણ મોકલી આપેલ જેનો આ અદાલતે તા. ૧૭-૨-૦૪નાં રોજનાં પત્રાંક : ૬૧૩ થી યોગ્ય, વાજબી પ્રત્યુતર આપી આ અપીલ અગ્રતાક્રમે ચલાવવાની અને સુનાવણી રોજેરોજ રાખી અપીલ ગુણદોષ ઉપર વહેલામાં વહેલી તકે સાંભળી યોગ્ય ન્યાયનિર્ણય કરવા જાણ કરેલ હતી, પરંતુ પાછળનાં સ્ટેજે એપેલન્ટ નં. ૨ પ્રતિનિધિ યુનિયને પક્ષકાર બનવા અરજી આપતા અને જે અરજી મંજૂર રાખતાં જે હુકમ સામે મીલ કપંનીએ ના. ગુજરાત હાઈકોર્ટમાં આ હુકમને પડકારેલ જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે આ અદાલતના સદરહુ હુકમને એલ.પી.એ. નં. ૧૧૭૬/૦૪ માં તા. ૧૧-૫-૦૪નાં હુકમથી પક્ષકાર તરીકે એપેલન્ટ નં. ૨ ને જોડવાનો હુકમ કાયદેસર ઠરાવી અપીલ ગુણદોષ ઉપર સાંભળવા નામદાર ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે હુકમ કરેલ હતો.

INDEX

૪૦. આઈ.ડી. એકટ-૧૯૪૭ ની કલમ-૨૫ એફ.એફ.એફ. અન્ડરટેઈકીંગ બંધ કરવાનાં ઈરાદાથી સાંઈઠ દિવસની નોટીસ આપવા અંગેની જોગવાઈ છે. એટલે કે, અન્ડરટેઈકીંગ જે તારીખે બંધ કરવા માગતા હોય તે તારીખ અગાઉ માલિકે સરકાર ઉપર ઠરાવેલી રીતે અન્ડરટેઈકીંગ બંધ કરવા માટેનાં ઈરાદાનાં કારણો જણાવતી નોટીસ મોકલવી પડે તેવી નોટીસ આ કેસમાં આપવામાં આવેલ હોવાનું રેકર્ડ ઉપરથી ફલિત થતું નથી. જરૂરી નોટીસ ન આપનાર માલિક કલમ-૩૦-ક હેઠળ શિક્ષાને પાત્ર થાય છે.

૪૧. ઉપરોક્ત કલમથી માલિકનાં હક્કો છીનવી લેવામાં આવતા નથી તેમજ બંધારણનાં અનુચ્છેદ-૧૯(૧)-જી નો પણ તેનાથી ભંગ થતો નથી. માત્ર નોટીસ આપવી પડે અને ન આપે તો કલમ-૩૦-ક હેઠળ શિક્ષા થઈ શકે પણ આવી કસૂર યોગ્ય, વાજબી કારણોસરની હોય તો ૧૯૭૮, ૨ એલ.એલ.જે. પાન-૧૧૦ (નામદાર કલકત્તા હાઈકોર્ટે) આપેલ ચુકાદા મુજબ આવી કસૂરથી જ અન્ડરટેઈકીંગ બંધ કરવાનું પગલુ ગેરકાયદેસર ઠરતું નથી.

૪૨. કલમ-૨૫-એફ.એફ.એફ. અન્ડરટેઈકીંગ બંધ કરવામાં આવે ત્યારે શ્રમયોગીઓને વળતર આપવા બાબત સંદર્ભની છે :-

(૧) કોઈ કારણે કોઈ અન્ડરટેઈકીંગ બંધ કરવામાં આવે ત્યારે, તે બંધ થયાની વાત પહેલાં તેમાં ઓછામાં ઓછા એક વર્ષની નોકરી હોય એવો દરેક શ્રમયોગી, પેટા કલમ-(૨)ની જોગવાઈઓને આધિન રહીને, તેની છટણી થઈ હોય તેમ કલમ-૨૫-એફની જોગવાઈઓ અનુસાર નોટીસ અને વળતર માટે હક્કદાર થશે.

પરંતુ માલિકનાં કાબૂ બહારનાં અનિવાર્ય સંજોગોનાં કારણે અન્ડરટેઈકીંગ બંધ થાય ત્યારે કલમ-૨૫-એફનાં ખંડ(બી) હેઠળ શ્રમયોગીને આપવાનું વળતર તેનાં ત્રણ માસનાં સરેરાશ પગાર કરતાં વધુ હોવું જોઈએ નહી.

૪૩. વળતર ચૂકવવામાં નિષ્ફળ જવાથી એકટથી શિક્ષાત્મક જોગવાઈઓ લાગૂ ન પડે તેવું ૧૯૬૦ ૨, એલ.એલજે. પાન-૧૧૨ સુ.કો.નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે. પણ કલમ-૨૫-એફ.એફ.એફ. હેઠળ કોઈ પક્ષકાર સમાધાનથી વળતરની પતાવટ કરી શકે છે. એપેલન્ટ નં. ૨, પ્રતિનિધિ યુનિયને બહુમતિ શ્રમયોગીઓએ રાજીનામાં આપી છુટા થવા ઈચ્છા દર્શાવી અરજીમાં જણાવેલ શરતોથી ઓછી રકમ સ્વીકારી આશરે ૬૫૦ જેટલાં શ્રમયોગીઓને કલમ-૨૫ એફ.એફ.એફ. હેઠળ મળવાપાત્ર વળતરથી પણ ઓછી રકમ સ્વીકારી મજૂર અદાલત સમક્ષ ચાલતા કેસો પાછા ખેંચી લીધા ને આજ ૧૦ વર્ષ કરતા પણ તે સમય પસાર થયો છે. તેથી ૬૫૦ શ્રમયોગીઓ કે જેમનાં વતી એપેલન્ટ નં. ૨ દ્વારા મીલ સામે માગણીઓ હતી તે અરજીઓનો પ્રતિનિધિ સંઘની રજામંદીથી, સમાધાનથી કેસો પાછા ખેંચાયા હતાં તેમાં કોઈ વિવાદ નથી. આથી જ્યારે પ્રતિનિધિ સંઘે જ્યારે ૬૫૦ શ્રમયોગીઓનાં નોકરીનાં હક્કોનો, નોકરીની સેવા સમાપ્તિનો નિર્ણય સ્વેચ્છાએ જે શ્રમયોગીઓએ સ્વીકારેલ તેને

INDEX

પ્રતિનિધિ સંઘે બહાલી આપી પ્રતિનિધિ સંઘે જ કેસો પાછા ખેંચી લીધાં છે. તેવા પ્રતિનિધિ સંઘને હવે ૬૫૦ શ્રમયોગીઓનાં નોકરીનાં હક્કો, અધિકારો, વળતર માટે મીલ સામે અપીલનો કોઈ કાયદેસર હક્ક ઉપસ્થિત કરી દાદ માગવાનો કાયદેસર કોઈ હક્ક કે અધિકાર નથી. વળી, વ્યક્તિગત શ્રમયોગીઓએ જયારે તેમની નોકરીમાં પુનઃસ્થાપિત થવાની અરજીઓ પાછી ખેંચી લીધા પછી યોગ્ય સમયમાં જે તે સમયે સેવા સમાપ્તિનાં પ્રશ્નને પડકારેલ ન હોય તેથી હવે બાકી રહેતાં ૩૭ શ્રમયોગીઓનાં કેસમાં પણ મૂળ અરજીમાં જે પ્રતિનિધિ સંઘે પક્ષકાર બનવા અરજી આપી નથી, પક્ષકાર બનેલ નથી. તેવા પ્રતિનિધિ સંઘને આ અપીલનાં કામમાં પક્ષકાર તરીકે જોડવાનાં કાયદેસર હક્ક અને અધિકાર એટલાં માટે છે કે, એપેલન્ટસ ૩૭ શ્રમયોગીઓનાં કેસની હકીકતોનાં સમર્થનમાં યોગ્ય, વાજબી, અને મહત્વની માહિતી રજૂઆત કરી એપેલન્ટસનાં કેસને વાજબી સમર્થન આપી શકે અને તે જ શુભ આશયથી ન્યાયના હિતમાં પ્રતિનિધિ સંઘને આ અપીલમાં પક્ષકારો વચ્ચેનાં વિવાદમાં યોગ્ય પ્રકાશ પાડી શકે તેવા હેતુથી ન્યાયનાં વિશાળ હિતમાં પ્રતિનિધિ સંઘને પક્ષકાર તરીકે જોડવા આ અદાલતે પરવાનગી આપેલ છે.

૪૪. આમ પ્રતિનિધિ સંઘે જયારે મીલ સાથે સમજૂતી કરી ૬૫૦ જેટલાં શ્રમયોગીઓને ગ્રેચ્યુઈટી, નોટીસ પગાર, બાકી પગાર, લે-ઓફનો બાકી પગાર, પી.એફ, બોનસ, વગેરે નાણાં અપાવ્યા તે સમયે હાલની અપીલનાં સંબંધિત ૩૭ શ્રમયોગીઓને તેમનાં કાયદેસરનાં લ્હેણાં માટે મીલે ઓફર કરવી જોઈતી હતી, જે કરવામાં આવેલ નથી. આથી કલમ-૨૫ એફ.એફ.એફ. હેઠળ મીલ કંપનીનું કલોઝર બોનાફાઈડ હોય તો તેવા કેસમાં પણ મીલે આ ૩૭ શ્રમયોગીઓને કલમ-૨૫એફ.એફ.એફ. હેઠળ ચૂકવવાપાત્ર કાયદેસરનાં લ્હેણાં, છટણી વળતર, ગ્રેચ્યુઈટી, લે-ઓફ, બાકી પગાર, વગેરે અગ્રતાનાં ધોરણે ચુકવી આપવાની કાનૂની ફરજ હતી અને છે તેમ છતાં તે રકમ ચૂકવવામાં મીલે કસૂર કરી ૧૯૮૬ થી ૨૦૦૩ સુધી આ ૩૭ શ્રમયોગીઓને હક્કો માટે કાનૂની સંઘર્ષ કરવા છોડી દીધાં છે જે યોગ્ય ન્યાયી, વાજબી નથી. નોકરીનાં કરાર મીલની ઉત્પાદન પ્રક્રિયા બંધ થવામાત્રથી તેનો આપોઆપ અંત આવેલ ગણાય નહી.

૪૫. કલમ-૨૫-એફ.એફ.એફ. મુજબનું વળતર ચૂકવવામાં ન આવે ત્યાં સુધી શ્રમયોગીઓની નોકરીનો માલિક સાથેનો સંબંધ અતૂટ રહેલો ગણાય. કાબૂ બહારનાં સંજોગો હોય તો કલમ-૨૫-એફ.એફ.એફ. નો પ્રબંધ લાગુ પડે છે અને તે મુજબ કલોઝર વળતર યોગ્ય સમયમાં ચૂકવી આપવાની માલિકની જવાબદારી થાય છે. નાણાંકીય બાબત એકમાત્ર કારણથી કાબૂ બહારનાં સંજોગો હતાં તેવું ન ગણાય.

૪૬. આ અપીલમાં રીસ્પોન્ડન્ટ નં. ૧ મીલ કંપની તરફથી રજુ થયેલ તા. ૩૧-૩-૦૩નો પપમો વાર્ષિક અહેવાલ જોતાં મીલ કંપની વધુ નુકસાન સહન કરી શકે તેમ ન હોઈ તેથી તા. ૨૫-૭-૮૬ થી ઉત્પાદન પ્રક્રિયા બંધ કરેલ છે. અને મીલનો કુલ લોસ રૂા. ૩,૩૭,૮૧,૦૫૨/

INDEX

થયેલ છે. આજની તારીખે પણ મીલ માંદા એકમ તરીકે સતત ચાલુ રહેલ છે. મીલની કુલ અસ્કયામતો રૂા. ૨,૪૭,૭૭,૭૧૦/- સામે મિલનું દેવું ખોટ વધુ છે. ઉપરની હકીકતો જોતાં માત્ર ૩૦ શ્રમયોગીઓ માટે મીલ ફરી ચાલુ થઈ શકે તેવા હવે કોઈ એંધાણ દેખાતાં નથી. આ સંજોગોમાં જ્યારે સંખ્યા જ ૩૦ થી ઓછી થયેલ છે ત્યારે મીલ બંધ કરવા પરવાનગી મેળવવાનો પણ હવે મીલે કાયદાકીય સવાલ ઉભો રહેતો નથી. ગુજરાતમાં મીલ ઉદ્યોગ અનેક કારણોસર માઠી અસર પામતાં અનેક મીલો બંધ પડેલ છે તે નક્કર હકીકત છે. આથી બદલાતાં સમય સાથે જે કાંઈ રહી સહી મિલકત મીલ પાસે લેન્ડ, બિલ્ડીંગ, મશીનરી રહે છે તે વેચવા દેવામાં ન આવે, માલિકી તબદિલ કરવા દેવામાં ન આવે તો તેનાંથી મીલને કે શ્રમયોગીઓને કોઈ ફાયદો થવાને બદલે રાષ્ટ્રીય મિલકતનું સતત ધોવાણ થતું રહેતું ચાલુ રહે તેવા સંજોગો અને પરિસ્થિતિ છે તેમાં કોઈ વિવાદ નથી.

૪૭. હાલમાં ભારતીય અર્થતંત્ર અનેક સંક્રમણોનાં તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. ત્યારે ઔદ્યોગિક સમસ્યા હલ કરવા માટે દરેક કેસમાં કેસનાં સંજોગો, પરિસ્થિતિ ધ્યાનમાં લઈ ટેકનીકલ વાંધા, વિરોધને વચ્ચે ન લાવી જાહેર હિત જાહેર નીતિ અને ઉદ્યોગ તથા રાષ્ટ્રનાં વિશાળ હિતમાં ઔદ્યોગિક સમસ્યાનાં હલ માટે યોગ્ય, વાજબી, ન્યાયી અને કાયદેસર ઉપાય શોધવો તે યુનીયનો, શ્રમયોગીઓ, મેનેજમેન્ટ અને અદાલત એમ સૌ કોઈની નૈતિક અને સામાજિક ફરજ બની રહે છે.

૪૮. મેનેજમેન્ટ વૈશ્વિક બજારની હરિફાઈ, માગ, પુરવઠો, માલની ગુણવત્તા, ઉત્પાદન ખર્ચ, વેચાણ કિંમતો, વગેરે ધ્યાનમાં લઈ વૈજ્ઞાનિક આધાર પર જરૂરી અને મહત્વનાં ગણાતા હોય તેવા ફેરફારો, વહીવટ, સંચાલન, વ્યવસ્થા કરે અને તે પાછળ શુભ હેતુ હોય તો તેવા ફેરફારો, પરિવર્તન મેનેજમેન્ટ ન કરે તો અંતે અન્ડરટેઈકીંગને જ સહન કરવાનું આવે. ભારતે વિશ્વમાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા ઉદારીકરણ અને વૈશ્વિકરણનાં સિદ્ધાંતોને માનભેર સ્વીકારી લીધાં છે અને તેથી જ દેશમાં પ્રજામાં આર્થિક અને રાજકીય કટોકટી સર્જાય તેનાં કરતાં પ્રજાનાં હિતમાં, ઉદ્યોગનાં હિતમાં અને રાષ્ટ્રનાં હિતમાં જે સર્વમંગલકારી હોય, જનહિતકારી હોય તેવો શ્રેષ્ઠ ઉપાય, ઉકેલ શોધવો તે સારી બાબત છે.

૪૯. આજે પડનારી મુસીબતને આવતીકાલ ઉપર ટાળવાની રીતભાતથી જો બહુજન સમાજને, ઉદ્યોગને અને રાષ્ટ્રને અંતે પણ સહન કરવાનું આવતું હોય તો વાજબી, યોગ્ય ન્યાયી બાબતોને વિલંબમાં નાંખવાની હકીકતો, અવરોધો અંતે તો શ્રમયોગીઓ, સમાજ, ઉદ્યોગ અને દેશને નુકશાનકર્તા નિવડે છે. વ્યાવહારિક ચિંતન, પરિપકવ અને વૈજ્ઞાનિક અને દીર્ઘદૃષ્ટિપૂર્ણ "Sustainable system" (ચિરઃકાળ સુધી ટકી રહેનારી, અનુભવનાં આધારે રચાયેલી કળા, પદ્ધતિ, વ્યવસ્થા) જે વૈજ્ઞાનિક શાસ્ત્ર છે તેનો જાણતા-અજાણતાં અસ્વીકાર કરવો, વિરોધ કરવો એ વિકાસની ગતિને, પ્રગતિનાં સોપાનને, આર્થિક ઉન્નતિને અવરોધવા જેવી બાબત છે. ''ઈન્ક્રીમેન્ટલ ઈકોનોમિક'' માત્ર આર્થિક વિકાસ ભણી ગતિ કરાવનાર એન્જીન જ નથી પણ રોજગાર વૃદ્ધિ કરાવનાર એન્જીન પણ છે. નિયમન માટે ઘણાં બધાં

INDEX

મીકેનીઝમ હોય છે. જેમાં એક માત્ર કાયદો જ મહત્વનો નથી. આવી બાબતે સરકારની નીતિ, આયાત-નિકાસની નીતિ, બજારનાં ચીજ-વસ્તુની માગ, માલની ગુણવત્તા, વેચાણ કિંમત વગેરે પાસાંઓ ધ્યાનમાં લઈ ચર્ચા-વિચારણા કરી અને મંત્રણાઓ દ્વારા પણ દરેક પ્રશ્ન બાબતે નિયમન થઈ શકે છે તે શકય છે. ભારતીય શ્રમયોગીઓ વિશે વિશ્વમત એવો રહેલો છે કે, હિન્દુસ્તાનનો શ્રમજીવી વિશ્વનાં વિકાસશીલ દેશો પૈકી સસ્તો, મહેનતુ, હોશિયાર, અને કાર્યદક્ષ છે. કોઈપણ કંપની પોતાની નિષ્ફળતાનો દંડ ઓછા વેતનથી શ્રમયોગીઓ પાસેથી કામ કરાવીને કંપની ચૂકવે તેનાં કરતાં ઉત્પાદન ખર્ચ, બગાડ, વધુ પડતા વહીવટી ખર્ચાઓ ઘટાડી શ્રમયોગીઓને વધુ વેતન ચૂકવવાની વૃત્તિ સામાજિક અને રાષ્ટ્રીય વિકાસ માટે મહત્વની છે. સમાજ અને શ્રમયોગી, ઉદ્યોગ અને રાષ્ટ્ર માટે જે સ્થિતિ "Abserd" વિસંગતાવાળી છે. તે પરિસ્થિતિ અને સંજોગો લાંબો વખત ચાલુ રહે તો તે કોઈનાં પણ હિતમાં નથી. લોકશાહીમાં શિસ્તપાલન વિનાની કોઈપણ પ્રવૃત્તિ વિષ સમાન છે. લોકશાહી ઢબે ચાલતી દરેક સંસ્થામાં આચારસંહિતા, શિસ્તપાલન, નિયમબદ્ધતા અને નિયમોનું પાલન એ લોકશાહીનો પ્રાણ છે. શિસ્ત પાલન જળવાય નહિ તો લોકશાહી ઢબે ચાલતી કોઈપણ પ્રવૃત્તિ ટોળાંશાહીમાં અને આખરે સરમુખત્યારશાહીમાં જ પરિણામે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

૫૦. લોકશાહી ઢબે સંચાલિત મજૂર મંડળોની પ્રવૃત્તિ કે જે સમાજ સેવાની શ્રેષ્ઠત્તમ પ્રવૃત્તિ છે. તેને ટકાવી રાખવા માટે બે બાબતોનું જતન-પાલન અને અમલ થવો હિતાવહ અને અનિવાર્ય છે.

(૧) દરેક પ્રશ્ન સૌપ્રથમ ચર્ચા-વિચારણા હેઠળ લઈ શિસ્ત અને સંયમ જાળવીને ખરા, યોગ્ય, વાજબી, ન્યાયી નિર્ણય માટે ચર્ચાવો જોઈએ.

(૨) મંત્રણાઓનાં અંતે બહુમતિથી જે નિર્ણય, સમજૂતિ સધાય કે લેવાય તે સૌએ માન્ય રાખવો જોઈએ. આવો નિર્ણય બધાં માટે બંધનકર્તા રહેવો જોઈએ.

૫૧. મજૂર મંડળો અને મેનેજમેન્ટ સાથે એવી કોઈપણ સમાધાન-બહુમતિ શ્રમયોગીઓનાં હિતમાં કરે અને સમાધાન એવોર્ડ અદાલતમાંથી લેવામાં આવે તો તેવા સમાધાનની શરતો પક્ષકારોને શ્રમયોગીઓને અને કંપનીને બંધનકર્તા ગણાય.

૫૨. આધુનિક ટેકનોલોજી દ્વારા વિશ્વ સાથે કદમ મિલાવવા ઉદ્યોગનાં ક્ષેત્રમાં નવી લેઈટેસ્ટ ટેકનોલોજી, ઉપગ્રહની મદદ, સંશોધિત પદ્ધતિઓ, નવી રીત-રસમોનું સ્થાપન, અમલીકરણ કરવામાં ન આવે તો કોઈપણ એકમ, સંસ્થાનો આર્થિક વિકાસ સંભવિત નથી. આર્થિક ક્રાંતિ અને સામાજિક વિકાસ તથા રાષ્ટ્રીય વિકાસનું સર્જન કરવા માટે ઈન્ટરનેટ, ફેક્સ, મોબાઈલ, કોમ્પ્યુટર્સ, ડીજીટલ ઈન્સ્ટ્રુમેન્ટસ, સ્કેનર, પ્રિન્ટર્સ, સ્વયં સંચાલિત યંત્રો, સાધનો, આધુનિક ઓજારો, શસ્ત્રો, વૈજ્ઞાનિક ઉપકરણોનો મહત્તમ ઉપયોગ એ ઉંચી ગુણવત્તા અને લઘુત્તમ ખર્ચનાં પરિણામ માટે આવશ્યક અને જરૂરી સાધનો છે. વિશ્વ મંદી બજારમાં વાજબી બજાર કિંમત, ચીજની સારી ગુણવત્તા, અને ઓછા બીજ વપરાશ તથા અલ્પ

INDEX

માનવબળથી જો સુંદર પરિણામ મળી શકે તેમ હોય તો તેને અવરોધતા પરિબળો માટે શુદ્ધ, હૃદયથી, શુભ હેતુથી, શુદ્ધ ચિંતન અને મનન દ્વારા બહુજન હિતાય નીતિને પ્રથમ પસંદગી એ સમાજ, ઉદ્યોગ અને રાષ્ટ્ર માટે અતિ મહત્વની અને અગત્યની બાબત છે. વ્યક્તિગત હિત આગળ ધરી બહુજન હિતાયની વિરૂદ્ધમાં કોઈપણ નિર્ણય કરવો તે વાત પણ યોગ્ય અને ઉચિત નથી. કારણ કે, નદી, પર્વત, વનરાઈ પણ બદલાતાં કાળનાં પ્રવાહ સાથે પોતાની જગ્યા બદલે છે. ભૌતિક સિદ્ધિઓની ચડતી અને પડતી થતી જ રહે છે. તેની ઈતિહાસ સાક્ષી પુરે છે. ભાંગેલાં-તૂટેલાં નગરો, શહેર અને ગામડાંઓ તથા આર્થિક એકમો નવસર્જિત થયાનાં દાખલા કચ્છ-ભૂજનો ભૂકંપ પછીની પરિવર્તનથી જોઈ શકાય છે. દરેક સારી બાબતને નકારાત્મક દૃષ્ટિએ જ જોવી એ અભિગમ કોઈપણ વિકાસ માટે બાધારૂપ છે. પ્રગતિ, વિકાસ, સર્જન અને ઉન્નતિ માટે પરિવર્તન અનિવાર્ય છે. બહુજન હિતાય કાર્યો માટે લઘુહિતને અલ્પ અસર થવાની હોય તો તેને દુરાચાર, અયોગ્ય રીતરસમ, ગેરવાજબી વર્તન, અન્યાયી પગલું ન કહેવાય. સમય સમયનું કામ કર્યે જ જાય છે. જે સમય સાથે ચાલતાં નથી તેને પડતાં વાર નથી લાગતી, ફેંકાઈ જવાનો રાહ શોધવાનો નથી હોતો, હઠાગ્રહ, જડતા, અપરિવર્તનશીલતા, અસ્વિકાર, નકારાત્મક અભિગમ, આ તમામ બાબતો વ્યક્તિગત માન્યતા માટે જ ખરા હોઈ શકે. સર્વ સુખ અર્થે, જનહિતાર્થે, સકારાત્મક, સર્જનાત્મક, પરિવર્તનશીલ અભિગમ હોવો જરૂરી જ નહિ પરંતુ અનિવાર્ય છે. જેઓ સમયની સાથે ચાલે છે તેઓ જ વિકાસ અને પ્રગતિ જોઈ શકે છે, પામી શકે છે. વ્યક્તિગત સ્વાર્થ આડે લાવી બહુજન હિતાય અને સર્વને ઉપયોગી હોય તેવું કાર્ય અટકાવવું તે વાજબી અને યોગ્ય બાબત નથી. કારણ કે, બીજાને રાહ જોવડાવવામાં ઘણી વખત પોતાનો જ ખોવાઈ જવાનો કે ખતમ થઈ જવાનો ભય રહેલો છે. દરેક ફેરફારની સાથે આર્થિક, સામાજિક અને શારીરિક સમસ્યાઓ આવતી જ હોય છે. પરંતુ બહુમતથી નકકી થયેલ નિર્ણય મુજબ સમાધાન અને અદાલતનાં એવોર્ડ મુજબની શરતો પ્રમાણે ધીરજ અને ખંત તથા ઉત્સાહથી ગુણવર્ધક પ્રગતિકારક, વિકાસશીલ ફેરફારોને વધાવી લેવામાં આવે તો આવનારી સમસ્યાઓનું મહદ્અંશે નિરાકરણ લાવી શકાય છે. કારણ કે, આવનારી દરેક અડચણો અને અવરોધોમાં નવી તકો શોધાતી હોય છે.

૫૩. બેવડા પડકારોને પહોંચી વળવા, આર્થિક એકમ જો વિશ્વ બજારમાં ટકી રહેવાની શ્રમતા કેળવવા માટે મોડર્નાઈઝેશન, એકસપાન્શન, રેશનાલાઈઝેશન, રીઓર્ગેનાઈઝેશન, રીસ્ટ્રકચરીંગ જેવા પરિવર્તનો ન અપનાવે તો તેવી બાબત આવા એકમ, ઉદ્યોગ, શ્રમયોગીઓનાં અસ્તિત્વ માટે જરૂરી જ નહિ પરંતું મહત્વની અને અગત્યની છે.

૫૪. સમસ્યાઓનાં લાંબા ગાળાનાં કાયમી ઉકેલનાં માર્ગો શોધવા અને વિચારવાનો સમય પાકી ગયો છે. હવે થાગડ-થીંગડ કે કામચલાઉ ટૂંકા ગાળાનો ઉકેલ કારગત નિવડવો મુશ્કેલ છે. ''તરસ લાગે ત્યારે કૂવો ખોદવા જવો'' ની જૂની રીત-વાતોનાં બદલે લાંબા ગાળાનાં કાયમી ઉકેલની વાત જ ટકવાપાત્ર છે. આ માટે સહિયારો પ્રયાસ 'માલિક', 'કામદાર'

INDEX

